A

# લોકોત્તર દાનધર્મ

# 'અનુકંપા'



પ્રવચનકાર

**પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી**

( પંડિત મહારાજ સાહેબ )

# લોકોત્તર દાનધર્મ
# "અનુકંપા"

: આશીર્વાદદાતા :

ષડ્દર્શનવિશારદ, પ્રાવચનિકપ્રભાવક

સ્વ. પ. પૂ. મુનિરાજશ્રી મોહજિતવિજયજી મ.સા. (મોટા પંડિત મહારાજ)

: પ્રવચનકાર :

સિદ્ધાંતમહોદધિ, કર્મસાહિત્યનિપુણ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ, સુવિશાલગચ્છાધિપતિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન સન્માર્ગદેશનાદક્ષ, યોગમાર્ગમર્મજ્ઞ પ.પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા. (નાના પંડિત મહારાજ)

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચંટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# લોકોત્તર દાનધર્મ "અનુકંપા"


પ્રવચનકાર :

સન્માર્ગ દેશનાદક્ષ, પરમતત્ત્વવિદ્

પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ. સા. (નાના પંડિત મહારાજ)



વી.સં. : ૨૫૨૯ વિ.સં. : ૨૦૫૯

આવૃત્તિ : પ્રથમ નકલ : ૩૦૦૦

મૂલ્ય : ૪૦-૦૦

**આર્થિક સહયોગ દાતા**

- ચંચળબેન નાગરદાસ ધરમશી શાહ - સહપરિવાર,
  હા. સૌ. રસીલાબેન દલીચંદ શાહ, મુંબઇ.
- ખેડાવાળા સ્વ. શ્રી મણીલાલ બાલાભાઇ શેઠ, સ્વ. ગજીબા મણીલાલ શેઠ
  તથા સ્વ. શ્રી ચીનુભાઇ મણીલાલ શેઠના સ્મરણાર્થે
  હસ્તે જશવંતલાલ મણીલાલ શેઠ તરફથી
- શિરિષભાઇ મણીલાલ શેઠ, અમદાવાદ.
- હીરાભાઇ જાદવજી શાહ, અમદાવાદ.
- પ્રદીપભાઈ છોટાલાલ મહેતા, કલકત્તા.

પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચંટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

: મુદ્રક :

મુદ્રેશ પુરોહિત

સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઇટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ.પૂ.આ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થી તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાયકતા મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે. ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યા છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યા છે, પરંતુ કામ સમય માંગી લે તેમ છે. દરમ્યાન શ્રીસંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી મ.સા. તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા.નાં અપાયેલાં જુદા જુદા વિષયો પરનાં વ્યાખ્યાનો, તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઇ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોના વિષયો અંગેનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મૂળ લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી ઉપર્યુક્ત વિનંતી લક્ષ્યમાં રાખીને, પ્રધાન કાર્ય જ્યાં સુધી બહાર ન આવે ત્યાં સુધી, કામચલાઉ ધોરણે પૂરક પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે તેવી આશા સહિત-

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટી ગણ
ગીતાર્થ ગંગા

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

## 卐 પ્રાપ્તિ સ્થાન 卐

❋ અમદાવાદ

ગીતાર્થ ગંગા
૫, જૈન મર્ચંટ સોસાયટી,
ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎(૦૭૯)-૬૬૦૪૯૧૧

નટવરભાઈ એમ. શાહ, (આફ્રિકાવાળા)
૯, 'પરિશ્રમ', બેંક ઓફ ઇન્ડીયા સોસાયટી,
વિજયનગર ક્રોસીંગ પાસે, અમદાવાદ-૧૩.
☎ (૦૭૯)-૭૪૭૮૫૧૨, ૭૪૭૮૬૧૧

❋ મુંબઈ

નિકુંજભાઈ આર. ભંડારી
વિષ્ણુમહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦.
☎(૦૨૨)-૫૬૩ ૪૦ ૮૨૮

શ્રી ચીમનભાઈ ખીમજી મોતા
૯ / ૧, ગજાનન કોલોની,
જવાહરનગર,
ગોરેગામ (વેસ્ટ), મુંબઈ-૬૨.
☎(૦૨૨)-૨૮૭૩ ૪૫ ૩૦

લલિતભાઈ ધરમશી
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ, જવાહરલાલ નહેરુ રોડ,
સર્વોદય પાર્શ્વનાથ નગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦.
☎(૦૨૨)-૨૫૬૮ ૦૬ ૧૪, ૨૫૬૮ ૬૦ ૩૦

❋ સુરત

ડો. પ્રફુલભાઈ જે. શેઠ,
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ, બાબુનિવાસની
ગલી, ટીમલીયાવાડ, સુરત.
☎(૦૨૬૧) - ૩૪૭ ૧૩ ૨૮

❋ રાજકોટ

કમલેશભાઇ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦ ૦૦૧.
☎(૦૨૮૧) - ૨૩૩૧૨૦

❋ બેંગલોર

વિમલચંદજી
C/o. J.NEMKUMAR & COMPANY,
Kundan Market, D.S.Lane,
Chickpet Cross,
Bangalore-560 053.
☎(O) 2875262, (R) 2259925.

❋ જામનગર

ઉદયભાઇ શાહ
C/o, મહાવીર અગરબત્તી વર્ક્સ,
C- 9, સુપર માર્કેટ,
જયશ્રી ટોકીઝની સામે, જામનગર.
☎(૦૨૮૮) - ૬૭૮૫૧૩

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વ્યાખ્યાનનાં ગ્રંથો

## ગુજરાતી

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી (મોટા પંડિત મ.સા.)**

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત મ.સા.)**

૧. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૨. ચિત્તવૃત્તિ
૩. શાસન સ્થાપના
૪. કર્મવાદ કર્ણિકા
૫. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૬. પ્રશ્નોત્તરી
૭. દર્શનાચાર
૮. સદ્ગતિ તમારા હાથમાં
૯. યોગદૃષ્ટિ સમુચ્ચય
૧૦. અનેકાંતવાદ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાવધર્મ (પ્રણિધાન)
૧૩. ભાવધર્મ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)

**પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત મ.સા.) સંપાદિત**

૧. શ્રાવકના બારવ્રતોનાં વિકલ્પો

## हिन्दी

**व्याख्यानकार :- प.पू. गणिवर्य श्री युगभूषणविजयजी ( नाना पंडित म.सा. )**

१. जैन शासनस्थापना
२. चित्तवृत्ति

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

## ગુજરાતી

**વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવિણભાઇ ખીમજી મોતા**

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન (અપ્રાપ્ય)
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમત પરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ - ૧
૪. અધ્યાત્મમત પરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ - ૨
૫. અધ્યાત્મમત પરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ - ૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધકવિરાધકચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ - ૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ - ૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ - ૨
૧૩. કૂપદૃષ્ટાંતવિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ - ૧ (સૂત્ર ૧-૨)

ऐन्द्रशर्मप्रदं दानमनुकंपासमन्वितम्।
भक्त्या सुपात्रदानं तु मोक्षदं देशितं जिनैः।।१।।

अनुकंपाऽनुकंप्ये स्याद्भक्तिः पात्रे तु संगता।
अन्यथाधीस्तु दातृणामतिचारप्रसञ्जिका।।२।।

तत्राद्या दुःखिनां दुःखोद्दिधीर्षाल्पासुखश्रमात्।
पृथिव्यादौ जिनार्चादौ यथा तदनुकंपिनाम्।।३।।

स्तोकानामुपकारः स्यादारंभाद्यत्र भूयसाम्।
तत्रानुकंपा न मता यथेष्टापूर्तकर्मसु।।४।।

पुष्टालंबनमाश्रित्य दानशालादिकर्म यत्।
तत्तु प्रवचनोन्नत्या बीजाधानादिभावतः।।५।।

बहूनामुपकारेण नानुकंपानिमित्तताम्।
अतिक्रामति तेनात्र मुख्यो हेतुः शुभाशयः।।६।।

क्षेत्रादि व्यवहारेण दृश्यते फलसाधनम्।
निश्चयेन पुनर्भावः केवलः फलभेदकृत्।।७।।

कालेऽल्पमपि लाभाय नाकाले कर्म बह्वपि।
वृष्टौ वृद्धिः कणस्यापि कणकोटिर्वृथाऽन्यथा।।८।।

धर्मांगत्वं स्फुटीकर्तुं दानस्य भगवानपि।
अत एव व्रतं गृह्णन् ददौ संवत्सरं वसु।।९।।

साधुनापि दशाभेदं प्राप्यैतदनुकंपया।
दत्तं ज्ञाताद्भगवतो रंकस्येव सुहस्तिना।।१०।।

न चाधिकरणं ह्येतद्विशुद्धाशयतो मतम्।
अपि त्वन्यद्गुणस्थानं गुणान्तरनिबन्धनम्।।११।।

वैयावृत्त्ये गृहस्थानां निषेधः श्रूयते तु यः।
स औत्सर्गिकतां बिभ्रन्नैतस्यार्थस्य बाधकः।।१२।।

ये तु दानं प्रशंसन्तीत्यादिसूत्रेऽपि संगतः।
विहाय विषयो मृग्यो दशाभेदं विपश्चिता।।१३।।

नन्वेवं पुण्यबन्धः स्यात्साधोर्न च स इष्यते।
पुण्यबन्धान्यपीडाभ्यां छन्नं भुंक्ते यतो यतिः।।१४।।

दीनादिदाने पुण्यं स्यात्तददाने च पीडनम्।
शक्तौ पीडाऽप्रतीकारे शास्त्रार्थस्य च बाधनम्।।१५।।

किं च दानेन भोगाप्तिस्ततो भवपरंपरा।
धर्माधर्मक्षयान्मुक्तिर्मुमुक्षोर्नेष्टमित्यदः।।१६।।

नैवं यत्पुण्यबन्धोऽपि धर्महेतुः शुभोदयः।
वह्नेर्दाह्यं विनाश्येव नश्वरत्वात्स्वतो मतः।।१७।।

भोगाप्तिरपि नैतस्मादभोगपरिणामतः।
मंत्रितं श्रद्धया पुंसां जलमप्यमृतायते।।१८।।

न च स्वदानपोषार्थमुक्तमेतदपेशलम्।
हरिभद्रो ह्यदोऽभाणीद्यतः संविग्नपाक्षिकः।।१९।।

(ઉ. યશોવિજયજી મહારાજા કૃત દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા૦
પ્રથમ દાનબત્રીસી શ્લોક ૧ થી ૧૯)

# ૧

તા. ૧૯-૭-૯૪, મંગળવાર, ચોપાટી.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓના મુખકમળમાંથી નીકળેલી સર્વ જીવ કલ્યાણકારિણી વાણીથી આ ધર્મતીર્થની સ્થાપના થાય છે. તીર્થંકરો અર્થરૂપે તત્ત્વનો ઉપદેશ આપે છે, અને ગણધરો તેને સૂત્રરૂપે ગૂંથે છે. જ્યાં સુધી તીર્થંકરો સદેહે વિચરતા હોય છે, ત્યાં સુધી તેઓ વાણી દ્વારા શ્રેષ્ઠ ઉપકાર કરતા હોય છે, અને તે જ શબ્દદેહે સંગ્રહાયેલી વાણી પરંપરાએ આપણા સુધી તત્ત્વ પહોંચાડે છે.

## પૂ. યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજે 'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા'માં 'દાનબત્રીસી'માં દાનધર્મનું વર્ણન કર્યું છે :

કલિકાળમાં ૨૧૦૦૦ વર્ષો સુધી આ શાસન, સંઘ, ધર્મશાસ્ત્રો વગેરે ટકવાનાં છે. આ કાળમાં તીર્થસ્થાનો, મંદિરો, ઉપાશ્રયો આદિ સ્થાવર સંપત્તિ ગમે તેટલી હોય પણ સૂત્ર-શાસ્ત્રોનો વારસો ન હોત તો આપણે આપણા આત્માનું કલ્યાણ સાધી ન શકત. અવિચ્છિન્ન પરંપરાના બળથી આ શાસ્ત્રો આપણને મળ્યાં છે. વર્તમાનમાં પણ જો આપણે તત્ત્વ કે સાર પામવો હોય તો આલંબનરૂપે આ શાસ્ત્રો જ છે, ભલે આકારમાં નાનાં લાગે ને કિંમત પણ પૈસાથી બહુ નથી; પણ તેની અંદર રહેલાં તત્ત્વોના રહસ્યનું મૂલ્ય આંકી શકાય તેમ નથી. તેમાંથી અમૂલ્ય ખજાનો મળે છે.

તીર્થંકરોની ગંભીર વાણી સાક્ષાત્ આગમોમાં ગૂંથાયેલી છે. "દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા" નામનો આ ગ્રંથ સીધો આગમ ગ્રંથ નથી, પણ આગમનાં રહસ્યોને ખોલે તેવો સરળ અર્થબોધક આ ગ્રંથ પૂ.ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજસાહેબે રચ્યો છે. ઐતિહાસિક દૃષ્ટિએ તેઓશ્રી આશરે ૩૫૦ વર્ષ પૂર્વે થયેલા છે. તેઓ જગદ્ગુરુ પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના ગચ્છમાં થયા છે. તે વખતે જૈનસંઘની ઘણી જાહોજલાલી હતી. પૂ. શ્રી વિજય

હીરસૂરિ મહારાજાના પોતાના ૨૦૦૦ શિષ્યો હતા, અને શિષ્યના શિષ્યો તો ઘણા જ હતા. તેમાં વિદ્વાન સાધુઓ પણ અનેક હતા, પરંતુ પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજા સૌમાં અજોડ કક્ષાના મહાત્મા હતા. એમની વિદ્વત્તાનાં વખાણ જેટલાં કરીએ તેટલાં ઓછાં છે. આટલું અદ્‌ભુત શાસ્ત્રજ્ઞાન ધરાવનાર તેમના પછી કોઈ થયા નથી. તેઓ અપ્રતિમ બુદ્ધિશાળી હતા. કાશીમાં ઇતર ધર્મના પંડિતો પાસે જૈનશાસનની વિજયપતાકા તેમણે સ્થાપિત કરી છે. તે કાળના કાશીના ધુરંધર વિદ્વાનોએ તેમને "ન્યાય વિશારદ"નું બિરુદ આપ્યું છે. વિચારો, તેમની વિદ્વત્તા કેટલી હશે ! પૂર્વાચાર્યો રચિત ઉપલબ્ધ ગ્રંથ સંખ્યામાં સૌથી વધારે લગભગ ૩૫૦ જેટલી એમની કૃતિઓ અત્યારે ઉપલબ્ધ છે. તેઓએ રચના તો વધારે કરી છે, પણ ઘણી નાશ પામી છે. એક એક કૃતિ લખી અને એ પણ master piece-નમૂનારૂપ, વિચારો તેઓનું બૌદ્ધિક સ્તર કેટલું ઊંચું હશે !

તેઓશ્રીની કૃતિઓમાં તેમણે અમુક ગ્રંથો નામથી તો અમુક ગ્રંથો શ્લોકસમૂહોના પ્રકરણોની સંખ્યાસૂચક નામ દ્વારા જુદા પાડ્યા છે. ઉદાહરણ તરીકે અમુક ગ્રંથોના નામના અંતમાં 'રહસ્ય' શબ્દ આવે છે, દા.ત. નયરહસ્ય, ઉપદેશરહસ્ય, સ્યાદ્વાદરહસ્ય, પ્રમારહસ્ય. તો અમુક ગ્રંથોના નામના અંતે 'સાર' શબ્દ આવે છે, દા.ત. અધ્યાત્મસાર, જ્ઞાનસાર. વળી અમુક ગ્રંથોના નામના અંતે 'ઉપનિષત્' શબ્દ આવે છે, જેમ કે અધ્યાત્મઉપનિષત્ અને અમુક ગ્રંથોના નામના અંતે 'પરીક્ષા' શબ્દ આવે છે, જેમ કે આધ્યાત્મિકમતપરીક્ષા, અધ્યાત્મમતપરીક્ષા, ધર્મપરીક્ષા. વળી અમુક ગ્રંથોમાં પ્રકરણો કે શ્લોકોના ઝૂમખા દ્વારા નામાભિધાન કરેલ છે. જેમ કે, જ્ઞાનસારઅષ્ટક ગ્રંથનાં દરેક પ્રકરણ ૮-૮ શ્લોકના સમૂહવાળાં છે અને દ્વાત્રિંશદ્‌દ્વાત્રિંશિકા ગ્રંથનાં દરેક પ્રકરણ ૩૨-૩૨ શ્લોકના ઝૂમખા સ્વરૂપે છે.

## દાનધર્મની શ્રેષ્ઠતા અને સર્વવ્યાપકતાના કારણે ભગવાન ચાર ધર્મોમાં પહેલો દાનધર્મ પ્રકાશે છે :

આ દ્વાત્રિંશદ્‌દ્વાત્રિંશિકા ગ્રંથમાં પહેલું પ્રકરણ 'દાનબત્રીસી' છે. તેમાં મુખ્યત્વે દાનધર્મનું વર્ણન આવે છે. ધર્મનો પ્રારંભ દાનથી થાય છે. તીર્થંકરો સમવસરણમાં ચતુર્મુખે દેશના આપતા જ્યારે પૂર્વમુખે સદેહે બેસે છે ત્યારે બાકીની ત્રણ બાજુ દેવો દ્વારા તેઓની પ્રતિમા સ્થપાય છે, જેથી ચારેય દિશાની બારે પર્ષદાને પ્રભુ પોતાની સન્મુખ લાગે છે. પ્રભુ ચાર મુખેથી જાણે ધર્મ બતાવે છે અને તે ધર્મ દાન, શીલ,

તપ, ભાવરૂપ છે. દાનધર્મની શ્રેષ્ઠતાના કારણે તથા સર્વવ્યાપકતાના કારણે પહેલો દાનધર્મ છે. ધર્મનો કોઈ એવો પ્રકાર નથી કે જેમાં દાન સમાયેલું ન હોય. તમે કોઈપણ ધર્મ લો, પૂજા,સામાયિક,સર્વવિરતિ આ બધામાં દાન સમાયેલું છે; કારણ કે દાનધર્મની વ્યાખ્યા ઘણી જ વિસ્તૃત છે. જોકે તમે દાન શેને માનો છો ?

**સભા :-** ખિસ્સું ખાલી કરવું તેનું નામ દાન.

**સાહેબજી :-** જેનો આવો approach-અભિગમ હોય તેને દાન ઉપર એલર્જી છે એમ સ્પષ્ટ થાય છે. દાન આપવાથી ખાલી થવાય તેવું લાગે, તે દાનનો ઊંધો અર્થ છે. ધન-સંપત્તિ દ્વારા સત્કાર્યો કરવાં તેનું જ નામ દાન નથી, પરંતુ **કોઈપણ વસ્તુ સ્વમાલિકીની હોય અને તેને તમે સ્વેચ્છાએ આપો, એટલે દાન કર્યું કહેવાય.**

આદાનપ્રદાનની શક્તિ ચેતનમાં છે, જડમાં નથી. દા.ત. જડ એવું પુસ્તક કંઈ આપી કે લઈ શકતું નથી. લેવડદેવડની શક્તિ આત્મામાં છે. દાનશક્તિ અને લાભશક્તિ ચેતનના ભાવો છે. જડ પદાર્થ આદાનપ્રદાન કરી શકતો નથી. દાન ચેતનનો ગુણ છે, દાનને ધર્મ તરીકે ખંતવીએ છીએ.

આ કુદરતનો નિયમ છે કે જે આપો તે જ પ્રતિભાવરૂપે મળે છે. **કુદરતના મૂળ પાયાના નીતિનિયમો જાણવા એ જ ધર્મની સમજણ છે, તેના પર શ્રદ્ધા કરવી તે શ્રદ્ધાધર્મ છે, અને તેનું આચરણ કરવું તે આચારધર્મ છે.** તમે જ્યારે કુદરતવિરુદ્ધ વર્તન કરો ત્યારે જ કર્મ બંધાય છે, આ મૂળભૂત સિદ્ધાંત છે.

વિશ્વવ્યાપી નિયમ છે કે તમે જે બીજાને આપો તે તમને મળે. લોકવ્યવહારમાં પણ તમે કોઈના પર ક્રોધ કરો તો તેની સામે તમને ક્રોધ જ મળે, લાગણી આપો તો સામે લાગણી મળે. તમે સ્વાર્થી બનો અને સામે ઉદારતા માંગો તો ન મળે. પ્રતિભાવ તો તમારા વર્તનને અનુરૂપ જ આવે છે, આ અનુભવસિદ્ધ છે. બીજાને અશાંતિ આપશો તો તમને અશાંતિ જ મળશે. બીજાના સંતાપના નિમિત્ત બનો તો તમને પણ સંતાપ જ મળશે. તેથી જ સારું આપો તો સારું મળે. સારી વસ્તુના દાનને ધર્મ તરીકે મહત્ત્વ આપીએ છીએ.

દાનના પણ ઘણા પ્રકાર છે. તમારી પાસે જે હશે તે તમે બીજાને આપી શકશો. જો તમે દુ:ખી-અશાંત હશો તો જ્યાં હશો ત્યાં તમે બીજાને પણ અશાંતિ-દુ:ખ જ આપશો. તેથી **પહેલાં તો જે આપવું છે તે સ્વયં પામવું પડે છે.** સંપત્તિ આપવી હોય તો પહેલાં સંપત્તિ જોઈએ અને તેના પર પોતાની માલિકી જોઈએ. કદી પણ પારકી

વસ્તુનું દાન થતું નથી. નહીંતર તો તમે આખા ગામની વસ્તુનું દાન આપી દો તેમ છો. જેમ સાધુ ભગવંતોને પોતાના ઘરે વહોરાવે અને સંઘજમણમાં વહોરાવે ત્યારે વ્યવહારમાં કેટલો તફાવત હોય છે ! આ બધામાં કારણ તમારી પારકા પ્રત્યેની મનોવૃત્તિ જુદી છે. દેરાસરમાં પણ એક અગરબત્તી પહેલેથી સળગતી હોય તો પણ બીજી બે પ્રગટાવશે અને પોતાને ઘરેથી લાવે ત્યારે એક જ પેટાવે.

**સભા :-** એકના પણ ટુકડા કરીને પ્રગટાવે.

**સાહેબજી :-** આ વૃત્તિ તમારી સંક્લિષ્ટ મનોદશાને સૂચવે છે. પારકા પૈસે દાનની વૃત્તિ તે ખરું દાન નથી. જે વસ્તુ તમારી છે અને જેનાં પર તમે આધિપત્ય-માલિકી ધરાવો છો, વળી તે પણ સ્વેચ્છાએ શુભભાવ સાથે આપો, તે દાન કહેવાય.

**સભા :-** તેમાં બદલાની આશા રખાય ?

**સાહેબજી :-** બદલાની આશા હોવા છતાં પણ દાનમાં શુભભાવ હોય તો ફળ અવશ્ય મળે, પણ તેની કિંમત ઘણી ઘટી જાય છે. દાન આપતી વખતે જેવી વૃત્તિ અને ભાવો હશે તેવું ફળ મળશે. જૈનશાસનમાં બધી પ્રવૃત્તિમાં પરિણામનું analysis-વિશ્લેષણ આવશે, નહીંતર અનુષ્ઠાનની સમકક્ષ ફળ નહીં મળે. શુભભાવથી કરેલા દાનનું વહેલા-મોડા ફળ મળવાનું જ છે.

**સભા :-** અત્યારે આપવાથી નથી મળતું પણ લૂંટી લેવાથી મળે છે.

**સાહેબજી :-** આ જગતમાં મેળવનારા થોડા છે અને આપનારા પણ થોડા છે; લૂંટનારા વધારે છે અને નહિ મેળવનારા પણ વધારે છે, આ સચોટ તર્ક છે. આને જરા વધારે સ્પષ્ટ કરીએ. કુદરતમાં આપવાથી ન મળતું હોય અને લૂંટવાથી મળતું હોય તો લૂંટનારા ઓછા હોવા જોઈએ, કારણ કે મેળવનારા વિરલા જ છે. જો પુણ્યથી સુખ ન મળતાં દુઃખ મળતું હોય, તો પુણ્ય કરનારા વધારે હોવા જોઈએ, કારણ કે દુનિયામાં દુઃખી જીવોની ઘણી મોટી બહુમતી છે; તે જ રીતે જો પાપથી સુખ મળતું હોય તો પાપ કરનારા આ જગતમાં અતિ અલ્પ સંખ્યક હોવા જોઈએ, કારણ કે સુખી જીવો અત્યંત લઘુમતીમાં છે. જ્યારે વાસ્તવિકતા આનાથી વિપરીત છે. આ જગતમાં લૂંટનારા વધારે છે, છતાં મેળવનારા ઓછા છે; આપનારા ઓછા છે અને નહિ મેળવનારા વધારે છે. સારાંશરૂપે પુણ્ય કરનારા ઓછા છે અને પાપ કરનારા વધારે છે.

જો પુણ્યથી દુઃખ મળતું હોય તો દુઃખી ઓછા હોવા જોઈએ, કેમ કે પુણ્ય

કરનારા ઓછા છે; જો પાપથી સુખ મળતું હોય તો સુખી વધારે હોવા જોઈએ, કેમ કે પાપ કરનારા વધારે છે. વર્તમાન વિશ્વમાં અવલોકન કરીએ તો દુઃખી વધારે છે કે સુખી વધારે છે ?

**સભા :-** દુઃખી વધારે છે.

**સાહેબજી :-** તેથી એ સાબિત થાય છે કે દુષ્કાર્ય જ દુઃખનું કારણ છે, સત્કાર્ય જ સુખનું કારણ છે.

## દાનના ત્રણ પ્રકારમાં શ્રેષ્ઠ જ્ઞાનદાન, બીજું અભયદાન, ત્રીજું ધર્મોપગ્રાહીદાન :

શાસ્ત્રમાં દાનની વ્યાપકતા ઘણી જ બતાવી છે. બધી જ ક્રિયામાં સીધી કે આડકતરી રીતે દાનધર્મનો સમાવેશ છે. દાનનો અર્થ એ છે કે જેટલી સારી, ઊંચી, હિતકારી ચીજો છે તે દાનમાં આપવા યોગ્ય કહી છે અને તેના પણ ત્રણ પ્રકાર પાડ્યા છે. (૧) જ્ઞાનદાન, (૨) અભયદાન અને (૩) ધર્મોપગ્રાહીદાન. તીર્થંકરો વાણી દ્વારા જગતને સાચો કલ્યાણનો માર્ગ બતાવે છે, જે શ્રેષ્ઠ જ્ઞાનદાન છે. ગણધરો પણ તે જ પ્રમાણે જ્ઞાનદાન કરે છે, જ્ઞાની સાધુ મહાત્માઓ પણ ઉપદેશ દ્વારા જ્ઞાનદાન કરે છે.

દાનના ત્રણ પ્રકારમાં પૈસાથી અપાતું દાન ઘણું જ હલકું છે. જ્ઞાનદાનમાં સમ્યક્ જ્ઞાન જ આપવાનું છે, જે ગ્રાહક આત્માને હિતકારી હોય. મિથ્યાજ્ઞાન તો સામેનાને પાયમાલ કરી નાંખશે. બીજું અભયદાન આવે છે, તે પણ જ્ઞાનદાનની અપેક્ષાએ હલકું છે.

અભય એટલે નિર્ભય બનાવે તે. અહીં નિર્ભયતાથી પ્રાણની નિર્ભયતા લેવાની છે. જીવમાત્રને પોતાના પ્રાણ સૌથી વહાલા હોય છે. સુખની સામગ્રી વહાલી છે, દુઃખની સામગ્રી ગમતી નથી. માટે જ મૃત્યુથી ગભરાઈએ છીએ, જીવવા ખાતર સર્વસ્વનો ત્યાગ કરીએ છીએ. પોતાનો જીવ સૌને વ્હાલો છે. તેના રક્ષણની જેના દ્વારા ખાતરી મળે છે તે અભયદાન છે. આનાથી જીવનું વર્તમાન જીવન સુરક્ષિત થાય છે; પરંતુ સમ્યક્ જ્ઞાનદાનથી તો તેના ભવોભવ સુરક્ષિત થાય છે. **આ ભવનાં મૃત્યુ-સંતાપ-દુઃખો જેનાથી ટળે તેનું નામ અભયદાન, ભવોભવનાં મૃત્યુ-સંતાપ-દુઃખો જેનાથી ટળે તેનું નામ જ્ઞાનદાન.**

ધર્મના ક્ષેત્રમાં ધનની ઉદારતા હોય તેટલા માત્રથી તમે દાનેશ્વરી નથી થઈ

જતા. અબજો ખરચો તો પણ જ્ઞાનદાન અને અભયદાનની તોલે આ ધનદાન આવતું નથી. અમે તમારા શ્રાવકાચારમાં સામાયિકને ઊંચો ધર્મ કહીએ છીએ; કારણ તેમાં અભયદાન આવે છે. જ્યારે દ્રવ્યપૂજા-સુપાત્રદાન-સાધર્મિકભક્તિ કરવામાં પૈસાનું દાન સમાયેલું છે.

સામાયિકનું ફળ કેટલું ? તો કહે છે કે આખી પૃથ્વીને રત્નની પ્રતિમાઓવાળા સોનાના દેરાસરોથી મઢી લો તો પણ તેનું ફળ એક ભાવસામાયિકના ફળની તોલે નથી આવતું; કારણ કે ઊંચા દાનનો પ્રકાર સામાયિકમાં છે. **ધનદાનમાં આરંભ-સમારંભ સમાયેલા છે, જ્યારે સામાયિકમાં આરંભ-સમારંભશૂન્ય અભયદાન સમાયેલું છે.** દાનની જેટલી ઊંચી કક્ષા તેટલો ધર્મ ઊંચો હશે. જેમ શ્રાવકને ઉપવાસમાં આહારનો ત્યાગ આવ્યો, એટલે તેટલા આહારના જીવોને ખાવા નિમિત્તે માત્ર આંશિક અભયદાન તમે આપો છો; કારણ કે શ્રાવક એક પણ જીવને જીવનમાં સંપૂર્ણ રીતે અભયદાન આપી શકતો નથી. ગમે તેટલાં વ્રતો-નિયમો પાળો તો પણ છકાયના કોઈ પણ જીવને સંપૂર્ણ રીતે તમે અભયદાન આપી શકતા નથી, તે તો સાધુજીવનમાં જ શક્ય છે. તમારા જીવનનું માળખું જ એવું છે કે તેમાં હિંસા થવાની શક્યતા પૂરેપૂરી સમાયેલી છે. ૧૨ વ્રત લો તો પણ તેમાં તમે એક પણ જીવને સંપૂર્ણ રીતે અભયદાન નથી આપી શકતા. પંચેન્દ્રિય જીવને, જેમ કે હાથી કે માણસને કોઈપણ રીતે નહીં મારું, એવું પણ તમે પચ્ચક્ખાણ નથી લઈ શકતા, કારણ પચ્ચક્ખાણ લીધા પછી ટ્રેનમાં બેઠા ને એક્સીડન્ટ થાય અને જો હાથી કે માણસ મરી જાય તો તમારું વ્રત ભાંગી જશે.

એક પણ જીવને સંપૂર્ણ અભયદાન તો સાધુજીવનમાં જ આપી શકાય છે. ધનદાન કરતાં અભયદાન ઊંચું છે. માટે જ સામાયિક, પ્રતિક્રમણનું મૂલ્ય વધારે છે. વ્યવહારમાં પણ અભયદાનને ઊંચું દાન કહ્યું છે. કારણ કે કોઈ જીવને લાખ રૂપિયા આપો અને કહો કે અઠવાડિયા પછી તને મારી નાખીશું, તો એ રૂપિયા લે ખરો ? આવું દાન તે નહીં જ સ્વીકારે, કારણ તેને તેનો જીવ સૌથી વધારે વહાલો છે. તેથી ધનદાન છેલ્લું મૂક્યું છે, જેની આ ગ્રંથમાં મુખ્યત્વે સમીક્ષા આવશે. અહીં સંપત્તિથી થતા દાનના પ્રકાર બતાવ્યા છે, તેમાં વિવેક-કર્તવ્ય-ઉચિત આચાર વગેરે ભાવોનું પણ વિવેચન આવશે.

**સભા :-** કોઈ માંગવા આવે ત્યારે, "લઈ જા છૂટકારો કર, માથું નહીં ખા," આવા ભાવ સાથે દાન અપાય ખરું ?

**સાહેબજી :-** આ દાનને વિશુદ્ધ દાનધર્મમાં મુકાય જ નહીં. દાનમાં તો સારી જ વસ્તુ આપવાની છે, સારા ભાવથી આપવાની છે.

**સભા :-** સારી એટલે કેવી ?

**સાહેબજી :-** તમે પોતે જે ખાતા હો, ભોગવતા હો. તમારા લેવલની જ વસ્તુ લેવાની છે. મધ્યમ માણસ હોય તો તેના પ્રમાણે, સામાન્ય માણસને તેના પ્રમાણે સમજવાનું છે. તમારી સારી વસ્તુ પાછી તમારી માલિકીની હોય તે સ્વેચ્છાએ શુભભાવ સાથે દાનમાં આપવાની છે. એંઠું-જૂઠું આપો તો ન ચાલે. તિરસ્કારથી આપો તો તે પણ યોગ્ય નથી.

**સભા :-** જમણવારમાં બગાડ બહુ જ થાય છે, તેથી એંઠું-જૂઠું ભાણામાંથી લઈને ભિખારીને અપાય છે, તે શું ઉચિત છે ?

**સાહેબજી :-** અત્યારે તો દેશની પરિસ્થિતિ એવી છે કે ગરીબીના કારણે લોકો ઉકરડામાંથી પણ વીણી વીણીને ખાય છે.

**સભા :-** આ બધાનું કારણ વસતિ વધારો છે ?

**સાહેબજી :-** તો તમે ભ્રમમાં છો. આ દેશની ધરતી એવી રસકસવાળી છે કે વસતિ બમણી થાય તો પણ બધાને પોષણ આપી શકે. આ નિષ્ણાત અર્થશાસ્ત્રીઓનો પણ અભિપ્રાય છે. કુદરતે ઘણું જ આપ્યું છે. અત્યારે મોંઘોદાટ યંત્રવાદનો વિકાસ છે અને તેના કારણે જ કૃત્રિમ ગરીબી ઊભી થાય છે.

**સભા :-** હમણાં તો છાપામાં પણ વસતિ વધારાનું ઘણું જ આવે છે.

**સાહેબજી :-** તમારા માથામાં ભૂત ભરાવવું હોય તો પ્રચાર કરે. આ દેશની જમીનમાં એક દાણો વાવો તો હજાર દાણા ઊગે એમ છે. આ બધી ગરીબી તો કૃત્રિમ છે અને તેમાં સપડાયેલા લોકો એંઠવાડ પણ ખાઈ જાય. પણ આ એંઠવાડને દાન આપ્યું ન કહેવાય. પશુની વાત જુદી છે. માનવ માનવ સાથેના વ્યવહારમાં તો સભ્યતાના નાતે પણ દાનમાં ચોખ્ખી રસોઈ આપવી યોગ્ય છે. આપતી વખતે મનમાં થાય કે આપણે પણ આવા ભવો કર્યા હશે ! અને જો હજીએ દાન નહીં કરીએ તો આવા કેટલાયે ભવો આવશે. એ લોકો સાચો ધર્મ નથી પામ્યા, તેથી જ આવા ભવો તેમને આવ્યા છે. આવા ભાવો તમને ભિખારીને દાન કરતી વખતે આવવા જોઈએ.

## પાત્રભેદના આધારે દાનધર્મના બે પ્રકાર :

ધનદાનનું જે વર્ણન કર્યું છે, તેમાં તેના પ્રકાર પ્રમાણે ફળરૂપ મહિમા કહ્યો છે. દાનના બે વિકલ્પો બતાવ્યા છે.

(૧) અનુકંપાદાન અને (૨) સુપાત્રદાન.

**અનુકંપાદાન :-** (મહિમા) :- સ્વર્ગલોકનાં દેવતાઈ સુખોને આપવાની ક્ષમતા ધરાવતું અનુકંપાદાન છે. અનુકંપાદાનમાં દેવતાઇ સુખ આપવાની તાકાત છે, તો મૃત્યુલોકનાં સુખ આપવાની તાકાત તો હોય જ. આ જગતનાં ભૌતિક સુખો આપવાની તાકાત આ દાનમાં છે.

**સુપાત્રદાન :-** (મહિમા) :- સુપાત્રદાનથી પુણ્યાનુબંધીપુણ્ય દ્વારા મોક્ષ સુધીના ફળની પ્રાપ્તિ થાય છે. એનો મતલબ એમ નથી કે ઇન્દ્રનાં દેવતાઇ સુખો તેનાથી ન મળે. જ્યાં મોક્ષનાં પરાકાષ્ઠાનાં સુખો મળે તેમ છે, ત્યાં ઇન્દ્ર આદિનાં સુખો તો મળે જ.

અનુકંપાદાનના પણ ઘણા પ્રકારો છે. આર્યદેશનું અનુકંપાદાન, અનાર્યદેશનું અનુકંપાદાન; ધર્માત્માનું અનુકંપાદાન, અધર્મીનું અનુકંપાદાન; જૈનધર્મનું અનુકંપાદાન, ઇતરધર્મનું અનુકંપાદાન; જિનાજ્ઞાપૂર્વકનું અનુકંપાદાન, જિનાજ્ઞાશૂન્ય અનુકંપાદાન; વગેરે અનેક પ્રકારો આવે. અહીં જિનાજ્ઞાપૂર્વકના અનુકંપાદાનનું ફળ ઇન્દ્ર સંબંધી દેવતાઈ સુખો છે અને જિનાજ્ઞાપૂર્વકના સુપાત્રદાનનું ફળ પુણ્યાનુબંધીપુણ્ય દ્વારા મોક્ષ કહ્યું છે. અત્યારે તમને જે સારી સાધનસામગ્રી મળી છે, તેમાં ભૂતકાળમાં તમારા દ્વારા અપાયેલું દાન જ કારણ છે, જે આપ્યું છે તે *વળતરરૂપે મળ્યું છે; અરે ! દુઃખો પણ જે આવે છે તે ભૂતકાળમાં બીજાને દુઃખો* આપ્યાના કારણે જ આવે છે. ટૂંકમાં અત્યારે તમે જેવો દાનધર્મ કરશો તેવું જ તમે ભવાંતરમાં પામશો.

# ૨

તા. ૨૦-૭-૯૪, બુધવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને પોતાની ભૂમિકાને અનુરૂપ ઉચિત વ્યવહારને બતાવનાર આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## ભક્તિપાત્રમાં સુપાત્રદાન, દયાપાત્રમાં અનુકંપાદાન :

જગતના બધા આત્માઓ મૂળભૂત રીતે સમાન છે. સિદ્ધ ભગવંતનું જેવું સ્વરૂપ છે તેવું જ બીજા બધા જીવોનું સ્વરૂપ છે. સિદ્ધ ભગવંતમાં જેવું કેવલજ્ઞાન, કેવલદર્શન સમાયેલું છે, તેવું જ કીડી-મંકોડા બધામાં છે. શુદ્ધ સ્વરૂપે જીવમાત્ર પરમાત્મા છે. સર્વ જીવો શુદ્ધ-બુદ્ધ, નિરંજન-નિરાકાર છે, પણ તેમનું આ સ્વરૂપ અત્યારે દબાયેલું છે અને વિકૃત સ્વરૂપ જ પ્રગટ છે. તેથી બધા જીવોને સમાનરૂપે મુલવાય નહીં. જે વ્યક્તિ જે સમયે જે ભૂમિકામાં હોય તેને અનુરૂપ જ તેની સાથે વ્યવહાર કરવાનો છે. જો બધાની સાથે સમાનભાવથી વ્યવહાર કરીએ તો ચોક્કસ પાપ લાગે.

અત્યારે ભૂમિકાની અપેક્ષાએ બધા જીવો સમાન છે જ નહીં. કોઈ ગુણિયલ છે તો કોઈ દુષ્ટ છે; કોઈ સંત છે તો કોઈ શેતાન છે; કોઈ ધર્મી છે તો કોઈ અધર્મી છે, તેથી સ્પષ્ટ ભેદરેખા પડશે. છતાં પણ સમાન ભાવ રાખીએ અને સમાન વ્યવહાર કરીએ તો દોષ લાગે. દરેક જગ્યાએ જીવની ભૂમિકા જોવાની આવશે.

દાનધર્મના બે ભેદ પડે છે, તેનું કારણ પાત્રમાં જ ભેદ છે. અમુક પાત્રો ગુણહીન છે ત્યાં પૂજ્યતાનો ભાવ કરી શકાય નહીં, જ્યારે અમુક પાત્રો ગુણિયલ છે ત્યાં દયાનો ભાવ કરી શકાય નહીં. તેથી બધા આત્માને સરખા માનવાના નથી. દયાપાત્રને ભક્તિપાત્ર નથી માનવાના અને ભક્તિપાત્રને દયાપાત્ર નથી માનવાના. આપણે ત્યાં 'સબ સમાન'નો ભાવ નથી. બધામાં જ સમાનતાનો ભાવ લાવવો હોય તો તમારે તમારું લેવલ ઊંચું લાવી સમતામાં તમારી જાતને લઈ જવી પડે. તે

પહેલાં સમાનભાવ કરવાથી અશુભ કર્મ બંધાશે. અત્યારે તો સજ્જન-દુર્જન, ધર્માત્મા-અધર્મી, સંત-શેતાનના ભેદ પાડવા જ પડશે. અપૂજ્યને પૂજ્યબુદ્ધિથી નમસ્કાર કરો તો પણ પાપ લાગે.

**સભા :-** સારો વ્યવહાર કરવાથી પણ પાપ બંધાય ?

**સાહેબજી :-** હા, નમ્રતા-વિનય એ બધા સારા વ્યવહાર છે. તો પણ ગમે ત્યાં નમ્ર ન બનાય, નમ્રતા-દયા જ્યાં કરવા લાયક હોય ત્યાં જ કરાય.

દા.ત. પ્રભુ પ્રત્યે દયા ન જ કરાય, ગુંડાનો વિનય ન કરાય. નાલાયક પ્રત્યે દયા ન કરાય. લોકમાં પણ કહેવત છે કે 'દયા ડાકણને ખાય'. તેથી બધામાં જ વિવેક જોઈશે. ઉચિત જગ્યાએ જ ઉચિત ભાવ થવો જોઈએ, દયાના સ્થાને ભક્તિનો ભાવ નહિ, ભક્તિના સ્થાને દયાનો ભાવ નહિ.

દાન એ સત્કાર્ય છે, તેમાં સ્વયં પોતાની માલિકીનો અધિકાર સ્વેચ્છાએ ત્યાગ કરવાનો છે; તે માટે ઉદારતાનો ગુણ પણ જોઈએ. કોઈ કંજૂસ માણસ ઉદારતાનાં વખાણ કરે, દાન કરનાર વ્યક્તિની હાથ જોડી અનુમોદના કરે, તેટલા માત્રથી દાનધર્મ થઈ જતો નથી. ગમે તે ભાવથી ગમે ત્યાં દાન કરો તે પણ યોગ્ય નથી. **ભક્તિપાત્રમાં સુપાત્રદાન અને દયાપાત્રમાં અનુકંપાદાન હોય છે.** આ બધી ભેદરેખા જ્યાં સુધી તમે સમતામાં નથી આવ્યા ત્યાં સુધી જ છે, પછી બધું જ સમાન છે.

**સભા :-** આ સમતાની ભૂમિકા અત્યારે નથી ને ?

**સાહેબજી :-** આ ક્ષેત્રમાં આ કક્ષાના મહાત્મા છે જ નહીં. શુદ્ધ સમતાને પામેલો એક પણ જીવ અત્યારે નથી. જેમ કેવલજ્ઞાન નથી તેમ આ ભૂમિકાનો પણ વિચ્છેદ છે.

**સભા :-** છએ કાયના જીવોની રક્ષાના પરિણામમાં સમતાભાવ છે ?

**સાહેબજી :-** છએ કાયના જીવોની રક્ષામાં પણ કરુણા ભાવ, દયાનો પરિણામ લાવવાનો છે. કીડી, મંકોડાને દુઃખી જીવ માનીને દયા કરવાની છે. તેને જોઈને એમ થાય કે કેવો કર્મવશ જીવ છે ! આ દુઃખમય સંસારસાગરમાં તે રખડી રહ્યો છે. ભૂતકાળમાં હું પણ આ રીતે અનંતીવાર રખડ્યો હોઈશ, અને ચેતીશ નહીં તો હજુ પણ રખડીશ-આવા ભાવથી દયા કરવાની છે. બહારનું દુઃખ દૂર કરવાની ભાવના થાય પણ સાથે અંદર ભાવદયા ન થાય તો પણ અવિવેક છે.

**સભા :-** વાંદા આદિ મરતા હોય ત્યારે નવકાર સંભળાવવાથી લાભ ખરો ?

**સાહેબજી :-** વાંદાને કાન નથી, ચઉરિંદ્રિય સુધી કાન છે જ નહીં. ફક્ત પંચેન્દ્રિય પાસે જ કાન છે. ચકલા-ચકલી, સાપ-કબૂતર વગેરે પાસે કાન છે, તેના કારણે તેઓ સાંભળી શકે.

લાયકાતવાળા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને ધર્મ સંભળાવવાથી, શુભ પરિણામ દ્વારા તેમની સદ્ગતિ થયાના ઘણા દાખલા શાસ્ત્રમાં છે; પરંતુ અસંજ્ઞી જીવ ધર્મ સમજી શકતો નથી. ગમે તે જીવને આ ભવચક્રમાં ધર્મ પામવો હોય તો સંજ્ઞીપણું તો પામવું જ પડે. તીર્થંકરો સદેહે મળ્યા તો પણ અસંજ્ઞી જીવો ધર્મ પામ્યા નથી. સમવસરણમાં ખાલી મનુષ્યો ને દેવતાઓ જ આવતા એવું નથી, પરંતુ સંજ્ઞી પશુપંખીઓ પણ આવતાં હતાં. તેમનું પણ ત્યાં સ્થાન હોય છે. મહાવીરસ્વામી ભગવાને ચંડકૌશિકને ધર્મ પમાડ્યો, મુનિસુવ્રતસ્વામીએ ઘોડાને ધર્મ પમાડ્યો, પણ કોઈ તીર્થંકરે ઝાડ, કીડી, મંકોડા વગેરેને ધર્મ પમાડ્યો હોય તેવું શાસ્ત્રમાં ક્યાંય આવતું નથી. ચારેય ગતિના સંજ્ઞી જીવોમાં જો લાયકાત હોય અને પુણ્યનો ઉદય હોય તો ધર્મ પામી શકે છે; પણ સર્વવિરતિ ચારિત્રધર્મ તો ફક્ત મનુષ્યભવમાં જ છે, બાકી ધર્મની પ્રાપ્તિ ચારે ગતિમાં શક્ય છે. ઘણા જીવો તિર્યંચ-નરકમાં પણ સમકિત પામે છે. ટૂંકમાં ધર્મ પામવા માટે સંજ્ઞીપંચેન્દ્રિયપણું તો અવશ્ય જોઈએ જ. અસંજ્ઞીપંચેન્દ્રિયને ધર્મ માટે સર્વથા ગેરલાયક કહ્યા છે, કારણ કે તેઓનો ધર્મ પામવા માટે જે આવશ્યક ભૌતિક વિકાસ થવો જોઈએ તે વિકાસ અધૂરો છે. ત્યાં મન વિકસિત નથી, ઇંદ્રિય પણ પૂર્ણ નથી.

**સભા :-** તો પછી બહેરો ધર્મ પામી શકે ખરો ?

**સાહેબજી :-** હું અસંજ્ઞીપણું બોલું છું, કાંઈ આંધળો-બહેરો ધર્મ ન પામે તેવું બોલ્યો નથી. સંજ્ઞીપંચેન્દ્રિયમાં બહેરો હોય પણ તેનું મન અસંજ્ઞીપંચેન્દ્રિય કરતાં વધારે વિકસિત થયેલું હોય છે. મનુષ્યયોનિમાં જીવ મૂંગો, બહેરો કે આંધળો હોય તો પણ તે તમારી લાગણીને સમજી શકે તેમ છે, જ્યારે અસંજ્ઞી આવું પકડી શકતો નથી. કૂતરો પણ માણસની આંખ જોઈને સમજી શકે છે કે તેમાં ઝેર છે કે વાત્સલ્ય છે, પરંતુ તમારી જેમ તેની પાસે શબ્દોથી અભિવ્યક્તિ કરવાની શક્તિ નથી, કારણ તેની પાસે ભાષાનું માધ્યમ નથી. શિકારી કૂતરાઓને પણ પાળતાં પહેલાં ખૂબ લાગણી આપે છે, જેથી તેઓ શાંત અને ઠંડા થઈ જાય છે. આમ તો તેમની પ્રકૃતિ

માણસને ખાઈ જાય તેવી હોય છે, પરંતુ લાગણી બંધાયા પછી તેનો માલિક જો મોડો આવે તો ખાય-પીએ પણ નહીં. માલિક માંદો પડે તો બેચેન થઈ જાય.

સંજ્ઞીપંચેન્દ્રિય બહેરો હોય તો વાંધો નહીં, પણ જીવમાં ધર્મ પામવાની લાયકાત જોઈએ. આપણે પણ જો અસંજ્ઞીપંચેન્દ્રિયમાં જતા રહીશું તો ત્યાં આપણને પણ ધર્મ પામવાની શક્યતા રહેતી જ નથી. ચારે ગતિમાં સમકિત સુધીની ભૂમિકાને પામી શકાય છે, પણ સર્વવિરતિ તો મનુષ્યભવમાં જ પામી શકાય છે, અને આ મનુષ્યભવ પામ્યા પછી પણ ઉચ્ચ ભૂમિકા નથી આવતી ત્યાં સુધી શ્રેષ્ઠ ધર્મ નથી આવતો. સમતાનો ભાવ તો નિરતિચાર ચારિત્ર પામ્યા પછી જ પામી શકાય.

**સભા :-** સર્વ ધર્મ સમાન છે ?

**સાહેબજી :-** 'સર્વ ધર્મ સમાન છે' એ વિધાન ખોટું છે, શાસ્ત્રોમાં સર્વ ધર્મ સમભાવ કહ્યો છે; પણ તે સમતાની ભૂમિકામાં ગયા પછી જ. સમાનભાવ જુદી વસ્તુ છે ને સમભાવ જુદી વસ્તુ છે. સમભાવમાં ગયેલા પણ સર્વધર્મ સમાન નથી માનતા, પણ સર્વધર્મ પ્રત્યે સમભાવ માને છે. સમાન કહેશો તો આત્મવંચના થશે; દા.ત. જૈનધર્મમાં રાત્રે ખાવું પાપ છે, જ્યારે મુસ્લિમ ધર્મમાં રોજા વખતે રાત્રે જ ખવાય તેમાં તેઓ ધર્મ માને છે. આ રીતે પરસ્પર વિરોધી વાતો કરનારા ધર્મ હોય ત્યારે 'સર્વ ધર્મ સમાન' કઈ રીતે કહેવાય ? તમારે અનાજ-કપડાં-માણસ બધામાં ક્વોલિટી પડે, પણ ધર્મમાં જ બધું સમાન ! આ બરાબર નથી. આ વાતની શરૂઆત કરનાર ગાંધીજી છે. **જૈન શાસ્ત્ર કહે છે કે અત્યારે આપણે આપણી ભૂમિકા મુજબ સર્વ ધર્મ પ્રત્યે સહિષ્ણુતાનો ભાવ રાખવાનો છે. અર્થાત્ કોઈ બીજા ધર્મને વખોડવા કે અન્ય ધર્મ પ્રત્યે દ્વેષ-તિરસ્કારનો ભાવ કરવો નહીં.** પોતાના ધર્મમાં જે તેમને સારું લાગતું હોય, અને કરતા હોય તો ભલે કરે. જેને જે ગમે તે આચરે. ધર્મ કાંઈ બળજબરીથી લાદી દેવાની વસ્તુ નથી. ધર્મ અંતરના ઉમળકાથી આત્મકલ્યાણ માટે કરવાનો છે. બીજા ધર્મમાં પણ પ્રભુની આજ્ઞા અનુસાર જે વાતો છે, તે અમને પણ માન્ય છે. અમે તેની અનુમોદના કરીએ છીએ.

### સર્વ ધર્મ સહિષ્ણુતા, સર્વ ધર્મ સમન્વય, સર્વ ધર્મ સમભાવ આ ત્રણ સૂત્રો ત્રણ જુદી જુદી ભૂમિકાવાળા માટે છે :

'સર્વધર્મસહિષ્ણુતા' એ સૂત્ર પ્રાથમિક ભૂમિકા માટે છે, જ્યારે

'સર્વધર્મસમન્વય' એ સૂત્ર જે જ્ઞાની ગીતાર્થ છે, સ્યાદ્વાદને ભણેલા છે, તેમને માટે છે; કારણ જ્યાં જેટલું સાચું છે તેને સમજીને તેઓ સમન્વય કરે છે. 'સર્વ ધર્મ સમભાવ' એ સૂત્ર સમતામાં રહેલા માટે આવશે. અત્યારે તમારે સર્વ ધર્મ સહિષ્ણુતા કેળવવાની જરૂર છે. અમે બીજા ધર્મો પ્રત્યે ઉગ્ર ને આક્રમક બનવાનું કહેતા નથી, પણ એટલું તો ચોક્કસ કહીશું કે સર્વ ધર્મોને સમાન માનવા તે તો પૂરેપૂરો અવિવેક છે.

## દાનધર્મમાં જમાનાવાદનો ઊંધો પ્રવાહ :

વર્તમાનમાં સર્વ જીવો પ્રત્યે સમાનભાવ ન હોવાથી આપણે દયાપાત્રમાં અનુકંપાભાવ કરવાનો છે અને ભક્તિપાત્રમાં ભક્તિભાવ કરવાનો છે. અત્યારે દાનના ક્ષેત્રે બહુ મોટી ગરબડો ચાલે છે. આ બેનો ભેદ પાડવાની વાત બધાને ગમતી નથી. અરે ! અનુકંપાદાન જ દાન તરીકે મહત્ત્વનું લાગે છે. તેથી 'માનવસેવા એ જ પ્રભુસેવા' તેવું બોલાય છે. એટલે બંને દાનોનો શંભુમેળો જ થાય છે. વાસ્તવમાં ક્યાં માનવ અને ક્યાં પરમાત્મા ! આ બંનેની સેવા કદી સમાન થાય જ નહીં. આવું બોલનારે પરમાત્માને ઓળખ્યા જ નથી. 'માનવસેવા' શબ્દ પણ મિથ્યાત્વસૂચક છે. દુઃખી માનવની સેવા નહિ પણ દયા હોય. સેવા તો પૂજ્યની જ હોય. આવા શબ્દો બોલતાં પણ જો મનમાં તેવો ભાવ આવે તો મિથ્યાત્વ લાગે. તમે પણ જમાનાવાદના ઊંધા પ્રવાહમાં adjust થઈ-ગોઠવાઈ ગયા છો, તેથી જ બોલતાં ખ્યાલ નથી રહેતો. માનવસેવા તરીકે તમે જે વ્યક્તિઓને લક્ષ્ય કરો છો તે બધી લગભગ ગુણહીન હોય છે. આવા જીવો સેવાપાત્ર બને ખરા ?

હું જ્યારે ગૃહસ્થપણામાં હતો, ત્યારે પૂ. આ. શ્રી મુક્તિચંદ્રસૂરિજી મહારાજ, મોટા આચાર્ય ભગવંત, મહારાષ્ટ્રના એક ગામમાં હતા અને તે વખતે હું ત્યાં હાજર હતો. ત્યારે એક મોટી વ્યક્તિ ત્યાં આવેલી, અને તેમણે વાતવાતમાં કહ્યું કે આપણે હવે ધર્મના ક્ષેત્રમાં ઢાંચો બદલવાની જરૂર છે. આચાર્ય ભગવંતે કારણ પૂછતાં તેમણે કહ્યું કે અત્યારે સામાયિક, પ્રતિક્રમણ વગેરે જે ધર્માનુષ્ઠાનો કરાવીએ છીએ, તેના કરતાં તમારે સૌએ સમાજસેવામાં રસ લેવો જોઈએ, તો જ સાધુની જૈન સમાજમાં value-કિંમત રહેશે.

સાહેબજીએ કહ્યું કે તમે અમારી પાસે સમાજસેવાનું કામ કરાવવા માંગો છો? તમારા હિસાબે સમાજ એ સેવ્ય છે અને તેની અમે સેવા કરીએ એટલે અમે સેવક

થયા. તમે અમને ગુરુ કહો છો, માર્ગદર્શક ગુરુમાંથી અમને સેવક બનાવવા માંગતા હો, તો તમારાથી અમને ખમાસમણું ન અપાય. સમાજ માટે અમે પૂજ્ય કે અમારા માટે સમાજ પૂજ્ય ? પહેલાં તો ધર્મગુરુઓને રાજાઓ પણ પૂજ્યબુદ્ધિથી નમતા. આ અહંકારની વાત નથી, પરંતુ સાધુએ સંસારનાં બધાં પાપોનો ત્યાગ કરી તેમાંથી મુક્ત થઈ નિષ્પાપ જીવન સ્વીકાર્યું છે, તેથી પાપમય જીવન જીવનારાની સાધુથી સેવા ન જ કરાય. અરે ! માનવતાના કામમાં સેવાનો ભાવ પણ ન આવવો જોઈએ.

અત્યારે મહાત્માઓ પણ અનાથાશ્રમો-હોસ્પિટલોમાં ગરીબ-દીન-દુઃખિયાની સેવા કરવાનો ઉપદેશ આપે છે, પરંતુ તેવી પ્રેરણા અપાય નહીં. છતાં આપે તો આવા અવસરે તમે આવીને પણ કહો કે આજે એમણે એવું કામ કર્યું કે લોકોએ જૈન ધર્મની વાહવાહ કરી. પણ આવી રીતે વાહવાહ ન જ કરાવાય. ઘણા લોકો કહે 'રક્તપિત્તિયા બાળકોને અમે ખાવામાં મીઠાઇ આપી તથા કળશ લઈ પગ ધોઇ તિલક કરી પહેરામણી પણ આપી.' એ લોકોએ તો તેમના દૂધથી પગ ધોવાયા હોય તેવું જીવનમાં જોયું જ ન હોય, માટે એટલી પ્રશંસા કરે કે ન પૂછો વાત.

**સભા :-** આવી રીતે જૈન ધર્મ પ્રત્યે અહોભાવ થાય ને ?

**સાહેબજી :-** દયાપાત્રમાં આવી રીતે ભક્તિ ન કરાય. સાધર્મિક ભક્તિપાત્ર છે કે દીનદુઃખી ભક્તિપાત્ર છે ? **જૈનધર્મના સિદ્ધાંતોને બદલીને જૈનધર્મ પ્રત્યે અહોભાવ ન કરાવાય.**

**સભા :-** પણ અત્યારે તો વાહવાહ ક્યાં થાય છે તે જ જોવાય છે.

**સાહેબજી :-** દીન-અનાથની ભક્તિ ન થાય. ભૂમિકા પ્રમાણે વ્યવહાર છે. માનવ પ્રત્યે સેવાનો ભાવ થાય તો વિવેક ચૂક્યા કહેવાય. **માનવસેવા એ પણ મિથ્યાત્વ છે, તો 'માનવસેવા એ જ પ્રભુસેવા' એ તો મહામિથ્યાત્વ થશે.** અરે ! તમે સારા ખાનદાન ગૃહસ્થ હો અને તમારી સરખામણી જો કોઈ ગુંડા સાથે કરે કે જમવાનું આમંત્રણ આપીને પછી બાજુમાં ગુંડા સાથે બેસાડીને જમાડે તો તમને કેવું લાગશે ?

**સભા :-** દુઃખ જ થાય.

**સાહેબજી :-** માત્ર દુઃખ જ નહીં, પણ અપમાન સમજીને ઘરે જ જતા રહો. એટલે તમે તમારી જાતનું મૂલ્યાંકન કરો છો, તો પછી જગતના સર્વ શ્રેષ્ઠ પરમાત્માને પામર માનવ સાથે સરખાવો તો શું મહાપાપ ન લાગે ? ભિખારીને જમવાનું કઈ

રીતે આપો છો અને અમે આવીએ ત્યારે તમે કઈ રીતે ગોચરી વહોરાવો ? આ બેમાં ભેદ તો અવશ્ય પડે જ.

પાત્ર પલટાય એટલે ભાવ પલટાય અને ભાવ પલટાય એટલે વ્યવહાર પણ પલટાય. મહાત્મા આવે ત્યારે તેમના પ્રત્યે અહોભાવ હોવાથી, જરૂર પડે બહાર ઊભા રહી રાહ જુઓ, વળી પગે લાગીને ઘરમાં લઈ આવો. પાત્ર પલટાતાં એકલા ભાવમાં જ નહીં સાથે પ્રવૃત્તિમાં પણ ભેદ પડશે જ.

અત્યારે તો એવું પણ બોલનારા લોકો છે કે મંદિરમાં જઈને મૂર્તિની પૂજા કરવાથી કંઈ ભક્તિ થતી નથી, પ્રભુ તો માનવના હૃદયમાં છે. માનવની પૂજાથી સાચી પ્રભુપૂજા થશે. તમારા માનસમાં દયાભાવનાં અને ભક્તિભાવનાં પાત્રો ફેરવાઇ ગયાં છે. જન્મથી, શરીરથી ભારતીય હોવા છતાં imported mind-પરદેશી મગજ તૈયાર થયાં છે, તેથી જ આવું બને છે.

સેવા પૂજ્યની જ હોય અને દયા દુઃખીની જ હોય, નહીંતર ગુણ કેળવીને પણ ગુમાવવાનું થશે. જે ગુણો કેળવીને તમારા આત્માને નુકસાન થાય તેવા ગુણો કેળવવાથી શું ફાયદો ?

**તમે કોઈ ધર્માત્માને જુઓ ને બહુમાન ન થાય તો તેમાં તમારા ગુણાનુરાગની ખામી છે, વળી જે ધર્માત્મા નથી અને તેના પ્રત્યે બહુમાન થાય તે પણ તમારી વિવેકની ખામી છે.**

**સભા :-** બીજા ધર્મના દોસ્તાર આવે તો બહુમાન કરાય ?

**સાહેબજી :-** તે વખતે તમારે સામાજિક ઉચિત વ્યવહારનો ભાવ કરવાનો છે. બધાની દયા હોય નહીં, દુઃખીની જ દયા કરવાની છે, સુખીની દયા કરવાની નથી. તમારે ઘરે જે મહેમાન આવે તેને દાન ન અપાય, મહેમાનને તમારે સૌજન્યતા-લાગણી-ભાવથી જમાડવાના છે, ત્યાં દયાભાવ નથી કરવાનો. દીકરાને દયાભાવથી નહીં પણ વાત્સલ્યભાવથી જમાડો છો. દરેક ઠેકાણે પાત્ર બદલાતાં ભાવ જુદા આવશે. દીકરાને જમાડવા કે મહેમાનને જમાડવા તે કાંઈ દાન નથી, તે તો સામાજિક સદ્વ્યવહાર છે.

**સભા :-** મહાત્માઓને ઉપસર્ગ-રોગ આદિ આવે ત્યારે એવો ભાવ થાય કે તેમનું દુઃખ હું દૂર કરું.

**સાહેબજી :-** મહાત્મા રોગ આદિથી ઘેરાયેલા હોય અને તેમનાં દુઃખ દૂર કરવાની તમને ભાવના થાય, પણ તે વખતે તેમના માટે બિચારાનો ભાવ આવે તો અશુભ ભાવ છે, ત્યાં પૂજ્યભાવ જોઈએ. સુપાત્રને બિચારારૂપે દયાબુદ્ધિથી દાન કરો તો પાપ લાગે. દયાપાત્રમાં ભક્તિભાવ કરો તો તમારામાં સમકિત હોય તો પણ ચાલ્યું જાય, અને ન હોય તો આવવાનો સવાલ જ આવતો નથી. બધે જ વિવેક શીખવો પડે.

દાનધર્મ જીવનમાં અનિવાર્ય છે. તમારી શક્તિ હોય અને દાન ન કરો તો અંતરાય કર્મ બંધાય. દાનધર્મ શ્રેષ્ઠ ધર્મ છે, અને તે કરતાં આવડે તો છેક મોક્ષ સુધી પહોંચાડે, અનુકૂળ ભૌતિક સામગ્રી પણ અપાવે, તેનો મહિમા અપરંપાર છે. તમામ ધર્મોમાં દાનધર્મ કરવાની પ્રેરણા છે, પણ જૈનશાસ્ત્રમાં દાનધર્મનો ઘણો વિસ્તાર છે. વોલ્યુમોનાં વોલ્યુમો ભરાય તેટલી વાતો છે.

નવકારમાં 'નમો અરિહંતાણં'થી ચાલુ કરી 'નમો લોએ સવ્વસાહૂણં' સુધીમાં નમસ્કાર પૂરા કર્યા. કારણ કે અહીંયાં પંચ પરમેષ્ઠીને પૂજ્ય ગણ્યા છે. શ્રાવક ચતુર્વિધ સંઘના ઘટકરૂપે ભક્તિપાત્ર ખરો, પણ નવકારમાં શ્રાવકનો નંબર ન જ લાગે; કારણ કે સાધુ માટે શ્રાવક પૂજ્ય નથી. અમને તમારા માટે ભક્તિભાવ થાય તો પણ અમને પાપ લાગે. પોતે જે ભૂમિકામાં હોય તેનાથી નીચી ભૂમિકાવાળાની ભક્તિ કરવાની ન હોય.

**સભા :-** તો પછી આચાર્યોએ શ્રાવકોનાં જીવનચરિત્રો શું કામ લખ્યાં ?

**સાહેબજી :-** ક્યાંય તેઓએ શ્રાવકને હાથ જોડ્યા છે ? ખમાસમણું આપ્યું છે ? નમસ્કાર કર્યો છે ? તેમણે ભક્તિ નથી કરી, પણ શ્રાવકના ગુણોની અનુમોદના કરી છે. અરે ! અજૈન હોય અને તેનામાં મોક્ષમાર્ગાનુસારિતાના ગુણો હોય, તો તીર્થંકર પરમાત્મા પણ તેની અનુમોદના કરે છે; તો પછી અમને શું વાંધો હોય ? અનુમોદના કરવી જુદી વાત છે, ને પૂજ્યભાવ લાવવો તે જુદી વાત છે. પ્રભુ પણ શાસનના નાયક છે ત્યાં સુધી ગુણની ઉપબૃંહણા કરે છે. તેમણે કામદેવશ્રાવકની અનુમોદના કરી છે.

એક વખત કામદેવશ્રાવક પૌષધમાં છે, ત્યારે, રાત્રે દેવતાએ તેમને ચલાયમાન કરવા ઉપસર્ગો કર્યા છે. આ દસ મહાશ્રાવકોમાં એક એક પાસે એટલું ધન છે, જે હાલના ભારતના કોઈ પણ શ્રીમંતના ધન કરતાં અધિક છે, પરંતુ ધર્મ કરવા બેસે

ત્યારે ધર્મમાં એકાકાર થઈ જાય. એક વખત કામદેવ શ્રાવક રાત્રે પૌષધમાં કાઉસ્સગ્ગધ્યાનમાં ઊભા રહ્યા છે. સંપૂર્ણ જાગ્રત અવસ્થામાં છે, ત્યારે તેમને ચલિત કરવા દેવ ઉપસર્ગ કરે છે. પણ પોતે ધ્યાનમાં એકાગ્ર છે, તેથી થાકીને દેવ પગે લાગીને જતો રહે છે. સવારે પૌષધ પારીને પ્રભુને વંદન કરવા જાય છે, ત્યારે બધા સાધુઓને બોલાવીને પ્રભુ કહે છે કે "આ કામદેવ શ્રાવક સંસારમાં ખૂંપેલો છે, છતાં પણ આવી ઉત્તમ આરાધના કરે છે; જ્યારે આપણે તો આખો સંસાર જ છોડ્યો છે, તો કેવી સાધના કરવી જોઈએ !" આરાધકતાનો સાચો ગુણ તમારામાં જોઈને અમે પણ તમારી અનુમોદના કરીએ, છતાં પૂજ્યભાવ ન થાય; નહીંતર વિવેક જાય.

## ૩

તા. ૨૨-૭-૯૪, ગુરુવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા ધર્મની ઉત્તરોત્તર શ્રેષ્ઠ ભૂમિકાનો પ્રબોધ કરાવનારા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આત્મકલ્યાણસાધક જેટલો પણ પુરુષાર્થ છે તે બધાનો જ ધર્મમાં સમાવેશ થઈ જાય છે, પરંતુ તેમાં ઉપલી કક્ષાનો અને નીચલી કક્ષાનો ધર્મ સ્પષ્ટ સમજવો પડે. બધા જ ધર્મોનું એકસરખું મૂલ્યાંકન કરવાનું નથી.

### સુપાત્રદાન ઘણું ઊંચું છે, છતાં અવસરે અનુકંપાદાન અવશ્ય કરણીય ભગવાને કહ્યું છે :

દાનધર્મમાં પણ ઘણા પ્રકારો છે, તેમાં બધા સમાન્ન સ્તરના નથી. સૌથી શ્રેષ્ઠ દાન સમ્યક્ જ્ઞાનદાન છે, પછી અભયદાન, પછી ધનથી થતાં સત્કાર્યો છે. આ ધનદાનનું પણ વર્ગીકરણ થાય છે. તે બે પ્રકારે છે. (૧) અનુકંપાદાન અને (૨) સુપાત્રદાન.

અનુકંપાદાન કરતાં સુપાત્રદાન ઘણું ઊંચું છે. ઊંચા ધર્મની હલકા ધર્મ સાથે તુલના કરવાથી કે હલકા ધર્મની ઊંચા ધર્મ સાથે તુલના કરવાથી પાપ લાગે છે. આ મિથ્યાત્વ છે. જેમ ભક્તિ એ એક પ્રકારનો ધર્મ છે, પણ તેમાં ઊંચી ને નીચી ભક્તિ સમજવી પડે. દા.ત. ગૃહસ્થ ભગવાનના મંદિરમાં જઈને ધૂન મચાવે, સંગીતના જલસા સાથે ભાવવિભોર થઈને પ્રભુની ભક્તિ કરે, તો પણ એ ભક્તિ સાધુની પ્રભુભક્તિ કરતાં નીચી ગણાય. ઊંચી ભક્તિ કરવાનો અધિકાર સાધુને જ છે. મંદિરમાં હૃદયથી જાતને ભૂલીને પરમાત્મા સામે તન્મય થઈને નાચનારા શ્રાવક કરતાં, સાધુ મહાત્મા, જે મંદિરમાં ન પણ બેઠા હોય અને ઉપાશ્રયમાં હોય તો પણ તેમની પ્રભુભક્તિ ઊંચી છે.

**સભા :-** તો પછી રાવણ-મંદોદરીની ભક્તિ કેવી ?

**સાહેબજી :-** તેમની ભક્તિ સમ્યગ્દષ્ટિની ભક્તિ છે, છતાં ભાવસાધુની જિનભક્તિની તોલે તો તે ભક્તિ ન જ આવે. આમ પ્રત્યેક ધર્મના અનુષ્ઠાનની કક્ષા વિચારો. ધર્મ, ધર્મ જ કહેવાય, હલકો ધર્મ ખરાબ છે તેમ નથી, પણ હલકા ધર્મને ઊંચો માનો અને ઊંચા ધર્મને નીચો માનો તો તે ઘણી જ મોટી ગેરસમજ છે.

અનુકંપાદાન અને સુપાત્રદાનમાં મહત્તાની દૃષ્ટિએ સુપાત્રદાન ઊંચું હોવા છતાં અનુકંપાદાન ન કરવાનું નથી કહ્યું. શાસ્ત્રમાં તુલના કરતાં કહ્યું કે પ્રભુપૂજા વિધિપૂર્વક કરો, કે એક સામાયિક વિધિપૂર્વક કરો તો તેમાં સામાયિકનું ફળ ઊંચું છે; કારણ તેમાં વધારે ત્યાગ સમાયેલો છે, વિરતિના ઊંચા ગુણોનો વિકાસ છે. આ વાક્ય પકડીને એવો ઊંધો અર્થ નથી કરવાનો કે જ્યારે ટાઈમ મળે ત્યારે સામાયિક જ કરવું ને પૂજા ન કરવી. અવસરે જે કરવા લાયક ધર્મ છે તે અવસરે તે જ કરવો ઉચિત છે. એવી જ રીતે અનુકંપાદાન પણ અવસરે કરવા લાયક છે. તીર્થંકરની આજ્ઞા પ્રમાણે કરો એ સર્વ ધર્મ જ છે, છતાં બંને ધર્મનું મૂલ્યાંકન સરખું ન કરાય. તમે પૂજાના અવસરે સામાયિક લઈને બેસો તે પણ દોષ છે અને સામાયિકના ટાઈમે પૂજા કરો તે પણ દોષ છે. પણ તેથી બંને અનુષ્ઠાનો પૂજા અને સામાયિક સરખાં ન ગણાય, ગુણવત્તા અને ફળની દૃષ્ટિએ તફાવત તો રહેશે જ. પૂજાના સમયે સામાયિક લઈને બેસો તો જે તીર્થંકરોનો આપણા ઉપર અનન્ય ઉપકાર છે, મહાન ઋણ છે, તેમનું બહુમાન કરવાનો અવસર ચુંકાઈ જશે.

## આજના લોકપ્રવાહની કેટલીક ઊલટી માન્યતાઓનું નિરસન :

બંને દાનધર્મો પોતપોતાના અવસરે કરવાના હોવા છતાં, અત્યારે દુનિયા અનુકંપાને ઊંચો ધર્મ માને છે અને સુપાત્રદાનને નીચો-બિનજરૂરી ધર્મ માને છે. અત્યારે ઘણા જૈનો એમ બોલતા થયા છે કે હવે દેરાસરો તો ઘણાં થયાં છે, એ વધારે કરવાં જરૂરી નથી. ઓચ્છવ-મહોત્સવમાં પૈસાના ધુમાડા કરવાની જરૂર નથી; પરંતુ આ કાળમાં ગરીબીના કારણે સબડતા લોકોની આ પૈસાથી અનુકંપા કરવાની જરૂર છે. તેમને સુપાત્રદાન કરતાં અનુકંપાદાન ઊંચું લાગે છે. તમારી તો આ કક્ષા નથી ને ?

**સભા :-** થોડી થોડી તો છે જ.

**સાહેબજી :-** મારે જ બનેલો દાખલો છે. ધર્મ કરનારા, ગુણિયલ વ્યક્તિત્વ ધરાવતા એક ભાઈનો પરિચય મને થયેલો. તેમને જીવદયાની ખૂબ જ ભાવના.

વારસામાં જ જૈનકુળના અહિંસા-જયણાના સંસ્કારો મળેલા હતા. અત્યારે ભયંકર હિંસારૂપ કતલખાનાં ઘણાં જ છે, તેથી કતલ થતાં પશુઓને બચાવવા તેમણે જીવદયાનું કામ ઉપાડી લીધું હતું. તે કામ સારું છે, અમે તેને વખોડતા નથી. ઘણી વખત તેઓ જાનનું જોખમ ખેડીને લડી-ઝઘડીને પણ કતલખાને જતા જીવોને બચાવી પાંજરાપોળમાં લઈ જતા. પછી તેના રક્ષણ માટે ફંડફાળો ઉઘરાવે, પોતે દાન આપે, જરૂર પડે પચાસ-સો ધક્કા પણ ખાતા. વિચારો, તેમનામાં દયા ગુણ કેટલો હશે ! પ્રાણીદયાનું કામ તો સતત કરતા જ હતા. તેઓ એક વખત વાત કરતાં મને કહે, "હું ભવોભવ આવી જીવદયા કરી શકું એવી શક્તિ મને મળે.. મારા માટે તો આ જ ઊંચી આરાધના છે, જીવદયા છોડીને મને મોક્ષે જવાની જરૂર પણ લાગતી નથી. સંસારમાં રહું તો ભવોભવ પશુઓને બચાવી શકું."

ધર્મની કક્ષા ન સમજવાને કારણે આવું વિચારે, પરંતુ લાખો કરોડો જીવને બચાવો, તેનું જીવની જેમ જતન કરો, તો પણ તે એક મિનિટના સાધુપણાની તોલે ન આવે. કયા ધર્મનું ફળ મહાન અને કયા ધર્મનું ફળ સામાન્ય ગણાય, તેની સ્પષ્ટ સમજણ જોઈએ. તમે ગમે તેટલાં પશુઓને છોડાવો, તો પણ એક પણ જીવને તમે સંપૂર્ણ અભયદાન આપી શકતા નથી; જ્યારે સાધુ તો સર્વ જીવોને જીવનભર સંપૂર્ણ અભયદાન આપે છે. ગાયને ઘાસ ખવરાવતાં, બીજા વનસ્પતિ આદિ અનેક જીવોની તમે હિંસા કરતા હો છો, તે જીવો મરે જ છે. તેથી તેમાં સંપૂર્ણ અભયદાન નથી જ આપી શકતા.

અત્યારે મધર ટેરેસાને તમે મહાન દયાળુ વ્યક્તિ માનો છો. તે માનવદયાનાં ઘણાં કાર્યો કરે છે, પણ શાસ્ત્રની દૃષ્ટિએ તેની આખી જિંદગીની દયા કરતાં, એક સાચા ભાવશ્રાવકના સામાયિકનું મૂલ્ય કંઈ ગણું વધારે છે. શાસ્ત્ર નહિ સમજનારને તો લાગે છે કે બે ઘડીના સામાયિકમાં શું મોટો ધર્મ થઈ ગયો ? શ્રાવકના એક એક અનુષ્ઠાનનું મહત્ત્વ ખબર છે ? સામાયિકમાં જે રીતે જીવોને અભયદાન અપાય છે તેની તોલે આ માનવદયા ન જ આવે. એનો અર્થ એવો પણ નથી કે અન્ય ઉચિત કર્તવ્યને ગૌણ કરીને આખો દિવસ સામાયિક લઇને બેસી જવાનું. ધર્માનુષ્ઠાનની ઊંચી-નીચી કક્ષા બરાબર સમજવી પડે. અત્યારે સમાજમાં અનુકંપાદાનને જ બિરદાવવામાં આવે છે. એક માણસ જિનમહોત્સવમાં લાખ રૂપિયા ખરચે તેના કરતાં માનવતાના કામમાં વાપરે તો વધારે વાહવાહ થાય છે. કેટલી ઊંધી માન્યતાઓ પ્રવર્તે છે !

**સભા :-** અત્યારે સુપાત્રદાન વિધિપૂર્વક નથી થતું. તેમાં ઘણી અવિધિ હોય છે.

**સાહેબજી :-** તો અનુકંપાદાનમાં અવિધિ નથી થતી ? શાસ્ત્ર માત્ર સુપાત્રદાનમાં જ વિધિ બતાવે છે ? બધું જ ભગવાનની આજ્ઞા મુજબ કરવાનું છે. વળી તમે વિધિપૂર્વકમાં કઈ વિધિનો આગ્રહ રાખો છો ? શરૂઆતના પ્રાથમિક ધર્મમાં થોડીક અવિધિ હોય જ. કારણ કે નિરતિચારના લેવલ સુધી હજુ આપણે પહોંચ્યા નથી.

**સભા :-** પણ અત્યારના લેવલ પ્રમાણે શું ?

**સાહેબજી :-** એમ ન બોલો, અત્યારે પણ ઘણું લેવલ સચવાય છે. છતાં જ્યારે મોટી અવિધિ થાય ત્યારે અમે કડકાઈપૂર્વક કહીએ છીએ. આ કાળમાં જિનમંદિરો બાંધતાં જે વિધિ-જયણા આદિ સચવાવાં જોઈએ તે કદાચ ન સચવાય, તો તે વખતે બાંધનારનો મુખ્ય ઉદ્દેશ પવિત્ર છે તે જોવાનું છે, તથા તેણે કોઈ મોટાં કુકર્મ ન કર્યાં હોય તો તે કામ પણ અનુમોદનીય જ છે.

**અનુકંપાદાન અને સુપાત્રદાનના ભેદ, પાત્રના કારણે જ પડ્યા છે. દયાપાત્રમાં દયા જ અને ભક્તિપાત્રમાં ભક્તિ જ જોઈએ. દયાપાત્રમાં કરાતું દાન હલકું છે, ભક્તિપાત્રમાં કરાતું દાન ઊંચું છે. અત્યારે તમે પ્રાણીદયા કે માનવતાનાં કામ કરનારને જોઈને અંજાઈ જાઓ છો, તે વ્યક્તિ તમને ઊંચી લાગે છે. તેથી તમને મધર ટેરેસાની દયા ઊંચી દેખાય છે અને સાધુમહાત્માની દયા નીચી દેખાય છે. આ તમારા વિવેકની ખામી સૂચવે છે.**

**સભા :-** હાં, સાહેબ ! સમજણ ઘણી ઓછી છે.

**સાહેબજી :-** ધર્મમાં સમજણ હોવી એ અગત્યની વસ્તુ છે. સમજણ ઓછી હોય તો માણસ ગમે ત્યાં લપેટાઇ જાય છે. તેથી જ સમજણ કેળવવી જરૂરી છે અને તેનાથી જ માર્ગસ્થબુદ્ધિ જાગ્રત રહે છે.

**સભા :-** અત્યારે અનાર્ય દેશોમાં અભક્ષ્ય(માંસાહાર) ખવડાવે છે, તે દાન કહેવાય?

**સાહેબજી :-** અનાર્ય દેશોનાં દયા-દાન જુદાં જ પડવાનાં. તેમના લેવલ પ્રમાણે તેમની ક્વોલીટીનું મૂલ્યાંકન કરો તો અમને વાંધો નથી, પણ એવાં કામને તમે પણ કરવા લાયક માનો તો તે મિથ્યાત્વ, અવિવેક છે. જૈન તરીકે તમારા માટે ધર્મ જુદો આવશે.

અત્યારે આપણા લોકો માને છે કે ત્યાં યુરોપ-અમેરિકામાં પણ લોકો વેજીટેરીયન થવા લાગ્યા છે. પણ તમને ખબર નથી કે હજી ત્યાંનો ૯૫% વર્ગ નોનવેજીટેરીયન છે. તેમને ત્યાં વંશપરંપરાના સંસ્કારથી રોજ માંસાહાર થતો હોય. તેથી ભોજન સમયે જો કોઈ ગરીબ આંગણે આવે, તેને જોઈને તેને એમ થાય કે હું મારી શક્તિ પ્રમાણે મારી પાસે જે છે તેમાંથી તેને ખાવા આપું, એટલે માંસ ખાનારો તેમાંથી ટુકડો દયાભાવથી આપે. વળી તેમાં સ્વાર્થભાવના કે નામનાની અપેક્ષા ન હોય તો તેના માટે તે અનુકંપાદાન જ કહેવાય. આ એકદમ હલકી કોટિનું અનુકંપાદાન છે. તેનાથી પુણ્ય પણ હલકી કોટિનું જ બંધાય. અનાર્ય દેશોમાં તો આવું જ દાન રહેવાનું.

## આજની હૉસ્પીટલો અને શિક્ષણ માનવતાની વ્યાખ્યામાં પણ આવતાં નથી, તેથી તેમાં અનુકંપાબુદ્ધિથી પૈસો પણ આપી શકાય નહિ :

**સભા :-** અનુકંપાદાન તરીકે જૈનો હોસ્પિટલોમાં દાન આપી શકે ?

**સાહેબજી :-** ના, અત્યારે જૈનો ખૂબ જ ભૂલ્યા છે. જૈનકુળમાં જન્મ્યા છે પણ જૈનધર્મના દાનધર્મને એક ટકો પણ સમજ્યા નથી.

બાંદ્રામાં એક હોસ્પિટલ બને છે, જેમાં સૌથી વધારે ડોનેશન આપનારા જૈનો જ છે. તે ભારે સગવડવાળી આધુનિક હોસ્પિટલ બનશે, જૈનો જ તે કામને માનમરતબો આપશે, વખાણ પણ કરશે. પરંતુ આ બધાંને સત્કાર્ય કહી શકાય નહીં. આ દાન અનુકંપાદાનમાં ન જ આવે.

**સભા :-** સાધુઓ પણ એલોપથી દવાઓનો ઉપયોગ તો કરે છે.

**સાહેબજી :-** એમ નક્કી કરો કે સાધુઓ જે વસ્તુઓનો ઉપયોગ કરે છે, તે બધામાં દાન આપવું ! સાધુઓ રોટલી ખાય છે તો આપો ખેતીમાં દાન, સાધુઓ કપડાં પહેરે છે તો આપો મિલોમાં દાન ! અત્યારની હોસ્પિટલોમાં કરોડો પંચેન્દ્રિય જીવોની હિંસા સમાયેલી છે.

**સભા :-**પણ અત્યારે આ જરૂરી છે.

**સાહેબજી :-** જેટલું જરૂરી હોય એટલું બધું જ વાજબી ન કહેવાય. જરૂરિયાતના ધોરણે નહિ પણ ઉત્તમતાના ધોરણથી ધર્મ નક્કી થાય. પાયાના સિદ્ધાંતો સમજો. તમારી અનંતી પુણ્યરાશિ ભેગી થઈ છે ત્યારે તમે મનુષ્યભવ પામ્યા છો. પરંતુ તમે માણસ બન્યા એટલે તમારી સુખ-શાંતિ માટે બીજા ગમે તેટલા જીવોને અશાંતિ

આપી રહેંસી નાખવાં તેવો તમને ઈજારો નથી મળ્યો. ગમે તેટલા જીવોના ભોગે પણ તમને સુખ-શાંતિ-જોઈએ છે તે વાજબી નથી. મનુષ્યભવ નબળા જીવોના શોષણ માટે નથી મળ્યો.

**અત્યારે હોસ્પિટલો અને શિક્ષણ, આ બે ક્ષેત્રમાં જૈનોના અબજો રૂપિયા જાય છે. આ બંને ક્ષેત્ર માનવતાની વ્યાખ્યામાં આવતાં જ નથી, પરંતુ અત્યારે આ બંને ક્ષેત્રને સમાજમાં ઉત્થાનના પાયા તરીકે બિરદાવવામાં આવે છે. હોસ્પિટલોમાં કેવા ભયંકર રોગોમાં સબડતા-કણસતા લોકો, લોહી નીતરતા ઘાયલો અને રોતા પેશન્ટો આવે છે ! તેઓને આ અનુકંપાદાન દ્વારા હસતા કરીને મોકલીએ, તો તેમાં ખોટું શું ? પરંતુ માણસજાતને જિવાડવા માટે, તેની સુખ-શાંતિ માટે એક એક દવાની જે શોધ થાય છે તેની પાછળ લાખો પશુઓ પર ક્રૂર-ઘાતકી પ્રયોગો થતા હોય છે. આ રીતે માનવોને સાજા રાખવા અબોલ નિર્દોષ લાખો પશુને મારી નાખવામાં આવે તેને શું માનવતાનું કામ કહી શકીએ ? તેને સત્કાર્ય ગણી શકાય ? તમારે આવી માનવદયાને દયા કહેવી છે ? આપણા શાસ્ત્રે તો જીવમાત્રની દયા કહી છે.**

**સભા :-** આપણા ધર્મ પ્રમાણે જ કરીએ ને ?

**સાહેબજી :-** ગાંધીજી કહેતા કે "માનવની શાંતિ માટે ગમે તેટલા બીજા જીવોને મારો તો પાપ નથી. દા.ત. અત્યારે ગંદકીનાં કારણે હજારો મચ્છર થાય છે, તો માનવની સગવડતા માટે તેમને મારી નાંખો; માખીઓ બહુ જ રોગચાળો ફેલાવે છે, તો તેમને પણ મારી નાંખો; ઉંદરો ઘણો આર્થિક બગાડ કરે છે, તો તેમને પણ મારી નાંખો. આ બધાંમાં પાપ નથી પણ માનવની સેવા છે. કારણ, માણસને શાંતિ મળે છે." તેમ તેઓ માનતા. પરંતુ જૈનધર્મ આવી હિંસાને કદી સત્કાર્ય ન કહે.

ભૂતકાળમાં માણસો માંદા નહોતા પડતા ? તેમના પણ ઉપચાર થતા હતા. પ્રભુએ એમ નથી કહ્યું કે તમને રોગ આવે ત્યારે સબડી સબડીને મરી જાઓ. અમને પણ રોગ આવે ત્યારે સમાધિ ટકી રહે ત્યાં સુધી દવા ન કરીએ તો ચાલે, પણ સમાધિ ન ટકે તેમ હોય તો દવા કરવાની છે, છતાં જો ન કરીએ તો દોષ લાગે. અમને પણ જો આવી આજ્ઞા છે તો તમને ઉપચારનો નિષેધ ન હોય.

કોઈ માણસ માંદો થાય ત્યારે તેને રાહત મળે-શાંતિ થાય તેના માટે પ્રયત્ન કરવાનો જ છે, પણ પ્રયત્ન કેવો કરવાનો ? એક જીવની શાંતિ માટે ૧૦૦ જીવની

અશાંતિ કરો તે ન ચાલે. માનવદયાની બુદ્ધિથી આયુર્વેદિક હોસ્પિટલ ખોલો તો વાંધો નથી. જોકે આયુર્વેદના ઉપચારમાં પણ હિંસા તો થશે, પણ પેલા ક્ષેત્ર જેવી નહીં. અમને કંઈ એલોપેથી પ્રત્યે પૂર્વગ્રહ નથી. પરંતુ મેડીકલ રીસર્ચના રિપોર્ટ વાંચો તો ખબર પડે. રીસર્ચના નામે ૧ વર્ષમાં ૧ કરોડ પશુઓ એક જ દેશમાં મરાય છે, બીજા દેશોની હત્યા જુદી. વળી આ રીસર્ચો કેટલાંયે વર્ષોથી ચાલતી હોય છે, પાછી દવા તો જ્યારે શોધાશે ત્યારે. અત્યાર સુધીમાં કેન્સરની દવા માટે કરોડો ને કરોડો પશુઓની હત્યા થઈ ચૂકી છે. તેમાં કસાઇ કરતાં ભયંકર રીતે પશુઓને મારે છે. કસાઇ તો એક ઝાટકે મારે છે, જ્યારે આ તો રિબાવી રિબાવીને મારે છે, તો પણ આ કામને માનવતામાં ખપાવવામાં આવે છે. દવાઓ શોધાય છે, ડૉક્ટર્સ તૈયાર થાય છે, હોસ્પિટલ વગેરે બને છે; આ બધાને સત્કાર્ય કહેવાય નહીં. **આ તો આર્યદેશની માનવતામાં પણ ન આવે, તો તેને અનુકંપાદાન તો કેમ કહેવાય ?**

આજના શિક્ષણમાં પાંચ રૂપિયાનું પણ દાન આપવું તે પાપ છે. અત્યારે ઉપાશ્રયોમાં સ્કૂલનાં પાઠ્યપુસ્તકો, નોટબુકો, સ્કોલરશીપ વગેરે અપાય છે તે બરાબર નથી.

**સભા :-** કેવી રીતે પાપ છે ?

**સાહેબજી :-** અત્યારે સમાજ જે નાસ્તિક બન્યો છે, તેનું મૂળ કારણ આજનું નાસ્તિક શિક્ષણ છે.નાનાં છોકરાંઓને સ્કૂલોમાં આત્મા નથી, પરલોક નથી વગેરે ભણાવાય છે. વળી ડાર્વિનની થિયરી, બાયોલોજી, કેમીસ્ટ્રી દ્વારા પણ આવું જ ભણાવાય છે. વળી જે ભણાવે છે તેને તેઓ પુરવાર કરી શકતા નથી. દા.ત. ચાર અબજ વર્ષ પહેલાં પૃથ્વી ઉત્પન્ન થઇ. નાસ્તિકતાના પ્રબળ કારણભૂત વાતો ભણાવાય છે ! સત્ય વસ્તુ ભણાવવા સામે અમને વાંધો નથી. .

જૈનોમાં અત્યારે કેટલા ડૉક્ટર છે ? તેમાં શ્રદ્ધાળુ કેટલા ? ૯૫% ડૉક્ટરને નાસ્તિક કોણે બનાવ્યા ? માબાપે કે વારસાએ નાસ્તિક બનાવ્યા નથી, પણ આ શિક્ષણે નાસ્તિક બનાવ્યા છે. અત્યારે હાઇસ્કૂલમાં છોકરાઓને "sex is natural instinct" એવું ભણાવાય છે. બાળકોને sexology વિષય ભણાવાય છે. જેમાં અબ્રહ્મ એ કુદરતી છે, આવું મગજમાં ઠસાવાય છે. પછી તેઓ બ્રહ્મચર્યને કુદરતી ન જ માને. આ છોકરાઓ સાધુને કઈ દૃષ્ટિથી જુએ ?

**સભા :-** સત્ય સમજવા ક્યાંય પણ સ્કૂલો તો જોઈએ જ ને ?

**સાહેબજી :-** તમે તે કામ કરી શકો તેમ હો તો હું પીઠબળ આપવા તૈયાર છું. પણ તમે અત્યારે કંઈ કરી શકો તેમ નથી. કારણ કે સરકારમાન્ય જે અભ્યાસ છે, તે તમારે ભણાવવો જ પડે. ભલે તમે સરકાર પાસેથી એક પૈસો ન લો તો પણ સરકારમાન્ય ડીગ્રી જોઈતી હોય તો અભ્યાસક્રમ સરકારનો જ ફરજિયાત રહે છે. અને તેમાં જ તો ઝેર છે; માટે ભલે સરકાર તેના પૈસાથી ભણાવે; પણ તમે તો કમ સે કમ તે શિક્ષણમાં દાન ન આપો કે જે શિક્ષણથી વિદ્યાર્થી આત્મા-પરલોક-પુણ્ય-પાપ વગેરેના વિરોધી બને છે.

**સભા :-** પણ સરકાર ટેક્ષથી અમારા પૈસા લઈ લે છે.

**સાહેબજી :-** ટેક્ષ તો compulsion છે, અને ન ભરો તો સરકાર દંડ પણ કરે. તેથી અહીં ટેક્ષના પૈસાની વાત નથી, પણ તમે સ્વેચ્છાએ આપો છો તે દાનધર્મની વાત ચાલે છે. આજકાલ જૈનોનો પૈસો જેટલો દેરાસર-ઉપાશ્રયમાં નહિ જતો હોય, તેના કરતાં કંઈ ગણો પૈસો આ બંને ક્ષેત્રમાં જાય છે. અનુકંપાદાનને પણ યોગ્ય ન હોય તેવા ક્ષેત્રમાં દાન આપો છો અને તેને સત્કાર્ય માનો છો, કે આ દાનના પૈસાથી એક છોકરો ભણીગણીને તૈયાર થાય, વળી જેને મદદ કરાય છે તેનાથી તેના કુટુંબને કેટલી રાહત થાય; એવી જ રીતે હોસ્પિટલમાં દાન કરવાથી માંદા માણસને દવાથી સાજા કરાય તો તેને કેટલી શાંતિ મળે, તેનાં દુઃખ-દર્દ ઓછાં થાય છે; પણ વાસ્તવમાં આ શાસ્ત્રસંમત અનુકંપાદાન નથી.

એક વખત એક મહાત્માને સારી સ્કૂલમાં પ્રવચન આપવા લઈ ગયા, એ મતલબથી કે વિદ્વાન આચાર્ય ભગવંત પધારે તો તેમના ઉપદેશશ્રવણથી વિદ્યાર્થીઓના જીવનમાં સંસ્કારની ઉન્નતિ થાય, પ્રેરણા મળે. તેઓશ્રીએ ધર્મની દૃષ્ટિએ સુંદર પ્રવચન આપ્યું, જેમાં આત્મા-પરલોક, પુણ્ય-પાપ, સ્વર્ગ-નરકની વાતો આવે. થોડી વાર પછી બે ચાર છોકરાઓએ પૃથ્વીનો ગોળો લાવી પૂછ્યું કે તમે પુણ્ય-પાપ, સ્વર્ગ-નરકની વાતો કરો છો, તો આ ગોળામાં બતાવો કે સ્વર્ગ-નરક ક્યાં છે? વાસ્તવમાં પૃથ્વી તો અમુક વર્ષો પહેલાં જ બની છે, તો પછી અમને આ બધી સ્વર્ગ-નરકની ખોટી વાતો શું કામ સમજાવો છો?

પહેલાં આ જ આર્યદેશમાં ઘરે ઘરે આસ્તિકતા ગૂંજતી હતી. ૮૦ વર્ષની ડોશી પણ બોલતી કે એકલા આવ્યા છીએ ને એકલા જવાનું છે. આ દુનિયામાં કોઈ કોઇનું નથી. અને આજે! ભૂતકાળ અને વર્તમાનનો આટલો તફાવત એ આ શિક્ષણના પ્રતાપે જ છે.

**નાસ્તિક બનાવવાના ઉદ્દેશવાળું જ આજનું શિક્ષણ છે. આ શિક્ષણ એ ઉદ્દેશથી જ મૂક્યું છે કે આ દેશમાં મંદિરો રહેશે પણ તેને માનનારા નહિ રહે. પરંતુ તમે અત્યારે એની સામે બીજું તો કંઈ જ કરી શકો તેમ નથી, પરંતુ તે ક્ષેત્રમાં દાનધર્મની બુદ્ધિથી પૈસા તો અપાય જ નહિ.**

**સભા :-** ઉપાય શું ?

**સાહેબજી :-** તમે ખોટા કામમાંથી ખસી જાઓ, હિસ્સેદાર ન બનો. **અત્યારે અહીંયાં બેઠેલામાંથી કોઈ પણ શિક્ષણક્ષેત્રે નેશનલ કે ઈન્ટરનેશનલ લેવલે કંઈ કરી શકો તેમ નથી. અત્યારે આટલો ભ્રષ્ટાચાર વધ્યો છે, માણસ-નાસ્તિક બન્યો છે, નાસ્તિકતા કેમ આવી છે ? આજનું શિક્ષણ જ આને માટે જવાબદાર છે. તેમાં નાસ્તિકતાપોષક ભયંકર ટાઈમ બોંબ છે. શાસ્ત્ર કહે છે કે એક જીવતા માણસને મારી નાંખવામાં જેટલું પાપ નથી, તેના કરતાં કંઈ ગણું અધિક પાપ તેને આસ્તિકમાંથી નાસ્તિક બનાવવામાં છે. આ એક મહાપાપ છે. આથી જ આ ક્ષેત્રમાં દાન આપવું ભયંકર છે. એક વ્યક્તિને સજ્જનમાંથી દુર્જન બનાવવાનો આ ઢાંચો છે. જો તમારો દીકરો નાસ્તિક બનશે તો તેનો આ ભવ બગડશે અને પરલોકમાં ભવોભવ બગડશે.**

દ્રવ્યહિંસા કરતાં ભાવહિંસા વધારે ખરાબ છે. હું સ્પષ્ટતા સાથે કહું છું કે કતલખાનામાં દયાબુદ્ધિથી દાન આપવું જેટલું ભયંકર છે, તેના કરતાં અધિક ભયંકર આજના આ શિક્ષણક્ષેત્રમાં દાન આપવું તે છે. અમે ઠંડા મગજથી, શાંતિપૂર્વક, ગંભીરતાથી વિચારીને, શાસ્ત્રના અનેક તર્કોને apply કરીને-લગાડીને બોલીએ છીએ. છતાં અત્યારે અમને કોઈ આમાં ભૂલ સમજાવી શકે તો સમજવા પણ તૈયાર છીએ.

અત્યારે લાખો સંતો બ્રહ્મચર્ય પાળે છે, ત્યારે કુમળા બાળકોને શિક્ષણમાં ભણાવાય છે કે, "અબ્રહ્મ કુદરતી છે." આ વિધાન આડકતરી રીતે સંતોના જીવન ઉપર મહાઆક્ષેપરૂપ છે. પ્રારંભથી જ બાળકના માથામાં આવું ભરવામાં આવે છે. હું જે સ્કૂલ-કોલેજમાં ભણ્યો છું, તેમાં ભણાવાતી બધી જ વાતો જો મનમાં બેસી હોત, તો હું એક નંબરનો નાસ્તિક જ હોત. પરંતુ અમને આ બધી વાતો બરાબર બંધબેસતી ન લાગી, તેથી જ અમે બચી ગયા.

**સભા :-** તમારું પરિવર્તન કેમ થયું ?

**સાહેબજી :-** અમારા સદ્ગુરુથી. અમને ધાર્મિક સંસ્કારી માબાપ અને સદ્ગુરુ ન મળ્યા હોત તો અમે પણ ક્યાંક રખડતા હોત. તમે પણ જે વસ્તુ જેવી છે તેવી સમજતાં શીખો.

ભગવાનની આજ્ઞા મુજબ અનુકંપાદાન કેવું હોય તે સમજો, વળી ભગવાનની આજ્ઞા મુજબના સુપાત્રદાન(સાતક્ષેત્ર)ની તોલે આજ્ઞા મુજબનું અનુકંપાદાન પણ આવે નહીં.

**સભા :-** અભયદાન ઊંચું ખરું કે નહીં ?

**સાહેબજી :-** ચોક્કસ, અભયદાન ઊંચું પણ તેના કરતાં કોઈને જીવનમાં સાચી દૃષ્ટિ આપો તો તે વધારે ઉત્તમ દાન છે. તીર્થંકર ભગવાન જ્ઞાનદાન દ્વારા આખા જગતનાં દુઃખ-દર્દ કાપે છે, પાત્રજીવોને શાશ્વત સુખ આપે છે. માટે અભયદાન કરતાં પણ સમ્યગ્જ્ઞાનદાન ઘણું ઊંચું છે, જે આ દાન આપી શકે તેનો ઉદ્ધાર નક્કી જ છે.

**સભા :-** અમારો છોકરો સારા માર્ક્સ સાથે પાસ થઈને આવે ત્યારે હરખાવાય?

**સાહેબજી :-** આવા વખતે તમે હરખાઓ તો મિથ્યાજ્ઞાનની અનુમોદના લાગે. તમારે કહેવું જોઈએ કે આ ભણતર સાચું નથી, અને તેમાં આવતી વાતો બુદ્ધિમાં સત્ય તરીકે બેસી જશે તો ઘોર પાપ બંધાશે. સાથે તેને આપણા સમ્યગ્જ્ઞાનની પણ સમજ આપવી જોઈએ. જૈનશાસનને પામેલાએ આ વિવેક કરવાનો છે.

**સભા :-** એલોપેથી કઈ રીતે ખરાબ છે ?

**સાહેબજી :-** એલોપેથીમાં પંચેન્દ્રિયાદિની હિંસા આદિ અનેક પ્રશ્નો છે. અરે ! માનવતાની દૃષ્ટિએ પણ ઘણું જ શોષણ છે. એલોપેથીના નામે અબજો રૂપિયાની આયુર્વેદિક ઔષધીઓ કાચા માલ તરીકે પાણીના ભાવે વિદેશમાં જાય છે, અને પછી તેમાંથી પ્રોસેસ કરીને બનાવાયેલી પ્રોડક્ટ્સ ૨૦૦-૪૦૦ ગણા નફા સાથે Multinational companies (બહુરાષ્ટ્રીય કંપનીઓ) વેચે છે. આમાં ત્રીજા વિશ્વની ગરીબ પ્રજાનું ઘણું શોષણ થાય છે. અમે એમ ને એમ બોલવા ખાતર નથી બોલતા. જો આ બધાં સત્કાર્ય હોય અને તેને અમે નિંદીએ તો અમને પાપ લાગે. આજના શિક્ષણ અને એલોપેથી દવાઓ દ્વારા જો પ્રજાનું હિત થતું હોય અને અમે ના પાડીએ તો અમને ભયંકર અંતરાયો બંધાય. આ વિષય પર તો ૧૦ પ્રવચનો આપીએ તો પણ ઓછાં પડે. અત્યારના શિક્ષણમાં વિજ્ઞાનની જેમ ઇતિહાસ-ગણિત

પણ અશ્રદ્ધાપોષક પદ્ધતિથી ભણાવાય છે.

માનવી ક્રમશઃ અક્ષરજ્ઞાન, ગુણાકાર, ભાગાકાર કેવી રીતે શીખ્યો અને તે વિશે ક્યા દેશમાં પ્રથમ શોધ થઈ તેની અનુમાન આધારિત વિગતો આજના શિક્ષણમાં ભણાવીને "જાણે ભૂતકાળમાં આવી શોધ વગરના આપણા પૂર્વજો બોઘા અને બુદ્ધુ જ હતા" તેવું સ્થાપિત કરે. આવી બધી વાતો જેના મગજમાં બેસી જાય તે નાસ્તિક જ બને. પછી સર્વજ્ઞે કહેલી વાતો પર તેને વિશ્વાસ ન જ આવે. આજના ભણેલા લોકો સાધુમહાત્માઓને બુદ્ધુ-બેવકૂફ માને છે, તેમાં કારણ આવી માહિતીઓ જ છે. નાના છોકરા તો કોરી પાટી જેવા હોય છે, જેવું આપો તેવું ગ્રહણ કરે.

સમાજકલ્યાણકારી માનવતાનાં કાર્યો અનુકંપાદાનમાં આવે છે, તેની સમીક્ષા આગળ આવશે. વળી અનુકંપાદાન કરતાં સુપાત્રદાન ઊંચું છે. સાચાં માનવતાનાં લાખ કામ કરો ને સુપાત્રદાનનું એક કામ કરો તો તે બેના ફળમાં જમીન-આસમાનનો ફેર છે, એક જ સુપાત્રદાનનું ફળ કંઈગણું વધી જશે.

અરે ! સુપાત્રદાનમાં પણ હજારો સુશ્રાવકની ભક્તિ કરો અને તેની સામે એક સદ્‌ગુરુની ભક્તિ કરો, તો તેના ફળની તુલના-સરખામણી જ ન થાય. એવી જ રીતે હજાર સદ્‌ગુરુની ભક્તિ કરો અને તેની સામે પરમાત્માની ભક્તિ કરો તો એ બંનેના ફળની તુલના પણ થાય જ નહીં, એટલે કે ફળમાં બહુ મોટો તફાવત આવે. ભક્તિ કરતી વખતે વ્યક્તિનું ગુણની અપેક્ષાએ મૂલ્યાંકન કરવાનું છે.

**સભા :-** તમારી શિક્ષણ માટેની વાતો અમારે ગળે ઊતરતી નથી.

**સાહેબજી :-** શા માટે નથી બેસતી ? તમે પહેલાં તો આજનું શિક્ષણ નાસ્તિકતાપોષક છે, તે માનો છો ? આ શિક્ષણ ધર્મપોષક તો નથી જ, પણ તમે અમને આ શિક્ષણ ધર્મવિરોધી નથી, તે સમજાવી આપો તો અમે તેનું ખંડન બંધ કરીએ. પ્રભુએ ક્યાંય એમ નથી કહ્યું કે, સંસારમાં શ્રાવકે ભૌતિક જ્ઞાન ભણવું નહીં. અરે ! પુરુષને ૭૨ કળા અને સ્ત્રીને ૬૪ કળા ભણવાનું વર્ણન છે. અમે ભૌતિકશિક્ષણના વિરોધી નથી પણ આજનું આ આધુનિક શિક્ષણ જે નાસ્તિકતાપોષક છે, તેના જ અમે વિરોધી છીએ. પ્રભુ આદિનાથે જ સ્ત્રીઓની ૬૪ કળા અને પુરુષોની ૭૨ કળા પોતાનાં પુત્ર-પુત્રીઓને શીખવી. આ બધી જ કળાઓની સ્થાપના પ્રભુએ પોતે જ ગૃહસ્થપણામાં કરી છે.

# ૪

તા. ૨૨-૭-૯૪, શુક્રવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને, અજ્ઞાનરૂપ અંધકારમાંથી બહાર કાઢી, જ્ઞાન પ્રદાન કરવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આ જગતમાં મોટામાં મોટો જો કોઈ ઉપકાર હોય તો એ જીવને સાચી આત્મકલ્યાણની દૃષ્ટિ આપવી તે છે. આત્મા માટે હિતકારી શું ? અને અહિતકારી શું ? તેની દૃષ્ટિ પ્રભુ જગતને આપે છે અને જૈનશાસનના ધર્મગુરુને પણ ફરજરૂપે આવે છે કે, તીર્થંકરની આજ્ઞા મુજબ જે હિતકારી ને સત્ય હોય તે જગતને જણાવવું.

તમે ખોટાને ખોટા તરીકે છોડી ન શકો, સાચાને સાચા તરીકે જીવનમાં આચરી ન શકો તો તે શક્ય છે, પણ સમજણરૂપે ધર્મને ધર્મ તરીકે અને અધર્મને અધર્મ તરીકે તમારે સ્વીકારવા જ જોઈએ; સાચો ધર્મ પામવા ઓછામાં ઓછી આટલી લાયકાત તો અવશ્ય જોઈએ. વળી અમારે ઉપદેશ દ્વારા હિતકારી ને અહિતકારી બંને તમને જણાવવું જ જોઈએ. આ બધું પણ અમારે સ્વતંત્ર બુદ્ધિથી કહેવાનું નથી, પરંતુ પૂર્ણ જ્ઞાનીઓનાં વચનના આધારે યોગ્યને યોગ્ય અને અયોગ્યને અયોગ્ય જણાવવાનું છે. અત્યારે તમે કાંઈ પ્રથમ કક્ષાના સાધક નથી. તમારા જીવનમાં અત્યારે ઘણી અધર્મની ક્રિયાઓ ચાલે છે, પૈસા કમાઓ છો, તેને સાચવો છો, ને તેનાથી મોજમજા પણ કરો છો. છતાં તમે પ્રતિક્રમણ આદિમાં 'પાંચમે પરિગ્રહ' પાપ તરીકે બોલો છો, તો તેને પાપ માનો છો. અમે ઉપદેશમાં કોઈ વાત impractical-અવ્યવહારિક બોલતા હોઈએ તો વિચારવાનું રહે. પરંતુ શાસ્ત્રમાં અઢારે અઢાર પાપસ્થાનકો બતાવ્યાં છે, તેમાં આ પાપસ્થાનક કઈ રીતે કહેવાય તેની સમજ-ઓળખાણ તથા કારણો પણ બતાવ્યાં છે. છતાં કોઈને ધન એ પાપ છે એવી સાધુની વાત impractical-અવ્યવહારિક લાગે તો તે તેનો દોષ છે. તેની જેમ આગળ ઉપર જે અનુકંપાદાન વિષયની ચર્ચા થઈ તે તમને impractical-અવ્યવહારિક

લાગે છે. કારણ કે અત્યારે તમને સાધુ માટે એવી છાપ છે કે 'સાધુઓ કંઈ દેશકાળ જાણતા નથી. તેમને તો ઉપાશ્રયમાં ખાલી પાટ ઉપર જ બેસી રહેવાનું છે, પરંતુ સંસારમાં તો અમારે રહેવાનું છે. તેઓ શાસ્ત્રો ભણેલા છે, તેમને સંસારની કંઈ જ ગતાગમ નથી.' પણ વાસ્તવમાં એવું નથી. અમે સંસારનું પણ બધું જાણીએ, તેમાં પણ હિતાહિતનું માર્ગદર્શન અવશ્ય આપીએ. પરંતુ **જે વ્યક્તિ પાપને પાપ માનતી નથી તે સાચો ધર્મ કરવાને અધિકારી નથી.**

**સભા :-** અમને દવા કર્યા વગર ચાલતું નથી, પણ મહારાજ સાહેબો પણ દવા કરે જ છે ને ?

**સાહેબજી :-** અત્યારે આયુર્વેદિકની અનેક શાખાઓ નાશ કરવામાં આવેલી હોવાથી બધા રોગોમાં આયુર્વેદિક દવાઓ સુલભતાથી મળતી નથી, માટે એલોપેથી દવા ન છૂટકે લેવી પડે છે. ભગવાને અમને એમ નથી કહ્યું કે રોગ થાય તો સબડી સબડીને મરી જાઓ, પણ ચિકિત્સા તો નહીં જ કરવાની. ઊલટું લાંબી આરાધના કરવા માટે સાધુને ચિકિત્સાની આજ્ઞા છે. ભગવાનની આજ્ઞા પ્રમાણે જો અમે દવા લેતા હોઈએ, તો એમાં ગમે તેટલી હિંસા થઈ હોય તો પણ અમને તે હિંસાનું પાપ લાગતું નથી. તમે અમારા આચારો સમજ્યા વગર સાધુને પકડો તે વાજબી નથી.

દા.ત. તમે ઘરે ભીંડાનું શાક રાંધ્યું અને અમે એ શાક જો ભગવાનની આજ્ઞા પ્રમાણે ગોચરીમાં લઈ આવ્યા, તો શાક બનાવવામાં જે હિંસા થઈ તેનું પાપ ખાનાર એવા તમને લાગે, પણ અમને તે હિંસાનું પાપ લાગતું નથી. કારણ કે આ દુનિયામાં હિંસાના ત્રણ પ્રકારો છે. કરણ, કરાવણ અને અનુમતિ. તેમાંથી કોઈ પણ વિકલ્પ જેના જીવનમાં આવે તેને અવશ્ય તે હિંસાનું પાપ લાગે. પરંતુ જે આ ત્રણ વિકલ્પોથી સંપૂર્ણ બચીને જીવે છે તેને હિંસાથી બનેલી વસ્તુનો ઉપભોગ કરવા છતાં હિંસા લાગે નહીં. જૈનશાસ્ત્રોમાં આ અંગે સચોટ તર્કો છે. તમારા ઘરમાં રંધાતું ભીંડાનું શાક મેં રાંધ્યું નથી કે રાંધવાની પ્રેરણા કરી નથી. વળી તમારા ઘરે ભિક્ષા માટે અમારું આવવાનું પણ કાંઈ ચોક્કસ ન હોય. તેથી અમારી સંમતિ પણ નથી હોતી. આમ, એકપણ રીતે અમારે હિંસાના ભાવ નથી આવતા, તેથી અમને પાપ નથી લાગતું. તમે દેવ-ગુરુની ભક્તિ કરો છો, પણ ગુરુને આચારથી ઓળખતા નથી. અહીં તમારે સાધુને દૃષ્ટાંત તરીકે લેવા તે બરાબર નથી.

તમે અવસરે એલોપથી દવાનો ઉપયોગ કરો છો, રોગ મટાડવા તેનો આશ્રય

લો છે, તેની અમે ટીકા-ટીપ્પણ નથી કરતા. ક્યારેક પ્રસંગે ખરાબ સાધનનો ઉપયોગ પણ કરવો પડે, પરંતુ તેટલા માત્રથી તે પ્રવૃત્તિને સારી તો ન જ કહેવાય. તેથી તેવી પ્રવૃત્તિમાં દાન આપીને દાનધર્મના ક્ષેત્રમાં તેને ન મુકાય.

અત્યારે કોઈ માણસ સારી આરાધના કરતો હોય, પણ પહેલાંની કોઈ ખામી કે નબળાઇના કારણે સિગારેટ પીતો હોય, વળી તેને તે ખરાબ પણ માનતો હોય, તો તેને ક્યારેય એમ થાય ખરું કે હું આ સિગારેટ બીજાને આપું ? તેની પ્રભાવના કરું ? તેમ ભારે હિંસામાંથી ઊભા થયેલા આરંભ-સમારંભવાળા સાધનોને કદાચ તમે છોડી ન શકવાના કારણે વાપરો, પણ તેને દાનક્ષેત્રમાં તો ન જ મુકાય.

અમદાવાદના એક સંઘના પ્રમુખની સાથે ચર્ચા નીકળતાં, એલોપેથી કેટલી ભયંકર છે, આરોગ્યના ક્ષેત્રમાં અત્યારની આધુનિક પદ્ધતિ કઈ રીતે ફેલાઈ ગઈ છે, તથા પ્રાચીન આયુર્વેદિક પદ્ધતિનો કઈ રીતે પ્લાનીંગપૂર્વક નાશ કરવામાં આવ્યો છે, આ બંનેની તુલના કરીને સમજાવ્યું. ભાઈ educated-શિક્ષિત હોવાથી સમજી ગયા. તેમને પણ મનમાં વાત બેસી ગંઈ. એ ભાઇ હાર્ટ પેશન્ટ હોવાથી તેમણે મને વાત કરી કે સાહેબ ! હું દવા વગર રહી શકું તેમ નથી માટે દવાનો ઉપયોગ કરું છું, પણ સાહેબ ! જો કોઈ માણસ મારી કંપનીમાં કામ કરનારો serious-ગંભીર થાય તો તેને હોસ્પિટલમાં ન લઈ જવો ? તેને એમ ને એમ તો મરવા કેવી રીતે દેવાય ? તેના જવાબમાં મેં કહ્યું કે એ વખતે તમારી ફરજ છે કે યોગ્ય ઉપચારપૂર્વક તેની સાર-સંભાળ પૂરેપૂરી કરવી. અમે ક્રૂરતા શીખવીએ તેવા ઉપદેશક નથી. તેથી અમારી વાતનો ગમે તેવો અર્થ નહીં જ કરતા. તમારી પાસે જો અત્યારે સારવારનો બીજો વિકલ્પ ન હોય, તેને સારવારની તાત્કાલિક જરૂર હોય, તો આવા વખતે હોસ્પિટલમાં લઈ જઈને પણ તેની સારી ટ્રીટમેન્ટ કરવી જ જોઈએ. આ તો તમારી કંપનીનો માણસ છે, પરંતુ જો રસ્તા ઉપર પણ કોઈ ત્રાહિત માણસ તમારી સામે મરતો હોય તો તેને પણ શક્ય ટ્રીટમેન્ટ આપવી જોઈએ.

## એલોપથીમાં લાખો પ્રકારની ઘોર હિંસાઓ થાય છે, સંયોગવશ કટોકટીમાં તેનો ઉપયોગ કરવો પડે તો પણ તે અનુકંપાદાનનું ક્ષેત્ર તો નથી જ :

**સભા :-** એલોપેથી દવામાં પંચેન્દ્રિય જીવની હિંસા સમાયેલી હોય છે ?

**સાહેબજી :-** એક નહીં હજારો પંચેન્દ્રિય જીવોની હિંસા સમાયેલી હોય છે.

એક એક સામાન્ય દવાના અખતરા પણ પશુઓ પર કરાય છે. અરે, ફક્ત દવાની વાત ક્યાં કરવી ? આ તમારા શર્ટ છે, તેમાં artificial yarn(કૃત્રિમ તાંતણા)છે, તેમાં વપરાયેલા કેમીકલ્સની અસર તમારી ચામડી ઉપર કેવી થશે તે જાણવા માટે પણ પશુઓનો જ ઉપયોગ કરાય છે, કારણ બિચારાં અનાથ છે.

તમારા બજારમાં મુકાતા, detergent-ડીટર્જન્ટ પાવડર વાપરતાં બહેનોના હાથ ઉપર કેવી અસર થશે તે જાણવા પ્રયોગરૂપે સસલાની આંખમાં પહેલાં ઉપયોગ કરાય છે. આમ, પ્રયોગમાં કેટલાંયે સસલાં આંધળાં થઈ જાય છે. આવી લાખો પ્રકારની કેટલીયે ઘોર હિંસાઓ થાય છે, છતાંય તમે દુભાતા દિલે-અરેરાટી સાથે એલોપેથી દવા લેતા હો, તો હું તમને નાલાયક નહીં કહું. વળી ગમે તેવી કટોકટીમાં પણ જો હું તમને વિલાયતી દવા લેવાની ના કહું, તો તમે એમ કહેશો કે મહારાજ સાહેબ અમને મારી નાંખવા માંગે છે. પણ ગમે તે સંયોગમાં લેવી પડે તોય તમારે એને ખરાબ તો માનવી જ પડે. તમારે તેનો ઉપયોગ કરવો પડે એવું બને, પણ દાન તરીકે તે ક્ષેત્રમાં ધન તો ન જ અપાય.

જૈનોએ અનુકંપાદાન કરતાં ક્ષેત્ર પણ જોવું જ પડે. જ્યાં પાછલે બારણે ભારે હિંસા, શોષણ આદિના દોષો પોષાતા હોય ત્યાં દાન આપવું વાજબી નથી જ.

## આપણી ધર્મસંસ્કૃતિનો જે જબ્બર નાશ થયો છે અને થઈ રહ્યો છે તેનું કારણ આજનું ધર્મવિરોધી નાસ્તિકતાપોષક શિક્ષણ છે :

શિક્ષણના ક્ષેત્રમાં પણ મેં જે વાત કરી છે, તેના માટે શ્રોતાઓમાં ઘણા કુવિકલ્પો થયા છે. પણ એટલું ધ્યાનમાં રાખજો કે અમે તોળી તોળીને, ભગવાનની આજ્ઞા વિચારીને જ બોલીએ છીએ.

વ્યવહારમાં પણ એક માણસને આગ્રહપૂર્વક સિગારેટ પિવડાવવી તે ખરાબ કામ મનાય છે. હવે (૧) એક માણસ આગ્રહપૂર્વક બીજાને સિગારેટ પિવડાવે છે અને તેથી તે મજબૂરીથી પીએ છે છતાં તેને સારી નથી માનતો, જ્યારે (૨) બીજો માણસ કોઈને માણસને સિગારેટ ન પીવડાવે, પણ તેના મગજમાં એવું ઠસાવે કે સિગારેટ પીવી ખરાબ નથી, આ નુકસાનકારક વ્યસન નથી, પીતી વખતે બહુ મજા આવે છે; આવું સમજાવવાથી સિગારેટ પ્રત્યેની તેની સૂગ, હીનકાર્યપણાની બુદ્ધિ કાઢી નાંખે, પછી ભલે તે સિગારેટ પીતો ન થાય; તો બેમાંથી કોણ વધારે

ખરાબ ? અને બંનેના જીવનમાં આવી પરિસ્થિતિ ઊભી કરનારી વ્યક્તિઓમાં કોણ વધારે ભયંકર ?

એવી જ રીતે (૧) એક માણસને પરાણે નિમિત્તો ઊભાં કરીને માંસાહારી બનાવી દો, તેથી તે માંસ ખાય, છતાં પણ મગજમાં તો એમ જ હોય કે આ પ્રવૃત્તિ મહાપાપ છે; જ્યારે (૨) બીજા માણસને મગજમાં એમ ઠસાવાયું હોય કે માંસ ખાવું ખરાબ કામ નથી, ખોરાક તો પોતપોતાની પસંદગીનો વિષય છે, જો બધા જ લોકો એકલું અનાજ જ ખાશે તો આખી દુનિયાને પૂરતું અનાજ મળશે જ ક્યાંથી ? વળી જે દેશમાં અનાજ મળતું જ નથી ત્યાં માંસ ખાવામાં શું વાંધો ? આવું બધું જેના મગજમાં ઠસાવવામાં આવે તે ભલે માંસ ખાતો ન હોય, પણ માંસ ખાવું તે ખરાબ નથી માનતો અને માંસ પ્રત્યે સૂગ પણ નથી, કે માંસાહારમાં અધર્મની બુદ્ધિ પણ નથી; તો આ બે વ્યક્તિઓમાંથી કોનું અધઃપતન વધારે ગણાય ? અને અધઃપતન કરાવવામાં જવાબદાર બે જુદી જુદી વ્યક્તિઓમાં કોણ વધારે અધમ કૃત્ય કરનાર ગણાય ?

તટસ્થતાથી વિચારનારે કાન પકડીને કબૂલ કરવું પડે કે આમાં બીજા નંબરની વ્યક્તિનું જ વધારે અધઃપતન ગણાય અને તેની બુદ્ધિ બગાડનાર વ્યક્તિ જ વધારે ભયંકર ગણાય. બળજબરીથી પાપ કરાવનાર કરતાં પણ પાપમાં પાપની બુદ્ધિનો જ નાશ કરાવનાર વ્યક્તિ વધારે કાતિલ છે. આજનું શિક્ષણ આ કેટેગરીમાં આવે છે.

**સભા :-** ગાંધીજીએ માંસ ખાધું છે ?

**સાહેબજી :-** તેમની ઓટોબાયોગ્રાફી (આત્મકથા) વાંચી જજો. વિલાયતમાં ભણ્યા પછી તેમના જીવનમાં ઘણાં કુકર્મો થયાં છે. આ તો આફ્રિકાના કડવા અનુભવ પછી ભારત આવીને તેમનામાં ઘણું પરિવર્તન આવ્યું હતું. તે પણ ભારતીય ધર્મગ્રંથોના પરિચયથી. છતાં માંસાહાર અંગે તેમની વિચારધારા તો જીવનભર ખોટી જ રહી હતી. આજનું શિક્ષણ તમારી બુદ્ધિને બદલે છે, પાપ કરાવે તેના કરતાં પાપને પાપ તરીકે માનવાની બુદ્ધિનો જ નાશ કરે છે.

પહેલાંના જમાનામાં પણ ભણતર હતું જ. અમે પણ મૂળથી શિક્ષણના વિરોધી નથી જ, પણ શિક્ષણમાં રહેલી વિકૃતિના વિરોધી છીએ. ભણવું જ નહીં અને ભણવું તો ધર્મનું જ ભણવું અને સંસારમાં તમારે કશું જાણવું જ નહીં, એવું અમે નથી

કહેતા. જો માણસજાતને શિક્ષણ ન મળે તો પશુ કરતાં પણ ખરાબ થાય. શિક્ષણ એ તો વિકાસનો મૂળ પાયો છે. જીવનનું ઘડતર તેનાથી જ થાય છે. વળી તમે ભણેલા હશો તો જ અમે તમને ધર્મ ઊંડાણથી સમજાવી શકીશું. ગામડામાં તો લોકો બરાબર ભાષા પણ નથી બોલી શકતા એટલા અશિક્ષિત હોય છે. તેથી ત્યાં માનસિક વિકાસ ઓછો હોય છે અને તે શિક્ષણ દ્વારા જ આવી શકે. તેથી જ ભૂતકાળમાં પણ ભૌતિકકળાઓ ભણાવાતી હતી. તમે ભૌતિકક્ષેત્રે વિકસિત બનો તેમાં અમને વાંધો નથી. ભાષાઓ-કલાઓ ન જાણનારને અમે તત્ત્વ પણ સરળતાથી ન ભણાવી શકીએ. ધર્મશાસ્ત્રો કે ચરિત્રગ્રંથોમાં કલાભ્યાસ માટે ક્યાંયે ટીકા-ટિપ્પણ નથી આવતાં. ઊલટું 'તેઓ ૭૨ અને ૬૪ કળાઓના જાણકાર હતા' તેમ રજૂ કરવામાં આવે છે. આમ, ધર્મને ભૌતિક શિક્ષણ સામે સીધો વાંધો નથી, પણ તેમાં જે નાસ્તિકતાપોષક તત્ત્વ છે, તે જ વિકૃતિ છે, તેને તો ખરાબ કહેવું જ પડશે.

જે શિક્ષણના મૂળમાં જ 'આત્મા નથી, પરલોક નથી, પુણ્ય-પાપ નથી' વગેરે નાસ્તિકતાના પાઠ ભણાવાય છે, જેનાથી ધર્મનો પાયો જ હચમચી જાય છે, તેના પ્રદાનને સત્કાર્ય તરીકે કઈ રીતે ખતવાય ?

**સભા :-** અમે છોકરાઓને ન ભણાવીએ ?

**સાહેબજી :-** તમે વર્તમાનયુગમાં શિક્ષણનું ક્ષેત્ર ફેરવી શકો તેમ નથી. ફોરેન ભણીને આવેલા જ મોટેભાગે syllabus-અભ્યાસક્રમ નક્કી કરે છે. આધુનિક શિક્ષણનું nationalisation-રાષ્ટ્રિયકરણ નહિ, પણ internationalisation-આંતરરાષ્ટ્રિયકરણ થયેલું છે. તેથી તેના ઢાંચામાં પરિવર્તન લાવવું ઘણું દુષ્કર છે. તમારા ખર્ચે, સરકારનો એક પણ પૈસો લીધા વગર તમે સ્વતંત્ર સ્કૂલ કરો તો પણ ભણતરમાં તો સરકારમાન્ય અભ્યાસક્રમ જ ભણાવવો પડશે. તેથી આમાં ઘણા દોષો છે. ન છૂટકે તમે સંતાનોને સ્કૂલ-કોલેજમાં મોકલતા હો તો પણ તેઓને એમ તો સમજાવાય જ કે, તમે જે ભણો છો તેને સાચું નહીં માનતા, તેમાં ઘણા ખોટા સિદ્ધાંતો છે, અને તમારે અવસરે-અવસરે સાચી વાતો થોડી થોડી સમજાવતા રહેવું જોઈએ. બાકી જો તમે ખરાબને ખરાબ માનતા હો તો આ શિક્ષણને સારું સમજીને તો સંતાનોને ન જ અપાવાય.

અત્યારે આ ઉપદેશ અમારે સામે પ્રવાહે આપવાનો છે, તેથી ઊહાપોહ થવાનો જ. જૈનકુળમાં અવતરેલા તમે વર્ષોથી દેવ-ગુરુની સેવા કરતા હો, પણ તેના તત્ત્વને તો સમજ્યા જ નથી, તેથી આવા શિક્ષણની અનુમોદના દ્વારા વગર મફતમાં ઘણું જ

પાપ બાંધો છો. ખરાબને ખરાબ જ માની તેની અનુમોદના ન કરો અને તેમાં દાન ન આપો.

**સભા** :- પણ સાહેબ ! કોઈકે તો બદલવાની શરૂઆત કરવી પડશે ને ?

**સાહેબજી** :- એક ખુરશી પણ કૂદી શકો તેમ નથી, ને પાંચસો ખુરશી સાથે કૂદવી છે તે કેમ બને ? **અત્યારે તો ફક્ત ખરાબને ખરાબ માનીને ચાલો, તેની પ્રશંસા ન કરો, અને કોઈ પ્રશંસા કરતું હોય તો તેને સમજાવીને અટકાવો; ઉપરાંત આ ક્ષેત્રમાં દાન આપવું બંધ કરી શકો છો. બાકી અત્યારે જો કોઈ પાણીદાર શ્રાવક હોય અને વર્તમાન શિક્ષણના પ્રવાહને બદલીને માર્ગાનુસારી ઢાંચો સ્થાપિત કરવાનું ભગીરથ કામ કરવા તૈયાર હોય, તો હું તેને શાબાશી સાથે મોકલવા તૈયાર છું. પણ શાસનના નામે સમર્પિત થઈને ભોગ આપે તેવા પાણીદાર શ્રાવકો જ ક્યાં છે ? વાસ્તવમાં આ કામ થઈ શકતું હોય તો ધર્મની દૃષ્ટિએ અને ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિએ પણ હિતકારી છે.**

અહીંયાં શ્રીસંઘમાં અમારી પાસે જે જિજ્ઞાસાથી આવતા હોય, તેમને સાચું શું અને ખોટું શું તે અમે સમજાવી શકીએ તેમ છીએ, પણ વક્રને તો કાંઈ કહી શકીએ તેમ નથી. આ કાળમાં જાહેરક્ષેત્રમાં સાધુનું ઘણું devaluation-અવમૂલ્યન થયું છે. અત્યારે તો શંકરાચાર્ય બોલે તો પણ દેશમાં હાંસી ઉડાવાય છે, તેવી આર્યદેશમાં સાધુ-સંતોની સ્થિતિ છે. છતાં અમારી પાસે સમજવા આવનારા અલ્પસંખ્યક વર્ગને અમે અમારી શક્તિ મુજબ સમજાવી શકીએ.

**સભા** :- આપે જે શિક્ષણક્ષેત્રની વિકૃતિઓ બતાવી તેની સામે જે સારી વસ્તુઓ છે, જે જ્ઞાનને જાળવવા માટે છે, તેમાંથી અમારે સારું ગ્રહણ કરવું છે.

સ્કૂલ-કૉલેજોમાં આત્મા-પરમાત્મા વિષયક ઊંધું સમજાવતા નથી. ઐતિહાસિક વસ્તુઓની અમને અસર થઈ નથી. છતાં તેમાં સારું છે તે તો ગ્રહણ કરવું જ જોઈએ ને? આપણો ધર્મ ગુણગ્રાહી છે.

દાનની વાતો કરો તો આશ્રમો, બોર્ડિંગો- પાવાગઢ, કડી વગેરેમાંથી ૩૮૦૦૦થી ૪૦૦૦૦ દેરાસરોને, અસંખ્ય ઉપાશ્રયોને જાળવનારો વર્ગ ઊભો થયો છે; તથા શકુંતલા, બાબુ પનાલાલ જેવી સ્કૂલોમાં પાયાના ધર્મનું શિક્ષણ મળ્યું છે, તેમાંથી ઘણાં રત્નો મળ્યાં છે. દેરાસરોનો વહીવટ આ લોકોમાંથી જેમના હાથમાં છે, તેઓ તેનો સારો વહીવટ કરે છે. આ બધી વાતોનું શું ?

**સાહેબજી :-** કોઈ પણ વસ્તુમાં ખરાબ સાથે થોડું સારું પણ છે. જેમ કે ટી.વી.; અરે, હોટેલો કે બારમાંથી પણ સારી વસ્તુ જાણવા મળતી હોય છે. પરંતુ તેટલામાત્રથી ત્યાં જવાની પ્રવૃત્તિને સમર્થન ન અપાય. નિશ્ચયનય માને છે કે મૂળથી કોઈ વસ્તુ ખરાબ નથી કે સારી નથી; પણ તમે તેને કેવા દૃષ્ટિકોણથી ગ્રહણ કરો છો તે પર સારા-નરસાનો આધાર છે. પરંતુ અત્યારે નિશ્ચયનય એકલો લેવાનો નથી. તેથી જેમાં પ્લસ પોઈન્ટ વધારે અને માઈનસ પોઈન્ટસ ઓછા હોય તેવું વ્યવહારનય આધારિત સારું સ્વીકારવાનું છે.

ઘણીવાર વેશ્યાના જીવનમાં પણ સદ્ગુણો જોવા મળે છે, છતાં એમ ન કહેવાય કે તેની પાસેથી સારું મળતું હોય તો ત્યાં જવામાં વાંધો નહીં. ધર્મસ્થાનકોમાં આવીને પણ કોઈ વ્યક્તિ બગડી શકે છે, દુષ્ટ ભાવના કરી શકે છે, પણ તેથી ધર્મસ્થાનકોને ખરાબ ન કહેવાય. બન્ને પાસાંથી એકંદરે લાભાલાભનો વિચાર કરવો પડે. સારા-ખોટાનું શાસ્ત્રની રીતે તમે આ સિવાય બીજું મૂલ્યાંકન કરી આપો તો હું જાહેરમાં તે સ્વીકારવા તૈયાર છું,

નાસ્તિક બોલે તેમાં સારું ન જ હોય તેવું નથી. જૈનશાસનમાં સ્યાદ્વાદ, અનેકાંતવાદ હોવાથી નાસ્તિકની વાતમાં બધું ખરાબ જ છે એવું અમારું વિધાન નથી. પણ તેટલામાત્રથી નાસ્તિકવાદ સારો એમ તો ન જ કહેવાય. જેમાં ખરાબ વધારે હોય અને સારાપણું ઓછું હોય તેવી વસ્તુના ગુણ ગવાય નહીં. તેથી જ વેશ્યાના ગુણ ગવાય નહીં. આ બધી વસ્તુની ગેરસમજનું મૂળ એ છે કે આધુનિક શિક્ષણની ભારે વિકૃતિઓની તમને ખબર જ નથી. તેનાં સેંકડો પાસાં છે. આ શિક્ષણની પણ થોડી ઘણી વાતો તમને ને અમને કદાચ ફાયદાકારક હશે, છતાં તેની પ્રશંસા તો ન જ કરાય, તેને મહત્ત્વ તો ન જ અપાય; કેમ કે તેની વિકૃતિ બધાને તાણી જાય એવી છે.

**સભા :-** ભગવાન મહાવીરે કહ્યું છે કે કૃતઘ્ન ન બનવું, કૃતઘ્નતાનું પ્રાયશ્ચિત્ત પણ નથી. જેની પાસેથી મળ્યું હોય તેનો ઉપકાર માનવો જ.

**સાહેબજી :-** તમે જો આ કૃતજ્ઞતાગુણનો આવો અર્થ કરતા હો તો થાપ ખાઓ છો. પ્રભુ મહાવીરે ખુદ કહ્યું છે કે હું આ જે ધર્મ સ્થાપું છું, તે જ સમ્યગ્ધર્મ છે, જ્યારે બીજા બધા ધર્મો મિથ્યાધર્મ છે. અર્થાત્ ખુદ પ્રભુએ પણ મિથ્યામતોને મિથ્યા કહીને નિંદા કરી છે. અન્યધર્મોમાં કોઈ જ સારી વાતો નથી અને દુનિયાની બધી જ સારી

વાતો માત્ર જૈનધર્મમાં જ છે, તેવું તીર્થંકરો પણ કહેતા નથી. છતાં સત્યાસત્યનો વિચાર કરતી વખતે અનેક સારી વાતો કહેનાર પણ અન્યધર્મો મૂળથી મિથ્યાત્વના પોષક હોવાથી તેમને જાહેરમાં મિથ્યામત કહેવા જ પડે, અને ન કહે તો જાણકારમાં સાચી તટસ્થતા ટકે નહીં. માર્ગદર્શક વ્યક્તિએ ખોટાનું ખંડન કરવું જ પડે. તો જ સમાજમાં કે સંઘમાં સત્ય માર્ગ સ્થાપિત થઈ શકે. તેથી આધુનિક શિક્ષણમાં પણ અમુક ચોક્કસ પ્રકારનો વિકાસ હોય, અને તેની વિકૃતિઓની અસરમાં આવ્યા વિના કોઈને તેનાથી ઉપકાર થયો હોય તો પણ તેની એકંદરે ગુણવત્તાનો વિચાર કરીને તેને જાહેરમાં અવશ્ય વખોડવું પડે.

હવે ગુણગ્રાહી દૃષ્ટિ માટે વિચારીએ. જૈનશાસનમાં એકલી ગુણગ્રાહી દૃષ્ટિ હોવી જોઈએ એવું નથી, પરંતુ તેમાં વિવેકી બનવું પડે. ગુણદોષ બંનેનો વિવેક તે જ સમ્યક્ત્વ છે. જે દોષને પારખીને યથાર્થ મૂલ્યાંકન નથી કરતો, તે ગુણ પણ કક્ષાનુસારે ગ્રહી નથી શકતો. હા ! દોષ જોયા પછી વ્યક્તિગત રીતે દોષિત વ્યક્તિનો દ્વેષ કરવાનો નથી. કરે તો અવશ્ય પાપબંધનું કારણ છે. આધુનિક શિક્ષણ પ્રત્યે પણ અમને અંગત રીતે જરા પણ દ્વેષ નથી. પરંતુ તેનાથી સમાજનું ઘણું જ ખરાબ થઈ રહ્યું છે, તેથી સમાજને બચાવવા માટે ફરજરૂપે સાચું કહેતી વખતે આ બધી વાતો સમજાવવી પડે છે. બાકી અમને દોષ ગાવા કે નિંદા કરવામાં કોઈ રસ નથી.

અહીં હું વ્યક્તિગત રીતે કોઈની સમીક્ષા કરવા માંગતો નથી. સંઘમાં બધા શું કરે છે અને શું નથી કરતા તેની જવાબદારી મારી નથી, પણ તત્ત્વ-સિદ્ધાંત સમજાવવાની જવાબદારી મારી છે. વળી અમારે અમારા વિચારો લાદી દેવા નથી. તટસ્થતાપૂર્વક શાંતિથી વિચાર કરશો તો તમારે તમારી માન્યતા બદલવી જ પડશે.

વળી જૈન શબ્દ લગાડવા માત્રથી સ્કૂલો કે કોલેજો જૈન ન થઈ જાય. વાસ્તવમાં તેનાં પાઠ્યપુસ્તકોમાં શું ભણાવાય છે, તે જોવું પડે. હકીકતમાં તો ભૌતિક શિક્ષણ સમગ્ર સમાજ માટે હોય છે. તેથી તેમાં કોઈ એક ચોક્કસ ધર્મ ન ભણાવાય. અરે ! સંસારના જ્ઞાન-વિજ્ઞાન-કલા ભણાવો, તેમાં અમને વાંધો નથી. પણ શિક્ષણ ધર્મવિરોધી તો ન જ હોવું જોઈએ. ધર્મપોષક ન હોય તો ચાલે પણ ધર્મવિરોધી તો ન જ હોવું ઘટે.

**સભા :-** અમારે શું કરવું ?

**સાહેબજી :-** આગળ બતાવ્યું તે પ્રમાણે કરો. અમે પણ આ શિક્ષણ લીધું છે,

પણ અમને વિકૃત લાગ્યું, અને તમને વિકૃત ન લાગવાનું કારણ તમને ધર્મનું ઊંડું જ્ઞાન નથી. વળી તેમાં આત્મા-પરમાત્માની વાતો પર સીધો પ્રહાર નથી હોતો, પરંતુ આડકતરી રીતે તેનું મૂળમાંથી ઉન્મૂલન હોય છે. આ તો એક સ્લો પોઇઝન(ધીમું ઝેર) પિવડાવાય છે. શિક્ષણમાં ધર્મવિરોધિતા નથી દેખાતી તે તમારી અજ્ઞાનતા છે. હકીકતમાં સુગરકોટેડ ઝેર અપાય છે. આજની ધર્મસંસ્કૃતિનો જબ્બર નાશ થઈ રહ્યો છે તે આકસ્મિક નથી. મેકોલેએ શિક્ષણની સ્થાપના કરતાં જે લખ્યું છે, તેના documents(દસ્તાવેજો) અત્યારે પણ કલકત્તામાં રોયલ એશિયાટીક સોસાયટીની લાઇબ્રેરીમાં છે, જે વાંચવાથી સમજાય કે આ શિક્ષણની સ્થાપના પાછળનો હેતુ શું હતો. વચ્ચે ટાઇમ્સ ઓફ ઇન્ડીયામાં પણ આ અંગે લેખ આવેલો કે ભારતમાં archeological department-પુરાતત્ત્વખાતાની સ્થાપનામાં પણ બ્રિટિશરોનો હેતુ આર્ય સંસ્કૃતિનો નાશ કરવાનો હતો. વર્તમાન શિક્ષણક્ષેત્રમાં ઘણી જ વિકૃતિઓ ભરેલી છે. તમે તે ગ્રહણ નથી કરી અને તમને તેની અસર નથી, તે સારું છે. તેથી તમે દેવ-ગુરુ-ધર્મથી હજુ વિમુખ નથી થયા. મેં પણ સાચું માન્યું હોત તો આજે હું અહીં ન બેઠો હોત.

તમારા કુટુંબનો વારસો, સંસ્કાર, ધર્મશ્રદ્ધાના બીજના કારણે તમે તે ન સ્વીકાર્યું તે તમારા લાભમાં છે, પણ બીજા સ્વીકાર કરશે તેનું શું ? અત્યારે તો વિજ્ઞાન કહે તે નક્કર સત્ય માનવામાં આવે છે. વિજ્ઞાનના નામે ઘણું ઘણું ભ્રામક કહેવાય છે. સમાજમાં આજથી ૧૦૦ વર્ષ પહેલાં નાસ્તિક વર્ગ કેટલો હતો ? અને અત્યારે નાસ્તિક વર્ગ કેટલો વધી ગયો છે ? તેમાં જવાબદાર કોણ ? અરે ! બુદ્ધિજીવી વર્ગ એવો તૈયાર થયો છે કે જો તમે થોડા ધર્મિષ્ઠ હો તો તેમની નજરમાં હાસ્યાસ્પદ બનો.

એક ડૉક્ટર કહેતા હતા કે હું જ્યારે પણ ડૉક્ટરોની મિટિંગોમાં જાઉં, ત્યારે ઉકાળેલું પાણી લઈ જતો. ડોક્ટર્સની પેનલ બેઠી હોય પરંતુ હું પહોંચું ત્યારે 'જય ગુરુદેવ' કહીને મશ્કરીમાં બધા ઊભા થઈ જાય. મારી ભગતડા તરીકે જ ઓળખાણ અપાતી. પ્રામાણિકતાથી પ્રેકટીસ કરવી ને ધર્મ કરવો એ આજકાલ ગુનો ગણાય છે. આ રિઝલ્ટ શિક્ષણથી આવ્યું છે, તમે survey-મોજણી કરો તો ખબર પડે. તમને આની અસરરૂપે ખરાબ પરિણામ ન આવ્યું, તેનો અર્થ બધાને ખરાબ પરિણામ ન જ આવે તેવું નથી.

અમારે ભગવાનની આજ્ઞાવિરુદ્ધ એકપણ શબ્દ બોલવો નથી, અને જો

બોલવાનો વખત આવશે તો અમે મરી જઈશું, પરંતુ એક પણ શબ્દ આજ્ઞાવિરુદ્ધ તો નહીં જ બોલીએ.

એક અતિશય શ્રીમંત શ્રાવકે મને સલાહ આપેલી કે ઉપદેશમાં આવા મુદ્દાઓ છોડી દો તો તમારો ડંકો વાગી જશે. હું તમારા વ્યાખ્યાનથી ખુશ છું. ત્યારે મેં કહ્યું કે જ્યાં સુધી ભગવાનની આજ્ઞાવિરુદ્ધ લાગશે ત્યાં સુધી અમારું મોઢું બંધ નહીં થાય અને જે દિવસે અમને કોઈ સમજાવી શકશે કે પ્રભુની આજ્ઞાને અનુરૂપ છે ત્યારે અમે માફી માંગીને બેસી જઈશું. અત્યારે મને કોઈ આવેશ કે અકળામણ નથી. અમે પણ સમજીએ છીએ કે આજનો આ જમાનાવાદી વર્ગ આ વાતો સ્વીકારી નહિ શકે, પણ આમાંથી જો પાંચ જણને પણ આ વાત મગજમાં બેસી જશે તો તેઓ ખોટી અનુમોદનામાંથી બચી જશે, અને તેમના આત્માનું હિત થઈ જશે.

# ૫

તા. ૨૫-૭-૯૪, સોમવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ માર્ગાનુસારી વ્યવસ્થાથી આરંભીને ઉત્તમ મુનિજીવન સુધીના આચારનો બોધ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## આધુનિક વિકાસના નામથી વિવિધ ક્ષેત્રે હિંસાની જાળ અને ભરપૂર નાસ્તિકતા પોષાઈ રહી છે, તેવાની ભૂલથી પણ અનુમોદના કરી શકાય નહિ :

શાસ્ત્રો નીચલા સ્તરની ભૂમિકાથી માંડીને ઉત્તમ ભૂમિકા સુધીના આચારનો બોધ કરાવે છે. તેમાં પ્રાથમિક ભૂમિકારૂપે માર્ગાનુસારિતાના ૩૫ ગુણો આવે છે, જેમાં એક ગુણ શિષ્ટાચાર પ્રશંસા છે.

માર્ગાનુસારી જીવનો સ્વભાવ એવો હોય કે જે લોકમાં ઉત્તમ અને ઉચિત્ત પ્રવૃત્તિ હોય તેની જ પ્રશંસા કરે, અનુમોદના કરે. પશુમાં તો વાણીનો વિકાસ જ નથી, જ્યારે આપણને મનુષ્યભવમાં વાણીની શક્તિનો સદુપયોગ કરતાં આવડે તો વાણી દ્વારા ઘણું પુણ્ય બાંધી શકીએ. જો સારાની પ્રશંસા કરતાં આવડે તો આપણે આપણી આજુબાજુમાં કે સમાજમાં સારાને પ્રોત્સાહન આપી શકીએ, અને જો વાણી યોગ્ય રીતે વાપરતાં ન આવડે તો ખોટાની પ્રશંસાથી ખોટાને અનુમોદન અને પ્રોત્સાહન આપીએ. આમ, વાણી દ્વારા પુણ્ય પણ બંધાય અને વાણી દ્વારા પાપ પણ બંધાય; ખોટી પ્રશંસાથી લેવાદેવા વગર અસંખ્ય પાપો બંધાય છે. તેથી જ જીવનમાં ખોટાની પ્રશંસા ન કરો અને સારાની પ્રશંસા કરો, તેના દ્વારા અઢળક પુણ્ય બાંધી શકશો. સારાની જ પ્રશંસા હોય, ખરાબની નહીં અને જરૂર પડે ખોટાની તો ટીકા-ટિપ્પણ પણ કરવી જોઈએ. આ માર્ગાનુસારીનો ગુણ સમજાઇ જાય તો જૈનધર્મની અપેક્ષાએ, પ્રશંસા કરવા લાયક અને પ્રશંસા નહીં કરવા લાયક બધું જ સ્પષ્ટ સમજાઇ જાય.

અધ્યાત્મની દૃષ્ટિએ ભગવાને આખા સંસારને હેય કહ્યો છે; પરંતુ માર્ગાનુસારિતાની દૃષ્ટિએ પણ જે દોષ ગણાય તેવી પ્રવૃત્તિનાં તમે વખાણ-અનુમોદના કરો તો ઘોર પાપ બંધાય. કદાચ તમે આ નથી જાણતા તેટલા માત્રથી તમે આ પાપમાંથી છટકી નથી શકતા. અત્યારે તમે પાંચમા આરામાં કલિકાળરૂપ હૂંડા અવસર્પિણીમાં જન્મ્યા છો, આ ૨૦મી સદીમાં યાંત્રિક વિકાસ ઘણો છે, પણ સાથે પ્રજાનું અધઃપતન પણ ઘણું છે. તેથી ગમે તેમ વિચાર્યા વિના અનુમોદના કરો તો ફસાયા વગર રહો નહીં. જો અક્કલ અને વિવેક ન હોય તો પાપ બાંધવા માટે મેદાન મોકળું પડ્યું છે.

આજના વિજ્ઞાનના વિકાસની જો તમે અનુમોદના કરો તો હિંસા આદિ અનેક દોષોનાં પાપ આવીને તમારા માથે પડશે. દા.ત. અત્યારે એક research centre-સંશોધન કેન્દ્ર ખોલાયું હોય ત્યારે ઉદ્‌ઘાટનરૂપે મોટા સમારંભ થાય. મોટી વ્યક્તિઓની હાજરી હોય અને શ્રીમંતો તેમાં મોટાં દાન જાહેર કરે. વળી ભાષણમાં પણ તેની સારી બાજુ જ બતાવે, કે આ centre-કેન્દ્ર દ્વારા કેન્સરની દવા શોધાશે, જેથી અનેક રોગગ્રસ્ત લોકોનાં દુઃખ-દર્દ દૂર થશે. ત્યારે તમને સાંભળીને પણ એમ થાય કે આ તો માનવતાનું મહાન કામ છે, જેથી અનુમોદના કરો. પણ તમને ખબર નથી હોતી કે તેની આ પ્રવૃત્તિ સાથે કેવાં હિંસક કામો સંકળાયેલાં છે. કારણ કે તે પાસું સમાજ સમક્ષ મૂકવામાં આવતું જ નથી. તેથી એક તરફી પ્રચારને લીધે તેની સારી બાજુ જોઈ તમે અનુમોદના કરવા લાગી જાઓ. લોકમાં આવાં કામ કરનારને મોટા મોટા એવોર્ડ મળે છે. રોગ ઉપર દવા શોધો તો દુનિયામાં નામના અને પ્રાઇઝ બંને મળે છે. પણ તેણે દવા શોધવા કેવી કેવી પ્રવૃત્તિઓ કરી તે જોવાની લોકોને ફુરસદ નથી. માત્ર બહારના માહોલથી અંજાઈને અનુમોદના કરો તો ઘણાં પાપ લાગે. કોઈ પણ પ્રવૃત્તિનું મૂળભૂત સ્વરૂપ સમજ્યા વગર અનુમોદના થાય નહીં.

**સભા :-** ત્યારે અમે મૌન રહીએ તો ?

**સાહેબજી :-** મૌન રહો તો સારું, તેથી જ આ કહીએ છીએ.

અમારી આ બધી વાતો તમારા વિચારોથી વિરુદ્ધની વાતો છે. તમને મનમાં થશે કે સીધા સાદા ધર્મનો ઉપદેશ આપો. શું કરવા આવી પંચાતમાં પડો છો ? પરંતુ અનુકંપાદાનમાં આવતી માનવતાની પ્રવૃત્તિમાં વર્ગીકરણ કરવું પડે. માનવતાની પ્રવૃત્તિ આ દુનિયામાં અનેક લોકો કરે છે, પરંતુ નાસ્તિકો અથવા અનાર્ય દેશના

આસ્તિકો કે આર્યદેશના અન્યધર્મીઓ જેવી માનવતાની પ્રવૃત્તિ કરે તેવી માનવતાની પ્રવૃત્તિઓ જૈનો કરે તો યોગ્ય ન ગણાય. જૈનોએ તો જૈનશાસ્ત્રોથી માન્ય માનવતાની પ્રવૃત્તિઓ અનુકંપાદાન તરીકે કરવી જોઈએ, અને તે સમજાવવા અમારે આ બધું વિશ્લેષણ ઉપદેશમાં કરવું પડે. પરંતુ અત્યારે જૈનોમાં પણ જમાનાવાદની અનેક અસરો છે. તેથી જ તમને માનસિક સંઘર્ષ થાય છે. તમારા મનમાં અત્યારે શ્રેષ્ઠ માનવતાનાં કામ બે જ છે. (૧) આરોગ્યક્ષેત્ર અને (૨) શિક્ષણ ક્ષેત્ર. આ બંને ક્ષેત્રને આ કાળમાં ઉત્તમોત્તમ કામ તરીકે બિરદાવ્યાં છે. આ બંનેની અનિવાર્ય જરૂરિયાત છે અને એમાં જ સમાજનો ઉત્કર્ષ સમાયો છે, આવું તમારા મગજમાં ઠસાવી દેવામાં આવ્યું છે. તેથી તેની વિરુદ્ધની વાતો કરીએ ત્યારે અમે તમારે મન કેવા લાગીએ ?

**સભા** :- Orthodox-જૂના વિચારના લાગો.

**સાહેબજી** :- Orthodox-જૂનવાણી લાગવામાં કોઈ જ વાંધો નથી. અમે તો ચોક્કસ Orthodox-જૂનવાણી છીએ. તીર્થંકર પરમાત્માએ સ્થાપેલી માર્ગાનુસારી આર્ય સંસ્કૃતિને માનનારા ચોક્કસપણે છીએ છતાં open mind-ખુલ્લા મનવાળા છીએ. જૂનું જો ખરાબ હોય તો છોડવા તૈયાર છીએ, અને નવું પણ જો સારું હોય તો સ્વીકારવા તૈયાર છીએ. વળી અમે જે આધુનિક વ્યવસ્થાઓની વિરુદ્ધ બોલીએ તે તમને સમજ ન પડે તો જવાબ આપવા તૈયાર છીએ. ખૂબ વિચારપૂર્વક બોલીએ છીએ, અમારે જિંદગીભર જૂઠું ન બોલવું તેવાં પચ્ચક્ખાણ છે, માટે અમારાથી એક પણ વસ્તુ ખોટી ન બોલાઈ જાય તેની અત્યંત તકેદારી રાખીએ છીએ. પણ સાચું-ખોટું જે સ્પષ્ટપણે લાગે તે કહેવાની અમારી જવાબદારી છે. સમાજને સારું હિતચિંતન આપવું તે ધર્મગુરુ તરીકે અમારી ફરજ છે, પછી ભલે રાજકીય, સામાજિક કે ધાર્મિક ક્ષેત્ર હોય. અમે સીધો સંસારનો ઉપદેશ ન આપીએ, પણ સંસારની પ્રત્યેક પ્રવૃત્તિમાં હિત-અહિત ચોક્કસ કહી શકીએ. એ અમારો અધિકાર તમે છીનવી શકો તેમ નથી, અને તમારી પાસે માત્ર અપેક્ષા એટલી જ રાખું છું કે જિજ્ઞાસાથી બધું પૂછજો, પણ મનમાં ગોટાળા રાખીને બહાર જઈને ન બોલતા. પ્રભુની વાણી અને ઉપદેશક માટે ગમે તેમ બોલશો તો ઘોર પાપ લાગશે, વળી ગમે તેમ બોલવાથી બીજાને પણ બુદ્ધિભેદ થાય. તમે એમ પણ કહેશો કે 'સાહેબજી ! તમે આવું કહો છો ને બીજા સાધુઓ જુદું કહે છે, તો અમારે સાચું શું માનવું ?' અમારી એવી અપેક્ષા નથી કે અમારી જ વાત as per granted-સમજ્યા વિના

સ્વીકારી લો. પણ તમે બંને પક્ષની વાતો બરાબર સાંભળો અને પછી તટસ્થતાથી વિચારીને જે સાચું હોય તે પકડો.

**સભા :-** દૂધ-દહીં બંનેમાં પગ રાખીએ તો ?

**સાહેબજી :-** સારો વચલો વિકલ્પ શોધ્યો છે ! આવા બે બાજુ ગબડનારાને જીવનમાં સત્યનો લાભ ન મળે.

**સભા :-** પરંતુ અમને સત્ય સમજાય નહીં તો ?

**સાહેબજી :-** તમે સીધાં શાસ્ત્ર ભણી શકો તેવું કદાચ જ્ઞાન તમારી પાસે ન હોય, પણ અમે જે વાતને સરળ કરીને સમજાવીએ, છતાં તમે તે સમજી ન શકો તેવા ભોટ તો નથી જ. અરે ! તમે તો ભોળા સાધુને પણ રમાડી જાઓ તેવા છો. બંનેની વાત સાંભળીને તટસ્થતાથી વિચારી શકો તેવા છો.

**સભા :-** આ શિક્ષણ હિતકારી ન થઈ શકે છતાં તેના વગર ચાલી શકે તેમ જ નથી.

**સાહેબજી :-** જે વસ્તુ વગર ચલાવી ન શકાય તે બધી જ જરૂરિયાત સારી જ છે, એમ તો ન જ કહેવાય. રસોઇ માટે આગ સળગાવવી અનિવાર્ય છે, પરંતુ તેટલામાત્રથી આગને સારી માનીને ભેટી ન પડાય. જીવનમાં અનિવાર્યતા અને ઉપયોગિતા જુદી ચીજ છે. તે સારા-નરસાનો આધાર ન બની શકે. અને અહીં તો અનિવાર્ય છે એટલા માટે જ સારું માનીને તેની પ્રશંસા-બહુમાન કે દાન દ્વારા સમર્થન ન કરાય તેટલી જ વાત છે.

## દ્રવ્યહિંસા કરતાં ભાવહિંસા અનેકગણી ભયંકર : તે ઉપર યુગલિકનું દૃષ્ટાંત :

અત્યારે શિક્ષણમાં એવાં તત્ત્વો ગોઠવાયેલાં છે કે જે સીધાં ભાવહિંસાનાં કારણ છે. દ્રવ્યહિંસા કરતાં ભાવહિંસા કંઈ ગણી ખરાબ છે. માણસને મારી નાખવાથી તો ખાલી દ્રવ્યહિંસા થાય છે, તેના ભાવપ્રાણનો નાશ નથી થતો. પરંતુ માણસને સદ્‌ગુણોથી, ધર્મથી ભ્રષ્ટ કરો તો તેની ભાવહિંસા થાય છે. કલ્પસૂત્રમાં દશ અચ્છેરાં આવે છે, તેમાં એક અચ્છેરું એ છે કે યુગલિકની ભાવહિંસા થવાથી તે મરીને નરકે ગયા.

એક વીરક નામનો વણકર છે, જેને સુંદર પત્ની છે, તેનું રૂપ અદ્‌ભુત છે.

આવા સામાન્ય માણસની સુંદર પત્નીને રાજાએ એક વખત જોઈ અને તેનું આકર્ષણ થયું તેથી તેનું અપહરણ કરાવ્યું, અને રાણી તરીકે મહેલમાં બેસાડી. આથી વીરકને ઘણો જ આઘાત લાગ્યો. તેની માનસિક અસર ઊંડી થવાથી આ વણકર ગાંડો થઈ ગયો અને આખો દિવસ પત્નીનું નામ "વનમાળા વનમાળા" બોલ્યા કરે છે, ઘર-કુટુંબ-વ્યવસાય બધું ભૂલીને લઘર-વઘર રખડ્યા કરે છે. તમાશાને તેડું ન હોય, તેથી છોકરાઓ ટોળે વળીને તેને બહુ જ હેરાન કરે છે અને એ પણ સામે ગાંડપણના કારણે વિચિત્ર હાવભાવ કરે છે. ઘણો સમય ગયા પછી એક વખત રાજમાર્ગ ઉપર "વનમાળા વનમાળા" રાડો પાડતાં કરુણ અવસ્થામાં પસાર થઈ રહ્યો છે, તે વખતે આ રાજારાણી ઝરૂખામાં ઊભાં છે, પરસ્પર આનંદ-પ્રમોદ કરી રહ્યાં છે, ત્યારે તેને પસાર થતો અચાનક જુએ છે, અને તેની આ અત્યંત દયનીય દશા જોઈ બંનેને ખૂબ જ દુઃખ થાય છે. રાજાને મનમાં થાય છે કે હું આના જીવનમાં આડખીલી બન્યો, તેથી જ આની આવી દશા થઈ છે અને બિચારો કેટલો દુઃખી થઈ રહ્યો છે ! આ અવસરે રાણીને પણ થાય છે કે મારા પતિદ્રોહના કારણે જ આવી કરુણ પરિસ્થિતિ થઈ છે. આમ તો આ બંને જીવો અત્યંત દુષ્ટ બુદ્ધિવાળા નહોતા, પરંતુ ભોગની આસક્તિના કારણે આ બની ગયું હતું. તેથી અત્યારે આ બંને રાજારાણીને શુભભાવપૂર્વક પશ્ચાત્તાપ થાય છે. જોગાનુજોગ તે વખતે જ તેમના આયુષ્યનો બંધ પડે છે, વળી ત્યારે જ અકસ્માત વીજળી પડતાં બંનેનું મૃત્યુ થાય છે અને મરીને ભોગભૂમિમાં યુગલિક તરીકે જન્મ લે છે.

હવે વીરકે જ્યારે વીજળી પડતાં બંનેનું મૃત્યુ આંખો સામે જોયું ત્યારે shock-આઘાત લાગવાથી સાજો થઈ ગયો, ને ગાંડપણ જતું રહ્યું, અને રાજા અને પોતાની ભૂતપૂર્વ પત્નીને ઓળખી જાય છે. તેને મનમાં થાય છે કે સારું થયું. પાપીઓનું પુણ્ય ખૂટ્યું. તેમને તેમના પાપની સજા મળી. તમને તમારો કોઈ દુશ્મન જો ધંધામાં સલવાય તો તે વખતે કેવા ભાવ આવે ?

**સભા :-** એ જ લાગનો હતો.

**સાહેબજી :-** તેથી તમારી ચોવીસે કલાક લેશ્યા કેવી ? અને આના કારણે સતત કેવાં ભયંકર કર્મો બંધાતાં હોય છે ?

મનોવૃત્તિમાં તો દુશ્મન પ્રત્યે દ્વેષ પડેલો છે જ. વીરક ગાંડો થયો ત્યારે પણ આ વૃત્તિ હતી, માત્ર નિમિત્ત મળ્યું ત્યારે દ્વેષ બહાર આવ્યો.

**સભા :-** રાણી પ્રત્યે પણ દ્વેષ ખરો ? શા કારણે ?

**સાહેબજી :-** સંસારનું આ વિકૃત સ્વરૂપ જ છે. જે પાત્ર પર તીવ્ર રાગ હોય તેનું અપેક્ષાથી વિરુદ્ધ વર્તન થાય તો તે જ રાગ તીવ્ર દ્વેષમાં પરિણમે. તેથી રાજાએ વનમાલાનું અપહરણ કર્યું, તે પહેલાં વીરકને વનમાલા પર રાગ હતો, પરંતુ રાજમહેલમાં રાજા સાથે આસક્ત થઈને પ્રસન્નતાથી રહેવા લાગી તેથી પોતાના રાગનું પાત્ર પરાયું બનવાથી દ્વેષ પ્રગટ્યો છે.

હવે સાજો થયેલો વીરક જીવનમાં એકલો પડી જવાથી વિચારે છે કે મારું સર્વસ્વ તો ગયું. હવે જીવનમાં સાર નથી એમ દુઃખગર્ભિત વૈરાગ્યથી તાપસ થયો, અને તપ-ત્યાગ-સંયમ પાળીને દેવલોકમાં ગયો. ત્યાં જન્મતાં જ ઉપયોગ મૂક્યો કે હું ક્યાંથી આવ્યો છું? પૂર્વભવ જોતાં વિચારે છે કે મારા દુશ્મનો ક્યાં છે ? રાજારાણી તો શુભભાવમાં મર્યા હતાં, એથી યુગલિક બન્યાં છે. આ બંનેને સુંદર ભોગભૂમિમાં પતિ-પત્ની થઈને આનંદપ્રમોદ કરતાં જોઈને તે મનથી બહુ દુઃખી થાય છે. તમારો આ કર્મભૂમિનો મનુષ્યભવ તો પૂરેપૂરી હાડમારીવાળો છે. અરે ! શ્રીમંતનો છોકરો પણ શાંતિથી ન ભોગવી શકે. આજકાલ છોકરા ૨ વર્ષના થાય ત્યારથી ભણવાની હાડમારી, પછી કમાવાની, પછી ઘર માંડવાની, અનેક જવાબદારીઓ છે ! જ્યારે ત્યાં અકર્મભૂમિમાં તો ભણવા, ગણવા, કમાવાની કશી જ જવાબદારી નહીં, કોઈ હાડમારી નહીં. દેશકાળ ને શરીરબળ જ એવાં અનુકૂળ હોય કે જીવનમાં માત્ર મોજમજા જ હોય, છતાં મરીને ત્યાંથી દેવલોકમાં જ જાય. યુગલિકો તમારી માફક કોઈ ધર્મારાધના ન કરે; દર્શન, પૂજા, પ્રતિક્રમણ કંઈ ન કરે. વળી જીવનભર સંસારના પાંચે ઇંદ્રિયના ભોગ ભોગવે છે, છતાં કષાયો મંદ હોવાના કારણે નિયમા દેવલોકમાં જ જાય.

**સભા :-** તેમને કર્મબંધ ઓછો થાય ?

**સાહેબજી :-** હા, કષાયોની અલ્પતાને કારણે કર્મબંધ ઓછા થાય. ધર્મ આરાધના કરો તો જ પુણ્ય બંધાય એવું એકાંતે નથી, બીજા શુભ પરિણામ દ્વારા પણ ઘણું પુણ્ય બાંધી શકાય છે. તેમના કષાયો તમારા કષાયો કરતાં હજારો ગણા મંદ હોય છે. અત્યારે કુટુંબમાં તમારે એકબીજાને ગમે તેટલા લાગણીના સંબંધ હશે, પણ જીવનમાં ક્યારે પણ મનદુઃખ નથી થયું એવું ન જ કહી શકો.

**સભા :-** અસંભવ છે.

**સાહેબજી** :- તમારા માટે અસંભવ છે; કારણ કે તમને વાતવાતમાં ખોટું લાગે, ખરાબ લાગે, આવેશ આવી જાય અને જો કમાન છટકે તો કેવું બોલી નાખો તે કહી શકાય નહીં. જ્યારે આ યુગલિકો તો અસંખ્ય વર્ષ સાથે રહે છતાં પણ તેમને કોઈ અણબનાવ થાય નહીં, ઝઘડા પણ ક્યારેય થાય નહીં.

**સભા** :- કારણ કે તેમને નિમિત્ત જ નથી.

**સાહેબજી** :- તમને તમારો સ્વભાવ જ નિમિત્ત છે, આણે આમ કર્યું ને તેણે તેમ કર્યું. દા.ત. સોસાયટીમાં મીઠાઇની વહેંચણી થઈ તો પાડોશીને ત્યાં વધારે આવી અને આપણે ત્યાં ઓછી આવી તેના નામથી સંક્લેશ ચાલુ થાય. જ્યારે અહીં તો લાખો યુગલિકો સાથે રહેતા હોય તો પણ તેમને પરસ્પર કોઈ અણબનાવ થાય નહીં. અરે ! રાજ્યવ્યવસ્થા, સામાજિક નીતિનિયમો કે દંડ પણ નહીં, છતાં બધા શાંતિથી રહે. મૂળમાં તેમનો સ્વભાવ જ કારણ છે.

**સભા** :- તેમને કોઈ વસ્તુનો અભાવ પણ નહીં ને ?

**સાહેબજી** :- હાલના શ્રીમંતોને પણ ખાવાપીવા આદિ કોઈ વસ્તુનો અભાવ નથી. છતાં શાંત રહે છે કે તેમના કુટુંબોમાં વધારે હોળી સળગે છે ? વળી તમે એમ માનો છો કે તમને જોઈતું મળી જાય તો તમે પણ શાંત થઈ જાઓ, વાસ્તવમાં તો તમારી આવશ્યકતાનું લિસ્ટ જેમ વસ્તુ મળે તેમ વધતું જ જાય. અત્યારે કદાચ તમને કલ્પવૃક્ષ મળે તો શું કરો ? માંગી માંગીને મૂળિયાં સાથે ઊખેડી નાંખો ને ? જ્યારે તેમની પ્રકૃતિમાં જ નમ્રતા, સરળતા, સંતોષ આદિ અનેક ગુણો હોય; એમ ને એમ મફતમાં દેવલોક નથી મળતો.

દેવ થયેલો વીરકનો જીવ વિચારે છે કે આ રાજારાણી અત્યારે તો મોજમજા કરે જ છે, પાછાં મરીને દેવલોકમાં જશે, અને ત્યાં પણ મજા કરશે. તેથી તેના મનમાં દ્વેષ ઊભરાય છે કે અરે ! સજા મળવાને બદલે આ તો ફાવી ગયા. આમ વિચારી દ્વેષથી અત્યંત દુઃખી થાય છે અને મનમાં ઊહાપોહ કરે છે કે કઈ રીતે આમને દુઃખના ખાડામાં નાંખું ? ભાવહિંસા સમજાવવા આ દૃષ્ટાંત આપું છું. દુઃખી કરવા દેવ વિચારે છે કે આ મારા દુશ્મનોને બહુ જ ખરાબ રીતે મારે સબડાવવા છે. જો યુગલિક તરીકે રહેશે તો કશું જ નહીં કરી શકાય. શુભપરિણામથી ભાવિમાં પણ મજા કરશે. આમ વિચારી દેવતાઈ શક્તિથી તે બંને યુગલિકોને ઉપાડીને કર્મભૂમિમાં લઈ જઈ તેમનાં દેહ અને આયુષ્ય કર્મભૂમિને અનુરૂપ નાનાં કર્યાં.

યુગલિકોનાં દેહ અને આયુષ્ય કર્મભૂમિના દેહ અને આયુષ્ય કરતાં ઘણાં મોટાં હોય છે. એક સામાન્ય દેવતા પણ કેટલી હદ સુધી બીજાના કર્મવિપાકમાં ફેરફાર કરી શકે છે, તેનો આ એક નમૂનો છે.

**સભા** :- આયુષ્ય ઓછું થાય ?

**સાહેબજી** :- આયુષ્ય ઓછું થાય પણ વધે નહીં. શાસ્ત્રમાં અકાળે મૃત્યુ માન્યું છે. પરંતુ અહીંયાં તો નિરુપક્રમ હતું તો પણ ઘટાડ્યું, તે આશ્ચર્ય છે. સોપક્રમ આયુષ્ય ૯૦ વર્ષનું હોય તો પણ નિમિત્ત આપો તો તૂટતાં વાર ન લાગે.

તેને જો આ યુગલિકને સીધું દુ:ખ જ આપવું હોત તો રાઈ રાઈ જેટલા ટુકડા કરી નાખત, હંટરે હંટરે પણ ફટકારી શકત, પણ તેણે એવું ન કરતાં ઊલટું કર્યું. તેને રાજ્ય આપ્યું, સત્તાધીશ-સમ્રાટ બનાવ્યા, સંપત્તિ-ઐશ્વર્ય બધું જ આપ્યું. આ આપ્યા પછી પણ જો તેમની પ્રકૃતિ સજ્જન હોય તો પુણ્ય જ બાંધે, તેથી તે અટકાવવા દેવતાએ વાતાવરણ જ એવું ગોઠવ્યું કે પ્રકૃતિથી તેઓ દુષ્ટ, વ્યસની, માંસાહારી અને દુરાચારી બને; મતલબ કે તેઓની બુદ્ધિ ફેરવી નાંખી. મનમાં ગાઢ પાપરુચિ પેદા કરી. આ જ ભાવહિંસા છે.

**સભા** :- પણ સાહેબજી ! આટલું પુણ્ય હોય તો પણ આવું થાય ?

**સાહેબજી** :- દેવતા ઘણું ફેરવી શકે છે. જોકે આ અચ્છેરું છે. છતાં જૈનકર્મવાદ બતાવે છે કે કર્મ, પુરુષાર્થથી પરિવર્તન પામી શકે છે. કર્મ જેવું બાંધ્યું હોય તેવું જ ૧૦૦% ભોગવવું પડે, તેવો જ વિપાક આવે, એવું એકાંતે નથી. તમારું પુણ્ય પ્રબળ હોય તો ઇન્દ્ર પણ વાળ વાંકો ન કરી શકે. અહીં પ્રબળ એટલે નિકાચિત સમજવાનું. પરંતુ પુણ્ય પ્રબળ ન હોય તો સામાન્ય માણસ પણ હેરાન કરી જાય. આપણા પુણ્ય-પાપના ઉદયમાં બીજી વ્યક્તિ માત્ર નિમિત્ત બની શકે છે, પરંતુ તમારું પુણ્ય તમારે ભોગવવાનું છે અને તમારું પાપ પણ તમારે જ ભોગવવાનું છે. તમારું બાંધેલું તમારે ભોગવવાનું, તમારે જ ખપાવવાનું; ને મારું બાંધેલું મારે જ ભોગવવાનું કે મારે જ ખપાવવાનું. છતાં બીજાને અશુભ કર્મ બંધાવવામાં આપણે નિમિત્ત બની શકીએ છીએ, અને તમને અશુભ કર્મો બંધાવવામાં બીજો નિમિત્ત બની શકે છે. અહીં દેવતા પુણ્યશાળી એવા યુગલિકને પ્રબળ પાપ બંધાવવાના નિમિત્તરૂપ સામગ્રીઓ ઊભી કરે છે. બાકી પાપ તો આ રાજા-રાણી બનેલા યુગલિકના જીવોએ સ્વયં અશુભ ભાવો કરીને બાંધ્યું છે. તમે નિમિત્તને સમજો

અને કર્તૃત્વને સમજો. તમારા કર્મના કર્તા-હર્તા-ભોક્તા તમે જ છો, બીજાના કર્મના કર્તા-હર્તા-ભોક્તા તમે નથી; છતાં બીજાને કર્મબંધમાં કે કર્મની નિર્જરામાં નિમિત્ત થઈ શકો છો. તમને પાપ બંધાવવાનું કોઈને મન હોય તો તમને એવી સળી કરે કે તમે તરત જ ગુસ્સે થઈ જાઓ.

**સભા :-** સાહેબજી ! સળી કરનારને પણ પાપ બંધાય ને ?

**સાહેબજી :-** એના ભાવ પ્રમાણે એને પણ પાપ બંધાય, તમારા ભાવ પ્રમાણે તમને પણ બંધ થાય. કુદરતના નીતિનિયમો crystal clear-સ્ફટિક જેવા ચોક્ખા છે. યુગલિકે જે પુણ્ય-પાપ બાંધ્યાં તે તેને જ ભોગવવાં પડશે. અત્યારે પેલા દેવને તેના તરફ અતિશય દ્વેષ થવાથી વિચારે છે કે, તેઓને દુઃખી કરવા હોય, તો પાપના હિસ્સેદાર બનાવવા પડે. અને તે માટે પાપની જ બુદ્ધિ પેદા થાય એવા વાતાવરણમાં મૂકી દેવા. આમ, આ સામગ્રી દ્વારા તેમનામાં પાપની બુદ્ધિ પેદા કરીને કુકર્મ કરાવ્યાં જેથી મરીને સાતમી નરકે ગયા. હવે જો પેલા દેવે આ યુગલિકોને સીધાં રિબાવી રિબાવીને માર્યાં હોત તો આટલું દુઃખ ન પડત. જ્યારે સાતમી નરકના ૩૩ સાગરોપમના આયુષ્યમાં તો એક વખતના મૃત્યુને બદલે અસંખ્ય મૃત્યુની વેદના ભોગવવી પડશે. આમ, દેવતાએ રાજસત્તા, ભોગ આપીને પરંતુ બુદ્ધિ બગાડીને વેરનો ભાવહિંસા દ્વારા ભારે બદલો લીધો.

**એક વ્યક્તિને સીધી રીતે મારી નાંખવામાં જે પાપ છે, તેના કરતાં આત્મા-પરલોક, પુણ્ય-પાપની શ્રદ્ધાથી તેને ભ્રષ્ટ કરો તો ઘણું ભયંકર પાપ બંધાય છે; કારણ કે ભાવહિંસાથી તેના ભવોભવ બગડે છે. ભાવહિંસા કેટલી ભયંકર છે તેનો હવે ખ્યાલ આવે છે ? કુશિક્ષણ એ પણ ભયંકર ભાવહિંસા છે. કારણ કે તે પણ ભણનારની બુદ્ધિ ભ્રષ્ટ કરે છે. તેથી તેમાં સત્કાર્યની બુદ્ધિથી દાન આપવું એ સીધું ભાવહિંસાના સાધનને સમર્થન આપવા બરાબર છે, તેથી અતિશય ગેરવાજબી છે.**

**પણ તમને તો દ્રવ્યહિંસા જ હિંસા તરીકે દેખાય છે, ભાવહિંસા દેખાતી નથી. અરે ! શાસ્ત્રો તો કહે છે કે શ્રાવક દીકરાની શારીરિક ચિંતા કરતાં આત્મિક ચિંતા જ વધારે કરે. અને આત્મિક ચિંતા ન કરનારાં માબાપ દીકરાનાં હિતેચ્છુ નહિ પણ દુશ્મન જ છે. જે માબાપ દીકરાને આત્મિક રીતે નુકસાન થાય તેમ ઉછેરે, તે માબાપ કસાઈ કરતાં પણ ભૂંડાં છે, એવું શાસ્ત્રીય વિધાન છે. કારણ કે કસાઈ તો**

**એક ભવનું મૃત્યુ કરશે, પણ આવાં માબાપ તો ભવોભવનાં મૃત્યુ કરશે. આ સૂચવે છે કે દ્રવ્યહિંસા કરતાં ભાવહિંસા અનેકગણી વધારે ભયંકર છે.**

**સભા:-** અમારો દીકરો ડૉક્ટર થાય ને અમે તેમાં હરખાઈએ, તો પાપના ભાગીદાર ખરા કે નહીં ?

**સાહેબજી :-** હા, ચોક્કસ પાપના ભાગીદાર ખરા. ઘણાં મા-બાપે તો પહેલાં ડૉક્ટર બનવા માટેની તેને પ્રેરણા આપી હોય, ભણવામાં તેને અનેક રીતે સહાયભૂત થયા હોય, તો તેનું પણ પાપ ચોંટે. કારણ કે ડૉક્ટર બનવા માટે શરૂઆતથી પંચેન્દ્રિય જીવોની હિંસા કરવી પડે. હાઈસ્કૂલમાં આવે ત્યારથી જ disection-જીવોને ચીરવાનું ચાલુ થાય. તમારા દીકરાઓ જીવતા પંચેન્દ્રિય જીવોને જાતે ચીરે પછી તેમના ભાવો કેવા રહે ?

**સભા :-** પણ પછી તો જીવોને બચાવશે જ ને ?

**સાહેબજી :-** પૈસા લઈને પ્રેક્ટીસ કરે તેને સેવા કે જીવદયા ન કહેવાય. વળી અત્યારે સમાજમાં ડૉક્ટરોની છાપ કેવી છે ? ભણીને કેટલા ડૉક્ટરો સેવાભાવી પાકે છે?

**સભા :-** સાહેબજી ! બધા આવું જ વિચારશે તો ડૉક્ટર કોણ બનશે ?

**સાહેબજી :-** એવી ચિંતા અયોગ્ય છે. ભૂતકાળમાં પણ લોકો માંદા પડતા હતા. તેઓ કાંઈ સબડી સબડીને નહોતા મરતા. આયુર્વેદિક ટ્રીટમેન્ટ થતી જ હતી, અનેક નિર્દોષ ઉપચારો હતા. અત્યારે પણ સમાજમાંથી હોશિયાર વિદ્યાર્થીવર્ગ જો આયુર્વેદિકમાં જાય તો પાછું ડેવેલપમેન્ટ ચોક્કસ થાય, અને ઓછી હિંસાથી તથા ઓછા ખર્ચે લોકોને ચિકિત્સા ઉપલબ્ધ થઈ શકે. આપણે તો જીવમાત્ર પ્રત્યે દયાનો ભાવ કરવાનો છે. તેથી માણસ દુઃખી થઈને મરી જાય તેવું અમારું કહેવું નથી. હા, બીજી treatmentનો-ચિકિત્સાનો જો કોઈ વિકલ્પ જ ન હોય તો વિચાર કરવો પડે. કસાઈના ધંધાને આપણે વગોવીએ છીએ ત્યારે એવું નથી વિચારતા કે સમાજમાંથી જો બધા જ કસાઈ મટી જશે તો શું થશે ? જીવનમાં ગમે તે પાપી ધંધા પકડી ન જ લેવાય. જેમ તમે લોકો સીધી કતલ જુઓ તો અરેરાટી થઈ જાય, પણ દસ માઈલ દૂર કતલ થાય અને ત્યાં processing થઈને તૈયાર પેકેટમાં માંસ વેચાતું હોય ત્યાં તમને સીધી હિંસા દેખાતી નથી. તેમ હોસ્પિટલમાં પણ તમને સીધી હિંસા દેખાતી નથી, ઊલટી દયા દેખાય છે, પણ પાછલા બારણે થતી હિંસા

ઘણી છે. હમણાં નરેન્દ્રભાઇ (ચોપાટી સંઘના પ્રમુખ) એક 'તબીબી ક્ષેત્રે હિંસા' નામનું પુસ્તક વાંચવા લાવેલા, જે સ્વયં ડૉક્ટરે લખ્યું છે, તેના reports વાંચો તો અરેરાટી થઈ જાય.

## આજનું કુશિક્ષણ ભાવહિંસાનું મોટામાં મોટું કેન્દ્ર છે, તેથી લાચારીથી તે લેવું પડે તો પણ તેને ખોટું તો માનો જ, દાન ન આપો, અનુમોદન ન કરો :

**સભા** :-ડૉક્ટરથી કરાયેલી હિંસા દ્રવ્યહિંસા ન કહેવાય ?

**સાહેબજી** :- દ્રવ્યહિંસા જ છે, તે જીવોને શરીરથી જ મારે છે, જ્યારે શિક્ષણ એ તો ભાવહિંસા છે. જે ભણવાથી વ્યક્તિ આત્મા-પરમાત્મા ભૂલીને ધર્મની વિરુદ્ધ જાય, તે શિક્ષણથી ભાવહિંસા જ થશે.

હું જ્યારે નવમા ધોરણમાં ભણતો હતો ત્યારે એક વખત સર સાથે ઝઘડો થઈ ગયેલો. તેમણે બાયોલોજીમાં સમજાવવાનું ચાલુ કર્યું કે આપણા શરીરો cell-કોષમાંથી બને છે ને એક શરીરમાં સ્વતંત્ર હજારો cell છે. જ્યારે માણસ જીવતો હોય છે ત્યારે cellમાં protoplasm હોય છે જેનાથી બધી જીવનક્રિયા ચાલે છે, અને મરતી વખતે તે protoplasmનો નાશ થઈ જાય છે. ત્યારે મેં કહ્યું કે "સર, જો protoplasmથી જ લાઇફ ચાલતી હોય તો એ જ protoplasm જે ૩૦ કેમીકલ્સમાંથી બને છે, તેને લેબોરેટરીમાં બનાવી જડ વસ્તુમાં inject કરીએ તો જીવનક્રિયા ઉત્પન્ન થઈ શકે ? રસાયણશાસ્ત્રથી જો આ બનતું હોય તો ચાલુ કરો." આવું સાંભળતાં સર એકદમ ચિડાઇ ગયા. મેં કહ્યું કે જો તમારા વિજ્ઞાન પ્રમાણે આત્મા નથી તો દલીલથી અમને સમજાવો. પણ તેઓ જવાબ ન આપી શક્યા. આ ભણતરથી વિદ્યાર્થીઓ નાસ્તિક જ બને.

હોસ્પિટલમાં દ્રવ્યહિંસા છે અને ભણતરમાં ભાવહિંસા છે, જે વધારે ખરાબ અને વધારે ભયંકર છે.

**સભા** :- અમે ન ભણાવીએ તો સંસારમાં થોડું ચાલે તેમ છે ?

**સાહેબજી** :- તમે લોકો સુખી માણસ છો. તમે તમારા સંતાનને ઘરે પણ સારી રીતે ભાષાજ્ઞાન-ગણિત વગેરે ભણાવીને તૈયાર કરી શકો તેમ છો. વળી અત્યારે સમાજમાં ડીગ્રી વગરના પણ લાખો રૂપિયાની કમાણી કરે જ છે, છતાં જો તમારો દીકરો તમારા સમાજમાં ન ભણવાથી અભણ કહેવાશે એવો ડર હોય તો તેને કદાચ

ભણાવો, પણ તે ખોટું છે તેમ તો માનો જ. તેને પણ સાચું શું છે તે અવસરે સમજાવો. ઉપરાંત ખોટાને સારું ને સાચું સમજી તેમાં દાન ન જ આપો, અને અનુમોદના પણ ન કરો. ટૂંકમાં, તમારું એમાં ક્યાંયે સમર્થન ન હોવું જોઈએ. કારણ કે આ ક્ષેત્ર આર્યઅનુકંપાનું નથી.

આ શિક્ષણ ન જ છોડી શકો તો સામે સંઘમાં સારું ધાર્મિક શિક્ષણ આપતી સારી પાઠશાળા ઊભી કરો, તે ઝેરના મારણ તરીકે ચોક્કસ કામ કરશે.

**સભા :-** આજનું શિક્ષણ લીધા વગર રોજીરોટીનો સવાલ આવતો હોય તો શું કરે?

**સાહેબજી :-** બધા જ ભણેલાને રોજીરોટી મળે છે ? કેટલાયે ડીગ્રીવાળા બેકાર જ ફરતા હોય છે. આધુનિક શિક્ષણમાં રોજીરોટીની પણ કોઈ ગેરંટી નથી.

**સભા :-** પણ શિક્ષણથી વિકાસ તો થાય છે ને ?

**સાહેબજી :-** હા, ચોક્કસ. પણ સાથે વિકૃતિઓનો પણ વિકાસ થાય છે. અમે શિક્ષણના મૂળથી વિરોધી નથી, પણ તેમાં રહેલી વિકૃતિના વિરોધી છીએ. બાકી તો નીતિશાસ્ત્ર ભણીને જે તૈયાર થાય તેનામાં વ્યવહારિક બુદ્ધિનો ખજાનો આવે છે.

# ૬

તા. ૬-૭-૯૪, મંગળવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા દાનધર્મની ઉચિત મર્યાદાનો પ્રબોધ કરનારા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

ધર્મ દાન-શીલ-તપ અને ભાવરૂપે છે અને એ ચારેયમાં દાનધર્મને પહેલો મૂક્યો અને શ્રેષ્ઠ બતાવ્યો છે. શાસ્ત્રમાં દાનના પ્રકારો, તેને યોગ્ય ભૂમિકાઓ, ઉત્તમ દાન, હલકું દાન વગેરે ઊંડાણથી સમજાવ્યું છે.

## કેવળ સ્વાર્થબુદ્ધિથી કરાતી દાનપ્રવૃત્તિ એ દાનધર્મ નથી :

દરેક દાનમાં શુભભાવ તો અવશ્ય જોઈએ જ. કેવળ સ્વાર્થબુદ્ધિથી કરાતી દાનપ્રવૃત્તિ તે વાસ્તવમાં દાનધર્મ નથી. જેમ કે advertisement-જાહેરાતો વગેરે માટે અપાતા ડોનેશનો, સ્કૂલમાં admission-પ્રવેશ માટે અપાતાં donationમાં-દાનમાં પણ આપનારને દાનનો ભાવ નથી હોતો અને લેનારને લાંચનો ભાવ હોય છે. આજે મોટી કંપનીઓના સોદા થાય ત્યારે પણ મોટા ભાગે મેનેજરોને ખુશ કરવા પડતા હોય છે, gift-ભેટસોગાદ વગેરે આપવી પડતી હોય છે, જેના લાખો રૂપિયા થતા હોય છે, તેમાં પણ શુભભાવ હોતો નથી. આ અશુભ ભાવપ્રેરિત દેખાવથી દાનપ્રવૃત્તિ હોય છે; વાસ્તવમાં તો નિઃસ્વાર્થ ઉદારતાના ભાવ સાથે સ્વમાલિકીની વસ્તુ આપવા તૈયાર થાય ત્યારે જ દાન કહેવાય. વેપારમાં મોટા ઘરાકને સાચવવા ૨૦૦ -૩૦૦ રૂપિયા નાસ્તામાં ખર્ચી નાંખો તે દાન નથી. ત્યાં તો ઉદારતાનો દેખાવમાત્ર છે. મનમાં દાનનો ભાવ જ નથી, ફક્ત સ્વાર્થ સાધવાની વૃત્તિ છે.

**સભા :-** સ્વાર્થ અને પરમાર્થ બે ભેગા હોય તો ?

**સાહેબજી :-** પરમાર્થ શબ્દ ઊંચો છે. અહીં પરમાર્થ નહીં પણ પરાર્થ બોલો. બે ભેગા હોય તેમાં જેટલો શુભ ભાવ છે તેટલું પુણ્ય, અને અશુભ ભાવ છે તેટલું પાપ બંધાય.

અરે ! દેરાસર-ઉપાશ્રયમાં દાન આપો તે વખતે પણ તમારી નામના-જાહેરાત થાય, જેથી તમારી માનની વૃત્તિ પોષાતી હોય તો તે માત્રામાં પાપ બંધાય. પરંતુ "આ તો ઉત્તમ ધર્મકાર્ય છે, આમાં સ્વ ને પરનું હિત છે, આમાં વપરાયેલી લક્ષ્મી સાર્થક છે." આવો શુભભાવ હોય તો ચોક્કસ પુણ્ય બંધાય. વળી જેટલા ટકા શુભભાવ તેટલા ટકા પુણ્ય ને જેટલા ટકા અશુભભાવ તેટલા ટકા પાપ બંધાય, અને એકલો અશુભભાવ જ હોય તો માત્ર પાપ જ બંધાય.

**સભા :-** ઉદારતાનો ભાવ એટલે શું ?

**સાહેબજી :-**જીવ મારું-મારું અનંતકાળથી કરતો આવ્યો છે, તે બીજાને સ્વાર્થ વિના કાંઈ આપવા તૈયાર નથી. અહીં જે પોતાની માલિકીનું છે તેનાથી બીજાનું હિત-ભલું થતું હોય, તો સ્વના લાભને ગૌણ કરી બીજાના ઉપયોગ માટે ઘસાવાની બુદ્ધિ તે ઉદારતા. સર્વ પ્રકારના દાનમાં ઉદારતા તો જોઈશે જ. જેનામાં ઉદારતા નથી તે કોઈ પણ પ્રકારનું દાન નથી કરી શકતો. દાનમાં પણ અનેક ક્વોલીટી આવશે.

## દાતાની કક્ષા અનુસાર અનુકંપાદાનના અનેક પ્રકાર પડે છે, તેમાં ઉપલી કક્ષાનો દાતાર નીચલી કક્ષાનું દાન ન કરે :

જૈનેતરો પણ ભૂખ્યાને અન્નદાન વગેરે કરે છે, પણ વિવેક ન હોવાના કારણે રાત્રે કંદમૂળ આદિ ખવડાવે છે. આ દાનમાં ઉદારતાનો ભાવ છે પણ હિંસા-અહિંસાનો વિવેક નથી. તેવી જ રીતે અનાર્ય દેશમાં જન્મેલાને સ્વયં જીવનમાં ભક્ષ્ય-અભક્ષ્યની ખબર નથી. ત્યાં માંસાહાર તથા દારૂ ૯૫%ના જીવનમાં હોય છે. તેથી તેમને ત્યાં કોઈ ભિખારી આવે તો દાનમાં પણ ઘરમાં બનેલી અભક્ષ્ય વસ્તુ જ આપશે. અરે ! ઈશુ ખ્રિસ્ત, મહમદ પયગંબર વગેરેના ખુદના જીવનમાં પણ માંસાહાર હતો. તે ધર્મમાં ઈશ્વરતુલ્ય જેની ભક્તિ કરવામાં આવે છે, તેમના જીવનમાં પણ આ દૂષણો હતાં.

બાઈબલમાં જ કહ્યું છે કે એક વખત ઈશુખ્રિસ્ત ભિક્ષામાં પાંચ માછલી લાવ્યા. તેમનામાં પરોપકાર-ઉદારતાની વૃત્તિ તીવ્ર હતી, તેથી જ્યારે ભોજન કરવા બેઠા ત્યારે તેમાંથી ભિક્ષુકને ત્રણ માછલી દાનમાં આપી દીધી. વિચારો કે પોતાના માટે લાવેલી વસ્તુ પોતે ભૂખ્યા રહીને પણ આપી દીધી ! આમાં શુભભાવ હતો પણ તે દાન હલકી કક્ષાનું કહેવાશે.

**સભા :-** રાત્રે ભિખારીને અન્ન આપે તો ચાલે ?

**સાહેબજી :-** દાન આપનાર કઈ ભૂમિકાનો માણસ છે તે જોવું પડે. દાતા જે ભૂમિકાનો હોય તે ભૂમિકાને ઉચિત વ્યવહાર કરવાનો આવે.

**સભા :-** અમારા દીકરા રાત્રે જમતા હોય અને મહેમાન આવે તો રાત્રે ભોજન અપાય કે નહીં ?

**સાહેબજી :-** જો તમારા ઘરે રાત્રિભોજન થતું હોય તો તમારે આપવું પડે. પરંતુ જો તમારા ઘરમાં શ્રાવકાચાર પળાતો હોય તો મહેમાનોને પણ રાત્રે આપવાની જરૂર નથી. તમારી ભૂમિકા પ્રમાણે વ્યવહાર કરવાનો છે: તમારા દીકરાને જમાડો ને બીજાને ન જમાડો તો પારકા પોતાનો ભેદ કર્યો કહેવાશે. જે ખોટું કર્યું કહેવાય. આ એવી વાત છે કે મહેમાન આવે ને રસોઈ કરું તો હિંસા થાય અને પોતાના માટે કરું તો હિંસા ન કહેવાય !

અનુકંપાદાનના ઘણા પ્રકાર પડે છે. હલકા શુભ પરિણામવાળા દાનથી થોડું પુણ્ય બંધાશે, અને ઘણું પાપ બંધાશે. ઈશુ ખ્રિસ્તે માછલાનું દાન ઉદારતાથી કર્યું છે, કારણ કે સ્વયં ભૂખ્યા રહીને વસ્તુ આપી છે, તેથી ઉદારતા-પરોપકારવૃત્તિ અવશ્ય છે. પણ આ હલકું દાન કહેવાશે. આ દાનની અનુમોદના જૈન એવા તમારાથી કરી શકાય નહીં, કારણ તે દાનમાં હિંસા ઘણી છે. આવાં દાન અનાર્યદેશના લોકો કરે તો આપણે નિંદા નથી કરતા, પણ જો આર્યદેશના અહિંસક લોકો જે ધર્મ પામેલા છે, આસ્તિક છે, તે જો આવી પ્રવૃત્તિ સત્કાર્યબુદ્ધિથી કરે તો તે વાજબી ન જ ગણાય. અનાર્ય માટે તો એ જ લેવલ છે, કારણ કે ત્યાં હાઈલેવલના વિચારો સ્ફુરી શકે તેમ નથી. જો તેઓને આવા દાનની ના પાડશો તો ઊલટા કંજૂસ બનશે. તેમની સમાજવ્યવસ્થામાં ભલે તે દાન કહેવાય પણ તેમાં થોડા શુભભાવ સહિત ક્રૂરતાદિ અશુભભાવો તીવ્ર હોવાના કારણે તે આર્યઅનુકંપાદાન ન કહેવાય.

## કોઈ જીવને ધર્મભ્રષ્ટ કરી અધર્મના માર્ગે લઈ જવો તે ભાવહિંસા મોટામાં મોટું પાપ છે :

તમે દ્રવ્યહિંસાને હિંસા તરીકે માનો છો, તેથી તમને પ્રાણિહિંસાયુક્ત દાનની આ વાત બુદ્ધિમાં બેસી જાય છે. તેમાં પણ પંચેન્દ્રિય જનાવરની કતલથી અરેરાટી થઈ જાય છે, પરંતુ એકેન્દ્રિય જીવોની દ્રવ્યહિંસાની તમને બહુ અસર થતી નથી.

અમે તો પાંદડાને અડીએ તો પણ અમને આંચકો લાગે છે, તોડવાની તો અમારા જીવનમાં વાત જ નથી આવતી. વળી તમે તો ભાવહિંસાને દ્રવ્યહિંસા કરતાં ખરાબ પણ નથી ગણતા. અરે ! ઘણા તો ભાવહિંસાને હિંસા જ નથી ગણતા.

**સભા :-** ભાવહિંસાની વાત આજે જ સાંભળી.

**સાહેબજી :- જૈનધર્મની હિંસામાં તો ડગલે ને પગલે ભાવહિંસાની વાત આવે છે. ભાવહિંસામાં આત્માનું અહિત છે, દ્રવ્યહિંસામાં શારીરિક મોત છે. ભાવહિંસાથી તો ભવાંતરમાં ઘણું જ દુઃખ આવશે. કોઈના આત્માનું અહિત કરતી પ્રવૃત્તિ કરો ને જે પાપ બંધાય, અને તેને શારીરિક કષ્ટ આપો ને જે પાપ બંધાય છે, તે બંનેમાં જમીન-આસમાનનો તફાવત પડે છે.**

કોઈપણ વ્યક્તિને ધર્મથી ભ્રષ્ટ કરીને અધર્મના માર્ગે લઈ જવી તેને શાસ્ત્રમાં મોટું પાપ કહ્યું છે. એટલે જ ઉત્સૂત્ર ભાષણ=સમાજને ઊંધા માર્ગે લઈ જાય તેવો ધર્મોપદેશ, જો અમે આપીએ તો શાસ્ત્ર અમને કસાઈ કરતાં વધારે ભયંકર કહે છે. ઊંડું તત્ત્વ વિચારીને આ વાત કરી છે. બાહ્ય કષ્ટ આપીને કરાતી હિંસા તેના કરતાં ઘણી સામાન્ય છે. યુગલિકના દૃષ્ટાંતમાં તેઓને દુઃખી કરવા દેવે ક્યાંય ચીંટિયો પણ ભર્યો નથી, છતાં એવા પાપોથી ઘેરાવ્યા કે અસંખ્ય કાળ સુધી સબડ્યા જ કરે. અરે ! બાહ્યદૃષ્ટિએ ઊલટું પંપાળીને રાજા-રાણી બનાવ્યાં, તેમને સત્તા આપી, ભોગ-સામગ્રીનાં સાધનો આપ્યાં; દેખાવમાં તો કોઈને પણ એમ જ લાગે કે તેમને સુખી કર્યાં છે. પણ ultimately-પરિણામે વધારે અહિત કર્યું, જેથી સાતમી નરકનાં દુઃખ ભોગવવાનાં આવે.

## ભાવહિંસાનું બીજું દૃષ્ટાંત, રોહિણિયો ચોર :

ભાવહિંસાનું બીજું દૃષ્ટાંત રોહિણિયો ચોર છે. ભગવાન મહાવીરની દેશનાના એક વાક્યથી તે મોતના મુખમાંથી ઊગરી જાય છે અને તેના હૃદયનું પરિવર્તન થાય છે.

રોહિણિયાનો બાપ લોહખુર નામનો મોટો ચોર હતો. મરતી વખતે તેને આ રોહિણિયો પૂછે છે કે "પિતાજી, તમારી અંતિમ ઇચ્છા કહો." ત્યારે તેનો બાપ તેને કહે છે કે "મારી કોઈ અંગત અંતિમ ઇચ્છા નથી. જે મારે જીવનમાં મેળવવું હતું તે મેં મેળવી લીધું છે અને ભોગવવાનું ભોગવી લીધું છે. પણ મારા ઉપર તને

બાપ તરીકે જો લાગણી હોય તો એક મારી તને ખાસ ભલામણ છે કે, જે અત્યારે ભગવાન તરીકે મહાવીર વિચરે છે, તેની વાણી કદી સાંભળતો નહીં." આ કહેવાનું તેને કારણ એ હતું કે, પોતે પાકો-અઠંગ ચોર હોવાથી તેને મનમાં એમ થાય છે કે મારો દીકરો ચોરનો વારસો જાળવે. જોકે આ રોહિણિયો અત્યારે ચોર જ છે. પણ બાપ જાણે છે કે આનામાં ઊંડે ઊંડે સજ્જનતા હોવાથી તેને નિમિત્ત મળતાં લૂંટારામાંથી સદાચારી થઈ જશે, આ ચિંતાથી આવી ક્રૂર ભલામણ કરેલી. રોહિણિયાને બાપ પ્રત્યે લાગણી હોવાથી બાપની આજ્ઞા માને છે અને પ્રભુનો પડછાયો પણ લેતો નથી. પણ યોગાનુયોગ એવું થાય છે કે, એક વખત તે પ્રભુના સમવસરણની દિશામાં ચોરી કરવા ગયો હોવાથી, જોજનગામિની પ્રભુની વાણી સંભળાઈ ન જાય તેથી તેણે કાનમાં આંગળીઓ ખોસી દીધી છે, પણ તે જ વખતે પગમાં કાંટો વાગવાથી કાનમાંથી આંગળી નીકળી ગઈ.

મનનો સ્વભાવ એ છે કે જે વસ્તુ કરવાની ના પાડી હોય તે પહેલી કરે. નહીંતર ભલે કાન ખુલ્લા હોય પણ બેધ્યાન રહે તો સંભળાય નહીં. પણ આણે મનની તરલતાના કારણે પ્રભુની વાણી સાંભળી અને આવી રીતે સાંભળેલું પ્રભુનું એક વચન કટોકટીના પ્રસંગે તેને મોતના મુખમાંથી બચાવે છે, ત્યારે તેને એમ થાય છે કે જો પ્રભુના એક વચનના શ્રવણથી પણ આટલો લાભ થાય, તો પ્રભુની વાણીમાં કેટલું સત્ય હશે ! આમ વિચારી ઉલ્લાસથી દેશના સાંભળવા ગયો અને ત્યાં પહેલવહેલો ધર્મ પામ્યો, ત્યારે તેને સૌથી વધારે ગુસ્સો તેના બાપ ઉપર આવ્યો કે "દુશ્મન પણ ન કરે તેવું કામ મારા બાપે મારા માટે કર્યું છે. આના કરતાં તો મને મારી નાંખ્યો હોત તો મારા આત્માને ઓછું નુકસાન થાત."

વાસ્તવમાં બાપે તો લાગણીથી સલાહ આપેલી ને દીકરા માટે કરોડોની સંપત્તિ મૂકીને ગયેલો. આ રાજાશાહી ઠાઠમાઠથી રહેનારો ચોર છે. જે ગામમાં તે રહેતો હતો ત્યાં તેની છાપ સોના જેવા માણસની છે. બધાના ઉપર તેનો ઉપકાર છે. રોહિણિયાને ધંધો, સંપત્તિ, કળા બધું જ તેના બાપે આપ્યું છે. આ કામ બાપે દીકરા પ્રત્યેની લાગણીથી કરેલું, પણ તે ઝેર હતું. તમે પણ લાગણીથી સંતાનો માટે દેખાવથી સારી પ્રવૃત્તિ કરો, પણ જો તમારામાં વિવેક ન હોય તો તમે તેમને ધર્મથી ભ્રષ્ટ કરો. આ જ ભાવહિંસા છે.

**ભાવહિંસાગ્રસ્ત એવાં હૉસ્પીટલ અને શિક્ષણક્ષેત્રનું દાન એ આર્યઅનુકંપાદાનનું ક્ષેત્ર પણ નથી :**

તપ, ત્યાગ, આરાધના કરનારા પણ આ ભાવહિંસાની એવી અનુમોદના કરે છે કે તેમની આરાધના પર પાણી ફેરવાઈ જાય. **ટૂંકમાં હોસ્પિટલ અને આવા શિક્ષણક્ષેત્રનું દાન એ આર્યઅનુકંપાદાન નથી.** જેને આ વાત જ નહિ બેસે તેને આ ગ્રંથની આગળની વાતો જરા પણ નહિ બેસે. જૈનધર્મનો વિવેક અદ્વિતીય છે. તમારે તીર્થંકરકથિત ધર્મ સમજવાનો છે. આ શાસનમાં તો નાનામાં નાના કંથવા જેવા જીવની પણ હિતચિંતા કરવાની છે. અહીં સ્થૂલ બુદ્ધિથી વિચારો તો ન ચાલે. શાસ્ત્રીય ઉપદેશમાં એવી કેટલીયે વાતો આવે છે કે જે અત્યારે સમાજને નથી ગમતી, પણ અમને હિતકારી લાગે છે ને સાચી છે તેથી અમે કહીશું જ.

અત્યારે સમાજમાં જે ભ્રષ્ટાચાર ખદબદે છે તે ૧૦૦ વર્ષ પહેલાં નહોતો. ૧૦૦ વર્ષ પહેલાં પણ આ દેશમાં ધર્મવ્યવસ્થા હતી, ધર્મગુરુ હતા અને અત્યારે પણ છે. **પણ અત્યારે આમજનતામાં આટલી નાસ્તિકતા કેમ પ્રવર્તે છે ? તમારે બધી સમીક્ષા ઉપરછલ્લી જોઈએ છે, પણ આ આખા સમાજનું આમૂલ વિપુલ પરિવર્તન ક્યાંથી આવ્યું ? કેળવણી દ્વારા જ.** કારણ, તેના દ્વારા જ વ્યક્તિના માનસનું ઘડતર થાય છે.

**સભા :-** તો તો સાહેબ, અમે દાનમાં ખર્ચેલા રૂપિયા ખોટા થઈ ગયા ?

**સાહેબજી :-** દાનરૂપે ખર્ચેલા હોય તો ખોટા જ કહેવાય. હવે ખોટી વસ્તુને જે તમે પ્રોત્સાહન આપ્યું તેનો પસ્તાવો કરવાનો.

**સભા :-** તો સાહેબ, પુણ્ય ખપી જાય ને ?

**સાહેબજી :-** પુણ્ય બાંધ્યું હોય તો ખપે ને ? હલકા દાનમાં ઓછું પુણ્ય બંધાય છે, પાપ વધારે બંધાય છે. અહીં અશુભ પરિણામનો પશ્ચાત્તાપ કરવાનો છે, જેથી પાપ ખપે.

**સભા :-** વસ્તુપાળ તેજપાળે દાન આપી મસ્જિદો કેમ બંધાવેલી ?

**સાહેબજી :-** તેમણે મસ્જિદ બંધાવી તેમાં તેમનો જાહેર ક્ષેત્રનો મહત્ત્વનો હોદ્દો અને ત્યારના અપવાદિક સંયોગો કારણ હતા. તેમનું દૃષ્ટાંત તમારાથી રાજમાર્ગે ન લેવાય.

જૈનશાસનમાં દાનનાં આઠ ક્ષેત્ર છે. તેમાં સાત ક્ષેત્ર સુપાત્રદાનનાં છે એક ક્ષેત્ર અનુકંપાદાનનું છે. અનુકંપાદાનનું ક્ષેત્ર વિશાળ છે ને તેમાં ઘણી પ્રવૃત્તિઓ આવી જાય છે, પણ જૈનઅનુકંપાદાનને ઊંડાણથી સમજવાનું છે. લૌકિક અનુકંપા જૈન માટે દોષપાત્ર બને છે; જે લોકોત્તર અનુકંપા છે, તે દોષપાત્ર નથી બનતી. તેથી જ તમારે અમુક અનુકંપા કરી શકાય ને અમુક વર્જ્ય ગણાય. તમારા માટે કયું અનુષ્ઠાન સત્કાર્ય કહેવાય ને કયું ન કહેવાય તે સમજવાનું રહેશે.

દા.ત. નોનવેજનું દાન જૈનથી ન જ કરાય. ઈશુ ખ્રિસ્તે જેમ ત્રણ માછલીનું દાન આપ્યું તેમ તમે ન જ કરી શકો. અથવા જાળ અપાવીને ગાંધીજીએ માછીમારોને રોજીરોટી અપાવી તેવું કામ આપણે અનુકંપામાં ન જ ગણીએ. જૈન માટે દાનનાં આઠ જ ક્ષેત્રો છે.

**સભા :-** પણ સાહેબજી, બધા સાધુભગવંતો જુદું જુદું કહે છે.

**સાહેબજી :-** બધા જુદું જુદું કહે એટલે કોઈની વાત મગજમાં ન જ બેસાડવી એવું નથી. ધર્મના ક્ષેત્રમાં પણ ઘણા જ મતભેદો છે, છતાં તમે મૂર્તિપૂજાને કેમ સ્વીકારી છે ? કારણ કે મતભેદમાંથી પણ જે વાત સાચી લાગે તે પ્રામાણિકતાથી અપનાવો તો જ સત્ય પામી શકાય. વળી સાધુઓ બધા એકી અવાજે બોલે તો જ અમે સ્વીકારીશું, તેવી તમારી અપેક્ષા ખોટી છે. માત્ર તટસ્થતાથી સાચા-ખોટાનો વિચાર કરીને જ મત પકડવાનો છે. અરે ! બાપદાદાથી ચાલતું આવ્યું છે એમ સમજીને જો જૈનમત પણ પકડશો તો પણ તમે મિથ્યાત્વી છો. આ આભિગ્રહિક મિથ્યાત્વ છે અને આ મિથ્યાત્વમાં કદી મોક્ષમાર્ગ કે સમકિતની ભૂમિકા નથી આવતી.

પ્રભુએ કહ્યું છે, મારો ધર્મ પણ મમતાથી ન પકડો. મારી વાત પણ તત્ત્વદૃષ્ટિથી સાચી લાગે તો જ સ્વીકારો. આત્મકલ્યાણ માટે જે સાચું, હિતકારી ને સારું હોય તે જ પકડજો. મારા બાપદાદાથી આ અમારા ગુરુ છે, અમારી કુળપરંપરાથી આ વાત ચાલી આવે છે, તેમ વિચારવાથી દૃષ્ટિરાગ આવશે.

# ૭

તા. ૨૭-૦૭-૯૪, બુધવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા દાનધર્મનો સમ્યક્ બોધ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

દાનધર્મ એ વિવિધ પાસાંથી સમજવા જેવો એક શ્રેષ્ઠ કક્ષાનો ધર્મ છે. જો જીવ આ ધર્મને સાંગોપાંગ રીતે સમજી જાય તો પોતાનું કલ્યાણ તે તેના દ્વારા અવશ્ય કરી શકે છે. તીર્થંકરકથિત ધર્મોમાંથી એક પણ ધર્મને જો સર્વાંગી સમજીએ તો સંપૂર્ણ મોક્ષમાર્ગનો બોધ થાય છે, તેવો તીર્થંકરોનો ધર્મ છે.

દાન, શીલ, તપ અને ભાવ આ ચારેયમાં આરાધનાના અસંખ્ય યોગ છે. અરે! તેમાંથી એક પણ યોગ લઈએ તો તે યોગથી અનંતા જીવો મોક્ષે ગયા છે. તીર્થંકરકથિત પ્રત્યેક યોગની આરાધના દ્વારા મોક્ષે જવાય છે. કોઈપણ યોગને તમે પરાકાષ્ઠા સુધી લઈ જઈ શકો, તો તેનામાં મોક્ષ આપવાની સંપૂર્ણ તાકાત છે. તેથી જ એક યોગને પણ સર્વાંગી રીતે સમજવો જોઈએ. બીજા ધર્મોના દાનધર્મ કરતાં આપણો દાનધર્મ પાયામાંથી જુદો પડે છે. આપણા તીર્થંકરોએ આપણને વિશેષ પ્રદાન કર્યું છે.

## સુપાત્રદાનના ભોગે અનુકંપાદાનનું મહત્ત્વ વધારવું તે વિચારમાત્ર પણ મહાપાપ છે. તેથી લોકસંજ્ઞાથી પણ તેમાં તણાવું નહિ અને વિચક્ષણ બનવું :

અનુકંપાદાન દયાપાત્રમાં થાય, સુપાત્રદાન ભક્તિપાત્રમાં થાય. ભક્તિપાત્રમાં અનુકંપા થાય તો પાપ લાગે ને અનુકંપાના પાત્રમાં ભક્તિ થાય તો પાપ લાગે. પાત્ર-અપાત્રનો અવિવેક મિથ્યાત્વ છે. જૈનશાસ્ત્રોએ ભક્તિનાં પાત્રો સાત ક્ષેત્રમાં વહેંચી આપ્યાં છે. તેની બહાર કોઈ પણ ભક્તિપાત્ર રહેતું નથી. વિસ્તારથી સાત ક્ષેત્રના દાનની સમીક્ષા બતાવી છે, પરસ્પર ઊંચા-નીચાનો ભેદ બતાવ્યો છે. વળી

સાતે ક્ષેત્રનું સુપાત્રદાન અનુકંપાદાન કરતાં અસંખ્ય ગણું ઊંચું છે. તેના ફળને અનુકંપાદાનના ફળ સાથે સરખાવાય પણ નહીં, નહીંતર અવમૂલ્યન થશે. અનુકંપાદાન કોઈ પણ અવસરે કરો તો સુપાત્રદાન સાથે સરખામણી ન કરવી, નહીંતર આશાતનાનું પાપ લાગશે.

**વર્તમાન યુગમાં અનુકંપાદાનની જ બોલબાલા છે અને સુપાત્રદાનનું ઠેર ઠેર અવમૂલ્યન કરાય છે. પરંતુ અનુકંપાદાનની સામે સુપાત્રદાનની ગુણવત્તા ઓછી આંકવાનું કામ તમે જીવનમાં કરતા નહીં. ધર્મ કરનારને આ મારી અંતરથી ભલામણ છે.** આજે પ્રચાર દ્વારા ઘણો વર્ગ એવું માનતો થઈ ગયો છે કે "૨૫ લાખ રૂપિયાનું દેરાસર કે ઉપાશ્રય કરાવવાં, ઉપધાનો કરાવવાં, મહોત્સવો કરાવવા, તીર્થયાત્રા કરાવવી : આ બધામાં પૈસાનો ધુમાડો કરવાનો શું મતલબ છે ? તેના કરતાં દેશમાં ગરીબો ઘણા છે, તેમના માટે કંઈક કરવું જોઈએ. દેરાસર-ઉપાશ્રય તો ઘણા થઈ ગયા છે, તેની હવે જરૂર નથી." આવું વલણ વધતું જ જાય છે. પણ બોલનારને ખબર નથી કે આવું બોલવા દ્વારા કેવા ચીકણા કર્મબંધ થાય છે ! કઈ વસ્તુની તમે આશાતના કરો છો તેનો તમને ખ્યાલ નથી.

પરમાત્મભક્તિ તે સુપાત્રદાનરૂપ સત્કાર્યનું શ્રેષ્ઠ ક્ષેત્ર છે, એનું તમે માનવદયારૂપ અનુકંપાના હીનક્ષેત્રમાં conversion-રૂપાંતર કર્યું કહેવાય. અર્થાત્ સુપાત્રમાં હિસ્સો તે બિનજરૂરી હિસ્સો છે તેથી તે હિસ્સો અનુકંપામાં વાપરો તેવું મંતવ્ય થાય. દા.ત. તમારે ઘરમાં ૧૫૦૦૦ની આવક હોય અને તેમાં તમારી માની દવાનો માસિક ખર્ચ ૧૫૦૦થી ૨૦૦૦ હોય, વળી બીજા ખર્ચા જેવા કે ટી.વી. વિડીયો મોજશોખનાં સાધનો વગેરેમાં ખર્ચો વધારે થતો હોય, તેથી આવક ઓછી પડતી હોય, તો તે વખતે તમને મનમાં એમ થાય કે માની દવામાં કાપ મૂકું, તો આ કેવો પરિણામ કહેવાય ? તમને પોતાના મોજશોખ, ખાધાખોરાકીમાં કાપ મૂકવાનો વિચાર ન આવ્યો અને માના જ ખર્ચા આંખે આવ્યા ?

દેવ-ગુરુના ઉપકારની તોલે કોઈ જ ઉપકાર આવી શકે તેમ નથી. વાસ્તવમાં આ ક્ષેત્રમાં વધારે ખર્ચાતું નથી. અત્યારે તો ફુગાવાના કારણે આંકડાની રમત છે. ભૂતકાળમાં લાખની કિંમત હતી તે હાલ કરોડથી પણ વધુ થાય, પણ કરોડ બોલાતાં તમારું મોઢું પહોળું થઈ જાય છે. સંઘમાં ભૂતકાળમાં દાનનો પ્રવાહ હતો તેના કરતાં કિંમતમાં અત્યારે કાંઈ વધારે કહી શકાય તેવો દાનનો પ્રવાહ નથી. માત્ર આંકડાના સરવાળા બાદબાકી જ છે. તમારા માબાપમાં જે શ્રદ્ધા-ધર્મભાવ હતો, તેના કરતાં

તમારાં શ્રદ્ધા-સદાચારમાં અત્યારે કાપ આવ્યો છે. સુપાત્રના ક્ષેત્રમાં ટોટલ થઈને બાર મહિને પાંચ-પચીસ કરોડ ખર્ચાતા હશે. આ તો સમગ્ર ભારતની વાત કરું છું. આની સામે ટોટલ જૈનોના મનોરંજનનો ખર્ચ કેટલો આવે ? હોટેલોનો ખર્ચ કેટલો આવે ? ભારતમાં એક દિવસનો મનોરંજનનો ખર્ચ અબજો રૂપિયાનો થાય છે. ત્યાં કોઈને કાપ મૂકવાની જરૂર નથી લાગતી. માત્ર ભગવાનની ભક્તિ કરવામાં જ કાપ મૂકવાની આવશ્યકતા લાગે છે. **અમારી દૃષ્ટિએ સુપાત્રમાં કાપ મૂકી અનુકંપામાં વધારે કરવું તે મહાપાપ છે, તે વિચારમાત્ર પણ મહાપાપ છે.** અત્યારે દેવદ્રવ્યમાં પૈસો ઘણો છે તેવો ખોટો પ્રચાર થયો છે, પણ કુલ દેરાસરોનું જો સમારકામ કરાવવામાં આવે તો પૈસો ઓછો પડે, એમ સરકારે નીમેલા કમીશનનો રીપોર્ટ છે. સુપાત્રદાનને હલકું માનવું તે તમારી બુદ્ધિ હલકી થઈ છે તેની નિશાની છે, ભલે પછી દરરોજ પરમાત્માની ભક્તિ કરતા હો. માનવહૃદયમાં જ પ્રભુનો સાચો વાસ છે તેવું તો તમે નથી માનતા ને ? મંદિરમાં પથ્થરની મૂર્તિ છે એવું માનીને પૂજા કરતા હો તો તમારી ભક્તિ જ ખોટી છે, તેવાને વાસ્તવમાં પૂજા કરવાની જરૂર જ રહેતી નથી. આજના લોકો ભાન ભૂલ્યા છે. ભારતના કોઈ ધર્મો આવું બોલતા નથી, છતાં પણ તેના નામે પ્રચાર ખોટો થાય છે. સમાજમાં હજારો માણસોની વિચારધારામાં આ ચેપ ફેલાયો છે. બહાર જ નહીં ઘરમાં પણ આ ચેપ લાગી ગયો છે, તેથી જ hammering-પ્રહાર કરીને તમારી દૃષ્ટિ બદલવા માંગું છું.

**સભા :-** ઘી બોલીને પૂજા કરીએ તેના કરતાં અનુકંપામાં ખરચીએ તો ?

**સાહેબજી :-** ખોટા મોજશોખ કરીએ તેના કરતાં અનુકંપામાં ખરચીએ તેવો વિચાર કેમ નથી આવતો ? વળી અનુકંપામાં દયાપાત્ર, ગરીબ, દીન-દુઃખી આવે છે. આ લોકો કાંઈ સદ્‌ગુણી નથી. લૂલા, લંગડા, દુઃખી જીવો છે. ગુણિયલ ને ગુણહીનનો ભેદ વિચારો. ગુણ એ જ ધર્મ છે. ગુણપ્રાપ્તિથી જ ધર્મનો પ્રારંભ થાય છે. પરાકાષ્ઠાના ગુણો પરમાત્મામાં છે. તેમની ભક્તિ અને દીન માનવની દયા સમાન સ્તરે નથી.

અત્યારે તો સાધુઓ પણ એવા તૈયાર થયા છે કે લાખો રૂપિયા આંગીમાં ખર્ચો તેના કરતાં અપંગોને આપો, તેવું બોલે છે. આવા સાધુઓની પણ બુદ્ધિ બગડી છે. ક્યાં ભગવાનની આંગી ને ક્યાં અપંગોની સારવાર ? અનુકંપ્યને સુપાત્ર સાથે સરખાવાય જ નહિ, કેમ કે તે બંનેના ગુણ પણ સરખા નથી.

**સભા :-** દીન-દુઃખિયાની સેવામાં પ્રભુભક્તિ આવી જાય ?

**સાહેબજી :-** પહેલી વાત તો એ છે કે દીન-દુઃખિયાની સેવા ન હોય, સેવા તો પૂજ્યની જ હોય. ભિખારીને દાન, ભક્તિબુદ્ધિથી નહિ પણ દયાબુદ્ધિથી આપવાનું છે. ભિખારી પ્રત્યે અહોભાવ થાય તો મિથ્યાત્વ લાગે. અનુકંપાદાન ન કરવાનું કહેતા નથી, પણ તેની સરખામણી સુપાત્રદાન સાથે થાય જ નહીં, વળી તમે તો દયાને સેવા બોલો છો. ભૂતકાળમાં પાપ કર્યાં હશે તેથી જ તેઓ આ દુઃખી અવસ્થા પામ્યા છે. વળી અત્યારે પણ તેમનામાં ધર્મ નથી જ. જેનામાં ગુણ નથી તેની સેવા નથી ને ભક્તિ પણ નથી, તેની સેવા કે ભક્તિ ન જ કરાય. સુપાત્રનો મહિમા ખરેખર તમે નથી સમજ્યા. અરે ! સુપાત્ર કોને કહેવાય તે પણ સમજ્યા નથી.

## સુપાત્રદાનના ભોગે અનુકંપાદાન એ ઊખરભૂમિમાં ઉત્તમ બિયારણની વાવણી કરવા સમાન છે :

મહાવીર પ્રભુએ છેલ્લા સોળ પહોર દેશના આપી છે. બીજા કોઈ તીર્થંકરે આટલી લાંબી દેશના આપી નથી. તે દેશનામાં આવેલા પુણ્યપાળ રાજાને આઠ સ્વપ્ન આવ્યાં છે. તેઓ મહાવીર પ્રભુના પરમ ભક્ત છે. આમ તો નિયમ છે કે પોતાને સ્વપ્ન આવે તો પોતાને જ ફળ મળે, પણ શાસનને સર્વસ્વ માનનારા આમનાં સ્વપ્નનું ફળ શાસન સાથે સંકળાયેલું છે. તેમને સ્વપ્નમાં ઊખરભૂમિમાં ઉત્તમ બિયારણની વાવણી કરનારા મૂર્ખા ખેડૂતોનું દર્શન થયું છે. તે સ્વપ્નના ફલાદેશમાં પ્રભુએ જણાવ્યું છે કે, **કલિકાલમાં લોકો ફળદ્રુપભૂમિતુલ્ય સુપાત્રમાં દાનરૂપી ઉત્તમ બિયારણની વાવણી ન કરતાં, ઊખરભૂમિરૂપી કુપાત્રમાં દાનરૂપી ઉત્તમ બિયારણની વાવણી કરશે.** અને વર્તમાનમાં આ કાળનો પ્રભાવ આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ કે સુપાત્રમાં દાન આપવાનું મહત્ત્વ નહિ લાગતાં લોકો અનુકંપામાં દાન વધારે આપે છે. આ ઊંધો પ્રવાહ છે. નાનો પણ ધર્મ અવસરે અવશ્ય કરવાની પ્રભુની આજ્ઞા છે. એટલે અનુકંપા પણ અવસરે ન કરો તો પાપ લાગે. અનુકંપા કરવાની જરૂર છે પણ સુપાત્રના ભોગે નહીં. **સેવા સેવ્યની હોય છે, અનુકંપ્યની ન હોય.**

આ યુગમાં શબ્દો મનફાવે તેમ વપરાય છે. ડૉક્ટરો ફી લઈને દવા કરે છે, છતાં અમે સેવા જ કરીએ છીએ, એમ જ બોલે છે. હકીકતમાં સમાજને ખંખેરતા જ હોય છે. અહીં સેવા શબ્દ વાપરવો એ વાણીનો વ્યભિચાર છે. પછી તો સમાજમાં

ખેડૂતો, બેંકવાળા, વકીલો બધા જ કહેશે કે અમે સેવા કરીએ છીએ. ખરેખર સેવા તો મફતમાં આપવાની હોય.

## પૂજ્યાપૂજ્યના અવિવેક અંગે તામલિતાપસનું દૃષ્ટાંત :

**દયાપાત્રમાં દયા જ હોય, ભક્તિ નહિ. અપૂજ્ય પ્રત્યે ભક્તિભાવ કરાય જ નહીં. અરે ! નમ્રતાનો-વિનયનો વ્યવહાર કરો તો પણ પાપ લાગે. તામલી તાપસ અતિશય ગુણવાન હોવા છતાં, ખોટી નમ્રતા ને અપૂજ્યમાં સેવાનો ભાવ હોવાથી છેક સુધી મિથ્યાત્વમાં રહ્યા.**

તામલી તાપસ ઊંચી કક્ષાના સંન્યાસી છે. ગૃહસ્થ જીવનમાં ખાનદાન શ્રીમંત કુટુંબની વ્યક્તિ છે, સાથે પરોપકારી સજ્જન છે. પ્રસંગે ગામમાં સૌને સહાય કરે છે, તેથી બધા તેમને બાપની જેમ માને છે. જીવનમાં અનેક સત્કાર્યો કરે છે. તેમને એક દિવસ વિચાર આવે છે કે, મને આ બધું પુણ્યથી મળ્યું છે તેથી હું સત્કાર્યો કરી શકું છું; પણ આવતા ભવે જો પુણ્ય ઓછું હશે તો શ્રેષ્ઠ સત્કાર્ય નહીં કરી શકું. તેથી ઊંચું પુણ્ય બાંધવા કેવું સત્કાર્ય કરવું તેનો વિચાર કરે છે. તેમના શાસ્ત્રમાં લખ્યું છે કે ઊંચું પુણ્ય ત્યાગધર્મથી બંધાય છે. તેથી તે તમામ ભોગસુખોનો ત્યાગ કરી સંન્યાસી બને છે. આ વખતે આખું ગામ રડે છે. તો તેમનામાં કેટલી પરોપકારશીલતા હશે ! જે દિવસે સંન્યાસ લીધો ત્યારથી છઠ્ઠના પારણે છઠ્ઠ તપ કરે છે. પારણામાં પણ માલપાણી ખાવાની વાત નથી. ભિક્ષામાં એકલા ભાત લાવવાના. તેના ચાર ભાગ પાડી, એક ભાગ પંખીને (ખેચરને) નાંખે છે, બીજો ભાગ પાણીમાં માછલાં વગેરેને (જળચરને) નાંખે છે, ત્રીજો ભાગ કૂતરાં આદિને (સ્થળચરને) નાંખે છે. આમ, ત્રણ ભાગ દાનમાં આપી ચોથા ભાગને, ૨૧ વખત પાણીથી ધોઈને વાપરે છે. તેમની સાધના વિચારતાં તો ભલભલા આભા જ થઈ જાય, અને ગુણોનો પણ કોઈ પાર નથી. પરોપકાર, તપ, સંયમ, વૈરાગ્ય, બ્રહ્મચર્ય, ઉદારતા બધું જ છે. આવો ઉત્કટ તપ તે વખતનાં આયુષ્ય લાંબાં હોવાથી લગાતાર ૬૦,૦૦૦ વર્ષો સુધી કરે છે. પરંતુ અવિવેક એ છે કે, એમના મનમાં વાત બેસી ગઈ છે કે, આત્મામાત્રમાં ભગવાન વસે છે, તેથી ગુણી-દુર્ગુણીનો વિચાર કર્યા વિના જ્યારે ભિક્ષા આદિ લેવા જાય, ત્યારે રસ્તામાં ગાય, કૂતરા, પશુ, માણસ, મહાત્મા કે ગુંડો જે મળે તે બધાને ભક્તિભાવ-પૂજ્યભાવ સાથે હાથ જોડે છે.

**સભા :-** આને સમભાવ કહેવાય ?

**સાહેબજી :-** સમભાવમાં તો પોતાના અને બીજાના આત્માને સરખો જુએ છે, તેથી ત્યાં પગે લાગવાનું નથી. સમતા આવ્યા પછી કોઈ પૂજ્ય નથી, કોઈ પૂજક નથી. તમારી જાત કરતાં બીજાની ભૂમિકા ઊંચી લાગે તો જ હાથ જોડવાના છે. આ તાપસને તો બધે જ નમ્રતા છે, વિનય છે, સર્વ પ્રત્યે પૂજ્યભાવ છે. તેથી જ આટલી કપરી આરાધના કરવા છતાં તે સમકિત ન પામી શક્યો, તેનો આત્મા મિથ્યાત્વમાંથી બહાર ના નીકળી શક્યો. શાસ્ત્રમાં લખ્યું છે કે આણે જેટલી આરાધના-સાધના કરી, તેટલી જો બીજા સમકિતી જીવે કરી હોત તો આટલી આરાધનાથી સાત વખત મોક્ષે ગયો હોત, જ્યારે આ તામલી તાપસને પૂજ્યાપૂજ્યના અવિવેકના કારણે ઊંચું ફળ ન મળ્યું. સારાંશ એ છે કે વ્યક્તિનું ગુણ દ્વારા મૂલ્યાંકન તો કરવું જ પડે. જે પૂજવા યોગ્ય, નમવા યોગ્ય ન હોય ત્યાં ભક્તિનો ભાવ ન જ કરાય. તમને એમ થશે કે આમાં ખોટું શું છે ? અહંકારના ત્યાગપૂર્વક નમ્ર થઈને વિનયથી પૂજે છે. પણ શેતાનમાં ભગવાનનાં દર્શન કરે અને ભગવાનને શેતાન સાથે સરખાવે તો આશાતના થાય જ. અહીં તેઓ ઇતર ધર્મના સંન્યાસી હોવાથી મિથ્યાત્વી રહ્યા એવું નથી, તેમનામાં સમ્યક્ત્વની પૂર્વભૂમિકાના ઉત્કટ ગુણો હોવા છતાં માત્ર ગુણ-દોષના વિવેકનો અભાવ હોવાથી સમ્યક્ત્વ પ્રગટ્યું નથી. પ્રત્યેક સાધકે બીજાના ગુણદોષને પારખી, યોગ્ય ગુણનું વિશ્લેષણ કરીને ગુણીનાં ભક્તિ-બહુમાન કરવાં જોઈએ.

## ભક્તિપાત્ર સદા ઊંચું છે. તેથી દયાપાત્રની અનુકંપાની જરૂરિયાતના નામે પણ ભક્તિપાત્રનો મહિમા તમારાથી ઘટવો ન જોઈએ :

આ જગતમાં સર્વ ગુણહીન-દુઃખી જીવો અનુકંપ્ય છે, દયાને પાત્ર છે. બિલાડી જો ઉંદરને મારતી હોય તો કોની દયા કરવી ? ફક્ત ઉંદરની જ કે બિલાડીની પણ દયા કરવાની છે ? ઉંદરને બચાવવા બિલાડીને મારી નથી નાંખવાની. જૈનશાસ્ત્રો મરનાર અને મારનાર બંને પર દયા કરવાનું કહે છે. તેથી કસાઇ પણ જો ભૂખે મરતો હોય તો તેની પણ અન્નદાનરૂપે દયા કરવાની છે. અહિંસકની દયા, હિંસકની દયા, પાપી-ક્રૂરની પણ દયા દુઃખી હોય તો કરવાની છે. દુઃખી સજ્જનની જ દયા કરવાની છે એવું નથી. જૈનઅનુકંપાનું ક્ષેત્ર તો વિશાળ પાયા ઉપર છે, પણ ભક્તિપાત્રને કદી અનુકંપ્ય ન કહેવાય.

ભક્તિપાત્રમાં અનુકંપાને હેય ગણી છે. તેથી દરેક જગ્યાએ ભાવ કેવો જોઈએ તે શાસ્ત્રાનુસારે સમજવું પડે.

અત્યારે સંઘજમણ, સાધર્મિકભક્તિ પહેલાં જેવી ઉદારતાથી થતી નથી અને છતાં ભક્તિવિરોધી માનસવાળો વર્ગ કહે છે કે આમાં પૈસાનો બગાડ થાય છે. આ કરવાની શી જરૂર છે? જમાડવા હોય તો ગરીબ-દુઃખિયાને જમાડો. આવી મનોવૃત્તિ ડગલે ને પગલે વધતી જાય છે. આટલું જ નહીં પણ આ દેરાસરમાં જે વપરાય છે તે સમાજમાં દુર્વ્યય છે, મંદિરો-દેરાસરોમાં લાખો મણ દૂધ વપરાય છે, ચોખ્ખા ઘીના દીવા બળે છે, જ્યારે ગરીબોના દિલ જલે છે, આવું રોજ છાપાઓમાં ચર્ચાતું જ હોય છે. પાછા બોલનારા બોલે, લાખો રૂપિયાનાં કેસર અંતે પાણીમાં જ જવાનાં ને? તેમને આ બધો જ ખર્ચો બોજારૂપ લાગે છે.

પરંતુ વર્તમાન સમાજમાં છાપા-મેગેઝિનોમાં advertisementમાં-જાહેરાતોમાં અબજો રૂપિયા ખર્ચાય છે, જે અંતે પસ્તીમાં નાંખવાના. દેશમાં એક દિવસનો પેટ્રોલનો ખર્ચ અબજો રૂપિયાનો છે, જેનો ધુમાડો અંતે પ્રજાના આરોગ્યને પણ લૂંટે છે. ભારત દર વર્ષે હજારો કરોડ રૂપિયા આ રીતે ગટરમાં નાંખે છે. છતાં સંઘજમણ કે ઓચ્છવ-મહોત્સવની ટીકા કરનારને આ બધા ખોટા ખર્ચા દેખાતા નથી.

ધર્મને સમજનારા તમે વિચારજો કે સુપાત્રની કક્ષામાં અનુકંપા કદી ન આવે. પરમાત્માની એક વખતની કરેલી સાચી ભક્તિથી પણ ચોક્કસ સંસાર કપાવાનું શરૂ થાય છે. વળી તમે ભક્તિ પણ કરી કરીને કેટલી કરશો ? તમારા મનમાં સુપાત્રનો મહિમા ક્યાંય પણ ઘટવો જોઈએ નહીં. સુપાત્રમાં તેની જરૂરિયાત કે આવશ્યકતાનો વિચાર કરાય નહીં. ભગવાનને જરૂર છે કે સાધુ કે સાધર્મિકને જરૂર છે માટે જ ભક્તિ કરવાની, એવો જો ભાવ આવે તો પણ આશાતનાના પરિણામમાં જાય. મારે લાભ લેવો છે માટે ભક્તિ કરવી છે તેવો ભાવ જોઈએ.

# ૮

તા. ૨૮-૭-૯૪, ગુરુવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા સુખના સાધનરૂપ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## દીનદુઃખીઓની અનુકંપાનાં પાંચ કાર્યો નિઃસ્વાર્થ દયાબુદ્ધિથી કરવાં જોઈએ:

જીવોને જે દુઃખ આવે છે તે દુઃખનું મૂળ કારણ તેઓ બાહ્ય નિમિત્તોને સમજતા હોય છે, પણ ખરેખર તો તેમાં તેમના દ્વારા પૂર્વે કરાયેલાં અશુભ કર્મો જ કારણ છે. દીન-દુઃખી-અનાથ-લૂલા-લંગડા જે પણ આપત્તિથી ઘેરાયેલા છે, તેઓના હાથે ભૂતકાળમાં જોરદાર અશુભ કર્મો બંધાયેલાં છે, અને તેના ફળરૂપે જ આવી તકલીફો આવે છે. આવા જીવોનું વર્તમાન જો ખુશનસીબ હોય, અને તેઓ જીવનમાં ધર્મ પામીને સદ્‌ગુણો આદિ કેળવે, તો ભલે ગમે તેટલાં દુઃખો-આપત્તિઓ આવી હોય, પણ ધર્મના કારણે તેમનું જીવન સાર્થક છે. પરંતુ જેઓ સ્વયં ધર્મ પામ્યા નથી, જેમનું જીવન પાપમય છે અને સાથે ગુણહીન છે, આવા જીવો ભૂતકાળનાં અનેક પ્રકારનાં પાપકર્મોથી વર્તમાનમાં દુઃખી છે, વળી અત્યારના પાપમય જીવનથી પરંપરાએ પણ દુઃખો જ પામ્યા કરશે. આવા જીવો પ્રત્યે માત્ર કરુણા-દયા જ કરી શકાય છે. દુઃખી પણ જો ધર્માત્મા હોય તો બહુમાન-ભક્તિ કરાય છે; પણ જે ગુણિયલ-સદાચારી નથી, તેઓ બહુમાનને યોગ્ય નથી, તે તો માત્ર દયાને જ પાત્ર છે.

**અનુકંપાદાનમાં કરવા લાયક પાંચ કાર્યો છે. (૧) અન્નદાન, (૨) વસ્ત્રદાન, (૩) ઔષધદાન, (૪) આશ્રયદાન અને (૫) આજીવિકાદાન.**

(૧) ભૂખ્યા-તરસ્યા માણસને ભોજન-પાણી વગેરે આપવું તે અન્નપાનદાનમાં આવશે. (૨) ગરીબ નિર્વસ્ત્ર હોય તેને દેહ ઢાંકવા વસ્ત્ર આપવાં તે વસ્ત્રદાનમાં આવશે. (૩) માંદાને ઔષધ આદિ આપવું તે ઔષધદાન. (૪) નિરાશ્રિતને ઘર

વસાવી આપવું તે આશ્રયદાન. (૫) બેકારને કાયમ માટે જીવનનિર્વાહ ચાલી શકે તેવું આજીવિકાનું સાધન પૂરું પાડવું તે આજીવિકાદાન.

## દાતાની જેમ ભૂમિકા ઊંચી તેમ દાનનો પ્રકાર પણ ઊંચો, અને દાતાનો પરિણામ અને પુણ્ય પણ ઊંચું :

આ પાંચેય કાર્યો નિઃસ્વાર્થ દયાબુદ્ધિથી કરવામાં આવે તો અવશ્ય અનુકંપાદાનમાં જાય. પરંતુ આ અનુકંપાદાનમાં અનેક પ્રકારો પડે છે, જેમ કે અનાર્યઅનુકંપાદાન અને આર્યઅનુકંપાદાન; નાસ્તિકનું અનુકંપાદાન અને આસ્તિકનું અનુકંપાદાન; અજૈનઅનુકંપાદાન અને જૈનઅનુકંપાદાન. અનાર્ય દેશમાં આચાર-વિચાર જ એવા છે કે ઉત્તમ દયાદાન શક્યં જ નથી. કારણ કે દાનમાં પણ તેમના જીવનની હીન પ્રવૃત્તિઓનો પડઘો પડે છે. આ આર્ય-અનાર્યનો ભેદ તીર્થંકરોએ બતાવેલો છે, અને તેમના જીવનમાં સ્પષ્ટ દેખાય છે. ગૌતમસ્વામી મહારાજાએ પૂછેલા પ્રશ્નોના જવાબમાં આ ભેદનાં વિધાનો પ્રભુએ કર્યાં છે. માનવજાતિમાં પાયામાંથી આ બે ભેદો પડે છે.

## માનવજાતિમાં આર્ય-અનાર્યના ભેદ સ્વાભાવિક છે, કૃત્રિમ નથી :

જેનો વારસો, લોહી, સંસ્કારો હલકા હોય તેને શાસ્ત્રો અનાર્ય કહે છે. જેની પાસે વારસો, લોહી, સંસ્કૃતિ, પરંપરા, સમાજવ્યવસ્થા ઊંચી હોય તેને આર્ય કહે છે. આનું વિશેષ વિવરણ તત્ત્વાર્થ સૂત્રમાં છે. અનાર્યમાં પણ ઊંચા પરિવાર, નીચા પરિવાર વગેરે ભેદો આવશે. જેમ યુરોપમાં dutch, dutches familyના (ડચ, ડચીસ કુટુંબના) મોભા, આચાર જુદા ગણાય. ઉચ્ચ કુટુંબના આચાર-વિચાર બધે જુદા પડવાના.

આર્ય-અનાર્યનો ભેદ તમારા મનમાં સ્થાપિત થવો જ જોઈએ. જોકે આ ભેદ તમને તો ગેરવાજબી જ લાગે છે. અરે ! ઘણાને તો અનાર્યોના આચાર-વિચાર ઊંચા લાગે છે ! ત્યાંની પ્રજામાં સંપૂર્ણ દુર્ગુણો છે તેવું નથી અને ઘણા સદ્‌ગુણો છે તેવુંય નથી; પણ છેલ્લાં ૨૦૦ વર્ષોમાં તેઓની ઘણી ભૌતિક ઉન્નતિ થઈ છે. તેમને ત્યાં વિપુલ સંપત્તિના કારણે જીવનધોરણો ઊંચાં છે, પણ સદાચારની કોઈ જ કિંમત નથી. Character-ચારિત્ર જેવી કોઈ વસ્તુ નથી. Freedomના-સ્વતંત્રતાના નામે

કેટલાંય ઘોર પાપો સેવાય છે. તેમની સમાજવ્યવસ્થાના પાયામાં જ માનવજાતને આવશ્યક કૌટુંબિક લાગણીઓનો અભાવ છે. તે પ્રજા અમુક સ્તરની નીતિ પાળે છે, પરંતુ એકંદરે ગુણવત્તાની દૃષ્ટિએ પ્રજાનું ધોરણ ઘણું નીચું છે. ભગવાન પણ જો રાગ-દ્વેષથી માનવ-માનવ વચ્ચે ભેદ કરે તો તેમને પણ પાપ બંધાય. પરંતુ મનુષ્યજાતિમાં આર્ય-અનાર્યનો ભેદ અનાદિથી કાયમ ખાતે ચાલ્યો આવે છે. બંનેનો સંસ્કાર-વારસો અત્યારે પણ પ્રત્યક્ષ દેખાય છે. આમ, આર્ય કરતાં અનાર્યના આચાર-વિચારો જો હલકા હોય તો બંનેના દાનમાં પણ તફાવત આવશે જ. તેમનું દાન ઊતરતી કક્ષાનું જ રહેવાનું, કારણ તેમના આચાર-વિચાર હલકા છે.

આર્યદેશના અન્નદાનમાં જે રિવાજો છે તેમાં અહિંસકતા, સાત્ત્વિકતા ઘણી જ છે, જ્યારે અનાર્યદેશના આહાર-પાણીમાં હિંસા અને તામસિકતા ઘણી છે, ને ભૂખ્યાને અન્નદાનમાં પણ તેવી જ વસ્તુઓ આપશે; જેમાં ઘણા પ્રકારની હિંસા સમાયેલી છે. તેઓ કદાચ માનવ પ્રત્યે તો દયાબુદ્ધિથી જોશે, પણ પશુ પ્રત્યે તો ઘણા જ ક્રૂર હોય છે. તેઓને ત્યાં અભક્ષ્ય, અપેય, અખાદ્ય, વસ્તુઓ રોજિંદી વપરાતી હોય છે, તેથી તેમને તામસી ને વિકારી અન્નદાન જ હોય. પોતાના લેવલ પ્રમાણે તેઓ અન્નદાન આપે છે. દયાબુદ્ધિથી અન્નદાન કરે તો પણ અવિવેકને કારણે તેમનું દાન હલકું ગણાશે. તે જ પ્રમાણે વસ્ત્ર-ઔષધ-આજીવિકાદાનમાં પણ સમજવું. આમ અનાર્યોના અનુકંપાદાનમાં ભક્ષ્ય, અભક્ષ્ય, પેય, અપેયનો વિવેક નથી. થોડા શુભપરિણામો હોય પણ અશુભપરિણામ વધારે છે, તેથી હલકું દાન ગણાશે.

**સભા :-** ઓછું પુણ્ય બંધાય છે અને પાપ વધારે બંધાય છે, તો શું કામ દાન આપે?

**સાહેબજી :-** દાન નહિ આપે તો પાપબંધથી અટકી જવાના નથી, માત્ર જે થોડું પુણ્ય બંધાય છે તે પણ નહીં બંધાય. દાન ન આપે તો પણ તેમના જીવનમાં હિંસક ભાવો ઘટી જતા નથી. અનાર્યદેશમાં જનમવાના કારણે સ્વાભાવિક પ્રાપ્ત થતી વૃત્તિઓનો પાપબંધ તો ચાલુ જ છે. હિંસા એમને ત્યાં પરંપરાથી ચાલી આવે છે. જેમ શાકભાજી સમારવી તમને સ્વાભાવિક લાગે છે, તેમ તેઓ પણ પ્રાણીહિંસા આદિથી ટેવાઈ ગયા છે.

**સભા :-** અનાર્યપ્રજાનો પૈસો અહીંયાં વાપરીએ તો ?

**સાહેબજી :-**અનાર્યપ્રજાનો ખુદનો કે અહીંથી ત્યાં ગયેલા જૈનો જે છે તેમનો?

અહીંથી ગયેલા તો આર્ય જ કહેવાશે. દેવ-ગુરુ-ધર્મને છોડીને કમાવા કે ભોગની સામગ્રી મેળવવા ખાતર અહીંથી ત્યાં અનાર્ય ભૂમિમાં ગયા છે, તેમનામાં અનાર્ય લોહીના સંસ્કાર નથી. વળી પૈસા ઉપર કોઈ આર્ય-અનાર્યની છાપ નથી. પૈસા ધર્મક્ષેત્રમાં કેવી રીતે વાપરવા તે આગળ આવશે. એમાં તો ઘણી જ જટિલતા છે. અત્યારે તો સમાજમાં એવું મનાય છે કે blackનો-બે નંબરનો પૈસો ધર્મના કામમાં વપરાય તો ધર્મનું કામ પણ મેલું થાય. જોકે આપણાં શાસ્ત્રો સાધનશુદ્ધિને માને છે, ધન એ દાન દ્વારા સત્કાર્ય કરવાનું સાધન છે, તે શુદ્ધ હોય તો વધારે લાભ છે. તેનું વિવેચન આગળ આવશે. પૈસાનો સંબંધ જાતિ સાથે ગોઠવવાનો નથી. તમારો પૈસો કે બીજાનો પૈસો તેમાં ભેદ નથી પડતો, પણ કમાવાની રીત પર ભેદ પડે છે.

## આર્યદેશમાં અનુકંપાદાન સહજ પ્રચલિત છે અને આર્યધર્મોમાં વિવિધ પ્રકારે તેનો ઉપદેશ છે :

દરેક સમાજમાં અનુકંપાદાન પ્રચલિત હોય છે. સમાજમાં વિકૃતિ કે સ્વાર્થ વધે તો અનુકંપાદાનમાં ઘટાડો આવે છે. Foreignમાં-પરદેશમાં અત્યારે ઘણાં અનુકંપાનાં ક્ષેત્રો બંધ કરી દીધાં છે; જેમ કે ભિખારીને ભીખ માંગવાનો અધિકાર નહિ, દીન-દુઃખી-લૂલા-લંગડાની જવાબદારી સરકાર લે છે; પછી ભલે સરકાર તમારી પાસેથી ટેક્ષ લઈને તેમને સાચવે, આમાં દીન-દુઃખીની માવજત થવા છતાં દાનનો ભાવ-ગુણ રહેતો નથી. માર્ગાનુસારીના ગુણમાં આવે છે કે સમાજના નબળાવર્ગને, સ્વેચ્છાએ દયાબુદ્ધિથી શક્તિ પ્રમાણે સાચવવા, તેમની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવી; કારણ કે આપણે સદ્ધર છીએ,તેથી સમાજના નબળા વર્ગને સાચવવાની આપણી ફરજ છે. સમાજનું આપણા પર ઋણ છે, આવા શુભભાવથી સાચવતા. વળી નબળાવર્ગને થતું કે સમાજ અમને સાચવે છે, તેથી તેમના મનમાં ઉપકૃતતાનો ભાવ રહેતો. આમ, બંને બાજુ શુભભાવ હોવાના કારણે પુણ્ય બંધાતું.

અજૈન આર્યધર્મોમાં પણ શક્તિ મુજબ દયા-પરોપકાર આદિ ભાવો કરવાના કહ્યા છે. તેમનાં શાસ્ત્રોમાં પણ 'અતિથિ દેવો ભવ', 'આંગણે આવેલો ખાલી હાથે પાછો ન જાય', 'થોડું પણ આપીને જમો' વગેરે કહેવાયું છે. ગૃહસ્થાશ્રમના ધર્મો દર્શાવતાં દયા-દાન-પરોપકારનાં કર્તવ્યો ઉપદેશ્યાં છે. ગૃહસ્થ ભોગ ભોગવીને માત્ર પાપ ન બાંધે, પરંતુ તે જ ભોગસામગ્રીથી સત્કાર્યો પણ કરે, જેથી પુણ્ય બંધાય તેવી તેમની પ્રેરણા છે. જમતાં પહેલાં ઈષ્ટ દેવ-સંન્યાસી-પવિત્ર બ્રાહ્મણો આદિની

ભક્તિ કરીને દીન-દુઃખી માનવો અને પશુ-પંખીને પણ અન્નદાન કરીને ભોજન કરવું તેવી આર્યપરંપરા હતી. ગૃહસ્થને ભાણે બેસીને સીધા ઝાપટી લઇએ તેવી ભાવના ન જોઈએ. છતાં પણ જૈન ન હોય તો તેને અનુકંપાદાન કરતી વખતે અભક્ષ્ય, રાત્રિભોજન, વિદળ આદિનો વિચાર ન જ આવે; વળી, આ પ્રકારના દાનથી અધર્મ કે પાપની પરંપરાને પુષ્ટિ મળે છે, તેવો વિચાર પણ તેમને સ્ફુરતો નથી; જ્યારે જૈનને તો તેની અનુકંપામાં પણ આ ભક્ષ્યાભક્ષ્યની દૃષ્ટિ ભળેલી જ હોય છે. તેવી જ રીતે વસ્ત્ર, ઔષધ વગેરેના દાનમાં પણ ભેદ પડશે. વૈદિક પરંપરામાં ભૂદાન, ગોદાન, કન્યાદાન, તળાવો ખોદાવવા, બગીચા બંધાવવા આદિ પણ અનુકંપાદાનનાં કાર્યો છે. જ્યારે જૈન હશે તો આ બધાં દાનોમાં ઘણો જ વિવેક કરશે. સ્વયં જેવું જીવન હોય તેની ગુણવત્તાને અનુરૂપ પ્રવૃત્તિ અને ભાવમાં ફરક પડશે. ઈતર ધર્મમાં કન્યાદાનને મોટું દાન કહ્યું છે. તેઓ કન્યાદાને પાછળ લાખો રૂપિયા ખરચે છે અને તેને ઉત્તમ કાર્ય માને છે. પરંતુ કન્યાદાન, ભૂદાન, ગોદાન વગેરેને અનુકંપા તરીકે આપણે ત્યાં સ્થાન નથી.

જે જીવો ધર્મહીન છે અને પાપના ઉદયથી દુઃખી છે, તેની પણ દયા કારણાર્થ કરવાની છે, કે તમે મોજમજા ફરતાં હો અને આવા દુઃખીને કાંઈ ન આપો તો તમારાં હૃદય કઠોર-નિષ્ઠુર થઈ જશે. તેથી તેઓને ખાવાપીવાની પ્રાથમિક જરૂરિયાત પૂરતી મદદ કરવાની છે. ધર્માત્મા માટે આટલું ઔચિત્ય છે, બાકી પાપમય જીવન જીવનારાને મોજમજાનાં સાધનો વસાવી આપવાની જવાબદારી નથી રહેતી.

**સભા :-** પાલિતાણાની જાત્રા કરવી હોય તો તેઓને કરાવાય ?

**સાહેબજી :-** ભક્તિથી જાત્રા કરવા માગતા હોય તો કરાવાય, પણ હરવા-ફરવાના સ્થાન તરીકે પર્યટનરૂપે ન કરાવાય. હાલમાં ટુરિસ્ટો પ્રાચીન કલાકૃતિ કે સારાં સારાં દેરાસરો વગેરેને જોવા માટે કુતૂહલથી આવે છે. આ લોકો દેરાસરમાં પાંચ મિનિટ પણ ન બેસે, પરંતુ કોતરણી જોવા કલાકો કાઢે.

**સભા :-** સારો ભાવ આવી જાય તો ?

**સાહેબજી :-** કોઈને આવી જાય એવું બને, પણ એકંદરે નુકસાન છે. કારણ કે બહારથી આવેલા મંદિરની મર્યાદા ન જ પાળે. તેમને મન તો ભગવાન રમકડા જ લાગે, કલાકૃતિની દૃષ્ટિએ સ્થાપના છે એમ જ માને. પરંતુ તેને અધ્યાત્મના દૃષ્ટિકોણથી પરમાત્માની સાથે અનુસંધાન કરવાનું સ્થાન તો ન જ માને.

મંદિરની મર્યાદા તથા શિસ્ત પાળતો હોય અને ભક્તિથી દર્શન કરવા આવે તો વાંધો નથી, પણ તેવા બહુ ઓછા હોય છે. મેલાં અશુદ્ધ કપડાં હોય, ગમે ત્યાં અડકે, ભગવાનને પણ ઊંધા-ચત્તા કરે, મન થાય તો ફોટાઓ પાડે, પૂજારીને બે પાંચની નોટ પકડાવી દે, પછી ગમે તે કરે પણ રોકટોક નહીં. ઘણી વખત મંદિરની અંદરથી સિગારેટનાં ઠૂંઠાં પણ મળી આવે. ધર્મસ્થાનકમાં ધર્મની મર્યાદાઓને તોડે તે તો ન જ ચાલે, આવવા માત્રથી ભાવ થઈ જાય તેવું મનાય નહીં.

તીર્થ તો આપણને વારસામાં મળેલી અદ્ભુત મૂડી છે. આટલું પવિત્ર વાતાવરણ બીજે ક્યાંય મળે નહીં. હજારો વર્ષોથી પવિત્ર આત્માઓથી આ ભૂમિ સેવાઇ હોય છે. અત્યંત પવિત્ર આરાધનાનાં શુભ પરમાણુઓથી વાસિત થયેલી ભૂમિમાંથી આપણે કંઇક પામવાનું છે. માટે આવી આપણી પવિત્ર તીર્થભૂમિઓમાં ક્યાંયે વિકૃતિ ન આવે તે ચોક્કસ જોવું પડે. તેમને ભક્તિનું સ્થાન લાગતું હોય તો ભલે આવે, પણ નીતિનિયમો સચવાવા જ જોઈએ; ફક્ત ઇંદ્રિયોના આનંદ-મોજમજા માટે ન જવાય. અને આ નિયંત્રણ અવશ્ય જળવાવું જોઈએ, ન જળવાય તો તેમને આવવા દેવાય નહિ.

**વૈદિકધર્મમાં ગણાયેલાં અનુકંપાનાં ઘણાં ધર્મકાર્યો જૈનઅનુકંપાના ક્ષેત્રમાં આવતાં નથી :**

**સભા :-** ભૂદાન-ગોદાન એ આશ્રયદાન કે આજીવિકાદાનમાં ન ગણાય ?

**સાહેબજી :-** વૈદિક ધર્મમાં ગાય, ભૂમિને પવિત્ર માન્યાં છે. તેમના ધર્મનું માળખું આપણા કરતાં જુદું છે. તેઓ ગાયને ઇશ્વરનો અંશ માને છે. તેમને ત્યાં શંકરાચાર્ય જગદ્‌ગુરુના સ્થાને છે, છતાં પણ ગાયને પગે લાગે છે. ગાય પવિત્ર-પૂજ્ય છે ને અનેક દેવતાઓનો તેમાં વાસ છે, તેવી તેઓની બુદ્ધિ છે. પરંતુ આ જૈનસિદ્ધાંતને સંમત નથી. અપૂજ્યમાં પૂજ્યબુદ્ધિ મિથ્યાત્વ છે. ગુણયુક્તમાં જ પૂજ્યબુદ્ધિ હોવી જોઈએ. ગાયમાં સંતો કરતાં વધારે ઊંચા ગુણો નથી. તે તો પામર પશુ છે, બિચારી રખડી-રખડીને પેટ ભરે છે. તેઓ એમ માને છે કે ગાયના પૂંછડામાં ૩૩ કરોડ દેવતાઓનો વાસ છે. પરંતુ તેના પૂંછડા પર તો બગાઇઓ ફરતી હોય છે, કીટમય અશુચિ આદિને તે ખાતી હોય છે. તેથી એને પૂજ્ય માનીને ચલાય જ નહીં. વૈદિક ધર્મમાં ધર્મનું સામાજિકરણ થયું છે, જ્યારે આપણા ધર્મમાં social

work-સામાજિક કાર્ય અને religious work-ધાર્મિક કાર્ય જુદાં છે. તેમને ત્યાં ઘણું ભેળસેળ થઈ ગયું છે. ગાય સામાજિક ક્ષેત્રે ઉપયોગી છે, તેથી દાન આપવાનું ચાલુ થયું. પરંતુ આજીવિકા માટે ગાય આપો તો આજીવિકાનું દાન થયું, પણ તે પવિત્ર ગોદાન તરીકે ન અપાય. તેમનામાં કન્યાદાનને પણ પવિત્ર કહ્યું છે, પુણ્યનું કામ ગણ્યું છે. તેઓએ તો સંતતિને પણ સદ્‌ગતિનું કારણ માન્યું છે. તેઓ માને છે કે જેને સંતાન નથી તેઓ મરીને દુર્ગતિમાં જાય છે, સદ્‌ગતિ પામવા સંતાન હોવું જોઈએ. આમ, અર્થાપત્તિથી તેમણે અબ્રહ્મને સમર્થન આપ્યું કહેવાય. પ્રજોત્પત્તિને પણ ધર્મનું કામ કહ્યું. આ બધાં દાન જૈનઅનુકંપામાં આવે નહીં. જૈનશાસ્ત્ર પ્રમાણે ધર્મબુદ્ધિથી કન્યાદાન પાપ છે. કારણ, સંસાર માંડવો તે જ પાપ છે. અબ્રહ્મ પાપ છે, તેથી તેનાં સાધનો ઊભાં કરી આપવાં તે પણ પાપ છે.

જૈનઅનુકંપામાં કૂતરાને રોટલા નાખવા, ગાયને ઘાસ નાંખવું, પંખીને ચણ નાંખવું વગેરે આવે. પાંજરાપોળ તથા અન્નક્ષેત્ર વગેરે બધાં જ તેમાં આવે. અનુકંપાના પેટાભેદ તરીકે હજાર ભેદ છે, પણ આપણે સંક્ષેપમાં પાંચ ભેદ કર્યા છે. આ પાંચ ભેદને પણ જૈન, અન્ય ધર્મવાળા લોકો કરતાં જુદી રીતે આચરશે. કારણ કે અનુકંપા માટે જૈનોનો અભિગમ અત્યંત જુદો છે.

## જૈનધર્મની જીવમાત્રવ્યાપી અનુકંપામાં રહેલી સૂક્ષ્મ વિચારણા :

જૈનધર્મ તો જગતના દુઃખી જીવમાત્રની અનુકંપાને વિચારનારો છે. તેથી ક્ષુદ્ર જીવજંતુઓ કે અલ્પવિકસિત એકેન્દ્રિયો આદિ જીવોની પણ અનુકંપાના (જયણાના) ઉપાયો સૂચવે છે. અરે ! સુપાત્રની ભક્તિ કરતાં થતી નબળા જીવોની હિંસામાં પણ ધર્માત્માને અનુકંપાનો અખંડ ભાવ જાળવવાનો દર્શાવે છે. દા.ત. ઉત્તમમાં ઉત્તમ ભાવથી શ્રાવક પરમાત્માની દ્રવ્યપૂજા કરે ત્યારે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના જીવોની જે હિંસા થાય છે, પ્રતિમા કે મંદિર બનાવતાં પૃથ્વીકાયના જીવોની, પ્રક્ષાલ આદિ કરતાં અપ્કાયના જીવોની, દીવો વગેરે કરતાં અગ્નિકાયના જીવોની, પંખો કે ચામર ઢાળતાં વાયુકાયના જીવોની અને ફૂલ વગેરે ચડાવતાં વનસ્પતિકાયના જીવોની અસંખ્ય અસંખ્ય સંખ્યામાં હિંસા થાય છે, આ જીવો પર પણ અનુકંપાના પરિણામ જાગ્રત રાખીને શ્રાવકે પ્રભુભક્તિ કરવાની છે. **તેથી શાસ્ત્રમાં વિધિ છે કે જિનાજ્ઞા પ્રમાણે ભવ્યતાપૂર્વક દ્રવ્યપૂજા કરીને ધર્માત્મા શ્રાવક મનમાં વિચારે કે, "આ પરમતત્ત્વની આકર્ષક અંગરચના કે ઉત્તમ વિધિપૂર્વકની**

ઉદારતાયુક્ત દ્રવ્યપૂજા જોઈને લાયક જીવો બોધિબીજ પ્રાપ્ત કરે અને તેના દ્વારા આગળ વધીને ભવિષ્યમાં આ છકાય જીવના રક્ષક બને. તેમ જ મને પણ પરમાત્મપૂજાના ફળરૂપે શીઘ્રતાથી ચારિત્રની પ્રાપ્તિ થાય અને હું પણ આ છકાયના જીવોનો રક્ષક બનું.''

**સભા :-** પુષ્પ આદિના જીવો જાત સમર્પણ કરીને ધન્ય બને છે ?

**સાહેબજી :-** આ જીવોને સમર્પિત થવાનો કોઈ ભાવ જ નથી, પણ જિનપ્રતિમા પર ચઢતા જીવોની ભવ્ય તરીકે છાપ નક્કી થાય છે. અભવ્ય હતા તે ભવ્ય થઈ ગયા તેવું નથી, પણ જે પ્રભુની પ્રતિમા પર ચઢ્યા તે ભવ્ય જ છે, માત્ર તમે જાણતા નહોતા એવી તેમની ભવ્યતાનું પ્રમાણ તમને મળ્યું, બાકી એ જીવોને કાંઈ વિશેષ લાભ નથી થતો. કારણ કે ભગવાન પર ચઢવાથી હું ધન્ય બનું એવો કોઈ શુભભાવ તેમને નથી હોતો. ઊલટાની તેમને તો અકળામણ-પીડા હોય છે. **મારામાં શુભભાવ હોય તો જ મને પુણ્ય મળે. તમારામાં શુભભાવ હોય તો જ તમને પુણ્ય મળે. તેમ તે જીવોમાં શુભભાવ હોય તો જ તેમને પુણ્ય મળે.**

વૈદિક ધર્મમાં લખ્યું છે કે યજ્ઞ કરતાં પશુ હોમો તો તે પશુઓનો ઉદ્ધાર થઈ જાય. તેનો શાસ્ત્રકારોએ જવાબ આપતાં લખ્યું કે તો પછી તમારો પોતાનો જ હોમ કરવો જોઈએ. આ રીતે અર્પણ થવાથી જો ધન્ય બની જવાતું હોય તો તમારે જ મસ્તકપૂજા દ્વારા અર્પણ થવું જોઈએ.

**સભા :-** ભગવાનના ખોળામાં રૂપિયાની નોટ મૂકે તે શું અડાડાય ? સિક્કો અડાડે તો ચાલે ?

**સાહેબજી :-** લોખંડ હલકું દ્રવ્ય કહેવાય. લોખંડની વસ્તુ જ દેરાસરમાં લઈ ન જવાય. અશુદ્ધ દ્રવ્ય દેરાસરમાં લઈ જવું તે આશાતના છે. ભાવશુદ્ધિ માટે આ સાધનશુદ્ધિના નિયમો મૂક્યા છે. પ્રતિમાને સ્પર્શવા અંગે તો અનેક ખોટા પ્રવાહ ચાલ્યા છે. જેમ તમે તો આખું માથું જ ભગવાનના ખોળે અડાડો છો. પણ વિધિ પ્રમાણે હાથને છોડીને બીજા અંગથી ભગવાનને અડાય જ નહીં. હાથની પણ છૂટ એટલા માટે આપી કે તેના સિવાય પૂજા કરી શકાય જ નહીં. વળી હાથ પણ ચોખ્ખા પાણીથી ધોઈને સ્વચ્છ વસ્ત્રથી લૂછવા જોઈએ. ત્યારબાદ પૂજાનાં કપડાને પણ ન અડાય. તમે તો ત્યાં જ ખમાસમણું આપો. હાથ જમીન પર અડાડી પાછા તે જ હાથે ભગવાનની પૂજા કરો. જાણે ભગવાન તો તમારા કબજામાં છે, તેથી ગમે તેમ વર્તો

તો ચાલે. અરે ! પૂજા કરતાં તમારા હાથ શરીરને અડે તો પણ ધોવા પડે.

**સભા :-** અમને તેવું જ્ઞાન નથી.

**સાહેબજી :-** દરેક ક્ષેત્રમાં ટ્રેઈનિંગ લો છો. અહીં પૂજા કરવી છે તો વિધિ જાણવાની જરૂર લાગવી જ જોઈએ. પ્રભુને ગમે તે રીતે સ્પર્શ ન જ કરાય.

**સભા :-** બે કલાક ઊભા રહીને પૂજા કરવાની આવે તો શું થાય ?

**સાહેબજી :-** પાણીનો કળશ તથા ચોખ્ખું કપડું સાથે લઈને ઊભા રહેવાનું. મુખકોશ બાંધ્યા પછી પણ હાથ ધોયા સિવાય પૂજા ન થાય.

**સભા :-** મોજા જ પહેરી લઈએ તો ?

**સાહેબજી :-** હાથને ચોખ્ખા નથી રાખી શકતા તો મોજાને ચોખ્ખા રાખી શકશો? બકરું કાઢતાં ઊંટ પેસે તેવું છે.

# ૯

**તા. ૨૯-૭-૯૪, શુક્રવાર.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રની હિતચિંતાનો પ્રબોધ કરનારા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જૈનશાસનમાં પોતાના આત્માના પરાકાષ્ઠાના વિકાસનો વિચાર છે, સાથે જગતની હિતચિંતાનો પણ વિચાર છે. જૈનશાસ્ત્રમાં દયાધર્મનું ફલક ઘણું વિશાળ છે. બીજા કોઈ ધર્મમાં આટલી સૂક્ષ્મ દયા નથી બતાવી. પ્રભુશાસનની દયા, માનવદયા સુધી મર્યાદિત નથી. પ્રાણીદયાનો પણ તેણે સ્વીકાર કર્યો છે અને એથીએ આગળ વધીને સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ જીવોની દયા પણ બતાવી છે. આ અભિગમ સમજાવવા પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ ઉદાહરણ તરીકે એકેન્દ્રિય જીવોને લીધા છે.

એકેન્દ્રિય જીવો અત્યંત અવિકસિત ગણાય. દુનિયાનો મોટા ભાગનો વર્ગ તો આ જીવોને જીવ તરીકે જ નથી માનતો. વનસ્પતિમાં જીવ છે તેવો ઉલ્લેખ વૈદિક ધર્મમાં છે, પણ સૂક્ષ્મ જયણાનો તેમાં કોઈ ઉપદેશ નથી. જૈનશાસનમાં જ આ જીવોની દયા-જયણા બતાવી છે.

જે લોકોનું હૃદય ઘણું જ કોમળ હોય, મનમાં દયા ઉત્કૃષ્ટ હોય, "પોતાની જેમ જ બીજા જીવોને સુખદુઃખની લાગણી છે," એવી માન્યતાવાળા જ જૈનધર્મની દયાને સ્વીકારી શકે છે. પરંતુ અત્યારે જૈનકુળમાં જન્મેલામાં પણ આવો વિચાર કરનારા ઓછા છે. કદાચ વનસ્પતિ સુધી જીવ માને, પણ પૃથ્વી અપ્, તેઉ, વાયુમાં જીવ માનનારા ઘણા જ ઓછા છે. તીર્થંકરકથિત છકાયના જીવોની શ્રદ્ધા ઘણા ઓછાને છે. તેથી તેમની રક્ષાનો ખ્યાલ ન જ આવે. વળી રોજ હિંસા કરતા હોવાથી રૂટિન થઈ જાય. પરંતુ જૈનશાસ્ત્રોએ અનુકંપાની બાબતમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવ પણ આવરી લીધા છે.

## જૈનઅનુકંપાની વ્યાખ્યા :

શ્રાવક ભક્તિભાવથી જિનપૂજા કરે છે ત્યારે પણ આ પૃથ્વીકાય, અપ્કાય વગેરે નબળા જીવો મરી રહ્યા છે, છતાં તેમની ઉપર અનુકંપાભાવ કરવાનો કહ્યો છે. પૂજામાં છકાયના જીવોની હિંસા પ્રત્યક્ષ દેખાય છે, છતાં શાસ્ત્રો દ્વારા દાવો અનુકંપાનો કરાય છે. અહીં એક બાજુ જીવ મરી રહ્યા છે, અને તેના ઉપર તેને અનુકંપાનો ભાવ છે; આમ, વિરોધાભાસી કથનનો મેળ ન જ બેસે, તેથી વિસ્તારથી સમજાવવા જૈનઅનુકંપાની વ્યાખ્યા કરી કે **જ્યાં અલ્પ જીવોને પીડા હોય અને અધિક જીવોને સુખ-શાંતિનું પ્રદાન હોય, તેવી પ્રવૃત્તિ અનુકંપામાં ગણાય છે.** તમે કોઈનું દુઃખ દૂર કરવા નીકળો અને એનાથી બીજા ઘણા જીવોને દુઃખ થાય તેમ જ ઓછાને સુખ-શાંતિ થાય, તેવી પ્રવૃત્તિને જૈનઅનુકંપામાં ગણવામાં આવી નથી. દા.ત. ભૂખ્યાને ભોજન આપો ત્યારે ૨-૪ કલાક સુધી તેની ભૂખ દૂર થશે; આ જે ચાર કલાક તેને શાંતિ મળે તે માટે જે અન્ન આદિ રાંધવું પડ્યું, તેમાં છકાયના જીવોની હિંસા છે. અહીં અનેકને ત્રાસ થશે અને એકને કામચલાઉ શાંતિ થશે. એક જીવને મહત્ત્વ આપવા બીજા અનેકનો નાશ થયો. વાસ્તવમાં અલ્પ જીવોને દુઃખ થાય અને અધિકને શાંતિ થાય તેવા પ્રકારના પુરુષાર્થવાળી પ્રવૃત્તિને જ સાચી અનુકંપા કહેવાય. અડધો મણ ઘાસ ગાયને નાખો તો ગાયને ધરપત થશે, પણ કેટલાય ઘાસના જીવોનો કચ્ચરઘાણ નીકળી જશે, કેમ કે વનસ્પતિમાં પણ ચેતના તો છે જ. માટે આને અનુકંપા કેમ ગણવી તે જ પ્રશ્ન છે. આ તો બહુ જ ગંભીર વાતો છે. કયા ભાવથી જૈનઅનુકંપા કરવાની એના એક પછી એક ખુલાસા ક્રમસર આ ગ્રંથમાં આવશે.

## સ્થૂલ-સ્થૂલતર અને સૂક્ષ્મ-સૂક્ષ્મતર દયાની પ્રવૃત્તિઓ : સ્થૂલમાંથી સૂક્ષ્મ તરફ અભિગમ :

અલ્પ જીવોને ત્રાસ હોય અને અધિકને શાંતિ થાય તેવી પ્રવૃત્તિને જ જૈનઅનુકંપામાં લેવા માંગીએ છીએ. તેથી વર્તમાન દુનિયામાં કહેવાતી મોટાભાગની અનુકંપાની પ્રવૃત્તિઓ બાકાત થશે. આપણા ભગવાને ફક્ત માનવદયા કે પ્રાણીદયાને જ આદર્શ તરીકે ન મૂક્યાં પણ સૂક્ષ્મ જીવમાત્રની દયા-જયણા કરવાની કહી છે.તેથી જિનપૂજા કરતી વખતે મરતા છકાયના જીવોને પણ અનુકંપ્યમાં ગણ્યા છે.

માનવદયા કે પ્રાણીદયા જ તમારા મગજમાં છે કે આગળ વધીને નાના જીવો સુધી પણ દયા કેળવવી છે ? ઘણાના મનમાં એકલી માનવદયા અથવા માનવદયા સાથે પ્રાણીદયા જ વસે છે. હાલના જૈનોમાં પણ પ્રાણીદયાનો ભાવ વિકસિત છે, તેથી જ જીવદયામાં અબજો રૂપિયા અપાય છે. બીજી કોમ કરતાં જૈનો પ્રાણીદયામાં વધારે દાન આપે છે. જૈનોના હૃદયમાં પ્રસંગે પ્રાણીદયા ઊભરાતી હોય છે, મૂંગાં પશુઓ માટે કાંઈક કરી છૂટવાની ભાવના હોય છે. પણ પ્રાણીદયાથી વધીને આગળ જીવદયા સુધી જવાનો તમારો અભિગમ ખરો ?

ગાંધીજીની અહિંસા તો ફક્ત માનવ પૂરતી જ મર્યાદિત હતી. માનવ દુઃખી હોય તો તેનાં દુઃખ-દર્દને દૂર કરવા પ્રયત્ન કરવો, તે તેમની દયાની વ્યાખ્યામાં આવશે, પણ પશુઓની દયા નથી આવતી. તેથી જ જ્યારે ગાંધીજીને પુછાયું કે તમે માંસાહારને ખરાબ માનો ખરા ? ત્યારે તેમણે જવાબ આપ્યો કે "દરેકની ખોરાકની પસંદગી પોતપોતાની મરજી આધારિત છે, તેથી માંસ ખાનારને અમે ખરાબ નથી કહેતા, મુસ્લિમ માંસાહાર કરતો હોય તો ટીકાટિપ્પણ નથી કરતા. અરે ! ખવડાવવું પડે તો એમાં પણ કોઈ વાંધો નથી." કારણ તેમની જીવહિંસા માનવ સુધી જ સીમિત છે.

પરંતુ આપણે સૃષ્ટિમાં માનવ તરીકે જન્મ્યા છીએ, તેથી આપણાં લાભ-નુકસાન માણસજાત સાથે જ સંકળાયેલાં છે; માટે સમષ્ટિગત લાભ મેળવવા માણસજાત સાથે જ સારું વર્તન કરવું, અને પશુઓ માટે જુદો અભિગમ રાખવો તે યોગ્ય નથી. પશુને પણ મારો તો રાડ પાડે છે ને પંપાળીએ તો ગેલમાં આવી જાય છે. સુખદુઃખની લાગણી તેઓ પણ સ્પષ્ટ વ્યક્ત કરી શકે છે. અત્યારે મેનકા ગાંધી પ્રાણીદયામાં ઘણો ભોગ આપે છે, તેમની સલામતી-રક્ષા માટે ઘણી મહેનત કરે છે, છતાં તેની દયા પણ જીવદયા સુધી નથી આવતી.

માનવ વિકસિત છે તેથી તેને જ જીવવાનો અધિકાર છે અને બીજા નાના નબળા જીવોને જીવવાનો અધિકાર નથી એવું ન મનાય. નબળા જીવો પ્રત્યે સદ્વ્યવહાર ન કરો તો અવશ્ય પાપ લાગે. જેમ મોટા જીવોને મારવાથી પાપ છે, તેમ નાના જીવોને મારો તો પણ પાપ છે. તમને અમુક પ્રકારની હિંસામાં માફી જોઈએ છે, પરંતુ જે જીવ, જીવ તરીકે જન્મ્યો છે તેને કુદરતમાં જીવવાનો સ્વતંત્ર અધિકાર છે, તેથી તેના તરફનું ગેરવર્તન ચોક્કસ પાપ છે; પછી ભલે તે નાનો જીવ હોય કે મોટો જીવ હોય.

**સભા :-** નાના જીવને મારીએ તો ઓછું પાપ, ને મોટા જીવને મારીએ તો વધારે પાપ બંધાય એવું ખરું ?

**સાહેબજી :-** એક નાના કંથવાને પણ જો તમે તીવ્ર ભાવે મારો તો ઘણું જ પાપ બંધાય, અને એક મોટા પશુને પણ મંદ ભાવથી મારો તો ઘણું ઓછું પાપ બંધાય. તમારા ઘરમાં માંકડ થયા હોય અને એક માંકડ રાત્રે પથારીમાં બહુ જ કરડતો હોય અને તે જો હાથમાં આવી જાય તો શું કરો ? તેના પ્રત્યે કેવો ભાવ આવે ? કે સાલો ક્યારનો લોહી પી રહ્યો છે ? તે વખતે તેને કેવા તીવ્ર ભાવથી મારો ? કોઈ વ્યક્તિ આવા તીવ્ર ભાવથી એક માંકડને મારે અને તેની સામે એક દયાળુ માણસ ગાડી લઈને જતો હોય અને કૂતરું અજાણતાં અડફેટમાં આવી જાય; માણસને કૂતરાને મારવાનો કોઈ જ ઇરાદો નથી, તે વખતે આ પંચેન્દ્રિય પ્રાણીહિંસા થવા છતાં તીવ્રભાવથી માંકડ મારવા કરતાં ઓછું પાપ બંધાય છે.

પંચેન્દ્રિયની હિંસા કરો તો જ વધારે પાપ લાગે, ને એકેન્દ્રિયની હિંસા કરો તો પાપ ઓછું લાગે તેવો એકાંત નથી. મોટા જીવની હિંસામાં મોટું પાપ ને નાના જીવની હિંસામાં નાનું પાપ, આવું બોલો તો તે ઉત્સૂત્ર ભાષણ છે. કોઈપણ જીવની હિંસા, હિંસા જ છે.

**સભા :-** આ બંને જીવની હિંસા કરતી વખતે ભાવ સમાન હોય તો ?

**સાહેબજી :-** સમાન પાપ બંધાય; પણ શાસ્ત્રમાં વ્યવહારનયની અપેક્ષાએ લખ્યું છે કે, જેટલો જીવ વિકસિત, તેટલો તેની હિંસા કરવામાં અશુભ ભાવ તીવ્ર થવાની શક્યતા છે, કારણ કે હૈયું વધારે કઠોર કરવું પડે છે.

દા.ત. એક પાંદડાને તોડો, ત્યારે તેને તો આંખ, કાન, નાક મોઢું કશું જ નથી; તેથી તેને દુઃખની લાગણી વ્યક્ત કરવાની શક્તિ જ નથી. તે બિચારું તરફડિયાં પણ મારી શકવાનું નથી, તેમ જ બચવા માટે ફાંફાં કે ચિચિયારી પણ મારી શકતું નથી. અતિ અવિકસિત હોવાથી સ્પષ્ટ લાગણી વ્યક્ત કરવાની તેનામાં ક્ષમતા જ નથી.

તેના બદલે તમે જ્યારે કૂતરાને મારવા જાઓ તો તે નાસી છૂટવા પ્રયત્ન કરશે, ચીસાચીસ કરશે, વેદનાની અભિવ્યક્તિરૂપે તરફડિયાં મારશે. તેથી જેટલો જીવ વિકસિત તેટલી તેની હિંસા કરવા હૈયું વધારે કઠોર કરવું પડશે; એકેન્દ્રિય જીવો દુઃખની લાગણી અભિવ્યક્ત કરી શકતા નથી અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવો દુઃખની લાગણીઓ જોરદાર વ્યક્ત કરે છે, તેથી તે જોવા છતાં પ્રહાર કરવામાં તમારે વધારે

ક્રૂર થવું પડશે, તેથી હિંસક ભાવ પણ વધશે; એ અપેક્ષાએ લખ્યું છે કે એકેન્દ્રિય કરતાં સંજ્ઞી પંચેન્દ્રિય જીવને મારતાં પાપ વધારે લાગે. વાસ્તવમાં ઓછી-વધતી કઠોરતાના ભાવ પ્રમાણે બંધ પડે છે.

**સભા :-** વિકસિત જીવને કોઈ મારવા આવે ત્યારે તે વિકસિત જીવને પણ વધારે કર્મબંધ થાય ?

**સાહેબજી :-** ઉપર જણાવ્યા મુજબ વિકસિત જીવને ચેતના વધારે છે, તેથી તે મારવા આવનાર વ્યક્તિને ઓળખી શકે છે, જોઈ શકે છે; કોઈ કારણ વગર મારે તેથી વધારે દ્વેષ થાય છે. મન વિકસિત હોવાના કારણે આર્તધ્યાન-રૌદ્રધ્યાન પ્રબળ થાય છે; જ્યારે પાંદડાને વિકસિત મન, ઇંદ્રિય નથી, તેથી તીવ્ર આર્ત-રૌદ્ર ધ્યાન થતું નથી.

સમ્યગ્દષ્ટિ જીવો ગાઢ ચારિત્રમોહનીયકર્મના કારણે સંસારમાં રહ્યા હોય છે. તેઓ કદાચ રાજા હોય તો તેમને યુદ્ધ પણ કરવાં પડે છે. તે વખતે લાખોનો સંહાર તેમના હાથે થાય છે. છતાં મંદ ભાવના કારણે તેઓ બહુ જ હળવું પાપ બાંધે છે. જ્યારે તેની સરખામણીમાં મિથ્યાદૃષ્ટિ જીવો નાના કીડી-મંકોડા મારતાં પણ તીવ્ર ભાવના કારણે વધારે પાપ બાંધે છે.

**સભા :-** એક મોટું પ્રાણી-ગાયને છોડાવવા કરતાં નાના ૮ કબૂતરને છોડાવવાં વધારે સારાં ?

**સાહેબજી :-** જીવદયા પૈસા કે નંગ ગણીને કરવાની નથી. તમારું હૃદય કોમળ રહે, તમારા ભાવો નિષ્ઠુર ને કઠોર ન થાય, તે માટે કરવાની છે. કતલ માટે જતા જીવની અનુકંપા કરવા પાછળ ભાવ સમજવા પડશે, નહિ તો મૂળ તત્ત્વ મરી જશે. મારો પોતાનો એક અનુભવ કહું.

વ્યાખ્યાનમાં જુવાનિયા આવતા. તેમાંથી એક જણ એક વખત મને કહે કે સાહેબ, આપણે સંવત્સરીના દિવસે જે જીવ છોડાવીએ, તેમાં તો કસાઇને ખબર જ હોય છે કે આ લોકો આજે જીવો છોડાવવા આવશે, આથી તૈયાર થઈને જ બેઠા હોય છે. આપણી પાસેથી દોઢા ભાવ લે છે, અને તે પૈસાથી પાછા બીજા જીવો બજારભાવે ખરીદીને પછી તેને મારે છે. આ તો ઊલમાંથી ચૂલમાં પડવા જેવું થયું. આ રીતે કસાઈઓના હાથ આપણે વધારે મજબૂત કરીએ છીએ. આવી જીવદયા કરવાનું આપણા શાસ્ત્રમાં ક્યાં લખ્યું છે ? ત્યારે જવાબમાં મેં તેને કહ્યું કે **તમારી**

**સામે આવેલા કોઈપણ જીવનું દુઃખ જોઈને, છતી શક્તિએ અવગણના કરીને તમે કઠોર ન થઈ જાઓ તે માટે તેની આવી અનુકંપા કરવાની છે. આમ તો તમારા સુખદુઃખની તમને ૨૪ કલાક ચિંતા હોય છે, જ્યારે તમારી સામે બીજો જીવ મોતના મુખમાં જતો હોય ત્યારે, તમે ૧૦૦-૨૦૦ રૂપિયા આપી બચાવવા તૈયાર ન થાઓ તો તમારું હૃદય કઠોર થઈ જશે. તમારા હૃદયને કઠોર ન રાખવા, સામે પ્રસંગ આવે ત્યારે જીવદયા કરવાની છે.** તમારી સામે ગાયની વાત હોય ત્યારે આઠ કબૂતરની વાત કરો તો કેવું અજુગતું લાગે ?

સંસારનું સ્વરૂપ જ એવું છે કે જીવો એક કે બીજી રીતે મરતા જ હોય છે, જેમાં સર્વત્ર આપણે કંઈ જ કરી શકતા નથી, પણ નજર સામે આવા પ્રસંગે દયા કરવાની છે. ભૂતકાળમાં તો મહાજનની સત્તા અને પ્રભાવ હોવાથી આવા પ્રશ્નો હતા જ નહીં. કારણ કે મહાજન પશુને છોડાવવા જે મૂલ્ય આપે તે પૈસો, કતલનો ધંધો કામચલાઉ બંધ કરવા નિમિત્તક કસાઈના કૌટુંબિક નિર્વાહ માટે જ વપરાતો. અત્યારે સમાજમાં મહાજનની સ્થિતિ કફોડી છે, અને કસાઈઓના વ્યવસાયને રાજ્ય તરફથી મજબૂત પ્રોત્સાહન છે, તેનું આ વિપરિણામ છે. છતાં હાલના સંયોગોમાં જૈનો પોતાના કોમળતાના ભાવ ટકાવવા કતલમાંથી પશુઓ છોડાવી પાંજરાપોળમાં મૂકે છે તે હિતકારી છે. બાકી તો **એક પશુને બચાવીને પાંજરાપોળમાં મૂકો, પછી તેને ભરણપોષણ માટે ઘાસ આદિના અનેક જીવો મારો, છતાં પણ આ પ્રવૃત્તિને જીવદયા કહી છે; કારણ કે તે વખતે તમારે તમારા ભાવ જાળવવાના છે, દિલમાં કઠોરતા ન પેસી જાય તેનું ધ્યાન રાખવાનું છે.**

**સભા :-** જીવદયાનો પૈસો રાખી શકાય ?

**સાહેબજી :-** જીવદયાનો પૈસો રખાય જ નહીં, અંતરાય થાય. છતે પૈસે, જીવ છૂટી શકે તેમ હોય છતાં પણ; વહીવટદાર તેને ન છોડાવે તો આડકતરો મારી નાંખ્યાનો દોષ લાગે. ધારો કે ભૂખ્યાને માટે તમને કોઈએ પૈસા આપ્યા હોય અને તમને એમ થાય કે ૨ મહિના પછી આપીશું, તો ત્યાં સુધી તે ભૂખ્યો ટળવળે તેનો તમને કેટલો અંતરાય લાગે !

**સભા :-** પાંજરાપોળ ન ચલાવાય ?

**સાહેબજી :-** પાંજરાપોળ ચલાવાય, પણ કયા ભાવથી ચલાવાય તે સમજવું પડે. અત્યારે આ વાત તો જીવોને માત્ર મોતમાંથી છોડાવવાની વાત નથી, પણ આપણા ભાવને સાચવવાની વાત છે.

જીવ છોડાવવાંના પૈસા જે શરતે લેવાયા હોય તે જ રીતે વપરાય, નહીંતર દાન લઈને જીવ ન છોડાવનારને હિંસાનું પાપ લાગશે. જીવદયાનો આશય નક્કી હોવો જોઈએ. દુષ્કાળ-ધરતીકંપ વગેરે માટે લેવાયેલું ફંડ માનવદયામાં જ વપરાય. જ્યારે પ્રાણીદયા માટે લેવાયેલું ફંડ પ્રાણી માટે જ વપરાય. આમ, સ્પષ્ટતા જોઈએ.

**સભા :-** સંઘમાં જે જીવદયાની પેટી મૂકી હોય છે, તે કેવી રીતે વપરાય ?

**સાહેબજી :-** તે પ્રાણીદયામાં જાય.

**સભા :-** એ જીવનું પાપકર્મ છે, માટે તેને ખાવાનું નથી મળતું ને ?

**સાહેબજી :-** તેઓનું પાપકર્મ છે, પણ દાનના પૈસા લઈને રાખી મૂકે તેને અંતરાયકર્મ બંધાય જ.

માનવદયા, પ્રાણીદયા, જીવદયા સુધી વ્યાપક જૈનધર્મમાં દયાનું ક્ષેત્ર છે, માટે કોઈપણ જીવની હિંસા એ પાપ છે. નાના જીવની હિંસામાં ઓછું પાપ, ને મોટા જીવની હિંસામાં મોટું પાપ, એવું એકાંતે ધોરણ ન બંધાય. આપણે વિકસિત ભવમાં છીએ, પશુઓ આપણાથી અવિકસિત છે, જ્યારે એકેન્દ્રિયના વિકાસનું સ્તર તો એકદમ નીચું છે. હવે જેનો વિકાસ વધારે તે વધુ શક્તિશાળી, પરંતુ તેથી તેને નાના જીવને મારવાનું લાઈસન્સ ન જ મળે. તમારા ઘરમાં પણ નાનું બાળક જન્મે ત્યારે કે પથારીમાં આળોટે ત્યારે કે ત્યાર બાદ જમીન પર ઘસડાઈને ચાલતું હોય ત્યારે, આ બધી અવસ્થામાં તમે તેની કેવી માવજત કરો છો ? પછી તે જ બાળક જેમ જેમ વધારે સશક્ત થતું જાય, તેમ માવજત ઓછી કરતા જાઓ છો. ટૂંકમાં જેમ નબળો વધુ તેમ માવજત વધારે, જેમ સબળો વધુ તેમ માવજત ઓછી. કુદરતમાં નબળા જીવોની હિંસા કરવી તે પણ પાપ છે. તેથી જ અમુક જીવોની હિંસા એ હિંસા, ને અમુક જીવોની હિંસા તે પાપ નહિ, આ સિદ્ધાંત બરાબર નથી. પ્રભુ મહાવીરે તો અહિંસામાં કોઈ જીવની બાદબાકી નથી કરી. તીર્થંકરોની દયામાં બધા જ જીવોનો સમાવેશ થાય છે. ધર્માત્માએ જીવમાત્રની જયણા પાળવી જોઈએ. દયામાં અમુક જીવને માનીતા કરવા ને અમુક જીવને અણમાનીતા કરવા તેવું નથી હોતું. તેથી અમુકના રક્ષણ માટે બીજાને મારવા તે પણ બરાબર નથી. માણસને ખવરાવવા પશુને ન મરાય, માટે જ માંસના દાનને આપણે ખરાબ કહીએ છીએ.

લોકવ્યવહારમાં જેટલું અનુકંપાનું કાર્ય ગણાય છે તેમાં અમુક જીવોને શાંતિ આપવા બીજા અનેકને અશાંતિ આપવી પડે છે. તેથી જ તેને જૈનઅનુકંપામાં નથી ગણતા.

**અહિંસાની વાતમાં તેરાપંથી અને સ્થાનકવાસીઓનો અર્ધજરતીય ન્યાય :**

જૈનોમાં તેરાપંથી પંથ નીકળ્યો, જે પ્રભુ મહાવીરના બીજા સિદ્ધાંતોને માને છે, પણ અહિંસાની વાતમાં તેઓ મૂંઝાઈ ગયા છે. સ્થાનકવાસી પણ ભ્રમિત છે કે પરમાત્માની ભક્તિમાં હિંસા ન કરાય. માટે તેઓ મૂર્તિપૂજાને નથી માનતા; મૂર્તિનો આકાર, વીતરાગતાના આકાર સામે તેમને વાંધો નથી.

**સભા :-** પથ્થરની ગાય જેમ દૂધ નથી આપતી, તેમ આ મૂર્તિ કશું ફળ નહિ આપે તેમ તેઓ માને છે.

**સાહેબજી :-** આકારનો વિરોધ હોય તો ફોટો પણ ન રાખવો જોઈએ. પથ્થરની ગાય જડ છે તેથી દૂધ નથી આપતી, પણ મનમાં ગાયની આબેહૂબ ઉપસ્થિતિ કરાવે છે. વળી જેટલી જડ વસ્તુ છે તેની અત્યારે તમારા મન પર અસર અવશ્ય થાય છે. જો કોઈ સારો કલાકાર હોય તો સિંહનું પૂતળું એવું આબેહૂબ બનાવે કે જોઈને તમને ડર લાગી જાય. આકારમાં પણ ભાવ ઉત્પન્ન કરવાની ચોક્કસ શક્તિ છે. બાકી પ્રભુનો આત્મા સિદ્ધશિલા પર છે, તે પ્રતિમામાં પ્રવિષ્ટ છે તેવું શાસ્ત્રકારોનું કહેવું નથી. માત્ર તેમના આકાર-મુદ્રા વગેરે આપણા ભાવોમાં પ્રાણ પૂરવા માટે આલંબન છે.

હિંસા છે તેથી જો પરમાત્માની પૂજા ત્યાજ્ય છે, તો ઉપાશ્રય(સ્થાનક) બાંધવામાં પણ હિંસા થાય છે, તો તે કેમ ત્યાજ્ય નહિ ? આ બધું અડધું સમજવાથી પંથો પડ્યા છે.

પરમાત્માની પૂજામાં તેઓને ફૂલની હિંસા દેખાય છે, પણ સંઘજમણમાં તો તેનાથી વધારે હિંસા થાય છે. અહીંયાં તો મંદિરમાં નાનો દીવો છે, ત્યાં તો મોટા ચૂલા સળગે છે. ફક્ત પરમાત્માની ભક્તિ કરતાં હિંસાનું પાપ લાગે ને સાધર્મિકભક્તિ કરતાં હિંસાનું પાપ ન લાગે, એમાં કોઈ તર્ક નથી. સ્થાનકવાસી પાંજરાપોળો ચલાવે છે, તેમને પ્રભુને ફૂલ ચડાવવામાં જ હિંસા દેખાય છે, પણ ગાયને ઘાસ ખવરાવવામાં હિંસા નથી દેખાતી.

તેરાપંથી પંથ તો એમ જ માને છે કે કોઇપણ જીવની દ્રવ્યદયા કરવી તે જ પાપ છે. તેરાપંથી પચ્ચક્ખાણ લે છે કે કબૂતરને ચણ નહિ નાખવી, ગાયને ઘાસ નહીં નાખવું, કૂતરાને રોટલા નહીં નાખવા, અન્નક્ષેત્રમાં દાન નહિ આપવું. કોઈ પણ જીવની માવજત કરતાં બીજા જીવો મરે છે માટે પાપ છે એવું તેમનું માનવું છે.

## જિનપૂજામાં અલ્પહિંસાના ફળરૂપે મહાઅહિંસાની પ્રાપ્તિની તાર્કિકતા :

**સભા :-** તેરાપંથી-સ્થાનકવાસીઓ અનેકાંતવાદને નહિ માનતા હોય ?

**સાહેબજી :-** જૈનઅનુકંપા સમજવામાં તેઓએ ઘણી જ ગેરસમજ કરી છે. હકીકત એ છે કે કોઈપણ જીવને બચાવવા જાઓ તો અન્ય જીવોની હિંસા તો આવશે જ, અરે ! સુપાત્રની ભક્તિ કરવામાં પણ જીવહિંસાનો સંભવ છે. છતાં અંતિમ ફળશ્રુતિરૂપે અધિક જીવોને સુખ-શાંતિ પ્રાપ્ત થતાં હોય તો અલ્પ હિંસાનું વળતર મહા અહિંસામાં પરિણમશે. તેથી અલ્પ હિંસામાં મરતા જીવો પ્રત્યે પણ અનુકંપાબુદ્ધિ અખંડિત છે. આ સંદર્ભમાં જ પૂ. ઉપાધ્યાયજી મહારાજે જિનપૂજા આદિમાં મૃત્યુ પામતા પૃથ્વીકાય આદિના જીવોનું અનુકંપ્ય તરીકે દૃષ્ટાંત આપ્યું.

તમારે પણ જિનપૂજા કરતાં મનમાં ભાવ એ જ રાખવાનો કે, મારી શક્તિ હોય તે પ્રમાણે ભવ્યતાપૂર્વક ભક્તિ, અંગરચના કરવાનું મારું કર્તવ્ય છે. તે ભાવનાથી લાખ ફૂલોથી આંગી કરાવો; આગળ વધીને આખું દેરાસર ફૂલોથી મઢી દો, દીવાની રોશની પણ એવી કરો કે આખું દેરાસર ઝળહળતું થાય. આ બધું કરવાથી જીવો તો અવશ્ય મરવાના જ છે, છતાં પણ આવું કરવાનું શાસ્ત્રકારોએ બતાવ્યું છે; કારણ કે પરમાત્મા એ અદ્વિતીય આત્મકલ્યાણનું આલંબન છે, જે મહાપુણ્યોદયે મળ્યું છે. દર્શન કરનારાઓમાં જો કોઈ લાયક જીવ હોય તો આ નિર્વિકારી મુદ્રાનાં દર્શન કરતાં જ બોધિબીજ પામી જાય. વીતરાગ પ્રત્યે અત્યંત અહોભાવ પેદા થવાથી તેને બોધિબીજની પ્રાપ્તિ થશે અને તેનાથી જ તેને ભવાંતરમાં પાછું આ શાસન મળશે, તેથી ફરીથી તેના અહિંસા આદિના પરિણામોના પ્રાગટ્યથી ચારિત્ર પ્રાપ્ત કરી છકાય જીવની રક્ષા કરશે. વળી, આ મુનિના આચાર અને ઉપદેશથી જગતના જીવો અહિંસા ધર્મને પામશે તેમજ આચરણ કરતા થશે, પરિણામે મામૂલી હિંસાનું ફળ અઢળક અહિંસારૂપે આવશે.

**સભા :-** ફૂલ ઝાડ પરથી નીચે પડે તે જ પ્રભુ માટે લેવાનાં ? કે તોડાય ખરાં ?

**સાહેબજી :-** આપમેળે પડે તે જ લેવાનાં તેવું એકાંતે નથી. વિધિ એ છે કે રાતરાણી, જૂઈ, પારિજાત વગેરે જે ફૂલો જાતે પડી જતાં હોય તેને તોડવાં નહીં, પરંતુ રાત્રે ઝાડ નીચે કપડું મૂકી રાખવું. સવારે તેમાંથી સારાં ફૂલોને લઈ વાપરવાં. પણ જે આપમેળે પડે તેવાં ફૂલો નથી પરંતુ તોડો નહીં તો ઝાડ પર જ કરમાઈ જાય, તેવાં ફૂલોને ચૂંટવાની આજ્ઞા છે. નહીંતર ગુલાબથી પૂજા તો કદી કરી શકાય નહીં.

આવાં ફૂલોને પણ તોડતી વખતે ઓછી પીડા થાય તે માટે તેમાં પણ જયણાનો વિવેક છે. તાંબાના, ચાંદીના કે સોનાના અણીદાર નખ બનાવવા જેથી અલ્પ પીડાએ તરત ચૂંટાઈ જાય. આ રીતની જયણાની વિધિ બતાવી છે. તે અનુસારે કરોડો ફૂલ ચઢાવો તો પણ દોષ નથી, ભક્તિની વૃદ્ધિ છે.

**સભા :-** ફૂલો સોયમાં ન પરોવાય ને ?

**સાહેબજી :-** ના, ન પરોવાય. જયણા પાળવાની આજ્ઞા છે. ફૂલ ચૂંટી લીધા પછી તે તરત જડ નથી થઈ જતાં. ભગવાનના અંગ પર ચઢાવો ત્યારે પણ જીવતાં હોય છે. માત્ર પોષણ માટેની જે ઝાડ સાથેની link-જોડાણ-કડી હતી.તે ચૂંટાવાથી કપાઈ ગઈ, પણ ચૂંટાયા પછી તત્કાલ નિર્જીવ થતાં નથી. માટે તેને ગમે તેમ પ્રભુના અંગ પર ખોસો કે સોયમાં પરોવો તે બરાબર નથી.

**સભા :-** પણ ફૂલ ચઢાવવામાં જીવહિંસા તો ખરી ને ?

**સાહેબજી :-** દરેક વર્ષે કલ્પસૂત્રમાં સાંભળો છો કે દેવતાઓ ભગવાનનો એક કરોડ અને સાઠ લાખ કળશોથી જન્માભિષેક કરે છે. પાછા કળશ પણ તમારી ટબૂડી જેવડા નહીં; પરંતુ યોજન પ્રમાણ હોય છે. ભગવાનનો આ રીતે પ્રક્ષાલ કરે તો અસંખ્ય-અસંખ્ય જીવો મરે છે. મહાવીર પ્રભુના જન્માભિષેકના અવસરે પ્રભુની કાયા અન્ય તીર્થંકરોની અપેક્ષાએ કદમાં નાની હોવાથી સૌધર્મેન્દ્રને પ્રભુ પ્રત્યેની અતિશય પ્રીતિને વશ મનમાં પ્રશ્ન થયો કે આટલા પાણીના ધોધને પ્રભુનો લઘુ દેહ કેમ સહન કરશે ? આ ઉપરથી તમે વિચારી શકો કે અભિષેકમાં કેટલું જળ વપરાતું હશે ! અને આ ભક્તિ કરનારા સમ્યગ્દષ્ટિ દેવતાઓ છે. તેથી અનુચિત ભક્તિનો સવાલ નથી.

તમે પૂજા કરતાં પાણીની ખોટી કરકસર કરો તો પણ પાપ લાગે. તમને એમ થાય કે જુદા જુદા અભિષેક કરીને આટલું બધું પાણી ઢોળવા કરતાં દસ જણ સાથે હાથ લગાડી અભિષેક કરી લે તો ચાલે તો તે પાપભાવ છે.

**સભા :-** ઉકાળેલા પાણીથી પ્રક્ષાલ કરીએ તો ?

**સાહેબજી :-** તમારે કાચું પાણી ન વાપરવું, તેવું પચ્ચક્ખાણ છે ? જો તમારે કાચા પાણીને અડવું પણ નહીં એવો નિયમ હોય તો અમે તમને પ્રક્ષાલ કરવાની ના પાડીશું. સાધુઓને કાચા પાણીને નહીં અડવાના જીવનભરનાં પચ્ચક્ખાણ હોવાથી પ્રક્ષાલ નથી જ કરવાનો. તમારા પોતાના ઉપયોગ માટે ગમે તેટલી ડોલો પાણી

વાપરવામાં તમને હિચકિચાટ નથી, અને અહીંયાં ભક્તિમાં જ કરકસર કરવી છે ? તમે પોતે અત્યારે જે હિંસામય જીવનમાં બેઠા છો તે પ્રમાણે પાણી-ફૂલ આદિનો ભક્તિ માટેનો ઉપયોગ બાધક નથી, પણ જયણા જરૂરી છે. આવી રીતે ઘણા પરિણામોનો મર્મ જુદા-જુદા પાસાંથી વિચારવો પડશે.

**સભા :-** દેરાસરમાં લાઇટ વપરાય ?

**સાહેબજી :-** લાઇટથી તમે દેરાસરમાં આધુનિકતા લાવો છો જેનો અમારે વિરોધ છે, પણ હિંસાની દૃષ્ટિએ વિરોધ નથી; કારણ કે દીવામાં પણ હિંસા તો છે જ, પણ દીવાથી મંદિરની ભવ્યતા સચવાય અને લાઇટથી જિનબિંબને નુકસાન થાય છે, તે દીવાથી ન થાય. ઉપરાંત ઘીના દીવાથી વાતાવરણમાં સાત્ત્વિકતા પણ રહે છે. તેથી લાઇટનો વિરોધ છે, બાકી ભક્તિનાં દ્રવ્યોના ઉત્પાદનમાં થતી હિંસા પૂજામાં જોવાની નથી.

# ૧૦

વ્યાખ્યાન - ૧૦ તા. ૧-૮-૯૪, સોમવાર, ચોપાટી.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને એકાંતે સુખ અને શાંતિનું સાધન બને તેવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

ધર્મનું લક્ષ્યબિંદુ આપણો આત્મા પરમ સુખ-શાંતિ પામે અને બીજાને પણ તેવી જ સુખ-શાંતિ અપાવવામાં સહાયક બને તે છે. જે વ્યક્તિ આરાધક બને તેના જીવનમાં (૧) પરપીડાનો પરિહાર હોય છે અને (૨) તે વ્યક્તિ પોતાના આત્મિક ગુણોનો વિકાસ પણ કરે છે. આ બંને પ્રકારનો ધર્મ પ્રત્યેક આરાધકે આચરવાનો છે.

આપણા તીર્થંકરો પરાકાષ્ઠાની અહિંસાની વાત કરનારા છે, છતાં પણ શ્રાવક ધર્મમાં ડગલે ને પગલે આરંભ-સમારંભ આવે છે. આપણા ધર્મમાં એક બાજુ "અહિંસા પરમો ધર્મ" સૂત્ર છે, જે જીવમાત્રને અનુલક્ષીને કહેવાયું છે. તીર્થંકરોને સર્વ જીવનાં દુઃખ દૂર કરવાં છે, જીવમાત્ર પ્રત્યે તેમને કરુણાનો ભાવ છે, છતાં પણ આચરણમાં ધર્મના નામે આરંભ-સમારંભ બતાવ્યો તેનું રહસ્ય શું છે ?

પરમાત્માની ભક્તિ કરતાં છ કાયના જીવોની હિંસા થાય છે. પાણીના એક ટીપામાં અસંખ્ય જીવો છે. માટીના એક કણિયામાં પણ અસંખ્ય જીવો છે. દેરાસર માટે પથ્થરો પણ દૂરથી લાવતાં રસ્તામાં ઘણા ત્રસ જીવોની હિંસા થાય છે. વળી મંદિર બાંધવામાં પણ હિંસા થવાની, ધૂપ-દીપ આદિમાં પણ હિંસા સમાયેલી છે. છતાં અત્યારે જૈનોને પણ જીવોનું સ્પષ્ટ જ્ઞાન, દયાનું સ્વરૂપ ખબર ન હોવાથી પૂજામાં ફક્ત વનસ્પતિકાયની જ હિંસા દેખાય છે, તેથી જ ફૂલ ઓછાં વાપરવાં કે ન વાપરવાં તેની ચર્ચા કર્યા જ કરે છે. પરંતુ આ બધા પાયામાંથી જ શ્રદ્ધા ચૂકે છે.

જગદીશચંદ્ર બોઝે વનસ્પતિમાં જીવ સિદ્ધ કર્યા પછી વિજ્ઞાન પણ ૧૦૦ વર્ષથી માનતું થયું છે કે વનસ્પતિમાં જીવ છે. પરંતુ જીવ છે એમ માન્યા પછી પણ જયણા કરવાનો કોઈ ઉદ્દેશ વૈજ્ઞાનિકોના મનમાં નથી. વનસ્પતિકાયમાં જ્યારે જીવ નહોતા

માનતા ત્યારે વૈજ્ઞાનિકો તેની જેટલી હિંસા કરતા હતા, તેના કરતાં અત્યારે જીવ માનતા થયા પછી તેમના જીવનમાં હિંસા કોઈ ઓછી નથી થઇ. એટલે આ જ્ઞાન તો ફક્ત માહિતીરૂપે જ છે, આચારમાં નથી.

તમે આવા વિજ્ઞાનમાં શ્રદ્ધા ધરાવતા હો તો તમને એકેન્દ્રિયમાં માત્ર વનસ્પતિના જ જીવો નજર સામે તરવરશે, પરંતુ તીર્થંકર પરમાત્માઓએ તો છએ કાયમાં જીવ કહ્યા છે. ફૂલમાં એક જીવ છે, જ્યારે પાણીના એક ટીપામાં તો અસંખ્ય જીવ છે. જ્યોતના એક કણિયામાં પણ અસંખ્ય જીવ છે. છતાં હિંસાની દૃષ્ટિએ તમને તો ફક્ત ફૂલપૂજામાં જ આરંભ-સમારંભ દેખાય છે, કારણ જીવસૃષ્ટિની પૂરી માહિતીથી અધૂરા છો, અથવા તો તમને જૈનધર્મના છકાયના વર્ણનમાં આસ્થા ઓછી છે. આ એકાંગી દૃષ્ટિકોણ છે. અત્યારે ફૂલોની હિંસા અંગે પ્રચાર પણ ઘણો જ ચાલ્યો છે કે 'અરે ! લાખો ફૂલોની આંગી થાય છે, આખાં દેરાસરો સુશોભિત કરાય છે, તેમાં કેટલી જીવહિંસા થાય છે ? આપણો ધર્મ તો અહિંસામય છે.' પરંતુ આવું બોલનારાઓને ફક્ત ફૂલમાં જ આ બુદ્ધિ થાય છે, બીજે હિંસા દેખાતી નથી. વનસ્પતિકાયમાં જ ફક્ત જીવ માનવો તે જિનવચનની અધૂરી શ્રદ્ધા છે, છએ કાયમાં જીવ માનવો જોઈએ.

## "જ્યાં હિંસા હોય ત્યાં જિનકથિત ધર્મ ન હોય" આ એકાંત વચન ઉત્સૂત્ર છે :

જેટલો પણ દ્રવ્યસ્તવ છે, જેમ કે પ્રભુભક્તિ, સાધર્મિકવાત્સલ્ય, વરઘોડા, તીર્થયાત્રા, દાન આદિની તમામ પ્રવૃત્તિમાં આરંભ-સમારંભ સમાયેલો છે. જેમાં સંપૂર્ણપણે હિંસા ન હોય તેવું ધર્મ અનુષ્ઠાન માત્ર એક જ છે, અને તે ધ્યાન. તેમાં સીધી હિંસા નથી પણ આડકતરી રીતે તો ચોક્કસ છે, કારણ કે તેમાં શ્વાસોશ્વાસમાં વાયુકાયના જીવોની હિંસા છે. પરંતુ શ્વાસોશ્વાસ લેવો તે કાંઈ ધ્યાનની સીધી પ્રવૃત્તિ નથી. પરંતુ ધ્યાનમાં બેસવામાત્રથી જ ધર્મ નથી થઈ જતો. ધ્યાન પણ કઈ વિધિથી, કેવા ભાવ સાથે કરવાનું છે તે સમજાવવા ઉપદેશ આપવો પડશે, અને તેમાં પણ હિંસા છે. ઘણાને અત્યારે અહિંસાનું ભૂત વળગ્યું છે, તેથી જ કહેતા ફરે છે કે "જ્યાં હિંસા હોય ત્યાં જિનકથિત ધર્મ ન હોય."

શ્રીમદ્ રાજચંદ્રે લખ્યું છે કે "જ્યાં એક ફૂલની પાંદડી પણ દુભાય તે મહાવીરનો

ધર્મ નથી." જો એક પણ જીવને દુઃખ થાય તેવી પ્રવૃત્તિ ધર્મના નામે કરવાની ન હોય, તો પછી ધ્યાન સિવાય કયો ધર્મ કરવાનો રહેશે ? શ્રીમદ્‌ને કોઇએ પૂછ્યું નહીં કે આવું કયા શાસ્ત્રમાં લખ્યું છે ?

"જ્યાં હિંસા, આરંભ-સમારંભ હોય ત્યાં ધર્મ ન હોય, કારણ કે સંસારમાં તો ચારે બાજુ પાપ જ પાપ છે, ધર્મમાં પણ એ જ પાપ કરવાનું ? ભગવાનના નામથી હિંસા કરવાની ?" આવું સાંભળીને લાખો લોકો ભડકી જાય છે અને તે ખોટી વાતને સાચી માનવા લાગે છે. પણ તેઓ અહીંયાં પાયામાં જ થાપ ખાય છે. શું તીર્થંકરોને ગૃહસ્થોને જીવહિંસા વગરનો ધર્મ બતાવવામાં કોઈ રસ નહોતો ? હકીકતમાં તેમને માટે જીવહિંસા વગરનો કોઈ ધર્મ શક્ય જ નથી. બાકી તેમના હૃદયમાં અપાર કરુણા હતી. દેરાસરો-ઉપાશ્રયો બંધાવવા, વરઘોડા કાઢવા, શાસ્ત્રો લખવાં-લખાવવાં, વ્યાખ્યાન સાંભળવા આવવું, અરે ! વ્યાખ્યાન આપવા સુદ્ધાંમાં હિંસા તો થવાની જ. સંસારનું સ્વરૂપ જ એવું છે.

જ્યાં હિંસા હોય ત્યાં ધર્મ ન ગણાય તો આ બધી પ્રવૃત્તિ પાપ જ થશે, પછી તો ધ્યાન એ એક જ માર્ગ રહેશે; પણ પ્રતિક્રમણ, પૂજા, સ્વાધ્યાય, વ્યાખ્યાનશ્રવણ વગર સીધા ધ્યાનમાં જવું શક્ય જ નથી, તેથી આરાધનાનો સંપૂર્ણ માર્ગ જ લોપ થશે.

**સભા** :- જીવવા માટે તો હિંસા કરવી જ પડે ને ?

**સાહેબજી** :- સંસારમાં તો હિંસા કરવી જ પડે, પણ આ તો ધર્મમાં હિંસાની વાત છે. સંસાર આખો તો ૧૮ પાપસ્થાનકોથી ભરેલો છે, તેથી હિંસા ચાલુ જ છે. તેના ફળ સ્વરૂપે ૮૪ લાખ જીવાયોનિમાં અનંતા કાળથી જીવ ભટકીને દુઃખ ભોગવી રહ્યો છે. આજ સુધી અનંતીવાર દુર્ગતિનાં દુઃખ ભોગવ્યાં છે, હવે આનાથી છૂટવું હોય તો આરાધનાનો કોઈક માર્ગ તો જોઈશે જ.

અરે ! શુક્લધ્યાન સાધ્યા પછી ને કેવલજ્ઞાન પામ્યા પછી પ્રભુને પણ દુનિયાને સાંગોપાંગ ધર્મ બતાવવો હોય તો વિહાર અને ઉપદેશની ક્રિયા કરવી પડે, અને તેમને પણ વિહારમાં તથા ઉપદેશ આદિમાં હિંસા તો થવાની જ. સાધુઓ ભલે હિંસક વાહનો ન વાપરે, પણ પગપાળા ચાલતાં સ્થાવર જીવોની હિંસા તો થવાની જ. કેવલજ્ઞાની તીર્થંકર પણ જે ઉપદેશની પ્રવૃત્તિ કરે છે, વિહાર કરે છે, તેમાં હિંસા તો થાય જ છે. પણ આના દ્વારા અહિંસાધર્મ જગતને આપીને લોકો પર મહાન

ઉપકાર કર્યો છે. જો હિંસાયુક્ત પ્રવૃત્તિ સદંતર ખોટી જ હોય તો પ્રભુએ પણ કશું જ કરવાનું નહીં અને મોક્ષે જતા રહેવાનું, તે જ રીતે બીજાને પણ એમ ને એમ આપમેળે શુભધ્યાનની ભૂમિકા આવે ત્યારે મોક્ષે જવાનું, નહીંતર ૮૪ લાખ જીવાયોનિમાં ફર્યા કરવાનું. આવો જ અર્થ થાય.

તેથી જગતમાં ધર્મનો માર્ગ ચલાવવા અમુક હિંસામય ધર્મ પણ અનિવાર્ય છે. આત્મકલ્યાણનો સ્રોત ચાલુ રાખવો હોય તો આરાધનામાં થતી હિંસાને અહિંસાના સાધન તરીકે સ્વીકારવી પડશે, નહીં તો જગતમાંથી અહિંસા ધર્મનો મૂળમાંથી લોપ થઈ જશે. આ વાત ન સમજવાથી જ સ્થાનકવાસી-તેરાપંથી ફાંટા બન્યા છે, દેરાવાસીમાં પણ ઘણાની આવી અણસમજની માન્યતા છે.

## સદ્‌ગુરુ ડગલે ને પગલે ઉન્માર્ગનું ઉન્મૂલન અને સન્માર્ગની સ્થાપના કરનારા હોય :

અમે ઉપદેશક તરીકે પાટ પર બેઠા છીએ તો ભગવાનની આજ્ઞા તરીકે જે ખોટું લાગે તે અમારે ખોટું કહેવું જ પડે. અંગત વ્યક્તિગત રાગદ્વેષના કારણે કોઈને ઉતારી પાડવા ટીકાટિપ્પણ કરતા હોઈએ તો અવશ્ય પાપ લાગે, પણ સાચો ઉપદેશ આપવા માટે જેટલી ખોટી માન્યતાઓ હોય તેનું ખંડન કરવું પડે. અમારી ધર્મગુરુ તરીકે ફરજ છે કે સત્ય કહેવું. તીર્થંકરોએ પણ પ્રસંગે અસત્યનું ખંડન કર્યું છે. સુગુરુનું લક્ષણ જ એ છે કે તમારી ખામી હોય ત્યાં ટકોર કરે, પ્રસંગે ન કરે તે સુગુરુ નથી. બાપ પણ દીકરાને પ્રસંગે જ્યાં ટકોર કરવાની હોય ત્યાં જીવનમાં ટકોર ન કરે તો સાચો બાપ નહીં કહેવાય.

ભગવાનની આજ્ઞાવિરુદ્ધ વિચારધારા ફેલાયેલી હોય તો અમારે ખંડન કરવું જ પડે. સદ્‌ગુરુ ડગલે ને પગલે ઉન્માર્ગનું ઉન્મૂલન કરીને સન્માર્ગની સ્થાપના કરે, નહીંતર સત્યને છુપાવનારા કહેવાશે. ધર્માચાર્યો ઉપદેશ આપતી વખતે અન્ય ધર્મોની પણ સમીક્ષા કરતા હોય છે. અન્ય ધર્મની સમીક્ષા તીર્થંકરોએ પણ દેશનામાં કરી છે. સાચાને સાચા તરીકે સ્થાપિત કરવું હોય તો ખોટાની ક્ષતિઓ બતાવવી જ પડશે. બાકી અમારી ભૂલ હોય તો મિચ્છા મિ દુક્કડં પણ આપીએ. અમને વ્યક્તિગત રીતે રાગદ્વેષ નથી.

ધારો કે રસ્તામાં એક ખાડો છે ને સામેથી એક માણસ આવી રહ્યો છે ને તેને

ખાડાની ખબર નથી, એ વખતે તમે ત્યાં હો અને ખાડો છે તેની જાણ તેને ન કરો અને ગુપચુપ બેસી રહો તો તે યોગ્ય નથી. ત્યાં તમારી ધ્યાન દોરવાની જવાબદારી છે. તમે એમ કહો કે મને એણે કાંઈ પૂછ્યું નહોતું. પરંતુ આવા પ્રસંગે મૌન રહેનારને વાસ્તવમાં ખાડામાં પછાડવાનું પાપ લાગે છે. સામેની વ્યક્તિ ન પૂછે તો પણ જાણકારે ભયસ્થાન બતાવવું જ પડે. ગુરુનિશ્રામાં જે જિજ્ઞાસાથી જાણવા આવે ત્યારે તેને ગુરુએ ખોટાં મંતવ્યો ખોટાં તરીકે જણાવવાં જ પડે, નહીંતર તે ઉપદેશક તરીકે યોગ્ય નથી. શરણે આવેલાનું અહિત જોવા છતાં આંખ મીંચામણાં કરે તે કસાઇ કરતાં પણ ભૂંડા છે.

પ્રભુના જન્મ વખતે શ્રીફળ વધેરવાની પરંપરા સેંકડો વર્ષોથી ચાલી આવે છે, તે તોડવાની વાત આવે તો અવશ્ય વિચાર કરવો પડે. પરંપરા ખોટી જ હોય તો તોડવામાં વાંધો નથી, પરંતુ આવી હિંસા શ્રાવક માટે અધર્મરૂપ નથી બનતી. પર્યુષણમાં તમે તે વખતે પૌષધ લઇને બેઠા નથી હોતા. પૌષધમાં કે સામાયિકમાં હોય તેઓ વધેરતા જ નથી. કદાચ તમે બહાર નીકળીને ગાડી કે વાહનમાં જ બેસવાના છો, અને લાગ આવે તમારી ગાડી નીચે લીલોતરી પણ ચગદાય, એટલે વનસ્પતિની હિંસામાં તમે ગળાડૂબ બેઠેલા જ છો. અહીં વર્ષમાં એક વખત ગુરુમુખે પ્રભુના જન્મનું વાંચન થાય તે અવસરે ધર્માત્મા શ્રોતાને આનંદ થયા વગર ન જ રહે. તમારે ત્યાં દીકરો જન્મે ત્યારે કેવો આનંદ થાય છે ! વળી કાંઈ બત્રીસ લક્ષણા દીકરા જન્મતા નથી. છતાં એક સામાન્ય પુત્રજન્મની વધામણી વખતે જો આટલો આનંદ થાય, તો આ તો ત્રણ લોકના નાથ-દેવાધિદેવનો જન્મ છે, તેથી હરખ કેવો થાય ! હર્ષાવેશમાં જ શ્રીફળને વધેરવાની પ્રવૃત્તિ રાખી છે. શ્રીફળ શુકનવંતું છે. હર્ષ ઉલ્લાસ વ્યક્ત કરવા માટે આ વસ્તુ છે.

ધર્મમાં એકેન્દ્રિય (નારિયેળ)ની હિંસાની તમારે બાદબાકી કરવાની હોય તો પછી કયો ધર્મ તમારે કરવાનો રહેશે ? હિંસાના નામમાત્રથી ભડકો છો તો જીવનમાં કયો ધર્મ હિંસાના નામથી મૂકવો નહીં પડે ? આ જગતમાં સંપૂર્ણ અહિંસા હોય તેવાં બે જ સ્થાન છે.

(૧) **મોક્ષ:-** જ્યાં દ્રવ્યહિંસા કે ભાવહિંસા અંશમાત્ર નથી. ત્યાં સંપૂર્ણ હિંસાનો ત્યાગ ને પૂર્ણ અહિંસા ધર્મની પ્રાપ્તિ થાય છે, પણ ત્યાં પહોંચવા માટે હિંસાયુક્ત અવાંતર ધર્મસાધના કરવી જ પડે. તેથી જ આવો એકાંતે અહિંસાનો આગ્રહ ન રખાય.

(૨) **નિગોદ**:- સંસારમાં બીજી જગ્યા જ્યાં માત્ર અહિંસા જ હોય, તે નિગોદ છે. ત્યાં દ્રવ્યહિંસા જરાપણ નથી. બસ, તો પછી દ્રવ્યહિંસાથી ભડકનારાએ નિગોદમાં જઈને રહેવું જોઈએ. કારણ કે સૂક્ષ્મ નિંગોદમાં કોઈને મારવાનું નહીં આવે.

અહિંસાના નામથી ખોટા વિકલ્પો ઊભા કરી દીધા છે. બુદ્ધિભેદ ઊભો ન થાય તેથી આ બધું સ્પષ્ટ જણાવવું પડે છે.

**સભા** :- પર્યુષણમાં શ્રીફળ વધેરીને ખાય છે તે યોગ્ય છે ?

**સાહેબજી** :- આ પ્રશસ્ત હર્ષ છે, વધામણીરૂપે ખાય છે અને ખવડાવે છે. શોખથી ખાવાની વસ્તુ નથી. જેણે ત્યાગ કર્યો હોય કે એકાસણા-ઉપવાસ કર્યા હોય તેણે ખાવાની વાત નથી, પણ જેને ત્યાગ નથી તેને નિષેધ નથી.

પર્યુષણમાં જમે છે તે જ તેની નબળાઇ છે. અમે ત્યાગને જ સમર્થન આપીએ છીએ, કાંઈ ભોગને સમર્થન નથી આપતા. કોઈએ ચાર વસ્તુનો ત્યાગ કર્યો હોય અને બે વસ્તુની છૂટ રાખી હોય, તેને બે વસ્તુનું પાપ તો લાગ્યા જ કરે છે. સંપૂર્ણ ત્યાગ કરનારને અમે ખાવાનું નથી જ કહેતા. પણ જેણે ત્યાગ ન કર્યો અને ધર્મબુદ્ધિએ ખાય તો તેની નિંદા ન જ કરાય. ખાવામાં બધાનો ત્યાગનો પરિણામ સરખો ન હોય. ઓછો ત્યાગ કરી શકે તેટલા માત્રથી તે નકામો નથી બની જતો. વ્યક્તિ જેટલો ત્યાગ કરવાની ક્ષમતા ધરાવતી હોય તે પ્રમાણે ત્યાગ કરાવવાનું કહ્યું છે. ત્યાગ આત્મકલ્યાણ માટે કરવાની વસ્તુ છે.

**સભા** :- પર્યુષણમાં ફળ વપરાય ?

**સાહેબજી** :- લીલોતરી ફળનો સંપૂર્ણ ત્યાગ કરો તો લાભ જ છે, તે ઉત્તમ છે. નહીંતર હિંસાનો દોષ લાગશે જ. જેને લીલોતરી-ફળનો સંપૂર્ણ ત્યાગ નથી તે નાલાયક છે તેવું ન કહેવાય.

**સભા** :- પણ, બધા બધાની રીતે સાચા જ હોય ને ?

**સાહેબજી** :- આવું બોલવું તે શાસ્ત્રવિરુદ્ધ છે. અમે પણ ગમે તેમ બોલવા માટે સ્વતંત્ર નથી. મારા વિધાન અંગે મને કોઈ પૂછે તો પૂરેપૂરા શાસ્ત્ર આધારિત તર્ક-દલીલો આપવા પડે. અરે ! અમે તો હજી નાના છીએ, જૈનશાસનમાં આચાર્યોને પણ પૂછી શકાય છે.

## શ્રાવકને માટે અલ્પહિંસાયુક્ત છતાં જિનપૂજાદિની કર્તવ્યતામાં અનેક મહાલાભોના વિધાનમાં રહેલી તાર્કિકતા :

સંપૂર્ણ હિંસાશૂન્ય હોય એવો કોઈ આરાધનામાર્ગ નથી, તેથી હિંસાથી થતો ધર્મ, અપેક્ષાએ ધર્મ કહેવાય, પરંતુ તેમાં કઈ હિંસા લેવાની તે શાસ્ત્રદષ્ટિએ જાણવું જોઈએ. તમારા જીવનમાં જે હિંસા નિયત ક્રમરૂપે ચાલુ છે તેનાથી થતો ધર્મ તમારા માટે માન્ય છે. તેથી જ ફૂલપૂજા, પ્રક્ષાલપૂજા માન્ય છે, પણ આ જ વસ્તુ હું સાધુ હોવાથી ન જ કરી શકું; કારણ અમે સંસાર છોડ્યો, એકેન્દ્રિયની હિંસાનું પણ પાપ છોડ્યું, તેથી પ્રભુની પુષ્પપૂજા એક ભક્તિ છે છતાં અમે નથી કરતા. અન્ય ધર્મમાં તો સાધુને દ્રવ્યપૂજા કરવાનો અધિકાર આપ્યો છે. ભગવાનને નવડાવે પણ તે જ, બધી ભક્તિ સંન્યાસી જાતે જ કરે. મંદિરોના બધા અધિકાર તેમના હાથમાં જ હોય છે. જ્યારે જૈનધર્મમાં સાધુ આવી પૂજા પણ ન કરે, કારણ તેની પાછળનાં ગંભીર રહસ્યો છે.

જૂઠું બોલવું ખરાબ કામ કહી શકાય, પણ પ્રભુની પૂજા કરવી કાંઈ ખરાબ કામ નથી; છતાં અમને પૂજા કરવાની શાસ્ત્રમાં ના પાડી અને કદાચ મન થાય તો ઓઘો મૂકી દેવાની આજ્ઞા કરી છે. જેણે જીવનમાં કરણ-કરાવણ-અનુમોદનરૂપે સર્વ હિંસાનો પોતાની જાત માટે ત્યાગ કર્યો છે, તેણે પરમાત્માની ભક્તિ માટે પુષ્પાદિની હિંસા કરવાની નથી.

તમે પોતે છ કાયના જીવોની હિંસા તમારી અનુકૂળતા માટે નિયતપણે કરતા જ હો છો, તેથી જ જાત માટે કરાતી routine-રોજિંદી હિંસાથી થતો ધર્મ વાજબી છે. જો તમે પોતે પચ્ચક્ખાણ લો કે હું વનસ્પતિકાયની હિંસા કરીશ નહીં, તો તમારે ફૂલ ચઢાવવાં તે પાપ ગણાશે. કારણ કે પ્રભુભક્તિ માટે તમારે તમારા જીવનમાં જે હિંસા નિયત નથી તેવી નવી હિંસા કરવી પડે. સારાંશ એ છે કે જ્યાં સુધી જાત માટે હિંસા કરો છો ત્યાં સુધી પરમાત્મભક્તિ માટે તે નહીં કરો તો પણ પાપ તો લાગશે જ. વાહનમાં બેસીને જાત્રાએ જવું તમારા માટે ધર્મ છે, કારણ તમે વાહનનો ઉપયોગ રોજ કરો જ છો. પણ જેને વાહનમાં બેસવાનો આજીવન ત્યાગ છે, તેણે વાહનમાં તીર્થયાત્રાએ જવાની પણ જરૂર નથી. કાચા પાણીને અડવું પણ નહિ, એવાં જો તમે પચ્ચક્ખાણ લો તો તમારે પ્રક્ષાલ પણ કરવાની જરૂર નથી, ત્યારે હિંસાનો ત્યાગ એ જ ઊંચી આરાધના થશે.

તમને જ્યારે જ્યારે ભૂખ લાગે ત્યારે ભર્યે ભાણે ખાઓ, ને મહેમાન આવે ત્યારે જ વિચારો કે આમને જમાડવામાં ઘણી જ હિંસા છે, મારે શું કામ વગર મફતનું પાપ કરવું ? એવી જ રીતે શરબત પીતા હો અને કોઈ તરસ્યો આવે તો તેને પાણીનો એક ગ્લાસ પિવડાવતાં એમ ન જ વિચારાય કે પાણીના એક ટીપામાં અસંખ્ય જીવોની હિંસા થશે. આવું વિચારો તો કેટલું વાજબી કહેવાય ? તમને પરોપકાર કરતાં જ હિંસાના વિચારો આવે છે અથવા ધર્મ કરતી વખતે જ હિંસા દેખાય છે, ને જીવો મરી રહ્યા છે એવો વિચાર આવે છે; પરંતુ આવું વિચારનારાનું સમકિત નાશ પામે છે અને જો ન આવ્યું હોય તો ભવાંતરમાં પણ પામવું દુર્લભ થાય છે, ઉપરાંત મિથ્યાત્વમોહનીય આદિ ભયંકર કર્મો બંધાય છે.

પોતાને નહાવા જ્યારે આખી ડોલ પાણી જોઈતું હોય અને ભગવાનનો પ્રક્ષાલ કરતાં જ એક પાણીના ટીપામાં અસંખ્ય જીવોની દયાનો વિચાર આવે તે વાજબી નથી. દયાના નામથી જેને અહીંયાં જ કરકસર સૂઝે છે તેવા જીવો બોધિબીજ કે સમકિત પામી શકતા જ નથી. આવા અવિવેકી ને સ્વાર્થી જીવ બોધિબીજને હણે છે. સારાંશ એ છે કે આત્મકલ્યાણના માર્ગમાં પણ ભૂમિકાનુસારે પરોપકાર-દયા-ભક્તિ આદિમાં હિંસા કરવી જ પડે છે.

સંસારમાં પણ પૈસા કમાવા હોય તો ધંધો કે નોકરી જોઈએ. ધંધા માટે પૈસાની મૂડી ને નોકરી માટે ડીગ્રીની મૂડી જોઈશે. વળી આ ડીગ્રી મેળવવા પણ પૈસા તો ખર્ચેલા જ છે. તેથી જ સમાજમાં ગરીબ કરતાં શ્રીમંત વધારે કમાઇ શકે છે. ધન કમાવા માટે ધન ખર્ચવાની ત્રેવડ હોય તો જ તે માણસ વધારે કમાઇ શકે છે. અહીં કમાવા માટે જે પૈસો ખર્ચો છો તે ખર્ચને જ તમે વધારે કમાવાનું સાધન સમજો છો. આવી જ રીતે અહિંસામય ધર્મને પામવા પહેલાં કમાણીમાં સાધનભૂત ખર્ચરૂપે થોડી હિંસાવાળો ધર્મ આચરવો પડશે. આ થોડી હિંસા પણ ગમે તે કરવાની નથી, પરંતુ-જે હિંસા તમે સંસારમાં રોજિંદી કરતા હો, તેવી હિંસા દ્વારા થતો ધર્મ આચરવાનો છે. સામાયિકમાં દીવો-આરતી-પૂજા કરો તો દોષ લાગે. આમ તો પ્રભુની આરતી ઉતારવી એ ઉત્તમ કામ છે, છતાં પણ સામાયિકમાં ઉતારવાની ના પાડી. કારણ તમે સામાયિક ઉચ્ચારતી વખતે અગ્નિકાયના જીવોની હિંસાનો પણ ત્યાગ કર્યો છે, માટે સામાયિકમાં ભક્તિ નિમિત્તક પણ આ હિંસા કરવાની નથી. તમે જેટલું પાપ છોડતા જાઓ તેટલો ઉત્તમ અહિંસામય ધર્મ જ અમે બતાવીએ છીએ. ભગવાનને હિંસા કરાવવાનો કોઈ શોખ નથી, પરંતુ તમે જે હિંસામાં બેઠા છો તે

હિંસાથી થતો ધર્મ કરાવવાનો છે.

વાહનની હિંસાનો ત્યાગ ન કરનારને વ્યાખ્યાનશ્રવણ માટે અંતર વધારે હોય તો વાહનમાં બેસીને પણ વ્યાખ્યાનશ્રવણ માટે જવું હિતકારી છે. જયારે વાહનમાં નહિ બેસવાના પચ્ચક્ખાણ હોય તો તેણે તેમાં બેસીને વ્યાખ્યાન માટે પણ આવવાની જરૂર નથી.

તમારે પર્યુષણમાં પણ એકેન્દ્રિયની હિંસાનો ત્યાગ નથી. વખત આવે ગાડીમાં જતાં રસ્તામાં કોઈએ નાંખેલું શ્રીફળ પડ્યું હોય તો તમારાથી ચગદાઈ શકે છે.

**સભા :-** ટ્રેનમાં બધે જાત્રા કરાય ?

**સાહેબજી :-** બીજે બધે કામસર ફરવા તમે ટ્રેનમાં જાઓ જ છો, તો જાત્રા કરવા પણ જઈ જ શકો. હા, છ'રી પાળતા સંઘમાં વાહનમાં ન બેસવાનું પચ્ચક્ખાણ હોય છે. તેથી સંઘમાં ચાલીને જ જવું જોઈએ.

**સભા :-** ગાડીમાં બેસીને પૂજા કરવા જવાય ?

**સાહેબજી :-** ગાડીમાં બેસીને આવવું હોય તો ગાડીમાં શુદ્ધિ રાખવી પડે. ધર્મના ક્ષેત્રમાં મોભા પ્રમાણે વ્યવહારની વાત છે. પહેલાંના વખતમાં મોટા રાજાઓ, શેઠિયાઓ, મંત્રીઓ બધા પગપાળા પૂજા કરવા નહોતા આવતા, પણ પાલખીમાં બેસીને કે બીજા વાહનમાં બેસીને મોભા પ્રમાણે પૂજા કરવા આવતા, સાથે વરસીદાન કરતા કરતા આવતા. પણ આવવાના સાધનમાં શુદ્ધિ તો રાખવી જ પડે. સામાન્ય માણસ વાહનમાં આવે તે બરાબર નથી. પણ રાજા પગપાળા આવે તો તેમનો મોભો ન સચવાય, તેથી પાલખીમાં આવતા.

પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિજી મહારાજે લખ્યું છે કે ગૃહસ્થને પ્રતિદિન એક સામાયિક, છ આવશ્યકમાં કર્તવ્ય છે અને સામાયિક ગુરુનિશ્રાએ કરવું જોઈએ તેવી વિધિ છે. પરંતુ ઘણાને વ્યવસાયને કારણે માંડ-માંડ સામાયિકનો ટાઇમ મળતો હોય, તેથી ઉતાવળના કારણે ઉપાશ્રય જતાં પહેલાં ઘરેથી સામાયિક લઈને પછી જયણાપૂર્વક ચાલતા ગુરુની નિશ્રામાં સામાયિક કરવા આવે. પરંતુ મોભાદાર મંત્રી, રાજા વગેરે જે ગુરુ પાસે જઈ શકે તેમ હોય તો પણ તેમને ઉતાવળ હોય તો ઘેર જ સામાયિક કરી લેવાનું; પણ સામાયિક લઈને ઉપાશ્રયે ગુરુનિશ્રામાં પગપાળા ન જવું, કારણ કે પગપાળા ઉપાશ્રયે જાય તો તેમનો મોભો ન જ સચવાય. જૈનશાસ્ત્રોમાં કેટલો વિવેક છે ! ગમે તે માટે ગમે તે આજ્ઞા નથી.

હિંસા પણ ધર્મમાં તમારી ભૂમિકા પ્રમાણે કરવાની આવશે. તમારા જીવનમાં પૃથ્વી, અગ્નિ, વાયુકાયની હિંસા સામાન્ય છે, અર્થાત્ ચોવીસ કલાક જાગતાં કે ઊંઘતાં તમારા અધ્યવસાયમાં તે જીવોની હિંસાનો પરિણામ સતત ચાલુ છે, જે આરંભયુક્ત ધર્મ ન કરો તો પણ અટકવાનો નથી. માત્ર એ જ હિંસાથી થતો ધર્મ દાન, દયા, પરોપકાર, ભક્તિ, પૂજા વગેરે કરવાથી નવો શુભ પરિણામ પ્રગટવા દ્વારા પુણ્ય બંધાય છે. દા.ત. પર્વના દિવસોમાં સંઘજમણ આદિ થાય છે, તેમાં ચૂલા સળગાવાય છે તેમાં હિંસા તો થાય જ છે, પરંતુ તમારા ઘરે પણ ચૂલા તો ચાલુ જ છે, જેથી તમારે નવો કોઈ અશુભ પરિણામ કરવાનો નથી. આમ, ભૂમિકા પ્રમાણે ધર્મ કરવાનો છે.

**સભા :-** આગેવાનો રાત્રિભોજન કરે તો ચાલે ?

**સાહેબજી :-** રાત્રિભોજનત્યાગનો ઉપદેશ તો આ કાળમાં જ આપવો પડે છે, બાકી પહેલાંના વખતમાં તો જૈનકુળોમાં રાત્રિભોજનનો ત્યાગ જ હોય, ઓછામાં ઓછું નવકારસી-ચોવિહાર તો કરે જ. રાત્રિભોજન એક મોટું પાપ છે, નરકનું દ્વાર કહ્યું છે. તે કરવું ખોટું જ છે. અને ફક્ત આગેવાનો માટે જ આ નિયમ નથી, સંઘમાં બધા જ રાત્રિભોજન ન કરે તે ઉત્તમ છે.

# ૧૧

તા. ૨-૮-૯૪, મંગળવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા લોકોત્તર ધર્મની પ્રાપ્તિ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

લોક જેને ધર્મ સમજે છે, તેના કરતાં આગવી વિશેષતાયુક્ત ધર્મનો બોધ કરાવવા તીર્થંકરો ઉપદેશ આપે છે. તેઓએ પરિપૂર્ણ સાધના કરીને પૂર્ણ તત્ત્વ જાણ્યું અને જગત જે ન જાણતું હોય તેવું અદ્‌ભુત તત્ત્વ જગતને જણાવવા તેઓ કરુણાબુદ્ધિથી લોકોત્તર ધર્મને સમજાવે છે. માત્ર સામાયિક, પ્રતિક્રમણ, પૂજા આદિમાં જ લોકોત્તર ધર્મ સમાયેલો છે તેવું નથી, પણ શાસનનાં અનુકંપા આદિ અનુષ્ઠાનોમાં પણ લોકોત્તર ધર્મ સમાયેલો છે.

## ઉપાશ્રયનિર્માણ એ જૈનઅનુકંપાદાનનું એક ઊંચું દૃષ્ટાંત :

**અનુકંપાની વ્યાખ્યામાં આપણે જોયું કે કોઈનાં દુઃખ દૂર કરવાની ભાવના હોય પણ તેમાં અલ્પ જીવોને ત્રાસ અને ઘણા જીવોને શાંતિ મળે તેવી પ્રવૃત્તિ હોય, એ જ જૈનઅનુકંપાદાનમાં આવી શકે; જ્યારે અત્યારે તો ઊંધું જ થતું હોય છે. ઘણાને ત્રાસ ને થોડાને શાંતિ થતી હોય છે. વાસ્તવમાં એ જૈનશાસનની અનુકંપામાં ન આવે.** દા.ત. કોઈ બિલાડી ભૂખી હોય તેને ઉંદર ખવડાવીને તેની ભૂખ દૂર ન કરાય. આને સાચી દયા ન કહેવાય. આ રીતની દયામાં બિલાડીને કામચલાઉ થોડી શાંતિ મળે પણ ઉંદરના શું હાલ થાય ? આવી દયા અનુકંપાની વ્યાખ્યામાં આવતી નથી.

તેથી જૈનઅનુકંપા બતાવવા માટે ગ્રંથકારે ઊંચામાં ઊંચું અનુકંપાનું દૃષ્ટાંત બતાવ્યું છે. તેમણે ધર્મમાં થતી હિંસાની ઉચિત પ્રવૃત્તિને દૃષ્ટાંત તરીકે લીધી છે; કારણ કે તેમાં અલ્પ જીવોને ત્રાસ ને અધિકને શાંતિ મળે છે. દા.ત. ઉપાશ્રયનિર્માણ. વર્તમાનમાં માત્ર સંઘના ઉપાશ્રયો થઈ ગયા, પહેલાં તો વ્યક્તિગત મંદિર-પૌષધશાળા

પણ રહેતાં. શ્રાવકને જ્યારે પણ ધર્મ આરાધના કરવાનું મન થાય, ત્યારે પૌષધ કરી પોતાની પોષધશાળામાં આરાધના કરતા અને મહાત્મા પણ પધારે તો વસતિદાન દ્વારા આરાધના કરાવવામાં નિમિત્ત બનતા. તમારે તો અત્યારે સંઘમાંથી ફાળો ઉઘરાવીને ઉપાશ્રયો બનાવવાના હોય છે. પરંતુ વ્યક્તિગત કે સામૂહિક ઉપાશ્રય બંધાવતાં આરંભ-સમારંભ તો થાય જ. પાયો ખોદતાં જ ત્રસ જીવો અબજોની સંખ્યામાં મરશે. એકેન્દ્રિય જીવો પણ અનંતા મરશે. તમે બંગલો બંધાવો છો, તે પાપપ્રવૃત્તિ જ છે. તેથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે, સારા ધર્માત્મા શ્રાવકોએ તૈયાર મકાનમાં જ રહેવું, જાતે બાંધકામ ન કરાવવું. બાંધકામને કર્માદાન સ્વરૂપ આરંભ-સમારંભની પ્રવૃત્તિ કહીએ છીએ; કેમ કે તેનાથી વધારે પાપ બંધાય છે. પરંતુ ઉપાશ્રય બંધાવ્યા પછી તેમાં ઘણી આરાધના થશે, મહાત્માઓ રત્નત્રયીની ઉત્તમ આરાધના કરશે, કરાવશે; બીજા પણ નવા જીવો અહીં આવીને ધર્મ પામશે, જેથી હિંસક પ્રવૃત્તિ ઘટાડી અહિંસા આદિના આદર્શો પોતાનાં જીવનમાં લાવશે. જગતને સારી પ્રેરણા અને ઉપદેશ આ ઉપાશ્રયમાંથી મળશે. ઉપાશ્રયો વગર ઘેર બેઠાં અહિંસાની સત્પ્રેરણા નથી જ મળવાની. તેથી સદ્ગુણો પ્રાપ્ત કરવાનું આ મોટું કારણ છે. વિશ્વમાં અહિંસાને ફેલાવવાનાં-સ્થાપિત કરવાનાં આ જ કેન્દ્રસ્થાનો છે. આમ, પરંપરારૂપે ઉપાશ્રય અસંખ્ય જીવોને સુખશાંતિનું સાધન બનશે. જૈનઅનુકંપાની વ્યાખ્યા પ્રમાણે "થોડાને અશાંતિ અને ઘણાને શાંતિ"ના માળખામાં આ કાર્ય બંધબેસતું છે. અમને ઉપાશ્રયો બનાવડાવવાનો મોહ નથી, પણ તમે જ વિચારો કે આવાં ધર્મસ્થાનકો ન હોય તો જગતમાં અહિંસા ન જ ફેલાય. અહિંસા અને સદ્ગુણો ફેલાવવાના પરમ સાધનરૂપ આ સ્થાનો છે. મુંબઈ જેવા શહેરમાં જો એક પણ દેરાસર-ઉપાશ્રય ન હોય તો તમારા બધાની પરિસ્થિતિ કેવી થાય ? ધર્મ આ બધાં ધર્મસ્થાનકો દ્વારા જ ટકે છે. નવો બોધ, નવું સિંચન, ઉપદેશ, પ્રેરણા આના દ્વારા જ મળે છે અને લોકમાં ધર્મક્રિયાઓ તેમજ ધર્મભાવ વધે છે.

### ધર્મસ્થાનકોના નિર્માણમાં જે અલ્પ જીવોની હિંસા થાય છે તે જીવો અનુકંપાપાત્ર છે, ઉપેક્ષાપાત્ર નથી :

અહીં ધર્મસ્થાનક નિર્માણમાં જે જીવોની હિંસા થાય છે તે જીવો અનુકંપાનો વિષય છે. પરમાત્મા સુપાત્ર છે અને સાધુ પણ સુપાત્ર છે, પણ સુપાત્રની ભક્તિના અવસરે મરતા જીવો કાંઈ સુપાત્ર નથી, ત્યાં તો અનુકંપા જ છે. અહીં સવાલ એ

થાય છે સુપાત્રની ભક્તિમાં અનુકંપાના ભાવનો સમાવેશ કેમ કર્યો છે ? ત્યારે તેના જવાબમાં પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજા કહે છે કે પૂર્વાચાર્યોના ઘણા ગ્રંથોમાં આ પ્રમાણે આવે છે, માટે મેં પણ આમ કહ્યું છે. એટલે સુપાત્રદાન કરતાં જે જીવોની હિંસા થાય છે તે જીવો માટે અનુકંપાનો ભાવ મનમાં રાખવાનો છે.

સાચા ધર્માત્મા શ્રાવકને ઉપાશ્રય બંધાવતી વખતે પાણી વગેરેના મરતા જીવો પ્રત્યે ક્રૂરતાનો ભાવ ન જ હોય, પરંતુ એ ભાવ હોય કે આના દ્વારા ધર્મ આરાધના-મોક્ષમાર્ગની પ્રવૃત્તિ પ્રવાહબદ્ધરૂપે ચાલુ રહે, જેથી મારા આત્માનું કલ્યાણ થાય અને બીજા અનંતા આત્માનું કલ્યાણ થાય. જે સાચો ધર્મ પામીને આવી પ્રવૃત્તિ કરે તેને હૃદયથી આવો જ ભાવ હોય. આમાં ફળશ્રુતિરૂપે હિંસા ઓછા જીવોની છે, પણ અહિંસા ઘણા જીવોની થશે. દા.ત. કોઈ જીવને ઉપદેશ સાંભળતાં વૈરાગ્ય થાય અને સંસારત્યાગ કરીને સાધુ બનીને પૂર્ણ અહિંસા પાળશે, વળી તે સાધુ જ્યાં જાય ત્યાં અહિંસાનું આચરણ-પ્રવૃત્તિ કરે અને અહિંસાનો ઉપદેશ પણ આપશે. તથા કોઈ ધર્માત્મા શ્રાવક આ ઉપાશ્રયમાં આવીને પૌષધ-સામાયિક આદિ અહિંસામય ધર્મ કરશે અને કોઈ ભૂતકાળનો નાસ્તિક પણ ઉપદેશ સાંભળી બારવ્રતધારી શ્રાવક બનશે તો તેમના જીવનમાં ભરપૂર અહિંસા આવશે. આ બધામાં કારણભૂત ઉપાશ્રય છે.

ઉપાશ્રય બંધાવવામાં જે હિંસા થઈ તેના કરતાં કંઈ ગણા ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે અહિંસા થઈ. આવી રીતે જૈનશાસનની બધી પ્રવૃત્તિમાં ધર્મની પરંપરા છે, તેથી ધર્મપ્રવૃત્તિ નિમિત્તક અલ્પ જીવોને થતો ત્રાસ ક્ષન્તવ્ય છે, સહન કરવા લાયક છે. જો અનેકને શાંતિ થતી ન હોય ને ફક્ત ત્રાસ જ પડે તેવું હોય તો તેનું મૂલ્યાંકન જૈનઅનુકંપામાં નહીં આવે.

**સભા :-** પ્રક્ષાલના પાણીમાં અનુકંપા કેવી રીતે ?

**સાહેબજી :-** પ્રક્ષાલ-પૂજા આદિ જિનભક્તિની પ્રવૃત્તિ એવી ઉત્તમ રીતે અને બહુમાનપૂર્વક થવી જોઈએ કે તે જોઈને લાયક જીવો ધર્મ પામી જાય, તેમને પણ વીતરાગ પ્રત્યે આકર્ષણ પેદા થાય, પરિણામે બોધિબીજ પામે, અહિંસા ધર્મ પામે; અનેકને પમાડે અને અંતે મોક્ષે જાય. આમ, તે જીવોની અલ્પહિંસાથી મહાઅહિંસારૂપ અંતિમ ફળ આવે.

### ભગવાનની વિશિષ્ટ ભક્તિથી સ્વ-પરને કલ્યાણ પરંપરાનું સર્જન :

ધર્માત્મા જો શક્તિસંપન્ન હોય તો રાજાના મહેલ કરતાં પણ સુંદર મંદિર બંધાવે અને લોકો અંદર આવે તો પ્રતિમા અને કલાકારીગરી જોઈ આભા જ થઈ જાય એવી નયનરમ્ય-આકર્ષક પ્રતિમાઓ ભરાવે. સાથે આંગી પણ એવી ભવ્ય કરે કે બાલ જીવો જોતા જ રહે. આમેય દુનિયામાં સત્તાસંપત્તિનો મોહ તો લોકદષ્ટિમાં રહેવાનો જ. તેથી વીતરાગતાનું આકર્ષણ કરાવવું મુશ્કેલ છે. છતાં આવી અંગરચના જોતાં કદાચ તેનામાં વીતરાગનું આકર્ષણ થાય તો 'બીજ' રોપાઇ જાય, ને ભવાંતરમાં તેને સાચો ધર્મ મળે. જેથી પરંપરાએ આગળ વધી અહિંસા પાળશે. એક જીવ જો સંસારમાંથી મોક્ષે જાય તો અનંતાનંત જીવોને અભયદાન મળશે. આપણે સંસારમાં જ્યાં સુધી ભમીશું ત્યાં સુધી અનંતા જીવોને આપણા થકી ત્રાસ થવાનો. એક જીવ ૮૪ લાખ જીવાયોનિમાં ભટકે છે, તેમાં તેના એકલાના આત્માને દુઃખ નથી, પણ તેના દ્વારા અનંત જીવોને દુઃખ-ત્રાસ અવશ્ય થાય છે. તેથી એક પણ જીવને મોક્ષે મોકલો તો પરાકાષ્ઠાની અહિંસા થશે. વળી પૂજા કરતાં પોતે પણ વીતરાગતા પ્રત્યેના આકર્ષણથી વૈરાગ્યભાવ પામી, મોક્ષમાર્ગ પર ચઢી, આગળ જતાં પોતાનું તથા બીજા અનેકનું કલ્યાણ કરતાં કરતાં પરમ અહિંસારૂપ મોક્ષ પામશે.

ધંધામાં ધારો કે મજૂરીના ૫૦૦ રૂપિયા આપવાના છે, પણ નફો ૨૫૦૦૦ છે, તો સોદો કસવાળો જ કહેવાશે. ત્યારે તમને એમ નથી થતું કે અત્યારે ૫૦૦ રૂપિયા શું કરવા આપીએ ? તરત આપો છો, કારણ તેના બદલામાં ૨૫૦૦૦ રૂપિયા મળવાનાં જ છે. અહીં તમે ગણતરી કરીને લાભ-નુકસાનનું પાસું વિચારો છો અને લાભ જેમાં વધારે દેખાય તે જ પ્રવૃત્તિ કરો છો.

**સભા :-** પરમાત્માના અંગ પર જે જીવ ચઢે છે તે ધન્ય બની જાય છે ?

**સાહેબજી :-** પરમાત્માના અંગ પર ચઢતા જીવો ભવ્ય જ હોય છે. એટલે આ જીવો ભવ્ય હતા તે તમને ખબર નહોતી, જે પ્રભુના અંગ પર ચઢવાથી ખબર પડી. પણ તેથી તે ઉત્તમ થઈ ગયા એવું નથી.

મુસ્લિમો ઇદના દિવસે બકરાને ચઢાવે ત્યારે એમ માને છે કે તેનો મોક્ષ થઈ જશે. વૈદિકધર્મમાં પણ યજ્ઞમાં પશુના બલિ ચઢાવે ત્યારે માને છે કે આ જીવોનો દુર્ગતિમાંથી છૂટકારો થાય છે, ને તે સદ્‌ગતિ પામે છે. પરંતુ આવી રીતે જ જો સદ્‌ગતિ મળતી હોય તો તમે પોતે તમારી જાત જ હોમી દો ને ! તમારા દીકરાને પણ

હોમો ! જૈનાચાર્યોએ ટીકા કરી કે આવો ધર્મ ન હોય. ગમે તેમ હિંસા કરવાથી ધર્મ ન થાય. ધર્મમાં હિંસા જેટલી પણ થાય તેનાથી અનેક ગણા જીવોને સુખ-શાંતિ અવશ્ય મળવી જોઈએ, તો જ તેને સત્કાર્યોમાં સ્થાપિત કરી શકાય.

## ધર્મપ્રવૃત્તિમાં હિંસા એ ફળથી અહિંસા :

દા.ત. આ શાસ્ત્ર છે, તેને લખવું-છપાવવું તેમાં હિંસા થયા વગર નથી જ રહેવાની. અરે ! કાગળ પણ હિંસાથી જ બનશે. શાહી-પ્રેસ વગેરેના વપરાશમાં પણ આરંભ-સમારંભ આવશે. શાસ્ત્રલેખનમાં અસંખ્ય જીવો મરી શકે છે. કોઈ ધર્મની પ્રવૃત્તિ એવી નથી કે જેમાં સર્વથા હિંસા ન હોય. હવે હિંસાથી આ શાસ્ત્ર લખાયાં. તેને વાંચીને તત્ત્વ સમજેલો, જગતને પ્રતિબોધ કરશે અને તેના દ્વારા લોકમાં કેટલું પરિવર્તન આવશે ! પરંપરાએ જગતમાં ઘણી અહિંસા ફેલાશે; આના મૂળમાં 'શાસ્ત્રઆલેખન' છે. અમને પણ શાસ્ત્રો મળ્યાં તેથી જ તત્ત્વમાર્ગ પામી શક્યા છીએ. અમે કાંઈ મહાવીર પ્રભુને સીધા મળવા નથી ગયા. શાસ્ત્રો દ્વારા વાયા-વાયા જ તેમનો ઉપદેશ પામી શક્યા છીએ, અને તેનું મૂળ શાસ્ત્રઆલેખન જ છે.

**સભા :-** જે જીવોની શાસ્ત્રઆલેખનની પ્રવૃત્તિથી હિંસા થઈ તેની ક્યાં અનુકંપા થઈ ?

**સાહેબજી :-** જે જીવ જે પ્રવૃત્તિના અવલંબનથી ધર્મ પામ્યો; જેમ કે શાસ્ત્રશ્રવણથી બોધ પામ્યો, તો તે શાસ્ત્ર છપાવવા આદિમાં જે જીવો મર્યા તે જીવોની અનુકંપા થઈ છે; કારણ કે ધર્મ પામેલો જીવ પાછો તેવા જ અનેક જીવોની જયણા કરશે. ટૂંકમાં આ પ્રવૃત્તિમાં જીવો મરશે પરંતુ તેના દ્વારા અનેક બીજા જીવોની દયા થશે. તેથી આ દેખાવની હિંસા છે, સ્વરૂપહિંસા છે, પણ તે પરંપરાએ અહિંસાની શૃંખલા સર્જે છે. એ જ પ્રકારના જીવો માટે over all-સમગ્ર રીતે આમાં દયા જ થઈ. સારાંશ એ છે કે એકેન્દ્રિય જીવની હિંસાથી જ લાંબા ગાળે એકેન્દ્રિય જીવની દયા થાય છે અને તે જ હિંસા દ્વારા પરંપરાએ અનંતા જીવોની અહિંસા પણ અવશ્ય થશે.

જેમ કે એક તોફાની ટોળું હોય અને મહાનુકસાન કરતું હોય તો તેને અંકુશમાં લેવા તેમાંથી બે ચારને ઠપકારવા પડે. તેમ નબળા જીવોની જગતમાં અહિંસા ફેલાવવા માટે તેમાંથી થોડા જીવોની હિંસા કરવી પડે.

**સભા :-** ધૂપ-દીપનાં સાધનો કેવાં હોવાં જોઈએ ? અને દેશકાળ પ્રમાણે કેવા ઠાઠથી પ્રભુભક્તિ કરાય ?

**સાહેબજી :-** ધૂપ-દીપનાં સાધનો પણ અતિમૂલ્યવાન અને સુંદર હોવાં જોઈએ કે જોનારને અહોભાવ થાય. ધૂપ પણ એવા જ વાપરવાના કે જે અતિ સુગંધી હોય. જેને પેટાવવાથી આંખ બળે તેવા હલકા ધૂપ વાપરવાના નથી. મૂલ્યવાન વસ્તુઓ જ વાપરવાની હોય છે.

## કલકત્તામાં કાર્તિકી પૂર્ણિમાના વરઘોડામાં જિનભક્તિની ભવ્યતાની આછેરી ઝલક :

કલકત્તાનો વરઘોડો તમે જોયો હોય તો જિનભક્તિની ભવ્યતાનો ખ્યાલ આવે. હવે તો જોકે વિશેષ જાહોજલાલી રહી નથી, છતાં હજુ પણ તે વખણાય તેવો હોય છે. અત્યારે આ કાળમાં કીમતી ઝવેરાત આદિ બરાબર ન સચવાય તેથી ઘણું ઓછું કર્યું છે.

જેમણે પાલિતાણામાં બાબુનું દેરાસર બંધાવ્યું છે, તેમણે ૭૦ લાખ રૂપિયાનો ખર્ચો તે જમાનામાં કરેલો. કેટલી ઉદારતા-ભક્તિ હશે ! તેમના ઘરમાં તો દરેક સભ્ય દીઠ ચોવીસ કલાકના બે નોકર હોય. આવો વૈભવ છતાં એમને ત્યાં ઘરદેરાસરમાં પૂજારી ન રાખે, એક પણ નોકર નહીં. દેરાસરમાં વાસણ માંજનાર, ઝાડુ કાઢનાર પણ કોઈ નહીં રાખવાના. આવા કુટુંબની પુત્રવધૂઓ, રાજકુમારીઓ કે જેમણે ઘરમાં એક તપેલું પણ ન ઊંચક્યું હોય, તેઓ દેરાસરમાં પ્રભુનું બધું જ કામ જાતે કરે. વાસણ ઊટકે, કાજો કાઢે અને પૂજા-ભક્તિ પણ અદ્‌ભુત ઠાઠથી કરે! હવે આ લોકોનું ભક્તિનું વર્તન જ્યારે બંગાળી બાબુઓ જુએ ત્યારે તેમને આપણા પ્રભુ પ્રત્યે બહુમાન થાય, કે આવા વૈભવશાળી હોવા છતાં પણ પ્રભુનું કામ જાતે કરે છે, તો તેમના પ્રભુ કેવા હશે ! જ્યારે વરઘોડો નીકળે ત્યારે પાલખી ઊંચકવા પણ શેઠિયાઓ જાતે આવે, પરસ્પર પડાપડી કરે. આ બધું જોઈ બંગાળી બાબુઓ પ્રભુની પાલખી સામે બહુમાનથી રેતીમાં આળોટી જાય. અહીં વિચારવા જેવું છે કે આ ભક્તિ જોવાથી પ્રભુ પ્રત્યે કેટલું બહુમાન જાગતું હશે કે જેથી આવું વર્તન કરે ! આવી અનુમોદના કરવાથી તેઓ બોધિબીજ પણ પામી જાય.

તમે પણ પૂજા કરવા જાઓ તે વખતે સજ્જન માળી સાથે જો સારાં ફૂલ હોય,

તો જરાપણ ભાવ-તાલ ન કરવા પરંતુ મોં માંગ્યા પૈસા આપવા. જેથી પ્રભુભક્તિમાં તમારી ઉદારતા જોઈને અહોભાવ થાય અને ધર્મ પામી જાય. તમે જ સ્વયં ધર્મ આરાધના કરીને કલ્યાણ પામો તેમ નહીં, પણ તમારા ધર્મથી બીજા ઘણા જીવો ધર્મ પામીને ઘણા જીવોની અહિંસા કરતા થાય, તે લક્ષ્ય પણ હોવું જોઈએ. ધર્મમાં હિંસા કરતી વખતે પરિણામે અહિંસારૂપે કેટલું વળતર મળે છે તે વિચારવાનું. આવી હિંસામાં ફળથી ઘણા જીવોની દયા-જયણા સમાયેલી છે, માત્ર અત્યારે જે જીવ મરે છે તે અનુકંપાના અંગ તરીકે મરે છે, તેથી તેની હિંસાને અહિંસાના સાધન તરીકે ઘટાવવાની છે, આ સ્વરૂપહિંસામાં પણ મહાઅનુકંપા આવશે.

વરઘોડો કાઢતાં કેટલા જીવોની વિરાધના થશે? રથ આવશે, પશુઓ આવશે, બેન્ડવાજાં આવશે, સાથે શણગારવા પુષ્પો આવશે, વાહનો ચાલશે, તેને જોવા લોકો દોડીદોડીને આવશે, તેથી નાના જીવોનો તો કચ્ચરઘાણ નીકળી જશે; આમ દેખીતી હિંસા થશે, પણ આ બધી ભવ્યતાથી જો એક લાયક જીવ ધર્મ પામી જાય તો શાસન પ્રત્યે તેને બહુમાનરૂપ બોધિબીજની પ્રાપ્તિ થાય અને તેનાં દ્વારા ભવાંતરમાં શાસન આરાધી પરંપરાએ અહિંસા ધર્મ એ પોતે આચરશે અને અનેકને પમાડશે.

**સભા** :- પ્લેનમાં જઈને ફોરેનમાં ઉપદેશ આપી શકાય ?

**સાહેબજી** :- પહેલાં એ બોલો કે ગૃહસ્થ માટે તમારો આ પ્રશ્ન છે કે સાધુ માટે? જો ગૃહસ્થ માટે હોય તો શાસ્ત્ર ભણીને બોધ પામેલો શ્રાવક ત્યાં જઈ લાયક જીવોને ધર્મ પમાડી શકે. અહીંયાંથી આપણા જ જૈનો ત્યાં સંપત્તિ વગેરે માટે સ્થળાંતર થઈને વસેલા છે, તેઓને પણ માતૃભૂમિ યાદ આવતી હોય છે. દેવ-ગુરુ-ધર્મની પણ જિજ્ઞાસા હોય છે. તેથી શ્રાવક જઈને ધર્મ પમાડી શકે તો તે સારું જ છે. પણ જો સાધુ માટે આવી વાત હોય તો સાધુથી ન જ જવાય. પ્લેનમાં બેસવાથી અમારા આચારમાં અહિંસા રહેશે જ નહીં, જેનાં અમે પચ્ચક્ખાણ લીધેલાં છે, તેનો જ ભંગ થશે. તમે જે ધર્મમાં હિંસા કરો છો, તે ધર્મ કરવાની પણ ભગવાને અમને ના પાડી છે. દેરાસર-ઉપાશ્રય બંધાવવાના તથા સાચવવાના પણ શ્રાવકે જ હોય છે. સાધુઓએ તો તેમાં રહીને ફક્ત આરાધના કરવી ને કરાવવી એટલું જ હોય છે. અમારે નિર્માણ, માલિકી કે વહીવટનો સવાલ જ નથી આવતો. ઉપાશ્રયમાં પણ અમે permission-પરવાનગી લઈને જ રહીએ છીએ. જઈએ ત્યારે શ્રાવકને ભળાવીએ છીએ. આરંભ-સમારંભ યુક્ત ધર્મની પ્રવૃત્તિઓનો પણ અમે ત્યાગ કર્યો છે. માટે અમારાં કર્તવ્યો જુદાં જ આવશે.

## અનુકંપામાં પણ આરંભ-સમારંભ હોવાથી જિનાજ્ઞા મુજબ તે કરવાનું શ્રાવકનું કર્તવ્ય છે, સાધુનું નથી :

અનુકંપા પણ શ્રાવકે જ કરવાની છે. ધનથી થતાં કોઈ પણ સત્કાર્યો સાધુએ કરવાનાં નથી હોતાં અને અમે કરીએ તો પાપ લાગે. આ બધા કામોમાં આરંભ-સમારંભ હોય જ. દેરાસર-ઉપાશ્રય બંધાવીએ અને તેના વળતરરૂપે પણ મહાઅહિંસા જ મળવાની હોય, તો પણ સાધુએ તે નથી કરવાનું. અમે જે અહિંસાનાં વ્રત લીધાં છે, તે ભાંગીને બીજાનું કલ્યાણ કરવાનું નથી. આત્મકલ્યાણને નેવે મૂકીને પરકલ્યાણ કરવાનું નથી. પરકલ્યાણ કરતાં સ્વકલ્યાણ ગુમાવવાનું ન જ હોય. શાસ્ત્રોમાં તર્કો સાથે સમજાવ્યું છે કે સ્વકલ્યાણ મુખ્ય છે, પરકલ્યાણ ગૌણ છે.

## સ્વનું ચૂકી પરનું કલ્યાણ કરવામાં ભારે અહિત થાય છે : સ્કંદકાચાર્યનું દૃષ્ટાંતઃ

સ્કંદકાચાર્યનું બહુ જ સરસ દૃષ્ટાંત છે. આ સ્કંદકાચાર્ય મુનિસુવ્રતસ્વામીના શાસનમાં થઈ ગયા, જ્યારે ભગવાન ખુદ સદેહે વિચરી રહ્યા હતા. તેઓશ્રીને પોતાના ૫૦૦ શિષ્યો હતા. તેમની સાથે તેઓ ભગવાનની નિશ્રામાં દેશના સાંભળે છે ને સંયમજીવનની સુંદર આરાધના કરે છે, ભક્તિ કરે છે. ઘણા વખતથી તેમનાં બહેન-બનેવી જ્યાં વસતા હતા ત્યાં ન ગયા હોવાથી, તેમને ત્યાં જવાનો અભિલાષ હતો. આથી તેઓ એ બાજુ વિચરણ કરવાનું વિચારે છે. ભૂતકાળમાં તેઓ પોતે રાજકુમાર હતા, ભરયુવાનીમાં વૈરાગ્ય પામીને દીક્ષા ગ્રહણ કરીને, જ્ઞાનધ્યાનપૂર્વક મહાન ધર્માચાર્ય બનેલાં છે. વિહાર માટે જતાં પહેલાં પ્રભુની આજ્ઞા લેવા જાય છે ને પૂછે છે કે, મારા ૫૦૦ શિષ્યો સાથે આ બાજુ વિહારમાં જાઉં ? પરંતુ પ્રભુ મૌન રહ્યા. પ્રભુ કેવલજ્ઞાની હોવાથી ભાવિ જાણતા હોય છે. પૂર્ણજ્ઞાની હિત લાગે તો જ જવાબ આપે, હિત ન દેખાય તો મૌન રહે.

આ ધર્માચાર્ય પણ શાસ્ત્ર ભણેલા જ હતા. તેથી વિચારે છે કે પ્રભુના મૌનનું ગર્ભિત કારણ શું હશે ? મારું અહિત તો થવાનું નહીં હોય ને ? એટલે ફરીથી *પૂછતાં પ્રભુ કહે છે કે તમારા વિચરણમાં ૫૦૦નું હિત છે ને તમારું અહિત છે.* આ અવસરે સ્કંદકાચાર્યને થાય છે કે જો મારા ભોગે ૫૦૦નું હિત થતું હોય તો તેની સામે ભલે મારું અહિત થાય. તેમની પરોપકારની ભાવના કેવી પ્રબળ હશે ! સ્વકલ્યાણને ગૌણ કરી તેમણે પ્રભુને કહ્યું કે અમે તે બાજુ વિહાર કરીએ છીએ.

ત્યારે ફરી પ્રભુ મૌન રહ્યા છે. સ્કંદકાચાર્યને મનમાં ૫૦૦ શિષ્યોના હિતનો ઉલ્લાસ છે, તેથી જવા નીકળે છે.

બહેન-બનેવી પણ તે બાજુ જાહોજલાલીપૂર્વક સામૈયું લઈને વંદન કરવા આવે છે. ધર્મની દેશનાઓ પણ થાય છે. પરંતુ ત્યાંનો મંત્રી 'પાલક' નામે છે, જેને પૂર્વના પ્રસંગથી તેમની સાથે વેર છે. પોતાની અયોગ્યતાના કારણે સ્કંદકાચાર્ય ઉપર તેને દ્વેષ ગાઢ બનેલો છે; તેથી તક મળતાં રાજાના કાન ભંભેરી દંડની સત્તા હાથમાં લઈ મુનિને મારવાનું નક્કી કર્યું છે. આ દૃષ્ટાંતનો મર્મ વિચારજો. પાલક મંત્રી તેમના એક એક શિષ્યને તેમની જ સામે ઘાણીમાં પીલે છે. લોહી-માંસના ફુવારા ઊડે છે ને હાડકાં તડ તડ તૂટે છે. પરંતુ આચાર્ય ઠરેલ છે, શાસ્ત્રનો મહાબોધ પામેલા છે, તેથી એકે-એક વિનયી શિષ્યને બોધ પમાડે છે ને સમજાવે છે કે "કર્મ ખપાવવાનો આવો અવસર આવ્યો છે. પરમાત્મા જેવાએ પણ કેવલજ્ઞાન પામતાં પહેલાં કેવાં કષ્ટો સહન કર્યાં છે ! તેને યાદ કરીને ધીર બનજો." તેથી શિષ્યો પણ પિલાઈ પિલાઈને શુભધ્યાનપૂર્વક કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા. ફક્ત હવે છેલ્લા એક બાળમુનિ બાકી છે, જે કુમળી કળી જેવા છે. અત્યાર સુધી હૈયાની કોર જેવા સર્વ શિષ્યોને આવા કપરા સમયે હિંમત અપાવી સમાધિથી મોત અપાવ્યું છે, તે આચાર્ય ભગવંતની અતિશય ધીરતા અને ગુણવત્તા બતાવે છે. પરંતુ અહીં આ કુમળા બાળમુનિ માટે આચાર્ય પેલા પાલકમંત્રીને કહે છે કે "આ બાલમુનિને પીલતાં પહેલાં મને ઘાણીમાં પીલી દો, કારણ હું તેમને નજર સામે મરતા નહિ જોઈ શકું." ત્યારે પેલા અનાડી અને અભવ્ય એવા પાલકે કહ્યું કે "મારે તો તમને વધારે દુઃખ જ આપવું છે. તેથી પહેલાં હું આ બાલમુનિને જ તમારી સામે પીલીશ."

અહીં ભૂલ આચાર્યની છે કે, એમને એવો વિચાર ન આવ્યો કે મારી ગેરહાજરીમાં આ બાલમુનિને સમાધિ કોણ અપાવશે ? કર્મના ઉદયથી એમને ઊંધો વિકલ્પ સૂઝ્યો. પાલક પણ અનાડી, ઝેરીલો ને અભવ્યનો જીવ હોવાથી તેમની સામે જ બાળમુનિને કઠોરતાથી પીલે છે. ત્યારે આચાર્ય તે બાલમુનિને પણ સુંદર નિર્યામણા કરાવે છે અને તે બાલમુનિ પણ કેવળજ્ઞાન પામીને મોક્ષે જાય છે. પણ આ દૃશ્ય જોઈને આચાર્યના ભાવ બદલાઈ ગયા છે. તેઓ પોતાના ૪૯૯ શિષ્યોને પીલ્યા ત્યારે કાંઈ બોલ્યા નથી, પરંતુ બાલમુનિ માટેની પોતાની નાની વાત પણ પાલકે માની નહિ, તેથી તેના આવા અતિ ક્રૂર વ્યવહારને જોઈને તેમને મનમાં દ્વેષ આવી ગયો કે, આ રાજા ને અહીંની પ્રજા પણ કેવી કે આવા સંતો સાથેના દુષ્ટ વ્યવહારને પણ ચલાવે

છે? આ વખતે તેઓ સંકલ્પ કરે છે કે "ભવાંતરમાં હું આનું વેર લેવાવાળો થાઉં." જીવનમાં ધર્મ આરાધના ઘણી કરી હોવાથી આવા આવેશ સાથે મૃત્યુ પામીને પણ દેવલોકમાં ગયા ને ત્યાં જન્મતાંવેંત ઉપયોગ મૂકીને જાણ્યું. પછી અહીં આવી ફક્ત પાલકં જ નહિ, રાજા-દેશ-પ્રજા બધાને જીવતા સળગાવી મૂક્યા.

આ દૃષ્ટાંતથી એ ફલિત થાય છે કે ૫૦૦નું કલ્યાણ કર્યું પણ પોતાનું અકલ્યાણ કર્યું. વળી, આખા દેશને સળગાવવાથી તેમાં કેટલાય લાયક અને ધર્માત્મા જીવો પણ જીવતાં સળગતી વખતે આર્તધ્યાન ને રૌદ્રધ્યાનથી મરીને દુર્ગતિ આદિમાં ગયા. તે દેશમાં રહેલા કેટલાય મહાત્માઓની પણ આરાધના તૂટી હોય. આવી રીતે તેમના નિમિત્તથી કેટલાયે પાત્ર જીવોનું અકલ્યાણ થયું. સ્વનું ચૂકીને પરકલ્યાણ કરવા જાઓ તો સરવાળે વધારે નુકસાન જ થાય છે. એક સાધુ પોતાની સાધુતાને ભ્રષ્ટ કરીને બીજાનું કલ્યાણ કરવા જાય, તે ન જ ચાલે. સ્વકલ્યાણને કેન્દ્રમાં રાખીને જ પરકલ્યાણની પ્રવૃત્તિ કરવી જોઈએ.

# ૧૨

તા. ૩-૮-૯૪, બુધવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રની હિતચિંતાથી ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જગતમાં એવો કોઈ જીવ નથી કે જેની હિતચિંતા માટે પ્રભુએ સમુચિત વિચાર ન કર્યો હોય. **માટે જૈનધર્મની પ્રવૃત્તિ કરતાં તેમાં બાહ્ય દૃષ્ટિએ હિંસા દેખાય તો વિચારવાનું કે આનાથી પરિણામે વિપુલ અહિંસા અવશ્ય થશે.**

## અનુકંપાનું લક્ષ્ય શાસનપ્રભાવના :

જેમાં વિપુલ અહિંસા અંતિમ ફળરૂપે સમાયેલી ન હોય તેને જૈનશાસ્ત્રો ધર્મ સ્વીકારવા તૈયાર નથી. દા.ત. ભૂખ્યાને અન્ન આપો, નગ્નને વસ્ત્ર આપો, પશુને ઘાસચારો નાખો, ઘર વગરનાને ઘર આપો, આજીવિકા માટે ધંધો-રોજગાર આપો, કૂતરાને રોટલા આપો, કબૂતરને ચણ નાખો, કીડીને લોટ નાખો, તરસ્યા માટે પાણીની પરબ કરો કે કૂવા-તળાવ બંધાવો, આ બધી પ્રવૃત્તિમાં જેટલા જીવોને શાંતિ આપો છો તેના કરતાં અધિક બીજા જીવોને ત્રાસ થાય છે. જેમ મણ ઘાસ ખવડાવવાથી ગાયને થોડા વખત માટે શાંતિ મળશે, પણ ઘાસના જીવોને મૃત્યુનો ત્રાસ થશે, કૂતરાને રોટલો નાંખો કે કબૂતરને ચણ નાંખો તેમાં પણ આ જ નિયમ લાગુ પડશે, બીજા ઘણા જીવોનો ખાત્મો બોલાશે. એવી જ રીતે મનુષ્યની દયારૂપે રોજગાર આપશો તો વ્યાવસાયિક હિંસાની પરંપરા ચાલશે. કૂવા-તળાવ બંધાવવામાં પણ પાણીના જીવોને ત્રાસ થશે, માછલા આદિની પણ ત્રાસથી હિંસા થશે. ટૂંકમાં થોડાને શાંતિ આપતાં ઘણાને ત્રાસ થશે. તો પછી આ બધી પ્રવૃત્તિને અનુકંપામાં ગણવી કે નહિ ?

આવાં સત્કાર્યોને જૈનધર્મ અનુકંપામાં નથી ગણતો. હવે જો આ કાર્યો અનુકંપામાં ન ગણાય તો શિષ્ય દ્વારા પ્રશ્ન થયો કે, શાસ્ત્રમાં તો સંભળાય છે કે સંપ્રતિરાજાએ

હજારો દાનશાળાઓ ખોલી, વસ્તુપાલ-તેજપાલે અનેક કૂવા-તળાવ ખોદાવ્યા તથા જગડુશાહે દુકાળ વખતે આખા દેશને અનાજ આદિ પૂરાં પાડેલાં, અરે ! પરદેશમાં પણ અનાજ મોકલેલું. દુકાળનાં એંધાણ મળતાં અગમચેતીરૂપે તેમણે વિપુલ અનાજના કોઠારો ઊભા કરી દીધા, તેથી દુકાળ સમયે બધાને અનાજ પૂરું પાડી શક્યા. આવા વખતે તો બીજો વેપારી માણસ ધારે તેટલા પૈસા ઊભા કરી શકે, પણ આમણે તો છૂટે હાથે દાનપ્રવૃત્તિ કરી. આવાં તો અનેક દૃષ્ટાંતો પુરાવારૂપે શાસ્ત્રમાં છે, તો શું તે બધાની પ્રવૃત્તિ જૈનઅનુકંપાદાન ન ગણાય ? અરે ! શાસ્ત્રમાં તો તેમની અનુકંપાનાં વખાણ સંભળાય છે.

**તેના જવાબમાં શાસ્ત્રે કહ્યું કે તેમણે દુઃખી જીવોનાં દુઃખ દૂર કરવાની ભાવનામાત્રથી આ પ્રવૃત્તિઓ નથી કરી, પણ શાસનપ્રભાવનાના લક્ષ્યથી આ પ્રવૃત્તિઓ કરેલી છે, જેથી આના દ્વારા જગતમાં જૈનધર્મનો મહિમા ને પ્રભાવ વધે અને લોકોને જૈનધર્મ પ્રત્યે બહુમાન થાય ને ભવાંતરમાં ઉત્તમ ધર્મ પામી તેઓ આત્મકલ્યાણ કરી શકે. આ જ શુભ ભાવનાથી આ પ્રવૃત્તિ થયેલી. સંપ્રતિરાજાએ પણ દાનશાળાઓ ખોલી તેમાં આ જ લક્ષ્ય હતું. અહીં આ લક્ષ્ય-ભાવનાને કારણે તે જિનશાસનની અનુકંપા ગણાય.**

**સભા :-** સાહેબ ! આ તો પૈસાવાળાની વાત થઈ પણ અમારે શું કરવું ?

**સાહેબજી :-** જ્યારે પણ અનુકંપા કરવાનો પ્રસંગ આવે ત્યારે યથાશક્તિ અનુકંપાધર્મ કરવાનો છે. શક્તિથી અધિક ધર્મ કરો તો પણ પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન છે. પરંતુ અત્યારે તો તમે શક્તિ પ્રમાણે પણ કરતા નથી. તેથી આના ઓઠા નીચે અનુકંપાધર્મ મૂકી દેવાનો નથી. તમામ સત્કાર્યોમાં શક્તિથી વધારે કરવાનું કહ્યું નથી. નાના માટે નાનું ને મોટા માટે મોટું. આ દાનવીરો હજારોને આપી શકે તો તમે થોડાને આપીને દાનધર્મ કરી શકો છો, પણ કરવાનું શાસ્ત્રઆજ્ઞા મુજબ.

**શાસ્ત્રઆજ્ઞા એ છે કે આ બધું ધર્મપ્રભાવનાના લક્ષ્યથી કરવાનું છે, આ જીવો ભૌતિક રીતે દુઃખી છે, તેથી તેમના માત્ર શોક-સંતાપ દૂર કરવા માટે કરવાનું નથી. કોઈ પણ સત્પ્રવૃત્તિમાં ખોટ હોય તેનાથી વધારે નફો મળવો જ જોઈએ. જેટલી હિંસા છે તેનાથી કંઈ ગણી અધિક અહિંસા સરવૈયે આવવી જ જોઈએ અને તે શાસ્ત્રાજ્ઞા પ્રમાણે કરો તો જ આવે.**

ધર્મમાં જગતના જીવમાત્રને સુખ-શાંતિ આપવાનો ઉદ્દેશ છે. તેથી બની શકે

તો સર્વ જીવને શાંતિ અપાય તેવી પ્રવૃત્તિ જ ધર્મના નામે કરવી. પરંતુ આ તો બહુ જ ઊંચી ભૂમિકાની વાત છે. સાધુપણામાં અનિવાર્ય હિંસા છોડીને કોઈ જ હિંસા કરવાની નથી, તેથી એ ભૂમિકામાં સ્વાર્થજન્ય હિંસાવાળી કોઈ જ પાપપ્રવૃત્તિ નથી. તે તમે કરી શકો તો ઘણી ઊંચી વાત છે.

**સભા :-** અનુકંપા જાતે વ્યક્તિગત કરીએ ? કે અજૈન સંસ્થા મારફત કરીએ ? તેમાં ખરી અનુકંપા કઈ ગણાશે ?

**સાહેબજી :-** સીધી વાત છે, બીજી સંસ્થા દ્વારા કરેલા અનુકંપાદાનથી જૈનધર્મને યશ મળશે નહીં. વાસ્તવમાં ભગવાનના શાસનને યશ આપવાના હેતુથી જ આ કામ કરવાનાં છે, ફક્ત જીવોનાં દુઃખ દૂર કરવા માટે નહિ. તમે મધર ટેરેસાને દાન આપશો અને તે જે માનવદયાની પ્રવૃત્તિ કરશે તેનાથી કંઈ જૈનધર્મની પ્રભાવના થતી નથી. જૈનધર્મને યશ મળે એ રીતે વ્યક્તિગત કરો તો પણ સારું છે. **વળી અનુકંપા ગુપ્ત રીતે કરવાની નથી, સુપાત્રદાન ગુપ્ત હોઈ શકે છે. અનુકંપા દ્વારા શાસનની પ્રભાવના કરવાની છે અને યોગ્ય પ્રસિદ્ધિ જ તેનું અંગ છે.**

એક ગરીબ માણસ જે ધર્માત્મા નથી અને પાપના ઉદયવાળો છે, તે રોજગાર વગરનો ભૂખ્યો-તરસ્યો છે. તેને રોજગાર આપો તો તેનો નિર્વાહ ચાલી શકે, પણ તેના નિર્વાહ માટે કરાતા વ્યવસાય દ્વારા કેટલા જીવોની હિંસા થશે ! પછી તે માણસ ખાઈ-પીને મોજમજા કરશે, ફરીથી નવાં પાપ બંધાશે, આથી દુર્ગતિમાં જશે. એમ પરંપરાએ વિપુલ હિંસાની શૃંખલા ચાલશે. આમાં વળતરરૂપે અહિંસા ક્યાંય મળે તેમ નથી. અહીં કોઈ કહે કે મનુષ્ય વિકસિત છે માટે તેની સારસંભાળ કરવી, તેના માટે નબળા જીવોનો કચ્ચરઘાણ નીકળે તો વાંધો નહિ. પરંતુ કુદરતમાં સબળા જીવોને જ સાચવવાના, બાકી બીજાનો ભોગ લેવાય તો વાંધો નહિ એવો ધર્મનો દૃષ્ટિકોણ નથી હોતો. ધર્મવિહોણા દુઃખી જીવોનાં ભૌતિક દુઃખ દૂર કરવામાં વાસ્તવમાં અલ્પને શાંતિ છે ને ઘણાને ત્રાસ છે.

**સભા :-** બીજા ધર્મનાને નોકરીએ લગાડીએ તો અનુકંપા ગણાય ?

**સાહેબજી :-** જો સાચો ધર્માત્મા હોય તો તે લેખે લાગશે. સૌને પાપના ઉદયથી દુઃખ આવે છે. તમે તેના દુઃખને દૂર કરવા પ્રયત્ન કરશો, પણ જો તેના જીવનમાં ધર્મ ન હોય તો સુખી થઈને પાપ જ કરશે. તેથી આપણે ભાવદયાપૂર્વકની દ્રવ્યદયા કરવાની છે. **ભાવદયા = આત્માની દયા, દ્રવ્યદયા = ભૌતિક દયા.** માત્ર દ્રવ્યદયા

કરવાથી તો દુઃખી વ્યક્તિ સુખી થઇ, પાપ બાંધી, દુર્ગતિમાં જઈ પરંપરાએ દીર્ઘ હિંસા કરશે.

### જગડુશાહનો દાનધર્મ :

**સભા** :- તો અનુકંપાદાન કરવાનું કઈ રીતે ?

**સાહેબજી** :- જૈનશાસનની સમજાવેલી પદ્ધતિથી કરો. જેનાથી જૈનધર્મનો યશ-પ્રભાવના વધે તેવાં અનુકંપાનાં કામો કરવાનાં છે. દાન કરનારને જશ ન મળે તો વાંધો નહિ, પણ દાનધર્મ દ્વારા શાસનપ્રભાવના તો થવી જ જોઈએ.

જગડુશાહના દૃષ્ટાંતમાં આવે છે કે તેમણે કરેલા દાનધર્મથી લોકમાં તેમનાં ઘણાં વખાણ થતાં, લોકો તેમને દેવ તરીકે માનતા, પણ તેમનો તો આ જ જવાબ રહેતો કે, અમારા ધર્મના ઉપદેશ પ્રમાણે તો હું રતીભાર પણ સત્કાર્ય કરતો નથી. ત્યારે લોકો વિચારતા કે આટલું કરવા છતાં પણ તેમને આ ઓછું લાગે છે, તો જૈનધર્મમાં કેટલું બતાવ્યું હશે ! ધર્મ કેટલો ઊંચો ને મહાન હશે ! આવા બહુમાનથી અનેક જીવોમાં બોધિબીજનું વપન થતું, જે પરંપરાએ મહાઅહિંસાની શૃંખલા સર્જે.

**સભા** :- અમારે તો પૈસા ખર્ચીએ પણ બંને બગડે.

**સાહેબજી** :- હા, પૈસા જાય અને હેતુ સરે નહિ. અનુકંપા દ્વારા જે ઉદ્દેશ છે તેને ચરિતાર્થ કરવો હોય તો શાસ્ત્રે કહેલી પદ્ધતિ સમજવી પડે.

### પોતાનું હૈયું કઠોર ન થાય માટે સ્વ-પર ભાવદયાના હેતુથી દીન-દુઃખીની અનુકંપા :

**સભા** :- અપાત્રની અનુકંપા કઈ રીતે કરાય ?

**સાહેબજી** :- જો અપાત્રની અનુકંપા કરશો તો તે ફલશ્રુતિરૂપે પાપ જ કરશે. તેથી તે વખતે તમારા આત્માની કોમળતા અને કરુણા સચવાય તે માટે અપાત્રની અનુકંપા કરવાની છે. કારણ કે ત્યારે ભાવદયાના સાધન તરીકે અનુકંપા કરવાની છે. અહીં તમારા આત્માની ભાવદયા ખાતર તથા જૈનશાસનની અપભ્રાજના અટકાવવા પણ અનુકંપા કરવાની છે.

## શાસનપ્રભાવના કરવા માટે અને શાસનઅપભ્રાજના અટકાવવા માટે અનુકંપા :

દેલવાડાની કારીગરી અત્યારે નવી બનાવવી શક્ય જ નથી, પણ સમારકામ કરનાર પણ કોઈ નિષ્ણાત મળતા નથી. આ બનાવતી વખતે મહાશ્રાવકોએ પાણીની જેમ પૈસા ખરચ્યા છે. એ વખતે ૧૮ કરોડ સુવર્ણમુદ્રાઓ ખરચાઈ છે, જે જમાનામાં ૧ સોનામહોરથી ૧૨ મહિના આરામથી સારામાં સારી રીતે ઘર ચાલી શકે તેટલી સોંઘવારી હતી. હવે આટલાં અઢળક નાણાં જેણે સુપાત્રમાં ખરચ્યાં હોય તેની પાસે તે વખતે કોઈ ગરીબ આવે અને હડધૂત કરે તો તેને ઘણો જ દ્વેષ થાય. તેથી જ સુપાત્રદાનનું ઊંચું કામ કરો ત્યારે અનુકંપાનાં કામ પણ કરવાનાં છે. આની પાછળ શાસનની અપભ્રાજના અટકાવવાનો તથા પ્રભાવના કરવાનો હેતુ છે, માત્ર ગરીબનાં દુ:ખ દૂર કરવાનો આશય નથી.

જૈનધર્મના અભિપ્રાય પ્રમાણે જેમ દુ:ખી મનુષ્ય દયાપાત્ર છે તેમ પ્રાણી પણ દયાપાત્ર છે તથા પૃથ્વી, પાણી, ઘાસ આદિના જીવો પણ દયાપાત્ર જ છે. ટૂંકમાં બધા જ દુ:ખી જીવો દયાપાત્ર છે, તેથી અનેકના ભોગે એકના રક્ષણની વાત નથી. છતાં શાસનપ્રભાવના કરવા, અપભ્રાજના અટકાવવા તથા આત્માની ભાવદયા માટે અનુકંપા સ્વીકારવાની છે.

## હૈયાની કોમળતા, નિ:સ્વાર્થ પરોપકાર, આત્મકલ્યાણની ભાવનાથી અનુકંપાદાન :

**સભા :-** મોટરમાં જતા હોઈએ ને ગાડી ઊભી રહે તે વખતે દાન અપાય ?

**સાહેબજી :- ધર્મની દૃષ્ટિએ લાયક હોય તો જ દયા કરવાની છે તેવું નથી, અત્યારે આ સમયે તમારું હૈયું કઠોર ન થાય તે માટે દુ:ખીની પ્રાથમિક જરૂરિયાત પૂરી કરવા દાન આપવાનું છે.** દયામાં કપડાં, ખાવાનું, રહેવાનું વગેરે આપવાનું છે, કાંઈ હથિયાર કે મોજમઝાનાં સાધનો નથી આપવાનાં. સિગારેટ માંગે તો તે ન જ અપાય. ગમે તેવી વસ્તુ અનુકંપામાં ન જ આવે.

**સભા :-** રોકડા પૈસા અપાય ?

**સાહેબજી :-** તે વખતે તમારી પાસે આપવા લાયક ખાદ્યસામગ્રી આદિ ન

હોય તો રોકડા પૈસા પણ અપાય. કારણ કે છતી શક્તિએ અનુકંપા ન કરો તો અંતરાય બંધાય. કોઈનું દુઃખ દૂર કરી શકવાની સાધનસામગ્રી હોવા છતાં ક્યાં પંચાતમાં પડવું એમ માનીને દુઃખીને ન આપો તો ચોક્કસ અંતરાય બંધાય. તે વખતે એમ પણ ન વિચારાય કે આ ભિખારીને રોકડા પૈસા આપીશ તો તેનાથી તે પાપ કરશે. જેવી રીતે શાક ખરીદતાં તમે એવો વિચાર નથી કરતા કે આ પૈસાથી શાકવાળો દારૂ પીશે, પાપો કરશે. ડ્રાઈવરને પણ પગાર આપો છો ત્યારે તમને સગવડતા મળે છે તેથી અનેક પાપના સાધનરૂપ પૈસા આપવા તૈયાર છો, ત્યાં તમને વાયા-વાયા થતું પાપ દેખાતું નથી.

**સભા :-** એ લોકો મહેનત કરીને પગાર લે છે.

**સાહેબજી :-** તેથી જ ત્યાં તમારા પર પાપની જવાબદારી વધારે આવે. કારણ કે તમને સગવડતા પૂરી પાડવા તેઓ મહેનત કરે છે, જેના વળતરરૂપે તમે પગાર આપો છો, જે પગારમાંથી અનેક પાપો થાય છે. જ્યારે ભિખારીને તો તમે વગર સ્વાર્થે દયાબુદ્ધિથી પૈસા આપો છો, નહીં કે તમારી સગવડતા ખાતર. વળી તમે મહેનતના વળતરરૂપે પગાર આપીને પગારથી થતાં પાપોમાંથી છટકી જવા માંગો છો. પણ તે બરાબર નથી. દા.ત. કોઈ બદમાશ હોય અને સ્મગ્લીંગ કરીને માલ લાવ્યો હોય તે વખતે 'તે મહેનત કરીને લાવ્યો છે અને સસ્તા ભાવે મળે છે' એમ વિચારી તમે માલ લઈ લો અને કદાચ પછી સરકારને ખબર પડે, ને તે માલ સાથે પકડાય, ને તમને પણ પકડી જાય, ત્યારે એમ ન જ કહેવાય કે એ ભાઈ તો મહેનત કરીને લાવ્યો હતો તેથી જ મેં વળતર ચૂકવીને લીધું. તેવી રીતે અહીં તમને ખબર છે કે ડ્રાઈવર આ પૈસાથી રાત્રિભોજન કરશે કે દારૂ પીશે, છતાં તમારી સગવડતા એની મહેનત દ્વારા સચવાય છે માટે તમે વળતરરૂપે તેને પાપનું સાધન પૂરું પાડવા તૈયાર છો. આમ, આવા કરણ-કરાવણના પાપથી તમે સંસારમાં ઘેરાયેલા જ છો. આવાં પાપ તો તમારે સતત ચાલુ જ છે. જ્યારે ભિખારીને અનુકંપાદાન આપતી વખતે નિઃસ્વાર્થ પરોપકાર કે આત્મકલ્યાણની ભાવનાથી અવશ્ય પુણ્યબંધ થશે.

**સભા :-** ભિખારીઓના ધંધા ચાલે છે.

**સાહેબજી :-** આ જમાનામાં બધે sophistification આવી ગયું છે. બદમાશો બધું જ કરે છે. પણ તમે તમારા આવા વિચાર રાખશો તો સાચા માણસ પણ ભૂખ્યા મરી જશે. તમારી વાતમાં અમુક ટકા તથ્ય છે, પણ સંપૂર્ણ સત્ય નથી. અત્યારે

સમાજમાં એવો પ્રચાર છે કે ભીખ માંગવી એ હરામખોરી છે. પરંતુ આર્યપરંપરા છે કે દીન-અનાથ-લૂલા-લંગડા-અશક્ત લોકોને લોકમાં ભીખ માંગવાનો અધિકાર છે. સમાજની પણ ફરજ છે કે આવા નબળાઓને સાચવી લેવા, કારણ તમારા પર સમાજનું ઘણું ઋણ છે. તેથી જ સામાજિક કર્તવ્ય તરીકે ભિખારીને દાન આપવું જોઈએ.

**તીર્થંકરોએ પણ યાચકોને અનુકંપાદાન આપ્યું છે. દેલવાડાનાં દેરાસરોની પ્રતિષ્ઠા થઈ ત્યારે વસ્તુપાલમંત્રીએ એક જ દિવસમાં ૨૨ લાખ સુવર્ણમુદ્રા યાચકોને આપી છે. વિચારો અત્યારના કેટલા અબજ થાય ? વસ્તુપાલ તેજપાલ માટે તો કહેવાય છે કે તેમને રાજસભામાંથી પુરસ્કારમાં ૨-૫ લાખ સુવર્ણમુદ્રા મળે જે તેમના ઘરે પહોંચતાં સુધીમાં દાનમાં અપાઈ જતી. પાછા દાન એવી રીતે કરે કે જેથી જૈનશાસનની પ્રભાવના થાય ને લોકોને ભગવાનના શાસન પ્રત્યે બહુમાન થાય.**

**સભા :-** તો દાન આપનારે પણ લાયકાત કેળવવી પડશે ?

**સાહેબજી :-** હા, દાન કરવા માટેની જે લાયકાત શાસ્ત્રમાં કહી છે તે જોઈએ. અમે પણ દાન અંગે સાધનશુદ્ધિમાં માનીએ છીએ, પણ તેનું વિવેચન આગળ આવશે. અત્યારે તો એવું બોલાય છે કે દાન કરનાર બધા કાળાબજારિયા છે. આ મુદ્દાથી જ દાન ઉપર તૂટી પડો છો, પણ આ બધી misunderstanding(ગેરસમજ) છે. કાળાબજાર-ધોળાબજાર એ નીતિ અનીતિનાં ધોરણો નથી, પણ શાસ્ત્રમાં નીતિ-અનીતિનાં ધોરણો જુદાં આપ્યાં છે. અત્યારે દેશકાળ ઘણા વિપરીત છે.

સરકારને અર્થતંત્રમાં જો નાણાંની જરૂર પડી તો એ જ કાળાં નાણાંને ધોળાં કરી આપશે, અને જરૂર પડે તો ધોળાં નાણાંને કાળાં કરી આપશે, શું કરશો ? સરકાર એક બોન્ડ બહાર પાડી દે, એમાં ગમે તેટલા પૈસા રોકો તો તેમાં ટેક્ષ ન લાગે, અને ક્યાંથી આવ્યા તેની પૂછપરછ પણ નહિ. બસ, એક કલમના ગોદાથી કાળાં નાણાંને ધોળાં કરી આપશે.

આપણા શાસ્ત્રમાં નીતિ-અનીતિની વ્યાખ્યા જુદી છે. શાસ્ત્રની રીતે અત્યારે તમારું ૯૯% નાણું અનીતિનું છે.

તમે કહેશો કે અમે whiteના-ચોક્ખા પૈસા ચેકથી દાનમાં આપીએ છીએ, પણ white કર્યા કઈ રીતે ? tax planning-ટેક્ષ આયોજન કરો છો, ફાઈલો બધી

maintain-તૈયાર કરો છો, પત્ની પાર્ટનર તરીકે છે, પણ તેને તમે પાર્ટનર તરીકે rights-હક આપ્યા છે ? ફક્ત tax planning-ટેક્ષ આયોજન માટે પૂતળા તરીકે રાખી છે. આ પણ અનીતિ જ છે.

## લોકોત્તર દાનના મુખ્ય ત્રણ હેતુઓ :

આજે સમાજમાં ઘણો વર્ગ એવો છે કે જેને ધર્મમાં આવતું દાન આંખના કણાની જેમ ખૂંચે છે. બીજા ક્ષેત્ર કરતાં એક ટકો દાન પણ આ ક્ષેત્રમાં આવતું નથી, તે પણ તેમને બંધ કરવું છે. સાધનશુદ્ધિ આગળ આવશે પણ **અત્યારે તો મુદ્દો એ છે કે ફક્ત ભૌતિક દુઃખો દૂર કરવા દાન કરશો તો તે લૌકિકદયા કહેવાશે, લોકોત્તર નહિ કહેવાય. પણ આ જ દાન (૧) શાસનપ્રભાવના કરવા, (૨) શાસનઅપભ્રાજના અટકાવવા, અને (૩) પોતાના આત્માની ભાવદયા કરવાના લક્ષ્યથી કરશો તો અવશ્ય લોકોત્તર દયા કહેવાશે. લોકોત્તર દયાની કોઈપણ પ્રવૃત્તિ કરતાં હિંસા થાય તો તે વધારે અહિંસા માટે જ ગણાશે. છતાં પણ જો હિંસા વગરનો ધર્મ સંભવતો હોય તો અમે બતાવવા રાજી છીએ. પણ તેમ કરવા જતાં ધર્મમાર્ગનો જ લોપ થઈ જશે, માટે હિંસાથી થતો ધર્મ પણ ભૂમિકા પ્રમાણે બતાવીએ છીએ.** દેરાસર-ઉપાશ્રય આદિ બંધાવતાં જેટલી હિંસા છે તેના કરતા કંઈ ગણી અહિંસા તેનાથી ફેલાશે. તેથી આ ધર્મનું કામ કહેવાશે. અને આવું ધર્મકાર્ય પણ જેના જીવનમાં રોજિંદી હિંસા હોય તેને તેવી હિંસાથી થતા ધર્મરૂપે કરવાનું છે, સાધુને આ કામ કરવા-કરાવવાનાં નથી. સાધુ ફક્ત તમને કર્તવ્ય સમજાવવા ઉપદેશ આપે. સાક્ષાત્ દેરાસર બંધાવવાની આજ્ઞા ન કરે, અને જો કરે તો તેમને આરંભ-સમારંભનું પાપ લાગે. સાધુને સાવદ્ય શુભારંભની અનુમોદનાની છૂટ છે, પણ કરણ-કરાવણનો નિષેધ છે.

વ્યાખ્યાનમાં તમે ૫ કે ૫૦ રૂપિયાની પ્રભાવના કરો તે સાધર્મિકભક્તિરૂપ ધર્મ છે. સાધર્મિકભક્તિ કરવાથી શ્રાવકને લાભ જ મળશે. પરંતુ હવે તે પૈસાથી કોઈ શાક લાવે, અનાજ લાવે વગેરે પાપનાં કામ થયાં તેથી તમારે પ્રભાવના ન કરવી તેવું નથી. પ્રભાવના કરવાથી શ્રાવકને લાભ જ થાય, પણ સાધુ પ્રભાવના ન જ કરી શકે.

**સભા :-** સાહેબ, તમારે કરવી હોય તોયે પૈસા ક્યાંથી લાવો ?

**સાહેબજી :-** કાં ગોચરીમાં માંગીને લાવું કે તમારા જેવાને પકડીને કરાવું તો

પણ મને પાપ જ લાગે. મારા માટે આ વાજબી ન જ કહેવાય. ભૂમિકા પ્રમાણે ધર્મ-અધર્મનો ભેદ છે, તેમાં ભેળસેળ કરાય નહિ.

સાધુને શુભારંભમાં કરણ-કરાવણની જરા પણ છૂટ નથી. હા, સાધુ સમ્યગ્જ્ઞાનની પ્રભાવના કરી શકે પણ મિથ્યાજ્ઞાનની નહિ. જ્ઞાન પણ જો આરંભ-સમારંભ માટે વપરાય તો અમારે ન અપાય. દા.ત. સાધુ જ્યોતિષવિદ્યા જાણતા હોય, તેથી દેરાસર બાંધવા માટે પાયો ખોદવાનું મુહૂર્ત કઢાવવા જો શ્રાવક આવે તો અમને મુહૂર્ત કાઢી આપવાની ના કહી છે, કારણ સીધો આરંભ-સમારંભ થશે. હા, તમે જોષી પાસે ખાતમુહૂર્ત કઢાવી આવો, પછી અમે સાચું છે કે ખોટું તે કહી આપીએ. જ્યાં પણ સાક્ષાત્ હિંસાનો દોષ લાગે, ત્યાં અમારે જ્ઞાનનો ઉપયોગ કરવાનો નથી. કારણ કે અમે હિંસાથી થતા ધર્મમાં પણ કરણ-કરાવણ છોડ્યું છે, તેથી એ અમારો ધર્મ નથી.

**સભા :-** સાધર્મિકને રોકડા રૂપિયા અપાય ?

**સાહેબજી :-** તમે ઘરમાં નોકરને બક્ષિસરૂપે ૧૦૦-૫૦૦ રૂપિયા આપો તેમાં તમને વાંધો નથી હોતો, પણ સાધર્મિકને જ આપતાં તે મોજમજા કરી પાપ બાંધશે તેમ વિચારીને ન આપો તે બરાબર નથી. હા, તમારે કોઈપણ જાતની હિંસા જાત માટે ન કરવી-કરાવવી એવાં પચ્ચક્ખાણ હોય તો પ્રભાવના પણ કરવી-કરાવવી નહિ. અરે! પછી તો પૂજા કરવાની પણ જરૂર નથી, કારણ તે તો સંવાસાનુમતિ શ્રાવક છે.

**સભા :-** અત્યારના કાળમાં તેવા શ્રાવક હોઈ શકે ?

**સાહેબજી :-** હા છે, મેં જાતે જોયા છે.

**સભા :-** ગીઝર વગેરે ધર્મસ્થાનકોમાં વપરાય ?

**સાહેબજી :-** જેને ઘરમાં વાપરવું ગેરવાજબી કહીએ છીએ તેને ધર્મસ્થાનકમાં કઈ રીતે વપરાય ? ઘરમાં બટાટા ખાતા હો તેથી કાંઈ સંઘજમણમાં ન જ ખવડાવાય. જૈન ગૃહસ્થને યોગ્ય રોજિંદી થતી હિંસાને જ ધર્મમાં લેવાની છે, પણ જે જૈનના જીવનમાં કલંકરૂપ ગણાય તેવી પ્રવૃત્તિ હોય તેવી ધર્મમાં ન જ કરાય. કોઈ સિગારેટ પીએ તેથી કંઈ તેની પ્રભાવના ન જ કરાય. જે હિંસા તમારા સાંસારિક જીવનમાં ગેરવાજબી નથી તેવી હિંસાથી થતો ધર્મ તમારી ભૂમિકામાં કરવો ઉચિત છે.

તમે જાતે જરૂર પડે તો ૨૫ વાનગી ખાઓ, શરબત પણ પીઓ અને જ્યારે બીજાને પાણી પીવડાવવાનું આવે ત્યારે જ હિંસા ગણો, તો પછી તમે સ્વાર્થી બની જશો. તેથી જ રોજિંદી હિંસા જે કોમન છે ને લાંછનરૂપ નથી, તેવી જ હિંસાથી થતો ધર્મ શ્રાવકે કરવાનો છે. નહીંતર વિવેક ચૂકી ગયા કહેવાશો.

**સભા :-** ધાર્મિક સાધન-સામગ્રી પ્રભાવનામાં અપાય ?

**સાહેબજી :-** બને ત્યાં સુધી ધર્મમાં સ્વદ્રવ્ય જ ઉપયોગમાં લેવાનું છે. કારણ કે દરેક વ્યક્તિએ ધર્મ પોતાના આત્મકલ્યાણ માટે કરવાનો છે, ઉલ્લાસથી પોતાની સ્વયંની વસ્તુના બલિદાનથી કરવાનો છે. બીજાના પૈસાથી ધર્મ કરશો તો ધર્મ ચેરિટી ઉપર નભે છે, તેવો ભાવ થઈ જાય. વળી પ્રભાવના કરવાની છે તે ભક્તિ માટે કરવાની છે. સાચી ભક્તિ ક્યારે થઈ ગણાય કે જો લેનારની અનુકૂળતા પોષાય તો. ધારો કે મારું માથું દુખતું હોય અને તમે આવીને દાબો પગ તો સાચી ભક્તિ નહિ થાય. તેથી જ સાધર્મિકની અનુકૂળતા પોષક વસ્તુ આપવી જોઈએ. અમને પણ ઉપયોગી હોય તેવું વહોરાવો તો જ અમારી પણ ભક્તિ ખરી કહેવાય.

પ્રભાવના કરતી વખતે ભાવ એ જ કરવાનો કે સાધર્મિકને કેમ વધારે અનુકૂળતા થાય, તેમ જ તેની સારભરા કેમ સારી રીતે થાય. તે વખતે હિંસાનો વિચાર કરાય જ નહીં. પરંતુ જે સાધર્મિક એવા નબળા છે કે જે સ્વદ્રવ્યથી ધર્મ કરી શકે તેમ નથી અને તેમને ધર્મમાં ચડાવવાના છે, તેવાને ધાર્મિક સામગ્રી આપો તો પણ બરાબર છે.

**સભા :-** અજૈનને નોકરી આપણે ત્યાં અપાય ?

**સાહેબજી :-** કયા ભાવથી આપવી છે ? દયાના ભાવથી કે તમને ઉપયોગી છે તેથી? તમારી સગવડતા કે જરૂરિયાત માટે આપો તો તે વ્યાવસાયિક પ્રવૃત્તિ છે. પરંતુ તેનામાં ઓછી આવડત હોય તે છતાં આજીવિકા પ્રદાન માટે રાખો તો દયાદાન કહેવાય. પણ તેમાં પણ આપણી ત્રણ શરત ન હોય તો લૌકિક દયા-દાન કહેવાશે.

# ૧૩

તા. ૪-૮-૯૪, ગુરુવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા દયામૂલક પરમધર્મની પ્રાપ્તિ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

**જૈનશાસનમાં ધર્મ પામવા માટે કૂણા માખણ જેવું કોમળ હૃદય જોઈએ. પોતાના જ દુઃખની અસર થાય અને બીજાના દુઃખની અસર ન થાય તેવો નઠોર ભાવ હૃદયમાં ન જોઈએ. ધર્મ પામવો હોય તો બીજા જીવો પ્રત્યે કોમળતાની ભાવના લાવવી જ જોઈએ. ધર્માત્મામાં સતત દયાના પરિણામ જોઈએ. જે જીવ સતત દયાના પરિણામને નથી જાળવી શકતો તે સારી રીતે ધર્મને નથી આચરી શકતો.**

## અનુકંપાનો વિવેકપૂર્ણ કરુણાનો પરિણામ એ છે કે "કોઈ જીવ પાપ ન કરો":

અંતરમાં બીજાનાં દુઃખ દૂર કરવાની ભાવના સતત જોઈએ. આ કરુણાનો પરિણામ ઊંચો અને વિવેકપૂર્ણ કેવી રીતે કરાય તે વિચારીએ.

પૂ.હેમચંદ્રસૂરિજીએ યોગશાસ્ત્રમાં કહ્યું છે કે દુઃખી જીવોનાં માત્ર દુઃખ-દર્દ-સંતાપ મટી જાય તેવું નથી વિચારવાનું. પરંતુ એમ વિચારવાનું કે આ બધાંને દુઃખો આવે છે તે તેમના પાપના ઉદયથી આવે છે તેથી દુઃખનું મૂળ સંસારમાં પાપ જ છે. માટે જ જો દુઃખના મૂળનો નાશ નહિ કરીએ તો ફરી દુઃખ આવવાનું જ છે. **તેથી જેને પણ સાચા અર્થમાં દુઃખથી મુક્ત કરવો હોય તો તેને પાપમુક્તિ તરફ લઈ જવો જ પડે. જો તેને પાપમુક્તિ ન જોઈતી હોય તો તમે તેને કામચલાઉ દુઃખમાં રાહત આપી શકો, પણ દુઃખની ગર્તામાંથી બહાર નહિ કાઢી શકો. તેથી ભાવના જ એવી ભાવો કે કોઈ જીવ પાપ ન કરો.** અમે પણ એવી જ ઇચ્છા રાખીએ છીએ કે, જો તમે પાપ નહિ કરો તો દુઃખી નહિ થાઓ. પાપ કરશો તો અમે તમને દુઃખથી છોડાવી નહિ શકીએ.

## કોરી દ્રવ્યદયા ધર્મરૂપ નથી :

**જૈનશાસનમાં ભાવદયાપૂર્વકની દ્રવ્યદયા કરવાની છે, એમાં જ વિવેક જળવાય છે. બાકી તો માત્ર ભૌતિક શાંતિ માટે પ્રયત્ન કરશો તો તે અવિવેકપૂર્વકની કરુણા કે દયા કહેવાશે, અને તેનાથી જીવનું કલ્યાણ નહિ થઈ શકે.**

દા.ત. એક સ્ત્રીને એકનો એક વહાલો દીકરો છે. તેને જરા પણ કાંઈ પીડા થાય તો મા અડધી અડધી થઈ જાય છે. તેની સતત સારસંભાળમાં જ તેનો રાજીપો છે. માને દીકરાની વાત્સલ્યથી બધી ઇચ્છા પૂરી કરવામાં જ રસ છે. પરંતુ શોખથી છોકરો ગમે તે ખાવા ધાંધલ ધમાલ કરે, આખો દિવસ શરદી થયા છતાં આઇસક્રીમ ખાય, જીભને ફાવે તેમ જ વધારે પડતું વર્તે જેથી શરદી-કફ પુષ્કળ થાય, ને શ્વાસ લેવાની પણ તંકલીફ પડતી હોય તો સાચી મા આઇસક્રીમ ખવડાવે ખરી ? દીકરો રડે તે પણ ગમતું નથી. તો પણ ફક્ત રડવાનું બંધ કરાવવા અયોગ્ય ઇચ્છા પૂરી ન જ કરે. કદાચ થોડું રડવું હોય તો રડી લેવા દે, પણ જો ખોટા વહાલથી ખવડાવી દે તો ડબલ ન્યુમોનિયા જ થાય. અને કદાચ દીકરો મરી જાય તો લોકો એમ જ કહે કે માએ જ દીકરાને મારી નાખ્યો. સગો બાપ પણ આમ કહેવાનું ન છોડે. તમારા વ્યવહારમાં પણ આમ, લાંબા ગાળાના હિતાહિતનો વિચાર કરાય છે. ઊલટું આવા અવસરે મા કઠોર બને તો માને કોઈ ખરાબ ન જ કહે, પણ દીકરાને રાજી કરવા આઇસક્રીમ ખવડાવે તો દીકરાનું અહિત કર્યું એમ જ કહે.

જગતના જીવો પાપ કરીને દુઃખ પામ્યા છે, અને તમે પાછા દયાળુ થઈને તેમને પાપપ્રવૃત્તિ કરવાનાં સાધનો ગોઠવી આપો તો તે ફરી પાછા પાપ કરીને વધારે દુઃખી થાય. તેથી જ કોરી ભૌતિક દયા નથી કરવાની, દયામાં ભૌતિક મોજમજાનાં સાધનો નથી આપવાનાં, જેમ કે કોઈને પરણવાનું પાત્ર નથી, કોઈને મકાન નથી, કોઈને ધંધા-ધાપા માટે પૈસા નથી, કોઈને સંતાન નથી, આવાં તો કેટલાંયે દુઃખ-દર્દો હોય છે.

જગતમાં ભૌતિક રીતે સંપૂર્ણ સુખી જીવો કેટલા ? એક ટકો પણ ન આવે. વળી આ દુઃખી લોકો ધર્મ આરાધના કે આત્મકલ્યાણ કે પુણ્ય-પાપ સમજતા પણ ન હોય. તેમને સંસારમાં અધર્મની પ્રવૃત્તિમાં જ રસ હોય છે. આપણે કઈ દયા અને અનુકંપાને સાચી કહીએ છીએ અને તમે જૈનશાસન પામ્યા છો તેથી તીર્થંકરે પ્રરૂપેલી દયા કેવી હોય, તે સમજવા તમારે પ્રયત્ન કરવો જોઈએ. ભગવાનની બતાવેલી

દયા લોકોત્તર છે. બીજા ધર્મની દયા જુદી, વ્યાખ્યા જુદી ને પ્રવૃત્તિ-પદ્ધતિ બધું જ જુદું છે. આમ તો બધા જ ધર્મમાં દયાની વાત આવે છે. કબીર પણ કહે છે કે "દયા ધર્મકા મૂલ હૈ." તો પછી તીર્થંકરોએ શું નવું કહ્યું ? આપણે જૈનધર્મની વિશેષતા સમજવી જ જોઈએ. "આ શાસનની અદ્ભુતતા અપાર છે" એવું જો લાગે તો જ તમે શાસનની કદર કરી શકો. અમે કબીરે કહેલી વાત ખરાબ નથી કહેતા, અન્ય ધર્મમાં રહેલી સારી વાતોને સમર્થન આપીએ જ છીએ. દયાને આપણે કંઈ અધર્મનું મૂળ નથી કહેતા, દયાથી જ હૃદયની કરુણા દ્વારા ધર્મયોગ્ય ગુણો કેળવી શકાય છે. **ચરમાવર્તમાં આવવા માટેનું પહેલું લક્ષણ દુઃખી જીવો પ્રત્યે અત્યંત દયા જ બતાવ્યું છે.** પરંતુ તીર્થંકર ભગવંતોએ ઉપદેશેલી દયામાં ઊંડાણ છે-વિશેષતા છે. જૈનશાસન પ્રત્યેક આરાધનામાં અદ્વિતીય વાતો કરે છે. અનુકંપામાં આટલો ઊંડો વિચાર બીજા કોઈ ધર્મે નથી કર્યો.

અરે ! એકને શાંતિ આપતાં બીજાને દુઃખ નથી જ થતું એવો એકાંતે આગ્રહ દયામાં રાખ્યો નથી, પરંતુ જો સરવાળે વધારે જીવોને શાંતિ થતી હોય તો પણ દયા કહેવાશે. તીર્થંકર ભગવંતે ઊંડાણથી તત્ત્વ જોયું છે.

જગતના જીવમાત્ર પ્રત્યે પરમ કરુણા, અપ્રતિમ વાત્સલ્ય પ્રભુને છે, છતાં પોતે કોરી દ્રવ્યદયા કરી નહિ ને ઉપદેશ પણ ન આપ્યો. કારણ તીર્થંકરો કરુણાને સમ્યક્ત્વરૂપ વિવેકના કારણે ભાવદયારૂપે ચરિતાર્થ કરે છે. તેથી જ આપણામાં બીજા ધર્મો જેવું અનુકંપાદાન નથી. બીજા જે કરે છે તે માત્ર ભૌતિક દયા છે, પરંતુ અહીં તો શાસનપ્રભાવના સાધક અનુકંપા છે. આવી ઊંડી વાત કરનારાં શાસ્ત્રો છે. જો સમજી શકો તો દૃષ્ટિકોણ જ બદલાઈ જશે.

જૈન કોમ નાની છે. ૯૦ કરોડની વસ્તીમાં એક ટકો પણ જૈનોની વસ્તી નથી. છતાં પણ દેશમાં જૈનો દયાનાં કામ વધારે કરે છે. પ્રસંગે દુકાળમાં છૂટ્ટે હાથે દાન આપે છે. હમણાં થોડા સમય પહેલાં દુકાળ પડ્યો ત્યારે તેના પ્રતિકાર માટે શ્વેતાંબર જૈનોનું દાન એક અબજનું હતું. મોટા ભાગની પાંજરાપોળો પણ જૈનો જ ચલાવે છે, જીવદયાની ટહેલમાં ઉદારતાથી દાન આપે છે. જૈનોમાં ગળથૂથીમાં જ આવા ગુણો છે. છતાં પણ જૈનો હજુ યથાશક્તિ દાન નથી કરતા, પરંતુ બીજી કોમ કરતાં કે જૈનેતરોથી તો તે વધારે જ દાન કરે છે.

**સભા :-** બ્રાહ્મણો તો લેવાવાળા છે.

સાહેબજી :- તેઓ પણ પ્રસંગે અમુક ડોનેશન તો કરે જ છે.

અત્યારે અનુકંપાદાનમાં વિવેક ભૂંસાઈ ગયો છે, તેથી જ દાતારને ઊંચામાં ઊંચું પુણ્ય બંધાવાનો જે લાભ થવો જોઈએ તથા જૈનશાસનને પ્રભાવના દ્વારા જે લાભ થવો જોઈએ તે થતો નથી. અમને દયાદાનનાં કામ ગમે છે પણ તેમાં વિવેક, ધ્યેય, શાસ્ત્રીય પદ્ધતિ ભુલાઇ ગઈ છે, તે જ ખટકે છે. આપણે કોરી દ્રવ્યદયાને ધર્મ માનતા નથી અને કોરી દ્રવ્યદયા જ ધર્મ તરીકે મનાય તો તે પ્રવૃત્તિ ન્યૂમોનીયા થયેલા બાળકને આઇસક્રીમ ખવડાવતી મા જેવી થશે. પાપમાં રહેલા દુઃખી જીવોને પાપનાં જ સાધન આપશો તો તેમનું ભાવિ શું થશે ? અનિષ્ટના મૂળને દબાવ્યા વગર આપે રાખો તે ન જ ચાલે. જગતના જીવો ભૌતિક દુઃખમાંથી છૂટવા માગતા હોય અને ભૌતિક સુખ મેળવવા માગતા હોય તો માત્ર તે પૂરું કરવું એવો જૈનઅનુકંપાનો ઉદ્દેશ જ નથી. જૈને તો જગતના જીવમાત્રની ફક્ત ભૌતિક નહિ, પણ આત્મિકદયા ભાવવાની છે. બધા તીર્થંકરોએ સમકિત પામીને સંસારનું સ્વરૂપ જોયા પછી દુઃખી જીવોનાં દુઃખ-દર્દ જોઈ તેમના પ્રત્યે કરુણાનો ભાવ જાગ્યો ત્યારે તેમણે મનમાં એમ જ વિચાર્યું અને તે જીવોને દુઃખથી મુક્ત કરવા ભાવના એ જ ભાવી કે "સવિ જીવ કરું શાસનરસી." કોઈ તીર્થંકરે એમ નથી વિચાર્યું કે જેટલા ગરીબ હોય તેમને શ્રીમંત બનાવી દઉં, માંદાને સાજા કરી દઉં, ભૂખ્યા-તરસ્યાને અન્ન-પાણી આપું, સૌને મોજમજાનાં સાધનો આપું, જેથી લોકમાં ક્યાંય દુઃખ-શોક-સંતાપ રહે જ નહીં.

સભા :- જેટલા આવે તેટલા બધાને ધર્મ જ પમાડવો ?

સાહેબજી :- **જો જીવ ધર્મ પામવા માટે લાયક હોય તો જ ધર્મ પમાડાય, એમ ને એમ વળગાડાય નહિ, પરાણે ધર્મ ન કરાવાય. અનુકંપા કરવા યોગ્ય જે વ્યક્તિ આવે અને તમને જો તેનામાં લાયકાત દેખાય તો ધર્મ પમાડવા બધો જ પ્રયત્ન કરવો જોઈએ, અને તે ભાવદયા કરવા માટે જેટલી દ્રવ્યદયા કરવી પડે તે સર્વ યોગ્ય છે. લાયક દાતા દુઃખીની દ્રવ્યદયા કરતાં સમજાવે કે તારા પૂર્વકર્મના ઉદયે આવી દુઃખમય પરિસ્થિતિ આવી છે, પાપથી તું દુઃખ અને સંતાપ ભોગવી રહ્યો છે, હવે આ ભવમાં પણ જો વિચાર નહિ કરે તો અનંતકાળ દુર્ગતિમાં રખડવું પડશે. તેથી જ આ ભવમાં જેટલાં બને તેટલાં પાપ ઓછાં કરજે, બની શકે તો પાપથી દૂર જ રહેજે, જીવનમાં બને તેટલાં સત્કાર્યો કરજે. આમ સમજાવી ફક્ત કોરો ઉપદેશ જ નથી આપવાનો, પણ સાથે દ્રવ્યદયા અવશ્ય કરવાની છે. તેની**

**પાપની રુચિ તોડી તેને ધર્મની રુચિમાં જોડવાની કોશિષ કરવી.** જો તમે તે દુઃખી જીવને ધર્મના માર્ગે લાવી શકશો તો જ તેનું કલ્યાણ થશે. પરંતુ જેટલા દયાપાત્ર છે તે બધા જ ધર્મ પામી જાય તેવી લાયકાતવાળા નથી હોતા. જે ધર્મ પામી જાય તેવી લાયકાતવાળા હોય, તેમની તો અત્યંત ઉદારતાથી દયા કરવી જોઈએ.

### ભાવદયાના સાધન તરીકે દ્રવ્યદયા :

અધર્મી દુઃખી જીવોની સામે ચાલીને દયા કરવાની નથી, જ્યારે અત્યારે તો ઊલટું કહેવાય છે કે સમાજમાં આટલા દુઃખી હોય ત્યારે ધર્મમાં પૈસો ખરચાય જ નહીં, જાણે કે આ બધી કૃત્રિમ ગરીબી દૂર કરવાની જવાબદારી ધર્મની કે ધર્મગુરુઓની હોય. પોતે મોજશોખમાં કરોડો ખર્ચી નાખે ત્યારે તેમને વાંધો નથી હોતો, પરંતુ કોઈ ધર્મમાં ભક્તિથી પૈસો ખર્ચે ત્યારે તેમને ગરીબોની દયાના નામથી વાંધો પેદા થાય છે. વાસ્તવમાં જૈનશાસનમાં સામે ચાલીને દયા કરવાનો પ્રસંગ આવે અને ધર્મ પામે તેવા લાયક જીવ ન હોય તો તે વખતે દયા શાસનપ્રભાવના વધારવા કરવી, કે જેથી એ અનુકંપાની પ્રવૃત્તિ જોઈને બીજા જીવો ધર્મ પામી જાય. અથવા તે પણ શક્ય ન હોય તો તમારા આત્માની ભાવદયા ખાતર દ્રવ્યદયા કરવાની છે. કોઈ ને કોઈ ભાવદયાના સાધન તરીકે દયા કરવાની આવશે.

**સભા :-** શાસનના હેતુથી દ્રવ્યદયામાં સ્વાર્થ નથી ?

**સાહેબજી :-** આ શાસન તીર્થંકરે બતાવેલો એકાંતે કલ્યાણકારી માર્ગ છે. આખી દુનિયાનું હિત આ જ માર્ગથી થવાનું છે. મોડો કે વહેલો કોઇપણ જીવ આને પામશે તો જ સાચું કલ્યાણ કરી શકશે. કોઈપણ જીવને તમે જો આ શાસન પમાડી શકશો તો જ તેનું કલ્યાણ થશે, તેથી આમાં સ્વાર્થ આવતો જ નથી, ખરો પરમાર્થ છે. હા, તમારી કે મારી વાહવાહ માટે આ પ્રવૃત્તિ કરવાની નથી. સ્વપ્રભાવના એ સ્વાર્થી વૃત્તિ છે, જ્યારે આમાં તો કરનારે કંઈ જ ભૌતિક વળતર મેળવવું નથી. જગતના જીવોની સાચા માર્ગ પ્રત્યે ભક્તિ થાય, રુચિ થાય અને તેનાથી ભવિષ્યમાં સાચા માર્ગે ચડી જાય, તો તેનાં અનંતાનંત ભાવિ દુઃખો દૂર થશે અને તેના દ્વારા અનંતા જીવોને શાંતિ મળશે. **તેથી જ શુભાશયથી એક જીવને મોક્ષમાર્ગે ચઢાવો તો એટલું પુણ્ય બાંધો છો કે કરોડ માણસની ગરીબાઈ દૂર કરો કે અબજ પ્રાણીઓને મોતમાંથી છોડાવી ભૌતિક રીતે સુખી કરો અને તે વખતે જે પુણ્ય બંધાય તેના કરતાં પેલું પુણ્ય**

અનંત ગણું વધારે બંધાય છે. તેથી તીર્થંકરોએ આવી જ ભાવના ભાવી, ને આ જ ખરી મૈત્રીભાવના છે. આ જ સવિ જીવ કરું શાસનરસીની ભાવનાથી સંચિત પુણ્ય દ્વારા શાસનની સ્થાપના કરાય છે. આ ભાવનામાં જ દયા-કરુણા-પરોપકાર-મૈત્રી-દાન બધું જ આવી જાય છે. તમારી સામે કોઈ ગરીબ આવે તો દ્રવ્યદયા કરવાની છે, પણ તેની શોધમાં આખો દિવસ રખડવાનું નથી.

પ્રભુના જન્મ સમયે ઇન્દ્ર મહારાજા જન્મમહોત્સવ કરવા પ્રભુને લઈ જાય, કરોડો દેવતા અભિષેકમાં હાજર રહે, બધા તેમનાં ચરણો ચૂમે, જન્મથી જ તેમની પુણ્યાઈ- શક્તિ-સંપત્તિનો તો પાર નથી હોતો, છતાંયે ભગવાને પોતાના ગૃહસ્થજીવનમાં તે કાળના ગરીબોનાં ગરીબાઈ કે દુઃખ-દર્દ દૂર નથી કર્યાં. ભગવાન ધારે તો એક જ દેવતા પાસે સર્વ ગરીબોનાં દુઃખ-દર્દ દૂર કરાવી શકે તેમ હતા, છતાં ભગવાને બધા દુઃખીઓનાં ભૌતિક દુઃખો દૂર નથી કર્યાં.

**સભા :-** તો વર્ષીદાન કેમ આપ્યું ?

**સાહેબજી :-** આનો જવાબ આગળ આવશે. કોરી દ્રવ્યદયાને આપણે સ્વીકારતા નથી, ભાવદયાના સાધન તરીકે જ દ્રવ્યદયા લેવાની છે.

**સભા :-** આ બધું practical-વ્યવહારુ નથી.

**સાહેબજી :-** આ બધું ચોક્કસ practical છે. ભગવાન કદી impractical-અવ્યવહારુ ઉપદેશે નહીં. પ્રભુશાસનના અનેક મહાશ્રાવકોએ જીવનમાં આ આચરીને બતાવેલું છે, પણ તમે કદી આ દૃષ્ટિએ વિચાર્યું નથી. એક જીવ મોક્ષમાર્ગ પર ચઢ્યો એટલે સાચો ધર્મી બન્યો. હવે તે આરાધના કરશે અને મોક્ષમાર્ગની ક્રમિક ભૂમિકાઓ પસાર કરશે. સમકિતી બનવાથી તે અનેકને ધર્મ પમાડશે. જેમ એક દીવો યથાસ્થાને ઉપયોગ કરો તો અનેક દીવા પ્રગટાવે, તેમ તે આગળ જતાં સાધુ બનીને જ્યાં જ્યાં વિચરશે ત્યાં ત્યાં પોતે પણ અહિંસા પાળશે અને તેનો લોકમાં પ્રવાહ ચલાવશે. સાથે કેટલાયે જીવોને મોક્ષમાર્ગે ચઢાવશે. સ્વયં મોક્ષે જશે ત્યારે જગતના જીવમાત્રને તેનાથી અભયદાન મળશે. સંસારમાં જ જો રહ્યો હોત તો તેના આત્માને પણ અનંતું દુઃખ મળત, અને બીજા અનંતા જીવોને પણ તેનાથી અનંતું દુઃખ મળત. એક જીવ મોક્ષે જાય એટલે ૧૪ રાજલોકમાં અહિંસાનો ડંકો વાગ્યો.

**સભા :-** કોઈ દીક્ષા લેતું હોય તો પ્રોત્સાહન આપીએ છીએ.

**સાહેબજી :-** તમારા પોતાના દીકરાને દીક્ષા અપાવવા પ્રોત્સાહન આપવું છે? કે પારકાને બલિ બનાવવો છે? આવો જ જો ઉપરછલ્લો ભાવ હોય તો વાજબી નથી. પહેલાં તમને અહિંસક જીવન પ્રત્યે બહુમાન થવું જોઈએ. સ્વયં લેવાની અભિલાષા હોવી જોઈએ. દુનિયાના કોઈ સંન્યાસી આવું ઉત્કટ જીવન જીવતા નથી. આપણા સાધુજીવનની તોલે કોઈ આવી શકે નહિ. માનવભવની સફળતા સાધુજીવનમાં જ છે એવું મનમાં ઠસેલું હોવું જોઈએ. બાકી શુભાશયથી દીક્ષાર્થીને પ્રોત્સાહન આપવામાં સુપાત્રભક્તિનો અવશ્ય મોટો લાભ છે.

**સભા :-** પાલિતાણાના પર્વત પર અનુકંપા કરવી વાજબી છે ?

**સાહેબજી :-** તમે પર્વત પર ગરીબોની અનુકંપા કરો તો તેઓ ગિરિરાજ પર આશાતના કરે છે, તેમાં તમે વાયા-વાયા ભાગીદાર થશો. તેથી જો તમારામાં વિવેક આવી જાય તો બધાએ નીચે આવીને જ અનુકંપા કરવી એવો નિયમ બંધાય. આમ પણ તેમને પહાડ ચડવામાં રસ નથી હોતો, પણ ભીખ જ જોઈતી હોય છે; તેથી નીચે જ દયાદાન કરી લો તો તેઓ ઉપર આવવાનો વિચાર ન જ કરે. જેથી આશાતના ટાળી શકાય.

**સભા :-** પણ સાહેબજી, પહાડ પર આપીએ તો વધારે લાભ નહીં ?

**સાહેબજી :-** ભિખારીઓ ધર્મ પામેલા નથી હોતા. તેમની કક્ષા પ્રમાણે વ્યવહાર કરાય, નહીંતર નવા દોષો ઊભા થશે. ભગવાને પણ દયા વિવેકપૂર્ણ રીતે કરવાનો ઉપદેશ આપ્યો છે. અરે ! તમે તો કાલે સાધુ-સાધ્વીને પણ 'પહાડ ઉપર સુપાત્રદાનનો વધારે લાભ છે' એમ કહીને વહોરાવવાનું ચાલુ કરશો, જે તદ્દન અનુચિત છે.

**સભા :-** ભક્તિ કરતાં નાલાયક જીવ આવી જાય તો ?

**સાહેબજી :-** શ્રાવકે વિચક્ષણ તો બનવું જ જોઈએ. **વિચક્ષણતા એ ગુણ છે, લુચ્ચાઈ એ દોષ છે.** શ્રાવકે તો નોકર પણ લાયકાત જોઈને જ રાખવાનો હોય છે અને લાયક નોકર હોય તો તેની સાથે ઉત્તમ જ વ્યવહાર કરાય. નોકર પણ શેઠને બાપથી અધિક માને. તેને હૈયે વિશ્વાસ હોય કે આપત્તિમાં શેઠ મને મદદ કરશે જ. વ્યવહારમાં બધે જ વિચક્ષણતા જોઈએ. દેરાસરના નિર્માણમાં કડિયાની પણ લાયકાત જોવાનું કહ્યું છે અને લાયક હોય તો તેની સાથે ભાવતાલ ન કરે, પણ લાયક ન હોય તો તેને મહેનતાણા જેટલું જ આપે, જરા પણ વધારે ન જ આપે. તેની ગેરલાયકાતને

પોષણ આપવાનું નથી. તેમાં પણ વિવેક આવે જ. વિચક્ષણતા અતિ આવશ્યક છે.

દ્રવ્યદયા અને ભાવદયા વચ્ચે તફાવત છે. દ્રવ્યદયા ભાવદયાનું સાધન છે. જૈનશાસનમાં કોઈ ને કોઈ રીતે સદ્ધર્મ પમાડવાની વાત છે. પાંજરાપોળો પણ શા માટે ચલાવવાની તે સમજવું પડે. આમ તો પાંજરાપોળો ચલાવતાં ઘણા ત્રસ જીવોની-સ્થાવર જીવોની હિંસા થાય. શ્રાવકને ઢોરો પ્રત્યે જ દયા છે અને બીજા જીવો પ્રત્યે દયા નથી એવું નથી. તેથી પ્રાણીદયા શાસનની પ્રભાવનાનું અંગ બનતું હોય તો જ જૈનઅનુકંપામાં ગણાશે, નહીંતર અન્ય ધર્મ જેવી દયા કહેવાશે. જો આ બધું સ્પષ્ટ સમજી શકો તો મહાપુરુષોની બુદ્ધિ પર આફરીન થઈ જશો. દયાની પ્રવૃત્તિ કરતાં છેલ્લે સુધી માઇનસ કરતાં પ્લસ વધવા જોઈએ, જેમ તમે ધંધામાં પણ જાવક કરતાં આવક વધારે જ માંગો છો. તેમ દરેક ધર્મપ્રવૃત્તિ કરતાં સરવાળે વધારે અહિંસા આવવી જોઈએ.

## ઈષ્ટાપૂર્ત કર્મ દયાધર્મ નથી; તે સામાજિક કામ ગણાય, ધાર્મિક કામ નહિ:

બીજા ધર્મોમાં જેટલાં સામાજિક-ધાર્મિક સત્કાર્યો છે તેને તેઓ ઈષ્ટાપૂર્તકર્મ કહે છે. તેમાં સામાજિક કામો જેવાં કે તળાવ, કૂવા, વાવડી, બગીચા, પાણીની પરબો, ચબૂતરા બંધાવવા, માનવોને રોજગારી આપવી, ઔષધાલયો ખોલવાં વગેરે આવે. આ બધા પરોપકાર કરવા યોગ્ય છે કે નહિ અને સાથે અન્ય ધર્મકથિત ઈષ્ટાપૂર્ત કર્મોને તમે દયાધર્મ માનશો કે નહિ ? એવું જ્યારે ઉપાધ્યાયજી મહારાજને પુછાયું ત્યારે તેમણે ચોખ્ખું કહ્યું કે અમે ઈષ્ટાપૂર્ત કર્મોને દયાધર્મ નથી માનતા. અનુકંપામાં આનો સમાવેશ નહીં થાય. કારણ આખા ગામને પાણીની તકલીફ છે, પાક ઉગાડવા પાણીની જરૂર છે, પાક ન ઊગે તો લોકો ભૂખ્યા મરે, તેથી તળાવ બંધાવવાં વગેરે કામ દયા-પરોપકારની ભાવનાથી થાય છે, છતાં પણ તેને જૈનશાસ્ત્રોએ દયા નથી કહી, કારણ આમાં અનેકની હિંસા છે અને થોડાને જ ઉપકાર છે. **થોડાને શાંતિ ને અનેકને ત્રાસ થાય તેવી પ્રવૃત્તિ જૈનશાસનની અનુકંપામાં આવી શકે નહીં.**

**જૈનશ્રાવકો જેમ કે વસ્તુપાલ-તેજપાલ, સંપ્રતિરાજા, જગડુશાહ આ બધાએ જે દયાનાં કામો કર્યાં તે શાસનની પ્રભાવનાના આશયથી જ કર્યાં છે. દાનશાળાઓ ખોલે ત્યારે લખાતું કે "આ રાજા જ્યારે વીતરાગનું શાસન નહોતા પામ્યા ત્યારે તેમનામાં વિશિષ્ટ પરોપકારની ભાવના નહોતી. પણ જૈનશાસન પામ્યા પછી જ**

આવી આવી ઉત્તમ પરોપકારની ભાવનાથી રાજા દયાળુ ને પ્રજાવત્સલ બન્યો છે." આ જાણતાં લાયક જીવોને જૈનધર્મ પ્રત્યે કેટલો અહોભાવ થાય ! તેમાંથી જો એક જીવ મોક્ષમાર્ગે ચડી જાય તો અનંતી અહિંસા ફેલાશે અને આ હિંસા લેખે લાગશે.
ઉપરના લખાણના ૨૦૦૦ વર્ષ જૂના શિલાલેખો મળે છે.

# ૧૪

તા. ૫-૮-૯૪, શુક્રવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવોને સર્વ દુઃખથી મુક્ત કરી આત્માના પરમાનંદને પમાડવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## જેને સ્વદયા નથી અને પરદયા કરે છે તે નાટકિયા જેવો છે :

જગતના જીવમાત્ર જેવું સુખ ઈચ્છે છે તેવું સુખ તેણે મેળવવું હોય કે અન્યને આપવું હોય તો તેને માટે એક જ વિકલ્પ છે કે સંસારમાંથી બહાર કાઢી તેને મોક્ષે મોકલવો. જ્યાં સુધી તે દુઃખમય સંસારથી છૂટી નહીં શકે ત્યાં સુધી આત્માના પરમાનંદને-સાચા સુખને પ્રાપ્ત નહિ કરી શકે. ભલે જગતના અબુધ જીવો સમજે કે ન સમજે પણ સાચો ધર્માત્મા, કે જે હૃદયથી પરોપકારી અને દયાળુ હોય, તો તેને સંસારી જીવો પ્રત્યે એવી કરુણા થશે કે જે વાસ્તવમાં હિતકારી હોય, અને તે પ્રવૃત્તિ પણ એવી સમ્યગ્ જ કરે.

તીર્થંકરો પણ પહેલેથી સિદ્ધદશાને પામેલા નથી હોતા. સાચી સાધના દ્વારા વિકાસ કરી તેમનો આત્મા આગળ વધે છે. તેમની ખરી સાધના સમકિતની ભૂમિકા પામ્યા પછી ચાલુ થાય છે. ત્યારે તેમને એમ થાય છે કે હું આ સંસારના દુઃખમાંથી મુક્ત થઈને મોક્ષના સુખને પામું. **ધર્મના મૂળમાં દયા છે, જે પોતાના આત્માથી ચાલુ થાય છે. જ્યાં સુધી પોતાના આત્માની દયા ન આવે ત્યાં સુધી બીજાના આત્માની દયા કરવાની લાયકાત કે અધિકાર નથી.** જેનામાં સ્વઆત્મદયા નથી, તે કદાચ કરુણાથી પરોપકારની પ્રવૃત્તિ કરતો હોય તો તેના માટે શાસ્ત્રમાં લખ્યું છે કે, જેમ નાટક કરનાર નાટકિયા હાવભાવ કરે, જે પાત્રને અનુરૂપ હાવભાવ હોય, છતાં પણ તે પાત્ર સાથે તેને જીવનમાં નિસ્બત નથી હોતી; તેની જેમ જ જે પોતાની ભાવદયા નથી કરતો અને બીજાની દયા કરે છે, તે નાટકિયા જેવો છે. ફક્ત કરુણા જાગે તેટલા માત્રથી સાચી દયા કરવાના તમે અધિકારી નથી. નાસ્તિકો પણ આવી

દયા કરે છે. એવા ઘણા ડૉક્ટર્સ છે જે હજારો પેશન્ટોને free of charge(મફતમાં) દવા-સેવા આપે છે, પણ આત્મા-પુણ્ય-પાપને માનતા નથી, તેઓને ધર્મ સાથે નહાવા-નિચોવાનો સંબંધ નથી. તેમનામાં આ દયા-પરોપકાર કે કરુણા હોવા છતાં ખાટલે મોટી ખોડ એ છે કે પોતાના આત્માની જ દયા નથી. "મારું શું થશે ? હું એટલે કોણ ? મારું સ્વરૂપ શું ? આ ૮૪ લાખ જીવાયોનિમાં રખડતાં રખડતાં દુર્લભ મનુષ્યભવ પામ્યો છું અને આવા ઉત્તમ મનુષ્યભવમાં મારો જ નંબર કેમ લાગ્યો ? એની પાછળ સૃષ્ટિમાં કોઈ સંચાલક બળ ખરું ? અને છે તો કયું બળ છે ?" આવો વિચાર કોઈ દિવસ જેણે જીવનમાં કર્યો નથી, સ્વની ચિંતા માટે જેઓ આંધળા ભીંત જેવા છે, તેઓ ભલે લાખોની દયા કરે, પણ છતાં પુણ્ય- પાપાનુબંધીપુણ્ય હલકું બાંધે. તેમને પુણ્ય બંધાય છે પાપ નથી બંધાતું, કારણ કે શુભ પરિણામમાત્ર પુણ્ય બંધાવે પણ તે પુણ્યમાં જરા પણ કસ નથી. જેને સ્વઆત્માની સાચી દયા નથી તેને બીજાના આત્માની પણ ચિંતા ન હોય, ફક્ત ખોળિયાની જ દયા હોય. તેઓ સાચા તત્ત્વને પકડી શક્યા નથી તેમ જ કહેવું પડે.

## અનુકંપાદાન એ ધર્મનું ભૂષણ છે, પરંતુ તેમાં ઊંચો વિવેક અનિવાર્ય છે :

**તમને જો ભાવદયાનું મૂલ્ય સમજાય તો તમે સાચી આરાધના કરી શકશો. જૈનશાસનમાં ભાવદયાના સાધનરૂપે અનુકંપાદાન એક અંગ છે. આપણા શાસનનાં બધાં જ ધર્મઅનુષ્ઠાનોમાં અનુકંપાદાન ભળેલું હોવું જોઈએ. અનુકંપાદાન એ ધર્મનું ભૂષણ છે, પણ કરવાનું કઈ રીતે ? તેમાં કેવા ભાવો કરવાના ? કેવો ઊંચો વિવેક જોઈએ ? તે સમજવું જરૂરી છે.**

**સભા :-** જૈનેતર જે અનુકંપા કરે છે તેમાં તેઓ આવો વિવેક સમજ્યા ન હોય તથા તેમને કોઈ સમજાવનાર પણ મળ્યું ન હોય તો તેમની દયા કેવી થશે ?

**સાહેબજી :-** તેમની દયામાં સહૃદયતાનો ભાવ છે પણ તેટલામાત્રથી ઊંચા લાભ ન મળે. જેમ સંસારમાં પણ ઘણી મજૂરી કરે પણ બુદ્ધિ સમજ ન હોય તો ઓછું જ કમાય. સાંજ પડે તગારાં ઉપાડનાર કેટલું કમાય ? અને ખુરશી પર બેસીને ફક્ત ફોન કરીને બુદ્ધિશાળી કેટલું મેળવે ? ધર્મ ન સમજનારા જીવો આત્મામાં ઊંચા ભાવ લાવી જ ન શકે ને ઊંચા ભાવ વગર મહાફળદાયી ક્રિયા થવાની નથી, તેથી તેઓ લાભ પણ ઊંચો મેળવી શકતા નથી.

અનાર્ય જે દયા કરીને ફળ મેળવશે, તેના કરતાં આર્ય દયા કરીને વધારે ફળ મેળવશે. આર્ય પણ નાસ્તિક દયા કરીને જે ફળ મેળવે છે તેના કરતાં ધર્માત્મા આસ્તિક દયા કરીને વધારે ફળ મેળવે છે. એમાં પણ જૈનશાસન પામેલો ધર્માત્મા તો કઈ ગણું ઊંચું પુણ્ય બાંધશે. યથાર્થ ભાવો સાથે થતી ક્રિયાથી થોકબંધ પુણ્ય બાંધી શકો છો. તમને આવો ઉત્તમ ધર્મ મળ્યો છે, પણ જૈન તરીકે તેને ન્યાય આપી શકાય તેવી કક્ષા જ તમે કેળવી નથી. તમને તો ઊલટા વિચાર આવે છે કે "નકામી પંચાત શું કામ કરવી ? કોઈ માંડ અનુકંપા કરે છે, તેમાં અનુકંપા કરતી વખતે આવા ભાવ રાખો અને આવા ભાવ ન રાખો તેવી પિંજણ કરશો, તો અનુકંપા કરનાર વ્યક્તિ એવી અનુકંપા કરતી પણ બંધ થઈ જશે." પરંતુ અમે તો તમે થોડા ધર્મથી પણ મહાન લાભ મેળવી શકો તે માટે આટલું કહીએ છીએ. પુણ્ય દ્વારા ઊંચામાં ઊંચી સામગ્રી તમે ભવાંતરમાં પામી શકો તે માટે અમારી આટલી મહેનત છે.

## અનુકંપાનાં કાર્યોમાં પ્રશંસા-અનુમોદનાનો વિવેક :

શાસ્ત્રમાં લખ્યું છે કે જે લોકોત્તર આશય વગર ભૌતિક દયા કરે છે તેની તો આપણાથી પ્રશંસા પણ ન કરાય. આજની સ્કૂલ, હોસ્પિટલોને તો આર્યઅનુકંપામાંથી પણ રદ કર્યાં છે, જ્યારે કૂવા-તળાવ ખોદાવવા, ઔષધાલયો ખોલવાં, રોજગારી આદિ આપવી તથા બીજાં કહેવાતાં સામાજિક સત્કાર્યો કે જેની અત્યારે ઘણી જ બોલબાલા છે, તેમાં પણ દાન કરનારમાં જૈનશાસનનો વિવેક ન હોય તો તે દાનની પ્રશંસા કે અનુમોદના ન કરાય, અને કરીએ તો તેમાં થતી હિંસાનું પાપ લાગે. જોકે આવાં કાર્યોને આમજનતામાં અનુકંપા તરીકે સ્થાપિત કર્યાં છે, છતાં પણ જૈનથી ધર્મબુદ્ધિએ તેની અનુમોદના ન કરાય.

**સભા :-** સામાજિક સત્કાર્યોની પ્રશંસા ધર્મબુદ્ધિએ અનુમોદના ન કરે તો કઈ રીતે કરે ?

**સાહેબજી :-** એક જીવ સ્વમહેનતથી કમાઈને સામાજિક દયા-પરોપકાર કરે છે, જ્યારે બીજો કમાઈને દુરાચાર, અનાચાર, મોજમજા કરે છે, વળી બીજાને જરા પણ ભોગવવા ન દે તેવો સ્વાર્થી છે. આ બંન્નેની સરખામણી કરવામાં આવે ત્યારે સ્વાર્થી માણસ કરતાં જેનામાં દયા આદિ ગુણો છે તે સ્વાર્થી કરતાં સારો ગણાય.

એક અનીતિમાન નાસ્તિક છે ને બીજો પ્રામાણિક નાસ્તિક છે, તો એ બેમાં સારો પ્રામાણિકને જ કહેવાય. કોઈ પ્રામાણિક બને નીતિમાન બને એને અમે સારો જ કહીએ. આખી દુનિયામાં જે પણ દુરાચાર હોય તેમાં અમારું સીધું કે આડકતરી રીતે કોઈ જ પ્રોત્સાહન ન હોય. અમે કોઈ દિવસ દુરાચાર ને દુર્ગુણોનો પાટ પર બેસીને ઉપદેશ આપતા નથી, ઊલટું તેની ટીકા જ કરીએ છીએ, કદી તેને બિરદાવતા નથી. કોઈ નાસ્તિકના જીવનમાં ખરાબ આચરણ હોય તો અમે કહીએ કે તે સારું નથી કરતો, છતાં તેના દયા-દાનની પ્રશંસા પણ ન કરીએ.

કોઈના પણ જીવનમાં આત્મકલ્યાણનું કારણ બને તેવા ગુણો હોય તો અમે પ્રશંસા કરીએ, *અને આત્મકલ્યાણનું કારણ બને તેવા ગુણો ન હોય તો અમે પ્રશંસા* ન કરીએ. જે ગુણો ફક્ત પાપાનુબંધીપુણ્ય બંધાવે અને આત્મકલ્યાણનું સાધન ન જ બને, તેવા ગુણોની અનુમોદના કરવી તે મિથ્યાત્વબુદ્ધિ છે. પરંતુ જે ગુણ પુણ્યાનુબંધીપુણ્ય બંધાવે અને ધર્મસામગ્રી દ્વારા આત્મકલ્યાણનું સાધન બની આત્માને આગળ ચઢાવે તેવા ગુણોના જ અમે પ્રશંસક છીએ.

**સભા :-** પણ સાહેબ, અમે કંઈ તેમના ભાવો નથી જાણી શકતા કે આ તેમના કેવા ગુણો છે.

**સાહેબજી :-** સામૂહિક ધોરણે પ્રશંસા કરવાની આવે ત્યારે મનમાં એમ જ રાખવાનું કે પ્રભુની આજ્ઞા સાથેના ગુણ હોય તો મારી અનુમોદનાં છે, પણ વ્યક્તિગત રીતે અનુમોદના કરવાની આવે ત્યારે ગુણોની પરખ કરવી જ પડે. અનુમોદના વિવેકપૂર્વક જ કરવાની છે. જીભ મળી છે એટલે ગમે તે રીતે ગમે ત્યાં વાપરવાની નથી. તેનો ઉપયોગ પ્રભુઆજ્ઞા પ્રમાણે જ કરવો જોઈએ.

મોક્ષમાર્ગમાં ચડેલો આત્મા ગમે તે ધર્મમાં રહેલો હોય તો પણ તેના ગુણોની અનુમોદના કરવાની, પણ છતાં સમ્યગ્દષ્ટિના ગુણની અનુમોદના મિથ્યાદષ્ટિના ગુણની તુલ્ય ન કરાય.

અમે શ્રાવકના ક્ષમાગુણની પ્રશંસા કરીએ પણ ખંધકમુનિના ક્ષમાગુણની તુલ્ય ન મૂકીએ. જેનું જે લેવલ-ભૂમિકા હોય તે પ્રમાણે અનુમોદના થાય. આત્માનું હિત ન કરે તેવા ગુણોની પ્રશંસા ન થાય. જેમ કોઈ નિઃસ્વાર્થ શુભભાવથી દાન કરીને પુણ્ય બાંધે, તે પુણ્યથી ભોગસામગ્રી મેળવી પાપ કરે અને દુર્ગતિમાં જાય, તેવા દાનધર્મની પ્રશંસા-અનુમોદના ન કરાય.

**અભિવ્યક્ત કષાયોની જેમ, વૃત્તિમાં પડેલા સુષુપ્ત કષાયો પણ સતત પાપબંધ કરાવે છે :**

**સભા :-** આ બધામાં મૂળ કષાયો જ કામ કરે ને ?

**સાહેબજી :-** હા, કષાયો તો આત્મામાં રહેલા જ છે, અશુભભાવ પણ કષાયથી થાય છે અને પુણ્ય પણ કષાયથી જ બંધાય છે. જેનામાં કષાયો ન હોય તેને પુણ્ય-પાપ એકેય બંધાતું નથી. કોઈપણ આત્માને કર્મ બાંધવા માટે રાગ-દ્વેષની ચીકાશ તો જોઈએ જ. મૂળમાંથી કષાયો જાય તેને વીતરાગ કહેવાય. ૧૧-૧૨મા ગુણસ્થાનકે આત્મા વીતરાગી હોય છે. ત્યાં બધા કર્મનો બંધ અટકી જાય છે. ફક્ત શાતાવેદનીય કર્મ આત્મા પર આવે છે, પણ અડીને ખરી જાય છે, અર્થાત્ બંધાતું નથી. વીતરાગને માત્ર જૂનું કર્મ ભોગવવાનું રહે. ભોગવીને પૂરું કરે એટલે મોક્ષ નક્કી. પણ કષાયો કોને કહેવાય તે સમજો.

તમે તો ક્રોધનો અર્થ એ કરો છો કે માણસ લાલચોળ થઈ જાય ને થપ્પડ મારવા ઊભો થાય તો ક્રોધ કર્યો કહેવાય. પણ ના, તેવું નથી. પ્રકૃતિમાં જે કામ-ક્રોધ-માન-માયા-લોભની વૃત્તિઓ પડી છે, તે જ કષાયો છે, જે નિમિત્ત મળતાં જ બહાર આવે. તમે વગર કારણે ગુસ્સે થાઓ તો ગાંડામાં જ ખપો, માટે સતત ક્રોધ વ્યક્ત નથી કરતા, પણ મનમાં નથી એવું નથી. મનમાં છે તે જ નિમિત્ત મળે ત્યારે બહાર આવે છે. જેમ કોલસાને પેટાવ્યા પછી તેના પર રાખ વળી જાય, એટલે એ દેવતા ઓલવાઈ નથી ગયો, માત્ર જરાક ફૂંક મારો એટલે પાછો સળગવા માંડે. તેવી જ રીતે તમે અંદરથી ધખો જ છો, બહાર જ ખાલી રાખ બાઝી ગઈ છે.

**સભા :-** બેભાન માણસને કર્મ ઓછું બંધાય ને ?

**સાહેબજી :-** બેભાન માણસ ભાનમાં આવે અને ગાળ આપે તો અંદરનો ભાવ કેવો કહેવાય ? અંદર તો ક્રોધની હોળી સળગતી જ છે, તેથી કર્મબંધ ચાલુ જ છે. ઊંઘમાં પણ કર્મ બંધાય છે. કષાય બહાર અભિવ્યક્ત કરો તો જ કર્મ બંધાય તેવું નથી. જો એમ જ હોય તો તમને એક ઊંઘની ગોળી આપી દેવાથી કર્મબંધ અટકી જાય. સામાયિકમાં પણ તમારું મન બધે ફરી આવે છે જેથી કર્મ બંધાય છે. એના કરતાં ઊંઘાડી દઈએ તો ઓછું કર્મ બંધાય એવું પણ નથી. ઊંઘમાં પણ મનમાં જેટલી સારી વૃત્તિઓ છે તેનું પુણ્ય બંધાતું હોય છે અને ખરાબ વૃત્તિઓનું પાપ પણ બંધાતું હોય છે.

સભા :- તો પછી પાપાત્મા ઊંઘતા કેમ સારા ?

સાહેબજી :- "ધર્માત્મા જાગતા સારા ને પાપાત્મા ઊંઘતા સારા" એ શાસ્ત્રવચનનો મર્મ જુદો છે. દુનિયા આખીમાં પાપાત્મા જ ઉપદ્રવ મચાવે છે, બીજા અનેકને અશાંતિનું કારણ બને છે. સત્તાધીશો આખો દિવસ શું કરે છે ? આવા પાપાત્માઓ એકેન્દ્રિયમાં જાય તેવી ઇચ્છા કરવાની શાસ્ત્રમાં કહી છે.

પૂજ્ય હેમચંદ્રસૂરિજીએ કહ્યું છે કે "હે પ્રભુ ! જે એવા પાપી આત્માઓ છે, જેમને શાસન ઉપર, મોક્ષમાર્ગ ઉપર, અને ધર્મવ્યવહાર પર વૈર-વિરોધ છે, અને આખા જગતને ઊંધે રસ્તે દોરે છે; તેવા આત્માઓ આંધળા-લૂલા-લંગડા-બોબડા-મૂંગા બને તેવું અમે ઇચ્છીએ છીએ." આવું કહેવામાં પણ કારણ, તેઓના આત્માનું હિત જ છે; કારણ કે એકેન્દ્રિયમાં કાન, મોઢું, માથું, હાથ, પગ કશું નથી. બધી રીતે crippled-નબળા છે. તેથી પોતાના આત્માનું પણ ભારે અહિત નહિ કરે અને જગતનું પણ અહિત નહીં થાય. તેઓ કરુણાભાવથી આમ વિચારે છે. વિવેકપૂર્વકના કરુણાભાવને સમજવા દીર્ઘદૃષ્ટિ જોઈએ. વીતરાગ સ્તોત્રમાં કહ્યું છે કે, જે આપના વિરોધી છે, સન્માર્ગના વિરોધી છે, તેમના માટે અમે આવું કઠોર ઇચ્છીએ છીએ. એટલે એનો અર્થ એમ નહિ કે જેનામાં પાપનો પરિણામ છે તે ઊંઘી જાય એટલે પાપ નથી બંધાતું. ધર્માત્મા ઊંઘમાં પણ પુણ્ય બાંધે છે. જેની મનની વૃત્તિઓ જેટલી શુભ છે તે પ્રમાણે અવશ્ય પુણ્ય બંધાય છે. વ્યક્તિ પોતાનું વ્યક્તિત્વ સુધારે તો જ ઊંચાં પુણ્ય બાંધી શકે છે. મલિન વ્યક્તિત્વ હોય તો પ્રબળ પુણ્ય બાંધી શકાય નહીં.

## જિનાજ્ઞા નિરપેક્ષ દયા-દાન પ્રશંસાપાત્ર નથી :

અજૈનોના દયા-દાનની પ્રશંસા કરાય નહીં, પરંતુ તેમનામાં પણ જિનવચન પ્રમાણે હોય તો માન્ય છે, અને પ્રશંસાપાત્ર છે.

સભા :- વ્યવહારમાં વખાણ ન કરીએ તો ખરાબ લાગે.

સાહેબજી :- તમારો જ્યાં સ્વાર્થ ઘવાતો હોય ત્યાં કેવી કડવી વાણી નીકળે ? ધર્મમાં બધાને વહાલા થવાની વૃત્તિ છે. આવા માણસો કદી પણ સાચો ધર્મ ન કરી શકે. અમે અપ્રિય બોલવાનું નથી કહેતા, વગર કારણે શીંગડાં ભીડાવવાની જરૂર નથી. પરંતુ પ્રભુની આજ્ઞા ન પાળનારની પ્રશંસા ન કરાય, કરીએ તો મિથ્યાત્વનો દોષ લાગે. લૌકિક દયા-દાનની અનુમોદના કરીએ તો પ્રાણવધનું પાપ લાગે છે.

**સભા** :- તો પછી નિંદા કરવી ?

**સાહેબજી** :-સીધી નિંદા કે ટીકાટિપ્પણ ન કરીએ, પણ ધર્મબુદ્ધિએ અનુમોદનાય ન કરીએ. અમે અજૈનઅનુકંપાદાનમાં સીધી ના પાડીએ તો જેની આજીવિકા ચાલતી હોય તે બંધ થાય તેથી અંતરાય થાય ને અમને અંતરાયનું પાપ લાગે, અને અનુમોદના કરીએ તો હિંસાનું પાપ લાગે.

**સભા** :- આ તો બંને બાજુએ પગ રાખ્યો.

**સાહેબજી** :- બંને બાજુ જો પગ રાખ્યો હોય તો અનુમોદના પણ કરે અને નિંદા પણ કરે, ડબલ ઢોલકી વગાડે. વાસ્તવમાં આ તો ત્રીજો જ માર્ગ કાઢ્યો છે. મૌન રહેવામાં જ આપણો આરાધનાધર્મ સચવાય. કોઈ બાપને અનાડી છોકરો હોય ને તેને હિતકારી સલાહ આપે ત્યારે તે ગાળો બોલતો હોય, તો બાપ હિતશિક્ષા ન આપે ને મૌન જ રહે. ગેરલાયક હોય તો મધ્યસ્થભાવ કેળવવાનો છે. જ્યાં બોલવામાં હિત નથી ને સંમતિમાં નુકસાન છે ત્યાં મૌન જ રહેવાય. આપણે અન્ય ધર્મની નિંદા કે વગોવણી પણ નથી કરતા અને પ્રશંસા કે અનુમોદના પણ નથી કરતા.

જૈન તરીકે તમારે અજૈનઅનુકંપા કરવાની નથી પણ જૈનશાસનને અનુરૂપ અનુકંપા કરવાની છે. તમારી અનુકંપાથી બીજાનું આત્મહિત થાય તે જોવાનું અને જો તે ન થતું હોય તો તમારે તમારા આત્માનું હિત થાય છે કે નહિ તે જોવાનું. જૈનશાસનની દરેક પ્રવૃત્તિમાં આત્મા સેન્ટર પોઇન્ટ છે. દ્રવ્યદયાની પ્રવૃત્તિ આત્મકલ્યાણનું સાધન બનતી હોય તો તેમાં થયેલી અસંખ્ય જીવોની હિંસા સ્વીકારવા તૈયાર છીએ.

## જીવોને આત્મકલ્યાણના માર્ગે ચડાવવા તે ઉત્કૃષ્ટ દયા :

એક આત્માનું હિત કરવામાં સાચી દયા-અનુકંપા-મૈત્રી-પરોપકાર બધું જ સમાયેલું છે. આ સમજવા ભૌતિક ઉદાહરણરૂપે જોઈએ તો, આંગણે આવેલા ભૂખ્યા માણસને એક વખત ખાવાનું આપીને તેની ટેમ્પરરી ભૂખ શાંત કરો અથવા તેને જે ગરીબાઈનું દુઃખ છે તે દુઃખ જિંદગીભર દૂર કરવા આજીવિકાનું સાધન ગોઠવી આપો, તો આ બેમાંથી કઈ દયા ઊંચી કહેવાય ? સામાજિક દૃષ્ટિકોણથી પણ તેને આજીવિકા આપો તે ઊંચી દયા કહેવાય.

**સભા :-** રોજગારી પણ ગમે તે પ્રકારની અપાય ?

**સાહેબજી :-** રોજગારી ગૃહસ્થ તરીકે તમારાથી કરાતી હોય તેવી જ અપાય, નહીંતર તમે પાપના હિસ્સેદાર બનશો. જેમ કે કસાઈનો, દારૂ વેચવાનો, જુગારખાનાનો, માછીમારીનો આવા બધા ધંધા ન અપાય. આ બધી નિંદનીય પ્રવૃત્તિઓ છે. શ્રીમંત માણસ કરે તો પણ નિંદનીય છે. આ તો આપણી આર્ય પરંપરામાં સ્પષ્ટ જ છે.

પણ અહીં મૂળ મુદ્દો એ છે કે કોઈનું ટેમ્પરરી દુઃખ દૂર કરો એના કરતાં permanent-કાયમી દુઃખ દૂર કરો, તો તે બે પરોપકારમાં કયો મોટો કહેવાય ? તીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રની શ્રેષ્ઠ દયા કરવા માંગતા હતા, તેથી તેમણે ફક્ત આ ભવનાં જ ભૌતિક દુઃખ દૂર થાય તેમ ન વિચાર્યું. પરંતુ આ ભવનાં પણ સર્વ બાહ્ય-અભ્યંતર દુઃખો દૂર થાય અને પરભવનાં પણ ભૌતિક-આત્મિક સર્વ દુઃખોના નાશ દ્વારા કાયમ ખાતે અનંત સુખની પ્રાપ્તિ થાય, તેવી ઉત્કૃષ્ટ દયા વિચારી. પણ આ માટે શું કરવું ? તો કહે છે કે જીવને મોક્ષમાર્ગ પર ચઢાવવો. એક જીવ મોક્ષમાર્ગનું પહેલું પગથિયું ચડ્યો એટલે વહેલો મોડો તેનો મોક્ષ થવાનો જ, જેથી ઘોર સંસારનાં અનંતા દુઃખોમાંથી અવશ્ય છૂટકારો થઈ જવાનો. સર્વ તીર્થંકરોએ તેથી આ જ ભાવના ભાવી કે "સવિ જીવ કરું શાસનરસી." જો મારા આત્મામાં શક્તિ આવે તો બધા જીવોને આત્મકલ્યાણના માર્ગે ચડાવી દઉં.

અરે ! એક જીવ પણ આત્મકલ્યાણના માર્ગે ચડે તો મહાન દયા-પરોપકાર-કરુણા ફળીભૂત થશે. જૈનશાસનની નાનામાં નાની પણ પ્રવૃત્તિ પાછળ આ લક્ષ્ય જોઈએ. પરંતુ તમને તમારા કલ્યાણનું લક્ષ્ય ન હોય અને બીજાના આત્માના કલ્યાણનું પણ લક્ષ્ય ન હોય તો સાચો ધર્મ કેવી રીતે થાય ? તમને દીકરો માંદો પડે તો ખોળિયાની ચિંતા વધારે કે તેના આત્માની ચિંતા વધારે ? અરે ! તમને તમારા આત્માની પણ ભાવદયા છે ખરી ? કે પછી હું આત્મા માનું છું તેમ બોલવા ખાતર જ બોલો છો ?

**સભા :-** માનીએ છીએ.

**સાહેબજી :-** જો તમે આત્માને માનતા હો તો તેની તમને ચિંતા થયા વગર રહે ખરી ? તમે લોકો અહીંયાં કેવલ આત્મકલ્યાણની ચિંતાથી આવો છો ? મનમાં બીજી કોઈ ભાવના તો નથી ને ? "અનંતકાળથી ૮૪ લાખ જીવાયોનિમાં રખડીને, દુર્ગતિનાં દુઃખ-દર્દો ભોગવીને અહીં આવ્યો છું, હવે આ દુઃખ-દર્દો વેઠવાં નથી," તેવી

આત્મચિંતાથી આલોક-પરલોક સુધરે તે માટે જ આવો છો ને ? સંસારનો અત્યંત ભય લાગ્યો છે ?

આત્માની ચિંતા વધારે કે દેહની ચિંતા વધારે ? હું એટલે દેહ કે હું એટલે આત્મા ? શું માનો છો ? પહેલાં તમારા આત્માની દયા કરો. બોકડો કતલખાને જાય છે તો દયા આવે છે, પણ યમરાજ તમને અનંતી વાર બોકડાની જેમ ઉપાડી ગયા છે, આવાં અનંત જન્મ-મરણ થયાં, એટલું જ નહીં પણ હજુ નહીં સમજો તો અનંત જન્મ-મરણ થશે, તેથી આ સંસારરૂપી કતલખાનામાંથી મારા આત્માનો છૂટકારો ક્યારે થશે ? તેવું વિચારીને જાતની અનુકંપા-અરેરાટી થાય છે ?

**સભા :-** સ્મશાન વૈરાગ્ય છે.

**સાહેબજી :-** તમે તો સ્મશાનમાં પણ ટેસ્ટથી ચા-પાણી પીઓ તેવા છો. નઠોરતા કેટલી આવી છે !

**સભા :-** રૂટિન થઈ ગયું છે.

**સાહેબજી :-** તમારામાં લાગણીશીલતા પણ ખલાસ થઈ ગઈ છે. તમને હૈયું મળ્યું છે કે ખાલી અંદર પંપ જ છે ? આંખના પલકારામાં આ દુનિયા સાથે જીવનો છેડો ફાટી જશે. આખી જિંદગી મહેનત કરીને મેળવેલું માટીમાં મળી જશે. બીજાના મૃત્યુને જોઈને એક દિવસ આમ જ આપણે જવાનું છે તેવો વિચાર આવે ? મૃત્યુમાં શ્રદ્ધાની જરૂર નથી, પ્રત્યક્ષ દેખાય છે. છતાં પણ નક્કર વાસ્તવિકતાનો વિચાર ન કરો તે મૂઢતા છે.

આત્મા-પરલોક ભૂલીને જીવનારને પોતાના આત્માની ચિંતા ન હોય, તે બીજાની ભાવદયા કેવી રીતે કરશે ? અને કોરી દ્રવ્યદયા કરશે તો થોડું પાપાનુબંધીપુણ્ય બાંધશે, જેનાથી થોડી ભૌતિક સામગ્રી મેળવી ફરી પાપો કરી દુર્ગતિ આદિમાં રખડશે. ચરમાવર્તમાં આવવા માટે પણ પહેલી ભાવદયા જોઈએ. તમારું આત્મકલ્યાણ છોડીને બીજાનું કલ્યાણ કરવાનું નથી, નહીંતર એ દયા મડદાની દયા છે તેવું મહાપુરુષો કહે છે. ભગવાનનું શાસન સમજવા માટે આ સાતક્ષેત્ર સુપાત્રનાં અને અનુકંપા આઠમું ક્ષેત્ર સમજવા જેવાં છે. સુપાત્રદાનનો મહિમા આવશે ત્યારે ખબર પડશે. શાલિભદ્રે પૂર્વભવમાં સુપાત્રમાં ખીર વહોરાવી તેનું જે ફળ છે તે મધ્યમ ફળ છે, કારણ તે વખતે શાલિભદ્રનો જીવ મિથ્યાદૃષ્ટિ હતો; જો સમકિતી હોત તો અસંખ્ય ગણું વધારે પુણ્ય બાંધત. દાનધર્મ અલૌકિક છે.

# ૧૫

તા. ૮-૮-૯૪, સોમવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા શુદ્ધ ધર્મની પ્રાપ્તિ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## દાનધર્મનો પ્રાણ લોકોત્તર વિવેક :

દાન, શીલ, તપ આદિ ધર્મમાં જો પ્રાણરૂપ કાંઈ હોય તો તે ભાવધર્મ છે. જ્યાં સુધી ભાવનો વિવેક ન પ્રગટે ત્યાં સુધી તે જીવ ધર્મના વિશિષ્ટ લાભ મેળવી શકતો નથી. તેથી શાસ્ત્રો દાન આદિ ધર્મને સમજાવે છે તેમાં દાનધર્મ લોકોત્તર ભાવ સાથે કરવાનો છે. દાનધર્મમાં સાત ક્ષેત્ર સુપાત્રનાં અને આઠમું અનુકંપાનું ક્ષેત્ર મૂક્યું છે. આ ગ્રંથમાં ભાવધર્મનો લોકોત્તર વિવેક અને તેનું ઊંડાણ દર્શાવેલ છે.

અનુકંપાદાન અજૈનો કરે તેના કરતાં જૈનોની અનુકંપાનો ઉદ્દેશ-ભાવ જુદો છે. પ્રત્યેક ક્રિયામાં મૂલ્ય ભાવનું છે. અનુકંપા કરવાના અવસરે પણ વિશેષ ભાવ જોઈએ. તમે કેટલા દુઃખીનાં દુઃખ-દર્દ દૂર કર્યાં કે તે કરવાની કામના કરી, તેનું મૂલ્ય નથી; પણ દુઃખ દૂર કરતી વખતે મનમાં ભાવના શું છે અને આશયો કયા છે, તેનું જ ખરું મૂલ્ય છે. દાનપ્રવૃત્તિ કરતી વખતે ભાવનો વિવેક ઓછો હોય તો તમે મહાફલને મેળવી શકો નહીં. આનંદ-કામદેવ આદિ શ્રાવકો અલ્પ દાન કરે તેમાં પણ આત્મિક દૃષ્ટિએ ઘણા લાભ મેળવે. ભાવના બળથી નાના અનુષ્ઠાન દ્વારા પણ મહાફલને પ્રાપ્ત કરી જાય.

## અનુકંપાની મહાનતા અને પરમોપાદેયતા ક્યારે ? :

જો ભાવની સૂઝ-સમજ ન હોય તો લાખોનું દાન કરીને પણ વિશેષ લાભ મેળવી શકો નહીં. તેથી જ ભાવોની વિશુદ્ધિ જાળવવા પ્રયત્ન જરૂરી છે. શાસ્ત્રમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળનું મહત્ત્વ છે, પણ તે પ્રધાન નથી, ગૌણ છે; અતિશયતા ભાવની

છે. અનુકંપાધર્મ મોક્ષમાર્ગની ભૂમિકાનો છે; તેથી જ **ચરમાવર્તનું લક્ષણ અનુકંપા બતાવ્યું અને સમકિતનાં પાંચ લક્ષણમાં પણ અનુકંપા દર્શાવી.** જેના આત્મામાં સમકિત હોય અથવા તેને ધારણ કરવું હોય, તો તેના હૃદયમાં અત્યંત કરુણા-દયા જોઈએ. પોતે જ ભોગવે ને માણે અને બીજાનાં દુઃખ-દર્દની પરવા નહિ, તેવા આત્માઓ સમકિતની ભૂમિકા પામી શકતા નથી. મોક્ષમાર્ગની અનુકંપામાં પણ ભૂમિકા અનુસાર ફેર પડશે. ભાવઅનુકંપાના સાધન તરીકે કરાતી દયા જ સમકિતીની દયા ગણાશે, કારણ કે તેને અનુકંપાના પરિણામથી પણ પુણ્યાનુબંધીપુણ્ય બંધાય. કોરી દ્રવ્યદયા કરવાવાળા પુણ્યાનુબંધીપુણ્ય નથી બાંધી શકતા, કારણ સામેનાના ફક્ત ભૌતિક દુઃખ-દર્દ દૂર કરવાની જ ભાવના છે. પણ તેઓ વિચાર નથી કરતા કે આ જીવને દુઃખ આવ્યું કેમ ? પાપના ઉદયથી જ દુઃખ આવ્યું છે, પાપમાંથી મુક્તિ થાય તો ફરી દુઃખ ન આવે. પરંતુ કોરી દ્રવ્યદયા કરનાર દાતાઓને 'મારી પ્રવૃત્તિથી કોઈ જીવને ધર્મપ્રાપ્તિ થાય' એવી ભાવના ન હોય, ફક્ત કરુણાના પરિણામ હોય, તેથી પુણ્ય કોરું બંધાય અથવા પાપાનુબંધીપુણ્ય બંધાય. આત્મિક દયામાંથી પેદા થયેલી દ્રવ્યદયા પુણ્યાનુબંધીપુણ્ય આપશે. પણ આત્મિક દયા સ્ફુરે ક્યારે ? જીવ ચિંતવે ક્યારે ?

હંમેશાં દયાનો વિષય દુઃખી જીવ છે, સુખીની દયા કરવાની નથી. સિદ્ધ ભગવંતોના આત્માની દયા કરવાની નથી. જેનો આત્મા કદી દુઃખમાં કે દુઃખના સાગરમાં જવાનો નથી તેવા આત્માની દયા કરવાની નથી. આત્માના દુઃખની ચિંતા આત્મવાદીઓને થશે અને શરીરના દુઃખની ચિંતા ભૌતિકવાદીઓને થશે. મનમાં આત્મા જો કેન્દ્રબિંદુના સ્થાને હશે તો આત્માના હિતાહિતની ચિંતા થશે, ખોળિયાનું દુઃખ તેને ગૌણ દેખાશે. માનવભવમાં શારીરિક દુઃખ ઓછાં છે, પરંતુ પશુયોનિ અને નરકયોનિમાં શારીરિક દુઃખ પણ ઘણાં છે. વળી ત્યાં પાપની પ્રવૃત્તિ પણ ઘણી જ છે.

આત્મવાદી માટે આત્માની દયા જ ખરી દયા છે. માત્ર શરીરને લક્ષમાં રાખીને કરાતી દયા તે ભૌતિક દયા છે. સારાંશમાં જૈનશાસનની અનુકંપામાં કોઈપણ વ્યક્તિના આત્મકલ્યાણનું લક્ષ્ય રહેશે, અનુકંપા ધર્મના અંગ તરીકે કરવાની કહી છે.

## અવસરે કરાયેલું અનુકંપાદાન મહાફળદાયી છે :

માણસો ને પશુઓ ભૂખમરાથી મરી રહ્યાં છે, લોકો ગરીબીમાં સબડી રહ્યા છે, માત્ર આવા વિચારથી દયા નથી કરવાની; પરંતુ આવા પ્રસંગનો કોઈને ધર્મ પમાડવાના સાધન તરીકે ઉપયોગ કરવા દયા કરવાની છે. આમાં પણ અવસરજ્ઞતા છે. જેમ વ્યવહારમાં પણ અવસરે કરેલા થોડા ઔદાર્યની પણ ગણતરી થાય, જ્યારે અવસર વગર કરેલાનું મૂલ્ય ઓછું જ હોય છે. લગ્ન પ્રસંગે ઠાઠથી જમાડો તો લોકો કદર કરે, પણ વગર પ્રસંગે જમાડો તો સમાજમાં તરત જ પુછાય કે "શું પ્રસંગ છે?" અને જવાબમાં ના પાડો તો તમારા પર હસે. અવસરે કરાતા કામનું મહત્ત્વ વધારે હોય છે. વરસાદ પણ મોકા પર પડે તો ઘણી ફસલ આપે. તેથી ખેતરમાં જરૂરિયાત હોય ત્યારે વરસાદ પડે તો કહેવાય કે સોનું વરસે છે. તેના બદલે કમોસમે વરસાદ પડે તો ઉત્તમ ફળ ન જ મળે, ઊલટો લીલો દુકાળ થાય. આની જેમ શાસ્ત્રોય કહે છે કે અનુકંપાદાન અવસરે ફલદાયી છે. અવસરે જરાયે ચૂકવું ન જોઈએ. યોગ્ય અવસરે કરીએ તો મહાફલ. વળી રોજ અવસર આવે તો રોજ કરવાનું. પણ કયો અવસર યોગ્ય કહેવાય તેની સમજ જોઈએ.

## અનુકંપાદાનના યોગ્ય અવસરો અને તેનો હેતુ :

દુનિયામાં કેટલાયે ગરીબો છે, માંદા છે, રોગમાં સબડી રહ્યા છે, સમાજમાં પણ દુઃખી માણસોનો કાયમ ખાતે તોટો નથી. તમે હોસ્પિટલોમાં ફળ વગેરે રૂટિનમાં આપવા જાઓ, ઝૂંપડપટ્ટીમાં પણ સામે ચાલીને અનાજ આપવા જાઓ, આમાં પ્રાયઃ ભૌતિક ચિંતા હોય છે, પરંતુ ધર્માત્માએ અનુકંપા અવસરે જ કરવાની છે. વાસ્તવમાં અવસર કયો ? તો શાસ્ત્રો કહે છે કે જ્યારે જ્યારે ધર્મનો પ્રસંગ આવે ત્યારે ત્યારે. જેમ કે દેરાસર બંધાવતાં, અંજનશલાકા કરાવતાં, ઉપધાન-ઓચ્છવ-મહોત્સવ, દીક્ષા આદિ ધાર્મિક જાહેર પ્રસંગો ઉજવાય ત્યારે, અથવા દુષ્કાળ-ભૂકંપ આદિ જાહેર સામૂહિક કુદરતી આફતો વગેરેના પ્રસંગે ધર્મપ્રભાવનાના સાધન કે અંગ તરીકે અનુકંપાદાન કરવું જોઈએ. આ દાનથી લોકોને મનમાં થાય કે જૈનોના ધાર્મિક પ્રસંગો આવે ત્યારે, તેઓ સમાજનાં દુઃખ-દર્દની કેટલી કાળજી રાખે છે ! આને ધર્મના નિમિત્તે કરેલી અનુકંપા કહેવાશે, જેનાથી ધર્મનો જયજયકાર થશે, લોકોમાં જૈનધર્મનો યશ થવાથી લોકહૃદયમાં ધર્મબીજનું વપન થશે. તેથી લાયક

જીવોને દૂરદૂરથી ધર્મના માર્ગે લાવવા માટે આ અનુકંપા છે, જૈનઅનુકંપા માત્ર ભૌતિક રીતે સુખી કરવા માટે નથી. જો જીવોને સાચા અર્થમાં દુઃખથી મુક્ત કરવા હોય તો પાપથી મુક્ત કરવા પડે. પાપથી મુક્ત કર્યા વગર કોઈ જીવને દુઃખથી મુક્ત કરી શકાતો નથી. તેથી જ દુઃખી જીવને જોઈને તમને એવું થવું જોઈએ કે આ જીવ ક્યારે પાપથી મુક્ત થાય ?

**સભા :-** પણ સાહેબ, અવસરે કરવા જઈએ તો બહુ જ પૈસા થાય અને આમ થોડામાં પતે.

**સાહેબજી :-** અમે તમને શક્તિથી અધિક કરવાનું કહેતા નથી, પણ અત્યારે તો તમે તમારી શક્તિથી ઘણું જ ઓછું કરો છો. શાસ્ત્રમાં કહ્યું છે કે માર્ગાનુસારી જીવ આવકના ૨૫% ધર્મમાર્ગે વાપરે, જ્યારે ધર્માત્મા શ્રાવક આવકના ૫૦% ધર્મમાર્ગે વાપરે. પછી જ બાકીની આવકના સાંસારિક ઉપયોગ માટે ચાર ભાગ કરે. સાચો શ્રાવક વિચારે કે જે મળ્યું છે તે પુણ્યપ્રભાવે જ મળ્યું છે. વળી આ મળેલું તો આંખના પલકારામાં મૂકીને જવું પડશે. તેથી તેનો જીવનમાં સદ્વ્યય થાય તેટલો કરી લેવો. આવું વિચારનાર શ્રાવક દાનનો અવસર શોધતો જ હોય અને ઓછામાં ઓછા ૫૦% ધર્મમાં વાપરે, જ્યારે તમારી તો વૃત્તિઓ જ કલુષિત થઈ ગઈ છે.

**સભા :-** પણ ઇન્કમટેક્ષ ભરીએ છીએ.

**સાહેબજી :-** તમે સરકારને થોડું આપીને જેમ અંગૂઠો બતાવો છો તેમ ધર્મને પણ અંગૂઠો બતાવશો ? અત્યારે સરકારને કુલ ઇન્કમટેક્ષમાંથી ૪% પણ આવક થતી નથી. પ્રજાને આવક વધારે હોવા છતાં સરકારને ટેક્ષના હિસ્સાની આવક પૂરતી મળતી નથી. કારણ તમે સરકારને પણ રમાડો છો.

## લોકોત્તર અનુકંપાનો પ્રધાન હેતુ, અવસર અને તેનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત :

જે જીવો વિશુદ્ધ ભાવ સાથે ઓતપ્રોત થઈને ધર્મનાં અનુષ્ઠાનો કરે છે તેમનું આત્મકલ્યાણ શીઘ્રતાથી થાય છે. ભગવાનની આજ્ઞા છે કે ઉત્તમ ધર્મઅનુષ્ઠાન કરો ત્યારે જાહેરમાં અવશ્ય અનુકંપા કરવાની, જેથી અન્ય જીવોના મન પર તમારા ધર્મની ઊંડી છાપ પડે. તેથી ધર્મઅનુષ્ઠાન વખતે કરાયેલું અનુકંપાદાન મહત્ત્વનું છે. આમાં ગ્રંથકાર ઉત્કૃષ્ટ દૃષ્ટાંત પરમાત્માનું આપે છે.

તીર્થંકરો જ્યારે અંતિમ ભવમાં જન્મે છે ત્યારે તેમની શક્તિ અને પુણ્ય અપાર

હોય છે. રાજા, મહારાજા કે ચક્રવર્તી પણ એમની પાસે કોઈ વિસાતમાં નથી હોતા. દેવતાઓ-ઇન્દ્રો પણ સતત તેમની ભક્તિ કરવા ઇચ્છતા હોય છે. વળી પ્રભુ પાસે અખૂટ ધનસંપત્તિ હોય છે. તેથી જ તેઓ ધારે તેટલાં દાન-દયા-પરોપકાર કરી શકે તેમ છે, તેમના માટે ગરીબોનાં દુઃખ દૂર કરવાં રમત વાત છે. આદિનાથ પ્રભુના સમયે તો ભરતક્ષેત્ર સંપન્ન હતું, તેથી કોઈ ભૂખ્યા-તરસ્યા-ગરીબો ન હોય. પણ બીજા તીર્થંકરોના કાળમાં સમાજમાં ઘણા ગરીબ, દીન, દુઃખી, લૂલા, લંગડા હોય, છતાં પ્રભુ રોજ અનુકંપાદાન કરવા નીકળતા નથી, પણ અનુકંપાદાન અવસરે જ કરે છે. આ ગ્રંથના પ્રારંભમાં જ બતાવ્યું છે કે અનુકંપા ઊંચું પુણ્ય બંધાવે છે, જ્યારે તીર્થંકરો તો પૂર્વભવનું ઉત્કૃષ્ટ પુણ્ય લઈને જ આવેલા છે, કલ્યાણ માટે નવા પુણ્યની તેમને જરૂર નથી હોતી. ઊલટું ભૂતકાળના પુણ્યને પણ સહજ સાધના દ્વારા ભોગવીને પૂરું કરવાનું છે. પુણ્ય આત્મસાધનામાં સહાયક સામગ્રી પૂરી પાડે તેટલા પૂરતી જ તેની જરૂરિયાત છે, અને પ્રભુ પાસે તો બધી જ કલ્યાણની સામગ્રી છે. તેથી તેમને અનુકંપાદાનના ફળની અપેક્ષા ન રહે. છતાં અવસરે ભગવાન અનુકંપાદાનરૂપ વર્ષીદાન કરે છે; કારણ કે અનુકંપા ધર્મનું અંગ છે, ધર્મ પમાડવાનું સાધન છે, એ સ્થાપિત કરવા તીર્થંકરો અનુકંપાદાન કરે છે.

અત્યારે દીક્ષાર્થી વર્ષીદાન કરતાં પૈસા આદિ ઉછાળે છે તે ગરીબો કે દુઃખીઓ માટે જ અપાય છે. યાચકોને આપવાની દૃષ્ટિથી એ અનુકંપાદાન છે; કારણ કે સુપાત્રને તો ભક્તિભાવથી બે હાથ જોડી આપવાનું હોય છે. યાચકોને બે હાથ જોડીને આપવાનું નથી.

તીર્થંકરો પણ ફળની ઇચ્છાથી અનુકંપાની પ્રવૃત્તિ નથી કરતા; કારણ કે અનુકંપાથી જે મેળવવું છે તેનાથી અધિક તેમણે મેળવી લીધું છે, છતાં દીક્ષાના અવસરે ૧૨-૧૨ મહિના સુધી વર્ષીદાન કરે છે. તીર્થંકરોના વર્ષીદાનની પદ્ધતિ એવી છે કે જ્યારે વર્ષીદાનની શરૂઆત કરે તે પહેલાં સેવકો આખા દેશ-રાજ્ય-નગરમાં જાહેરાત કરે છે કે કોઈને પણ સંપત્તિની કામના હોય તો પ્રભુ યાચકની ઇચ્છા મુજબ પૂરી કરશે. માંગવાની કોઈ મર્યાદા હોતી નથી. તીર્થંકરો છૂટે હાથે દાન આપે છે અને અપાવે છે. ગરીબોને અને યાચકોને અપાતું આ દાન સુપાત્રદાન નથી, સીધું ધર્મદાન નથી, છતાં પણ તીર્થંકરો દીક્ષાના અવસરે આવું મહાદાન અવશ્ય આપે છે. પ્રભુ જે વર્ષીદાન કરે છે તેમાં તેમનો આશય ધર્મનો પૂરક અને ધર્મની સ્થાપના કરવાનો છે. તેઓ જગતમાં દાખલો બેસાડે છે કે ધર્મના અવસરે

અનુકંપાદાન અવશ્ય કરવું. આ સમજાવવા પ્રભુ ૧૨-૧૨ મહિના સુધી પ્રતિદિવસ અનુકંપાદાન કરે છે. પ્રભુના વર્ષીદાનના અવસરે જે લાયક જીવો હોય તે ચોક્કસ ધર્મ પામી જાય. તેમને મનમાં થાય કે પ્રભુ પાસે આટઆટલો વૈભવ હોવા છતાં તે બધું છોડી રહ્યા છે. આ ત્યાગ જોઈને કેટલાયે જીવો બોધિબીજ-સમકિત આદિ પામી જાય. **વર્ષીદાન કરતાં પ્રભુ લોકોને સત્તા-સંપત્તિ-વૈભવની અસારતા દર્શાવવા માંગે છે, જેથી તેમને આ બધા ભોગો તુચ્છ-ફેંકી દેવા જેવા લાગે. જોનારના હૈયામાં ભોગોની અસારતાની છાપ ઊભી થાય તે આશય છે, પરંતુ તે વખતે લોકોનાં માત્ર દુઃખ-દર્દ દૂર કરવા પ્રભુ અનુકંપાદાન નથી કરતા.**

અત્યારે તો એવો ઊહાપોહ છે કે વર્ષીદાનમાં આ બધો ખોટો ભપકો થાય છે, બગાડ થાય છે, પાંચ દસ હજાર ખર્ચવા હોય તો સારી રીતે ખરચવા જેથી જરૂરિયાતવાળાંના હાથમાં જાય. આ તો ગમે તેના હાથમાં જાય છે. આ પૈસા વળી પાછા તેઓ દારૂ, જુગાર વગેરેમાં વાપરશે. આવી રીતે વિચારનારા અત્યારે ઘણા જોવા મળે છે.

**સભા :-** હમણાં બે બહેનોએ દીક્ષા લીધી ત્યારે વર્ષીદાન કરવાને બદલે હોસ્પિટલમાં દાન આપ્યું તે યોગ્ય છે ?

**સાહેબજી :-** ના, જરાયે નહીં. આવું જેઓ કરે છે તે વર્ષીદાનનું સ્વરૂપ સમજ્યા નથી, તેથી જ આવી ભૂલો કરે છે. હમણાં સ્થાનકવાસીમાં એક મુમુક્ષુએ દીક્ષા લીધી ત્યારે તેમણે વર્ષીદાનમાં લાખ રૂપિયા આપવાના જાહેર કર્યા અને જે લેવા આવ્યા તેમાં તેમને યોગ્ય લાગ્યા તેને ૨૦૦-૫૦૦ રૂપિયાનું કવરમાં દાન આપ્યું અને પાછું તેઓ એમ જ માને છે કે આ જ સાચું હિતકારી વર્ષીદાન ગણાય; કારણ કે જરૂરિયાતવાળાને ઉપયોગી થાય તે રીતે કર્યું છે. વર્ષીદાનને માત્ર તેઓ ભૌતિક દુઃખ-દર્દ દૂર કરવાના નિમિત્તરૂપે જ આપે છે, પણ વાસ્તવમાં તેઓ વિવેક ચૂક્યા છે. વર્ષીદાન જગતને ધર્મ પમાડવા કરાય છે, વર્ષીદાનને ધર્મનું અંગ બનાવવા આ અનુકંપા કરવાની છે.

**સભા :-** દીક્ષા સિવાય ધર્મના અંગ તરીકે વર્ષીદાન અપાય ?

**સાહેબજી :-** હા, ચોક્કસ અપાય. મોટા મહોત્સવ હોય, ઉપધાન હોય, પ્રતિષ્ઠા હોય આવા અનેક પ્રસંગોએ વર્ષીદાન આપી શકાય છે. આબુમાં જ્યારે વસ્તુપાળે પ્રતિષ્ઠા કરાવી તે વખતે ૨૨ લાખ સુવર્ણમુદ્રાનું વર્ષીદાન આપ્યું છે.

**સભા :-** ઉછાળીને જ અપાય ?

**સાહેબજી :-** હા, બેસીને આપવાની અનુકૂળતા ન હોય તો ઉછાળીને પણ આપે, બંને રીતે આપી શકાય છે. અત્યારે તો લોકો દાન આપતાં વિચારે છે કે આ માણસ પૈસા લઈ જઈને શું કરશે ? બીડી પીશે ? રાતના ખાશે કે આડા માર્ગે વાપરશે ? અનેક પાપો કરશે ? પણ આવું તમારે વિચારવાનું નથી. આ માન્યતા ભૂલભરેલી છે. લેનાર ક્યાં વાપરશે તે દાતારે વિચારવાનું નથી. હા, સીધા કસાઈને કે માછીમારને પૈસા આપવાની વાત નથી. ત્યાં જરૂર મર્યાદા આવે છે. બાકી જગડુશાહ, પેથડશાહ, વસ્તુપાળ વગેરે બધાએ યાચકોને દાન આપ્યું, પછી કાંઈ પાછળ તેના ઉપયોગની તપાસ કરવા ગયા નથી. અનુકંપામાં આ રીતે વિચારાય જ નહીં. જેની દયા કરો છો તે બધા ધર્મી નથી, તેનાં દુઃખ-દર્દ દૂર કરવા દાન આપતા નથી, વળી તેઓ પાપમાં ઉપયોગ કરવાના છે તે પણ પ્રાયઃ નક્કી છે. છતાં એના દ્વારા કોઈ યોગ્ય જીવ ધર્મ પામી જાય તે માટે જ કરવાનું છે.

**સભા :-** રાત્રે દાન અપાય ?

**સાહેબજી :-** સીધું અન્નદાન રાત્રે ન અપાય; કપડાં-પૈસા રાત્રે અપાય, પણ આપતી વખતે આડા-અવળા વિચાર કરવાના નથી. તીર્થંકરોએ પણ યાચકોને આપતી વખતે તેના ભાવિ પાપોપયોગનો વિચાર કર્યો નથી.

તીર્થંકરો વર્ષીદાનમાં અબજો સુવર્ણમુદ્રા આપે છે. છુટ્ટે હાથે, માંગે તે પ્રમાણે તેને આપવા છતાં, દાનમાં મર્યાદિત સુવર્ણમુદ્રા થવાનું કારણ એ છે કે, ભગવાન પાસે લેવા આવનાર ઘરેથી નીકળે ત્યારે ૫ લાખ રૂપિયા લેવાનો વિચાર કરીને નીકળ્યો હોય, પણ સિદ્ધયોગી એવા પ્રભુ પાસે આવતાં તેમના ગુણો, તેમની નિઃસ્પૃહતા, સંતોષ જોઈ ૫ લાખના બદલે ૨૫૦૦૦ જ માંગે. ભગવાન પાસે દાન લેવા આવનાર લાખો લોકો છે. એ લોકો પૈસા લઈ જઈ કઈ રીતે વાપરશે તે પ્રભુ વિચારતા નથી; પણ લેનારને કે જોનારને ત્યાગધર્મનો મહિમા સમજાય, તેનામાં લાયકાત હોય તો ધર્મની રુચિ થઈ જાય, એ માટે આપે છે. ધર્મના અવસરે કરાતી અનુકંપા ધર્મમાં પૂરક થશે, જે લોકોત્તર છે. બીજા આશયથી કરાતી અનુકંપા લૌકિક થશે.

તીર્થંકરને પોતાને માટે પુણ્યબંધનાં સાધન બને તેવા ધર્મનું મૂલ્ય કે મહત્તા નથી, કારણ કે એમના આત્મા ઉપર જે ઉત્તમ પુણ્યાનુબંધીપુણ્ય સંચય કરવા યોગ્ય

છે, તે તો જન્મથી જ ભરપૂર સ્ટોકમાં પડેલું છે. ઊલટું તેની પણ નિર્જરા કરીને મોક્ષમાં જવાનું છે. તેથી તેમને નિર્જરાપ્રધાન ધર્મ આવશ્યક હોય છે, પુણ્યબંધપ્રધાન ધર્મ નહિ. તીર્થંકર ભગવંત ધારે તો જન્મથી અનુકંપાદાનની પ્રવૃત્તિ કરી શકે, પરંતુ ભગવાન અવસરે-દીક્ષાનો અવસર જોઈને અનુકંપાદાન કરે છે.

**સભા** :- સ્ત્રીઓ વર્ષીદાન લેવા નહિ જતી હોય ?

**સાહેબજી** :- આર્યમર્યાદા પ્રમાણે સ્ત્રીઓ જતી નહોતી. હવેના દેશ-કાળમાં આર્યમર્યાદા સમજી શકે તેવું લોકમાનસ રહ્યું નથી.

**સભા** :- અનુકંપામાં શું આપવું ?

**સાહેબજી** :- જીવનની પ્રાથમિક જરૂરિયાત હોય તે જ આપવી. ધર્મરહિત દુઃખી જીવોની ઉચિત માગણી જ પૂરી કરાય, નહિ તો દાન વિકૃત કહેવાય. સામાન્ય ગરીબો માટે પ્રાથમિક જરૂરિયાત જ વિચારવાની આવે, પરંતુ વિશિષ્ટ ધર્મના પ્રસંગે મોં માગ્યાં અનુકંપાદાન આપ્યાના દાખલા છે. શાસ્ત્રમાં વાસુદેવ-ચક્રવર્તીના દાખલા આવે છે.

શ્રીકૃષ્ણમહારાજાને ઉદ્યાનપાલક આવીને કહે છે કે નેમિનાથ પ્રભુ ઉદ્યાનમાં પધાર્યા છે. આ વધામણી સાંભળતાં શ્રીકૃષ્ણે પોતાના આંગળીની રાજમુદ્રા સિવાયના બધા અલંકારો દાનમાં આપી દીધા. વાસુદેવના દાગીના કેટલા કીંમતી હોય ? તેમણે તેમના જીવનમાં અનેકવાર નેમિનાથ પ્રભુ પધાર્યાની વધામણી સાંભળીને દરેક વખતે ઓછામાં ઓછું ૧૨ા (સાડા બાર) કરોડ રૂપ્યમુદ્રાનું (ચાંદીની મુદ્રાનું) દાન આપ્યું છે.

**સભા** :- આ અનુકંપાદાન કહેવાય ?

**સાહેબજી** :- હા, આ સેવક છે તે કંઈ ભક્તિપાત્ર નથી. પરંતુ અહીં દાન પાછળ જુદા જ ભાવ છે ને જુદી જ દૃષ્ટિ છે. લેનારને-જોનારને કે સાંભળનારને પણ થાય કે પ્રભુની વધામણીથી આટલું મળ્યું તો સાચી ભક્તિ કરવાથી કેટલું મળે ? આ વર્તનથી સૌને સમજાય કે વાસુદેવોને પણ કેવા ભક્તિપાત્ર ભગવાન છે ! આ વખતે ગણી-ગણીને આપવાનું નથી.

# ૧૬

તા. ૯-૮-૯૪, મંગળવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા સ્વ-સ્વને ઉચિત ભૂમિકાનો પ્રબોધ કરનારા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## ભૂમિકાભેદે ધર્મભેદ છે, તેથી અજૈનની અનુકંપા જૈનને અધર્મરૂપ બને અને શ્રાવકનો ધર્મ સાધુને અધર્મરૂપ :

આરાધના કરવી હોય તો બધા માટે એકસરખો ધર્મ નથી, પણ ભૂમિકાભેદે ધર્મ બદલાય છે. જે ભૂમિકા હોય તેને અનુરૂપ હિતકારી પ્રવૃત્તિ કરવાની છે. જેવી ભૂમિકા બદલાય એટલે ધર્મપ્રવૃત્તિ પણ બદલાય છે.

માર્ગાનુસારીના આચારવિચાર જુદા, જૈનના આચારવિચાર જુદા, સમ્યગ્દષ્ટિના આચારવિચાર જુદા, શ્રાવકના આચારવિચાર જુદા, સાધુના આચારવિચાર જુદા.દરેક વ્યક્તિએ પોતાની ભૂમિકા પ્રમાણે ધર્મ સ્વીકારવાનો છે અને તે જ ધર્મ તેને હિતકારી થશે.

ધર્મ વ્યક્તિભેદે પણ બદલાય છે, ભૂમિકાભેદે પણ બદલાય છે, સંયોગભેદે પણ બદલાય છે. પ્રવૃત્તિ એકની એક જ હોય પણ સ્થાન બદલાયું એટલે તે અધર્મ થઈ જાય. આ વાત આપણે જ કરીએ છીએ એવું નથી, પણ વ્યાસમુનિએ પણ કહ્યું છે. ભૂમિકા, સંયોગ, વ્યક્તિભેદે ધર્મ બદલાય છે. તેથી જ ધર્મ સમજવા સૂક્ષ્મ બુદ્ધિ આવશ્યક છે.

**અહીં આ વાત લેવાનું પ્રયોજન એ છે કે જે અનુકંપાદાનમાં અલ્પજીવોને અશાંતિ અને ઘણાને શાંતિ હોય તે અનુકંપા જૈનોની અને જે અનુકંપામાં ઘણાને અશાંતિ અને થોડાને શાંતિ હોય તેવી અનુકંપા અજૈનોની કહેવાશે.**

તેથી જૈનેતર પોતાની ભૂમિકાને અનુરૂપ ઉપરોક્ત અનુકંપા કરે તો તેને માટે

તે યોગ્ય જ છે. આપણે તેની નિંદા કે ટીકા-ટિપ્પણ નથી કરતા, પરંતુ જૈન જો જૈનેતર યોગ્ય અનુકંપા કરે તો તે તેના માટે અધર્મ છે. આ જ વાત બીજી રીતે પણ વિચારી શકાય કે જો શાસનપ્રભાવના માટે જૈનઅનુકંપા કરાતી હોય તો સાધુને પણ તે કરવામાં શું વાંધો? જો તે સારી ને હિતકારી હોય તો કેમ સાધુને ન કરાય? જવાબરૂપે સાધુની ભૂમિકા અને ગૃહસ્થની ભૂમિકા જુદી છે. તેથી ગૃહસ્થનો ધર્મ સાધુ માટે ધર્મ બનતો નથી. બંનેના આચારવિચાર ઘણા જ જુદા છે. ગૃહસ્થ, સાધુના આચાર અપનાવે તો દોષ લાગે; અને સાધુ, ગૃહસ્થના આચાર અપનાવે તો પણ એને દોષ લાગે. ધર્મ ભૂમિકાભેદે બદલાય છે.

જિનાજ્ઞા મુજબનું અનુકંપાદાન પણ સુપાત્રદાન કરતાં ઘણું હલકું છે, બંનેની તુલના ન થાય. લાખોની અનુકંપા કરો ને એક સુપાત્રની ભક્તિ કરો, તો બેના ફળમાં આસમાન જમીનનો ફેર છે. અનુકંપા નિર્ગુણી દયાપાત્ર વ્યક્તિની કરવાની છે, જ્યારે સુપાત્રમાં તો ગુણિયલની ભક્તિ કરવાની છે, છતાં પણ ધનથી થતા સુપાત્રદાનનો અધિકાર સાધુને નથી.

ઉપાશ્રયો-જિનમંદિરો બંધાવવામાં હિંસા છે, જીવહિંસા વગર ધર્મસ્થાનકો ઊભાં થતાં નથી. આ ઉપાશ્રયો, તીર્થસ્થાનો, ધર્મશાળાઓ બધામાં છકાયના જીવોની હિંસા છે, છતાં પણ ગૃહસ્થ માટે આ કામ ધર્મ તરીકે વાજબી ગણાવાયું છે; કેમ કે તેમાં જેટલી હિંસા થઈ તેના કરતાં આ જ ધર્મસ્થાનકોથી કંઈ ગણી જબરદસ્ત અહિંસા ફેલાશે. મોટા નફા માટે થોડો ખર્ચ કરવો પડે તેવી આ હિંસા છે. તેથી જ તેને સંપૂર્ણ વાજબીપણે ખતવી છે અને આ બધાને શ્રાવકનો મહાન ધર્મ કહ્યો છે, અધર્મ નહીં. ગુણ અને દોષનું મૂલ્યાંકન કરો તો આ પ્રવૃત્તિ ઉત્તમ જ લાગશે. આ બધાં આત્મકલ્યાણ માટેનાં ઉત્કૃષ્ટ આલંબનો છે. જેઓ આ દેરાસર-ઉપાશ્રયોના નજીકથી સંપર્કમાં હોય છે, તેમનામાં ધર્મભાવ ઘણા હોય છે. દસ વર્ષ તમે આ ધર્મસ્થાનકોથી દૂર રહો તો તમારું માનસ કેવું થઈ જાય ? સારા વિચારો, સારી પ્રવૃત્તિ, તેની પ્રેરણા અને આલંબનો અહીંયાંથી જ મળે છે.

હોટેલોમાં જવાથી કાંઈ ગુણોનો વિકાસ થતો નથી, જ્યારે આ પવિત્ર આલંબનો વગર પ્રજામાં ધર્મ ટકાવવો મુશ્કેલ છે. ધર્મની રક્ષા માટે આ બધી વસ્તુ અનિવાર્ય છે. તેથી આ બધાં કાર્યોમાં અઢળક પુણ્યબંધ અને નિર્જરા છે, છતાં આ વ્યવસ્થા શ્રાવકોએ કરવાની છે, સાધુઓએ નહિ; કારણ કે સાધુએ "જીવનભર હિંસા કરવી-કરાવવી-અનુમોદવી નહિ" તેવી પ્રતિજ્ઞા કરેલ છે, તે પણ એક જ જીવની નહિ

પણ સર્વ જીવની. વળી તેમાં પણ અધર્મ કે પાપ નિમિત્તક હિંસાનો જ ફક્ત ત્યાગ નહિ, પરંતુ ધર્મ નિમિત્તક હિંસાનો પણ તેમને ત્યાગ હોય છે. સાધુના પચ્ચક્ખાણમાં કોઈ પણ પ્રકારના ધર્મ કે અધર્મ નિમિત્તક સાવદ્યના-પાપપ્રવૃત્તિના ત્યાગનાં પચ્ચક્ખાણ છે, અર્થાત્ તમામ હિંસાનો ત્યાગ છે. ધર્મમાં કે સંસારમાં થતા બધા આરંભ-સમારંભનો પ્રતિબંધ છે. પાછો તે ત્યાગ ત્રિવિધે ત્રિવિધે મન-વચન-કાયાથી કરવું, કરાવવું કે અનુમોદવું નહિ, તે પ્રકારે છે. નવ પ્રકારનાં પચ્ચક્ખાણ મુનિના આચારમાં આવે છે. જેણે આ અતિ ઉચ્ચ ભૂમિકા સ્વીકારી છે, તેને તેના મહાન લાભના કારણે જિનમંદિર-નિર્માણ આદિ ઉત્તમ કાર્યો માટે પણ હિંસા કરવાની રહેતી નથી.

**સભા :-** અત્યારે જે બધા સાધુ ભગવંતો પ્રોજેક્ટ ઉપાડે છે, તેમાં અમે સાથ આપીએ તો પાપના ભાગીદાર ખરા ?

**સાહેબજી :-** ચોક્કસ. જે સાધુ મર્યાદા મૂકીને ખોટા માર્ગે જાય છે, તેને તમે પ્રોત્સાહન આપો તો તે પાપ છે.

**સભા :-** પણ સાહેબજી, આમાં લાભાલાભનો વિચાર નહિ કરવાનો ?

**સાહેબજી :-** જૈનશાસનમાં બધી પ્રવૃત્તિ એકાંતે લાભકારી છે, તીર્થંકરોએ દર્શાવેલા એક પણ અનુષ્ઠાનમાં લાભ ન હોય એવું છે નહીં. છતાં ભૂમિકા અનુસાર ધર્મ છે, તેથી સાધુની પ્રતિજ્ઞાનો ભંગ થાય તેવું ધર્મઅનુષ્ઠાન સાધુથી કરાય નહીં, અને કરે તો તેમાં ગેરલાભ જ વધારે થાય.

**સભા :-** ઉપદેશ તો અપાય કે નહિ ?

**સાહેબજી :-** હા, કર્તવ્ય તરીકે શ્રાવકોને ઉપદેશ અપાય, પણ સીધી આજ્ઞા કે પ્રેરણા ન કરાય.

**સભા :-** લાભાલાભ તો જુઓ ને ?

**સાહેબજી :-** હા, ચોક્કસ. જ્યાં શ્રાવકોની વસ્તી છે, આરાધકો આરાધના કરી શકે તેવું વાતાવરણ છે ત્યાં આવાં ધર્મસ્થાનકો ખરેખર ઉપયોગી છે. ત્યાં સારા મહાત્માઓ આવીને ધર્મનો ઉપદેશ આપે તો કેટલીયે આરાધના થાય, જે માત્ર આ ધર્મસ્થાનકોથી થવાની છે. તેમાં વિશિષ્ટ કોટિનો સમૂહમાં ધર્મ થશે. લોકમાં ધર્મનો પ્રવાહ આના દ્વારા જ ચાલ્યો આવે છે અને ભવિષ્યમાં ચાલશે. દેરાસરો, તીર્થો,

ઉપાશ્રયો આ બધા ધર્મના આધારસ્તંભો છે. જે લોકો આ બધાને વખોડે છે તેમની બુદ્ધિનું દેવાળું જ નીકળી ગયું છે. તેઓ લાભાલાભને સમજી શકતા નથી. છતાં આવો ધર્મસ્થાનકના નિર્માણનો મહાન ધર્મ કરવા માટે પણ સાધુને ભગવાને નિષેધ કર્યો. શું ભગવાન લાભાલાભ ઓછો સમજતા હતા ? ના, તો નિષેધ કેમ કર્યો ?

**સભા :-** તમે પ્રતિજ્ઞા લીધી છે માટે ?

**સાહેબજી :-** બસ, હવે આ જ મુખ્ય મુદ્દો આવ્યો. જો આ મહાન લાભની પ્રવૃત્તિ હતી તો અમને ન કરવાની પ્રતિજ્ઞા શું કામ લેવડાવી ? કેમ કે પ્રભુ અમને તેનાથી પણ ઊંચો લાભ મળે તેવા ધર્મમાં સ્થાપિત કરવા માંગે છે. સાધુના આચારમાં-ગુણોમાં જે લાભ છે તેના કરતાં ધર્મસ્થાનકોના નિર્માણમાં કંઈ ગણો ઓછો લાભ તીર્થંકરોએ જોયો છે. કઈ પ્રવૃત્તિમાં વધારે લાભ ને કઈ પ્રવૃત્તિમાં ઓછો લાભ ? તે સૂક્ષ્મદૃષ્ટિએ વિચારવાનું છે. કદાચ ભલે થોડું નુકસાન હોય પણ લાભ ક્યાં વધારે તે અવશ્ય જોવાનું. સાધુને તેના સંપૂર્ણ અહિંસક આચારપાલનમાં જ લાભ વધારે છે.

## શ્રાવકને શુભારંભરૂપ ધર્મથી નવી હિંસાની પરિણતિ સિવાય શુભ પરિણામની પ્રાપ્તિ :

જેમાં જીવોની હિંસા થતી હોય તેવો ધર્મ સ્થાપિત કરતી વખતે પણ તીર્થંકરોના અંતઃકરણમાં સર્વ જીવો પ્રત્યે લોકોત્તર વાત્સલ્ય હોય છે. અરે ! ઉત્કૃષ્ટ કરુણાની ભાવનાથી ઉપાર્જિત ઉત્કૃષ્ટ પુણ્યજન્ય પ્રયત્ન દ્વારા જીવમાત્રના હિત માટે તેઓ ધર્મતીર્થને સ્થાપિત કરે છે; કે જેના પાયામાં જીવમાત્રને શાંતિ મળે, જીવમાત્ર દુઃખમાંથી છૂટી સાચા સુખને પામી શકે તેવી ભાવના હોય છે. પહેલેથી જ જીવો જો સંપૂર્ણ અહિંસક ધર્મમાં જઈ શકતા હોય, તો તીર્થંકરો બીજા જીવને પીડા આપીને થતો ધર્મ કરાવવા માંગતા નથી. પણ તે અશક્ય હોવાના કારણે તમારી જે ભૂમિકા છે તેમાં થતી રૂટિન હિંસાથી કરાતો જે ધર્મ તમારા માટે વાજબી છે તે પહેલાં બતાવ્યો; કારણ કે જે હિંસા તમે રોજ કરો છો તેનાથી થતો ધર્મ કરવા માટે તમારે તમારી ભૂમિકાના કઠોર પરિણામોમાંથી નીચે ઊતરવાનું નથી. તમે દરરોજ પૃથ્વીકાય, અપ્કાય આદિ છકાય જીવની હિંસા કરો છો, જે રોજીંદી છે. તે સારી છે તેમ હું નથી કહેતો પણ ધર્મસ્થાનક નિર્માણમાં નવો હિંસાનો ભાવ કરવાની જરૂર નથી. જે હિંસાના ભાવમાં પડ્યા છો તે જ હિંસાના ભાવ સહિત ઉત્તમ શુભ પરિણામથી

કરાતી ધર્મપ્રવૃત્તિ જ કરવાની છે. દા.ત. કોઈ માણસ કાદવમાં પડ્યો છે. તેને કોઈ આજુબાજુમાં બહાર કાઢનાર નથી અને પોતે જાતે પણ નીકળી શકે તેમ નથી, માટે ઇચ્છા ન હોય તો પણ તેમાં પડ્યા રહેવું પડે. તેથી તે તેમાં કમને એમ ને એમ પડ્યો રહે છે, ત્યારે તેને કાદવ તો શરીર પર લાગે જ છે, પણ તે વખતે બેઠા બેઠા કાદવ સાથે હાથ ઘસે તો હાથ પરનો કાદવ સિવાયનો જામેલો જૂનો મેલ નીકળી જાય; કારણ મેલ મેલને કાપે છે. કાદવમાં પણ ચોખ્ખાઈ લાવવાની તાકાત છે. તેવી જ રીતે તમે હિંસારૂપી કાદવમાં બેઠા છો, અત્યારે તેમાંથી તમે બહાર નીકળી શકો તેમ નથી. નીકળી શકો તો ઉત્તમ, પણ જો ન નીકળી શકો તો તે જ હિંસારૂપી કાદવ દ્વારા ઘસીને મનમાં શુભપરિણામરૂપ ચોખ્ખાઈ લાવી શકો તો તે અવશ્ય સારું કહેવાશે. વળી આમ કરતાં નવો કોઈ અશુભભાવ મનમાં લાવવાનો નથી, જેથી તમારું લેવલ પણ નીચું કરવાનું નથી.

**સભા :-** સાહેબ અમારું લેવલ તો નીચું જ છે.

**સાહેબજી :-** દુનિયામાં તમારાથી વધારે હિંસા કરનારા છે, તેનાથી તમારું લેવલ વધારે નીચું નથી. પ્રભુએ એવો ધર્મ નથી બતાવ્યો કે જેમાં તમારે તમારું લેવલ નીચું લાવવું પડે. ઊલટું તમારી એ જ કાદવરૂપ હિંસાથી ઉત્તમ શુભભાવો કરીને એવું પુણ્ય બાંધો કે જે પુણ્યાનુબંધીપુણ્ય હોય. આમ, કાદવ પણ આશીર્વાદરૂપ બને. આજ ખૂબીથી શુભારંભરૂપ ધર્મ બતાવ્યો છે. જેમ અગ્નિની હિંસા તમારા જીવનમાં ચાલુ જ છે, તેથી પ્રભુ પાસે દીવો કરશો તો સમ્યગ્જ્ઞાનરૂપ પ્રકાશની અભિલાષાના શુભભાવથી પુણ્ય બંધાશે. તમારે મકાન બાંધવાની હિંસા તો જીવનમાં ચાલુ જ છે, તો ઉપાશ્રય-દેરાસરના નિર્માણમાં નવી હિંસાની પરિણતિ ક્યાં ઉમેરવાની છે ?

બીજા દૃષ્ટાંતરૂપે જેમ ગટરમાં ચાંદીનો સિક્કો પડ્યો છે. બહાર રહેલાને તે લેવા ગટરમાં હાથ નાંખવો પડે. તેથી તેને એમ નથી કહેતા કે સિક્કો લેવા ગટરમાં હાથ નાખ. પરંતુ જે અંદર ગટરમાં જ બેઠો છે તે તો જરા હાથ હલાવશે તો નવી ગંદકી પામ્યા વિના તેને તરત જ સિક્કો મળી જશે. તે રીતે સંસારના આરંભ-સમારંભરૂપ ગટરમાં બેઠેલા શ્રાવકને શુભારંભરૂપ ધર્મથી શુભપરિણામની પ્રાપ્તિ સ્વરૂપ ચાંદીનો સિક્કો અવશ્ય મળી શકે. પરંતુ તે જ શુભપરિણામને કેળવવા સાધુને શુભારંભની ક્રિયાથી હિંસારૂપ નવી મલિનતા પ્રાપ્ત થશે, જે પતન છે. આમ, આ તત્ત્વ જો બરાબર મનમાં બેસી જાય તો અમારી વાત ગળે ઊતરશે.

**સભા :-** સાહેબ ભૂમિકા એટલે ?

**સાહેબજી :-** ભૂમિકા એટલે સ્ટેજ, કક્ષા. જેમ કોઈ પહેલા ધોરણમાં, કોઈ બીજા, કોઈ ત્રીજામાં એમ શિક્ષણમાં બધાનાં ધોરણ અલગ અલગ હોય છે, તેમ ધર્મમાં ક્રમસર ભૂમિકા ભગવાને બતાવી છે. તમામ ભૂમિકાના આરાધનામાર્ગ સ્વતંત્ર બતાવ્યા છે.

ધર્મમાં ધોરણ અહિંસા છે. જેટલી અહિંસા જીવનમાં વધારે તેટલો ધર્મ ઊંચો, ને જેટલી હિંસા વધારે તેટલો ધર્મ નીચો જશે. તેથી જ ભગવાને કહ્યું કે તમે સંપૂર્ણ અહિંસક બની શકતા હો તો સૌથી ઊંચો ધર્મ પામશો. પણ જ્યાં સુધી ત્યાં ન પહોંચો ત્યાં સુધી શુભારંભથી જ લાભ લેવાનો છે.

## ધર્મ પમાડવાના લોભે સાધુ આચારભ્રષ્ટ થાય તો પરંપરાએ આખા સાધ્વાચારમાર્ગનો ધ્વંસક બને :

એક સાધુ તેનાં પાંચ મહાવ્રત પાળે અને સામે એક શ્રાવક લાખ ઉપાશ્રય બાંધે તો પણ ધર્મનું ઉત્તમ ફળ સાધુ જ મેળવશે. તમારે તો એક ઉપાશ્રય બનાવવાનાં ફાંફાં છે. સંઘમાં દાનનો થોડો હિસ્સો આપી દો એટલે પતી ગયું. બંગલો બંધાવવાનો હશે તો એકલા જ બંધાવશો. પણ કોઈ ઉદાર શ્રાવક હોય તો પોતાની સંપત્તિ દ્વારા એકલે હાથે આવાં વિપુલ કાર્યો કરે છે. તેના કરતાં પણ સાધુની એક દિવસની આરાધના ઊંચી છે. અરે ! મહાધર્માત્મા શ્રાવકની આખી જિંદગીની આરાધના, સાધુજીવનની બે ઘડીની આરાધનાની તોલે ન આવે. કદાચ તમને એમ થાય કે સાધુઓએ એવી તો શું ધાડ મારી છે કે એમનો ધર્મ આટલો ઊંચો ગણાય ? પણ શાસ્ત્રમાં સાધુ અને શ્રાવકના ધર્મની તુલના મેરુ અને સરસવ દ્વારા બતાવી છે. આટલો વિશાળ તફાવત છે. પણ આમાં ફક્ત વેશ પહેરેલો સાધુ નહિ લેવાનો, પરંતુ સંયમી સાધુ લેવાનો છે. આનંદ તથા કામદેવ જેવા મહાશ્રાવકો જે પાંચમા ગુણસ્થાનકે રહેલા ધર્માત્મા હતા, અથવા પુણિયો શ્રાવક કે જેના સામાયિકની આરાધનાનાં પ્રભુએ પણ સ્વમુખે વખાણ કરેલાં, તેમની પણ આખી જિંદગીની આરાધના ભાવસાધુની બે ઘડીની આરાધનાની તોલે ન આવે. એથી જ અમને અમારા આચારમાં સ્થિર રહેવા દો, જેથી અમને પણ લાભ ને જગતને પણ લાભ. પણ જો સાધુ તમારી જેમ લાભાલાભ વિચારીને વિમાનમાં ધર્મ પમાડવા ફોરેન જાય તો ? ત્યાં જવામાં ધર્મ પમાડવાનો ચોક્કસ લાભ છે, ઉપદેશની પ્રચંડ શક્તિવાળો હોય,

જેની પાસે હજારો ઉપદેશ સાંભળીને પામતા હોય, તેવા શક્તિસંપન્ન સાધુ માઇક વાપરે તો ઘણા શ્રોતાને લાભ થાય, તે અમે પણ સમજીએ છીએ; પરંતુ આ રીતે માઇક કે પ્લેન વાપરીને હજારો શ્રાવક તૈયાર કરનાર સાધુ આચારથી ભ્રષ્ટ થઈને પોતાની સાધુતા ગુમાવે તો, એક સાધુના ભોગે હજારો પણ શ્રાવક પકવવાં તે લાભાલાભની દૃષ્ટિએ શાસનને ચોક્કસ મહાન ગેરલાભ છે. વળી અત્યારે આવા પ્રચંડ શક્તિવાળા કેટલા સાધુ અને શ્રોતા મળશે, જે ભગવાનની આજ્ઞા મુજબ ઉપદેશ આપે અને હજારો-લાખો શ્રોતાઓને ભેગા કરે અને ધર્મ પમાડે? નહિવત્. કારણ કે આ યુગના શ્રોતાઓને જિનાજ્ઞા મુજબના પ્રવચનમાં રસ ઓછો જ પડશે. ચિત્રભાનુના વ્યાખ્યાનમાં માણસ ઘણું આવતું, કારણ તેઓ માર્ગ બહાર બોલતા માટે. તેઓ લોકોને જમાનાને અનુરૂપ ગમતું બોલતા હતા. અત્યારે તમે સાધુ પાસે એ જ અપેક્ષા રાખો છો કે 'વક્તા અમારા કાનને ગમે તેવું અને મનને મનોરંજન મળે તેવું બોલે.' આમાં સમાજ પણ કેટલું ભૂલ્યો છે ! પ્રભુ મહાવીરનો સાચો સંદેશો જાણવાની તમારી અપેક્ષા નથી. નહીંતર ભલે કોઈ ભલા સાધુ ગામઠી ભાષામાં પણ ભગવાનની આજ્ઞા મુજબ ઉપદેશ આપતા હોય તો તમે રસથી સાંભળો. તમને કેવો ઉપદેશ આપે તે ગમે?

**સભા :-** બસ, પેકિંગ સારું જોઈએ.

**સાહેબજી :-** એટલે ચોખ્ખો માલ જોઈએ એવું નથી. ગમે તે માલ પધરાવો પણ પેકિંગ સારું જોઈએ તેવા ઘરાક છો.

સ્પષ્ટ ભગવાનની આજ્ઞા મુજબ બોલતો હોય તો આ જમાનામાં પ્રખર વક્તાની પણ ઓછી સભા થાય, છતાં કોઈના પ્રચંડ પુણ્યના કારણે વિશાળ સભા થાય અને ઘણા ધર્મ પામે તેમ હોય, ત્યારે પણ સાધુને માઇક વાપરવાથી જે લાભ થાય, તેના કરતાં તે તેના આચાર મૂકશે ને મહાવ્રતથી ભ્રષ્ટ થશે, તેના દ્વારા જે શાસનને નુકસાન થશે, તે કંઈ ગણું વધારે હશે. વિચારો, લાભાલાભ શેમાં છે ? સરવૈયું ચોક્કસ માંડવું પડે.

ઘણા સાધુઓ બચાવમાં દલીલ કરે છે કે અમે તો માઇકને હાથ પણ નથી લગાડતા, લોકો મૂકે છે ને અમારાથી બોલાય છે. પણ વાસ્તવમાં અગ્નિકાયની સીધી હિંસા છે. સાધુઓ આમ, જાહેરમાં સાક્ષાત્ આરંભ-સમારંભની પ્રવૃત્તિ કરતા થયા. કરાવણ અને અનુમોદન કરતાં કરણમાં મોટો તફાવત છે. કરણમાં વ્રતભંગ

સીધો છે. ભલે, માઈકને હાથ નથી લગાડતા, પણ તેમાં બોલવાની પ્રવૃત્તિથી જીવો મરે જ છે. આ તો કોઈ સાધુ કાલે એમ પણ કહેશે કે મને આ ભાઈએ પકડીને ગાડીમાં બેસાડી દીધો અને ડ્રાઈવરે ગાડી ચલાવી, મેં તો કાંઈ જ નથી કર્યું. અહીં પણ મોટર દ્વારા થતી હિંસા સાધુને લાગવાની જ છે. કોઈ કહે કે આમાં કરાવણનો દોષ છે, કરણનો દોષ નથી; પરંતુ શાસ્ત્રમાં કરાવણની ક્યાંય આવી વ્યાખ્યા નથી. ભલે બીજાએ ગાડી ચલાવી, પણ મોટર દ્વારા જે હિંસા થાય તે તેમાં બેસનારને કરણરૂપે લાગે જ.

ઘણા એમ માને છે કે અમે ગાડીમાં જઈએ તેના કરતા બસમાં જઈએ તો પાપ ન લાગે. કારણ બસ તો આમ પણ જવાની જ છે. અમારા નિમિત્તે જાય તો જ અમને પાપ લાગે. પણ બસ ચલાવે છે કોના માટે ? પૈસા આપીને બેસે એ બધાની ભાગીદારી થાય, વળી જો અકસ્માત થાય ને પાંચ મરી જાય તો તેનું પાપ પણ બધાને જ લાગશે.

**સભા** :- માઈકના લાભ તો વિચારવા જ પડે ને ?

**સાહેબજી** :- જેણે જાહેરમાં પહેલી પાળ તોડી તેને, માઈક વાપરવાથી સાધુસંસ્થામાં તેની પરંપરાથી જેટલાં અનિષ્ટો ઊભાં થાય તેનું પણ પાપ, પોતે શિથિલાચારનો પ્રારંભ કરાવનાર હોવાથી લાગશે. સાધુજીવનમાં પરંપરાએ કેટલાયે દોષ આવશે. કારણ માઈક પાછળ બીજું બધું સીરીયલમાં તૈયાર જ છે. માઈક પછી કેસેટ, ટી.વી. વિડિયો, પંખો, ફ્રીઝ, ફોન કશું જ બાકી નહિ રહે. બધામાં તમે લાભ બતાવશો પણ આ બધાને કારણે સાધુજીવનનો અહિંસક આચારમાર્ગ તૂટી જશે.

**સભા** :- માઈક વગર બોલે તેમાં હિંસા નથી ?

**સાહેબજી** :- તીર્થંકર પણ બોલે તો હિંસા થાય છે. અમારે પણ વાઉકાયની હિંસા થાય છે. જીવવા માટે શ્વાસ લેવો પડે છે તે હિંસા અનિવાર્ય છે. અરે ! હાથ હલાવવો ને વિહાર કરવો બધામાં હિંસા છે. છતાં પણ પ્રભુએ સંયમની રક્ષા માટે વિહાર કરવાનું કહ્યું. પરંતુ અગ્નિકાય, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય આદિ જીવોની નિવાર્ય હિંસા અમારે કરવાની નથી. અને આ હિંસા કરીને લાભ મેળવતાં મોટું નુકસાન પલ્લે પડશે. લાખનું નુકસાન થાય અને પાંચ હજારનો લાભ થાય તે કેવું ગણાય ?

**સભા :-** શ્રાવક ભોજન તૈયાર કરે છે અને પછી સાધુ ગોચરી લાવીને વાપરી શકે છે, તો અમે માઇક મૂકીએ તો સાધુ કેમ ન વાપરી શકે ?

**સાહેબજી :-** અહીંયાં ચોક્કસપણે માઇક મારા માટે જ મુકાશે, અને ગોચરીમાં તો ધારો કે હું તમારા ઘરે ગોચરીએ ન આવું તો તમે કાંઈ ભૂખ્યા રહેવાના નથી, તેથી તમારે માટે તમે ૨૫ વાનગી બનાવી દસ વાર ખાઓ તેવા છો. તેથી રસોઈ તમે અમારા નિમિત્તે નથી બતાવતા. બીજું અમારું આવવાનું પણ ચોક્કસ નથી અને આવીએ તો પણ કઈ વસ્તુ લઈશું અને કેટલી લઇશું તે પણ નક્કી નથી. અરે! તમે ગમે તેટલો વહોરાવવાનો આગ્રહ કરો તો પણ અમે જે નિર્દોષ લાગશે તે જ લઇશું. જ્યારે અહીંયાં તો માઇક મારા માટે જ લાવીને મૂક્યું છે. તેથી લાવવા નિમિત્તક અનુમતિનો દોષ મને અવશ્ય લાગે અને વાપરવામાં અગ્નિકાયની સીધી હિંસાનો દોષ પણ લાગે.

દા.ત. અમને તાવ આવ્યો હોય અને ઉકાળાની જરૂર હોય, તો વિચક્ષણ શ્રાવક આપમેળે સમજીને અમારી જરૂરિયાત પૂરી પાડે. શાસ્ત્રમાં અપવાદિક કારણે પણ બને ત્યાં સુધી સાધુને હિંસાની કરાવણ કે અનુમતિ કહી છે, પરંતુ જાતે કરણનો પ્રાયઃ નિષેધ છે. ગોચરીમાં પણ જો તે ન મળે તેમ હોય અને અમારી આરાધના-સમાધિ તૂટતી હોય તો ત્યારે ખાસ ઉકાળો શ્રાવકને કહીને પણ કરાવીએ તે કરાવણ થયું, છતાં તેમાં જેટલો દોષ છે તે કરણ જેટલો ભયંકર નથી. વળી લાભાલાભનું કારણ છે માટે આવી કરાવણની છૂટ આપી. પરંતુ અહીં કોઈ વળી એવી દલીલ કરે કે તમારા ઘરમાં બરાબર જયણા હોતી નથી, લાગ આવે એક તપેલી ધોવામાં જ ઘણું પાણી તમે ઢોળો, વળી તપેલું ઉઘાડું રાખો, ગેસ પણ ક્યાંય સુધી બિનજરૂરી ચાલુ રહે. જ્યારે હું તો એકદમ જયણાથી ઉકાળો બનાવું જેથી તેમાં હિંસા ઓછી થશે ને જીવોની જયણા વધારે પળાશે. તમે બનાવો તેમાં જયણા વધારે કે સાધુ બનાવે તેમાં જયણા વધારે ? હું તો તપેલી પણ પૂંજીને લઉં, ગેસ પણ પૂંજીને વાપરું, પાણી ને ગેસ બધું જ મર્યાદિત વાપરું. આથી તમારા કરતાં કેટલી ઓછી હિંસા થાય ! છતાં પણ શ્રાવક પાસે કરાવવું વાજબી કે મારે જાતે કરવું વાજબી ? તમારી પાસે કરાવવું જ વાજબી; કારણ કે કરાવણ કરતાં કરણનું પાપ વધારે છે. અહીં માઇકમાં હું બોલું તો કરણ થયું. આમાં જાણીબૂઝીને સીધી જ હિંસા થાય છે, તેથી અમારાં મહાવ્રતો તૂટે છે. માટે આમાં લાભાલાભનો પ્રશ્ન નથી. એટલું જ નહીં પચાસ વર્ષે સાધુસંસ્થા પર આનું શું પરિણામ આવશે તે વિચારવાનું છે. જાહેરમાં

આ પગલું ultimate(અંતિમ) નુકસાનકારક છે.

**સભા :-** બધાને ખબર હોય છે તો કેટલાક માઈક કેમ વાપરે છે ?

**સાહેબજી :-** ઘણી વખત મહારાજ સાહેબોને ભોળપણ કે ગેરસમજ પણ હોય. ઘણા આચાર્યો પણ એવું માનતા હોય છે કે આમાં અગ્નિકાયના જીવો જ નથી. અત્યારના વખતમાં શાસ્ત્રનું પૂરું જ્ઞાન બધાને ન પણ હોય. જૈન શાસ્ત્રમાં ઈલેક્ટ્રીસીટી અંગે જે વિધાનો આવતાં હોય તેનો બરાબર ઊંડાણથી અભ્યાસ ન કર્યો હોય, તેથી ઈલેક્ટ્રીસીટીમાં જીવ માનતા ન હોય. શાસ્ત્રમાં આ અંગે ઘણી ઊંડી દલીલો છે, છતાં આમાં પોતાની ભ્રમણા જ કારણ બને છે. સંઘમાં બધા જ અશુભ ભાવથી કરે છે તેવું નથી, પરંતુ ઉપદેશક ગીતાર્થે વિચક્ષણ બનવું જોઈએ.

હવે સાધુની ભૂમિકા એ છે કે આરંભ-સમારંભથી થતો બધો જૈનશાસનનો ધર્મ તેમના માટે નિષેધ કરાયો. જે ધર્મ પણ એકાંતે લાભકારી છે, છતાં પણ પ્રભુએ તેમને માટે નિષેધ કર્યો, કારણ ભૂમિકાભેદે ભિન્ન ધર્મ બતાવ્યો છે. જે અહિંસાનું stage-સ્તર સાધુઓએ સર કર્યું છે તેને અનુરૂપ ધર્મ તેમના માટે બતાવ્યો છે અને જે હિંસાનો તેમણે ત્યાગ કર્યો છે તે હિંસાથી થતો ધર્મ તેમણે કરવાનો નથી. આમ જો આ બે સિદ્ધાંતો તમારા મગજમાં બરાબર બેસી જાય તો ઘણા જ ખોટા વાદવિવાદો બંધ થઈ જાય.

# ૧૭

તા. ૧૦-૮-૯૪, બુધવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા શ્રેષ્ઠ સાધુધર્મનો પૂર્ણધર્મરૂપે બોધ કરાવનારા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## સર્વવિરતિ ધર્મની અત્યંત દુર્લભતા :

આ મનુષ્યભવ પામ્યા પછી પામવા જેવો ધર્મ સર્વવિરતિ છે. તિર્યંચયોનિમાં, નરકયોનિમાં, દેવલોકમાં ક્યાંય આ સર્વવિરતિ ધર્મ પામી શકાતો નથી. સમ્યગ્દર્શનરૂપ ધર્મપ્રાપ્તિ ચારે ગતિમાં છે. નરકમાં પણ જીવ ધારે તો સમકિત પામી શકે છે. પશુલોક ને દેવલોકમાં પણ સૌ પ્રથમ વાર ધર્મ પામ્યાના દાખલા છે. સંજ્ઞી પંચેન્દ્રિયની કોઈ ગતિ એવી નથી કે જ્યાં જીવ સમકિત ન પામી શકે. સમકિતયુક્ત જ્ઞાનાચાર, દર્શનાચારની આરાધના પણ કરી શકે. અરે ! દેશવિરતિ ધર્મના પરિણામ પણ પશુયોનિમાં પામી શકાય, પરંતુ સર્વવિરતિ માટે તો મનુષ્યભવ જ અનામત છે. માનવભવનો જેટલો મહિમા ગાઈએ તેટલો ઓછો છે, તેના મૂળમાં કારણ સર્વવિરતિની આરાધના આ ભવમાં જ શક્ય છે. ઊલટું ક્યારેક દેવલોકમાં દર્શનાચાર આદિની આરાધના વધારે કરી શકાય છે; કારણ કે અત્યારે આ ભરતક્ષેત્રમાં કેવળી-તીર્થંકર-વિશિષ્ટ જ્ઞાનીઓ જ નથી. અહીંયાં સમકિત-ધર્મશ્રદ્ધા પામવાનાં આલંબનો કલિકાલમાં ઓછાં છે, જ્યારે દેવલોકમાંથી સાક્ષાત્ પ્રભુ પાસે સમવસરણમાં જઈ શકાય છે. દેવો મહાવિદેહમાં જઈ પ્રભુની દેશના સાંભળી શકે, ભક્તિ પણ કરી શકે તથા તેઓ પરલોક પણ જાણી શકે. છતાં શાસ્ત્રકારોએ દેવલોકનો મહિમા ન ગાયો; કારણ કે સર્વવિરતિની તોલે કોઈ ધર્મ આવતો નથી. જેટલું સર્વવિરતિનું મહત્ત્વ ને મહિમા છે, તેમાં કારણભૂત કયા ગુણો-ભાવો સમાયેલા છે ? શા માટે શાસ્ત્રો આટલી પ્રશંસા કરે છે, તે તમે કદી વિચાર્યું છે ખરું ? પંચમહાવ્રતમાં એક એક પ્રતિજ્ઞા એવી છે કે સર્વ પાપોનો વિરામ તેનાથી થઈ શકે

છે. ધર્મની સાચી વ્યાખ્યા એ છે કે જેટલા અંશથી પાપમાંથી છૂટો એટલે કે અધર્મમાંથી બહાર નીકળો તેટલા અંશે ધર્મ. સર્વવિરતિમાં સર્વ પાપથી વિરામ છે, તેથી જ તે ઊંચો ધર્મ સ્થાપિત થાય છે.

## શ્રાવકસંઘ સાધ્વાચાર સમજે તો દુર્લભ સાધ્વાચારથી સાધુને નીચે ન પાડે :

સંપૂર્ણ પાપ-દોષનો ત્યાગ અર્થાત્ અધર્મનો સંપૂર્ણ ત્યાગ તે સાધુજીવનમાં જ શક્ય છે. તેથી જ એક દિવસની સાધુજીવનની આરાધના સામે આખી જિંદગીના શ્રાવકધર્મની આરાધના પણ ઘણી જ ઓછી ગણાય. શ્રાવકધર્મ પણ ભગવાને જ ઉપદેશ્યો છે, છતાં તે સાધુને આરાધવા યોગ્ય નથી. આવી સ્પષ્ટ બુદ્ધિ હશે તો જ તમે સાધુનું મૂલ્યાંકન કરી શકશો અને અમારાં આચાર-વ્રતોને સમજતાં શીખશો. તમને તો મનમાં એમ જ છે કે અત્યારે તમારે સાધુના આચાર જાણવાની શું જરૂર છે? જેને સાધુ બનવું હોય તે જાણે. પરંતુ ભલે તમારે સાધુ બનવું ન હોય, છતાં સાધુને પૂજો તો છો ને ? તેથી જ તેમના ગુણો ઓળખવા પડશે. ભગવાનને પણ દિલથી પૂજવા હોય તો તેમના ગુણોની ઓળખ અનિવાર્ય છે. શ્રાવકને સાધ્વાચાર અવશ્ય સમજવા જેવો છે. સાધુઓનું શું કર્તવ્ય ? શું અકર્તવ્ય ? તેમના આચારોનું મહત્ત્વ શું છે ? જો આ સ્પષ્ટ ખબર હશે તો સાધુ પ્રત્યે ઉત્કટ બહુમાન જાગશે. વિરતિ-અવિરતિ પાયામાંથી જુદા પડે છે. તમે પૂજા કરતાં વિરતિના પચ્ચક્ખાણ લેતા નથી, જ્યારે સામાયિકમાં વિરતિના પચ્ચક્ખાણ અવશ્ય લ્યો છો; કારણ કે સામાયિક એ વિરતિનો ધર્મ છે. તમારા જીવનમાં પણ વિરતિ-અવિરતિની ભૂમિકાનો તફાવત પડે છે, તો જેના જીવનમાં સર્વવિરતિ છે, સંપૂર્ણ પાપનિરોધ છે, તેના આચારમાં કરણ-કરાવણ-અનુમોદન એ ત્રણે પ્રકારે આરંભ-સમારંભ દોષરૂપ ગણાય, ગુણરૂપ ન ગણાય. આજે તમે સાધ્વાચાર બરાબર નથી સમજતા, માટે આરંભ-સમારંભનાં જે કામ હોય તેમાં અમને સંડોવો છો. સંઘની આ કમનસીબી છે. ગુરુપદની બાબતમાં લોકોનો અભિપ્રાય ખૂબ જ બદલાયો છે. અત્યારે જો હું જીવદયાના કામમાં પ્રેરણા આપી મોટાં કામ કરાવું, અનુકંપા વધારે કરાવવા દાનનો વ્યક્તિગત આગ્રહ કરું તથા સાધર્મિકભક્તિનાં પણ મોટા પાયે કામો કરાવું, તો તમે મારાં કેટલાં વખાણ કરશો ! અત્યારે તો તમારું માનસ એવું છે કે અમે અમારા આચારથી ગબડીને ભગવાનની આજ્ઞા તોડીએ તો તમે રાજી થાઓ. કારણ કે અમારો ધર્મ અને કર્તવ્ય શું છે તેની તમને સમજણ નથી. હું મારી મર્યાદા બહાર જઈ કામ

કરું તો તમે ખૂબ કદર કરશો, ને કહેશો કે મહારાજ શાસનનાં જબરદસ્ત કામ કરે છે. ટૂંકમાં અમે અમારા આચારો, ભગવાનની આજ્ઞા તોડીએ તો તમે અમારાથી ખુશ થાઓ છો, તો એવા સંઘને સાધુના આચારનો ઉપાસક કેવી રીતે બનાવવો?

**સભા :-** સંઘને સાધ્વાચાર સમજાવીને.

**સાહેબજી :-** અત્યારે સમજાવું જ છું ને? છતાં ક્યાં તમારા મગજમાં બેસે છે? અરે! તમે અમારું વ્યાખ્યાન સાંભળવા આવો એમ અમે કહીએ તો પણ અમને આરંભ-સમારંભનો દોષ લાગે. વ્યાખ્યાન સાંભળવા આવવું એ કાંઈ ખરાબ કામ નથી. સારું જ કામ છે, છતાં પણ તમે ઘરેથી વ્યાખ્યાન સાંભળવા આવો ત્યારે વાહનમાં આવતાં હિંસા થાય, કદાચ ચાલીને આવો તો પણ જયણાથી ન ચાલો. જોકે તમે ન આવો એમ અમે નથી કહેતા, પણ વ્યાખ્યાનમાં આવવાની અમે પ્રેરણા કે આજ્ઞા ન કરીએ. અમે તમને તમારું કર્તવ્ય બરાબર સમજાવીએ, જિનવાણીશ્રવણ આત્મકલ્યાણ માટે અતિશય ઉપયોગી છે તે પણ સમજાવીએ, ઉપદેશ આપીએ; પણ આવો, એમ આજ્ઞા ન કરીએ. જ્યાં આરંભ-સમારંભ છે ત્યાં સાધુથી આજ્ઞા ન કરાય, પણ તમે સામાયિક કરો તેમ લાયક જીવને હું કહી શકું. અહીં લાયકનો અર્થ આજ્ઞા પાળનાર.

**સભા :-** પ્રેરણા અને આજ્ઞા વચ્ચે તફાવત શું?

**સાહેબજી :-** પ્રેરણા, આજ્ઞા, ઉપદેશ સૌ સૌને સ્થાને છે. ઉપદેશ એટલે તમારાં કર્તવ્ય સમજાવવાં તે. જેમ કે દેરાસર બંધાવવાથી કેવા મહાન લાભ થાય, તેનાથી કેવી રીતે અનેક આત્માનું ઉત્થાન થાય, મોક્ષમાર્ગે ચડી શકાય વગેરે. **પ્રેરણા એટલે વ્યક્તિગત રીતે આ કરવા જેવું છે, આ રીતે કરવા જેવું છે વગેરે કહું તે. આજ્ઞા એટલે 'આમ કરો' એમ સીધો order-હુકમ કરું તે.** આરંભ-સમારંભનાં જેટલાં ધર્મકાર્યો છે, તેમાં પ્રેરણા કે આજ્ઞા અમારાથી કરાય નહીં. હું એમ કહું કે પૂજા એ તમારા માટે નિયમા હિતકારી છે, શ્રાવકે પૂજા કરવી જ જોઈએ, જે દિવસ પૂજા વગરનો જાય તેને વાંઝિયો કહ્યો છે; આમ, **ધર્મપ્રવૃત્તિના લાભાલાભ સમજાવું, તે ઉપદેશ.** જ્યારે પૂજા કરો જ, કેમ નથી કરતા? એવો આગ્રહ કરું તે આજ્ઞા થઈ કહેવાય. અમારાં પચ્ચક્ખાણ સમજો છો કે પછી માત્ર દીક્ષા વખતે થાળીઓ વગાડીને અમને ખાલી દીક્ષા આપી દો છો?

**સભા :-** પચ્ચક્ખાણ કાનમાં કહેવાય છે.

**સાહેબજી :-** ના, આખી પર્ષદા સાંભળે તે રીતે જાહેરમાં કહેવાય છે. જૈનશાસનમાં દીક્ષાપ્રસંગ જાહેરમાં કર્તવ્ય છે. તમારે પણ જ્યારે બાર વ્રત લેવાનાં હોય છે, ત્યારે વાજતેગાજતે સંઘ સાથે આવી જાહેરમાં લેવાનાં હોય છે; જેથી બીજા અનેકને પ્રેરણા મળે અને તમને પણ પાલનમાં સંઘની અનુમોદનાનું બળ મળે. તેથી ઠાઠમાઠ સાથે ભવ્યતાપૂર્વક જાહેરમાં પચ્ચક્ખાણ લેવાનાં છે.

દુષ્કાળ, ધરતીકંપ, માનવદયા કે પ્રાણીઅનુકંપાનાં કામોમાં સાધુ પ્રેરણા કરે તો જ વધારે ફંડ ભેગું થાય, અને સીધી આજ્ઞા કરીએ તો એનાથી પણ વધારે ફંડ ભેગું થાય. કારણ સંયમી સાધુની ધર્માત્મા પર છાપ તો હોય જ. તેથી સાધુની શરમથી પણ લખાવે. વળી હવે તમે ફક્ત ઉપદેશને ગણકારતા જ નથી. જેટલાં અનુકંપા-દયાનાં શાસનમાં કામો છે, તે બધાં સારાં છે અને શાસન માટે લાભકારી જ છે, પરંતુ સાધુ તો એક પણ પૈસો રાખતા નથી, તેથી જાતે કરવાનો સવાલ નથી. છતાં શ્રાવકને પણ પ્રેરણા કે આજ્ઞા કરવાનો ભગવાનનો આદેશ નથી.

## ધર્મ પમાડવાનો સાચો ઉપાય પ્રભાવના છે, પ્રચાર નહિ :

**સભા :-** પણ સાહેબ, પ્રચારથી વધારે ધર્મ ફેલાય ને ?

**સાહેબજી :- જૈનધર્મ પ્રચારમાં નથી માનતો. આપણે ત્યાં પ્રચાર શબ્દ નથી પણ પ્રભાવના શબ્દ વપરાય છે.** કોઈને પણ સાચા અર્થમાં ધર્મ પમાડવો હોય તો પ્રભાવનાથી જ પમાડાય, જ્યારે પ્રચાર એટલે માથામાં માહિતી ઠોક ઠોક કરવી. ધર્મ પામવો એ અંતરની વસ્તુ છે, વાતો કરવાની વસ્તુ નથી. ફોરેનથી ઘણા સ્કોલરો આવે છે, જે કહે છે કે અમારે જૈનધર્મ વિશે જાણવું છે. પણ ફક્ત જાણીને શું કરવું છે? કોલેજમાં જઈને લેકચરો આપે. અરે ! તે વખતે એક હાથમાં ઉત્તરાધ્યયન હોય અને બીજા હાથમાં સિગારેટ હોય. જાતે વાંચે ત્યારે પણ લાંબા પગ કરી ખાતાં ખાતાં વાંચતા હોય અને પાછા કહે કે આચારાંગમાં જે આચાર બતાવ્યા છે તે પાળવા શક્ય નથી. તો પછી ભાષણ કેમ આપ્યું? તો કહે છે કે એ તો અમારો ધંધો છે.

વાસ્તવમાં ધર્મ એ જીવનમાં ઉતારવાની વસ્તુ છે. ધર્મ આત્માને પવિત્ર કરવા માટે છે. અત્યારે લોકો પ્રભાવનાના બદલે પ્રચારની વાત પર ચાલે છે. લોકોને થાય છે કે જૈનોની સંખ્યા બહુ જ ઘટી ગઈ છે, તેથી નવા જૈનો બનાવવા ખૂબ પ્રચાર કરો. પરંતુ તમારે એમ ને એમ ધર્મ ગળે પહેરાવી દેવો છે ?

પ્રભાવના એટલે તમારા ઉપદેશ-આચારથી સામેનાના મન પર એવો પ્રભાવ પડે કે તેને તમારા ધર્મ ઉપર અંતરથી બહુમાન થાય, તેને જૈનધર્મ જાણવાની-સમજવાની-પામવાની સાચી ઉત્કંઠા થાય અર્થાત્ ત્યારે જૈનધર્મથી તેનું હૃદય પ્રભાવિત થયું કહેવાય. ફક્ત પ્રચાર કરવાથી આ થાય નહીં. શાસનપ્રભાવના કરો તો લાખોને પમાડી શકો, જ્યારે અબજોનાં બજેટો કરીને પણ પ્રચાર દ્વારા ૧૦૦-૨૦૦ને પણ સાચો ધર્મ પમાડી શકાય નહીં. બધા મહાપુરુષોએ ધર્મ પમાડવા પ્રભાવના જ કરી છે.

અજૈનોને જૈન બનાવવા કઈ રીતે ? ખ્રિસ્તીઓ બનાવે છે તે રીતે ? ભૂખ્યાને અન્ન આપો, બેકારને કામ આપો, વાંઢાને બૈરી આપો, આ બધું કરવાથી તો ટોળું જ ભેગું થશે. ખરો ધર્મ તો પ્રભાવનાથી જ પમાડવાનો છે. પેથડશાહ, વસ્તુપાલ, તેજપાલ, સંપ્રતિરાજાએ કેટલાયને જૈનો બનાવ્યા છે. સંપ્રતિરાજાએ આર્યદેશમાં કરોડોને જૈન બનાવ્યા છે. તે વખતે જૈનોની ૪૦ કરોડની વસ્તી હતી. બંગાળની યુનિવર્સિટીમાં ભટ્ટાચાર્ય નામના પ્રોફેસરે જૈનધર્મ ઉપર Ph.d. કરીને લખ્યું છે કે, જેટલાં ભારતનાં સ્ટેટ છે તે દરેકમાં લોકલ પ્રજા જૈન હતી. અત્યારે ફક્ત કચ્છ, ગુજરાત, રાજસ્થાનમાં જ લોકલ જૈનો છે. મદ્રાસ-બેંગલોર વગેરેમાં તો અહીંયાંથી ગયેલા જૈનો છે, લોકલ નથી. જ્યારે તે વખતે બધે જ લોકલ જૈન પણ હતા. અરે ! અનાર્ય દેશમાં પણ સંપ્રતિરાજાએ ઘણાને જૈનધર્મ પમાડ્યો છે. અનાર્ય પ્રજાને જૈનધર્મના પ્રાથમિક આચારો શીખવવા માટે ભવાઈ કરનારાને કૃત્રિમ જૈનસાધુનો વેશ પહેરાવીને ત્યાં મોકલતા અને લોકોને આચારો શીખવતા, જેથી સાચા સાધુઓનો વિહાર તે એરિયામાં ત્યાર બાદ શક્ય બને, અને સુસાધુઓના ઉપદેશથી હૃદયપરિવર્તનપૂર્વક લોકો સદ્ધર્મ પામે. આ પ્રભાવનાની દીર્ઘદૃષ્ટિયુક્ત પદ્ધતિ છે. સંપ્રતિ મહારાજાએ અનાર્ય દેશોમાં મંદિરો પણ ઘણાં બાંધ્યાં છે. પેરીસમાં ખોદકામ કરતાં જૈન મૂર્તિઓ નીકળી છે. વળી સંપ્રતિરાજાએ ભરાવેલી મૂર્તિઓ તો તેના લેખ ઉપરથી જ ખબર પડી જાય. આને જૈનધર્મની સાચી પ્રભાવના કરી કહેવાય. જો પ્રભાવના યોગ્ય રીતે થાય તો લાખોને જૈનધર્મ પમાડી શકાય.

**સભા :-** સાહેબજી, ચમત્કારથી ધર્મ પમાડી શકાય ?

**સાહેબજી :-** જો ચમત્કારથી પ્રભાવના થતી હોત તો તીર્થંકરોએ ઉપદેશમાં અથાગ પરિશ્રમ કર્યો તે ભૂલ કરી કહેવાશે. ક્યાંય શાસ્ત્રમાં વાત નથી કે પ્રભુએ ચમત્કારથી ધર્મ પમાડ્યો હોય. શું એ વખતે ચમત્કાર જોઈને ધર્મ પામે તેવા લોકો

સમાજમાં નહોતા ? પ્રભુ ધારે તો એક દેવતાને કહીને જેટલા ધર્મ નથી માનતા તેમને પરચો બતાવી શકે, તથા તેમના મનોરથો પૂરા કરીને ધર્મ પમાડી શકે. કારણ કે દેવતાઓમાં આ શક્તિ હોય જ છે. છતાં પ્રભુએ આવું કાંઈ કહ્યું નથી ને કરાવ્યું પણ નથી.

**સભા :-** જૈન ઇતિહાસની આટલા પુરાવા સાથે વાતો છે, તો સ્કૂલોમાં બતાવતા કેમ નથી ?

**સાહેબજી :-** અત્યારે ધાર્મિક વસ્તુનું જરાયે મહત્ત્વ નથી. સ્કૂલોના કોર્સમાં પણ સાચી વાતો યથાર્થ બતાવાતી નથી. આપણા ઇતિહાસની ઘણી વાતો પુરાવા સાથે છે, છતાં ભણાવાતી નથી.

**સભા :-** તે વખતે આટલી જૈન પ્રજા હતી તો હવે કેમ ઓછી થઇ ?

**સાહેબજી :-** એ પછી ઘણાં ધર્મઝનૂની આક્રમણો આવ્યાં છે. ઇતિહાસના રેકોર્ડમાં મળે છે કે કરોડો જૈનો હતા, તેમને પરાણે આદ્ય શંકરાચાર્ય દ્વારા રાજકીય પીઠબળથી અન્ય ધર્મમાં convert-ધર્માંતરિત કરી દેવાયા. જૈન સાધુઓને પણ ધર્મ છોડાવવા કતલની ધમકી અપાતી અને હજારો સાધુઓની કતલ પણ કરી છે. આવી વિકટ પરિસ્થિતિમાં કેટલા ટકી શકે અને ટકે તે પણ કેવી રીતે જૈન રહે ? રહે તોયે મરી જાય. તે વખતે રાજસ્થાન-ગુજરાતમાં જે રાજાઓ હતા તે જૈન હતા અથવા જૈનધર્મ પ્રત્યે માન ધરાવતા હતા, તેથી આટલી જૈન પ્રજા અહીં ટકી રહી છે.

**સભા :-** અત્યારે ગરીબો ઝૂંપડપટ્ટીમાં કેટલાય છે અને તેમાં કેટલાયે જૈનો છે, તો તેમને દાન આપીને ટકાવવા ન જોઈએ ?

**સાહેબજી :-** આની વાત સુપાત્રદાનના વર્ણનમાં આગળ આવશે. પણ એટલું ચોક્કસ સમજજો કે ફક્ત જન્મથી જ જૈન હોય તે જ નથી જોવાનું. વળી સાચા જૈનોની આપત્તિમાં ઉપેક્ષા કરો તો કેટલું પાપ લાગશે તેનું વર્ણન આગળ આવશે.

**સભા :-** પ્રાચીન તીર્થોમાં અત્યારે જૈનોની વસ્તી રહી જ નથી, તો શું કરવું ?

**સાહેબજી :-** તમે પણ અત્યારે ગામડાં છોડીને મુંબઈ આવ્યા જ છો ને ? તમે પણ સંપત્તિ-અનુકૂળતા ખાતર બાપદાદાનાં દેશ-ગામ છોડ્યાં છે, તો શું કરવાનું ? અત્યારે તો ગાંડું સ્થળાંતર છે. મુંબઇમાં પહેલાં કેટલા જૈન હતા અને અત્યારે કેટલા છે? આવી પરિસ્થિતિમાં આવા પ્રશ્નો થાય જ. તેનું યોગ્ય રીતે સંઘે સંચાલન કરવું જોઈએ. પ્રાચીન તીર્થોનું રક્ષણ કરવામાં ઘણો જ લાભ છે.

શ્રાવક પ્રભાવના દ્વારા ધર્મ ફેલાવે તે ઉચિત છે. તેમાં પ્રેરણા કે આજ્ઞા કરો તો શ્રાવક એવા તમને દોષ લાગે નહીં. છોકરાઓને તમારે આજ્ઞા કરવી જોઈએ, કારણ તમે આરંભ-સમારંભમાં બેઠેલા જ છો; જ્યારે સાધુ તરીકે અમને આરંભ-સમારંભની પ્રવૃત્તિમાં કરણ-કરાવણનો નિષેધ છે. સર્વવિરતિધર્મ ન સમજી શકવાના કારણે ઘણા એમ માને છે કે, સાધુઓની પ્રેરણા-આજ્ઞા ન મળે તો દેરાસરો-ઉપાશ્રયો વગેરે બંધાતાં બંધ થઈ જશે; પરંતુ અમે બંધાવડાવીશું તો અમારો આચાર ભ્રષ્ટ થશે. જેમ અત્યારે તમે સામાયિક લઈને બેઠા છો, તો કોઈપણ આરંભ-સમારંભવાળું કામ તમે નહિ કરો કે નહિ કરાવો. દા.ત. સામાયિકમાં બેઠા હો અને કોઈ ભક્તિ નિમિત્તે દીવો પેટાવવાનું કહે તો તે તમે નહિ જ કરો. અહીં દીવો કરવો એ ધર્મનું કામ હોવા છતાં સામાયિકમાં નથી કરતા કે કરાવતા. જો આવો આરંભ તમારા શ્રાવકના સામાયિકમાં ન કરાય તો અમારા આજીવન સામાયિકમાં કેમ કરાય ? તમે ઘરે સામાયિકમાં હો ત્યારે ગાય આવે તો જીવદયારૂપે ગાયને રોટલો નાંખો કે નંખાવો ખરા ? સામાયિકમાં આ કાર્ય કરવા-કરાવવા જેવું નથી અને છતાં કરો-કરાવો તો દોષરૂપ ગણાય. સામાયિકમાં હો અને ભિખારી આવે તો તેને દાનમાં રોટલો અપાય. નહિ, કારણ કે અનુકંપાનું કામ છે; સામાયિકમાં સાવદ્ય અનુકંપા ન કરાય, તેની પ્રેરણા પણ ન કરાય અને કરો તો સામાયિકમાં ભાંગો આવે.

**સભા :-** સામાયિકમાં પ્રભાવના લેવાય ?

**સાહેબજી :-** લેવાય પણ નહિ અને અપાય પણ નહિ. પ્રભાવના એ સંપત્તિથી થનારું કામ છે. સામાયિકમાં પચ્ચક્ખાણ છે કે મન, વચન અને કાયાથી પરિગ્રહ કરવો નહિ અને કરાવવો નહિ.

**સભા :-** અજ્ઞાનતા છે તેથી જ અહીંયાં બેઠા છીએ.

**સાહેબજી :-** જયાં બેઠા છો ત્યાંથી આગળ જવું છે કે ત્યાં જ રહેવું છે ? આગળ જવું હોય તો આ સિદ્ધાંતો સમજવા પડશે.

## સાધુ ઉત્સર્ગથી અનુકંપાદાનના અધિકારી નથી :

**સભા :-** અમે સામાયિકમાં હોઈએ અને સાધુ-સાધ્વી આવે તો વહોરાવી શકાય ?

**સાહેબજી :-** હા, વહોરાવી શકાય. કારણ, તેમનું જીવન સંપૂર્ણ અહિંસક છે.

તેઓ ગોચરી લઈ ગયા પછી સંપૂર્ણ અહિંસક જીવન જીવવા માટે જ તેનો ઉપયોગ કરશે. વાયત વાયા પણ તે ભોજનથી તેઓ હિંસા કરે નહિ અને કરાવે નહિ. પરંતુ સામાયિક કરતાં ગાયને કે ભિખારીને તમારાથી ખાવાનું તો નહિ જ અપાય, પણ આપવાની ઈચ્છાય કરવાની હોતી નથી. અરે ! ભગવાનની આરતી ઉતારવાનું મન થાય તો પણ શ્રાવકને સામાયિકમાં પાપ લાગે. સાધુને સર્વવિરતિ સામાયિક, જ્યારે શ્રાવકને દેશવિરતિ સામાયિક. શ્રાવકના સામાયિકમાં છ કોટિ પચ્ચક્ખાણ, જ્યારે સાધુના સામાયિકમાં નવ કોટિ પચ્ચક્ખાણ. તમારે મન-વચન-કાયાથી હિંસા કરવી નહિ અને કરાવવી નહિ, પણ અનુમતિનો અત્યાગ છે; કારણ, શ્રાવકને તેનો ત્યાગ અશક્ય છે. તમે ગમે તેટલા અહિંસાના ભાવમાં જવા માંગો તો પણ ઉત્કૃષ્ટથી કરણ-કરાવણનો નિરોધ કરી શકો, પણ અનુમતિનો નિરોધ કરી શકતા નથી. કારણ, તમે સામાયિકમાં હો ત્યારે પણ તમારા માટે શાક વગેરે સમારાય છે, એટલે તમે સામાયિકમાં બેઠા છો તે વખતે તે જીવોની તમારા માટે હિંસા થઈ રહી છે. વળી સામાયિકમાંથી ઊઠીને તમે તે શાક વાપરશો. સામાયિક વખતે બનેલી વસ્તુનો સામાયિક બાદ તમે ભોગવટો કરો છો, માટે તેમાં તમારી સંમતિ છે જ. તેવી જ રીતે તમે સામાયિકમાં હો ત્યારે જ તમારી સામે તમારાં કપડાં ધોવાતાં હોય છતાં તમે નિષેધ નથી કરતા, તેથી જે જીવોની હિંસા થાય છે, તેમાં તમારી અનુમતિ છે. તમારો દીકરો પેઢી પર વેપાર કરતો હોય અને સામાયિક વખતે થયેલો નફો તમે સામાયિક બાદ અવશ્ય ઉપભોગ કરો છો, બેંકમાં મૂકેલી મૂડીનું પણ સામાયિકના કલાકનું વ્યાજ લો જ છો. આમ, શ્રાવકને દુનિયાભરના પાપમાં અનુમતિ સામાયિક વખતે પણ હોય જ છે. આપણો ધર્મ ઘણો જ સૂક્ષ્મ છે. પાપના પાયાના વિકલ્પો વિચાર્યા છે.

સાધુને અનુમતિના પાપથી પણ વિરામ છે. વળી શ્રાવકને સામાયિક-પૌષધમાં જેનો ત્યાગ હોય છે તેનો તો સાધુજીવન દરમ્યાન ત્યાગ છે જ. સાધુથી આરંભ-સમારંભવાળાં ધર્મકાર્યો કરાય નહિ કે કરાવાય નહિ અને કરે તો દોષ લાગે જ. વળી આવાં કામો જે સાધુ કરતા હોય અને તમે રાજી થાઓ અને પ્રોત્સાહન આપો તો તમને પણ દોષ લાગે. પરંતુ અત્યારે તો તમે ભગવાનની આજ્ઞાવિરુદ્ધની વાતોમાં જ રાજી થાઓ છો. ખરેખર તેમાં તમારી અનુમોદના તો ન જ જોઈએ.

અન્ય ધર્મોમાં તો તેમના સાધુઓ જ મંદિર સાચવે, પૂજા-પાઠ-ભક્તિ બધું જ જાતે કરે, ભગવાનની ભક્તિ કરતાં મંજીરા લઈને નાચે પણ ખરા. જ્યારે હું

દેરાસરમાં મંજીરા લઈને નાચું તો ચાલે ? અરે ! તમારે માટે પણ સામાયિકમાં નાચવું વાજબી નથી. ભગવાનની સમક્ષ નૃત્ય તો ભક્તિનું કામ છે, છતાં તેમાં આરંભ-સમારંભ છે, તેથી તે ઊંચી ભક્તિ નથી. એ અવિરતિમાં કરવા લાયક હલકી ભક્તિ છે. તમે જૈન મુનિના આચારને અનુરૂપ વિચાર કરતા થઈ જાઓ, નહીંતર અનુચિતને ઉચિત માનીને અનુમોદના કરશો કે પ્રોત્સાહન આપશો, જેનાથી અમારી મર્યાદાનો લોપ થશે કે અમારા જીવનમાં અનેક આરંભ-સમારંભ ઘૂસી જશે.

અત્યારે દુષ્કાળમાં કતલખાને જઈ રહેલા જીવોને જોઈને જો સાધુને એવી ઇચ્છા થાય કે, આ બધાને છોડાવીને અમે પાંજરાપોળમાં મૂકીએ, તો તેનાથી પરંપરાએ તે બધાને જે ઘાસ -પાણી ખવડાવાય, તથા લાવવા લઈ જવામાં જે આરંભ-સમારંભ થાય, તે પાપ અમને લાગશે.

**સભા :-** અમે આ રીતે કદી પૃથક્કરણ કર્યું જ નથી.

**સાહેબજી :-** તમને કદી સાચું સમજવાની જિજ્ઞાસા થઈ છે ખરી ? દરેક વર્ષે કલ્પસૂત્ર સાંભળો છો. તેના પહેલા જ વ્યાખ્યાનમાં સાધુના દસ આચારનું વર્ણન આવે છે. વળી આદિનાથ ભગવાનના સાધુ ઋજુ અને જડ હોય, વચ્ચેના ૨૨ તીર્થંકરના સાધુ સરળ અને પ્રાજ્ઞ હોય, જ્યારે ૨૪મા તીર્થંકરના સાધુ જડ અને વક્ર હોય. એ વાતને સમજાવવા ઉદાહરણ આપ્યું કે આદિનાથ ભગવાનના શાસનમાં એક મહાત્મા હતા, જેઓ પૂર્વાવસ્થામાં ખેડૂત હતા, અત્યારે ગુરુભક્તિ તથા સંયમની આરાધના કરે છે. તેમાં એક વખત તેઓ ઈરિયાવહિયા કરે છે, ત્યારે કાઉસ્સગ્ગમાં બહુ જ વાર લગાડે છે. લાંબા સમયે કાઉસ્સગ્ગ પૂરો થતાં ગુરુએ પૂછ્યું, કેમ આટલી વાર થઈ ? આ સાધુનો જીવ સરળ હોવાથી સત્ય કહે છે "મેં કાઉસ્સગ્ગમાં જીવદયાનું ચિંતન કર્યું." કાઉસ્સગ્ગમાં તેમણે વિચાર્યું હતું કે "જ્યારે હું ગૃહસ્થ હતો ત્યારે સતત ઉદ્યમી સ્વભાવનો હતો. તેથી વરસાદ વરસે તે પહેલાં જમીન ખેડી નાંખતો, જેથી વરસાદ આવે ત્યારે તુરત વાવણી કરી શકતો. ઉપરાંત પાકની માવજત અને નિંદામણ પણ સારી રીતે કરતો, જેથી પાક વ્યવસ્થિત ઊતરતો અને ૧૨ મહિના કુટુંબનું ગુજરાન ચાલી રહેતું. પણ મારા છોકરાઓ આળસુના પીર છે. એટલે આળસના કારણે બરાબર કામ નહિ થયું હોય અને અનાજ પણ બરાબર નહિ પાક્યું હોય. તેથી આ બધા જીવોનું ગુજરાન કેવી રીતે ચાલશે ?" આ મહાત્માએ કુટુંબની મમતાથી આવું નથી વિચાર્યું, પણ બીજા દુઃખી જીવો જેમ અનાજ વગર

દયાપાત્ર છે, તેમ આ ભૂખ્યા જીવો પણ અનાજ વગર શું કરશે? આમ કહી તેમણે ગુરુ મહારાજને કહ્યું કે "મેં આ જીવોની દયા ચિંતવી."

ત્યારે ગુરુ મહારાજે સમજાવ્યું કે "સાધુથી આવી જીવદયા વિચારાય નહીં. કારણ કે તેઓ જમીન ખેડે, પછી તેમાં બીજ વાવે, પાણી સિંચે અને અનાજ ઊગ્યા પછી પણ કેટલી હિંસા થાય? ભલે તમારા દીકરા-દીકરીને શાતા થાય, પણ બીજા કેટલાયે જીવોની હિંસા થાય. જ્યારે આપણાં વ્રતો એવાં છે કે કોઇપણ જીવની હિંસા કરવી નહિ, કરાવવી પણ નહિ અને અનુમોદવી પણ નહિ." આમ સમજાવી ગુરુ મહારાજે તેમની પાસે પ્રાયશ્ચિત્ત કરાવ્યું; જ્યારે અત્યારે અમે આવી જીવદયા કરીએ તો તમે રાજી થાઓ છો.

સાધુને અનુકંપાદાન ઉત્સર્ગથી નથી, અરે! સુપાત્રમાં પણ મહાપુરુષોએ સાધુને દ્રવ્યપૂજાદિનો ત્યાગ કરવાનું કહ્યું તો અનુકંપા તો ક્યાંથી કરાય? તમને ઉપદેશ આપતાં પણ અમારે અલિપ્ત રહેવાનું. જીવદયાનો ઉપદેશ આપતાં પણ મારી ભાવના એવી હોય કે, મારા ઉપદેશથી જીવદયાનાં કામ વધારે થાય, તો પણ અમને દોષ લાગે.

અત્યારે જૈનો ભીંત ભૂલ્યા છે. જે વસ્તુ શ્રાવકના સામાયિકમાં ત્યાજ્ય છે, તે સાધુજીવનમાં તો અવશ્ય ત્યાજ્ય બનશે જ; કારણ કે સાધુનું સામાયિક તો કંઈ ગણું ઊંચું છે. પણ આ નાનો દોષ હોવાંથી આ દોષયુક્ત ગુરુ કે સાધુ, કુગુરુ કે કુસાધુ નથી બની જતા. તેઓ પૂજ્ય જ છે પણ તેને દોષ કે ખામી તો કહેવાય જ. તેને જોઈને તમે રાજી થાઓ તો તમે પણ દોષને પોષણ આપ્યું. **સાધુથી અનુકંપાદાન ઉત્સર્ગ માર્ગે કરાય જ નહિ.**

# ૧૮

તા. ૧૧-૮-૯૪, ગુરુવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા સમ્યગ્ તત્ત્વનો બોધ કરાવવા ઉત્સર્ગ અને અપવાદમય આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## અનારંભી મુનિ આરંભયુક્ત અનુકંપા કરે નહિ અને કરાવે પણ નહિ :

આરાધના માટે ઉત્સર્ગ એ રાજમાર્ગ છે. સામાન્ય સંયોગોમાં હિતકારી આચાર તે ઉત્સર્ગ માર્ગ છે. ઉત્સર્ગથી સાધુધર્મ અનારંભ સ્વરૂપ છે. જૈનશાસનમાં આરંભની અપેક્ષાએ જીવોની ત્રણ કક્ષા બતાવી છે. (૧) અશુભારંભી (૨) શુભારંભી અને (૩) અનારંભી.

(૧) સંસારમાં તમે તમારા સ્વાર્થ માટે કે અનુકૂળતા માટે જે આરંભ-સમારંભ-હિંસા આદિ કરો છો, તે બધો અશુભારંભ છે. તમામ મોજશોખ તથા સામાજિક વ્યવહારોમાં કે બધાં જ સાંસારિક કામોમાં, જેમ કે બંગલો બંધાવો, ગાડીઓ ફેરવો વગેરેમાં હિંસા જ હિંસા છે. દરેક સાંસારિક પ્રવૃત્તિમાં જીવો મરતા જ હોય છે. આ બધો અશુભારંભ છે. (૨) જ્યારે ધર્મમાં કરાતો શાસ્ત્રાનુસારી આરંભ-સમારંભ તે શુભારંભ છે. તમે ઘરમાં જે વાનગી બનાવીને ખાઓ છો, તે તમારા મોજશોખ-સ્વાદ માટે છે. જ્યારે તમે સાધર્મિકને જમાડવા વાનગી બનાવો છો, ત્યારે તમને અશુભભાવ નથી હોતા. તેથી તેમાં જે આરંભ-સમારંભ થાય તે શુભારંભ છે. (૩) જ્યારે સાધુનો ધર્મ અનારંભ છે. તેમાં મૂળથી જ આરંભ-સમારંભ નથી. જગતમાં કોઈ ધર્મની મુનિચર્યામાં આવો આચાર નથી. અન્ય ધર્મોના સંન્યાસીના આચારોમાં પણ ડગલે ને પગલે આરંભ-સમારંભ સમાયેલો છે. તેઓના શાસ્ત્રમાં લખ્યું છે કે "અતિથિ દેવો ભવ." તેથી કોઈપણ ગૃહસ્થ આવે તો તેની સરભરા તેના સંન્યાસી જ કરે. સ્વામીનારાયણના એક ભાઈ વ્યાખ્યાન સાંભળવા આવતા. તેઓ એક દિવસ મને કહે કે "સાહેબ, અમારા મહારાજ તો કોઈપણ આવે તો ખબર-અંતર

પૂછે, ચા-પાણી પીવડાવે; જ્યારે તમારે ત્યાં તો આવું કાંઈ નથી, બસ, ખાલી ઉપદેશ જ આપો છો."

અમે સંસારીઓ સાથે બીજો કોઈ સંબંધ રાખ્યો નથી. અમારે તમારી સાથે ફક્ત ધર્મનો સંબંધ છે. અમે ધર્મગુરુના નાતે હિતશિક્ષા કે કર્તવ્યરૂપે બધી ભૂમિકાનો ઉપદેશ આપીએ. જો જૈન મુનિ શાસ્ત્ર ભણીને બોધ પામેલો હોય, તો તે પ્રસંગે તમને સંસારમાં માબાપ સાથે, પત્ની સાથે, દીકરા સાથે કેવો વ્યવહાર કર્તવ્ય તેનો પણ ઉપદેશ આપે, છતાં તમારા જીવનવ્યવહારમાં અમારે ક્યાંય પડવાનું નથી. અમે સંસારીઓથી જેટલા અલિપ્ત રહીએ તેટલા જ અમારા આચાર સચવાય. ભગવાને જે ત્યાગ કરવા લાયક કહ્યું હોય તેનો જ અમે ત્યાગ કર્યો છે. અમને સંસાર અસાર-ખરાબ લાગ્યો માટે જ છોડ્યો. તો પછી અમારે તમારી સંસારની બાબતોમાં માથું શું કામ મારવું જોઈએ ? છતાં તમારાં હિત-અહિત શેમાં છે તેનો ઉપદેશ આપવાનું પ્રભુએ કહ્યું છે. પરંતુ તમારી પ્રવૃત્તિમાં પડવું નહિ, કરવું-કરાવવું નહિ, અનુમોદવું નહિ અને એવા ભાવ પણ કરવાના નહિ. કારણ અમારો ધર્મ અનારંભનો છે.

તમને અશુભારંભમાંથી બહાર કાઢવા ભગવાને શુભારંભ બતાવ્યો છે. પણ જે જીવ સંપૂર્ણ અનારંભમાં જઈ શકતો હોય તેને શુભારંભ પણ કરવાનો નથી. અમારી પાસે ગમે તેવો ધર્માત્મા શ્રાવક આવે, તો પણ અમારે તેનું આતિથ્ય-સરભરા કરવાની નથી. ઘણા ગુણિયલ ધાર્મિક આરાધક ગૃહસ્થો હોય છે, તેની પણ સાર-સંભાળ કરવાની અમને જિનાજ્ઞા નથી. જ્યારે ઇતર ધર્મના સંન્યાસી અતિથિને દેવ માની જમાડે, ખબર અંતર પૂછે. એમના સંન્યાસીઓએ આરંભ-સમારંભવાળી અનેક પ્રવૃત્તિઓ ધર્મ તરીકે અપનાવી છે.

તમે જૈનશાસનમાં જન્મ્યા છો તેથી સાધ્વાચાર જોઈ જોઈને ટેવાઇ ગયા છો, પણ તેનાં રહસ્યો સમજવાં જોઈએ. જૈનશાસનનું સામાયિક, તેના વિશુદ્ધ પરિણામો અને તેમાં આવતો પાપનો અનુપમ ત્યાગ તે બધું જ સમજો, તો શુભ પ્રવૃત્તિ પણ હિંસામય હોવાથી અમે તેનો ત્યાગ કર્યો છે, તે વાત તરત ગળે ઊતરી જશે.

**સભા :-** શિબિરમાં અલ્પાહાર અપાય ?

**સાહેબજી :-** તેમાં સાધુ આયોજન ન કરે અને શ્રાવકો આયોજન કરી શ્રાવકની સાધર્મિકભક્તિ કરે તો તે યોગ્ય છે. આ બધો શ્રાવકનો ધર્મ છે. અત્યારે તમારે

સંઘમાં મહેમાનો આવે તો રસોડાં કરવાં પડે છે; કારણ કે તમારામાં વ્યક્તિગત સાધર્મિકભક્તિનો ભાવ એટલો ઘટ્યો છે, કે જો સંઘનું રસોડું ન હોય અને સાધર્મિક સંઘમાં આવે તો ભૂખ્યો જ જાય. તમે જે આચારથી જીવો છો તેનાથી તમને કેટલું નુકસાન છે તે વિચાર્યું છે ?

**સભા :-** સાધુના ચોમાસા નિમિત્તે રસોડું કરાય ?

**સાહેબજી :-** તમે તો અમને એવા બનાવી દેશો કે અમે ક્યાંય જીવી નહિ શકીએ. મારા નિમિત્તે તમે કોઈ કીડીને મારી નાખો તો મને તેનું પાપ લાગી જાય નહીં, પણ હું તેમ કહું કે તેનો ઉપયોગ કરું તો દોષ. આમ, નિમિત્ત શબ્દનો અર્થ પહેલાં સમજો.

અત્યારે મારા માટે કોઈ રસોઈ બનાવે તો તેટલા માત્રથી પાપ મને લાગતું નથી, પણ મને ખબર પડે કે આ મારા માટે બનાવ્યું છે અને છતાં હું લઉં, તો મને પાપ લાગે, હું તેનો ઉપયોગ કરું તો મને પાપ લાગે. તમે કોઈકનાં નામથી પાપ કરો એટલે તે તેને લાગી જાય એવું નથી. અમારું હિંસામાં સીધી કે આડકતરી રીતે કોન્ટ્રીબ્યુશન હોય તો જ પાપ લાગે.

**સભા :-** શ્રાવકનાં ઘરો બંધ હોય છે ત્યાં સાધુ માટે રસોડાં ખોલાય ?

**સાહેબજી :-** સાધુ-સાધ્વી માટે રસોડાં ખોલાય તો દોષ લાગે જ. વગર કારણે કરાય જ નહિ. પરંતુ રસ્તામાં વિહાર વખતે ઘણે ઠેકાણે જેમ કે ભિલાડ પછી ૧૫૦ કીલોમીટર સુધી ઘર નથી, ત્યારે બધા સાધુઓ કાંઈ ઉપવાસ કરીને વિહાર ન કરી શકે અને ઊડીને પણ જઈ શકે નહિ; આવા સંજોગોમાં અપવાદ મૂકવો પડે. છતાં પણ એની અમે આલોચના લઈએ. આ કંઈ રાજમાર્ગ નથી, આ તો અપવાદરૂપે કરવું પડે.

## સામૈયાં ઠાઠથી, ધામધૂમથી કરવાની પ્રભુની આજ્ઞા :

શેષકાળમાં કે ચાતુર્માસમાં કોઈ સારા મહાત્મા આવે તો તેમનાં સામૈયાં ઠાઠથી કરો તેમાં આરંભ-સમારંભ તો થવાનો જ. છતાં પણ શ્રાવકને તે ધામધૂમથી કરવાની પ્રભુની આજ્ઞા છે. સંઘનું નિયત કર્તવ્ય છે, ધર્મ-શાસનપ્રભાવનાનું અંગ છે, આલંબન છે, ગુરુભક્તિ છે. સાધુઓ આવ્યા તે નિમિત્તે કરાય છે છતાં એમાં મહારાજ સાહેબને દોષ લાગતો નથી; કારણ કે સામૈયામાં સાધુઓ કશું ભોગવતા નથી. પરંતુ તમે

શ્રાવકો તમારે કરવા લાયક ધર્મમાં અત્યારે ઘણું ચૂકો છો. બાકી શ્રાવક તો આરંભ-સમારંભમાં બેઠેલો જ છે. ભગવાને પાપ-પુણ્યની વ્યવસ્થા બુદ્ધિપૂર્વક બતાવી છે. હા, હું સાધુ તરીકે ઇચ્છા કરું કે તમે મારું સામૈયું કરો તો મને તે નિમિત્તનું પાપ લાગે. અત્યારે તમારો સિદ્ધાંત એ છે કે મહારાજ ન કહે ત્યાં સુધી ઉચિત ધર્મ પણ ન કરવો. પરંતુ તેમાં ગુમાવવાનું તમારે જ છે. બાકી લગ્નપ્રસંગે વરઘોડામાં કેટલું કરો છો ! અને તેમાં હિંસા થાય જ છે, અને તેનું પાપ પણ લાગે છે, જ્યારે ધર્મના વરઘોડા તમારા કલ્યાણનું કારણ બનશે.

## ભગવાને અપવાદમાર્ગે કરેલ બ્રાહ્મણની અનુકંપા પાછળનું રહસ્ય :

સાધુઓએ ગમે તેવા સંજોગોમાં દ્રવ્યદયા કે અનુકંપા ઉત્સર્ગ માર્ગે નથી કરવાની, તો ભગવાન મહાવીરે શું કામ અનુકંપાદાન કર્યું હતું ? તેઓએ દીક્ષા લીધા પછી પણ બ્રાહ્મણને વસ્ત્રદાન કર્યું હતું. જો તે બરાબર હોય તો સાધુઓએ પણ ગરીબોની અનુકંપા અવશ્ય કરવી જોઈએ. પરંતુ પ્રભુએ આ અપવાદમાર્ગે કરેલી આચરણાની ઘટના છે.

દીક્ષા લીધા પૂર્વે પ્રભુ જ્યારે વરસીદાન કરતા હતા ત્યારે એમના જ નગરનો એક ગરીબ બ્રાહ્મણ કમાવા માટે પરદેશ ગયેલો, પણ મહેનત કરવા છતાં કમનસીબે ખાલી હાથે જ પાછો ફર્યો. તેની પત્ની આકરા સ્વભાવની હોવાથી પતિને ખાલી હાથે આવેલા જોઈ પૂછે છે કે, "જ્યારે વર્ધમાનકુમારે ધનનો વરસાદ વરસાવ્યો ત્યારે તમે ક્યાં ફરતા હતા ? અને હવે ખાલી હાથે કયા મોઢે પાછા આવ્યા ? હજી પણ તમે વર્ધમાનસ્વામી પાસે જાઓ, તેઓ બહુ ઉદાર છે, તેથી જઈને દાન લઈ આવો, નહિ તો તમારા માટે આ ઘરના દરવાજા બંધ છે. આજીજી કરશો તો ચોક્કસ ત્યાંથી દાન મળશે." પરંતુ ભગવાન તો ત્યારે ત્યાગમય જીવનમાં છે. દાન તો તેમણે રાજકુમાર તરીકે વૈભવી જીવનમાં કરેલું. આ બ્રાહ્મણ ખાનદાન છે, પણ પત્નીના અત્યંત દબાણથી ગયો અને વિનંતી કરીને ભગવાન પાસે માંગે છે કે, "આપે જ્યારે દાનનો વરસાદ વરસાવ્યો ત્યારે હું અભાગિયો પરદેશ હતો. છતાં આપની પુણ્યશક્તિનો પાર નથી. આપ ધારો તો અત્યારે પણ મને જરૂર દરિદ્રતામાંથી ઉગારી શકો તેમ છો."

તીર્થંકરના આચાર ઉત્કટ હોય એટલે તેઓ પ્રાયઃ અપવાદનું સેવન નથી કરતા,

પરંતુ ભગવાન તો ચાર જ્ઞાનના ધણી છે. તેમણે જ્ઞાનનો ઉપયોગ મૂક્યો તો તેમને આ બ્રાહ્મણના આત્મામાં લાયકાત દેખાઈ. જો આ બ્રાહ્મણને જરા ઉદાર વર્તનનું નિમિત્ત મળે તો સાચો ધર્મ પામી શકે, બોધિબીજ, સમકિત પણ પામી શકે એમ લાગ્યું, તેથી આવા લાયક જીવને ધર્મ પમાડવા અનુકંપા કરાય તો વાંધો નહિ. દીક્ષા વખતે પ્રભુના ખભા ઉપર ઇન્દ્રમહારાજાએ દેવદૂષ્ય મૂકેલું તે ઘણું જ કીમતી હતું. આ વસ્ત્ર ભગવાને અડધું ફાડીને તેને દાનમાં આપ્યું. આમ, ભગવાને અર્ધવસ્ત્રદાનરૂપ અનુકંપા કરી. અહીં બ્રાહ્મણ ભક્તિપાત્ર કે પૂજ્ય નહોતો, દયાપાત્ર જ હતો. તેણે આજીજી કરીને ભીખ માંગીને જ લીધું છે, તેથી અનુકંપા છે.

**સભા :-** ભગવાને અડધું વસ્ત્ર કેમ દાનમાં આપ્યું ?

**સાહેબજી :-** આની પાછળ ઘણા જ વિકલ્પો બતાવ્યા છે. આપણાં શાસ્ત્ર અત્યંત પ્રામાણિક છે. અશ્રદ્ધાળુ કહેતા ફરતા હોય છે કે શાસ્ત્રો ભગવાને ક્યાં લખ્યાં છે? પાછળના આચાર્યોએ ઘણી જ ઘાલમેલ કરી હોઈ શકે. પણ તેવું બોલનાર સામે સચોટ દલીલો કરી શકાય તેમ છે. દા.ત. પ્રભુના અર્ધવસ્ત્રદાનમાં કેટલાક આચાર્યોનું માનવું છે કે આચાર તરીકે પ્રભુને અડધું વસ્ત્ર રાખવું ઉચિત લાગ્યું હશે, જ્યારે બીજા આચાર્યોનો અભિપ્રાય એ છે કે તેઓ બ્રાહ્મણકુલમાં અવતરેલા હોવાથી લોહીમાં થોડો કૃપણતાનો સંસ્કાર હોવાથી અડધું વસ્ત્ર આપ્યું. આમ, આચાર્યોએ પોતાને જે લાગ્યું તે પ્રામાણિકતાથી જણાવ્યું છે, પણ સાથે કહ્યું કે "**तत्त्वं तु केवलीगम्यं**". ભગવાનના મનમાં શું હતું તે કંઈ તેઓને ખબર નથી. અહીં જો તેઓને ઘાલમેલ જ કરવી હોત તો પોતાનો એકલાનો જ મત ટાંકી દેત, અને કહેત કે આ જ વાત બરાબર છે; પણ એમણે એવું કર્યું નથી, તે તેમની આગ્રહરહિત પ્રામાણિકતા બતાવે છે. અડધા વસ્ત્રદાન માટે આચાર્યોનો એક નિર્ણય નથી.

અહીં મુખ્ય મુદ્દો એ છે કે પ્રભુએ સાધુજીવનમાં આ અનુકંપા કરી છે. હવે આ બ્રાહ્મણ રાજી થઈને ફાડેલા અડધા વસ્ત્રમાંથી તાંતણા ન નીકળી જાય તે માટે કિનાર સિવડાવવા દરજી પાસે ગયો. આવું દેવતાઈ વસ્ત્ર જોઈને અચંબો પામેલા દરજીએ પૂછ્યું કે આ વસ્ત્ર ક્યાંથી લાવ્યો ? ત્યારે તેણે વર્ધમાનસ્વામીનું નામ આપ્યું. આ અમૂલ્ય વસ્ત્ર જોતાં દરજીનું મન લલચાયું. તેથી તે બ્રાહ્મણને બીજું અડધું વસ્ત્ર પણ લઈ આવવા પ્રેરણા કરે છે, ઉપરાંત સમજાવે છે કે હું આ બંને વસ્ત્રના ટુકડા એવી રીતે સાંધી આપીશ કે કોઈને પણ સાંધાની ખબર નહિ પડે, અને તે આખા દેખાતા વસ્ત્રની ૧ લાખ સુવર્ણમુદ્રા કિંમત આવી શકે. તે કાળમાં ૧ સુવર્ણમુદ્રામાં તો તાકાના

તાકા આવી શકે. આથી ભારે મૂલ્ય સાંભળીને બ્રાહ્મણને પણ થયું કે આટલું ધન મળે તો મારું જન્મારાનું દળદર ફીટી જાય, અને કુશળ દરેજી પણ તેને બીજું અડધું વસ્ત્ર લઈ આવે તો સાંધ્યા પછી અડધા પૈસા આપવાની ઓફર કરે છે. આથી બ્રાહ્મણ પ્રભુ પાસે બાકીનું વસ્ત્ર લેવા પાછો જાય છે, પણ સ્વભાવે ખાનદાન હોવાથી માંગી શકતો નથી. તેથી તે પ્રભુની પાછળ પાછળ વિહારમાં ફર્યા કરે છે, ને મનમાં વિચારે છે કે પ્રભુએ તો રાજપાટ સર્વસ્વ છોડ્યું તો કપડાનો શું મોહ હોય ? તેથી પવન આવે અને નિર્લેપ એવા પ્રભુના દેહ પરથી વસ્ત્ર પડે તો હું લઈ લઈશ. ભલે તે બ્રાહ્મણ દરિદ્રતાનો અવતાર છે પણ ખાનદાન છે તેથી માંગતો નથી. આમ, પાછળ પાછળ ફરતાં બાર મહિના વીતી જાય છે, છતાં સંકોચથી પ્રભુ પાસે માંગતો નથી, વળી ખભેથી સરકાવી લઈ ચોરી કરવાની પણ દાનત નથી.

**સભા :-** માંગે એટલે ખાનદાની ઘટી જાય ?

**સાહેબજી :-** ફરી ફરી માંગવાની તેને શરમ આવે છે તે જ તેની લાયકાત છે.

આ બ્રાહ્મણ પણ મહાસાધક પ્રભુ સાથે ફરતો હોવાથી તેને અંતઃકરણમાં ત્યાગના ગુણોનું બહુમાન જાગ્યું છે, અને તે બોધિબીજ પામી ગયો છે અને આગળ સમકિત પણ પામી ગયો છે. પ્રભુએ પણ આ જીવની લાયકાત જાણીને જ અપવાદરૂપે વસ્ત્રનું દાન આપેલું. આ અપવાદ પણ વાજબી છે, પણ આ રાજમાર્ગ નથી.

## અપવાદિક અનુકંપાદાનનું બીજું દૃષ્ટાંત :

બીજા ઉદાહરણમાં પ્રભુએ કરેલ અપવાદિક વસ્ત્રદાનનો દાખલો લઇને ભગવાન મહાવીરના સાતમા પટ્ટધર આર્યસુહસ્તિસૂરીશ્વરજી મહારાજાએ ભિખારીને સાધુની ભિક્ષામાંથી ભોજનનું અનુકંપાદાન કર્યું છે. આ આર્યસુહસ્તિસૂરિમહારાજા આર્યસ્થૂલભદ્રસ્વામીના બે મહાપ્રભાવક પટ્ટધર શિષ્યોમાંના એક છે અને દશપૂર્વધર શ્રુતકેવલી છે.

એક વખત ભયંકર દુષ્કાળ સમયે લોકોને ખાવાના સાંસા છે. તે છતાં તે કાળમાં શ્રાવકોની ઉત્તમ ભક્તિ હોવાથી આવા ભયંકર દુષ્કાળમાં પણ શ્રાવકો સાધુઓને આગ્રહ કરી કરી સુપાત્રદાન માટે ઘરે લઈ જાય છે. તમે તો સુકાળમાં પણ સાધુઓને આગ્રહ કરી ઘરે લઈ જાઓ તે શંકાસ્પદ છે. હવે એક શ્રેષ્ઠી શ્રાવક જ્યારે સાધુને ગોચરી માટે પોતાના ઘરે લઈ ગયો, ત્યારે એક ભિખારી તે શ્રાવકના ઘરની બહાર

ઊભો રહીને તે બધું જુએ છે. તે શ્રાવકના ઘરનું રસોડું બહારથી દેખાય છે, તેથી તે ભિખારી, શ્રાવકના ઘરમાં આગ્રહપૂર્વક સાધુનાં પાતરાં ભરાતાં જુએ છે. ત્યારે તેને થાય છે કે "મહારાજ તો દયાળુ છે, તેથી જો હું તેમની પાસે માંગીશ તો તે મને અવશ્ય આપશે." **જેના હૃદયમાં કરુણા હોય એ જ સાધુ બને અને સાધુ જીવમાત્રની અહિંસા પણ કરુણાને લીધે જ પાળે.** હવે સાધુ જ્યારે ભિક્ષા વહોરીને બહાર આવ્યા ત્યારે તે ભિખારી તેમની પાસે ખાવાની ભિક્ષા માંગે છે, ને આજીજીપૂર્વક કહે છે કે "તમે મને તમારામાંથી એક ટુકડો પણ આપો, નહીંતર હું ભૂખ્યો-તરસ્યો મરી જઈશ." સંજોગો પણ એવા છે કે ભલભલાને અરેરાટી થાય. સામાન્ય રીતે સાધુ સાવદ્ય અનુકંપા ન કરે. રાજમાર્ગ પ્રમાણે આ અનુકંપા ન થાય. છતાં સાધુએ વિવેકને લીધે તેને તગેડી ન મૂક્યો, પણ કહ્યું કે "આ ભિક્ષા અમારી માલિકીની નથી, ગુરુ મહારાજની માલિકીની છે. આમાંથી આપવાનો અધિકાર એમનો જ છે. એ આપે તો તું લઈ શકે." તેથી પેલો ભિખારી સાધુ મહાત્માની પાછળ પાછળ ઉપાશ્રયે આવ્યો. તે મહારાજ તેને ગુરુ પાસે લઈ જાય છે. ગુરુ પણ શ્રુતકેવલી છે, ઉપયોગ મૂકી જુએ છે કે આ જીવ ભવિષ્યમાં ઊંચો ધર્મ પામી શકે તેવી લાયકાતવાળો છે. તેનું ભાવિ કલ્યાણકારી છે, તેથી અનુકંપા કરવામાં વાંધો નથી. પણ શરત એ કરે છે કે આ ભોજન અમને સાધુ તરીકે વહોરાવેલું છે, તેથી જો તું દીક્ષા લે તો જ તને અમે આપી શકીએ. ભિખારીને થાય છે કે "આમ પણ હું મરી જ જવાનો છું, તો દીક્ષા લેવાથી જો ખાવા મળતું હોય તો દીક્ષા લેવામાં વાંધો નથી." માત્ર ખાવાની લાલચથી દીક્ષા લેવા તૈયાર થાય છે અને આ શ્રુતકેવલી પણ લાભાલાભ વિચારીને ભિખારીને દીક્ષા આપે છે. આમનો દાખલો લઈને હું ભિખારીને દીક્ષા ન આપી શકું.

**સભા :-** સાધુથી શ્રાવકને કહેવાય કે આને જમાડી દેજો ?

**સાહેબજી :-** એ પણ અપવાદ માર્ગે કહેવાય કે રાજમાર્ગે ? આ તો દયાપાત્ર છે, અરે ! સારા સાધર્મિક આવે તો પણ ઉત્સર્ગથી અમારાથી એમ ન કહેવાય કે આને જમાડી દેજો.

**સભા :-** સાધુથી Arrangement-જમાડવાની વ્યવસ્થા કરાવાય ?

**સાહેબજી :-** આ જવાબદારી શ્રાવકોની છે. તમારે ભક્તિ કરવી હોય તો બધી વ્યવસ્થા થઈ શકે. તમે નવપદજીની ઓળીમાં શ્રીપાલ-મયણાનું દૃષ્ટાંત દરેક વખતે સાંભળો છો ને ?

**વર્તમાનમાં સારા સાધુઓની પણ કેટલીક ખામીઓમાં શ્રાવકના વિવેકનો અભાવ કારણભૂત છે :**

બાપ સાથે જ્યારે મયણાને વિખવાદ થયો ત્યારે બાપે ગુસ્સે થઈને મયણાને કોઢિયા શ્રીપાલ સાથે પરણાવીને કાઢી મૂકી. ત્યાર બાદ બીજા દિવસે તેઓ બંને ગુરુ પાસે વંદન કરવા જાય છે, ત્યારે આચાર્ય ભગવંત મયણાને આ અવસ્થામાં જોઈને ચમકી ગયા; કારણ કે તેઓ જાણે છે કે આ રાજકન્યા છે. રોજ રાજરસાલા સાથે આવતી રાજકન્યાને આજે એકલી આ કોઢિયા સાથે આવેલી જોઈને પૂછે છે, કે એકલી કેમ આવી છે ? ત્યારે અત્યાર સુધી આંસુનું એક ટીપું ન પાડતી મયણા ગુરુને સ્વજન માની રડી પડે છે અને અથથી ઇતિ સુધીની વાત કરે છે. આચાર્ય ભગવંત સમજી જાય છે અને આશ્વાસન આપે છે કે તારું નસીબ હજુ જાગતું છે, આ કોઢિયો ભાવિ શાસનપ્રભાવક થશે. તેઓના સંજોગો સમજી ગયા છે, તેથી જ આચાર્ય મહારાજ ધર્માત્મા શ્રાવકને બોલાવીને કહે છે, કે આ બે ઉત્તમ ભક્તિપાત્ર ધર્માત્માઓ છે, સાધર્મિક છે. શેઠ પણ સાનમાં સમજીને તેમને ઘરે લઈ જાય છે. ફક્ત જમાડી, ચાંદલો કરી મોકલી નથી આપતા, પણ પોતાના મકાનનો અડધો ભાગ ખાલી કરીને રહેવા આપે છે, અને કહે છે કે અમને ભક્તિનો લાભ આપો અને આપ અહીં નિશ્ચિંત થઈને રહો. આમ, તેમની બધી જ સગવડ પૂરી પાડે છે. જ્યારે તમને આટલું કહીએ કે ભક્તિપાત્ર છે, તો તમને સમજાય ખરું ? અમે મર્યાદા મૂકીને ન કહીએ ત્યાં સુધી ભક્તિ કરો ખરા ?

તમે વિવેક ચૂક્યા છો. જ્યારે અમે તમને સીધું કહીએ ત્યાર બાદ તમે જમાડો ત્યારે તે જમાડવામાં જે હિંસા થશે, તથા જમીને પણ સંસારમાં જે આરંભ-સમારંભનું પાપ કરશે, તેનું અમને પણ વાયા-વાયા પાપ લાગશે. વર્તમાનકાળમાં સાધુપણામાં જે ખામીઓ આવી છે તેમાં તમે શ્રાવકો પણ જવાબદાર છો; ફક્ત સાધુઓને વગોવવાના નથી, શિથિલતામાં બંનેનો સહયોગ છે. અમે તો પાટ પર બેઠા છીએ તેથી અમારે તો ભગવાનની આજ્ઞા પ્રમાણે જે સાચો ધર્મ છે તે બતાવવો જ પડે, અને તેની વિરુદ્ધમાં તમારી અને સાધુઓની જે ખામીઓ હોય તે પણ કહેવી પડે. નહીંતર પ્રભુનો સાચો ધર્મ અમે સ્થાપિત નહિ કરી શકીએ.

**સભા :-** સાધુથી ઉપધાન વગેરે કરાવાય ?

**સાહેબજી :-** શ્રાવક માટે તે અનિવાર્ય અનુષ્ઠાન છે, પણ તેનું આયોજન શ્રાવકોએ કરવાનું.

**સભા :-** પણ સાધુથી તેમાં નિશ્રા અપાય ?

**સાહેબજી :-** હા, નિશ્રા આપવા તો હું પણ તૈયાર છું. ખુદ તીર્થંકરો પણ નિશ્રા આપતા હતા. તીર્થંકરોના સમવસરણમાં ફળ, નૈવેદ્ય, બલિ-બાકળા ચડે છે, ત્યારે ભગવાન પણ કંઈ ના નથી પાડતા. ઊલટું મૂકસંમતિ અને નિશ્રા પણ આપે છે. તેથી સંમતિ કે નિશ્રા સાધુ અવશ્ય આપી શકે છે.

**સભા :-** દ્રવ્યસ્તવમાં હિંસા હોવાને કારણે સાધુ તેમાં સંમતિ કેમ આપી શકે ?

**સાહેબજી :-** જગતમાં મોક્ષમાર્ગની આરાધના અવિચ્છિન્ન પ્રવર્તાવવી હોય તો દ્રવ્યસ્તવમાં પણ નિશ્રા, સંમતિ, અનુમોદના સાધુએ આપવાની છે. તમે મહોત્સવ-આંગી કરો, દેરાસર-ઉપાશ્રય બંધાવો તો અમે તેની અનુમોદના કરીએ. પ્રભુએ કરવા-કરાવવાની ના પાડી છે, સંમતિ-અનુમોદનાની અમને છૂટ આપી છે.

દૃષ્ટાંત આગળ વધારીએ. હવે આ ભિખારી અત્યંત ગરીબ છે અને ધર્મ પામેલો નથી, પણ તેનામાં ભાવિ લાયકાત ગુરુએ જોઈ છે. અસીમ શાસનપ્રભાવનાનું તેમાંથી ફળ નીપજશે, તેથી જ ખાવા માટે દીક્ષા આપી છે. હવે સમુદાયમાં બાલ-વૃદ્ધ-ગ્લાન-તપસ્વી-વડીલ આદિને કારણે આવશ્યક સારી સારી વસ્તુઓ ભિક્ષામાં આવેલ હોય, તે ગુરુઆજ્ઞાથી મહાત્માઓએ આને ભક્તિપૂર્વક ખાવા આપી અને આને તો આજ દિવસ સુધી સામાન્ય ખાવાનાં પણ ફાંફાં હતાં, તેથી અકરાંતિયો થઈને અતિશય ખાય છે. પરંતુ બધા સાધુઓ ગુરુને સમર્પિત હતા, તેથી મનમાં બીજો કોઈ વિચાર ન કરતાં ગુરુની આજ્ઞા પાળે છે અને ગુરુ વિવેકી છે.

સાંજ પડતાં શક્તિથી અધિક ખાવાથી અજીર્ણના કારણે પેટમાં વેદનાનો પાર નથી. આવા રાંક સાથે પણ ધર્માચાર્ય પોતે ઉત્તમ વ્યવહાર કરે છે અને બધા સાધુ પાસે કરાવે છે. સૌનો સૌજન્યપૂર્વકનો વ્યવહાર છે. સાંજે શેઠિયાઓ આરાધના કરવા આવ્યા છે, તે પણ નવદીક્ષિતને તકલીફમાં જોઈ વિનયથી હાથ-પગ-માથું દબાવવા બેસે છે. આ બધું જોઈ તેને થાય છે કે, "જે શેઠિયાઓ રસ્તે રખડતા મને તેમના આંગણામાં પગ પણ મૂકવા નહોતા દેતા, તે જ શેઠિયાઓ આજે મારી કેવી ભક્તિ કરે છે ! આ ધર્મ કેવો ઉત્તમ હશે ! હજુ તો હું આચાર-વિચાર કશું જ પામ્યો

નથી, ફક્ત વેશ પામ્યો છું, છતાં આ બધા મારી કેવી ભક્તિ કરે છે ! તો સત્ય ધર્મનો પ્રભાવ કેવો હશે !" તેનામાં રહેલી લાયકાતને લીધે તેને આ ધર્મના પ્રભાવનો વિચાર આવે છે કે "મેં તો ફક્ત ખાવા માટે જ દીક્ષા લીધી છે, તો પણ આટલું પ્રત્યક્ષ ફળ હોય તો જો હું ખરેખર ભાવથી દીક્ષા લઉં, તો તેનું તો ફળ કેવુંયે હશે !" આવા ઉત્તમ ભાવો-પરિણામોથી ચારિત્ર પ્રત્યેના સદ્ભાવથી તે બોધિબીજ પામી ગયો.

**સભા :-** એક નવકાર પણ ન આવડતો હોય છતાં દીક્ષા અપાય ?

**સાહેબજી :-** આવા જ્ઞાની જ આપી શકે. મારે કે તમારે દીક્ષા આપવી હોય તો વિચારવું પડે. આ શ્રુતકેવલીની વાત છે. સામાન્ય અપવાદનો અધિકાર પણ ગીતાર્થને છે.

તેનું શુભ પરિણામોપૂર્વક મૃત્યુ થતાં આ ભિખારીનો જન્મ સમ્રાટ અશોકના પૌત્ર અને કુણાલના પુત્ર સંપ્રતિ તરીકે થયો છે. તે ઘણું જ પુણ્ય લઈને આવ્યો છે. છ મહિનાનો થતાં રાજ્યાભિષેક થયો. તે મૌર્યવંશમાં સૌથી વધારે પ્રભાવશાળી રાજા થયો હતો. આગળ ફરી આર્યસુહસ્તિસૂરીશ્વરજી મહારાજાનો સંપર્ક થયો અને સમકિત પામી ગયો, અને કલિકાલમાં જૈનશાસનનો અજોડ પ્રભાવક રાજા થયો. આ બધું અપવાદિક અનુકંપાનું મહાન ફળ છે.

## અપવાદિક અનુકંપામાં ઉપદેશમાળાગ્રંથનું એક દૃષ્ટાંત :

આનાથી પણ એક વધારે ગંભીર દૃષ્ટાંત ઉપદેશમાલામાં આવે છે. આગળના દાખલામાં તો દીક્ષા આપ્યા પછી ખવડાવે છે, જ્યારે અહીં તો દીક્ષા પહેલાં તેને જમાડ્યો છે. ૧૪ પૂર્વધર ગુરુ ભગવંત બિરાજમાન છે ત્યાં એક યાચક આવ્યો છે. તે સાધ્વીજી ચંદનબાળાના રૂપ-ઐશ્વર્યાદિ યુક્ત ત્યાગને જોઈને પ્રભાવિત થવાથી, તેમની પાછળ પાછળ ચંદનબાળા જ્યાં ગુરુને વંદન કરવા જાય છે ત્યાં આવે છે. આ અવસરે આને વિચાર આવે છે કે ચંદનબાળા જેવાં ઉત્તમ જે ગુરુને વંદન કરવા આવ્યાં છે, તો એ ગુરુ તો કેવા ઉત્તમોત્તમ હશે ! આમ વિચારી તે ત્યાં દર્શન કરવા ઊભો રહે છે. ગુરુનું ધ્યાન આ યાચક પર જતાં તેમને તેનામાં લાયકાત દેખાય છે. તેથી બીજા સાધુને બોલાવીને ગુરુ કહે છે કે આ યાચકને આપણી ગોચરીમાંથી સન્માનપૂર્વક ખાવાનું આપો. શિષ્યો પણ ગુરુની આજ્ઞાને સ્વીકારી ગૃહસ્થનાં

કપડાંમાં હોવા છતાં ખૂણામાં લઈ જઈને તેને જમાડે છે. આ યાચકને પણ થાય છે કે મારે કોઈ ઓળખાણ નથી, છતાં મારા માટે મહાત્માઓનો કેવો સૌજન્યભાવ અને ઉદારભાવ છે ! ગોચરી વાપર્યા પછી તેને પણ સાધુજીવન જીવવા માટેનો ઉલ્લાસ-અહોભાવ જાગે છે. તેથી ગુરુ પાસે આવીને કહે છે કે મને સાધુજીવન માટે ખૂબ જ આદર થયો છે, તો જો મારામાં લાયકાત હોય તો મને સાધુજીવન આપો. આમ, અપવાદથી લાયકાત પ્રમાણે અનુકંપા થઈ શકે, પણ કારણ વિના રાજમાર્ગનું ઉત્થાપન ન કરાય.

# ૧૯

તા. ૧૨-૮-૯૪, શુક્રવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા શ્રેષ્ઠ પરોપકાર કરવાની ભાવનાથી ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આ જગતમાં પરોપકાર એ ઉત્તમ ધર્મ છે. કોઈપણ આત્માને સદ્ધર્મની પ્રાપ્તિ કરાવવી તે શ્રેષ્ઠ પરોપકાર છે. બીજા ઉપકાર તો થોડો વખત જ સુખ-શાંતિ આપે છે, જ્યારે આ ઉપકાર તો ભવોભવ સુધારે છે અને કરનારને પણ ભવાંતરે શ્રેષ્ઠ માર્ગ મળે છે. તેથી આવી પ્રવૃત્તિને સમ્યક્ ઉપકાર કહે છે. તીર્થંકરો કેવલજ્ઞાન પામે, પછી તેમનો મોક્ષ નક્કી જ હોય છે. તેમના આત્મા પરથી ઘાતિકર્મનાં બંધન તૂટી ગયાં છે, તેમને ફળની કોઈ આશા નથી, છતાં આવો શ્રેષ્ઠ પરોપકાર સહજતાથી કરે છે.

ભૂમિકા પ્રમાણે પરોપકારની પ્રવૃત્તિ પણ બદલાય છે. તીર્થંકરોમાં પરોપકાર પણ શ્રેષ્ઠ છે, છતાં તેમને પણ પરોપકાર કરવા સામેનો જીવ લાયક જોઈએ. જો તેનામાં ઉપકારને ઝીલવા જેટલું સ્તર ન હોય, તો પરોપકાર સફળ થાય નહીં. તીર્થંકરોને સાધનાકાળમાં જગતના જીવમાત્ર ઉપર ઉપકાર કરવાની ભાવના હતી. આજ સુધીમાં અનંતા તીર્થંકરો થઈ ગયા. બધાએ સાધનાકાળે આ જ પરોપકારની ભાવના કરી હતી. વળી, ભાવતીર્થંકર બન્યા પછી સર્વ તીર્થંકરોમાં ઉત્કૃષ્ટ તારકશક્તિ હતી. છતાં બધા જીવો તરી ન શક્યા, થોડા જીવો જ તરી શક્યા; તેનું કારણ એ જ કે સર્વ જીવોમાં તરવાની લાયકાત-યોગ્યતા નથી.

## સાધુની આ અપવાદિક અનુકંપાનું લક્ષ્ય પણ દરિદ્રનાં દુઃખ-દર્દ દૂર કરવાનું નહિ પણ યોગ્ય જીવને મોક્ષમાર્ગે ચડાવવાનું છે :

પરોપકારનાં અનેક સાધન છે તેમાં અનુકંપા પણ એક શ્રેષ્ઠ સાધન છે. શ્રાવક જિનાજ્ઞા મુજબ જે અનુકંપા કરે છે, તેમાં સામેનો જીવ જો ગેરલાયક હોય તો ધર્મ ન

પામી શકે, પણ ફક્ત તમારા દિલની કરુણારૂપ પાત્રતા સચવાય છે. પરંતુ સર્વ જીવો પ્રત્યે સદા કરુણાવંત સાધુભગવંત ઉત્સર્ગથી સાવદ્ય અનુકંપાદાન નથી કરી શકતા, પણ અપવાદથી તેમને માટે સાવદ્ય અનુકંપાદાન કહ્યું છે; કારણ કે તે કરવાથી સામે લાયક જીવ હોય તો તત્કાલ મોક્ષમાર્ગે ચડી જાય છે. ભગવાને પણ જ્યારે બ્રાહ્મણને અડધું વસ્ત્ર આપ્યું ત્યારે હકીકતમાં તે જીવ દુઃખી છે, પણ દરિદ્રતા પ્રત્યેની કમકમાટીથી તેને પ્રભુએ વસ્ત્રદાન આપ્યું છે તેવું નથી, પરંતુ તેની લાયકાત જોઈને, તેના ભાવને અનુરૂપ ઇચ્છા પૂરી કરાય તો તેને ત્યાગી પ્રત્યે અને ત્યાગ પ્રત્યે તાત્ત્વિક બહુમાન થાય, જેથી મોક્ષમાર્ગે ચડી શકે; આ જ આશયથી પ્રભુએ અડધા વસ્ત્રનું દાન આપ્યું છે.

તેવી જ રીતે પૂ. આર્યસુહસ્તિસૂરિજીએ પણ યાચકને ખાવાનાં ફાંફાં હોવાથી તે ભૂખ્યો મરી જશે તે વિચારીને ભિક્ષા નથી આપી. તે નગરમાં ભૂખ-તરસથી ટળવળતો તે એક જ ભિખારી નહોતો. ફક્ત ભૂખ-તરસને જોઈ અનુકંપા કરવાની હોય તો અમુકને આપવું ને અમુકને ન આપવું તેવો ભેદભાવ ન હોય, પણ લાયકાત જોઈ. જીવ સાચો ધર્મ પામી મોક્ષમાર્ગ પર ચડી જાય તે માટે, જો સાધુ આવું અનુકંપાદાન કરે તો શાસ્ત્રમાન્ય છે.

## શિષ્યની શંકાનું નિરાકરણ :

અહીં શિષ્ય પૂછે છે કે આમાં તો સાધ્વાચારની મર્યાદાનો સ્પષ્ટ લોપ થાય છે. કારણ કે સાધુ પાસે જે વસ્તુ છે તે સર્વ ધર્મોપકરણ છે, જેમ કે પાતરા, વસ્ત્ર આદિ. તે ગૃહસ્થને આપવાથી પાપમાં વપરાવા દ્વારા અધિકરણ બને છે. તમારા ઘરોમાં પણ સાધુના ઉપકરણો દર્શન માટે રાખવાનાં હોય છે. દર્શન પણ તેનાં જ કરવાનાં કહ્યાં છે કે જે રત્નત્રયીની આરાધનાનાં સાધન છે અર્થાત્ ધર્મોપકરણ છે. અમારા મહાવ્રતમાં પરિગ્રહત્યાગ વ્રત છે, જ્યારે તમારા અણુવ્રતમાં પરિગ્રહપરિમાણવ્રત છે, જેમાં પરિગ્રહનો સંપૂર્ણ ત્યાગ નથી; જ્યારે અમારે સાધુઓ માટે નિયમ એ છે કે પરિગ્રહ રાખવો નહિ, રખાવવો નહિ અને રાખનારને અનુમોદન આપવું નહિ. આમ, ત્રિવિધે ત્રિવિધે જીવનભર સંપૂર્ણ પરિગ્રહનો ત્યાગ કરવાનો છે, છતાં પણ પ્રભુએ જ્ઞાન-દર્શન-ચારિત્રના વિકાસમાં જે જરૂરી હોય તે જડ વસ્તુ પણ રાખવાની છૂટ આપી છે, શરત એટલી કે તે વસ્તુ કેવળ આરાધનાનું સાધન બને; અને જો તે આરાધનાનું સાધન ન બનતું હોય તો સાધુ પરિગ્રહધારી કહેવાય. અમારાં બધાં

સાધનોને ધર્મોપકરણ કહેવાય, પણ જો તે વિરાધનાનું સાધન બને તો તેને અધિકરણ સમજવાં. દા.ત. તમારી સામાયિક-પૂજાની બધી સામગ્રી તે ધર્મોપકરણ કહેવાય છે, પણ સંસારની તમામ સામગ્રી તે અધિકરણ ગણાય છે. કારણ તે તમારા જીવનમાં આરાધનાનું સાધન નથી, પણ વિરાધનાનું સાધન છે, જેનાથી રોજ હિંસા થાય છે. દા.ત. શોખ ખાતર એક સુંદર વસ્ત્ર ખરીદીને લાવ્યા ત્યારથી એ વસ્ત્ર દ્વારા અનેક પ્રકારની હિંસા થશે. અરે ! ત્રસ જીવો પણ મરવાના. તમારા સંસારમાં એવી કોઈ વસ્તુઓ ખરી કે જે જીવવિરાધનાનું સાધન ન બને ?

ભગવાને આજ્ઞા કરી છે કે તમારે ધર્મનાં સાધનો ઘરમાં વસાવીને તે ઉપકરણોથી માત્ર ધર્મારાધના કરવી જોઈએ, પણ અત્યારે ઘણા તો ઉપકરણોથી પણ ઘરની સાફસફાઈ કરે છે. કોઈક વખતે પૂજાનાં કપડાં બીજે વાપરો તો તે પણ અધિકરણ થાય. ધર્મનાં સાધનો ધર્મના ઉપયોગમાં લેવાય તો જ તે ઉપકરણ કહેવાય, નહીંતર તે પાપનું સાધન બનશે.

ભગવાન પાસે જે દેવદૂષ્ય હતું, તે ધર્મોપકરણ હતું; તથા સાધુ ભિક્ષામાં જે ગોચરી લાવ્યા હતા તે પણ ધર્મના ઉપગ્રહ તરીકે જ લાવ્યા હતા. બ્રાહ્મણને બીજું અડધું વસ્ત્ર જે પ્રભુ પાસે હતું તે જોઈતું હતું. તેથી તે એક વર્ષ સુધી પ્રભુની પાછળ પાછળ ફર્યો અને એક વર્ષ ને એક મહિને પવનથી વસ્ત્ર પડી ગયું તે લઈ લીધું અને પ્રથમના અર્ધ વસ્ત્ર સાથે સંધાવીને વેચ્યું, જેની એક લાખ સુવર્ણમુદ્રાઓ ઉપજી. પછી.પૂર્વની સમજૂતિ મુજબ દરજી અને બ્રાહ્મણે અડધી અડધી વહેંચી લીધી. હવે તેઓ આ પૈસા સંસારના છકાયના આરંભ-સમારંભમાં જ વાપરશે. આમ આ ઉપકરણ, અધિકરણ બની ગયું.

જેની પાસે પહેરવા માટે અમારા જેવાં વસ્ત્ર કે ખાવા માટે અન્ન-પાન પણ નથી તેવી દયનીય પરિસ્થિતિમાં છે, તેવો કોઈ ગરીબ માણસ અમારી પાસે ખાવાનું કે વસ્ત્ર આદિ માંગે તો પણ અમારો આચાર તેને અનુકંપાદાનરૂપે આપવાનો નથી, કારણ તે ધર્મોપકરણ છે. સામાન્ય સંજોગોમાં તે ગૃહસ્થને આપવાથી તે અધિકરણ (હિંસાનું સાધન) થશે. સાધુ પોતાની પ્રાથમિક જરૂરિયાતનાં સાધનો પણ અહિંસક પદ્ધતિથી મેળવે છે, ઉપયોગ પણ અહિંસક પદ્ધતિથી કરે છે ને નિકાલ પણ અહિંસક પદ્ધતિથી જ કરે છે. ક્યાંય પણ દોષ ન લાગે તે રીતે વર્તવાનું છે. લેવા માટે સાધુને એષણા સમિતિ, વાપરવા માટે આદાનભંડમત્તનિક્ખેવણા સમિતિ અને નિકાલ માટે પારિષ્ઠાપનિકા સમિતિ છે. ટૂંકમાં ક્યાંય પણ કોઈ પણ રીતે કોઈ જીવની

વિરાધના ન થવી જોઈએ, તે જ લક્ષ્ય છે. અને જો અમે ગૃહસ્થને અમારી કોઈ પણ વસ્તુ વાપરવા આપીએ એટલે તે ઉપકરણ અધિકરણ જ થવાનું. છતાં પ્રભુએ બ્રાહ્મણને વસ્ત્ર આપ્યું તેમાં તેનાં દુઃખ-દર્દ દૂર કરવાનો નહિ પરંતુ તેને ધર્મ પમાડવાનો જ આશય હતો. વસ્ત્રદાન કરવાથી એક જીવ મોક્ષમાર્ગે ચડશે, એટલે તેનાથી અનેકગણી અહિંસાની વૃદ્ધિ ફેલાશે. આમ, આશય શુદ્ધ છે; માટે બ્રાહ્મણને દાનમાં આપેલ વસ્ત્ર પરંપરાએ અધિકરણ ન બન્યું, પણ ધર્મનું સાધન બન્યું છે. બ્રાહ્મણને ગુણ પ્રગટાવવાનું સાધન બન્યું છે અને નવા નવા ગુણોની અભિવૃદ્ધિનું કારણ બન્યું છે. તમે એક જીવને સન્માર્ગની પ્રાપ્તિ કરાવો એટલે આગળ ભવોભવ સન્માર્ગની પ્રાપ્તિ થાય, ક્રમશઃ ઊંચી ભૂમિકાનો વિકાસ થાય. છતાં પણ આવી અનુકંપા સાધુ માટે અપવાદરૂપે જ છે.

સ્વ-પર હિતાર્થક પચ્ચક્ખાણનું પાલન કરીને પણ હિત ન થાય તો તે પચ્ચક્ખાણનું મહત્ત્વ નથી રહેતું. આ ગંભીર દૃષ્ટિકોણને સામે રાખીને જ જૈનશાસ્ત્રોમાં દૈનિક પચ્ચક્ખાણમાં પણ આગાર મૂક્યા છે. અમે જે પચ્ચક્ખાણો બોલીએ છીએ તે સમજો છો ખરા ? કે પછી મનમાં એમ છે કે આપણે પચ્ચક્ખાણ સાથે જ કામ છે ? તેના અર્થ સાથે શું કામ છે ? વળી પચ્ચક્ખાણ પણ ગુરુમુખે જ લેવાનાં છે; કારણ જે પ્રતિજ્ઞાબદ્ધ હોય તેના મુખે પ્રતિજ્ઞા લો તો તેનાથી પાલનનું બળ મળે છે. બાકી તો પચ્ચક્ખાણ બધાએ ભણવાનું છે અને અર્થથી સમજવાનું છે. ખાલી મહારાજ બોલે અને મહારાજ ભણે એવું અત્યારે તમારું માનવું છે; પણ તમે ભણો તો અમે શું બોલીએ છીએ તેની ખબર પડે. સર્વ પચ્ચક્ખાણોના પાલનમાં સ્વ-પરહિતનું એકાંત લક્ષ્ય હોવાથી જ પચ્ચક્ખાણમાં છેલ્લે "સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ" આગાર મૂકેલ છે. બધા ધર્મનું અંતિમ લક્ષ્ય સમાધિ છે. સમાધિ ન રહેતી હોય તો ગમે તેવાં વ્રત પાળવાનો મતલબ નથી. જો સમાધિ ન રહેતી હોય અને છોડી દો તો દોષ નથી, પણ આમાં અર્થનો અનર્થ નથી કરવાનો; સાચે સમાધિ ન જ ટકતી હોય તો જ આ કરવાનું છે. આત્મકલ્યાણ માટે જ મહાવ્રતો લીધાં છે. આત્મકલ્યાણ જો ઉત્સર્ગમાર્ગે ન થતું હોય અને અપવાદમાર્ગે થતું હોય તો તે પ્રમાણે કરવાનું. આ વાત સાપેક્ષ છે. સ્યાદ્વાદદૃષ્ટિ જોઈશે. **પોતાના આત્મકલ્યાણ અને બીજાના આત્મકલ્યાણ માટે રાજમાર્ગનો ત્યાગ કરે તો દોષ નથી, પણ સ્વાર્થ માટે કરે તો પૂરો દોષ છે.** યોગ્ય સાધનનો સદુપયોગ કરવા માટે આ દેખાતું ઉપકરણ અધિકરણ બનતું નથી. અપવાદમાર્ગે સાધુને અનુકંપા સાબિત

કરી, પણ રાજમાર્ગે નહિ; પ્રસંગવિશેષ તરીકે છૂટ આપી. એક દૃષ્ટાંતમાં દીક્ષા આપીને ખવડાવ્યું, જ્યારે બીજા દૃષ્ટાંતમાં દીક્ષા આપ્યા વગર પણ ભિક્ષા આપેલી, જે દૃષ્ટાંત આપણે કાલે જોયેલું. પરંતુ બંને જગ્યાએ અનુકંપા છે, ભક્તિ નથી; ભક્તિ તો ભક્તિપાત્ર બને પછી જ કરાય. આ બધા તર્કોથી એ સિદ્ધ થયું કે ગમે તેવો ધર્માત્મા ગૃહસ્થ હોય તો પણ સાધુ તેની વૈયાવચ્ચરૂપ ભક્તિ ન જ કરે, પરંતુ અનુકંપા કરે.

**સભા :-** વાસક્ષેપ તો નાંખે ને ?

**સાહેબજી :-** વાસક્ષેપ પણ નાંખતી વખતે શું બોલાય છે તે ખબર છે ? સંસારમાંથી તમારો નિસ્તાર થાઓ. અમારી એક એક પ્રવૃત્તિને સમજો તો ઘણા પ્રશ્નો દૂર થઈ જાય. તમને ગમે તેટલી તકલીફ હોવા છતાં અમે તો ચિત્તને સમાધિ રહે એવું જ કહીએ.

અમારો બનેલો એક કિસ્સો કહું છું. રસ્તા પર ચાલતા હોઈએ અને કોઈ માણસ પગે લાગે તો અમે 'ધર્મલાભ' કહીએ. એક દિવસ એક માણસ અમને રસ્તામાં પગે લાગ્યો અને અમે તેને ધર્મલાભ કહ્યું. તે વખતે રસ્તે જતો એક માણસ જે જૈનેતર પંડિત હતો, તેણે આ સાંભળી અમને પૂછ્યું કે, આપે આમને શું કહ્યું ? ને તેનો અર્થ શું થાય ? ત્યારે અમે તેને સમજાવ્યું કે, અમે તેમને આશીર્વાદ આપ્યા કે તમને જીવનમાં પવિત્ર ધર્મનો લાભ થાઓ. પંડિત પણ ભણેલો ને વિચારક હતો, તેથી આ જવાબ સાંભળી ખુશ થયો. પરંતુ અમે તમને આ આશીર્વાદ આપીએ છીએ તે આશીર્વાદનો તમને ખપ છે ખરો ? કે બીજી વસ્તુઓનો ખપ છે ? તમને જીવનમાં ધર્મ ન મળે તો તમને ભલે ચિંતા નથી, પણ અમને ચિંતા છે. અમારી કરેલી ચિંતા તમને ગમશે ? કે એમ કહેશો કે અમારી જે ચિંતા કરવા જેવી છે, તે સાહેબ ! તમે નથી કરતા ?

**સભા :-** અમારી લીલીવાડી રહે તેવું કરી આપો.

**સાહેબજી :-** આનો અર્થ તો એ જ થયો કે અમે જે આશીર્વાદ આપીએ છીએ તે તમને નથી જોઈતા. અમે જે વાક્ય બોલીએ છીએ તે તમે સમજ્યા વગર સાંભળો છો, પણ તમે તેનું તત્ત્વ સમજો તો સાધુ પ્રત્યે તમને અહોભાવ થાય જ.

## સાધુને ગુપ્ત ગોચરી-પાણીનું રહસ્ય :

આગળના અનુસંધાનમાં પ્રશ્ન એ થાય કે, ધર્મની દૃષ્ટિએ અનુકંપા કહી છે તે બરાબર, પણ આનાથી તો પુણ્ય જ બંધાય ને ? આ અત્યંત ગંભીર વાત છે. દયા-દાન દ્વારા પુણ્ય જ બંધાય, અને પુણ્યનું ફલ શું ? સંસારમાં ભોગસામગ્રી જ મળે. આ બધું પુણ્યથી જ મળે છે, જ્યારે સાધુએ તો આનો ત્યાગ કર્યો હોય છે. હવે આ પુણ્યપ્રવૃત્તિ દ્વારા જે મળે છે તે ભોગવતાં પાપ જ બંધાશે અને પછી પાપથી દુર્ગતિ અને તેનું ફળ ભવની પરંપરા.

એક વખત દુર્ગતિમાં ગયા પછી પાછા ફરવા માટે પુણ્ય જોઈએ, જ્યારે દુર્ગતિમાં તેવા પુણ્યની પ્રાપ્તિનો લગભગ સ્કોપ જ નથી. એક વખત મનુષ્યમાંથી કૂતરાના ભવમાં ગયા પછી કૂતરાની નજર આખો દિવસ ક્યાં હોય ? સવારથી સાંજ સુધી ખાવા માટે કબૂતર-ઉંદર આદિને મારવાની જ વૃત્તિ હોય. વળી એક શેરીના કૂતરાને બીજી શેરીના કૂતરા માટે અસહિષ્ણુતા અને દ્વેષ પણ ઘણો હોય. આમ, તે આખી જિંદગી સંક્લિષ્ટ કષાયો કરીને પ્રાયઃ મર્યા બાદ કૂતરાથી પણ નીચલી યોનિમાં જ જાય. કૂતરાને મરીને કૂતરું થવું પણ દુષ્કર છે; કેમ કે પાંચે ઇન્દ્રિય અને મનથી પરિપૂર્ણ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ એવા કૂતરાનો ભવ મેળવવા માટે પણ પર્યાપ્ત પુણ્ય જોઈએ, જે શુભભાવથી જ જન્ય છે. આમ, એક વખત દુર્ગતિમાં ગયા પછી પ્રાયઃ કરીને હલકા-હલકા દુર્ગતિના ભવોની પરંપરા જ થાય. એના એ જ ભવમાં ટકી રહેવા માટે જોઈએ તેટલું પુણ્ય પણ દુર્ગતિમાં બાંધવું દુર્લભ છે. ટૂંકમાં, દયા-દાનથી એક વખત પુણ્યબંધ અને તેનાં ફલસ્વરૂપે સંસારની ભોગસામગ્રી, જેના ભોગવટાથી અવશ્ય પાપબંધ ને પાપબંધથી દુર્ગતિ દ્વારા ભવપરંપરા. આ ક્રમને લક્ષ્યમાં રાખી માત્ર દ્રવ્યઅનુકંપાથી પ્રાપ્ત થતો કોસે પુણ્યબંધ સાધુને અભિપ્રેત નથી.

વળી પ્રશ્નકાર નવી દલીલ કરતાં કહે છે કે પુણ્યબંધપ્રધાન ધર્મ સાધુને માટે નથી, સાધુને તો નિર્જરાપ્રધાન ધર્મ કહ્યો છે. સાધુ માટે આવી અનુકંપાની પ્રવૃત્તિ કરવાનું પ્રયોજન રહેતું નથી. તેથી સાધુને ગોચરી પણ ગુપ્ત રીતે વાપરવાની કહી છે. પાણી વાપરતી વખતે પણ કપડું આડું રાખવાનું કારણ, તમે કંઈ અછૂત નથી કે તમારી નજર પડવાથી અમારું કંઈ બગડી જતું નથી; છતાં સાધુ જો જાહેરમાં ગોચરી-પાણી વાપરે અને તે વખતે કોઈ ભૂખ્યો-તરસ્યો, દીન-દુઃખી કે અનાથ આવી ચડે;

અને અમને વાપરતા જોઈને અમારી પાસે ખાવાનું માંગે, ત્યારે અમે જો અમારું ખાવાનું અનુકંપાબુદ્ધિથી આપીએ તો અમને પુણ્ય બંધાય, અને ના પાડીએ તો તેને દુઃખ થાય; સાથે તેને સાધુ પ્રત્યે દ્વેષ પણ થઈ શકે, અને દ્વેષથી તે કર્મ બાંધે. આમ બંને રીતે નુકસાન છે. આપીશું તો પુણ્યકર્મ બંધાય ને ન આપીએ તો સામેનાને પીડા થાય.

વળી અહીં કોઈ સાધુ એમ વિચારે કે મેં તો ગોચરી વાપરી, ભૂખ્યા-અનાથને ન આપવા છતાં મેં કોઈ પીડા કરી નથી, તેને પોતાની મેળે પીડા થાય તો હું શું કરું? તેના ઉત્તરમાં ગ્રંથકાર કહે છે કે "છતી શક્તિએ દુઃખનો પરિહાર ન કરો, ઉપેક્ષા કરો તો પણ પાપ લાગે." એટલે આપીને પુણ્ય જોઈતું નથી ને ન આપીને પાપ કરવું નથી. આ કારણે જ અમે ગોચરી ગુપ્ત રીતે વાપરીએ છીએ. સાધુના નાનામાં નાના આચાર પાછળ પણ સૂક્ષ્મ રહસ્ય હોય છે.

## સાધુને પુણ્ય ઈષ્ટ નથી તો તેને અપવાદિક અનુકંપાદાન પાછળનું રહસ્ય શું?:

સાધુ કોરા પુણ્યનો ઇચ્છુક નથી, તેનાથી ભવની પરંપરા સર્જાય તે તેને મંજૂર નથી, કેમ કે સાધુએ સંસારમાંથી પાર ઊતરવા જ સંસાર છોડ્યો છે. પાપ અને પુણ્ય બંનેનો ક્ષય થયા વગર મોક્ષ પ્રાપ્ત થતો નથી, માટે તીવ્ર સંવિજ્ઞ સાધુને પાપની જેમ પુણ્ય પણ જોઈતું નથી. હવે એક બાજુ પુણ્ય જોઈતું નથી કેમ કે તેનાથી ભવની પરંપરા સર્જાય છે અને બીજી બાજુ સાધુને અપવાદે અનુકંપાદાનધર્મ બતાવ્યો કે જેનાથી પુણ્ય બંધાય તો પછી આ વિધાનમાં રહસ્ય શું?

**અહીં રહસ્ય એ છે કે ભગવાને જે વસ્ત્રદાન કર્યું, કે આર્યસુહસ્તિસૂરિજીએ જે અનુકંપાદાન કર્યું તે અપવાદિક ધર્મમાં ક્યાંય દ્રવ્યદયાની બુદ્ધિ નથી, પણ ધર્મ પમાડવાની અને આત્મહિતની જ બુદ્ધિ છે. તેથી તેઓ આ દાન કરીને કોરું પુણ્ય બાંધતા નથી, પણ પુણ્યાનુબંધીપુણ્ય જ બાંધે છે; જે પુણ્ય સંસારમાં રખડાવનારું નથી, પરંતુ મોક્ષમાર્ગમાં સહાયક છે. માટે જ તમે પાંચ રૂપિયા જેવી નાની રકમનું દાન પણ એવા શુભ ભાવથી કરો કે જેનાથી પુણ્યાનુબંધીપુણ્ય બંધાય. કારણ કે કોરું પુણ્ય તો ૯૯% આગળ બતાવેલ પ્રક્રિયાથી સુખસંપત્તિ મેળવી આપીને પ્રાયઃ દુર્ગતિનું જ ફલ આપશે.**

**સભા :-** અપેક્ષા વગર નિઃસ્વાર્થભાવે દયા-દાન વગેરે કરીએ તો પુણ્યાનુબંધીપુણ્ય બંધાશે ?

**સાહેબજી :-** ના, એવો કોઈ નિયમ નથી. દા.ત. કોઈ ડૉક્ટર વગર પૈસે ગરીબ દર્દીઓની સારવાર કરે છે, પણ તે આત્મા, પરલોક, પુણ્ય, પાપ આદિ કંઈ જ માનતો નથી, અર્થાત્ કે તે નાસ્તિક છે, તેથી તેને નિઃસ્વાર્થભાવે કરેલ અનુકંપાદાનથી પણ પુણ્યાનુબંધીપુણ્ય નથી જ બંધાતું. પુણ્યાનુબંધીપુણ્ય બાંધવા આસ્તિકતા-વૈરાગ્ય-વિવેક આદિ પાયાના અનેક ગુણો અપેક્ષિત છે, ખાલી નિઃસ્વાર્થભાવ પર્યાપ્ત નથી.

## પુણ્યાનુબંધીપુણ્ય માટે વૈરાગ્ય-વિવેકની અનિવાર્યતા :

**સદ્ગુણો અને સદાચારથી પુણ્ય બંધાય છે, પણ તે પાપાનુબંધીપુણ્ય હોય તો આત્મા માટે ભારે જોખમ છે. તેથી જ જીવનમાં ફક્ત સદાચાર, સત્પ્રવૃત્તિ કરો કે સદ્ગુણો કેળવો તે પર્યાપ્ત નથી. માટે જ પુણ્ય બાંધતાં વિચારો કે તમે કેવી જાતનું પુણ્ય બાંધો છો. અપેક્ષા વગર શુભ કામ કરીએ એટલે પુણ્યાનુબંધીપુણ્ય બંધાય તે ભ્રમ છે. જેમ સુપાત્રને દાન આપો તેથી પણ પુણ્યાનુબંધીપુણ્ય જ બાંધો તેવો નિયમ નથી, તેમ દીન-દુઃખીને દાન આપતાં પાપાનુબંધીપુણ્ય જ બાંધો એવો પણ એકાંતે નિયમ નથી; બંને જગ્યાએ ભગવાનની આજ્ઞા મુજબ દાન આપો તો પુણ્યાનુબંધીપુણ્ય બંધાય, પછી ભલે સુપાત્રદાન હોય કે અનુકંપાદાન હોય. એકલો શુભભાવ હોય તો માત્ર પુણ્ય બાંધો, પણ તેમાં વિવેક-વૈરાગ્ય ભળે તો જ પુણ્યાનુબંધીપુણ્ય બંધાય છે.**

## શુભપ્રવૃત્તિ પણ ભાવ અશુભ હોય તો પાપબંધ થાય :

વળી શુભપ્રવૃત્તિ પણ જો અશુભ ભાવથી કરો તો પુણ્ય પણ ન બંધાય, પાપ જ બંધાય. જેમ કોઈ વ્યક્તિ અન્નક્ષેત્રો ચલાવે, પ્રાણીદયાનું કામ કરે, દેરાસરો બંધાવે, સાધુ-સાધ્વીની ભક્તિ કરે, આવી દાન તથા પરોપકારની શુભ પ્રવૃત્તિઓ કરે પણ અંદર ભાવ અશુભ જ હોય, જેમ કે પોતાની વાહવાહ થાય, નામના-મોભો વધે, tax exemption-ટેક્ષરાહત વગેરે ભૌતિક લાભો મળે. અત્યારે ઘણા સુખી માણસો ટ્રસ્ટ કરી ડોનેશન આપે છે ને વ્યક્તિગત જશ મેળવે છે, પાછા વિચારે છે કે અહીં

દાન નહીં આપીએ તો આમેય આ પૈસા સરકાર જ લઈ જવાની છે, એના કરતાં દાન આપીને નામના-જશ-કીર્તિ મેળવી લઈએ. જો કેવળ આવા ભાવ હોય તો સત્પ્રવૃત્તિ પણ અશુભભાવથી કરે છે માટે પાપ બંધાય છે.

ફોરેનમાં honesty is the best policy- પ્રામાણિકતા એ શ્રેષ્ઠ નીતિ છે એવું સૂત્ર છે. જીવનભર વ્યાવસાયિક કારકીર્દિ માટે નીતિ પાળે, પ્રામાણિકતા જાળવે, પણ ઉદ્દેશમાં અશુભભાવ છે. કારણ કે તે નીતિ દ્વારા જામેલી નામનાથી વેપાર વધે, નફો વધે, જેથી સંપત્તિ દ્વારા જીવનમાં મનગમતા ભોગો ભોગવી શકાય. આને બદલે શુભભાવથી નીતિ પાળવી હોય તો વિચારવું પડે કે મને કોઈ છેતરે તો મને દુઃખ થાય છે, તેમ હું બીજાને છેતરું તો તેને પણ દુઃખ થાય. વળી કોઈની પાસેથી અણહક્કનું મારાથી લેવાય નહીં. માનવ તરીકે નીતિ પાળવી મારી ફરજ છે. આવા સદ્ગુણના પરિણામથી નીતિ પાળે તો પુણ્ય બંધાય. પરંતુ પુણ્યના અનુબંધ માટે માત્ર આટલો શુભભાવ પર્યાપ્ત નથી. તે માટે તો સામાજિક નીતિ જાળવીને મેળવેલું ધન પણ અસાર છે. વળી તે ધન કમાવાના દરેક વ્યવસાયમાં અન્ય જીવસૃષ્ટિ પ્રત્યેની અનીતિ તો ચોક્કસ સમાયેલી છે. તેથી સંપૂર્ણ નૈતિકતા નથી. છતાં લોભ આદિને પરવશ હું ધન કમાવાની પ્રવૃત્તિ કરું છું, જેમાં માનવીય નીતિ તો અવશ્ય જાળવું. આવા દૃષ્ટિકોણવાળા જીવને જિનાજ્ઞા, વૈરાગ્ય આદિ ભાવો હોવાથી નીતિ પાળવા દ્વારા પુણ્યનો અનુબંધ પડે.

## સાધકે સંસારપોષક પુણ્યથી ડરવાનું છે :

**સ્વાર્થબુદ્ધિથી દાન કરીએ તો પાપ બંધાય, નિઃસ્વાર્થબુદ્ધિથી કરીએ તો પુણ્ય બંધાય; જ્યારે ભગવાનની આજ્ઞા અનુસારે વૈરાગ્ય-વિવેક આદિથી કરીએ તો પુણ્યાનુબંધીપુણ્ય બંધાય. આમ, બધાં જ પુણ્ય આત્મહિતનાં પોષક છે તેવું નથી, પણ ઘણાં પુણ્ય સંસારપોષક છે, જે ઘાતક છે. તેથી જ આવા પુણ્યથી ડરવાનું છે. સાધુને કે શ્રાવકને આવાં પુણ્ય બંધાવનાર દાનાદિ સત્કાર્યો પણ કરવાનાં નથી.** પુણ્ય સંસારવર્ધક છે તેના સચોટ દૃષ્ટાંત તરીકે અત્યારના સત્તાધીશો છે. તેઓએ પૂર્વભવમાં સત્કાર્યો દ્વારા આવું સંસારવર્ધક પુણ્ય બાંધેલું. તે પુણ્યના વિપાક દ્વારા આ ભવમાં તેમને સત્તા-સંપત્તિ, હોશિયારી, દાવપેચ કરવાની આવડત વગેરે બધું મળ્યું. પણ આ બધાથી આવતા ભવોમાં તેઓના આત્માનો કચ્ચરઘાણ નીકળી જશે. આમ, શુભ અનુબંધ વગરનું પુણ્ય જ તેમને માટે જોખમી બન્યું. તેમના

સદ્‌ગુણો-સદાચાર-સત્પ્રવૃત્તિ શુભભાવ તેમને પરંપરાએ નુકસાનકારક થયા. આથી વિચારવાનું કે બધા સદ્‌ગુણો કે પુણ્ય આત્મા માટે લાભકારી નથી. તેથી સદ્‌ગુણો પણ આત્માનું એકાંતે કલ્યાણ જ કરે તેવું નથી. ઘણા સદ્‌ગુણો આત્માનું અહિત કરનારા હોય છે.

## કોઈપણ પ્રવૃત્તિમાં ભાવની અને અનુબંધની શુભાશુભતાનો પહેલાં વિચાર કરો :

જ્યાં સુધી આત્મામાં અવિવેક છે, ગાઢ મિથ્યાત્વ છે, ત્યાં સુધી સદ્‌ગુણો સાચા અર્થમાં સદ્‌ગુણો નથી બનતા. (૧) નિરનુબંધ પુણ્ય, (૨) પાપાનુબંધીપુણ્ય અને (૩) પુણ્યાનુબંધીપુણ્ય ત્રણે જુદાં છે. તેથી મોક્ષમાર્ગની સાધનામાં સહાય કરે તેવું પુણ્ય કઈ રીતે બંધાય તે ચોક્કસ સમજવું પડશે.

કોઈ પણ શુભ પ્રવૃત્તિ કરતાં પહેલાં વિચારો કે આ પ્રવૃત્તિમાં શુભ ભાવ કેટલો છે અને અશુભ ભાવ કેટલો છે ? તેનાથી મને પુણ્ય બંધાશે કે પાપ બંધાશે ? શુભભાવથી પુણ્ય ને અશુભભાવથી પાપ બંધાશે. સાથે વિચારવાનું કે આ પુણ્ય અને પાપ અંતે કેવું પરિણામ લાવશે ? તેમાં અનુબંધ કેવો પડે છે ? પાપનો કે પુણ્યનો ? ફક્ત જો પાપનો જ અનુબંધ પડતો હોય તો પુણ્ય બાંધવા છતાં ગભરાવાનું છે, રાજી થવાનું નથી.

ધર્મ જાગ્રતિ સાથે કરવાનો છે. ફક્ત શુભભાવ કરીને ધર્મ કરી લીધો તેથી બેડો પાર, એવું નથી. શ્રાવક જીવનમાં પણ નાનામાં નાનું કામ એવી રીતે કરો કે પુણ્યાનુબંધીપુણ્ય બંધાય.

પુણ્યથી જે શક્તિ મળે તેનો સદુપયોગ કરવામાત્રથી પુણ્યાનુબંધીપુણ્ય બંધાય તેવું નથી. તેનો ખુલાસો આગળ આવશે.

# ૨૦

તા. ૧૫-૮-૯૪, સોમવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા ઊંચા પુણ્યનો બંધ કરાવનારા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## સાવધાની ત્યાં જરૂરી છે જ્યાં પુણ્ય પણ પાપનું સાધન બની દુર્ગતિની પરંપરા સર્જે છે, અને આ ઊંડી વાત માત્ર જૈનધર્મ જ સમજાવે છે :

આ સંસારમાં કર્મના પુણ્યકર્મ અને પાપકર્મરૂપ બે ભેદ છે. બધા જ ધર્મો આત્માને સ્વીકારે છે, કર્મનો સિદ્ધાંત પણ સ્વીકારે છે. વળી એકલા કર્મની વાત કરે છે તેવું નથી, તેમાં શુભ અને અશુભનું વર્ગીકરણ પણ કરે છે.

દુઃખ પાપકર્મથી આવે અને સુખ પુણ્યકર્મથી આવે, એ વિશે ધર્મો વચ્ચે કોઈ વિવાદ નથી. સર્વ ધર્મશાસ્ત્રો આમ જ કહે છે. આ સહેલાઈથી સમજાય તેવી સ્પષ્ટ વાત છે, પણ જૈનધર્મ કાંઈક ઊંડી વાત કરે છે. પુણ્યથી પણ મળેલાં સંસારનાં ભોગસુખો રસપૂર્વક ભોગવો એટલે પાપ બંધાય. આમ, પુણ્ય પણ પાપનું સાધન બન્યું.

ભોગસુખો પુણ્યથી મળ્યાં, પુણ્ય શુભ પરિણામ અને સત્પ્રવૃત્તિથી બંધાયું, જે આત્માએ પુણ્ય બાંધ્યું તે આત્માએ સદાચાર-સદ્‌ગુણો કેળવી તેના દ્વારા જ પુણ્ય ભેગું કર્યું અને અહીં ગુણોથી જ અંતે આત્માના પલ્લે પાપ પડ્યું. Stepwise-ક્રમબદ્ધ વિચાર કરો તો ધર્મ દ્વારા પુણ્ય મળ્યું, પુણ્ય દ્વારા ભૌતિક સામગ્રી મળી, ભૌતિક સામગ્રીથી પાપ બંધાયું અને પાપથી દુર્ગતિ મળી, દુર્ગતિથી ભવની પરંપરા. આમ, વિષચક્ર સંસારમાં ચાલી રહ્યું છે.

અત્યારે ૯૯% જીવો એવા પુણ્યના ઉદયવાળા છે કે જેઓ પુણ્યબળથી જ ભારેમાં ભારે કર્મો બાંધીને સંસારમાં રખડશે. ઓછા પુણ્યશાળી જીવો અશક્ત અને નબળા હોય. તેથી ઓછાં પાપ બાંધી શકે. પાપ કરવા પુણ્યના ઉદયની ભારે

જરૂર છે. પુણ્યથી જ પાપમાં સહાયક બુદ્ધિ, બળ, સત્તા-સંપત્તિ આદિ સર્વ મળે છે. જેને બુદ્ધિ જ નથી મળતી તે કાંઈ દાવપેચ ન કરી શકે.

બુદ્ધિશાળી વધારે લુચ્ચાઇ કરી શકે, બુદ્ધુ ન કરી શકે. જેટલા અનાચાર રૂપાળા કરશે, તેટલા અનાચાર કદરૂપા કરી શકવાના નથી. જેની પાસે પુણ્ય છે તેની પાસે જ દુષ્ટતા ને અનીતિ કરવાની તાકાત છે. પુણ્ય તાકાત આપે છે, સાધન-સામગ્રી આપે છે. આંખ મળી છે, તો આંખ દ્વારા પાપ થશે, જ્યારે આંધળાને તેમાં મર્યાદા આવી જશે. સંસારમાં ઓછા પુણ્યશાળી જીવો ખૂણામાં ચૂપચાપ બેઠા છે, તેઓ કશા જ ઉધામા કરતા નથી. ઓછામાં ઓછું પુણ્ય એકેન્દ્રિય જીવોને છે. તેઓ કોઈને કનડવા જતા નથી કે મોટો ત્રાસ આપતા નથી. જેટલી શક્તિ વધુ મળે તેટલો બીજાને વધારે ત્રાસ આપી શકશો. શક્તિમાત્રમાં પુણ્ય જ કારણ છે. પુણ્ય બંધાય છે ધર્મથી, પણ તે પોષક બને છે પાપનું. આમ પુણ્યપાપનું પરસ્પર પૂરક ચક્ર ચાલે છે. આમાંથી છૂટવા માટે ઉત્તમ પુણ્ય કેવી રીતે બાંધવું ? ને તેના ઉપાયો શું ? તે દષ્ટિ જીવનમાં આવવી જ જોઈએ.

## પાપાનુબંધીપુણ્ય ખતરનાક છે, પુણ્યાનુબંધીપુણ્ય હિતકારી છે :

શાસ્ત્રીય પરિભાષામાં પાપાનુબંધીપુણ્ય કદાચ બે-પાંચ ભવ સુધી હારમાળારૂપે ચાલે, પણ પછી અવશ્ય પાપની શૃંખલા ઊભી કરશે. તેથી પાપાનુબંધીપુણ્ય ખતરનાક છે, જ્યારે પુણ્યાનુબંધીપુણ્ય હિતકારી છે. જેને ફક્ત બંધની જ સમજ છે, તે કદી જૈનશાસનના કર્મવાદના મર્મને સમજી શકશે નહિ, અનુબંધની પણ સમજ જોઈશે; તો જ કર્મબંધનાં ખરાં રહસ્યો સમજી શકશે.

આપણા આત્માને ચોવીસે કલાક બંધ ચાલુ છે, તેમ ચોવીસે કલાક અનુબંધ પણ ચાલુ છે. અહીં બેઠાં બેઠાં પણ બંધ-અનુબંધ બંને આત્મામાં પડી રહ્યા છે. ઘડિયાળના કાંટાની જેમ ચોવીસે કલાક સતત ઊંઘમાં પણ કર્મનો બંધ-અનુબંધ અટકતો નથી. જેમ હૃદય સતત ઊંઘમાં પણ ધબકે છે તેમ કર્મનું તંત્ર ઊંઘમાં પણ ચાલુ જ છે.

ક્ષણક્ષણના અધ્યવસાય પ્રમાણે કર્મનો બંધ થાય છે. વર્તમાનમાં તમારા મનમાં જેવા શુભભાવ હોય છે તે પ્રમાણે પુણ્યબંધ અને જેટલા અશુભભાવ હોય તે પ્રમાણે પાપબંધ ચાલુ છે.

દા.ત. કોઈ વ્યક્તિ ભગવાનની પૂજા કરે તે શુભ પ્રવૃત્તિ છે. હોટેલમાં જઈ નાસ્તો કરે તે અશુભ પ્રવૃત્તિ છે. મોટા ભાગના જીવોને શુભ પ્રવૃત્તિ કરતાં શુભભાવ આવે છે. તેથી પૂજા કરતાં તેને પ્રાયઃ શુભભાવ હોય છે. પૂજા નિમિત્તે તેને પુણ્ય બંધાય છે, છતાં તે વખતે મનમાં સંસારના અવિરતિ આદિના અશુભભાવો સુષુપ્ત રીતે પડ્યા છે જે પાપ પણ બંધાવે છે.

જેમ કે પુણિયા શ્રાવકના દૃષ્ટાંતમાં તે વિધિપૂર્વક પૂજા કરે તે વખતે, તે કાંઈ ગમે તેવા પરિણામો કરશે નહિ, પૂજાની વિધિ અને ભાવો સાચવશે તો પણ તેને ત્યારે અવિરતિ નિમિત્તનો બંધ ચાલુ રહેશે. કારણ કે સંસારના મમત્વ આદિના પરિણામો આડકતરી રીતે મનમાં છે જ.

અરે ! હાલના નબળા ધર્માત્માઓને તો શુભ પ્રવૃત્તિમાં પણ અનેક વાર અશુભભાવ આવી જતા હોય છે. આમ, પૂજા કરતી વખતે પણ શુભ-અશુભભાવ આડકતરી રીતે અંદર પડ્યા જ હોય છે. જેમ કોઈ મધુર રાગપૂર્વક ભક્તિભાવથી પોતે સ્તવન ગાતો હોય, તે વખતે તેને મનમાં એમ થાય કે બધા મારું સ્તવન સાંભળે ને વાહવાહ કરે. જ્યારે ઘણાને એમ થાય કે હું ભક્તિ કરું છું ત્યારે બીજો ક્યાં ઘોઘાટ કરવા આવી ટપક્યો ? મને disturb (નડતર) કરશે. પાછા પોતે બીજાને disturb (નડતર) કરે તેનું કાંઈ નહિ. આ રીતે શુભ પ્રવૃત્તિઓમાં પણ એકાગ્રતા ન રાખો તો ડગલે ને પગલે અશુભભાવ આવી જ જતા હોય છે.

ઘણી વાર પૂજા કરતી વખતે મોડું થતું હોય ને પ્રક્ષાલ પણ કરવો હોય, ત્યારે ઘણા લાઈનની વચમાં ઘૂસી જાય. ફૂલ ચડાવતાં પોતાની પાસે ન હોય તો બીજાની થાળીમાંથી વગર પૂછે પણ લઈને ભગવાનને ચઢાવી દે અને પાછા પોતે માને કે મેં ફૂલપૂજા કરી. વાસ્તવમાં ભક્તિ એ કાંઈ પારકે પૈસે કે મફત કરવાની વસ્તુ નથી. ધર્મપ્રવૃત્તિમાં પણ આવા તો સેંકડો અશુભભાવ આવી જતા હોય છે.

**સભા :-** નાના બાળકને તો આ બધું ખબર ન પડે ને ?

**સાહેબજી :-** નાના બાળકને તો ધર્મપ્રવૃત્તિ તેના આત્મા પર સંસ્કાર પડે માટે જ કરાવવાની છે.

**સભા :-** જાણી જોઈને નહિ પણ અજાણતાં અશુભ ભાવ થઈ જાય તો ?

**સાહેબજી :-** જાણી જોઈને કરીએ તો જ પાપ બંધાય તેવો નિયમ નથી. જાણ્યા વગર પણ અશુભભાવ થાય તો પાપ બંધાય છે. અશુભભાવ પણ વિચારપૂર્વક કે

ઈરાદાપૂર્વક કરો તો જ પાપ બંધાય એવું નથી. પરંતુ તમારા અંદરમાં રહેલી અશુભ ભાવની વૃત્તિના કારણે વગર વિચારે પણ પાપ બંધાય છે.

**સભા :-** કોઈ પરમાત્માને ચઢાવવા માટે ફૂલ આપે તો લેવાય ?

**સાહેબજી :-** પરમાત્માને ચઢાવવા માટે જે વ્યક્તિ ફૂલ આપે છે તે વ્યક્તિમાં ભક્તિનો શુભભાવ છે, પણ લેનારને તો એમ જ થવું જોઈએ કે ભક્તિ પરદ્રવ્યથી ન જ કરાય. તમે સંસારમાં ખાઓ છો, પીઓ છો અને હરોફરો છો, તે પોતાના પૈસાથી જ ને ? સમાજમાં મોભાદાર વ્યક્તિને કોઈ દયાથી એમ કહે કે તું જમવા મારા ઘરે આવજે, હું તને રોજ જમાડીશ, ત્યારે તેને સ્વમાન નડે ને ? તે વખતે તે બોલે કે હું કાંઈ ભિખારી છું કે મફતનું ખાઉં ? ધર્મમાં દયા-દાન-ભક્તિનાં કાર્યો તો પોતાની શક્તિથી ને પોતાના પૈસાથી કરવાનાં છે. દાનના અવસરે બાજુમાં ઊભેલી વ્યક્તિના ખીસામાંથી ૫૦૦ રૂપિયા લઈને દાન કરો તો તેને દાન ન કહેવાય. દાન પોતાના પૈસે જ કરવાનું છે. બીજાની વસ્તુથી ભગવાનની ભક્તિ કરવાથી તમને શું લાભ થાય ? ભક્તિ પોતાના પૈસાથી કરો તો જ લાભ થાય.

**સભા :-** અત્યારે તો ઘણા પારકા પૈસે દાન કરીને પાછા માને કે મેં દાન કર્યું !

**સાહેબજી :-** શક્તિ હોવા છતાં જેને આપવાની તૈયારી નથી, તેને અંતરાયકર્મ બંધાય. વળી પરાણે પણ દાન કરાવાય નહિ. અંદરના સારા ભાવ સાથે સારા કામમાં જ આ પૈસો જવાનો છે, એમ વિચારીને દાન આપો તો પુણ્ય બંધાશે. આના બદલે દાનના અવસરે મનમાં એમ વિચારો કે આ લપ ક્યાં ગળે પડી ? માટે છૂટકારો કરવા થોડું દાન આપો તો પાપ જ બંધાય.

**સભા :-** કોઈ જાત્રા કરવા જાય તે વખતે બીજા કહે કે મારા વતી આટલી ભક્તિ કરજો, તો તેને પહોંચે ?

**સાહેબજી :-** હા, કરાવણરૂપે પહોંચે. તમે જાત્રા કરવા જાઓ ત્યારે તમને કોઈ પોતાના વતી સત્કાર્ય-ભક્તિમાં પૈસા આપીને વાપરવાનું કહે તો તે વાત સ્વીકારી શકાય. પણ કોઈના વતી સત્કાર્ય-ભક્તિ કરવાનો વિધિ એ છે કે (દા.ત.) જ્યારે એના વતી ૧૦૦ રૂપિયાનાં ફૂલ ચઢાવતા હો, ત્યારે મોટેથી કહેવાનું કે આનો લાભ અમુક વ્યક્તિને મળજો.

**સભા :-** ધર્મસ્થાનકમાં પણ સંસારનાં સગાં-વહાલાંને યાદ કરાય ?

**સાહેબજી :-** અહીં સગાં-વહાલાં તરીકે નહીં પણ લાભ લેનાર સાધર્મિક તરીકે યાદ કરવાનાં છે. સામાન્ય સાધર્મિકે પણ સત્કાર્ય-ભક્તિ માટે કાંઈક આપ્યું હોય તો તે પ્રવૃત્તિ કરતાં તે વ્યક્તિને યાદ કરવાનું શાસ્ત્રમાં કહ્યું છે. મફતમાં લાભ લેવાની ઈચ્છા જ નથી રાખવાની. જેણે તમને ચઢાવવા આપ્યું છે તેના વતી જ તમારે અર્પણ કરવાનું છે. બીજાના વતી આંગી હોય ત્યારે પણ નામ એનું જ આપવાનું, મફતનો જશ ન જ લેવાય. મહાપુરુષોએ ધર્મ કરતાં એકપણ ખરાબ વૃત્તિ મનમાં ઘૂસી ન જાય તેની ખાસ તકેદારી રાખવાનું કહ્યું છે.

## સુકૃતઅનુમોદનના ભાવથી મરણોત્તર પણ લાભ :

**સભા :-** કોઈ will (વસિયતનામું) કરે તેમાં લખે કે આટલું મારા વતી કરજો, તો તેનો લાભ તે વ્યક્તિને પહોંચે?

**સાહેબજી :-** ચોક્કસ પહોંચે, પુણ્ય-પાપનો બંધ ફક્ત સ્વયં પ્રવૃત્તિ કરવાથી જ નથી થતો, પરંતુ કરણ-કરાવણ-અનુમોદન આદિના ભાવથી પણ થાય છે. મરી ગયા પછી તેની ઈચ્છા પ્રમાણે લાખ રૂપિયા દાનમાં વપરાયા, તો તે લાખ રૂપિયા સીધા તેને પહોંચવાના નથી, પણ મરનાર વ્યક્તિને જો દાનનો શુભભાવ હોય તો ચોક્કસ પુણ્યરૂપે લાભ મળે. ક્રિયા તો ભાવનું સાધન છે, ભાવ તેનું ફળ છે. પુણ્યબંધ કે પાપબંધની મૂળભૂત આધારશિલા તો ભાવ જ છે.

અરે ! ધર્મી માબાપે will-વસિયતનામું ન કર્યું હોય તો પણ, જો સારાં સંતાન હોય તો તેમની પાછળ બની શકે તેટલાં સારાં ધર્મઅનુષ્ઠાન કરે. પિતાના નામથી દાન આપે કે સત્પ્રવૃત્તિ કરે તો તે પિતાના જીવને અત્યારે ભલે ખબર નથી, છતાં કોઈક વખત પણ તેમને જો જ્ઞાનથી ખબર પડે તો રાજી થાય તેવું માનસ હોય તો નક્કી થાય છે કે તેમને unconsciously-અજાગ્રતપણે મનમાં અનુમોદનાનો ભાવ પડ્યો છે, તેથી તેમની પાછળ થયેલ સત્કાર્યનો લાભ તેમને પુણ્યરૂપે પરલોકમાં પણ મળે. વળી ભાવ ન હોય તો કરોડો ખર્ચો તો પણ લાભ ન મળે. જેમ કે નાસ્તિક માબાપ ધર્મી ન હોવાને કારણે તેમની પાછળ કદાચ ધર્મી દીકરો ઉદારતાથી ખરચે તો દીકરાને ભાવ પ્રમાણે કર્યાનો લાભ મળે, પણ તેના માબાપને કરાવણ કે અનુમોદનારૂપે કશાનો લાભ ન મળે.

**પૂ. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાનું માતાસાધ્વીજીને નિર્યામણા કરાવતી વખતે સાડા ત્રણ ક્રોડ શ્લોક પ્રમાણ શાસ્ત્રરચનાનું દાન:**

અમારે ત્યાં શિષ્યો પણ ગુરુના આત્મશ્રેયાર્થે ઘણું કરે છે. પ. પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિજીનાં સંસારી માતુશ્રી પાહિણીદેવીને દીક્ષા લેતી વખતે પતિના વિરોધના કારણે દીક્ષા મોડેથી થયેલી, વયોવૃદ્ધ ઉંમરના કારણે જ્યારે તેમનો અંતસમય આવ્યો ત્યારે નિર્યામણા કરાવતાં પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે કહ્યું કે હું તમારા આત્મશ્રેયાર્થે સાડા ત્રણ ક્રોડ શ્લોક પ્રમાણ શાસ્ત્ર રચીશ, આટલો જાપ કરીશ. સંઘે પણ કરોડોના જાપનો સંકલ્પ જાહેર કર્યો. ઉપકારીના આત્મશ્રેયાર્થે આરાધના કરે તો કરનારને પણ કર્યાનો લાભ મળે અને જેના નિમિત્તે કરે છે તેને અનુમોદનાનો લાભ મળે.

તમે કોઇના નિમિત્તે ફૂલ ચઢાવો તે વખતે આ ફૂલનો લાભ આપનાર વ્યક્તિને મળો તેવો મનમાં ભાવ હોય તો આપનારને પણ લાભ મળે અને તમને પણ લાભ મળે. મફતમાં જાતે જ લાભ-જશ ખાટી જવાનો ભાવ આવે તો તે મલિન વૃત્તિ છે. ધર્મપ્રવૃત્તિમાં શુભભાવ હંમેશાં જાળવવો જોઈએ..

ઉપાશ્રયમાં ૫ લાખ રૂપિયાનો હોલ હોય, તમે સવાલાખનું જ દાન કરો ને હોલની તકતી પર તમારું સંપૂર્ણ દાતા તરીકે નામ લખાવો તો તેનો અર્થ એ જ થાય કે બાકીના પોણા ચાર લાખનો બીજાનો જશ તમારે ખાટી જવો છે.

**સભા :-** અત્યારે તો લોટરી કાઢે છે.

**સાહેબજી :-** તે તો ઘોર અપ્રામાણિકતા છે. ૫૦૦-૧૦૦૦ રૂપિયા આપીને બધો જ જશ મફતમાં ખાટી જવાની વૃત્તિ છે. વળી જુગારી મનોવૃત્તિ છે. ધર્મસ્થાનક જેવા પવિત્ર ક્ષેત્રોમાં આવી પદ્ધતિઓ લાવો એટલે દાન આપીને પણ પાપ બંધાશે. જો ૫ લાખના ઉપાશ્રયમાં સવા લાખનું દાન આપીને નામ લખાવો તો તેમાં પણ શુભભાવ ઓછો છે ને અશુભભાવ વધારે છે, તો પછી ૫૦૦ કે ૧૦૦૦ રૂપિયાની લોટરી દ્વારા ૫ લાખના ઉપાશ્રય પર તકતી લગાડાવવામાં કેટલો અશુભ ભાવ આવે તે તમે જાતે જ વિચારી લો !

તમારી શક્તિ અનુસાર જ દાન કરો, અને શક્તિ ન હોય તો અમે દાનનો આગ્રહ નથી રાખતા. અમે અત્યંત ગરીબ શ્રાવક હોય તો તેને પૂજા કરવાનો નિયમ

પણ ન આપીએ; કારણ કે પ્રભુભક્તિ સ્વદ્રવ્યથી કરવાની છે. તેવી શક્તિ ન હોય તો પારકે પૈસે પૂજા નથી કરવાની. જો શક્તિ હોય તો ઠાઠથી જ પૂજા કરવાની છે. તેવી શક્તિ ન હોય તો એક જ ભગવાનની પૂજા કરવાની, તે શક્તિ ન હોય તો એક ભગવાની પણ નવ અંગે પૂજા ન કરતાં એક અંગે જ પૂજા કરવાની અને એક અંગની પૂજા જેટલી પણ શક્તિ ન હોય તો પૂજા કરનાર બીજા શ્રાવકનાં કેસર-બરાસ વગેરે ઘસી આપવાં, જેથી તે શ્રાવક જ્યારે પૂજા કરે ત્યારે ઘસી આપનાર નિર્ધન શ્રાવકને કરાવણનો લાભ મળે.

## શ્રાવકનો સાચો વૈભવ તેની જિનભક્તિમાં જોવા મળે :

**સભાઃ**- અમે તો આખા વર્ષના પૈસા એક સાથે ટીપમાં લખાવીએ છીએ.

**સાહેબજી ઃ**- તમે ખર્ચ પ્રમાણે નથી લખાવતા તેથી જ સંઘમાં તોટો આવે છે. એક તો તમે સ્વદ્રવ્યથી પૂજા કરતા બંધ થયા અને પાછો વહીવટ પણ એવો ગોઠવ્યો કે જેથી 'સાધારણ ખાતા'ના ખર્ચાનો પાર ન રહે. ૨૦૦ ઘર વચ્ચે એક દેરાસર હોય છતાં પણ તેને સાચવવા તમારે પૂજારી રાખવો પડે છે.

**સભા ઃ**- તો દેરાસરમાં સાફસૂફી કરવાની જવાબદારી અમારી છે ?

**સાહેબજી ઃ**- હા, દેરાસરમાં સાફસૂફી કરવાની જવાબદારી શ્રાવકોની જ છે. તમને ભગવાનની ભક્તિનાં કામ કરતાં શરમ આવે છે ?

સંસારનું બધું ગદ્ધાવૈતરું કરવા ટાઈમ મળે છે, અને અહીં દેરાસર આવો ત્યારથી જ ઘડિયાળ જોયા કરો; કારણ પ્રભુ પ્રત્યે અંતરમાં હજુ સાચું બહુમાન પ્રગટ થયું નથી. સંસાર અંગે તમારામાં મૂળથી અનેક ગણો ઉલ્લાસ પડ્યો છે, જ્યારે પ્રભુના શાસન માટે ભોગ આપવામાં તમારામાં કેટલો ઉલ્લાસ છે તે વિચારવાનું છે. આવા ત્રણ લોકના નાથ, દેવાધિદેવ કે જેમની ભક્તિથી તમારાં ભવોભવનાં કર્મો તૂટે, તેમની ભક્તિ કરવાના પ્રબળ ઉલ્લાસો થવા જ જોઈએ. તે નથી થયા તેથી જ હજી રખડીએ છીએ.

મુરશીદાબાદમાં કેટલાયે ઠેકાણે કસોટી પથ્થરનાં ઘરદેરાસરો છે. પોતાનાં મોટાં ઘરદેરાસરો હોય, છતાં તેમાં તમને એકપણ પૂજારી ન મળે. વળી બંધાવનારના ઘરોમાં નોકરોનો પાર ન હોય. અરે ! એક વર્ષના ટેણિયા માટે પણ બે નોકરો હોય. આવા શ્રીમંતો હોવા છતાં પૂજા કરે ત્યારે ભગવાનના દાસ લાગે. તેમની પુત્રવધૂઓ

રાજઘરાનાની હોય, છતાં પણ દેરાસરનાં વાસણ માંજે, કચરો કાઢે. આમ, ત્રણ લોકના નાથની ભક્તિ જાતે કરવાની છે.

તમે ધાતુની પ્રતિમાને કઈ રીતે ઉપાડો ? કેટલાક તો બાવડેથી જ ઉપાડે છે. રમકડું ઊંચકતાં હોય તેમ લે છે. જ્યારે આ લોકો તો પ્રભુજીની પ્રતિમાને લેતાં પહેલાં જ પોતે અડધા વળી જાય. બહુમાન સાથે પ્રભુને બે હાથમાં લે. તેમના બાહ્ય વ્યવહાર પરથી જ ખ્યાલ આવે કે તેમને પ્રભુ પ્રત્યે અત્યંત બહુમાન છે. અત્યારે તો દિવસે દિવસે શ્રદ્ધા-ભક્તિ જ ઘટતાં જાય છે. તમારા ઘરના ખરચાનાં બજેટ કેટલાં? મહિને ૧૦, ૧૫ કે ૨૦૦૦૦ હશે, પણ પ્રભુની પૂજાનો ખર્ચ કેટલો ? અહીંની જ વાડકી લેવાની, પાણી જેવું કેસર પણ અહીંનું જ લેવાનું, ધૂપ-દીપ-ચામર વગેરે પણ અહીંનાં જ વાપરવાનાં. આમ, આખી પૂજા સંઘના દ્રવ્યથી કરો છો. જ્યારે સંસારના બધા વ્યવહાર તમારા મોભા પ્રમાણે કરશો, જરૂર પડે મોભાથી પણ વધારે કરો. **તમારી ખરી શ્રીમંતાઈ અમારે જોવી હોય તો તમારા સંસારના લગ્નાદિ પ્રસંગે જ જોઈ શકાય, જ્યારે સાચા શ્રાવકની શ્રીમંતાઈ ને વૈભવ તો તેની પૂજા કે ધર્મઅનુષ્ઠાન પરથી દેખાઈ આવે. ઘણાની પૂજા જોતાં એમ લાગે કે જાણે દરિદ્રનારાયણની પૂજા છે.** ઘરમાં દીકરાઓને કેસરવાળાં દૂધ પીવડાવવાં છે, જ્યારે અહીંયાં જ ભાવના થતી નથી. જેટલું કુટુંબ-કબીલા-પરિવારમાં પોતીકાપણું લાગ્યું છે તેવું અહીંયાં લાગ્યું નથી. બસ, આ જ મોટી ખોટ છે.

## પુણ્યાનુબંધીપુણ્યનું રહસ્યમય ધોરણ અને તેની શક્તિ :

પુણ્યના જેટલા પ્રકારો છે તેમાં બધાં જ પુણ્ય હિતકારી નથી. એકલા બંધને ન વિચારતાં અનુબંધ પણ વિચારવાનો છે. પુણ્ય બાંધનારો ઘણી વખત પાપનો અનુબંધ પાડે. પુણ્ય બાંધે એટલે પુણ્યનો જ અનુબંધ પાડે એવું નથી. જો બંધ અને અનુબંધનાં ધોરણ એક જ હોય તો તમને મજા પડી જાય. પણ તેવું નથી. સત્કાર્યથી પુણ્ય બંધાય, તે પુણ્યથી મળેલ સામગ્રીનો ધર્મમાં ઉપયોગ કરે, એટલે પાછું પુણ્ય બંધાય. પણ એટલામાત્રથી તે પુણ્યને પુણ્યાનુબંધીપુણ્ય ન કહેવાય. તેને માટે જુદું ધોરણ છે.

જેમ કે આપણે બધા આ માનવભવમાં આવ્યા, તે બીજા અનેક ક્ષુદ્ર ભવોમાં રખડી રખડીને આવ્યા છીએ. સૂક્ષ્મ નિગોદમાંથી બહાર આવ્યા પછી બાદર નિગોદ

બન્યા, બાદરમાંથી પ્રત્યેક વનસ્પતિ બન્યા, પછી બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય તેમ ક્રમશઃ ઉપર ઉપર ચડ્યા. વળી ચડતીનો આ જ ક્રમ સળંગ જળવાય તેવું નથી. ઘણી વખત એક જ યોનિમાં અસંખ્ય ભવ થયા પછી જીવ ઉપર આવે. આમાં ચઢઊતર પણ થાય. હવે સૂક્ષ્મમાંથી બાદર થયો તે પુણ્ય બાંધીને, એકેન્દ્રિયમાંથી બેઇન્દ્રિય થયો તે પણ પુણ્ય બાંધીને, ને બેઇન્દ્રિયમાંથી તેઇન્દ્રિય થયો તો તે પણ પુણ્ય બાંધીને. હવે બેઇન્દ્રિય કરતાં તેઇન્દ્રિય વધારે વિકસિત છે, પણ જો તે મળેલી શક્તિનો સદુપયોગ ન કરે તો ઉપર ન ચઢે, પણ નીચે જ જાય. એટલે મળેલી શક્તિનો ઉત્તરોત્તર સદુપયોગ કરીને જ ક્રમશઃ આપણે ચઉરિન્દ્રિયમાંથી પંચેન્દ્રિય-મનુષ્ય આદિ થયા. અર્થાત્ આપણે અનેક વખત પુણ્ય બાંધ્યું અને તેનો વારંવાર સદુપયોગ કર્યો ત્યારે જ માનવ સુધી પહોંચ્યા, છતાં એટલા માત્રથી જ આપણે પુણ્યાનુબંધીપુણ્યવાળા ન કહેવાઇએ.

પુણ્ય બાંધવાની શક્તિ પણ પુણ્યથી મળે. દા.ત. પૈસા વધારે કમાવા હોય તો ૫૦૦ રૂપિયાની મૂડીવાળા કરતાં ૨૫૦૦૦ની મૂડીવાળો વધારે કમાઇ શકે. જેમ કમાણી વધે, તેમ investment (મૂડીરોકાણ) વધારે કરી શકે. બસ, આ જ રીતે એક પુણ્યથી મળેલી શક્તિના સદુપયોગ દ્વારા નવા પુણ્યને બાંધી શકો, છતાં તે બંધમાત્ર છે, આમાં પુણ્યનો અનુબંધ નથી; કારણ કે આ પુણ્યની serial(ક્રમ) પણ ૫-૨૫ ભવ ચાલશે, ત્યારબાદ સંચિત પુણ્યથી મોજમજા કરી, પાપ બાંધી દુર્ગતિમાં ભવની પરંપરા સર્જશે. કેટલુંય પુણ્ય ભેગું કરીને તેનાથી ભારે શક્તિ-સામગ્રી મેળવીને, પછી તીવ્ર પાપ કરીને ઘોર દુર્ગતિમાં જ જશે. અર્થાત્ પુણ્યનો સદુપયોગ કરો એટલામાત્રથી તે પુણ્ય પુણ્યાનુબંધીપુણ્ય નથી થઈ જતું. જે નવાપૈસાભાર પણ પુણ્યાનુબંધીપુણ્ય બાંધે તે જીવનો મોક્ષ નક્કી જ છે. પુણ્યાનુબંધીપુણ્યમાં છેક મોક્ષ અપાવવાની શક્તિ છે. તેને જે બાંધે તેનો વહેલો-મોડો ઉદ્ધાર થવાનો જ.

## પુણ્યાનુબંધમાં સંસારરસિકતા અને અવિવેક મોટી અર્ગલારૂપ, અને તેને દૂર કરનાર વૈરાગ્ય અને વિવેકના ભાવો :

મોક્ષે જવામાં જેમ આંતરિક દૃષ્ટિએ સંવર-નિર્જરા ઉપયોગી છે, તેમ બાહ્ય દૃષ્ટિએ પુણ્યાનુબંધીપુણ્ય પણ ઉપયોગી છે. પુણ્યાનુબંધીપુણ્ય બાંધવા માટે જે criteria-માપદંડ મૂક્યા છે તે તેના ઇચ્છુકે સમજવા પડે.

શુભ ભાવથી પુણ્યબંધ થાય અને અશુભ ભાવથી પાપબંધ થાય, સાથે જેટલો સાચો વૈરાગ્ય અને વિવેકનો પરિણામ હોય તે પ્રમાણે આત્મામાં પુણ્યનો અનુબંધ પડવાનો. ભવાભિનંદી અને કદાગ્રહી આત્માને જો પુણ્ય બંધાય તો પાપાનુબંધીપુણ્ય બંધાય. આનાથી નક્કી એ થયું કે જે લોકો ભૌતિક ક્ષેત્રે દયા-પરોપકાર-કરુણાની પ્રવૃત્તિ કરે ને સાથે જો વૈરાગ્ય-વિવેકના ભાવો ન હોય તો પુણ્યાનુબંધીપુણ્ય ન બાંધે. તેની જેમ ધાર્મિક ક્ષેત્રે પણ પૂજા-સામાયિક-ભક્તિ આદિ કરે છતાં વૈરાગ્ય-વિવેક ન હોય તોય પુણ્યાનુબંધીપુણ્ય નહીં બાંધે. અર્થાત્ તેઓ સંસારરસિકતા અને અવિવેકના કારણે ધાર્મિક પ્રવૃત્તિ કરીને પણ પુણ્યાનુબંધીપુણ્ય ન બાંધી શકે.

વૈરાગ્ય ને વિવેક, પુણ્યના અનુબંધનું કારણ કેમ છે ? અનુબંધ હકીકતમાં શું છે ? તે સમજવું પડશે.

દા.ત. એક કીલો ઘઉં લીધા. તેની રોટલી બનાવીને કોઈને આપો તો તે પેટ ભરીને જમી શકે. આ કીલો ઘઉંની તાકાત છે કે તે ભોજનરૂપે એક-બે માણસનું પેટ ભરી શકે. પણ આ જ એક કીલો ઘઉં જો વાવી દઈએ તો તે ઘઉંના દાણામાંથી કેટલાય ગણા વધારે દાણા પેદા થાય. પછી ફરીથી તે દાણા વાવી દઈએ તો એના કરતાં કેટલાયે ગણા વધારે દાણા થાય. આ દૃષ્ટિકોણથી વિચારીએ તો એક દાણામાં દુનિયાભરના માણસોનું પેટ ભરી શકાય તેટલી સર્જનશક્તિ છે.

તેવી જ રીતે આત્મા પર જે કોઈ કર્મનો બંધ થાય છે તે પુણ્ય હોય તો ઉદયમાં સુખ કે અનુકૂળતા આપશે અને પાપ હોય તો ઉદયમાં દુઃખ કે પ્રતિકૂળતા ઊભી કરશે; પણ બંધમાં તે સિવાય બીજી કોઈ તાકાત નથી. સર્જનશક્તિ કે ઉત્પાદનશક્તિ અનુબંધમાં જ છે. જો પુણ્ય કે પાપ પાપની સર્જનશક્તિવાળાં-અનુબંધવાળાં હશે તો આત્મા પાપથી છવાઈ જશે અને જો પુણ્યની સર્જનશક્તિવાળાં હશે તો પુણ્યની અવિચ્છિન્ન પરંપરા સર્જાશે.

આત્મવિકાસની દૃષ્ટિએ બંધનું બહુ મહત્ત્વ નથી, પણ અનુબંધનું મહત્ત્વ છે. એક કીલો ઘઉંનું સીધું ખાવાની દૃષ્ટિએ મૂલ્ય કેટલું ? અને ઉત્પાદનની દૃષ્ટિએ મૂલ્ય કેટલું ?

દા.ત એક દયાનું કામ કરો અને તેના દ્વારા બંધાયેલા પુણ્યમાં જો પાપની સર્જનશક્તિ હશે તો તમારા પલ્લે અંતે પાપ જ પડશે. પાછું પાપ દ્વારા નવું મોટું

પાપ, એમ ગુણાકારરૂપે પાપની શૃંખલા ચાલશે. તેવી જ રીતે જો પુણ્યમાં પુણ્યની સર્જનશક્તિ હશે તો ભવિષ્યમાં તમારો આત્મા પુણ્યથી છવાઇ જશે.

પુણ્યના અનુબંધમાં મોક્ષસાધક શક્તિ પણ છે, એટલે ઉત્તરોત્તર ગુણ કેળવી વિકાસ દ્વારા અંતે મોક્ષે પહોંચાડશે. તેથી સામાન્ય શુભકામ પણ પુણ્યાનુબંધીપુણ્ય બંધાય તે રીતે કરવું જોઈએ. તે કરવા તેમાં વિવેક અને વૈરાગ્ય ભળવો જ જોઈએ, તો જ બંધ શુભ અનુબંધવાળો થશે. અનુબંધ તમારા આત્મા પર ભવિષ્યમાં કર્મ કેવું છવાઈ જશે તેમ જ કર્મો આગળ આગળ કેવા ભાવિનું સર્જન કરશે તે બતાવે છે.

## વૈરાગ્ય અને વિવેકથી અભિમંત્રિત પુણ્ય એ પુણ્યાનુબંધીપુણ્ય :

હિતકારી પુણ્યને સમજાવવા પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજાએ મંત્રિત પાણીનું દૃષ્ટાંત આપ્યું છે. જીવનમાં જેમ પાણી અનિવાર્ય ચીજ છે, તેમ સંસારમાં પુણ્ય અનિવાર્ય છે. આત્માર્થી જીવ પણ પુણ્યની સહાય વિના ટકી ન શકે. છતાં એકલા પાણીથી કાંઈ ભારે તાકાત ન મળે, નહીંતર તમે ઉપવાસ આદિમાં દિવસે દિવસે બળવાન-મજબૂત થાઓ, પણ તેવું બનતું નથી. અર્થાત્ પાણી જીવનનિર્વાહક નથી, પણ જો તે જ પાણી અભિમંત્રિત હોય, વિશિષ્ટ કોટિના મંત્રનું તેમાં આધાન કરવામાં આવ્યું હોય, તો તે એકલું પણ જીવનનિર્વાહક અમૃતતુલ્ય બની શકે છે. તેવી જ રીતે વૈરાગ્ય અને વિવેક દ્વારા પુણ્ય અભિમંત્રિત થાય છે, પછી તે પુણ્ય દ્વારા મળેલા પાપમય ભોગો ભોગવવા છતાં પાપની પરંપરા નથી સર્જાતી; ઊલટું તે પુણ્ય આત્માને અમૃતતુલ્ય બને છે. નહીંતર સામાન્ય સંયોગોમાં પુણ્યથી ભોગ, ભોગથી પાપ, પાપથી દુર્ગતિ અને દુર્ગતિથી ૮૪ લાખ જીવાયોનિમાં ભવોની પરંપરા સર્જાય. પરંતુ આ વિષચક્ર અમૃતતુલ્ય પુણ્યથી અટકી જાય છે. જિનાજ્ઞા પ્રમાણે સાધુ અપવાદમાર્ગે કે શ્રાવક ઉત્સર્ગમાર્ગે અનુકંપા કરે, તો બંનેને પુણ્યાનુબંધીપુણ્ય જ બંધાય છે.

## અનુકંપાની શુભ પ્રવૃત્તિમાં પણ ભાવ અનુસાર અનુબંધે ઈષ્ટાનિષ્ટ ફળની પ્રાપ્તિનું ધોરણ :

પૂર્વે આ ગ્રંથમાં કહેલું કે અનુકંપાદાન પુણ્યબંધનું કારણ છે ને સુપાત્રદાન મોક્ષનું કારણ છે. (૧) અનાર્યદેશની અનુકંપા તુચ્છ પુણ્ય ને પાપ ઘણું બંધાવશે.

(૨) આર્યદેશની પણ નાસ્તિક તુલ્ય અનુકંપા કે જેમાં ધર્મદૃષ્ટિ નથી, તે દયા-પરોપકાર-કરુણા-મૈત્રી દ્વારા તુચ્છ પુણ્ય સાથે પાપ ઘણું બંધાવશે. (૩) આર્યદેશના આસ્તિકતુલ્ય ધર્મદૃષ્ટિવાળા સદાચારી લોકો સત્પ્રવૃત્તિ અને લૌકિક દયા-દાનથી સારા પુણ્યનો બંધ પાડશે, પણ આ ત્રણેય જગ્યાએ અનુબંધ તો પાપનો જ પડશે. (૪) ભગવાનની આજ્ઞા મુજબ જૈનશાસનની શાસનપ્રભાવનાના તથા આત્મકલ્યાણ આદિના આશયથી વૈરાગ્ય અને વિવેકપૂર્વક જે અનુકંપા કરશે તે આત્મા સુંદર પુણ્યાનુબંધીપુણ્ય બાંધશે.

આ બધામાં પ્રવૃત્તિ તો દાનની જ છે, છતાં આર્ય-અનાર્ય, આસ્તિક-નાસ્તિક કે જૈન-અજૈને કરેલી અનુકંપા કે માનવતાની પ્રવૃત્તિના ફળમાં મોટો તફાવત આવે છે. તમારે કયું દાન કરી કેવું ફળ મેળવવું છે તે નક્કી કરવાનું છે. પ્રવૃત્તિરૂપે કાર્ય એક જ છે, જો કરતાં આવડે તો બેડો પાર થઈ જાય અને જો કરતાં ન આવડે તો આત્માની પાયમાલી પણ થઈ શકે. તેથી ઉત્તમ ફળની આકાંક્ષાવાળાએ વિવેકથી અનુકંપા કરવાની છે.બંધ એક વખત ભોગવવારૂપ ફળ આપશે જ્યારે અનુબંધ હજારો-લાખો-કરોડો-અબજો વખત ફળ આપશે.

**સભા :-** બંધ અને અનુબંધમાં એક ટિકિટ છે ને એક પાસ છે.

**સાહેબજી :-** અનુબંધ માટે પાસની ઉપમા તો બહુ હળવી કહેવાય. અનુબંધમાં સાઈકલ છે. મર્મ સમજી શકો તો ચોંકી ઊઠશો. પુણ્ય-પાપના બંધનું મહત્ત્વ વધારે નથી, પણ પુણ્ય-પાપના અનુબંધનું મહત્ત્વ ભારે છે.

પુણ્ય બાંધતાં પણ અનુબંધ અશુભ હશે તો તે નુકસાનકારક છે અને જો પાપ બાંધતાં પણ અનુબંધ શુભ હશે તો તે હિતકારી છે. તેથી જ સમ્યગ્દૃષ્ટિ આત્મા પાપ કરે તો પણ તે પાપ તેના આત્મા માટે હિતકારી છે, જ્યારે ગાઢ મિથ્યાદૃષ્ટિ પુણ્ય બાંધે તો પણ તે પુણ્ય તેના આત્મા માટે હિતકારી નથી. જૈનશાસનમાં જેવું અનુબંધનું વિશ્લેષણ છે, તેવું દુનિયાના કોઈપણ ધર્મમાં નથી. તીર્થંકરનો ઉપદેશ અનુબંધપ્રધાન છે.

## શુભાશુભ અનુબંધનો માપદંડ :

**સભા :- અનુબંધ શુભ છે કે અશુભ છે તે કઈ રીતે ખબર પડે ?**

**સાહેબજી :- કોઈપણ શુભ પ્રવૃત્તિ સાથે વિવેક અને વૈરાગ્ય ભાવ હશે તો**

પુણ્યાનુબંધીપુણ્ય બંધાશે. પાંચ રૂપિયાનું દાન કરો તો પણ મનમાં વૈરાગ્ય ને વિવેક જોઈએ.

સભા :- વૈરાગ્ય એટલે દીક્ષાનો ભાવ જ ને ?

સાહેબજી :-ના, એવું નથી. સુખમય સંસારમાં અસારતાનું ભાન તેનું નામ વૈરાગ્ય.

સભા :- પંચસૂત્ર વાંચવાથી પુણ્યાનુબંધીપુણ્ય બંધાશે ?

સાહેબજી :- પંચસૂત્ર વાંચવાથી પુણ્યાનુબંધીપુણ્ય એને બંધાય કે જેને તેમાં લખેલી તત્ત્વની વાતો હૈયા સોંસરવી ઊતરી જાય. જો પંચસૂત્રની એક એક વાત સમજો તો વૈરાગ્ય નિશ્ચિતપણે પ્રગટે. અરે ! જીવનમાં આમૂલ ક્રાંતિ થઈ જાય. પૂ.આ. શ્રી હરિભદ્રસૂરિજીએ જે ગ્રંથની ટીકા રચી છે, તો વિચારો કે તેનું તત્ત્વ કેટલું ગહન-ગંભીર-અપાર હશે !

## જૈનશાસનનું તત્ત્વ બંધમાં નહિ, અનુબંધમાં છે :

બંધ કરતાં અનુબંધનું મહત્ત્વ અનંતગણું વધારે છે. પહાડ જેટલું પુણ્ય બાંધો પણ અનુબંધ જો અશુભ હોય તો અમે રાજી નથી. કદાચ પાપ બાંધતાં પણ અનુબંધ શુભ હોય તો અમે રાજી થવાના; સમ્યગ્દષ્ટિ જીવો સંસારમાં પાપપ્રવૃત્તિ કરે ત્યારે પણ તેમનામાં વિવેક અને વૈરાગ્ય જાગૃત હોય છે, ને તેથી જ તેમને દરેક પાપપ્રવૃત્તિ કરતી વખતે પણ અનુબંધ શુભ પડે છે. આખો સંસાર ત્યાગો તો પણ જો વૈરાગ્ય ને વિવેક નહિ હોય તો શુભભાવથી પુણ્ય બાંધશો પરંતુ અનુબંધ તો અશુભ જ પડશે.

જૈનશાસનનો શ્રાવક હોય કે સાધુ હોય તેની પ્રવૃત્તિ જો ભગવાનની આજ્ઞા મુજબ હોય, તો પુણ્યાનુબંધીપુણ્ય જ બાંધશે, જે કદી તેને સંસારમાં રખડાવશે નહિ, પણ તેના આત્માનું કલ્યાણ જ કરશે; જ્યારે આજ્ઞાનિરપેક્ષ એવી લૌકિક પ્રવૃત્તિ સંસારમાં રખડાવશે; વ્યક્તિ કરોડો રૂપિયાનાં દયા-દાન-પરોપકાર કરે, શુભ પ્રવૃત્તિઓના ગંજ ખડકે, પણ પુણ્ય તો પાપાનુબંધી જ બંધાય જે સંસારમાં રખડાવે, અંતે આત્માની બરબાદી જ થાય. તેથી જ આજ્ઞાનિરપેક્ષ લૌકિક પ્રવૃત્તિની અનુમોદના ન કરાય. ગમે તેટલી નીતિ પાળે પણ જો પાપાનુબંધીપુણ્ય બાંધે તો હું તેની અનુમોદના ન કરું. અમે હંમેશાં આત્મિક રીતે જ હિતાહિતનો વિચાર કરીએ છીએ.

જૈનશાસનનું તત્ત્વ અનુબંધમાં છે. તમે માત્ર નીતિ જોઈને આભા થઈ જાઓ છો, કરોડો રૂપિયાનું દાન આપનારને જોઈને ઓવારી જાઓ છો, પરંતુ તેઓ પાપના અનુબંધવાળું ખતરનાક પુણ્ય બાંધી રહ્યા છે તે વિચારતા નથી. નાસ્તિક જીવ નીતિ ખાતર ઘણું વેઠે, પણ આત્મા-પરલોક-પુણ્ય-પાપ-ઈશ્વરની વાત આવે તો ઠેકડી ઉડાડે; પછી ભલે તે વ્યક્તિ પ્રાણ સાટે નિઃસ્વાર્થ ભાવનાથી નીતિ પાળે, તેને કીર્તિ-નામના-આબરૂ કશાની ઇચ્છા નથી, બધા જ ગુણ તેનામાં હોવા છતાં, તેનામાં વૈરાગ્ય ને વિવેક નથી, તેથી તેને પાપાનુબંધીપુણ્ય જ બંધાશે.

**સભા :-** નાસ્તિક હોય તે રાતોરાત બદલાઇ જાય ખરો ?

**સાહેબજી :-** આસ્તિક બનવા તો આખી વિચારધારા બદલવી પડે. કોઈકને આવું થઈ પણ શકે. પણ બધા માટે તેવી ખાતરી આપી શકાય નહિ.

આપણા આત્મા પર ચોવીસે કલાક બંધ-અનુબંધ ચાલુ છે. બંધ સારો તો અનુબંધ સારો ને બંધ ખરાબ તો અનુબંધ ખરાબ તેવું નથી. હંમેશાં ચકાસણી કરવા જાગ્રત રહેવું પડે. **જે પાપને સારાં માને છે ને પાપ જેને ગમે છે, તેને નિયમા પાપનો અનુબંધ પડે. સંસાર એટલે પાપનો અખાડો, પાપની ભરમાર, તે પાપમય છે. જેને સંસારનો રસ છે તેને પાપનો રસ છે. ખાવું-પીવું-મોજ કરવી તેવું જીવન, કે ૧૮ પાપસ્થાનકોમાંથી એક પણ પાપસ્થાનક સારું લાગતું હોય, અરે ! એક પાપસ્થાનકનો એક વિભાગ પણ જો સારો લાગતો હોય, તો તે જીવ તેટલા અંશે પાપનો રસિક છે. જેટલી પાપની રસિકતા તેટલો અનુબંધ પાપનો જ પડે.**

**વૈરાગ્ય પાપનો રસ તોડી નાંખે. પૂર્ણ વૈરાગ્ય આવ્યા પછી પાપનો અનુબંધ ટકે નહિ. ભૂતકાળમાં આત્માએ પુણ્યનો અનુબંધ નથી પાડ્યો, માટે જ આત્મા રખડે છે. જે દિવસથી પુણ્યનો અનુબંધ પાડીશું તે દિવસથી જ કલ્યાણમાર્ગે ચઢીશું.**

# ૨૧

તા. ૧૬-૮-૯૪, મંગળવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા, ભવ્ય જીવો ઉચ્ચતમ પુણ્યના સ્વામી બને તેના ઉપાયોને સમ્યગ્ રીતે બતાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જેને પણ આત્મકલ્યાણ કરવું હોય તેને પુણ્યની આવશ્યકતા રહેવાની. ભૌતિક સામગ્રી પામવા માટે પણ પુણ્ય આવશ્યક છે. તમારા ભૂતકાળમાં બાંધેલા પુણ્યથી જ તમને આ મનુષ્યભવ મળ્યો છે, બધા જીવોને કાંઈ આવો ભવ મળ્યો નથી. આપણને આંખ, કાન, નાક બરાબર મળ્યાં છે, જ્યારે ઘણા મનુષ્યો જન્મથી જ આંધળા, બહેરા, લૂલા, લંગડા હોય છે. આપણને નીરોગી દેહ મળ્યો, આયુષ્ય પણ લાંબુ મળ્યું, પાછા લોકોત્તર દેવ-ગુરુ-ધર્મનો યોગ મળ્યો ને ધર્મઆરાધના માટે મન-વચન-કાયાની શક્તિ મળી, આ બધો પુણ્યનો જ પ્રતાપ છે. આ સાધનસામગ્રી પામ્યા વગર સરળતાથી મોક્ષની સાધના કરી શકાતી નથી.

**ધર્મસામગ્રી અપાવે તેવું પુણ્ય જુદું અને ભૌતિક સામગ્રી અપાવે તેવું પુણ્ય પણ જુદું.** સાંસારિક પુણ્યની વિશેષતા એ છે કે તે સંસારમાં ખાલી ભોગસામગ્રી અપાવે છે, જેમ કે ગાડી-વાડી-મોજમજાનાં સાધનો-સત્તા વગેરે. જે પાપ કરવાનાં સાધનો મળ્યાં છે, શક્તિ-સગવડતા મળી છે, આ બધામાં પણ પુણ્ય જ કારણ છે. તે જ રીતે ધર્મસામગ્રીની પ્રાપ્તિમાં પણ પુણ્ય જ કારણ છે.

## પુણ્યની શક્તિ એટલી પ્રબળ અને સર્વવ્યાપી છે કે તેના વિના ભૌતિક ક્ષેત્રે કે ધાર્મિક ક્ષેત્રે પણ એક પણ સારી ચીજ મળી શકતી નથી :

આ ભૌતિક ક્ષેત્રે કે ધાર્મિક ક્ષેત્રે જે કંઈપણ સારી સામગ્રી મળી છે, તે પુણ્યથી મળી છે અને તેની સામે ભૌતિક કે ધાર્મિક ક્ષેત્રે જે આડખીલી-તકલીફો-પ્રતિકૂળતા

મળે છે, તે પાપથી મળે છે. દા.ત. ભૌતિક ક્ષેત્રે બેડોળ રૂપ મળ્યું છે તો પાપના ઉદયથી, સારું રૂપ મળ્યું છે તો પુણ્યના ઉદયથી; શ્રીમંતાઈ મળી છે તો પુણ્યના ઉદયથી, ગરીબાઈ મળી તો પાપના ઉદયથી; તેની જેમ ધાર્મિક ક્ષેત્રે પણ જે આડખીલી-તકલીફો-પ્રતિકૂળતા મળે છે તે પાપથી મળે છે અને અનુકૂળ સામગ્રી મળે છે તે પુણ્યના ઉદયથી મળે છે.

## પુણ્યની મર્યાદા એ છે કે તે માત્ર સામગ્રી અપાવી દે છે, પછી તેનો સદુપયોગ-દુરુપયોગ માત્ર જીવના પુરુષાર્થ પર જ આધારિત છે :

સાચો ધર્મ મળ્યો તે પુણ્યના ઉદયથી, સાચા ગુરુ મળ્યા તે પણ પુણ્યના ઉદયથી, પણ ધર્મનું આચરણ પુણ્યથી નથી મળતું. દેવ-ગુરુનો યોગ પુણ્યથી થયો છે, પણ દેવ-ગુરુ ઓળખવા અને તેમની સાચી ઉપાસના-આરાધના કરવી તેમાં પુણ્ય કારણ નથી. સારી ધર્મસામગ્રી ભલે પુણ્યથી મળે, પણ વિકાસ તો પુરુષાર્થથી જ થાય છે. તીર્થંકરનું શાસન મળ્યું છે તે પણ પુણ્યના ઉદયથી. **આ સંસારમાં જીવોને આકસ્મિક સારું કે ખરાબ કશું મળતું નથી, જે મળે છે તેમાં પુણ્ય કે પાપનો વિપાક જ કારણ છે, જ્યારે ધર્મની આરાધના-ઉપાસના કરવી હોય તો તેમાં પુણ્ય કે પાપ મુખ્ય કારણ નથી, પરંતુ પુરુષાર્થ જ પ્રધાન કારણ છે.**

**સભા :-** કર્માનુસારી બુદ્ધિ થાય છે ?

**સાહેબજી :-** આ નિયમ મુખ્યત્વે નિકાચિત કર્મો પર લાગે છે એ પણ વિશેષ કરીને મોહનીયકર્મ માટે. કારણ કે બુદ્ધિ ઉપર પ્રબળ અસર કરનાર મોહનીયકર્મ છે. ઘણાં કર્મોને તમારી બુદ્ધિ સાથે લેવા દેવા નથી. દા.ત. બેડોળ રૂપ જે કર્મે આપ્યું તેને સીધી બુદ્ધિ સાથે કાંઈ લેવા દેવા નથી. પોતપોતાનાં કાર્યોનું ખાતું તે તે કર્મોના કાર્યક્ષેત્રને આભારી છે. એક કર્મ આ અસર કરે તો બીજું કર્મ બીજી અસર કરે. મોટી કંપનીઓમાં જેમ જુદા જુદા અધિકારીઓને જુદાં જુદાં ખાતાં સોંપેલાં હોય છે, તેમ જે જે કર્મોનું જે જે ખાતું હોય તે તે ખાતું તે તે કર્મોએ સંભાળવાનું. દા.ત. જ્ઞાનાવરણીયકર્મ જ્ઞાનશક્તિને આવરે. જેટલા બની શકે તેટલા તમને તે અજ્ઞાની-અબૂઝ બનાવે. પણ તમારામાં જેટલું જ્ઞાન છે તેને હિતકારી કે અહિતકારી બનાવવામાં કારણ મોહનીયકર્મ છે. જો નિકાચિત મોહનીયકર્મ હોય તો કર્મ પ્રમાણે બુદ્ધિ પર અસર થશે. પરંતુ અનિકાચિત મોહનીયકર્મમાં આ નિયમ લાગતો નથી. અહીં પણ

અનેકાંતવાદ આવશે. જો એકાંતે કર્માનુસારી બુદ્ધિનો નિયમ પકડી રાખશો તો બધી બાજી તમારા હાથમાંથી સરી જશે; કારણ કે પાપની બુદ્ધિ કર્મ કરાવે, પાપનું કાર્ય કર્મ કરાવે, પાપકાર્ય કર્યા પછી બીજા પાપકર્મને કર્મ જ વળગાડે અને બીજા પાપકર્મના ઉદયથી દુઃખ પણ કર્મ આપે. આમ, બધું જ જો કર્મ જ કરાવે તો તમારે સ્વતંત્ર કશું જ કરવાનું રહેતું નથી. માટે કર્માનુસારી બુદ્ધિ એ સિદ્ધાંત ફક્ત નિકાચિત કર્મોમાં લાગે છે, અનિકાચિત કર્મોમાં નહિ. નહીંતર તો મારી બુદ્ધિમાં ગુસ્સો આવે ત્યારે મારે તેને થવા દેવો જોઈએ; કારણકે બુદ્ધિ કર્માનુસારી છે. તેની જેમ અહંકાર-આસક્તિ-માયા-લોભ બધા જ વિકારો થવા દેવ પડે, પછી મારે તો ખાલી કર્મના ગુલામ થઈને જોયા જ કરવાનું ને? આવું હોય તો ધર્મની જરૂર જ ન રહે. ઉપદેશ-ક્ષમા કેળવવાની વાતો પણ નકામી જ થઈ જાય. તેથી જો આ સિદ્ધાંત એકાંતે લગાડીએ તો આખા ધર્મવ્યવહારનો લોપ થઈ જાય ને ભારે અનર્થ સર્જાય.

જેટલી ધર્મની સામગ્રી મળી છે તેમાં પુણ્યનો ફાળો છે. પછી તમે ભલે તે સામગ્રીનો સદુપયોગ કરો કે ન કરો, પરંતુ સામગ્રી અપાવવા દ્વારા તે પુણ્ય તો ફળદયી થઈ ગયું. જેમ કે અત્યારે ઘણાને જૈનશાસન મળ્યું છે, પણ તેમને ઉપાસના કે આરાધના કરવાની જરૂર જ નથી લાગતી, માટે તેમના જીવનમાં જૈનશાસન અપાવનાર પુણ્યનો ઉપયોગ જ થતો નથી ને તે પુણ્ય એમ ને એમ પૂરું થશે.

અહીં મૂળભૂત સિદ્ધાંત એ છે કે ધર્મસામગ્રી પુણ્યનું ફલ છે, ભૌતિકસામગ્રી પણ પુણ્યનું ફલ છે, તમારાં સદ્ભાગ્ય કે તમને આ બંને વસ્તુ મળી છે. આ બે પુણ્ય પણ ભૂતકાળના શુભભાવથી જ બંધાયાં છે. શુભભાવો ધર્મસામગ્રી પણ અપાવે છે અને ભૌતિક સામગ્રી પણ અપાવે છે. માત્ર પ્રશ્ન એ છે કે આ પુણ્યની limit-મર્યાદા કેટલી ? તો તે એક વખત ધર્મસામગ્રી અથવા તો ભૌતિક સામગ્રી અપાવે, પણ તેનો ઉપયોગ શું કરવો ને તેનું આગળ ભાવિ પરિણામ શું લાવવું ? તેનો અંકુશ આપણા હાથમાં પુરુષાર્થથી છે.

એક વખત તો પુણ્ય બંધાયું. તે બાંધતી વખતે એવો શુભ પરિણામ કર્યો કે તેના ઉદયે સદ્ગુરુ તથા ધર્મની સામગ્રી મળી. એટલે, આગલા ભવના આ શુભ પરિણામથી એક વિકાસની સારી તક ઊભી થઈ. આ ભવમાં મળેલી શુભ તકને જતી કરો, તો આ તક તમને સારું ફલ આપશે જ તેવો નિયમ નથી. નુકસાન પણ કરી શકે છે, પુણ્ય તમને માત્ર means-સામગ્રી આપી દે છે.

**કર્મ હળવાં થવાથી ધર્મ કરી જીવ બંધ સુધારે પરંતુ અનુબંધ સુધારે નહિ, તેથી ભવચક્રનો અંત આવતો નથી :**

**સભા :-** કર્મ હળવાં થાય ત્યારે જ ધર્મ કરવાનું મન થાય ?

**સાહેબજી :-** હા, અતિશય તીવ્ર ભારેકર્મી જીવ હોય તો તેને ધર્મ કરવાનું મન થતું નથી. પરંતુ આપણને અનંતીવાર હળુકર્મિતા પણ મળી છે, પણ કલ્યાણની દૃષ્ટિએ આપણે એને સાર્થક બનાવી નથી. દા.ત. દરિયાના પાણીમાં રોજ ભરતી ને ઓટ આવે છે. પૂનમે વધારે આવે અને અમુક દિવસે ઓછી આવે. ભરતી આવે ત્યારે પાણી ઊછળવા લાગે ને ઓટ આવે ત્યારે પાણી ઓસરવા લાગે. બસ, એની જેમ જ આપણા આત્મા પર અનંતીવાર કર્મની ભરતી-ઓટ આવ્યાં છે. જ્યારે ઓટ આવે ત્યારે કર્મનો ભાર હળવો થાય, ને જીવ શુભ પરિણામ કરુણા, મૈત્રી, દયા, દાન, શીલ, શ્રદ્ધા જેવા ગુણો પામે ને સંયમ કેળવે, શુભભાવ કરે, શુભક્રિયા કરે. અરે ! પશુયોનિમાં પણ કર્મ હળવાં થાય ત્યારે જીવ શાંત-સહિષ્ણુ-સજ્જન બની જાય. તેથી જ એક કૂતરો શાંત અને એક કૂતરો સ્વાર્થી જોવા મળે છે. બંનેના સ્વભાવમાં ભારે તફાવત છે. આ તફાવત સાહજિક છે, સમજ કે પુરુષાર્થજન્ય નથી, કેમ કે તેમને કોઈ ભણાવવા નથી ગયું. મનુષ્યભવ શુભભાવ કરો તો મળે, વળી મનુષ્યભવ પામ્યા પછી પુરુષાર્થ દ્વારા બીજા શુભભાવથી વધારે પુણ્ય બંધાય, અને પછી તેનાથી દેવ-રાજા-સત્તાધીશ વગેરે બને. આ જીવે અનંતીવાર આવી પ્રબળ પુણ્યથી મળતી પદવીઓ મેળવી છે. આનું કારણ આત્મા પર કર્મની ઓટ આવેલી ત્યારે શુભભાવ કેળવેલા, થોકબંધ પુણ્ય બાંધેલું, પદવીઓ મેળવેલી પણ કલ્યાણ થયું નહિ; કારણ કે તે વખતે આત્માએ બંધ સુધાર્યો પણ અનુબંધ સુધાર્યો નહિ.

કોઈપણ આત્મા શુભ અનુબંધ વગર મોક્ષમાર્ગ પર પ્રગતિ કરી શકતો નથી, પછી ભલે તે ગમે તેટલો ગુણિયલ હોય કે પુણ્યશાળી હોય, છતાં તેનાથી કલ્યાણનો માર્ગ તો દૂર જ છે. આમ, બંધ કરતાં અનુબંધની મહત્તા અનંતગણી છે. અશુભ બંધ કરતી વખતે પણ જો અનુબંધ શુભ હશે તો વાંધો નથી. પરંતુ પુણ્યબંધ કરતી વખતે પણ જો અનુબંધ અશુભ હશે તો તમે ખોટના માર્ગે છો, અધોગતિના માર્ગે છો.

## પાપાનુબંધીપુણ્ય અને પુણ્યાનુબંધીપુણ્યનાં ભાવિ પરંપર ફળ :

પુણ્ય તમને ધર્મની સામગ્રી કે ભૌતિક સામગ્રી આપે છે, પરંતુ ભૌતિક સામગ્રીનો જો તમે દુરુપયોગ કરો તો પાપ જ બંધાય, અને ધર્મની સામગ્રીનો દુરુપયોગ કરો તો તો તમે ઘણું જ ભારે પાપ બાંધો. આમ, પાપના પોષણમાં સામગ્રી અપાવનાર પુણ્ય અંગ બન્યું, પાપના ચક્રમાં પૂરક બન્યું; કેમ કે પુણ્ય ન હોત તો તે સામગ્રી ન હોત અને સામગ્રી ન હોત તો તમે તેનો દુરુપયોગ ન કરત અને પાપ ન બાંધત. તેથી જે પુણ્ય, પાપનું પોષક કે પાપનું અભિવર્ધક બને તે પુણ્ય આત્મા માટે ખતરનાક છે. જોકે આ પુણ્ય પણ સારાં કામો તથા સદ્‌ગુણોથી જ બંધાય છે, છતાં આવા સદ્‌ગુણો પણ અંતતો ગત્વા (અંતમાં જઈને) લાભકારી નહિ પણ નુકસાનને માટે થાય.

સારા વેપારીને ખરાબ માર્કેટ વખતે લાગે કે આ ધંધો કરવાથી અત્યારે ભલે મને નુકસાન થશે, પણ લાંબા ગાળે તે લાભકારી છે તો તે ધંધો કરે જ. જેમ ધંધામાં લાંબાં ગણિત હોય છે, તેમ અનુબંધમાં પણ લાંબાં ગણિત હોય છે. બંધ એક વાર કર્મના ફળ-વિપાકને આપે છે, સુખ-સામગ્રી પુણ્યબંધ દ્વારા નક્કી થાય છે, જ્યારે અનુબંધ તમારા દીર્ઘભાવિને નક્કી કરે છે, જેના દ્વારા ભવિષ્યમાં શું લાભ-નુકસાન થશે તે સૂચિત થાય છે.

શ્રીમંતાઇ બે પ્રકારની છે: (૧) અત્યારે જે શ્રીમંતાઇ આબાદી લાગે છે, પરંતુ ભવિષ્યમાં જે નક્કી બરબાદીનું કારણ છે, તે ખરાબ કહેવાય; જ્યારે (૨) જે શ્રીમંતાઇ ભવિષ્યમાં વધારે સારી આબાદીનું સર્જન કરનારી હોય, તે સારી કહેવાય. જેમ કોઈ વ્યક્તિ કરોડ રૂપિયાનો હીરો પાંચ લાખમાં આપે, પણ આ હીરો જેને ત્યાં જાય તેનું ધનોતપનોત નીકળવાનું જ હોય, તો તેને તમે ન જ ખરીદો. આમ તો સામે દેખીતી રીતે નફો છે, તત્કાલ લાભ છે, પણ તે લાભને તમે ન જ ગણો; કારણ અંતે મોટું નુકસાન દેખાય છે. પાપાનુબંધીપુણ્ય આવું જ છે. અત્યારે આબાદી આપે પણ ભવિષ્યમાં બરબાદી કર્યા વગર છોડવાનું નથી. આ પુણ્યથી જ ભૂકા બોલાઇ જશે. આ પુણ્ય અત્યારે થોડી મજા કરાવે, પણ પાછળથી કાસળ કાઢી નાંખે. તેથી આવા પુણ્યનો તો પડછાયો પણ ન લેવાય.

હું તમને પાપાનુબંધીપુણ્ય ને પુણ્યાનુબંધીપુણ્યનાં ભાવિ પરંપર ફળ બતાવવા માંગું છું. પુણ્યાનુબંધીપુણ્ય ક્રમસર પુણ્યની હારમાળારૂપે ચાલ્યા જ કરશે, વળી

તેમાં ક્રમસર પુણ્યનો ગુણાકાર પણ થયા જ કરશે. પુણ્યાનુબંધીપુણ્ય રાઈ જેટલું પણ બાંધ્યું, તો તે પરંપરાએ પહાડ જેટલું થઈ જાય.

અનુબંધ એ કર્મમાં રહેલી ઉત્પાદનશક્તિ-સર્જનશક્તિ છે. જો તમે બાંધેલાં કર્મમાં સારી સર્જનશક્તિ હશે તો તમે ન્યાલ થઈ જશો અને જો ખરાબ સર્જનશક્તિ હશે તો પાયમાલ થઈ જશો. ઝેરી બિયારણ હોય તો ઝેરી પાક ઊભો થશે. કેમ કે બિયારણ નાનું હોય પણ ઉત્પાદનશક્તિ સારી હોય, તો તે નાનું એવું બિયારણ પણ વિપુલ પ્રમાણમાં અનુરૂપ પાક આપે છે.

## ભાવધર્મથી પાપાનુબંધોનું પુણ્યાનુબંધોમાં રૂપાંતર : ચંડકૌશિકનું દૃષ્ટાંત:

**સભા :-** પુણ્યના અનુબંધ પાડ્યા પહેલાંના જે પાપના અનુબંધો છે, તે પુણ્યના અનુબંધ પાડ્યા પછી કઈ રીતે જાય ? તેનું શું થાય ?

**સાહેબજી :-** જે વ્યક્તિ પુણ્યનો અનુબંધ પાડે, ત્યારે આગળના પાપના અનુબંધ જો નિકાચિત ન હોય તો તે તૂટવાના ચાલુ થઈ જાય. દા.ત. ચંડકૌશિકને પ્રભુ મહાવીર મળ્યા તે પહેલાં તેણે પાપો કાંઈ ઓછાં કર્યાં નથી. તેની ઉગ્ર હિંસકવૃત્તિથી તેણે આજુબાજુનો બધો જ પ્રદેશ ઉજ્જડ કરી નાંખ્યો છે. પોતાના પ્રદેશમાં પશુ-પંખીને પણ ઘૂસવા ન દે. પોતાની માલિકીની ભાવનાથી પોતાના પ્રદેશમાં ભૂલેચૂકે પ્રવેશેલાની પણ દ્વેષને કારણે તે હિંસા કરે છે. પૂર્વના સાધુના ભવમાં પડેલા ક્રોધના સંસ્કાર ત્યાર પછીના દેવતા અને તાપસના ભવમાં પણ ગયા ન હતા, તેથી આ ચંડકૌશિકરૂપ ચોથા ભવમાં પણ ક્રોધના ભાવો તેણે અશુભ અનુબંધપૂર્વક કર્યા છે, હિંસાદિ પાપ પણ રસપૂર્વક કર્યાં છે, પાપના અનુબંધ તેણે જોરદાર પાડ્યાં છે. ચંડકૌશિકે પાપ પણ એવાં જોરદાર બાંધ્યાં છે કે પ્રભુ ન મળ્યા હોત તો તે મરીને નરકે જ જાત, પરંતુ તે અંતે સમાધિપૂર્વક મરીને દેવલોકમાં ગયો છે; કારણ કે તેના જીવનમાં turning point આવી ગયો. પ્રભુએ જ્યારે તેને પ્રતિબોધ કર્યો, ત્યારે જાતિસ્મરણજ્ઞાન થવાથી તેને પૂર્વે સાધુના ભવમાં આચરેલો ચારિત્ર ધર્મ યાદ આવ્યો ને સાથે વિવેક-સમકિતપૂર્વકની દેશવિરતિ પ્રાપ્ત થઈ. હવે તો તે પાંચમા ગુણસ્થાનકનો જીવ છે. તેની આંખમાં તરવા માટેની અરજ પ્રભુએ જોઈ, તેથી તેની ભાવના પ્રમાણે તેને અનશન કરાવ્યું. આ ભાવધર્મ પામવાથી તેના આત્મા પર જે કર્મ તૂટે તેવાં હોય તે તૂટે અને જે ન તૂટે તેવાં હોય તેવાં કર્મનું શુભમાં conver-

sion-સંક્રમણ થાય, જેથી પૂર્વના અશુભ અનુબંધની અસર આત્મા પર ન રહે. સર્પના આત્મા પર જે પણ પૂર્વનું પાપાનુબંધીપાપ છે, તેનું હવે તે વિશુદ્ધ ભાવ દ્વારા રૂપાંતર કરે છે અથવા તોડી નાખે છે, તેથી હવે પછી તેને કદી પાપનો અનુબંધ નડવાનો નથી. તમને પણ જો ધર્મ બરાબર કરતાં આવડે તો જૂના અશુભ અનુબંધો તોડી શકો છો.

જેના આત્મા પર કણિયા જેટલો પણ પાપનો અનુબંધ હોય તો તેને જોખમ સંભવિત છે, ને જેના આત્મા પર કણિયા જેટલો પણ પુણ્યનો અનુબંધ છે તેની ઉન્નતિની બાંહેધરી છે. આમ, પાપના અનુબંધથી ભાવિ અસલામતી-અધોગતિનો માર્ગ ખુલ્લો છે, અને પુણ્યના અનુબંધથી પ્રગતિ-ઉન્નતિનો માર્ગ ખૂલે છે. એટલે પાપાનુબંધીપુણ્ય સંસારમાં ડુબાડે છે, જ્યારે પુણ્યાનુબંધીપુણ્ય આગળ ચઢાવે છે. આત્માની પ્રગતિ કે અધોગતિ અનુબંધ ઉપર આધારિત છે, પણ બંધ પર નથી. તેથી જ તીર્થંકરનો ઉપદેશ એકાંતે અનુબંધલક્ષી છે.

## અનુબંધની પારંપરિક શક્તિ વિચારી દયા-દાનાદિ સત્કાર્ય ગતાનુગતિક ન કરતાં આજ્ઞામુજબ કરો :

જૈન શ્રાવક કે સાધુ જિનાજ્ઞા મુજબ અનુકંપા કરે તો પુણ્યનો અનુબંધ પડે છે. પુણ્યનો અનુબંધ આત્મા પર પડે તે આશયથી દયા-દાનની પ્રવૃત્તિ કરવાની છે. સાધનામાર્ગમાં જેનો અનુબંધ સારો તે જીત્યો ને જેનો અનુબંધ ખરાબ તે હાર્યો. અનુબંધ સુધારે તેનું જ આત્મકલ્યાણ થવાનું છે, ખાલી પુણ્યબંધનો મોહ રાખવાનો નથી. ફક્ત પુણ્યનું પોટલું બાંધી લેવાય તેટલા માત્રથી હરખાવાનું નથી, પણ શુભ અનુબંધ પાડો તો જ કલ્યાણ થશે અને અમારી પણ ઉપદેશની મહેનત સફળ થશે. અત્યારે કેટલાયે ગુણિયલ આત્માઓ છે કે જેમનામાં હજારો ગુણો છે, પણ અમે તેમનાં ગુણોમાં શુભ અનુબંધ નથી જોતા, તેથી તેમના તે ગુણોની અનુમોદના નથી કરતા. કોઈ દયા પાળે તે સારું કામ છે, પણ તેનાથી પરંપરાએ તેના આત્માનું શું થવાનું ? તે અવશ્ય જોવું જોઈએ.

**સભા :-** ખબર કેવી રીતે પડે ?

**સાહેબજી :-** ભગવાને તેના માટે નિયત ધોરણ આપેલ છે. આપણાં શાસ્ત્રો કંઈ જ છુપાવતાં નથી. તમે સમજશો તો જાતે જ નક્કી કરી શકશો. ઉદાહરણ

તરીકે મેનકા ગાંધીનો દાખલો લઈએ. મેનકા ગાંધી એક સારી વ્યક્તિ છે. તેનું જીવન પણ આશ્ચર્યકારક છે. તમે બધા તો જૈનધર્મમાં જન્મ્યા હોવાથી ગળથૂથીથી જૈનત્વના સંસ્કાર છે, તથા બાપદાદાના વખતથી અહિંસક જીવન જીવતા આવ્યા છો, તેથી અહિંસક જીવન તમારે માટે સુગમ છે, પશુ-પંખી વગેરેને ન મારવાની તમારે ત્યાં પરંપરા જ છે. જ્યારે આ સ્ત્રી તો પંજાબી કુટુંબમાં જન્મી છે. તેથી તેના કુટુંબમાં માંસ ખાવું સામાન્ય છે. જ્યારે તેનાં લગ્ન સંજય ગાંધી સાથે થયાં, ત્યારે તેની જિંદગીમાં પણ નોનવેજ વગેરે બધું ચાલુ હતું. નહેરુ પોતે પણ માંસાહારી હતા. છતાં આ સ્ત્રીની પ્રકૃતિમાં કોમળતાને કારણે મોટી હિંસાની વાત આવે ત્યારે તે અચૂક વિરોધ કરે. અહિંસા પર લેખો લખે, ચળવળો કરે, ચળવળો કરનારને ટેકો પણ આપે. સંજય ગાંધી જ્યારે આડકતરી રીતે સત્તાનાં સૂત્રોની નજીક હતો, ત્યારે મેનકા ગાંધીએ તેની વગ હોવાના કારણે જીવદયાનાં કામો કરવાનું સૂચન કરેલું. ત્યારે સંજય ગાંધીએ તેને ગુસ્સામાં કહ્યું કે પોતે માંસાહાર કરીને જીવદયાની વાતો કરવાનો શું મતલબ છે ? પ્રાણીદયા કરવી હોય તો તું જ પહેલાં માંસ છોડ. ત્યારે આ સ્ત્રીને તેની વાત સાચી લાગવાથી ત્યાં ને ત્યાં આજીવન માંસાહાર કરવાનું છોડી દીધું. તેનામાં કોઈપણ જીવને મરતો કે દુઃખી થતો ન જોવાય તેવી દયાભાવના છે. કીડીને પણ મરતી જુએ તો તેને હૃદયમાં અસર થતી હતી. તેથી જ તેણે દિલ્હીમાં એક સંસ્થા ઊભી કરી છે. આ સંસ્થામાં દિલ્હીમાં ક્યાંયથી પણ ફોન આવે કે શેરીમાં કૂતરું માંદું છે, તો આ સંસ્થા તરત જ તેનો ઉપચાર કરાવે. તેના જીવનમાં આવી દયાની પ્રવૃત્તિ હોવા છતાં ધર્મદૃષ્ટિએ આત્મા-પરમાત્મા માનતી હોય કે નહિ તે પણ એક પ્રશ્ન છે. દેવ-ગુરુ-ધર્મ સાથે પણ બહુ લેવાદેવા ન હોય. વળી સંસારના ભોગવિલાસને પણ સારા માને. બધાં પાપને પાપ પણ માનવા તૈયાર ન થાય. અત્યારે માનવતા આદિનાં અનેક સત્કાર્યો કરનારા એવું માનસ પણ ધરાવતા હોય છે કે અમારે મોક્ષ જોઈતો નથી. મોક્ષમાં જવાનો અમને કોઈ રસ નથી. અધ્યાત્મની વાતો પણ તેમને નિરુપયોગી લાગે. આવા સજ્જનમાં પણ જે આ દયા, પરોપકારવૃત્તિ આદિ સદ્ગુણો છે તે પુણ્ય બંધાવે, છતાં તેને પાપની રસ-રુચિ હોવાથી અનુબંધ તો પાપનો જ પડે. આ શુભપ્રવૃત્તિથી પુણ્ય પાપાનુબંધી જ બંધાય.

આજે ઘણા ડૉક્ટરો, વૈજ્ઞાનિકો કે વકીલો missionary work કરે છે, તેમને જઈને પૂછો કે સંસાર કેવો ? ઇન્દ્રિયોના ભોગવિલાસ કેવા ? પાપ કેવું ? પાપની પ્રવૃત્તિ કેવી ? તો જવાબ નકારાત્મક આવશે. તમે કદાચ નાના નાના પાપને પાપ

તરીકે નહિ ગણતા હો, પણ સમજાવવામાં આવે તો પાપને પાપ તરીકે માનો તો ખરા જ. જ્યારે આ બધાને પાપ, પાપ તરીકે સમજાવો તો પણ મોટી જીવહિંસાને પાપ ગણે, પણ નાના જીવની હિંસાને તો પાપ તરીકે માનવા તૈયાર જ નહીં થાય. એટલે આ લોકોને ધર્મદૃષ્ટિ સાથે કાંઈ લેવાદેવા નથી.

## વૈરાગ્ય લાવવા માટે પહેલું પગથિયું અઢારે પાપસ્થાનકોને ઓળખી તે તમામને ત્યાજ્ય માનવાં જોઈએ :

આ સંસાર પાપમય છે તેથી જ અસાર છે, તેથી વૈરાગ્ય તો લાવવો જ પડે. સૌથી પહેલાં દોષોને ઓળખો. પાપ પ્રત્યે તમારો અભિગમ એવો હોવો જોઈએ કે અઢારે પાપસ્થાનકો ત્યાજ્ય છે. જેને એક પણ પાપસ્થાનક વાજબી લાગતું હોય, ગમતું હોય ને કરવા જેવું લાગતું હોય, તો તે જીવને અનુબંધ પાપનો જ પડે. સર્વ પાપની અરુચિ હોય તો પુણ્યનો અનુબંધ પડે છે, એક પણ પાપની તીવ્ર રુચિ હોય તો પાપનો અનુબંધ પડે છે. **જ્યાં સુધી પાપરુચિ ન પલટાવો ત્યાં સુધી અશુભ અનુબંધ પડશે. રુચિ પલટાવવાનું એક જ સાધન છે, વૈરાગ્ય ને વિવેક. આત્માને વૈરાગ્ય ને વિવેક જેટલી માત્રામાં સ્પર્શે તેટલી માત્રામાં તેની પાપની રુચિ તૂટે. ૧% પણ પાપની રુચિ તૂટે તો ૧% વૈરાગ્ય આવ્યો કહેવાય. પાપની રુચિ પણ સમગ્રતાથી તૂટવી જોઈએ. ઘણા લોકો ચોરી-લૂંટફાટ-ધાડને પાપ માને, પણ નાના નાના પાપોને પાપ તરીકે સ્વીકારે જ નહિ. જેમ ધંધામાં અનીતિ કરવી તે પાપ છે તે માને, પણ નીતિપૂર્વક પૈસા કમાવા તે પણ એક પાપ છે તે ન જ માને.**

**સભા :-** વ્યવહારિક દૃષ્ટિએ પાપ નહિ.

**સાહેબજી :-** લોકવ્યવહાર ધર્મમાં પ્રમાણભૂત નથી. આપણે તો ભગવાને સ્થાપેલા લોકોત્તરવ્યવહારમાં માનનારા છીએ. **જે પાપને પાપ તરીકે ન સ્વીકારવા દે તે જ મોટું પાપ છે, તે પાપનો પણ બાપ છે. નીતિથી ધંધો કરે તો પણ ધંધામાં હિંસા તો થાય જ છે. ધંધામાં જે જીવો મરે છે તેમણે તમારો શું ગુનો કર્યો છે ? નિર્દોષ જીવો તમારા સ્વાર્થ ખાતર મારો અને પાપ ન ગણાય તેવો જૈન સિદ્ધાંત નથી. તમારે તો ફાવતા સિદ્ધાંતો છે. તેથી જ તમને ભગવાને કહેલાં ૧૮ પાપસ્થાનકો પણ મનમાં બેસે એમ નથી.**

**સભા :-** નાનાં પાપ ને મોટાં પાપમાં ફેર ખરો ?

**સાહેબજી :-** હા, ફેર ચોક્કસ છે. પરંતુ કોઈપણ જીવ પ્રત્યે અનાચાર, અનીતિ કે ગેરલાયક વર્તન ભલે પછી નાનું હોય કે મોટું, છતાં તે પાપ જ છે.

**સભા :-** ૧ રૂપિયાની ચોરી કરતાં ૧૦૦ રૂપિયાની ચોરી વધારે ખરાબ નહિ?

**સાહેબજી :-** ૧૦૦ રૂપિયાની ચોરી કરનાર માને કે ચોરી પાપ છે, લાચારીથી કરવી પડે છે ને આ કામ ખરાબ છે, આ પ્રમાણે તેને પાપ તરીકે સ્વીકારે. જ્યારે બીજો ૧ રૂપિયાની ચોરી કરનાર માણસ તે નાના પાપને પાપ તરીકે સ્વીકારે નહિ તો તે વધારે ખરાબ છે. તમે ભલે મોટાં મોટાં પાપોનો ત્યાગ કર્યો હોય, પણ નાનાં પાપ, પાપ તરીકે ન લાગતાં હોય તો તે પાપત્યાગનું મૂલ્ય ઓછું છે.

બધાં પાપ પ્રત્યેની રુચિ ત્યારે જ ઓછી થાય કે જ્યારે સમજાય કે આ આખો સંસાર પાપમય છે. પ્રતિક્રમણ કરતાં ૧૮ પાપસ્થાનકોનું મિચ્છા મિ દુક્કડં આપો છો ત્યારે એ બધાં પાપ, પાપ તરીકે મનમાં બેસે છે કે પછી ફક્ત બોલવા ખાતર જ બોલી જાઓ છો? ૧૮ પાપસ્થાનકનું સૂત્ર તો ગુજરાતી ભાષામાં છે. જ્યાં વ્યક્તિગત પાપ આલોચવાનાં હોય ત્યાં પોતપોતાની ભાષામાં બોલવામાં દોષ નથી. તમે લોકો પોતાની ભાષામાં સરળતાથી આલોચના કરો તે માટે મહાપુરુષોએ ગુજરાતીમાં આ સૂત્ર ગૂંથી આપ્યું છે, પરંતુ તમે આને સમજવા માટે પણ બુદ્ધિ દોડાવતા નથી. સૂત્રમાં જેને પાપ કહ્યાં છે, તેને તમે પૂરેપૂરાં પાપ તરીકે માનો છો ? ક્રોધ, માન, માયા, પરિગ્રહ સેવતાં તે તમને પાપ તરીકે લાગે છે ? જો પરિગ્રહ પાપ લાગતું હોય તો નીતિથી કમાયેલો પૈસો પણ સારો ન લાગે. ભારે હિંસા કર્યા વગર સંપૂર્ણ નીતિપૂર્વક કમાયેલો પૈસો પણ પરિગ્રહરૂપ પાપ તો છે જ.

**સભા :-** નીતિની કમાણીને પરિગ્રહ કઈ રીતે કહેવાય ?

**સાહેબજી :-** પરિગ્રહ જ કહેવાય. નહીંતર તો તમારી વ્યાખ્યા પ્રમાણે જો વધુ પડતું ભેગું કરવું એને જ પરિગ્રહ કહેવાતો હોય, તો પછી આ બધા ભિખારી અપરિગ્રહી જ કહેવાશે. **માણસ જરૂરિયાત પૂરતું ભેગું કરે તે પણ પરિગ્રહ જ છે. જેટલાં પણ વિરાધનાનાં સાધનો, આસક્તિ કે મૂર્ચ્છાથી ભેગાં કરો, તે બધાં પરિગ્રહ જ છે, પછી ભલે એક ચીંથરું હોય તો પણ તેને પરિગ્રહ જ કહેવાય.** તમે પરિગ્રહની વ્યાખ્યા સ્પષ્ટ નહિ સમજો તો તમે અમને પણ પરિગ્રહી કહેશો; કારણ કે અમારી પાસે પણ stock(સ્ટોક)માં બે ચાર કપડાં હોય છે, જ્યારે દેશમાં કેટલાક ભિખારી નાગા ફરે છે. તમારી દૃષ્ટિએ તે જ સાચા અપરિગ્રહી ગણાશે. હકીકતમાં અમારી

પાસે જે વસ્ત્ર આદિ છે તે બધાં ઉપકરણ છે, અધિકરણ નથી. ઉપકરણ એ આરાધનાનું સાધન છે, પરિગ્રહ નથી. જે વિરાધનાનું સાધન છે તે પરિગ્રહ છે. ઉપકરણને પણ જો મમતારૂપ ભાવહિંસા કે વિરાધનાનું સાધન બનાવે અર્થાત્ તેમાં આસક્તિ કરે તો તે પરિગ્રહ છે. મારા મનમાં જો આસક્તિ કે મમતા ન હોય, વળી તે વસ્તુઓનો હું હિંસાદિ પાપમાં ઉપયોગ ન કરતો હોઉં તો જ હું અપરિગ્રહી કહેવાઇશ. નિશ્ચયનય મૂર્ચ્છાને પરિગ્રહ માને છે, જ્યારે વ્યવહારનય જીવવિરાધનાના સાધનને જ પરિગ્રહ માને છે. આ બંનેનો સમન્વય કરીને શાસ્ત્રમાં પરિગ્રહને પાપ બતાવ્યું છે, પછી ભલે ઓછો હોય કે વધારે હોય. જરૂરિયાતનો ઉપયોગ પણ એવી રીતે કરવો કે જેમાં બિનજરૂરી હિંસા ન થાય, બીજાને દુઃખ ન થાય. નહિ તો તે પાપ જ કહેવું પડે.

જે કોઈ તમને ત્રાસ આપે તેને તમે ગુનેગાર ગણતા હો, તો તમે જેને ત્રાસ આપો તેના તમે પણ ગુનેગાર જ ગણાઓ. તમારા માટેનાં અને બીજાના માટેનાં કાટલાં જુદાં જુદાં ન હોય.

ધર્મનાં બધાં ધોરણ સ્પષ્ટ છે. અઢાર પાપસ્થાનકોને સમજતા થઈ જાઓ તો વૈરાગ્ય જરૂર આવશે ને પુણ્યનો અનુબંધ પડવાનો ચાલુ થઈ જશે. એકવાર અનુબંધની નાડ હાથમાં આવી જાય એટલે બેડો પાર. તેથી જ શાસ્ત્રમાં અનુબંધ ઉપર આટલો ભાર મૂક્યો છે.

સમ્યગ્દૃષ્ટિ આત્મા પાપપ્રવૃત્તિઓ, અશુભ પરિણામો, આસક્તિ કે વિકારો સેવે તો તેને પણ અવશ્ય બંધ પાપનો પડે, પણ અનુબંધ તો પુણ્યનો જ પડે. આ અનુબંધનું ફળ એ છે કે તેને માત્ર એક વખત પાપથી દુઃખ આવશે, પણ તે વખતે તે આત્મા એવા ગુણોનો વિકાસ કરશે કે જેથી ઉત્તરોત્તર ગુણોમાં વૃદ્ધિ થશે.

જે ગુણો આત્માને પતનને માર્ગે લઈ જાય છે તે હેય છે. મિથ્યાદૃષ્ટિની સમતા પણ દોષનું પોષણ કરનારી છે. આ બહુ જ કડક શબ્દો છે. કષાયોનું ઉપશમન પણ શુભ અનુબંધ વગરનું હોય તો તેની ફૂટી કોડીની પણ કિંમત નથી. ક્ષમા, સમતા, દયા, દાન આવા ગુણોમાં પણ જો પાપનો અનુબંધ છે તો તે બધા ગુણો ભાવિ દોષના પોષણ કરનારા છે.

**સભા :-** ગુણો ભાવિ દોષના પોષક બને તેમાં દૃષ્ટાંત આપો.

**સાહેબજી :-** મેલેરિયાને આયુર્વેદમાં વિષમ જ્વર કહેવાય છે. તેમાં એકાંતર

તાવ આવે છે. તાવ આવે ત્યારે દર્દી ધ્રૂજે ને કણસે. પણ બીજે દિવસે તાવ ઊતરી ગયા પછી ખાઈ-પીને જલસા કરે ત્યારે તે એકદમ સ્વસ્થ દેખાય. છતાં ત્યારે તે દેખાતી મજા ભારે તાવ લાવવાની પૂર્વ અવસ્થારૂપ છે. કારણ કે કાલે પાછો તાવનો સવાયો હુમલો આવશે, જે ખાધેલું પણ કાઢી નાંખશે. બસ, આની જેમ કષાયો શાંત કરી પુણ્ય બાંધે, પણ તે શાંત થયેલા કષાયો પાપના અનુબંધવાળા હોવાને લીધે, જ્યારે પાપના અનુબંધો ઉદયમાં આવશે ત્યારે તે આત્માનું ધનોતપનોત કાઢી નાંખશે.

## ૨૨

તા. ૧૭-૮-૯૪, બુધવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા પુણ્યાનુબંધીપુણ્ય અને સકામનિર્જરાના પરમ સાધન એવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

### મુક્તિની આરાધનાના બે ઉપાય :

જે પણ આત્માને મોક્ષે જવું હોય અને આત્મકલ્યાણ કરવું હોય, તેને માટે આરાધનાના ઉપાય બે જ છે. તેણે (૧) પુણ્યાનુબંધીપુણ્ય અને (૨) સકામનિર્જરા સાધવાનું ચાલુ કરવું જોઈએ. સકળ કર્મનો ક્ષય એ જ મોક્ષ છે. જ્યાં સુધી આત્મા કર્મના ફંદામાંથી છૂટી ન શકે ત્યાં સુધી મોક્ષ શક્ય નથી. કર્મનો પૂરો ક્ષય કરવો તે જ મોક્ષનો સાચો ઉપાય છે. બધાં કર્મોનો ક્ષય થાય ત્યારે જ મુક્તિ મળે. પણ એ કઈ રીતે પ્રાપ્ત થાય ? તેના માટે સકામનિર્જરા એ જ મુખ્ય માર્ગ છે.

નિર્જરાના પણ બે પ્રકાર છે, સકામનિર્જરા અને અકામનિર્જરા. સાચો ધર્મ નહિ પામેલા જીવો અકામનિર્જરા કરે છે, જ્યારે આત્મકલ્યાણમાં જે ઉપયોગી છે તે સકામનિર્જરા છે. છતાં પણ એકલી સકામનિર્જરા ન બતાવતાં પુણ્યાનુબંધીપુણ્યને પણ મોક્ષના સાધન તરીકે બતાવ્યું છે. આ બતાવવાનું કારણ એ છે કે મોક્ષે જતાં પહેલાં આરાધનાની સામગ્રીની જરૂરિયાત છે. બધા જીવો કાંઈ મરુદેવામાતાની જેમ અંતર્મુહૂર્તમાં મોક્ષે જતા નથી. મરુદેવામાતા તો ધ્યાનમાં ચડ્યાં ને ત્યાં તેમનાં કર્મો ખપવા માંડ્યાં, ને ત્યાં જ ક્ષપકશ્રેણી, શુક્લધ્યાન ને કેવલજ્ઞાન બધું જ પામી ગયાં. પણ આ તો અચ્છેરા જેવું છે. બધા આ રીતે નિસર્ગથી મોક્ષમાં જતા નથી. અનંત જીવોમાં એકાદ જાય.

મોક્ષે જવા માટેનો મુખ્ય ક્રમ કયો ? પહેલાં ધર્મસામગ્રી પામો, પછી શ્રદ્ધાથી ધર્મનું આચરણ કરતાં કરતાં ગુણોનો વિકાસ કરો, આગલા ભવમાં તેનાથી વધારે

વિકાસ કરો; તેમ જનમજનમની સાધના કરતાં કર્મો તૂટતાં જાય, ને આત્મા ધીરે ધીરે ગુણો પામતાં પામતાં અંતે સર્વગુણસંપન્ન થઈ મોક્ષે જાય છે. પણ જ્યાં સુધી સંસારમાં છીએ ત્યાં સુધી આ હિતકારી પુરુષાર્થ કરવા માટે સામગ્રીયુક્ત મનુષ્યભવ કે દેવગતિ જોઈએ. કૂતરા, બિલાડા કે નરકના ભવોમાં કે બહેરા, બોબડા, તોતડા મનુષ્યના ભવમાં શું ધર્મ કરી શકશો ? સાધના કરવા માટે પણ બધી સામગ્રી અનુકૂળ જોઈએ. હવે આ આપનાર કોણ ? પુણ્ય જ છે. તેથી જ પુણ્યને એકાંતે હેય બોલવું તે મિથ્યા એકાંતવાદ છે. જે પુણ્ય આત્માને કલ્યાણનું સાધન ન બનતાં દુર્ગતિનું સાધન બને છે, તે પુણ્ય હેય છે. પણ બધા જ પુણ્યને હેય માનો તો એકાંતે નિશ્ચયવાદ આવશે.

મોક્ષે તો સર્વ કર્મનો ક્ષય કરીને જવાનું છે, અને સર્વ કર્મના ક્ષયના કારણભૂત શુદ્ધ ભાવો કરવા માટે પણ કોઈક શુભ આલંબન જોઈશે. જેમ કે શાસ્ત્રો. તેને ભણવા માટે કે સમજવા માટે પુણ્યથી જ સામગ્રી મળશે. શાસ્ત્રો સમજવાં કે આચરવા પૂરક સાધન તરીકે જે પુણ્ય જરૂરી છે તે આવકાર્ય છે, પણ જે પુણ્ય આત્માને નુકસાન કરે તે જ પુણ્યથી ડરવાનું છે.

પુણ્યના અનુબંધવાળું પુણ્ય જુદું ને પાપના અનુબંધવાળું પુણ્ય જુદું છે, તે લક્ષ્યમાં રાખવાનું છે. ક્યારે પણ તમારી સામે કોઈ જીવ આવે, ત્યારે તેનું પુણ્ય કેવા પ્રકારનું છે, કયા અનુબંધવાળું છે તેનો વિચાર કરી શકો તેવી તમારે દૃષ્ટિ કેળવવી જોઈએ.

### અનુબંધનો મહિમા :

**મહાપુરુષો અનુબંધનો મહિમા ગાતાં કહે છે કે, દુનિયામાં જેટલા પણ જીવો રખડે છે, તેમાં કારણ એ જ છે કે તે આત્માઓએ કદી અનુબંધ સુધાર્યો નથી. પ્રવૃત્તિ અને ભાવો સુધાર્યા; તેના દ્વારા બંધ સુધાર્યો, એટલે કે આત્માએ અશુભ પ્રવૃત્તિ છોડી શુભપ્રવૃત્તિ કરી, આત્માએ અશુભભાવો છોડી શુભભાવો કર્યા, આત્માએ અશુભબંધો છોડી શુભબંધો મેળવ્યા; પણ કદી અશુભ અનુબંધને તોડીને શુભઅનુબંધને ન ગોઠવ્યો. જગતના જીવો જો કણિયા જેટલો પણ પુણ્યનો અનુબંધ આત્મા પર પાડી શકે, તો તે જીવો દીર્ઘકાળે પણ મોક્ષે જઈ શકે.**

## જીવે શુભાનુબંધી થવા માટે આખી જીવનદૃષ્ટિ પલટવી પડે :

અત્યારે એવા કોઈ જીવો નથી જે પ્રસંગે પુણ્ય ન બાંધતા હોય. દરેકના જીવનમાં કોઈક તો સદ્‌ગુણો હશે જ, ને તેમને તે પ્રમાણે પુણ્ય પણ બંધાય. સંસારમાં પુણ્યબંધના ભાગીદાર મોટા ભાગના આત્માઓ થાય છે, પરંતુ પુણ્યનો અનુબંધ ન પાડી શકવાના કારણે સંસારમાં રખડે છે. પુણ્યબંધ સોંઘો છે, જ્યારે પુણ્યનો અનુબંધ મોંઘો છે. જ્યારે જ્યારે અશુભ ભાવનો ત્યાગ કરી શુભભાવને સ્વીકારો એટલે પુણ્યબંધ ચાલુ થઈ જશે, પણ પુણ્યનો અનુબંધ પાડવા તો આખી દૃષ્ટિ બદલવી પડશે. અનંતકાળથી આત્મા સંસારરસિક-પાપરસિક રહ્યો છે, પાપમાં જ તેને ઉપાદેયબુદ્ધિ રહી છે. તેને બદલવા આત્માએ પાપની જુગુપ્સાવાળા બનવું પડશે અને પાપ પ્રત્યેની ઉપાદેયબુદ્ધિની સામે હેયબુદ્ધિ ખીલવવી પડશે.

બંધનું ચક્ર જે ધોરણ પર ચાલે છે તેના કરતાં અનુબંધનાં ચક્રોનાં ધોરણ જુદાં છે. દા.ત. એક વ્યક્તિ દયા-દાન વગેરે સત્કાર્યો ખૂબ જ ભાવોલ્લાસ સાથે કરે છે પરંતુ ત્યારે પણ અંદરમાં જો પાપમય સંસારની જ રુચિ પડી હોય તો તેને સત્કાર્યો કરવા છતાં પણ પાપ પ્રત્યેની જ ઉપાદેયબુદ્ધિ અંદર બેઠી છે. તેથી જ સત્પ્રવૃત્તિ કરતાં પણ અનુબંધ તો પાપના જ પડવાના. મિથ્યાદૃષ્ટિ જીવો અહિંસાની પ્રવૃત્તિ કરે તો પણ અનુબંધ હિંસાનો જ પાડે. અથવા એક જીવ ક્ષમાનો પરિણામ કરે છે, ક્ષમા કેળવે છે, ક્રોધને ક્યાંય મનમાં સ્કોપ નથી આપતો, આમ, વર્તમાન દૃષ્ટિએ જોઈએ તો તેના આત્મા પર અત્યારે ક્ષમાભાવનો વિકાસ થઈ રહ્યો છે; પણ જો તે જીવમાં મિથ્યાત્વ ગાઢ હોય તો અનુબંધ તેને ક્રોધનો પડે. આ ક્ષમા જે કેળવી તેનાથી પુણ્ય બંધાયું. તેથી જ જ્યારે તે પુણ્ય ઉદયમાં આવશે ત્યારે સત્તા-સંપત્તિ-માનપાન બધું જ મળશે, પણ ત્યારે ક્ષમાને બદલે ક્રોધ જ વધુ કરશે.

## અનુબંધ જીવની બુદ્ધિ પર અસર કરે છે :

**સભા** :- તે જીવ તો ક્ષમાશીલ હતો તો તે પુણ્યના ઉદય વખતે ક્રોધ કેમ વધારે કરશે ?

**સાહેબજી :- અત્યારનું બંધાયેલું પુણ્ય કાંઈ તરત તો ઉદયમાં આવતું નથી, પણ જ્યારે ઉદયમાં આવે ત્યારે જો પાપનો અનુબંધ પડેલો હોય તો તે બુદ્ધિને ઊલટી કરશે. અશુભ અનુબંધ બુદ્ધિને ઊલટી કરે છે ને શુભ અનુબંધ બુદ્ધિને**

સીધી રાખે છે. માટે જ આ જીવે ક્ષમાના ભાવો કેળવીને પુણ્યનો બંધ પાડેલો, પરંતુ મિથ્યાત્વના કારણે અનુબંધ અશુભ પડેલો, તેથી પુણ્યના ઉદય વખતે અશુભ અનુબંધના કારણે તેની બુદ્ધિ ઊલટી થઈ ગઈ. તેથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે કર્મની સર્જનશક્તિનું જ નામ અનુબંધ. આગળ આત્મામાં કેવા ભાવ થશે તે અનુબંધ પર આધારિત છે. તેથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે "કર્મમાં રહેલી ભાવિ સર્જનશક્તિનું જ નામ અનુબંધ."

## અપુનર્બંધકદશાથી પુણ્યનો અનુબંધ શરૂ થાય છે :

**સભા :-** શુભ અનુબંધ સમકિત આવે પછી થાય ?

**સાહેબજી :-** મોક્ષમાર્ગની પ્રથમ ભૂમિકા-અપુનર્બંધક દશા જે જીવ પામે ત્યારથી તેના આત્મા પર થોડો થોડો પુણ્યનો અનુબંધ ચાલુ થાય છે. પછી તે જીવ જેમ જેમ મોક્ષમાર્ગની ભૂમિકામાં આગળ ચઢતો જાય, તેમ તેમ પુણ્યનો અનુબંધ વધતો જાય અને પાપના અનુબંધ ઘટતા જાય. સમ્યગ્દષ્ટિ આત્મા ૧૦૦% પુણ્યનો જ અનુબંધ પાડે છે. મહાપુરુષો આ સમ્યગ્દષ્ટિ આત્મા માટે ગેરન્ટી આપે છે કે આ જીવ ગમે ત્યાં જાય ને ગમે તે પ્રવૃત્તિ કરે, પણ તે આત્માને અનુબંધ તો ૧૦૦% પુણ્યનો જ પડશે, તેને વર્તમાનમાં પાપાનુબંધનો તો સવાલ જ નથી, પરંતુ ભૂતકાળના જે પાપાનુબંધ હતા, તેનું પણ પુણ્યના અનુબંધમાં રૂપાંતર ચાલુ થશે. સમ્યગ્દષ્ટિ આત્માને ગુસ્સો આવે ત્યારે ખરાબ પ્રવૃત્તિ કે મારામારી પણ કરે, તે વખતે તેને બંધ પાપનો પડે પરંતુ અનુબંધ તો પુણ્યનો જ પડે. માટે જ જ્યારે તેને આ પાપ ઉદયમાં આવશે ત્યારે તેને ક્ષમાના જ ભાવ જાગશે. **સમ્યગ્દષ્ટિ આત્માના ક્રોધમાં પણ અનુબંધ ક્ષમાનો છે, જ્યારે મિથ્યાદષ્ટિની ક્ષમામાં પણ અનુબંધ ક્રોધનો પડે છે.**

અનુબંધની કરામત જ એ છે કે જેને ઊંધો અનુબંધ પડ્યો તેને સારું પણ ખરાબ માટે થાય અને જેને સારો અનુબંધ પડ્યો તેને ખરાબ પણ સારા માટે થાય. ઘણા વેપારી અત્યારે બજારને સમજીને નુકસાન વેઠવું પડે તો વેઠી લે, પણ એ એવી રીતે વેઠે કે વર્ષે બે વર્ષે તેને નુકસાન કરતાં ચાર ગણો નફો મળે. એટલે આ નુકસાન નફાનું સાધન થયું, કારણ ધંધાની બાબતમાં તેની તે આવડત છે. એની સામે ઘણા એવા હોય કે અત્યારે નફો લે પણ ભવિષ્યમાં તેનાથી ઘણું નુકસાન થાય. કર્મનાં અનાદિના ચક્રોને આડાં અવળાં કરવાની તાકાત અનુબંધમાં છે.

**શુભભાવ વખતે મનમાં હજારો અશુભભાવો પણ સુષુપ્ત રીતે પડેલા હોવાથી, પુણ્યકર્મો સાથે સેંકડો પાપકર્મો પણ બંધાય છે :**

વર્તમાનકાળનો બંધ તમારા વર્તમાન શુભ અને અશુભભાવ પર અવલંબિત છે. દા.ત. ભગવાનની પૂજા કરતા હો ત્યારે તમારા મનમાં તે વખતે પૂજા નિમિત્તે સારા જ ભાવ છે. તેથી તમને એમ થાય કે મને એકલું પુણ્ય જ બંધાવું જોઈએ, પણ જૈન કર્મવાદ એમ નથી કહેતો. પરમાત્માની પૂજા સારી છે, અને તે વખતે તમારી ક્રિયા અને ભાવ બંને સારા છે. પરમાત્મા પ્રત્યે અત્યંત બહુમાન છે, ભક્તિ અને સમર્પણ પણ છે, સાથે અત્યંત શ્રદ્ધાનો ઉમળકો પણ હોય. આ બધા ગુણો કેળવીને તમે પૂજા કરો છો ત્યારે શુભભાવ છે, માટે પૂજા નિમિત્તે તમને પુણ્ય બંધાય છે; પણ તે વખતે તમારા મનમાં જે બીજા અશુભભાવ છે તેનાથી તો પાપ જ બંધાય.

**સભા :-** આ અશુભભાવોનો અમે કાંઈ વિચાર નથી કરતા. આ સુષુપ્ત અશુભ ભાવોથી પણ પાપ બંધાય?

**સાહેબજી :-** હા, સુષુપ્ત અશુભ ભાવોથી પણ પાપ જ બંધાય. પૂજા કરતી વખતે તમારી પાસે તિજોરીમાં ૨૫ લાખ રૂપિયાનું બેલેન્સ છે તેના પ્રત્યે તમને સુષપ્ત રીતે મમતા-આસક્તિ પડી જ છે. જો કોઈ આવીને કહે કે તિજોરી તૂટી અને તમારા ૨૫ લાખ રૂપિયા ગયા, તો પૂજા કરતી વખતે તમને શું થાય ? અરે ! લાગ આવે તો ઘણાને heart attack-હૃદય પર હુમલો પણ આવી જાય.

**સભા :-** પણ તે મમતા પ્રગટ નથી.

**સાહેબજી :-** મનમાં રહેલા ભાવો પ્રગટ થાય તો જ કર્મ બંધાય તેવું નથી. તમારાં મનમાં જે પણ મેલ છે, ભલે પછી તે તળિયે હોય કે ઉપર હોય, પણ મેલ છે, તો એની સાથે કર્મબંધને સંબંધ છે, પછી ભલે તે અશુભભાવ મનમાં પ્રગટ કે સુષુપ્ત કોઈ પણ રીતે પડેલ હોય. અહીં પણ અંદરમાં ધન પ્રત્યે આસક્તિ તો પડી જ છે. જો તમે માત્ર વિચારથી જ કર્મ બાંધી શકો તો આખી દુનિયાનાં પાપ બાંધી શકો ખરા ? શાસ્ત્રમાં કહ્યું છે કે તમને ખૂણામાં બેઠાં પણ, આચરણમાં કે વિચારમાં ન હોય તો પણ, આખી દુનિયાનાં પાપ લાગે છે, અને આને અવિરતિનું પાપ કહે છે. કારણ અવિરતિમાં દુનિયાનાં પાપોના ત્યાગનો સંકલ્પ ન હોવાથી પાપ લાગે છે. તમે આખી દુનિયાના વિચારો એકી સાથે કરી શકો ખરા ? અને જો કરવા બેસો તો ગાંડા થઈ જાઓ. પણ મનમાં જે સુષુપ્ત વૃત્તિઓ પડી છે તે બધી વૃત્તિઓથી સંગ્રહાત્મક

રીતે એકીસાથે પાપબંધ થાય છે. પૈસાનો જ્યારે વિચાર કરો ત્યારે જ પાપ લાગે તેવું નથી. અત્યારે દુનિયામાં કેટલીય ખાવાની વાનગીઓ પડેલી છે. તેમાં તમને અમુક ભાવે, અમુક ન ભાવે. આમ, ખાવાની વાનગીઓ વિશેના રાગ-દ્વેષ તો ચોવીસે કલાક પડેલા છે. એટલે જ ભાવતી વસ્તુઓ જોતાં મોંમાં પાણી આવી જાય છે અને અણગમતી વસ્તુઓ જોતાં મોઢું બગડી જાય છે. બધી જ ભાવતી-અણભાવતી વસ્તુઓના ખાવાના વિચાર કાંઈ આખો દિવસ તમે કરી શકવાના નથી, પણ અંદર રાગ-દ્વેષ પડેલા હોવાથી પ્રતિક્ષણ તેના નિમિત્તે કર્મ બંધાયા કરે છે. તમે અહીંયાં શાંત બેઠા છો તો પણ તમને પ્રતિક્ષણ સાતેય કર્મોનો બંધ થાય છે, તેમ આપણો કર્મવાદ કહે છે, જ્યારે આયુષ્યકર્મ તો જીવનમાં એક જ વાર બંધાય છે. કર્મના જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય વગેરે મૂળ આઠ ભેદ કહ્યા છે, પણ તેના પેટાભેદ પાડીએ તો સેંકડો થાય; અને એના પણ પેટા ભેદ પાડીએ તો અસંખ્ય થાય. અને આમાંથી ઘણાં બધાં કર્મો તમને પ્રતિક્ષણ બંધાઈ રહ્યાં છે.

તમે કહેશો કે સાહેબ, અમે અહીં ડાહ્યાડમરા થઈ શાંત બેઠા છીએ તે છતાં અમને સજા થાય, આવું કઈ રીતે બને ?

તેનું કારણ એ છે કે અત્યારે તમારા મનમાં સંસારી અશુભ ભાવો સુષુપ્ત રીતે પડ્યા છે, નિમિત્ત નથી મળ્યું માટે પ્રગટ નથી થયા. નિમિત્ત ન મળે તો ક્રોધ બહાર ન આવે એટલે કર્મબંધ ન થાય તેવું નથી. દા.ત. તમે અંગારા સળગાવો ને પછી તેના પર ઢાંકણ મૂકો તો ઉપર રાખ વળી જાય. એટલે બહારથી અગ્નિ ઠરી ગયો છે તેમ લાગે, પણ અંદર તો ગરમાવો રહેવાનો જ. અંદર હાથ નાંખો તો હાથ દાઝી જાય. તેવી જ રીતે આત્માની અંદર બધા કષાયોના પરિણામ પડ્યા છે, માટે બંધ ચાલુ છે; પછી ભલે તે પરિણામો સુષુપ્ત હોય. પ્રકૃતિમાં પડેલા ભાવોનો પલટો ન લાવો ત્યાં સુધી કર્મબંધમાં આમૂલ ફેરફાર નહિ કરી શકો. **તીર્થંકર ભગવંતોની ખૂબી એ છે કે તમારા મનમાં ખૂણેખાંચરે પણ રહેલા શુભ-અશુભભાવોની નોંધ કર્મબંધમાં બતાવી છે.**

શુભભાવ કે શુભક્રિયા હોય ત્યારે એકલું પુણ્ય જ બંધાય એવું નથી, સાથે તે જ વખતે બીજા અશુભભાવો હોય તો પાપ પણ બંધાય છે. પુણિયાશ્રાવકને પણ પૂજા કરતાં અવિરતિ નિમિત્તક આખી દુનિયાનું પાપ લાગે છે. આવો ઉત્તમ શ્રાવક હોવા છતાં તેના જેવાને પણ પૂજા વખતેય પાપબંધ ચાલુ છે.

**સભા :-** અવિરતિમાં છે તેથી ?

**સાહેબજી :-** તમે અવિરતિ શબ્દ તો બોલી ગયા, પણ તમને અવિરતિ શબ્દનો અર્થ ખબર છે ?

**સભા :-** પચ્ચક્ખાણનો અભાવ.

**સાહેબજી :-** અવિરતિ એટલે પચ્ચક્ખાણનો અભાવ એમ ન કહી શકાય. કારણ કે અવિરતિ એ તો આંતરિક ભાવ છે, જે અંદર મનમાં રહેલો છે. પચ્ચક્ખાણનો અભાવ એ તો અવિરતિનું કારણ છે. ફળ અને કારણમાં તફાવત છે.

## આ પુણ્ય-પાપબંધો તો માત્ર એક જ વાર ફળ આપે છે, પરંતુ અનુબંધ અનંતવાર ફળ આપવાની તાકાત ધરાવે છે :

વિરતિ એ પાપવિષયક રાગ-દ્વેષના ત્યાગનો ભાવ છે. અવિરતિ એ પાપવિષયક રાગ-દ્વેષનો ભાવ છે. અવિરતિથી પુણિયા શ્રાવક જેવા ઉત્તમ શ્રાવકને પણ સતત કર્મબંધ ચાલુ છે. પરંતુ આ કર્મબંધ એકવાર વિપાક દ્વારા ફળ દર્શાવીને આત્મા પરથી ચાલતી પકડે છે, જ્યારે અનુબંધ અનંતવાર ફળ આપવાની તાકાત ધરાવે છે. દા.ત. અડધો કીલો અનાજ પણ રાંધીને ખાઈ જાઓ એટલે ખલાસ થઈ જાય. તો પછી અનાજના એક દાણાની ખાવારૂપે કેટલી કિંમત ? માંડ એક કીડીનું પેટ ભરાય. આમ, અનાજના એક દાણાની પોષણ તરીકે અલ્પ શક્તિ છે, પરંતુ તે જ દાણાની સર્જનશક્તિ કેટલી ? તો આખી દુનિયાનું પેટ ભરાય તેટલી. બસ, તેની જેમ અત્યારે બાંધેલું કર્મ એક વખત પુણ્ય કે પાપરૂપે ભોગવી લો એટલે ફળ આપીને ખપી જશે, પરંતુ તેની અવિચ્છિન્ન પરંપરા તો અનુબંધ જ ચલાવશે. જ્યાં અશુભ અનુબંધ હશે ત્યાં નુકસાન અને જ્યાં શુભ અનુબંધ હશે ત્યાં લાભ છે.

**સભા :-** સમકિતી પાપની પ્રવૃત્તિથી પુણ્યનો જ અનુબંધ પાડે તે તર્કથી નથી બેસતું.

**સાહેબજી :-** સમકિતીને પાપનો રસ જ ન હોય. નાના પણ પાપને તે સારું ન માને. તેની પાપની રુચિ સંપૂર્ણ સળગી ગઈ છે. મનમાં ખૂણેખાંચરે પણ તેને પાપ પ્રત્યે રુચિનો સવાલ જ નથી. તેને આખો સંસાર અસાર-દુ:ખમય લાગે છે. જ્યારે તમારી જીવનપ્રવૃત્તિ પાપમય હોવા છતાં તમે તેને ગેરવાજબી માનવા પણ તૈયાર

નથી. તમે તો એમ કહેશો કે આવું વિચારીએ તો જિવાય જ શી રીતે ? તમારી વિચારસરણી જ તમને નુકસાન કરે છે. મોટી હિંસાને તમે પાપ તરીકે સ્વીકારો છો, પણ નાની હિંસાને તમે પાપ તરીકે સ્વીકારતા નથી. મોટું અસત્ય, મોટી ચોરી, મોટો વિશ્વાસઘાત વગેરે પાપ છે તેવું લાગે, પરંતુ નાનાં અસત્યો, નાની ચોરી, નાનો વિશ્વાસઘાત વગેરેને પાપ તરીકે સમજાવીએ તો પણ પાપ તરીકે ન સ્વીકારો. તમારા જીવનમાં નાનાં ઢગલાબંધ અસત્યો છવાયેલાં છે, પણ તે તમને ખરાબ પણ ન લાગે તો પાપનો અનુબંધ કેવી રીતે છૂટે ?

દા.ત. સંસારમાં તમે લગ્ન-સગાઈ જેવા પ્રસંગોએ જ્યારે make up કરો છો, તે make up પણ એક બનાવટ છે, છેતરપીંડી છે. તમે જેવા છો તેનાથી વધારે સારા રૂપાળા દેખાવાની કોશિશ કરો છો. મોઢા પર એક નાનો ડાઘ હોય તો make up એવો કરો કે ડાઘ જરા પણ દેખાય નહિ. આમ, કોઈ તમને બહાર જુએ તો રૂપાળા લાગો, પણ ઘરમાં એમ ને એમ જુએ તો કદરૂપા લાગો. આ માયા છે, અસત્ય છે. છતાં આવાં નાનાં નાનાં પાપોને પાપ તરીકે સ્વીકારો ખરા ? આ પણ અસત્યનો પ્રકાર છે.

**સભા :-** આ તો એક કળા છે.

**સાહેબજી :-** હા, લોકોને ઠગવાની કળા છે. તમામ પાપને પાપ તરીકે સ્વીકારવા પણ જબરદસ્ત માનસિક તૈયારી જોઈએ છે. આત્મામાં સ્પષ્ટતા, નિખાલસતા, પ્રામાણિકતા અને સત્યનિષ્ઠા જોઈએ. પાપને પાપ તરીકે ને અધર્મને અધર્મ તરીકે સ્વીકારો; કારણ કે **વાસ્તવિકતાનો સ્વીકાર એ જ સમકિત છે.**

**સભા :-** આ બધું પાપ સમજ્યા પછી પણ વ્યવહારમાં કરવું પડે છે.

**સાહેબજી :-** તમારે સંસાર ચલાવવો હોય તો હિંસા કરવી પડે, પણ તેમાં રાગ-દ્વેષરૂપ અશુભભાવ ન કરવા તે તમારા મનની વાત છે, હિંસા કરવી હોય તો રાગ-દ્વેષરૂપ અશુભભાવ કરવા જ પડે તેવો નિયમ નથી. ૧૮ પાપસ્થાનકોમાંથી પહેલાં પાંચ પાપસ્થાનક સિવાય બીજાં બધાં પાપસ્થાનકો શ્રાવકજીવનમાં ધારો તો છોડી શકો છો, અને પહેલાં પાંચ પાપસ્થાનકો સંસારમાં સંપૂર્ણ રીતે નહિ પણ આંશિક રીતે તો ત્યાગ અવશ્ય કરી શકો તેમ છો. જો ગૃહસ્થ સાવધાન હોય તો છઠ્ઠે ક્રોધ, સાતમે માન, આઠમે માયા, નવમે લોભ વગેરેને છોડી શકે.

**સભા :-** પણ થોડાં છોડીએ ને થોડાં રહેવા દઈએ તો ?

**સાહેબજી :-** આ તો તમે એવી વાત કરી કે કોઈ પેશન્ટ, ડૉક્ટર પાસે જઈને કહે કે મારો થોડો રોગ જાય તેવું જ કરજો. હા, પછી તમારે માંદા જ રહેવું હોય તો અમારી ના નથી. તમારી મરજી હોય તો પાપ રાખવાં હોય તેટલાં રાખો, આ તો ગૃહસ્થજીવનમાં શક્ય-અશક્યની વાત છે. વગર રાગે એટલે કે અપ્રશસ્ત રાગ વગર આખો સંસાર તમે ચલાવી શકો તેમ છો. તમે પ્રશસ્ત રાગથી પત્ની-કુટુંબ ને વેપારધંધાના બધા જ વ્યવહારો ચલાવી શકો તેમ છો. પ્રશસ્ત ક્રોધથી બધે કામ થઈ શકે છે. વળી પ્રશસ્તકષાયો પાપસ્થાનક નથી. પ્રતિક્રમણમાં આલોચના કરતી વખતે 'પ્રાણાતિપાત' સૂત્રમાં પણ છઠ્ઠે ક્રોધ, સાતમે માન વગેરે બોલો ત્યારે અપ્રશસ્ત ક્રોધમાનાદિ લેવાના છે, તેનો જ પાપરૂપે ત્યાગ કરવાનો છે અને તેનું જ મિચ્છા મિ દુક્કડં દેવાનું છે. શ્રાવકને શુભ કષાયો ત્યાજ્ય નથી કહ્યા. શુભ ક્રોધ, શુભ અહંકાર આદિ બધા જ શુભ કષાયો કરીને તમે પુણ્ય બાંધો છો. જો કોઈ વ્યક્તિનું હિત દેખાતું હોય, અને તે હિત કરવામાં ક્રોધ અનિવાર્ય આવશ્યક હોય ત્યારે સ્વાર્થ વગર ક્રોધ કરો તો પુણ્યબંધનું કારણ બંને છે.

**સભા :-** માસ્તર છોકરાને મારે તે રીતે ?

**સાહેબજી :-** તે વખતે માસ્તરને અંદર શુભભાવ જોઈએ. મનમાં છોકરા પર કડપ બેસાડવા કે સારા માસ્તર તરીકે પંકાવાના ભાવથી મારે તો તે શુભભાવ ન કહેવાય. અર્થાત્ તેમાં અંગત સ્વાર્થ પ્રેરકબળરૂપે ન જોઈએ. કેવળ હિતબુદ્ધિથી કષાયો કરે તો તે પુણ્યબંધનું કારણ બને.

તમારા દીકરાને પણ સ્વાર્થથી તમે મારો તો પાપ બંધાય. તમારાં સંતાનોને તમારે બાપ તરીકે મોટાં કરવાની જવાબદારી છે. તેમનાં પાલન-પોષણ ને ઉછેર કર્તવ્યરૂપે અદા કરો એટલે પુણ્ય બંધાય. પણ તેમાં શરત એ છે કે કર્તવ્ય શુભભાવથી અદા કરવું પડે. છોકરાને મોટા એટલા માટે કરતા હો કે મારો દીકરો છે એવી મમતા છે, વળી આ દીકરો મોટો થઈ બુઢાપામાં મારી લાકડી બનશે, મને સાચવશે, જો આવા બધા ભાવો ઉછેરવામાં હોય તો તે ભાવો અશુભ છે, ને તેનાથી પાપબંધ ચાલુ રહેશે.

**સભા :-** કર્તવ્યરૂપે પણ અમારા છોકરા હશે એને જ અમે મોટા કરીશું ને ?

**સાહેબજી :-** બીજાના છોકરાની પણ જો જવાબદારી આવે તો મોટા કરવા પડે. દા.ત. કોઈનો ભાઇ જો નાનાં સંતાનો મૂકીને પરલોક થયો હોય તો તેનાં

છોકરાંને પણ મોટા કરવાની ભાઈની જવાબદારી આવે. જવાબદારી અદા કરવામાં શુભભાવ જોઈએ. કર્તવ્ય પણ અશુભભાવથી અદા કરો તો પાપ લાગે.

આપણા તીર્થંકરોએ આખો સંસાર શુભભાવથી કેવી રીતે ચલાવવો તે પણ બતાવ્યું છે. જો તેની આવડત હોય તો પુણ્ય બાંધી શકો છો. પરંતુ શુભભાવ કોને કહેવાય ? ને અશુભભાવ કોને કહેવાય, ક્યાં કઈ જગ્યાએ કેવા ભાવ કરવા તે દરેક વ્યક્તિએ જાણવું જોઈએ. મા-બાપે દીકરાઓનો ઉછેર અને દીકરાઓએ માબાપની ભક્તિ પણ કેવી રીતે કરવાની તે જાણવા જેવું છે. તમે માબાપને પાળું છું, પોષું છું આવું બોલો તો પણ યોગ્ય નથી. માબાપની તો ભક્તિ હોય, એમને કાંઈ વેંઢારવાનાં નથી. દીકરો માબાપની ખૂબ જ સારસંભાળ લે, દવાદારૂ-ઇચ્છા-જરૂરિયાત બધું પૂરું કરે, ભક્તિ કરવામાં ખડે પગે ઊભો રહે, પણ તેમાં આશય નિઃસ્વાર્થ હોવો જોઈએ. દીકરો વિચારે કે બાપ પાસે મોટો દલ્લો છે ને જો તેમને ખુશ રાખીશ તો વારસામાં તે દલ્લો મને મળશે, તેવા ભાવથી ભક્તિ કરી ખુશ રાખે તો તે શુભભાવ નથી, પણ સ્વાર્થજન્ય અશુભભાવ છે. મેલા ભાવથી ભક્તિ કરો તો પાપ જ બંધાય. તેવી જ રીતે પુત્રવધૂ પણ સાસુની ભક્તિ સ્વાર્થથી કરે તો અશુભ જ ભાવ કહેવાય. કર્તવ્ય અદા કરતી વખતે પણ પુણ્યબંધ કે પાપબંધનો આધાર મનોવૃત્તિ કેવી છે તેના પર છે.

આ બધું કર્મબંધના એક એક પાસાને સમજો તો ખબર પડે. કર્મના સિદ્ધાંત પ્રમાણે સતત કર્મ બંધાય છે. વિચાર પણ ન કરતા હોવા છતાં જો વૃત્તિમાં શુભ કે અશુભ ભાવો હોય તો પુણ્ય કે પાપનો બંધ થાય છે. વળી તેમાં અનુબંધ જો સારો ન પડે તો પૂરું જોખમ છે. સમ્યગ્દૃષ્ટિ આત્માએ ૧૮ પાપસ્થાનકમાંથી અઢારમું મિથ્યાત્વશલ્યરૂપ પાપસ્થાનક તો સંપૂર્ણ છોડ્યું છે. તેથી જ સમકિત આવ્યું છે. સમકિતીને ૧૭ પાપસ્થાનકના સેવનને કારણે પાપનો બંધ થવા છતાં પણ અનુબંધ તો પુણ્યનો જ પડે છે. બધાં જ પાપસ્થાનક પ્રત્યે સમ્યગ્દૃષ્ટિ આત્માને જ્વલંત વૈરાગ્ય છે, પાપની પ્રવૃત્તિમાત્ર પ્રત્યે સૂગ છે, તેના ત્યાગની ભાવના છે. તેને ઊંઘમાં પણ આ ભાવના જવાનો સંભવ નથી. તેનામાં વૈરાગ્ય ને વિવેક સતત જાગૃત છે. વૈરાગ્યથી તેનું મન તરબતર છે ને વિવેકથી તેનું હૃદય આચ્છાદિત છે. પાપના અનુબંધ માટે જે જે પરિબળો જોઈએ, તે બધા તેણે છોડી દીધા છે. વૈરાગ્ય અને વિવેક પુણ્યના અનુબંધનાં સાધન છે. તે તેનામાં સુંદર રીતે છે.

**સભા :-** વૈરાગ્ય-વિવેક ન આવે ત્યાં સુધી પુણ્ય ઓછું કરવું ?

**સાહેબજી :-** ના, પણ જે પુણ્યથી વૈરાગ્ય ને વિવેકને પામવાની સામગ્રી મળે, આ ભવમાં કે પરભવમાં એ સામગ્રીને પામવાના સંયોગો ઊભા થાય તેવું પુણ્ય બંધાય, તેના માટે પ્રયત્નો કરવાના કે જેનાથી વૈરાગ્ય અને વિવેક પેદા કરવાનું બેકંગ્રાઉન્ડ તૈયાર થાય. પણ પુણ્ય બાંધતાં ગાઢ સંસારરસિકતા હશે તો બરબાદ જ થઈ જશો ને સંસારચક્રની બહાર નહિ નીકળી શકો. તેથી જ, તીર્થંકરોએ બતાવેલો ધર્મ કરતાં સંસારનો રસ ઘટાડવો જોઈએ.

## રાગ-દ્વેષ-કષાયોમાં પીડાનું સંવેદન - વીતરાગતાનું મૂળ :

પૂજાની ક્રિયા કરતાં પુણ્યનો બંધ પાડવો સહેલો છે, પણ પુણ્યના અનુબંધને પાડવા તો વીતરાગને ખરા રાગથી ભજવા પડે અને તે વૈરાગ્ય વગર થાય નહિ. તે વીતરાગને ગુણથી ઓળખ્યા વગર શક્ય જ નથી.

આખું જગત વિષય-કષાયોથી ખદબદે છે. આ સંસારમાં કોઈ વીતરાગી નથી. રાગ-દ્વેષથી ઘેરાયેલા જગતમાં વીતરાગતા એ અનોખી ચીજ છે. જે વિકારોથી આપણે ખદબદીએ છીએ તે વિકારો જ આપણને દુઃખ આપે છે. જો તમે આ વિષય-કષાયોથી થાક્યા હો તો જ ભગવાન પાસે જઈ નિર્વિકારી મન કેળવવાની સાચી ઈચ્છા થાય. આત્માના દુઃખથી બેચેન થઈને અહીં પ્રભુ પાસે આવવાનું છે, નહિ કે સંસારનાં દુઃખ રડવા. તમને શરીરનાં દુઃખ સાલે છે, પણ કામ-ક્રોધ આદિના વિકારોથી ત્રાસી જઈને છૂટકારો મેળવવા ભગવાન પાસે જવાની ઈચ્છા થતી નથી. વિકારોમાં દુઃખનો અનુભવ થાય છે કે મજા આવે છે ? સમ્યગ્દષ્ટિ આત્માને સંસારમાં રહેવા છતાં પણ એકે પાપમાં મજા નથી આવતી. બધા જ કષાયોમાં તેને પીડાનો અનુભવ થાય છે.

**સભા :-** સમ્યગ્દષ્ટિને સંસારમાં અકળામણ થાય ?

**સાહેબજી :-** હા, ચોક્કસ થાય. તેથી જ કહ્યું છે કે તેના જેવો દુઃખી આ સંસારમાં કોઈ નથી. તમને પાપના ફળમાં દુઃખ લાગે છે કે પાપમાં દુઃખ લાગે છે ? ચીંટિયો ખણે ત્યારે દુઃખ થાય, પણ ક્રોધ પ્રગટે ત્યારે દુઃખ થાય ખરું ?

**સભા :-** તેમાં દુઃખ દેખાતું નથી.

**સાહેબજી :-** આ દુનિયામાં કોઈ માણસ એવો ખરો કે જેણે નજરે દુઃખ જોયું હોય ? સુખ-દુઃખ એ નજરે જોવાની વસ્તુ નથી પણ અનુભવવાની વસ્તુ છે.

નાસ્તિકને જો પૂછશો કે તું આત્મા કેમ નથી માનતો ? તો કહેશે કે આત્મા નથી દેખાતો માટે. તેને પૂછીએ કે ચીંટિયો ખણીએ તો બૂમ કેમ પાડે છે ? ત્યારે તે કહેશે કે દુઃખ થાય છે માટે. તો તેને ફરી વાર પૂછવાનું કે દુઃખ મને નજરે દેખાડ. તો તેનો એ જ જવાબ હશે કે દુઃખ દેખાડી શકાતું નથી પણ અનુભવાય છે, માટે માનવું પડે. હમણાં તો તેનું માનવું હતું કે જે ન દેખાય તેને ન માનું, તો પણ દુઃખને માને છે; કારણ અનુભવ થતો દેખાય છે. જેમ તમને થપ્પડ મારીએ તો ગાલ પર બળતરાનો અનુભવ થાય છે, તેમ ક્રોધ આવે તો અંતરમાં બળતરાનો અનુભવ થાય છે ?

**સભા :-** દોસ્તાર મારે તો ન લાગે.

**સાહેબજી :-** આજથી જ દોસ્તારોને કહેજો કે મને થપ્પડ મારો.

**સભા :-** એ તો શાબાશી લાગે છે.

**સાહેબજી :-** જોરથી શાબાશી આપે તો પણ વાગ્યું હોવાથી પંપાળો તો ખરા જ.

શરીરના દુઃખને મહત્ત્વ ન આપતાં મનના દુઃખને મહત્ત્વ આપો. બાહ્ય દુઃખ કરતાં અંદરનાં દુઃખો વધારે કાતિલ છે. બસ, જે અંદરનાં દુઃખોથી ત્રાસ્યો છે, તે જ વીતરાગની સાચી ભક્તિ કરી શકશે. જ્યારે આવો જીવ વીતરાગ પાસે ભક્તિ કરવા આવે ત્યારે પ્રભુને જોઈને તેને થાય કે "હે પ્રભુ ! તું સુખી છે ને હું દુઃખી છું. મારે તારી પાસે છે તે જોઈએ છે. આ વિકારો ને પાપોમાંથી હું ક્યારે મુક્ત થાઉં," તે જ તાલાવેલી તેને લાગેલી હોય છે. જેને રાગ-દ્વેષ અને કષાયોમાં પીડાનો અનુભવ થશે તે જ પૂર્ણ વીતરાગભાવને પામી શકશે, ને તે જ પાપનો રસ તોડી શકશે. પાપનો રસ જીવંત રાખીને પુણ્યના અનુબંધ ન પાડી શકાય.

જેમ ભિખારીને જોતાં અનુકંપા જાગે તેના પ્રત્યે દયાબુદ્ધિ જાગે, તેમ મનમાં થાય કે "આ સંસારમાં એ પણ જીવ છે ને હું પણ જીવ છું. કર્મનું સ્વરૂપ કેવું વિચિત્ર છે ? અત્યારે તે ભૂતકાળનાં પાપોથી દુઃખી છે, વળી આ ભવમાં તેના ગુણોનો વિકાસ થવાની પણ શક્યતા અલ્પ છે, તેથી પરલોકમાં પણ તેનું શું થશે ? ધર્મસામગ્રી મળ્યા પછી પણ જો આપણે આ ભવમાં ધર્મ નહીં કરીએ તો અનંતકાળ સુધી આવી રીતે જ રખડીશું." આવા વૈરાગ્યના ભાવો મનમાં થવા જોઈએ.

## વૈરાગ્ય પ્રગટાવવા સંસારના વાસ્તવિક સ્વરૂપનું વારંવાર સંવેદનાત્મક ચિંતન-મનન કરવું જોઈએ :

**સભા :-** અશુભભાવની માન્યતા દૃઢ થઈ ગઈ હોય તેનામાં વૈરાગ્યનો ભાવ કઈ રીતે પ્રગટે ?

**સાહેબજી :-** વૈરાગ્ય પ્રગટાવવા સંસારના વાસ્તવિક સ્વરૂપનું વારંવાર ચિંતન-મનન કરવું જોઈએ. વારંવાર ચિંતન કરવાથી શુભભાવો દૃઢ થશે અને અશુભભાવો નબળા પડશે, ઉપરાંત વૈરાગ્યનો ભાવ પણ વૃદ્ધિ પામતો જશે. સાચા વૈરાગીને દુનિયાનાં દર્શન કરતાં નવો નવો વૈરાગ્ય પેદા ન થાય તેવું બને જ નહિ. તીર્થંકરે જગતની આ જ રીતે હિતચિંતા કરીને પુણ્યાનુબંધીપુણ્ય બાંધ્યું છે, કારણ તેમને સંસાર દુઃખમય લાગ્યો હતો.

## વૈરાગ્ય વગરના મૈત્ર્યાદિભાવો મોહજન્ય છે :

**વૈરાગ્ય વગરનો શુભભાવ એટલે વૈરાગ્ય વગરનો મૈત્રીભાવ, વૈરાગ્ય વગરનો પ્રમોદભાવ, વૈરાગ્ય વગરનો કરુણાભાવ અને વૈરાગ્ય વગરનો માધ્યસ્થભાવ; આ જગતમાં જેનામાં વૈરાગ્ય નથી તેના આ બધા ગુણો મોહજન્ય છે, તેનાથી પાપાનુબંધીપુણ્ય બંધાય છે. સામાયિક ઊંચો ધર્મ છે, છતાં તેમાં પણ વૈરાગ્ય અને વિવેક તો અનિવાર્ય છે. સામાયિકમાં ફક્ત પાપપ્રવૃત્તિનો ત્યાગ ન કરતાં પાપની રુચિનો ને પાપના રસનો પણ ત્યાગ કરવો જોઈએ, નહિ તો સામાયિક કરતાં બંધ ફક્ત પુણ્યનો પડે પણ અનુબંધ પાપનો પડે.**

## ૨૩

તા. ૧૮-૮-૯૪, ગુરુવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્મા વૈરાગ્ય અને વિવેકની સમ્યગ્ પ્રાપ્તિ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

### અનુબંધનું મહત્ત્વ :

**વૈરાગ્ય અને વિવેક એ બંને પાયાના એવા ગુણો છે કે જેના દ્વારા આત્મા ઉન્નતિના સીધા રાહ ઉપર સરળપણે આવી શકે છે. જ્યાં સુધી આત્મા આ બે ગુણોનો વિકાસ નથી કરી શકતો, ત્યાં સુધી આત્મા મોક્ષમાર્ગ પર સ્થાપિત નથી થઈ શકતો. આ બે મૂળ પાયાના પ્રારંભિક ગુણો છે, તેથી જ તેને પામવા પ્રથમ પુરુષાર્થ કરવો જોઈએ. બીજા ગુણોમાં ફક્તબંધ સુધારવાની તાકાત છે જ્યારે આ બે ગુણોમાં અનુબંધ સુધારવાની તાકાત છે.**

અનુબંધ એ આત્મા પર કર્મરૂપી ચક્રની પાયાની ધરી છે. જેમ પૈડામાં ધરી બરાબર હોય તો કદાચ એકાદ બે આરા તૂટી જાય તો પણ પૈડું ચાલી શકે છે, તેમ પાપના ઉદયવાળા કે નવા પાપને બાંધનારા જીવને પણ પુણ્યનો અનુબંધ મોક્ષમાર્ગની ૨ ગતિમાં સહાયક બને તેવા પ્રકારનું તંત્ર ગોઠવી આપે છે, જ્યારે પાપનો અનુબંધ એવો છે કે આત્મા પર મોક્ષમાર્ગને યોગ્ય ગુણોનું અવરોધક અને નુકસાનકારક તંત્ર ગોઠવી આપે છે. આપણે અત્યારે કર્મના ફંદામાં ફસાયેલા છીએ અને ધ્યાન નહિ રાખીએ તો ઘોર સંસારમાં રખડી જઈશું, પણ જો એક વખત પણ પુણ્યના અનુબંધનું ચક્ર આત્મા પર સ્થાપિત થઈ જાય તો આપણે ન્યાલ થઈ જઈએ.

દા.ત. નેમિનાથ ભગવાનની આરાધના નવમા ભવથી ચાલુ થઈ. તેનો અર્થ એવો નથી કે તેમણે ભૂતકાળમાં ધર્મ કર્યો જ નહોતો, તેમણે પણ પુણ્ય તો અનેકવાર બાંધ્યું હતું, ફક્ત પાપ જ બાંધ્યું હતું એવું નહોતું. તેઓ પણ નવ ભવની પૂર્વે ભૂતકાળમાં પુણ્ય બાંધીને બધી ભોગસામગ્રી પામેલા હશે, પણ ત્યારે પાપના

અનુબંધવાળું ચક્ર તેમના આત્મા પર ગોઠવાયેલું હતું. તીર્થંકર જેવા આત્મા પણ પાપના અનુબંધના માલિક હોય ત્યારે સંસારમાં ફસાયેલા હોય. અનુબંધને પલટો તો જ સંસારમાંથી નીકળી શકાય. અનુબંધ બદલાયા પછી નવ ભવમાં તેમના એક એક ભવનો વિકાસ જોઈ શકો છો. પુણ્યના અનુબંધથી ઉત્તરોત્તર વિકાસ થાય છે.

અનુબંધ એ ઉત્પાદનશક્તિ છે. યોગ્ય રીતે તેને આત્મા પર ગોઠવો તો વિકાસનો ગુણાકાર થાય છે. કણિયા જેટલું પણ પુણ્યાનુબંધીપુણ્યકર્મ ઉદયમાં આવે ત્યારે તે પુણ્યથી કંઈ ગણું બીજું નવું પુણ્યાનુબંધીપુણ્ય બંધાય છે, ને તે પાછું જ્યારે ઉદયમાં આવે છે ત્યારે તે પુણ્યથી બીજું અસંખ્ય ગણું પુણ્યાનુબંધીપુણ્ય બંધાય છે, ને આગળ જતાં અનંત ગણું થાય છે. જેમ કે અનાજના દાણા વાવો એટલે હોય તેના કરતાં હજાર ગણો પાક ઊતરે, ને તે પણ વાવો એટલે લાખો-કરોડો ગણો ઊતરે, એમ કરતાં ગુણાકાર કેટલો મોટો આવે? કોઠારો ભરાય તેટલું અનાજ એક દાણામાંથી થશે. અહીં પણ પુણ્યાનુબંધીપુણ્યનું એવું જ છે. જે કર્મની શુભ સર્જનશક્તિ છે તેવા કર્મને આપણે પુણ્યના અનુબંધવાળું કહીશું, અને જે કર્મની સર્જનશક્તિ ખરાબ છે તે કર્મને આપણે પાપના અનુબંધવાળું કહીશું. જે કર્મની સર્જનશક્તિ ખરાબ છે તેવા કર્મના વિષચક્રમાંથી છુટકારો મેળવશો તો જ પુણ્યનો અનુબંધ આવશે.

## પાપાનુબંધનું મૂળ :

**સભા :- પાપાનુબંધીપુણ્ય કેવી રીતે બંધાય ?**

**સાહેબજી :- કોઈપણ શુભ પરિણામ કે પ્રવૃત્તિ કરો તેમાં સંસારરસિકતા અને તીવ્ર અવિવેક હોય તો પાપાનુબંધીપુણ્ય બંધાય છે.**

**સભા :-** વિરાગ અને વૈરાગ્ય એક જ શબ્દ છે ?

**સાહેબજી :-** હા, બંને પર્યાયવાચી શબ્દો છે.

જીવ સંસારમાર્ગથી મોક્ષમાર્ગ ઉપર ચડે તે વચલા કાળને સંક્રાંતિકાળ કહેવાય છે, અને જ્યારે આત્મા સમકિત પામે એટલે મોક્ષમાર્ગમાં સ્થિર થયો કહેવાય. બસ, ત્યાં તેને ૧૦૦% વિરાગ ને વિવેક આવે છે. અપુનર્બંધકદશાથી જીવ પુણ્યનો અનુબંધ પાડવાનો પ્રારંભ કરે છે અને સમકિતમાં તે પુણ્યનો અનુબંધ પૂર્ણતયા પાડે છે. જેનામાં વૈરાગ્ય ને વિવેક નથી તે જીવ પ્રાયઃ પાપનો અનુબંધ પાડે છે.

## સમકિતીને પાપ બાંધતાં પણ પુણ્યનો અનુબંધ :

સમકિતી આત્મા પુણ્ય-પાપ બાંધે પણ અનુબંધ તો પુણ્યનો જ પાડે. મોક્ષમાર્ગની બહાર રહેલા જીવો પુણ્ય અને પાપ બાંધી શકે, પણ અનુબંધ પાપનો જ પાડે અને સંક્રાંતિકાળમાં રહેલા હોય તે જીવો ચડતીના ટકા પ્રમાણે પુણ્ય-પાપનો અનુબંધ પાડે.

એક માણસ જે ખાવાના અવિવેકને લીધે અનેક રોગોથી પીડાતો હોય ત્યારે તે રોગિષ્ટ કહેવાય, અને તે વ્યક્તિ રોગને દૂર કરવા દવા, ચરી, પથ્ય પાળે તો ધીરે ધીરે રોગ જેટલા ટકા ઘટે તેટલા ટકા આરોગ્ય આવ્યું કહેવાય, અને જ્યારે સંપૂર્ણપણે રોગ નાબૂદ થાય ત્યારે સંપૂર્ણ આરોગ્ય આવ્યું કહેવાય.

જેમ રોગ અને આરોગ્ય એ બે અવસ્થા જુદી છે અને રોગમાંથી આરોગ્ય તરફ જવાની દશા તે સંક્રાંતિ છે, તેમ ગાઢ મિથ્યાત્વીને સંપૂર્ણતયા પાપનો અનુબંધ પડે છે, અને મિથ્યાત્વમાંથી સમકિતની ભૂમિકા તરફ ગતિ કરનારને થોડા પાપનો અને થોડા પુણ્યનો અનુબંધ પડે છે, અને જ્યારે સમકિત પામી જશે ત્યારે સંપૂર્ણતયા પુણ્યનો અનુબંધ પડશે.

## નિશ્ચય-વ્યવહારથી સમકિતનું સ્વરૂપ :

**સભા :-** વ્યવહારનયનું સમકિત લેવાનું ?

**સાહેબજી :-** અહીં શુદ્ધ વ્યવહારનયનું ચોથા ગુણસ્થાનકનું ભાવસમકિત લેવાનું છે. તમે સમકિતના આચાર પાળતા હો તો દ્રવ્યસમકિત આવ્યું કહેવાશે. તમે જ્યારે બાર વ્રતો ઉચ્ચરો છો ત્યારે અમે સમકિત ઉચ્ચરાવીએ છીએ. તેમાં પ્રતિજ્ઞા એ આવે છે કે "સુદેવ-સુગુરુ-સુધર્મને જ માનીશ, કુદેવ-કુગુરુ-કુધર્મને નહિ માનું અને સુદેવ-સુગુરુ-સુધર્મ સિવાય બીજે ક્યાંય પૂજ્યભાવ કે બહુમાન નહિ કેળવું." આ પ્રતિજ્ઞા તમે શ્રદ્ધાથી અણીશુદ્ધપણે પાળતા હો છતાં ચોથા ગુણસ્થાનકનો વિવેક અને વૈરાગ્ય ન આવ્યાં હોય તો, દ્રવ્યથી સમકિત આવેલું ગણાશે; હજુ ભાવથી સમકિત આવ્યું ન કહેવાય. શુદ્ધ વ્યવહારનયથી ચોથા ગુણસ્થાનકનું ભાવસમકિત જે આત્મા પામેલો હોય તેને પાપનો અનુબંધ પડતો નથી, તે કાયમ ખાતે પુણ્યનો અનુબંધ પાડે છે.

**સભા** :- નિશ્ચયનયથી સમકિત કઈ રીતે પમાય ?

**સાહેબજી** :- અક્ષેપફલસાધક (તત્કાળ ફળ આપનારું) નિશ્ચયનયનું સમકિત અત્યારે જાણી-સમજી શકાય, પણ પામી શકાય નહિ. નિશ્ચયનયનું સમકિત અત્યારે પ્રગટવું શક્ય નથી. જો કોઈ નિશ્ચયનયથી સમકિત પામ્યાનો અત્યારે દાવો કરે તો તે કાં તો અભણ છે કાં તો ઢોંગી છે. નિશ્ચયનયની વ્યાખ્યા સાંભળીને તમારે ગભરાવાનું નથી.

નિશ્ચયનય, જે શ્રદ્ધા યથાર્થ આચરણ પેદા ન કરે તે શ્રદ્ધાને સાચી શ્રદ્ધા માનતો નથી. તેને વિચાર-વાણી અને વર્તન ત્રણેનો સમન્વય જોઈએ છે. જો આમાં જરાપણ ખામી હોય તો તેની વ્યાખ્યામાંથી તમને બાકાત રાખશે. નિશ્ચયનય તમને કહેશે કે, આ પાપ છે તેને તમે પાપ માનો છો છતાં છોડો નહિ, તો તે ન ચાલે.

જેવી રીતે વાનગીમાં ઝેર છે તે જાણ્યા પછી પણ વાનગી ખાધે રાખો તો તે જાણકારીની કોઈ કિંમત નથી. જોકે તમે આવું કાંઈ કરો એવા નથી, તમે તો ઝેર જાણ્યા પછી તેનાથી યોજન દૂર રહો, તેની જેમ જે સમકિતી પાપને પાપ તરીકે જાણે છે, પરંતુ તે પાપને આચરવાનું તે ચાલુ રાખે છે ત્યારે જે પ્રમાણે તે જાણે છે તે પ્રમાણે તેનામાં આચરણ ન હોવાથી તેની શ્રદ્ધા જ સાચી નથી, તેથી નિશ્ચયનય તેને મિથ્યાદૃષ્ટિ જ કહેશે. અરે ! નિશ્ચયનય તો ભલભલાને મિથ્યાદૃષ્ટિ કહી દે છે. આદિનાથ પ્રભુ ૮૩ લાખ પૂર્વ સંસારમાં રહેલા છે ત્યારે, નિશ્ચયનયને તમે પૂછો તો તે આદિનાથ પ્રભુને પણ મિથ્યાદૃષ્ટિ કહેશે; કારણ કે પ્રભુ જે જાણે છે તે આચરતા નથી. આવા ઉચ્ચ નિશ્ચયનયની વાતો અત્યારે સમજવા પૂરતી જ કરવાની હોય છે.

**સભા** :- આ કાળમાં નિશ્ચયનયના સમકિતનો ઉચ્છેદ છે ?

**સાહેબજી** :- હા, જેમ કેવલજ્ઞાન-ક્ષપકશ્રેણી આ કાળમાં અશક્ય છે તેમ ઉપરોક્ત નિશ્ચયનયનું સમકિત પામવું પણ અશક્ય છે. જયારે આત્મા નિર્વિકલ્પદશામાં આવે ત્યારે જ આ નિશ્ચયનયનું સમકિત પામી શકાય છે. અત્યારે આપણા મનમાં શુભ કે અશુભ સંકલ્પ-વિકલ્પો હોય જ છે, તેથી આપણને નિર્વિકલ્પદશા શક્ય જ નથી. હું અત્યારે વ્યવહારનયના ચોથા ગુણસ્થાનકના સમકિતની જ વાત કરું છું. તેનો પણ મહિમા ગાતાં શાસ્ત્રો કહે છે કે તે સમકિત

પામવાથી દુર્ગતિના બંધ અટકી જાય છે, અને સદ્ગતિના બંધની આત્માને ગેરેન્ટી મળે છે.

પુણ્યાનુબંધીપુણ્યનો બંધ થયા પછી તે આત્મા પ્રાયઃ નિકાચિત પાપ બાંધે નહિ, અને જો બાંધે તો હળવું બાંધે. સમકિતી ગમે તેવી હિંસાની પ્રવૃત્તિ કરતો હોય તો પણ પાપ હળવું બાંધે અને નાની પણ અહિંસાની પ્રવૃત્તિથી પુણ્ય ઘણું બાંધે અને અનુબંધ તો હંમેશાં પુણ્યનો જ બાંધે છે. **નિશ્ચયનયનું સમકિત જડ અને ચેતન વચ્ચેની ભેદપરિણતિ માંગે છે, જ્યારે વ્યવહારનયનું સમકિત જડ અને ચેતન વચ્ચેનું ભેદજ્ઞાન માંગે છે.** ભેદજ્ઞાન એટલે હું એટલે ચેતન અને મારું એટલે મારા આત્માના ગુણો જ. સંસારનું બધું જ તેને પારકું લાગે. ફક્ત પારકું લાગવાની વાત છે, આચરવાની વાત નથી, પણ પારકું માનો તેથી તેના તરફનો અભિગમ બદલાઈ જશે. પાડોશીના દીકરાનું કાંઈ કરવાનું આવે ને સામે તમારા દીકરા માટે કાંઈ કરવાનું આવે તો આ બંને વિશેની પ્રવૃત્તિ કરવામાં મનોભાવોનો ફરક પડે જ.

દા.ત. કોઈ વ્યક્તિએ ઓળખાણને લીધે કહ્યું હોય કે ૧૦૦% નફાવાળો મારો આટલો ધંધો તમે પતાવી આપજો, તે વખતે ૧૦૦% નફો તો પેલાને મળવાનો છે તેથી તમારા ભાવ કેવા હોય ? અને તેના બદલે તમારા ધંધામાં ૨૫% જ નફો મળતો હોય છતાં રસ કેટલો હોય ? આ બંને ધંધાની પ્રવૃત્તિ કરતાં રસમાં પણ ઘણો ફરક પડી જાય છે. આ બધાનું કારણ એ છે કે પરાયામાં પરાયાપણાની બુદ્ધિ છે ને સ્વમાં પોતાપણાની બુદ્ધિ છે. તેમ ભેદજ્ઞાન પામેલા વ્યવહારસમકિતીને જડમાત્રમાં પરત્વની બુદ્ધિ છે અને શુદ્ધ ચૈતન્યમય ભાવોમાં સ્વત્વબુદ્ધિ છે, જ્યારે નિશ્ચયનય અભિમત સમકિતમાં પરપદાર્થમાત્રમાં પરત્વનું આચરણ છે, અને સ્વભાવમાં જ સ્વત્વનું આચરણ છે.

"હું એટલે આત્મા, મારા આત્માના ગુણો જ મારી સંપત્તિ." જ્યારે તમને રિદ્ધિસિદ્ધિ ને સંપત્તિ મળે છે ત્યારે તમને થાય કે હું જીવનમાં આગળ વધ્યો, પણ તમારા આંતરિક ગુણોના વિકાસને તમે તમારો વિકાસ માનો છો ? અને ભૌતિક વિકાસને પારકો વિકાસ માનો છો ?

**સભા :-** અમને તો હજી આત્માની ઓળખાણ પણ નથી થઈ.

**સાહેબજી :-** નિશ્ચયનય "હું આત્મા છું, પણ જડ નથી; ચેતન એવા મારા આત્માને જડ એવા શરીર સાથે કોઈ નિસ્બત નથી, શરીર પારકું છે." આવી માન્યતા

જ નહીં, પણ પરિણતિ માંગે છે. તેથી શરીરને કોઈ સળગાવે તો આત્માને કાંઈ જ અસર ન થાય. જેમ થાંભલો તમારાથી જુદો છે, તેથી તેને કોઈ ખીલી ઠોકે તો તમને કાંઈ દુઃખ ન થાય, અથવા રોડ પર કોઈ મકાન હોય અને તે સળગે તો તમને કાંઈ ન થાય, *તેમ હું અને આ પુદ્ગલરૂપ શરીર જુદા છીએ, તેથી શરીર પર કાંઈ થાય* તો ચેતન એવા મને રાગ-દ્વેષરૂપ કોઈ અસર ન થાય.

નિશ્ચયનયની સમકિત માટેની વ્યાખ્યા ખૂબ કડક છે. પણ જડ અને ચેતન વચ્ચેનો ભેદ વાસ્તવિક જાણ્યો એટલે જીવમાં વિવેક આવ્યો, અર્થાત્ વ્યવહારનયથી *સમકિત આવ્યું. જોકે તમને તો વ્યવહારનયની વ્યાખ્યા પણ અઘરી લાગશે.* તમને સમકિતી જીવની માત્ર વિચારસરણી જણાવીએ તો પણ બેહૂદી લાગે. સમકિતી જીવના અધ્યવસાયમાં વિચારસરણી કેવી હોય તેનો એક દાખલો આપું.

## સમકિતીની વિચારસરણી માટે ચણક શ્રાવકનું દૃષ્ટાંત :

ચાણક્યના બાપનું નામ ચણક હતું. તે જાતિથી બ્રાહ્મણ છે, પરંતુ મહાત્માઓના પરિચયથી સમ્યગ્દૃષ્ટિ શ્રાવક બનેલ છે, જીવનમાં બાર વ્રત પાળે *છે, વળી મધ્યમવર્ગનો સુખી માણસ છે, શ્રાવકના બીજા પણ આચાર-વિચાર પાળે* છે. તેનું ઘર મોટું હોવાથી મહાત્માઓને ચોમાસામાં ભક્તિથી ઉતારો આપ્યો છે. તે સમયમાં જ તેના ઘરે ચાણક્યનો જન્મ થયો. આ બાળક બહુ જ પુણ્યશાળી હોવાથી જન્મ વખતે જ તેનાં લક્ષણો વિશેષ છે, મુખ્ય નવીનતા એ છે કે આ બાળક ૩૨ દાંત સાથે જન્મ્યો છે. આ આશ્ચર્યકારક બનાવથી તેના બાપને પણ બહુ જ નવાઈ લાગવાથી મહાત્માને જઈને બાળકની આ વિશેષતાનું ભાવિ ફળ પૂછે છે. મહાત્મા પણ આ જીવ પાત્ર હોવાથી ચણકને તેનું ફળ બતાવે છે કે આ પુત્ર સામાન્ય કુળમાં જન્મ્યો હોવા છતાં ભવિષ્યમાં મહાસત્તાધીશ રાજા થશે. આવું ફળ જો તમે તમારા પુત્ર માટે સાંભળો તો તમને શું અસર થાય ? કૂદવા જ માંડો ને ? સમ્યગ્દૃષ્ટિ બાપની વિચારસરણી કેવી હોય તેનું આ ઉદાહરણ છે. ચણકને બાપ તરીકે વિચાર આવ્યો કે જો આ મારો પુત્ર રાજરાજેશ્વર થશે તો તેના આત્માનું ભાવિ શું ? કારણ કે તે શાસ્ત્રવચન જાણતો હતો કે "રાજેશ્વરી તે નરકેશ્વરી" રાજાઓ મરીને પ્રાયઃ નરકમાં જ જાય; કારણ કે મહાઆરંભ-મહાપરિગ્રહ આદિ દોષો સત્તા સાથે સંકળાયેલા જ હોય છે. ચોથા આરામાં પણ સત્તાધીશો નરકે

જનારા હતા. વાસુદેવો શ્રેષ્ઠ નીતિ અને સદાચારથી રાજ્ય ચલાવે છે તો પણ મરીને નરકે જ જાય છે. અહીં આ ચણકને પોતાના દીકરાની આત્મિક ચિંતા થાય છે.

તમારો દીકરો કોઈ મોટી ડીગ્રી-નામના મેળવીને આવે ત્યારે તમને કેવો આનંદ થાય ? ઉજવણીમાં પાર્ટી આપો ત્યારે તમારા દીકરા કરતાં તમને વધારે આનંદ હોય ને?

**સભા** :- સાહેબ, દીકરો કોનો ?

**સાહેબજી** :- પણ તે વખતે તમને તેનો આત્મા યાદ આવે છે ? તેના આત્માના હિત કે અહિતનો વિચાર આવે છે ? જો તમે આત્માને માનતા હો તો ઊંઘમાં પણ આત્મા યાદ આવે. તમને થાય ખરું કે આ મિથ્યાજ્ઞાન મેળવીને મારા દીકરાનું પરલોકમાં શું થશે ? આ ભવ ને આવતા ભવમાં તેનું કેટલું આત્મિક અહિત થશે, તેનો ક્યારેય વિચાર આવે ખરો ? ના, છતાં તમે કહો કે અમને સમકિત જોઈએ છે; તો સમકિત કાંઈ રેઢું પડ્યું છે ?

તમારો દીકરો એ તમારે આશરે આવેલો એક જીવ છે, ને જેમ તમે સંસારમાં ભમતાં ભમતાં આ મનુષ્યભવ પામ્યા છો, તેમ એ પણ મનુષ્યભવ પામ્યો છે. આ ભવમાં તમારો દીકરો થોડી મોટાઈ મેળવે તેમાં તમે ખુશખુશાલ થાઓ છો, પરંતુ તમને તેના પરભવનાં દુર્ગતિનાં દુઃખો દેખાતાં નથી.

**સભા** :- સાહેબજી, અમારા દીકરા ડીગ્રીવાળા કહેવાય ને ?

**સાહેબજી** :- કઈ ડીગ્રી ભવિષ્યમાં તેની સાથે આવશે ? તમને તમારી અને બીજાના આત્માની ચિંતા ન હોય તો એમ ને એમ સમકિત આવે ? બધે આત્મહિતનો ભાવ જોઈએ.

વૈરાગ્ય ને વિવેકવાળા જીવના દૃષ્ટિકોણ ડગલે ને પગલે જુદા હોય છે. ઊલટું તમે એમ વિચારો છો કે આટલી મોટી ડીગ્રી લઈને દીકરો આવે તો કદર તો કરવી જ જોઈએ ને ?

ચણકને મહાત્માએ જ્યારે શુભ લક્ષણનું ફળ બતાવ્યું ત્યારે તેમનું મોઢું પડી ગયું. તેમને તેમના દીકરા ચાણક્યનો આત્મિક દૃષ્ટિએ વિચાર આવે છે.

**સભા** :- એ તો ત્યાગી જીવ છે ને ?

**સાહેબજી** :- ના, એ પણ સંસારી જીવ છે. મહેનતથી પોતાની સાંસારિક

જીવન-જરૂરિયાતો પૂરી કરે છે, સ્વબળથી કમાય છે ને સંસારના વ્યવહાર પણ ચલાવે છે. આ-દૃષ્ટાંત ત્યાગી જીવનું નથી, પણ સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થનું છે. સમકિત તમારી પાસે આધ્યાત્મિક વિવેક માંગે છે. આધ્યાત્મિક વિવેક પુણ્યનો અનુબંધ પાડે છે. દરેક વાતમાં તમારા approach(અભિગમ) પ્રમાણે તમારો અનુબંધ નક્કી થાય છે. સંતાનોને ભૌતિક પાપમય મોજમજા કરતા જોઈને તમે રાજી થાઓ છો; કારણ કે તમે પાપના રસવાળા છો. દા.ત. તમારા દીકરા ફોરેન જઈને આવે, ત્યારે દીકરાએ આત્મિક દૃષ્ટિએ શું મેળવ્યું ? અને સામાજિક દૃષ્ટિએ પણ હિતકારી શું મેળવ્યું ? તેનો કોઈ વિચાર તમને આવતો નથી, પરંતુ માત્ર પાપપોષક મોટાઈ જોઈને પણ તમે ખુશખુશાલ થઈ જાઓ છો. આવા પાપના રસવાળા જીવોને પુણ્યનો અનુબંધ ન જ પડે.

પરંતુ ચાણક્યના પિતા તો સમ્યગ્દૃષ્ટિ મહાશ્રાવક છે, સમકિત પામેલા બાપની વિચારસરણી કેવી હોય તેનું આ દૃષ્ટાંત છે. આ વિચારસરણી સાથે તમારો ક્યાંય મેળ બેસે તેમ છે ? અને ન હોય તો તમારે સમકિતમાંથી રાજીનામું આપવું પડે.

**સભા** :- આપી દીધેલું જ છે.

**સાહેબજી** :- બસ, એ જ મહાદુઃખની વાત છે. અહીં ચણકને એમ થાય છે કે આ મારો દીકરો જો મનુષ્યભવ પામવા છતાં સત્તા અને સંપત્તિમાં ફસાઇ જશે, તો તેનો મનુષ્યભવ નકામો જશે. અરે ! મારા કુળમાં અવતર્યો તેનો તેના આત્માને લાભ શું ? તાજા જ જન્મેલા બાળકની કેટલી હિતચિંતા છે ! તમને તો તમારો દીકરો ૨૫ વર્ષનો થાય ત્યાં સુધીમાં પણ આવી આત્મહિતની ચિંતા પ્રાયઃ થતી નથી. આ ચણક કળામાં નિપુણ અને હોશિયાર છે. એવાને ત્યાં જ આવા ભાગ્યશાળી દીકરાઓ જન્મે. મહાત્મા પાસેથી બત્રીસીરૂપ વિશેષ લક્ષણનું ફળ જાણ્યા પછી ચણકે તે નવજાત બાળકને ખોળામાં લઇને વહાલથી પંપાળતાં પંપાળતાં ધીરે ધીરે કાનસથી તેની પૂરેપૂરી બત્રીસી ઘસી નાખી. વળી બાળકને જરા પણ વેદના ન થાય કે તે સહેજ પણ ઘાયલ ન થાય તેનું પૂરતું ધ્યાન રાખ્યું. આ પણ એક અત્યંત કુશળતાનું ફળ છે. ઘસવાનું કામ પૂરું કર્યા પછી ચણક ચાણકયને લઇને મહાત્મા પાસે આવે છે, ને પૂછે છે કે હવે આનું ફળ શું ? મહાત્મા જણાવે છે કે આ પુત્ર હવે રાજરાજેશ્વર નહિ થાય, પણ સત્તાધીશને નીમનારો બનશે. (king maker થશે). સત્તાના સિંહાસને બીજો બેસશે પણ સત્તાની લગામ આના હાથમાં રહેશે. આ સાંભળીને ચણકને થોડી રાહત થઇ. આવા બાપને તમે કેવો કહો ? તમારી દૃષ્ટિએ તો દીકરાનું

ભવિષ્ય બગાડનાર જ કહેવાય ને ? જે જીવને ભૌતિક પ્રવૃત્તિમાં જ રસ છે ને તેમાં જ રાચે છે, ભૌતિક વિકાસને જ પોતાનો સાચો વિકાસ માને છે અને બીજો કોઈ આત્મિક હિત માટે પુરુષાર્થ કરતો નથી, તેવા જીવને પુણ્યનો અનુબંધ ન જ પડે. પાપરસિકતા પૂરેપૂરી હોય અને તેને જ પોષક વિચારો હોય તો અનુબંધ પાપનો જ પડે. સત્તા એ પાપનું સાધન છે, સંપત્તિ એ સર્વ પાપનું મૂળ છે, માટે સત્તા-સંપત્તિને વ્યવહારથી પાપ જ કહેવાય.

**સભા** :- નજીકના સગા-સંબંધીમાં જ્યારે કોઈ ભૌતિક જ્ઞાન, વિજ્ઞાન, પદવી કે સત્તા આદિ પ્રાપ્ત કરીને આવે ત્યારે વ્યવહારિક રીતે પણ અનુમોદના ન કરાય ?

**સાહેબજી** :- વિવેકી શ્રાવક તો એ વખતે પણ સીધી અનુમોદના ન કરે, પણ એમ જરૂર કહે કે તમે જે જ્ઞાન આદિ મેળવ્યું છે તેનાથી તમારા જીવનમાં પવિત્રતા લાવજો, અને બીજા માટે પણ તેનો સદુપયોગ કરજો. જ્ઞાનની સાર્થકતા, પવિત્રતા કે સદુપયોગ ફળ દ્વારા જ છે. જોકે અત્યારે તમને આવી સલાહ ન પણ ગમે, પરંતુ વૈરાગ્ય ને વિવેક પ્રગટે તો તમારો દૃષ્ટિકોણ-અભિગમ બદલાઈ જાય. જેને પોતાના આત્માની ચિંતા હોય તે જીવ બીજાના આત્માનું અહિત જોઈ રાજી ન થાય. પાપના માર્ગે જનાર જીવની તે રાજીપા સાથે અનુમોદના પણ ન કરે. પોતે કદાચ જીવનમાંથી પાપને છોડી ન શકે, પણ પોતાના કે બીજાના પાપની અનુમોદના તો ન જ કરે. જીવનમાં પાપને સારું માનો ને તેને જ મહત્ત્વ આપો તો વિવેક આવ્યો ન કહેવાય. વિવેક-અવિવેકનો ભેદ કાયમ માટે વિચારસરણીમાં રહેશે જ. સસારમાં તમારાં આવશ્યક કર્તવ્ય કરવાં પડે, પણ જ્યાં પાપપ્રવૃત્તિ હોય ત્યાં અનુમોદનાનો ભાવ તો ન જ કરાય. તમે ગમે તેટલા સદ્ગુણો કેળવો પણ તમારામાં દોષ પ્રત્યે તીવ્ર રુચિ હોય તો પુણ્ય પાપના અનુબંધવાળું જ બંધાય.

## વૈરાગ્ય અને વિવેક શુભ અનુબંધની આધારશિલા :

**વિવેક એટલે હેય-ઉપાદેય, કર્તવ્ય-અકર્તવ્ય, ગુણ-અવગુણની સમજણ. જે ગુણને જ ગુણ માનતો હોય અને બધા દોષ જેને દોષરૂપ જ લાગતા હોય, જે ઉપાદેયને આચરવા જેવું જ માને અને હેયમાત્રને ત્યાગ કરવા જેવું જ માને, આ રીતે કર્તવ્ય-અકર્તવ્ય, ગુણ-અવગુણ, હેય-ઉપાદેયની સીમાઓ જે સ્પષ્ટ પારખી શકે, તેનામાં જ વિવેક ગુણ સંભવે. વૈરાગ્ય અને વિવેક આ બે ગુણો તો શુભ**

અનુબંધની આધારશિલા છે. તમે જ્યાં સુધી આ બે ગુણો પર દૃષ્ટિ નહિ કરો ત્યાં સુધી શુભ અનુબંધ નહિ પાડી શકો.

**તમારી પ્રત્યેક ક્રિયા જેમ કે પૂજા, સામાયિક, ઈરિયાવહિયા, ચૈત્યવંદન, નવકારશી આદિ બધામાં વૈરાગ્ય ને વિવેક તો જોઈએ જ. દા.ત. પ્રતિક્રમણ કરો છો, તેમાં પહેલાં સમજણ એ જોઈએ કે પ્રતિક્રમણ એ પાપના પ્રાયશ્ચિત્તરૂપે છે. હવે જો તમે પાપને જ સારું માનતા હો તો પછી પ્રતિક્રમણ કરવાનો કોઈ અર્થ નથી.**

તમે તો કહેશો કે રાગ કરવામાં ખોટું શું છે ? દીકરો રૂપાળો હોય અને બધી રીતે અનુકૂળ હોય તો રાગ સ્વાભાવિક જ થાય. જીવનમાં બધી જ મનગમતી સાધનસામગ્રી મળી છે તો તેના દ્વારા મોજમજા તો કરીએ જ ને ? પુણ્યથી મળ્યું છે તો તેને ભોગવવામાં ખોટું શું ? બસ, આ જ ભૂલભરેલો દૃષ્ટિકોણ બદલવા તમારે જીવનમાં વૈરાગ્ય ને વિવેક કેળવવાં જોઈએ. વૈરાગ્ય ને વિવેક એવા જબરદસ્ત ગુણો છે કે જો તે અંશથી પણ પ્રગટે તો પાપનો તીવ્ર રસ જરૂર તૂટે.

**સુકૃતની અનુમોદના અને દુષ્કૃતની ગર્હા કરતાં પણ પુણ્યનો અનુબંધ ત્યારે જ પડે જ્યારે તેમાં વૈરાગ્ય ને વિવેક ભળે.** હકીકતમાં તો વૈરાગ્ય અને વિવેકના અભાવે જે અનુમોદના કે ગર્હા કરીએ તો તે બંને ઔપચારિક જ થાય. સુકૃત જેને ગમતાં નથી અને દુષ્કૃતો જેને ખટકતાં નથી, તેને હેય-ઉપાદેયનો વિવેક ન હોવાથી કદી સાચી સુકૃતની અનુમોદના કે દુષ્કૃતની ગર્હા નથી.

**સભા** :- પ્રાયશ્ચિત્ત લેવું હોય તો વૈરાગ્ય ને વિવેક આવે પછી જ લેવાનું ?

**સાહેબજી** :- આ તો સાવ ઊલટી વાત થઈ. કાલે તમે કહેશો કે અમને વૈરાગ્ય ને વિવેક પ્રગટ્યાં નથી, તેથી હવે પછી પ્રભુની પૂજા નહિ કરીએ.

તમે ધંધો કરવા બજારમાં જાઓ ત્યારે કોઈ કહે કે તમને જાણકારી ન હોવાથી ધંધામાં નુકસાન થવાની સંભાવના છે, તો શું તમે ધંધો છોડી ઘરે જતા રહેશો ? કે પછી જાણકારી મેળવવા પ્રયત્ન કરશો ? ત્યાં જાણકારી મેળવવા પ્રયત્ન કરો છો જ્યારે અહીં નાસી જવાની વાત કરો છો; કારણ કે ત્યાં તમને સાચી ધગશ છે, જ્યારે અહીં એવી ધગશ નથી.

દેરાસરમાં આવનાર ઘણાને હજુ વીતરાગતા ઓળખાઈ નથી, ઘણાને તે હજુ ગમી નથી કે સ્પષ્ટ સમજાઈ નથી, છતાં અહીં આવવાનું ચાલુ રાખશો તો થોડા

શુભભાવ પામશો ને થોડું પુણ્ય પણ બાંધશો, જે ભવિષ્યમાં સારી ધર્મસામગ્રી અપાવશે. આમાં બહુ દીર્ઘ દૃષ્ટિકોણ છે.

અનુબંધનું વિશ્લેષણ તમને ધર્મમાં આગળ વધારવા માટે કરીએ છીએ, તમે શુદ્ધધર્મ પામો તે માટે આ બધી ટકોર છે. કલ્યાણ માટે જે કડી ખૂટે છે તે મેળવવાનો પ્રયત્ન કરવાનો છે. જરા હિત માટે ટકોર કરીએ તો નકરાત્મક વલણ ન લેવાય.

એકલા પુણ્યબંધનું બહુ મહત્ત્વ નથી પણ સાથે પુણ્યઅનુબંધ હશે તો હજારો ગણું ફળ મળશે. તેથી જ અનુબંધનું મૂલ્ય વધારે છે. તમને થોડી મહેનતમાં વધારે ફળનો ધંધો બતાવું છું. અમે તમને ધર્મમાંથી પાછા ફરવાનું નથી કહેતા, પરંતુ નાના સરખા પણ ધર્મથી બેડો પાર થઈ જાય, તેવું બતાવીએ છીએ.

**સભા** :- ધર્મ ક્વોલીટી-ગુણવત્તાવાળો જોઈએ.

**સાહેબજી** :- હા, ક્વોલીટી જોઈએ. થોડો પણ વૈરાગ્ય ને વિવેક ભેળવશો તો નાનો પણ ધર્મ ઊંચી ક્વોલીટીનો થશે. તીર્થંકરના આત્માઓ પણ શરૂઆતમાં આવી રીતે જ આગળ વધ્યા હતા. તેમણે સીધો જ કાંઈ મોટો ધર્મ નહોતો કર્યો.

## સંગમને ખીર વહોરાવતાં થયેલા પરિણામ :

સંગમે(શાલિભદ્રના જીવે) જ્યારે મહાત્માને ખીર વહોરાવી તે વખતે પુણ્યનો અનુબંધ પાડ્યો. શાલિભદ્ર તેમના આગલા ભવમાં જ્યારે બાળક હતા ત્યારે તેમને મહાત્મા પ્રત્યે અત્યંત બહુમાન છે, તેમનામાં આંશિક વૈરાગ્ય ને વિવેક પણ છે. તે વખતે તેઓ યોગની બીજી દૃષ્ટિમાં છે. તેમની આજુબાજુ ઘણા શ્રીમંતો વસતા હતા, પરંતુ તેની મા ગરીબ છે ને ઘરકામ કરીને ગુજરાન ચલાવે છે. આમ તો પોતે વેપારી કુળનો છોકરો છે, પણ પાપના ઉદયથી ગરીબ થઈ ગયો છે, તેથી તે ઢોર ચરાવવાનું કામ કરે છે. આજુબાજુ મોટા શ્રીમંતો વસતા હોવા છતાં આ બાળક પર તેમની શ્રીમંતાઈની કોઈ છાયા નથી. તેને સત્તા-સંપત્તિ પ્રત્યે એવો આદર કે બહુમાનનો ભાવ નથી જેવો ત્યાગ કે ત્યાગી મહાત્મા પ્રત્યે બહુમાનનો ભાવ છે. આ બાળક જ્યાં ઢોર ચરાવવા જાય છે, ત્યાં આ મહાત્મા કે જે તેને ઘરે વહોરવા આવેલા છે, તેમને દરરોજ કાઉસ્સગ્ગધ્યાનમાં ઊભેલા જુએ છે. તેમની મુદ્રા અત્યંત પ્રશાંત નિર્વિકારી દેખાય છે, તેથી તેમનું સાંનિધ્ય આ બાળકને ખૂબ ગમે છે અને તેથી જ તેમની બાજુમાં બેસી રહે છે અને વિચારે છે કે "આમનું જીવન ધન્ય છે કે જે

આવી સરસ આરાધના કરે છે. તેમણે ગયા ભવમાં પણ સુંદર આરાધના કરી હશે તેથી આવો ઉત્તમ ભવ મળ્યો છે, અને આ ભવની આરાધનાથી તેમનો આવતો ભવ પણ સફળ થશે. જ્યારે મેં તો ગયા ભવમાં કાંઈ સુકૃત નહિ કર્યું હોય જેથી આ ભવમાં પણ કાંઈ પામ્યો નથી; અને જો અત્યારે કાંઈ ધર્મ નહિ કરું તો મારો આવતો ભવ પણ બરબાદ થશે. આવા શુભ વિચારવાળા તેને સંયમ પ્રત્યે અત્યંત બહુમાન છે, તેને જો આવું પવિત્ર જીવન મળી જાય તો રાજી થઈ જાય તેમ છે.

**સભા** :- આગલા ભવના સંસ્કાર કામ કરે ખરા ?

**સાહેબજી** :- હા, થોડા સંસ્કાર કામ કરે ખરા. તે આગલા ભવમાં ધર્મ કરતો હતો પણ મોક્ષમાર્ગની પ્રાપ્તિ નહોતી થઈ. પરંતુ આ ભવમાં આગલા ભવના કરેલા ધર્મથી તેને ધર્મ કરવા માટે જે અલ્પ સામગ્રી મળી તે તેને પુણ્યાનુબંધીપુણ્ય બંધાવનારી થઈ. આ ભવમાં તેને વૈરાગ્ય ને વિવેક હતો તેથી અનુબંધ પુણ્યનો પડ્યો.

# ૨૪

તા. ૧૯-૮-૯૪, શુક્રવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા સદ્ધર્મની રુચિ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## રુચિ - અનુબંધની આધારશિલા :

જેણે પણ ધર્મની સાધનાનો સાચો પ્રારંભ કરવો હોય તેણે પહેલાં રુચિ બદલવી પડશે. સાચી રુચિ આવ્યા પછી જ સમ્યક્ પ્રવૃત્તિ કે સમ્યક્ પરિણતિ આવે છે.

જેમ તમારી સામે ગમે તેટલી સ્વાદિષ્ટ વાનગી હોય, પણ ખાવાની રુચિ ન હોય અને કોઈ પરાણે ખવડાવે તો શું થાય ? અરુચિપૂર્વક ખાઓ તો ખાતી વખતે મજા ન આવે અને ખાધા પછી શારીરિક લાભ નથી મળતો, ઊલટું અજીર્ણ થાય છે. જેમ હિતકારી ભોજનમાં રુચિ ને ભૂખ આવશ્યક છે; કારણ કે રુચિપૂર્વક કરેલું ભોજન જ હિતકારી બને છે, તેવી જ રીતે ધર્મરૂપી ભોજન આત્મા માટે પણ હિતકારી ત્યારે જ બને કે જ્યારે જીવને આ ધર્મરૂપી ભોજન માટે તીવ્ર રુચિ ઉત્પન્ન થાય. અમારે લાયક શ્રોતાવર્ગને વારંવાર ઉપદેશ પણ એટલા માટે જ આપવાનો છે કે જેથી તેને ધર્મ પ્રત્યે સાચી રુચિ પેદા થાય. જેમ ભોજનની રુચિ થયા પછી કોઈપણ જીવ ભરેલ ભાણે ખાધા વગર રહેવાનો જ નથી, તેમ જેને ધર્મ પ્રત્યે સાચી રુચિ પેદા થશે તે શક્તિ અનુસાર ધર્મ કર્યા વગર નહીં જ રહે. **આમ, રુચિ એ ધર્મનો પાયો જ છે. વળી જેને ધર્મ ગમે તેને અધર્મ ન જ ગમે, પુણ્ય ગમે તેને પાપ ન જ ગમે ને ગુણ ગમે તેને દોષ ન જ ગમે.**

ધર્મ આરાધનાની શરૂઆત સુકૃતની અનુમોદના અને દુષ્કૃતની ગર્હાથી કરવાની છે. પોતે કરેલા સુકૃતની અનુમોદના કરવાની છે તેમ બીજાએ કરેલા સુકૃતની પણ અનુમોદના અને પ્રશંસા કરવાની છે. પોતાના કરેલા દુષ્કૃતની નિંદા અને ગર્હા કરવાની છે, જ્યારે જગતમાં ફેલાયેલા દુષ્કૃતોની અરુચિ કરવાની છે; પરંતુ તે

કરનાર અન્ય વ્યક્તિઓ પ્રત્યે દ્વેષ કરવાનો નથી, માત્ર કરુણા કરવાની છે. પાપ પ્રત્યે દ્વેષ કરવાનો છે, જ્યારે પાપી પ્રત્યે કરુણા કરવાની છે. દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદના આ બે પ્રાથમિક ધર્મ છે. આ પ્રાથમિક ધર્મ કરવામાં પણ વૈરાગ્ય ને વિવેક તો જોઈશે; કારણ કે જેટલાં પણ દુષ્કૃતો છે તે બધાં ખરાબ જ છે, તે મનમાં બેસવું જોઈએ. ક્રોધ, અહંકાર, આસક્તિ જ્યાં સુધી સારાં લાગતાં હોય ત્યાં સુધી સાચી ગર્હા ન થઈ શકે. જ્યારે જ્યારે ક્રોધ, આસક્તિ વગેરે જાણતાં કે અજાણતાં થઈ જાય ત્યારે એવું તો મનમાં જરૂર થવું જોઈએ કે આ મારી નબળાઈ છે; આ કરું છું, પણ તે અધર્મ ને પાપ જ છે, એ બુદ્ધિ અવશ્ય ટકવી જોઈએ; નહીંતર દુષ્કૃતની ગર્હા અંતરથી નહિ કરી શકો. તેવી જ રીતે સુકૃત માટે પણ નિયમ છે કે જેટલા સદ્‌ગુણો, ધાર્મિક અનુષ્ઠાનો છે, તે બધાં જ ગમવાં જોઈએ. એક પણ સુકૃત ન ગમતું હોય તો સુકૃતની સાચી અનુમોદના ન આવી શકે, ઊલટું સુકૃત પર દ્વેષ છે તેમ કહેવાય; જાણી-બૂજીને દ્વેષ હોય તો તેની ભૂમિકા અત્યંત નીચી ચાલી જાય છે.

**ભૂમિકાનાં લક્ષણો :**

**કઈ વ્યક્તિ કઈ ભૂમિકામાં છે તે જાણવાનાં લક્ષણો શાસ્ત્રમાં જણાવ્યાં છે. (૧) જેનામાં કદાગ્રહ અને ધિટ્ટાઈપૂર્વકની પાપની અનુમોદના હોય તે જીવ પ્રાયઃ ચરમાવર્તની બહાર છે. (૨) જે આત્મા જાણી-બૂજીને પાપની અનુમોદના કરતો હોય તે આત્મા નિયમા મોક્ષમાર્ગની બહાર છે. (૩) જેનામાં અજ્ઞાનતાથી પણ આત્મામાં પાપની રુચિ પડી હોય, તો મિથ્યાત્વ નક્કી જ છે; છતાં જાણકારીપૂર્વકનો પાપનો રસ ન હોય તે જીવ મોક્ષમાર્ગની અંદર હોઈ શકે. (૪) જેનામાં સંપૂર્ણ પાપની રુચિ તૂટી ગઈ છે, અર્થાત્ અજાણતાં (unconsciously) પણ જે પાપના રસથી શૂન્ય છે તે આત્મા નિયમા સમ્યગ્દષ્ટિ છે. જે આત્માની પાપ પ્રત્યેની રુચિ જીવતી છે તે મિથ્યાત્વી છે, અને જેનામાંથી આ રુચિ સંપૂર્ણ ગઈ છે તે આત્મા સમ્યગ્દષ્ટિ છે.**

એક માણસ સાંસારિક સ્વાર્થ માટે ગુસ્સો કરે છે જે અપ્રશસ્ત કષાય કહેવાય. અપ્રશસ્ત ક્રોધ, દ્વેષ, આસક્તિ આ બધા દોષો આપણામાં સામાન્ય છે, કારણ આપણે બધા કષાયમુક્ત નથી. સંસારમાં ડગલે ને પગલે રાગ-દ્વેષ કે આસક્તિનાં નિમિત્તો પડેલાં જ છે. **નિમિત્ત મળવાથી કે નિમિત્ત વગર પણ ક્રોધ કર્યો ત્યાર પછી કોઈ સમજાવે કે આ ખોટું છે, છતાં પણ આગ્રહપૂર્વકનું સમર્થન હોય, અર્થાત્**

**તેમાં સારાપણાની જ બુદ્ધિ હોય તે જીવ નિયમા ચરમાવર્તની બહાર કે ભારેકર્મી જ હોય. અનુમોદનાનો અર્થ વિચાર કરીને રાજી થવા જેટલો મર્યાદિત નથી.** જેમ તમને કોઈની સાથે વિરોધ પડે અને તેને સીધો કરી નાખું એવો ભાવ આવે ને વળી સીધો કર્યા પછી પણ થાય કે એ જ લાગનો હતો, આમ, પાપને વારંવાર યાદ કરીને રાજી થવું, તે વ્યક્ત અનુમોદના છે, જ્યારે કોઈ પાપને માન્યતારૂપે કરવા લાયક માનો પછી ચોવીસ કલાક વગર વિચાર્યે તેની અનુમોદના અંદર પડી હોય તે અવ્યક્ત અનુમોદના છે અને પાપ જ્યારે યાદ કરીને રાજી થાઓ ત્યારે તે વ્યક્ત અનુમોદના છે, પરંતુ દુષ્કૃતને સારું માનવું તે તેની કાયમની ગર્ભિત અનુમોદના છે. એક પણ પાપનો આગ્રહ હોય કે આ વર્તન વાજબી જ છે, જેથી તેને પાપ તરીકે સ્વીકારે નહિ, તો આ નાના પાપમાં પણ તેનું જક્કીપણું આવ્યું કહેવાય, જે દોષના પક્ષપાતરૂપ છે. આવો જીવ પ્રાયઃ ચરમાવર્તની બહાર છે; કારણ કે તેને આગ્રહપૂર્વકની ધિઠ્ઠાઈયુક્ત દુષ્કૃતની અનુમોદના છે. જ્યારે અમે ઉપદેશમાં નાના નાના જીવોની અહિંસાની વાતો કરીએ ત્યારે ઘણા લોકો 'જીવો તો મરે જ ને, બધે અહિંસાનો વિચાર કરવા બેસીએ તો ગાંડા થઈ જવાય.' આવું માનતા હોય છે. ધર્મના ક્ષેત્રમાં પણ આવી વિચારધારાવાળા ઘણા જીવો છે, તેમને પણ આવી આગ્રહપૂર્વકની પાપની અનુમોદના હોવાના કારણે પાપનો જ અનુબંધ પડે છે.

## પાપની ત્રણ પ્રકારની રુચિ :

પાપની આગ્રહપૂર્વકની રુચિ, જાણકારીપૂર્વકની રુચિ અને અજ્ઞાનતાપૂર્વકની રુચિ, આ ત્રણેનો તફાવત એ છે કે (૧) આગ્રહપૂર્વકની એટલે વ્યક્તિની વિચારવાની તૈયારી જ નથી, અર્થાત્ પાપને પાપ તરીકે સમજવાની પણ તૈયારી જ નથી. (૨) જાણકારીપૂર્વકની એટલે આ પાપ છે તેમ સમજાવીએ તો વિચારવાની તૈયારી છે, પાપને તે પાપ તરીકે માને પણ ખરો, પરંતુ તેનો રસ જરા પણ તૂટતો નથી. જ્યારે આગ્રહવાળો સાંભળવા સમજવા કે વિચારવા જ તૈયાર નથી ઊલટું સમર્થનની વૃત્તિવાળો છે. દા.ત. જાણકાર સમજે છે કે, હિંસાના સાધનરૂપ મોટરમાં બેસીને ક્યાંય પણ જઈએ, તો માત્ર આપણી અનુકૂળતા ખાતર કેટલાય નિર્દોષ જીવોનો નાશ થાય છે, વળી આ નિર્દોષ જીવો આપણને ક્યાંય હેરાન નથી કરતા, તેમના કોઈપણ ગુના વગર આપણી સગવડતા ખાતર આપણે તેના પ્રાણ હરી

લઈએ છીએ, માટે મોટરમાં બેસવું તે પાપ જ છે. આવું સમજે ખરો, પણ તેનો રસ જરા પણ છોડી ન શકે.

**(૧) તમારું માનસ એવું છે કે જાણે કુદરતમાં મજા લેવાનો ઈજારો માત્ર તમને જ છે. મોટા ભાગના લોકો મોટરમાં બેસવું તે પાપ છે તે માનવા જ તૈયાર ન થાય. ઘરમાં એકપણ ગાડી ન હોય તો તમે રાજી થાઓ ખરા કે ન હોવાનું દુઃખ હોય છે ? એકમાંથી બે ગાડી થાય ત્યારે તો અધ્ધર જ ચાલો ને ? આ બધું તમારી પાપની સ્પષ્ટ અનુમોદના સૂચવે છે.**

**સભા** :- ગાડીમાં બેસીને પુણ્યનું કામ કરવા જઈએ તો ?

**સાહેબજી** :- બોલો, નક્કી કરો કે આજથી પુણ્યનું કામ કરવા જ ગાડીમાં બેસવું. તમારે તો ધર્મના ઓઠા નીચે સંસાર ચલાવવો છે. ૯૦% લોકો ગાડી પાપના હેતુથી જ ચલાવે છે. તમારે તો ગાડી દ્વારા ૧૨ કલાક પાપ કરીને અડધો કલાક ધર્મના કામથી પાપ ભૂંસી નાખવાં છે. આવી જ તમારી દાનત છે.

**સભા** :- ઘરની ગાડી કરતાં ટેક્ષી રાખીએ તો ?

**સાહેબજી** :- ઓછું પાપ લાગે, પણ પાપ તો લાગે જ. જ્યારે પણ જરૂર લાગે ત્યારે ટેક્ષીમાં તો બેસવાના જ છો, તેથી ઊંઘમાં પણ ટેક્ષીમાં બેસવાનું પાપ તો પરિણામરૂપે લાગે જ. હા, અહીંયાં માલિકીનું પાપ નથી પણ ટેક્ષી વાપરવાના ભાવનું પાપ તો છે જ. વળી તે ૨૪ કલાક ભાવરૂપે છે, નહીંતર તમે ઊંઘમાં સાધુ થઈ જશો. સાધુ તો ઊંઘમાં પણ હિંસા નથી કરતા, જ્યારે શ્રાવકને ઊંઘમાં પણ દુનિયા આખીનાં પાપ લાગે છે. કરણ-કરાવણ ને અનુમોદનના ભાવો પ્રમાણે પાપનો બંધ થાય છે.

## સામાયિકમાં વોસિરાવવાના ભાવનું વિવરણ :

**સભા** :- પણ સૂતી વખતે વોસિરાવી દઈએ તો ?

**સાહેબજી** :- તમે સૂતી વખતે શું વોસિરાવો શકો ? હું ઊઠું નહિ ત્યાં સુધી દૂરની પ્રવૃત્તિઓનો ત્યાગ. તે પણ ઊઠો એટલે બધું જ ચાલુ થાય. જો તમારે ખરેખર પાપ વોસિરાવવું હોય તો સામાયિકરૂપ પૌષધ લેવો પડે અને તેમાં પણ કરણ અને કરાવણનાં જ પાપ છૂટે છે, અનુમતિનાં તો નહીં જ.

તમે સામાયિક વગેરેમાં પણ "અપ્પાણં વોસિરામિ" બોલો છો પણ તે વખતે વોસિરાવવાનો સાચો ભાવ આવે છે ? સામાયિક લેનારને સંસારની બધી સામગ્રી બે ઘડી માટે વોસિરાવવાની હોય છે.

દા.ત. ઘરમાં સામાયિક કરતા હો ત્યારે પણ, જે ઘર અને તેની ઘરવખરી તમારા પૈસાથી ખરીદી હોય તેના સામાયિક વખતે તમે માલિક નથી. તેથી સામાયિકમાં બેઠા પછી શરદી થઈ હોય અને એક રૂમાલ જોઈએ તો પણ ઘરના બીજા સભ્ય પાસે માંગીને લેવાનો હોય છે, કારણ "અપ્પાણં વોસિરામિ" કર્યા પછી તમે સામાયિકના કાળમાં ઘરના માલિક નથી. રૂમાલ સુદ્ધાંની માલિકી તમારી નથી. આવા ત્યાગના ભાવ વગર 'અપ્પાણં વોસિરામિ' બોલશો તો મૃષાવાદનું પાપ લાગશે અને પૂછ્યા વગર કોઈ વસ્તુ લેશો તો ચોરીનું પાપ લાગશે.

**સભા** :- પણ સાહેબ, ઘરમાં કોઈ જ ન હોય તો?

**સાહેબજી** :- લેવાય જ નહિ.

**સભા** :- પહેલેથી લઇને બેસીએ તો ?

**સાહેબજી** :- જયણાના સાધન તરીકે લેવાય. તમે જ્યારે પૌષધ કરો છો ત્યારે એકાસણું કરવું હોય તો ઘરમાં જતાં પહેલાં તમારે રજા લેવી પડે છે. ઘર તમારું છે, છતાં પ્રવેશ માટે રજા લેવી પડે. પૌષધમાં "આ બધું મારું છે ને આ બધાનો હું માલિક છું" આમ માનો તો પણ દોષ ગણાય. પૌષધ વખતે સંસારની કોઈ વસ્તુ તમારી ન ગણાય. તમારે કદાચ એક કપડાની જોડ જોઈતી હોય તો પણ કહેવું પડે કે મને એનો ખપ છે. અને પછી બીજા તે આપે તો વપરાય, ન આપે તો ન જ વપરાય. પણ તમને તો પચ્ચક્ખાણ લો, ત્યારે પણ ખબર નથી કે શેનું પચ્ચક્ખાણ લીધું છે. વોસિરાવતી વખતે પણ જો તમારા મનમાં વોસિરાવવાનો ભાવ ન હોય તો સામાયિકમાં પણ પાપબંધ ચાલુ રહે છે, તો પછી ઊંઘમાં તો ક્યાંથી પાપબંધ અટકે ? અત્યારે તો સામાયિક વખતે તમને જો ખબર પડે કે ધંધામાં ૫૦ લાખની નુકસાની થઈ છે તો દુઃખ લાગે, અને જો સાંભળો કે નફો થયો છે તો રાજીપો થાય. આમ, નુકસાનીમાં દુઃખ અને નફામાં આનંદ થાય છે તે અંદરમાં રહેલા પાપના ભાવ સૂચવે છે. તેથી સામાયિકનું અમારી પાસે પચ્ચક્ખાણ લેતી વખતે વોસિરાવો છો તેટલા માત્રથી પાપ અટકી નથી જતું. જ્યાં સુધી પાપના પરિણામ પડ્યા છે, ત્યાં સુધી પાપબંધ ચાલુ રહેવાનો જ. તમને તો ઊંઘમાં પણ જો એવું

સ્વપ્નું આવે કે મોટર ચોરાઈ ગઈ છે તો દિલમાં ધ્રાસકો પડે. આમ, ઊંઘમાં પણ રાગ-આસક્તિ-તો પડ્યાં જ છે.

કપડાં કાઢીને જેમ ખીંટીએ લટકાવો છો તેમ સામાયિકમાં મમતા-આસક્તિ-કષાયો વગેરે બધા મર્યાદિત સમય માટે ખીંટીએ લટકાવો છો? જેમ પહેરેલા દાગીના સામાયિકમાં ઉતારીને બાજુએ મૂકવાના હોય છે તેમ અંતરમાં દુનિયાનાં બધાં જ પાપોના કરણ-કરાવણના ભાવો ઉતારીને બાજુએ મૂકવાના હોય છે.

**સભા** :- પણ સાહેબ, જોખમ કાંઈ એમ કાઢીને થોડું મુકાય? અત્યારે જમાનો બદલાઈ ગયો છે.

**સાહેબજી** :- બસ, જોખમમાં જે પોતાપણાનો ભાવ છે તે જ તમને આમ બોલાવે છે. છતાં પણ અમે તમને આવું સામાયિક નહીં કરવું એમ નથી કહેતા, કારણ તમારું સામાયિક દ્રવ્યસામાયિક છે. પુણિયાશ્રાવક અને તમારા સામાયિકની કેટેગરીમાં લાખ ગણો ફરક પડશે. સામાયિકના પચ્ચક્ખાણમાં શું કહ્યું છે એનો જો ખ્યાલ આવે તો આ બધા વિકલ્પો સમજી શકશો.

**હવે જો (૧) તમારામાં પાપની અનુમોદના આગ્રહ અને ધિટ્ઠાઈપૂર્વકની હોય, તો તમે પ્રાયઃ ચરમાવર્તની બહાર છો અથવા સાચો ધર્મ કરવા અત્યારે અપાત્ર છો.**

**(૨) જે પાપને પાપ તરીકે જાણવા-સમજવા છતાં પણ તેનો જરાય રસ ન છોડતો હોય તો તે જીવ મોક્ષમાર્ગની ભૂમિકા જ પામ્યો નથી. આવા બંને પ્રકારના જીવો સાચી દુષ્કૃતગર્હા કે સુકૃત અનુમોદના ન કરી શકે, કારણ તેમનામાં સુકૃતની નિંદા પડી છે અને દુષ્કૃતની અનુમોદના પડી છે. આવા જીવ સુકૃતની અનુમોદના કરે તો પણ તે તાત્ત્વિક નથી.**

દુષ્કૃત અનુમોદના એ દુષ્કૃત ગર્હાનો વિરોધી ભાવ છે. (૧) જેમ એક માણસને સમજાવો કે મોટર એ પાપનું સાધન છે, પણ એ વાતને માનવા તે જરાપણ તૈયાર ન થાય, (૨) અથવા માને તો પણ તેને વાપરવાનો જરા પણ રંજ ન હોય, તો તેને પાપનો આગ્રહ કે તીવ્ર રસ છે જ. તેથી તે જીવને તીવ્ર પાપના અનુબંધ પડે છે. (૧) પાપનો રસ જો આગ્રહપૂર્વકનો હોય તો સમજવું કે તમારી ગાડી ઊંધા પાટા પર સડસડાટ જઈ રહી છે. વર્તમાનમાં અનેક સમાજસેવકો, ડૉક્ટરો, વકીલો વગેરે ગુણિયલ ને સજ્જન હોવા છતાં તેઓમાં ચોક્કસ પાપનો

આગ્રહ હોય તો તેઓ સત્કાર્યો કરીને પણ અનુબંધ તો પાપનો જ પાડે છે. જેમ કે આનું દૃષ્ટાંત ગાંધીજીમાં મળે છે.

ગાંધીજી સદ્ગુણી હોવા છતાં પાપનો આગ્રહ તેમને ઘણો જ હતો. દા.ત. તેઓ માનતા કે કસાઈ, માછીમારના વ્યવસાય કરવામાં કશું ખોટું નથી, ઊલટું તેઓને તેમના ધંધામાં તકલીફ હોય તો સહાય કરવી જોઈએ. ગરીબ માછીમારને પણ જાળ અપાવવામાં પાપ ન માને, ઊલટું, સત્કાર્ય જ માને. વાસ્તવમાં આવા ધંધાને વાજબી કહેવા તે પણ એક પાપરૂપ માન્યતા છે; કારણ કે બીજા જીવોને પોતાની આજીવિકા માટે મારે, તેમના પ્રત્યે ક્રૂરતાભર્યું વર્તન કરે, એ કરણરૂપે પાપ જ છે, અને તેમાં સહાયનાં સાધનો આપવાં તે કરાવણરૂપે પાપ છે. છતાં એ ન માનનારને તમે એમ સમજાવો તો પણ પોતાની વાત જ પકડી રાખે, વિચારવા સુદ્ધાં તૈયાર ન થાય તો તેવા જીવો મોક્ષમાર્ગની બહાર જ છે. વ્યક્તિત્વ તરીકે ગાંધીજીમાં અનેક ગુણો હતા. તેઓ દરરોજ પાછા ઈશ્વરની ભક્તિ કરે, ગીતાપાઠ કરે, દેશ પ્રત્યે પણ તેમને ચિંતા ઘણી હતી, ક્ષમાનો ગુણ પણ હતો; જ્યારે ગોડસેએ તેમને ગોળી મારી ત્યારે પણ તેઓ છેલ્લે 'હે રામ' જ બોલ્યા, ને કહ્યું કે આ મારનારને કાંઈ સજા કરશો નહિ, આમ દુશ્મનને પણ ક્ષમા આપી; છતાં તેમનામાં ચોક્કસ પાપો પ્રત્યેનો આગ્રહપૂર્વકનો રસ અને અનુમોદના હોવાથી તેમણે કરેલાં સત્કાર્યોથી પણ પાપાનુબંધીપુણ્ય જ બંધાય.

પાપની અનુમોદનાને પાપના અનુબંધ સાથે સીધું જોડાણ છે. વળી પાપનો આગ્રહ તો પાપની અનુમોદનાને પ્રગાઢ કરનાર છે. તેથી શાસ્ત્ર કહે છે કે પાપનો આગ્રહ તો જોઈએ જ નહિ. જેને પાપનો આગ્રહ હોય તેને કાં તો સમજવાની જ તૈયારી ન હોય અથવા સમજાવો તો વાત સમજી શકે, પણ પાપનો તીવ્ર પક્ષપાત હોવાથી તેનો પાપ પ્રત્યેનો સમર્થનભાવ છૂટે નહીં. દા.ત. તેને સમજાવીએ કે મોટર મોજમજાનું સાધન છે અને તેના દ્વારા તમે બીજા અનેક નિર્દોષ જીવોનો કચ્ચરઘાણ કાઢો છો માટે મોટર હિંસારૂપ પાપનું સાધન છે, તો તે આવી વાત સાંભળવા કે વિચારવા તૈયાર જ ન હોય; અથવા સાંભળે-સમજે તો પણ તેને મોજમજાનું આકર્ષણ એટલું હોય કે જેથી તેના સમર્થનની દલીલો જ વિચારે, જે મોટરને પોતાનું status symbol ગણે, બેની ત્રણ મોટર થાય તો ખૂબ રાજી થાય. આમ જાણી-બૂજીને આગ્રહપૂર્વકનો પાપનો રસ અને રુચિ જેને છે તે જીવ કદી પણ સુકૃતની સાચી અનુમોદના ન કરી શકે. માટે તે જીવ મોક્ષમાર્ગની બહાર છે.

(૩) ઘણા લાયક જીવો પાપને પાપ તરીકે બતાવો તો સમજવા તૈયાર હોય, તેને ગેરવાજબી પણ માને, આદરણીય તો ન જ માને; તેમનામાં પ્રજ્ઞાપનીયતાનો ગુણ છે, દુષ્કૃતને દુષ્કૃત તરીકે વિચારવા તૈયાર હોય ને સુકૃતને સુકૃત તરીકે માનવા તૈયાર હોય, પરંતુ તેમનામાં કોઈક પાપને અણસમજના કારણે નહિ જાણવાથી તે પાપ પ્રત્યેની અજ્ઞાનતાથી રુચિ પડી હોય; છતાં કદી પણ જાણી જોઈને પાપની અનુમોદના ન કરતા હોય, તેવા તાત્ત્વિક પાપજુગુપ્સાવાળા જીવો મોક્ષમાર્ગની અંદર છે; તેમને મોક્ષમાર્ગની ભૂમિકા આવી ગઈ છે.

કોઈ જીવ જો પ્રામાણિકતાથી પૈસા કમાઇને તેના દ્વારા સગવડતા ભોગવતો હોય અને તેને એમ કહેવામાં આવે કે નીતિપૂર્વક કમાયેલા પૈસાથી સગવડતા ભોગવવી એ પણ એક પાપ છે, ત્યારે તેને થાય કે હું મારા સ્વબળથી વાજબી રીતે કમાઉં છું ને ભોગવું છું તો એમાં ખોટું શું છે ? હું કાંઈ કોઈને છેતરતો નથી, પુણ્યથી ભોગસામગ્રી મળી છે તો મોજમજા શું કામ ન કરું ? કારણ કે તેને સામાન્ય રીતે ભૌતિક મોજશોખ કરવામાં કશું ખોટું ન લાગે. પણ વાસ્તવમાં તમે જે રીતે સુખી થવા માંગો છો તે સુખ બીજાના ભોગે જ શક્ય છે, આ વાત તમે સમજતા નથી. દા.ત. તમને કચોરી ખાવાની ઇચ્છા થઈ અને કચોરી બનાવીને ખાઓ ત્યારે તેમાં કેટલાયે જીવો રંધાય છે, તળાય છે પછી જ કચોરી બને છે. માંકડ કે મચ્છરને તમારું લોહી ટેસ્ટી લાગતું હોય તેથી તમને કરડે ત્યારે તમારા મનમાં શું થાય છે ? તે વખતે તેના પર દ્વેષ આવે છે ને? વળી આ બધા જીવો તો તમને આખા ને આખા ખાઈ જતા નથી. ઘણી વાર લોહી તો તમે બોટલો ભરીને ડોનેશનમાં આપતા હો છો, જ્યારે મચ્છર-માંકડને તો તમારા એક ટીપા દ્વારા તૃપ્તિ થાય છે, અને છતાં તમારી પીડા તમને સાલે છે, તેથી મચ્છર-માંકડ મહાઅપરાધી દેખાય છે, પણ બીજા જીવોને આખા રહેંસી નાંખી કે તેમને તળી નાંખીને પછી ટેસ્ટથી કચોરી ખાવી તે તમને અપરાધ કે પાપરૂપ નથી લાગતું. અરે ! તમે તેને પાપ માનવા પણ તૈયાર નથી.

તમારી વ્યક્તિગત માન્યતા તો એ છે કે હું ક્રોધ કરું તો વાંધો નહિ, બીજો કરે તો ગુનો. હું ચોરી કરું તો વાંધો નહિ, બીજો કરે તો અપરાધ. હું ભ્રષ્ટાચાર કરું તો વાંધો નહિ, બીજો કરે તો સજાપાત્ર. હું વિશ્વાસઘાત કરું તો વાંધો નહિ, બીજો કરે તો નાલાયક. આમ તમારાં જાત માટેનાં અને જગત માટેનાં કાટલાં જુદાં છે. ક્યારેય પણ કચોરી ખાતાં વિચાર આવે કે બીજાના મોતની આપણે ઉજાણી કરી રહ્યાં છીએ ?

**સભા** :- આવું બધું સાંભળીને ખાવાનું મન નથી થતું, પરંતુ જીવન જરૂરિયાત માટે આ બધું કરવું પડે છે.

**સાહેબજી** :- જીવન જરૂરિયાતના ઉદ્દેશથી જરૂરિયાત જેટલું જ કરો તેની ના નથી, પણ ભગવાને તેમાં આસક્તિ કરવાની ના પાડી છે. આસક્તિથી પાપ બંધાશે. અને અનુમોદનાથી પાપનો અનુબંધ પડશે.

એક જણને સમજાવો કે સંસારમાં સર્વત્ર પાપ છે, નિષ્પાપ જીવન જીવવું હોય તો સંસારત્યાગ કરવો પડે. તો તે ઊલટું કહેશે કે ના, એવું નથી. ધર્મ કરવા કાંઈ સંસારત્યાગની જરૂર નથી. જીવોની હિંસા થાય છે તે તો તેમના કર્મને લીધે થાય છે, એમાં આપણને પાપ ન લાગે. આવાને એટલું જ પૂછવું જોઈએ કે તો પછી રસ્તે જતાં તમને કોઈ મોટરની હડફેટમાં લઈ ઘાયલ કરે તો તમે તેને કેમ ગાળો આપો છો? આ પણ તમારું કર્મ જ હતું તેથી તમે ઘાયલ થયા છો. અરે ! વાઘ-સિંહ કે ચોર-લુંટારું તમને મારે તો પણ તે નિર્દોષ જ ગણાશે. માટે આ બધી બેહૂદી વાતો છે. આ લોકોને પાપને પાપ સમજવાની પણ તૈયારી નથી.

તમે પ્રતિમા ભરાવો કે દેરાસર બંધાવો પણ જો તમારા મનમાં પાપની સ્પષ્ટ અનુમોદના પડી હોય તો પુણ્ય પાપાનુબંધીપુણ્ય જ બંધાય છે. જૈનધર્મના પાયાના સિદ્ધાંતો સમજવાની જરૂર છે. તે સિવાય તમારા જીવનમાં પાપની પકડ નહીં છૂટે. ધર્મ કરનારા અનેક લોકો પણ આ બધી વાતોને વાજબી માને છે, ઊલટું તેને પાપ તરીકે સ્વીકારવા તૈયાર નથી, તે બધા અધ્યાત્મની દૃષ્ટિએ શૂન્ય છે. **વૈરાગ્યની જરૂર એટલા માટે જ છે કે જ્યાં પાપ છે ત્યાં તેનો તટસ્થતાથી સ્વીકાર થાય.** પ્રામાણિકતાથી પાપનો સ્વીકાર કરવા માટે આ પાપમય સંસાર અસાર લાગવો જરૂરી છે.

**સભા** :- અમારું કોઈ ખરાબ કરે તો માનીએ છીએ કે અમારાં પાપકર્મથી થયું છે.

**સાહેબજી** :- જો સાચે જ એ ભાવ હોય તો તે વખતે તમને ગુસ્સો ન આવવો જોઈએ. તમને કોઈ ગમે તેટલું મારે તો પણ ઊકળશો નહિ ને? અરે ! તે વખતે તો તમારો કર્મનો સિદ્ધાંત ભાગી જાય છે, તમને સામા પર ક્રોધ આવે છે, તે વ્યક્તિ પર ગાઢ દ્વેષ થાય છે. જો તમને દુઃખ આપનાર વ્યક્તિ કે નિમિત્ત પર દ્વેષ નથી તો તમારો ક્રોધ શાંત થઈ ગયો કહેવાશે. વળી આ સિદ્ધાંત સાચે જ તમારા હૃદયમાં

બેસી ગયો હોય તો કોઈ તમારા પ્રત્યે રાગ કરે તો પણ આનંદ નહિ થાય; કારણ કે તે પણ એક કર્મનો વિપાક છે. અને સાચે જ તમારું મન આવું હોય તો તમે સમતાની ભૂમિકામાં આવી ગયા કહેવાશો. પછી તો હું જ બધાને કહીશ કે આમનાં દર્શન કરો. પરંતુ તે પહેલાં તમે તમારા હૈયામાં રહેલા ભાવને બરાબર તપાસજો. સમતામાં રહેલો જીવ પોતાને દુઃખ આવે તો પોતાના કર્મથી આવેલું જ માને. તેને કોઈ જીવતો ચીરી નાંખે તો પણ કંઈ ન થાય. તેવી રીતે તેમનાથી જયણાપૂર્વક ચાલતાં કદાચ કીડી મરી જાય તો પણ તેમને મનમાં દુઃખ ન થાય. મારી સામે જો બિલાડી ઉંદરને મારતી હોય તો હું તેને બચાવું, જ્યારે સમતામાં રહેલો જીવ તેને ન બચાવે. તે વિચારે કે તેનાં કર્મ પ્રમાણે થશે.

ધર્મ આપણને અપ્રામાણિક બનાવવા નથી માંગતો, પરંતુ પ્રામાણિક અને સત્યના પક્ષપાતી બનાવવા માંગે છે. પોતાના માટેના એંગલ જુદા ને બીજા માટેના એંગલ જુદા તેવું પ્રામાણિક જીવનમાં હોવું ન ઘટે. બધા માટે સમાન એંગલ જોઈએ. વળી ધર્મમાં ભૂમિકા પ્રમાણે ભાવ કરવાનો છે. ઉંદરને બિલાડી મારતી હોય તે વખતે સમતામાં રહેલો જીવ જે વિચારે તે મારા કે તમારાથી વિચારાય નહિ; કારણ કે અત્યારે તો આપણે પાપ પર દ્વેષ કરવાનો છે અને ધર્મ પર રાગ કરવાનો છે, જ્યારે સમતામાં રહેલા જીવને પાપ પર દ્વેષ નથી ને ધર્મ પર રાગ પણ નથી; જોકે અત્યારે આપણે એ ભૂમિકામાં નથી. સમભાવનો તાત્ત્વિક અર્થ શું છે તે બરાબર જાણો, અધૂરા વિચારો ન ચાલે. અત્યારે તો આપણે રાગ અને દ્વેષ બન્ને કરવાના છે, પણ પ્રશસ્ત કરવાના છે. **અનુમોદના એ રાગજન્ય છે ને નિંદા-ગર્હા એ દ્વેષજન્ય છે. ધર્મની અનુમોદના કરીએ એટલે ધર્મરાગ પ્રજ્વલિત થાય, પાપની નિંદા-ગર્હા કરીએ એટલે પાપનો દ્વેષ પ્રવર્ધિત થાય. ધર્મનો રાગ અને પાપનો દ્વેષ અત્યારે આપણી ભૂમિકામાં હિતકારી છે.**

(૧) આગ્રહપૂર્વક પાપ કરનાર જીવને પાપની પકડ છે અને રુચિ પણ છે, તેથી તે તીવ્ર પાપનો અનુબંધ પાડે છે. (૨) જેને પાપની પકડ નથી પણ પાપને જાણ્યા પછી છોડવાની રુચિ પણ નથી, તે જીવો પણ પાપના અનુબંધવાળા જ છે, પણ પહેલા પ્રકારના જીવો કરતાં તેમને પાપનો અનુબંધ થોડો હળવો પડશે.

(૩) જેના મનમાં વિચારવાથી બેસે કે હિંસાજન્ય ખાવાપીવાની પ્રવૃત્તિ એ પાપ છે, તેને તેના પ્રત્યેની અનુમોદના છૂટી જાય, પ્રશંસા-રુચિ-કર્તવ્યતાબુદ્ધિ પણ

નીકળી જાય, અરે ! ખાવાની વસ્તુ ખાતાં આસક્તિ આવે તો પણ ખોટું છે તેમ લાગે. તેને લાગે કે, આધ્યાત્મિક દૃષ્ટિકોણથી ખાવું એ આત્માનો સ્વભાવ નથી, જડને ખા.ખા કરવું તે આત્માનો વિકાર છે, જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી દેહને ટકાવવા માટે પોષણ જરૂરી છે, તેથી ખાદ્ય પદાર્થને અહિંસક રીતે લઈશ તો ઘણો લાભ થશે, કેમ કે જે હિંસા આદિ થાય છે તે પાપ છે તેથી તેમાં આસક્તિ-રસ ન આવવાં જોઈએ.

**સભા** :- એટલે વખાણ કરતાં કરતાં નહિ ખાવાનું ?

**સાહેબજી** :- ના, નહીં ખાવાનું. કોઈ પૂછે કે આ વાનગી કેવી બની છે ? તો સારી બની હોય તો સારી જ કહેવાય. સત્યને સત્ય તરીકે રજૂ કરવામાં વાંધો નથી, પણ અંદર માનસિક રીતે રાચવા-માચવાનો તથા ટેસ્ટથી ખાવામાં ખોટું નથી કે મજા તો કરવી જ જોઈએ તેવા અશુભ ભાવો ન જોઈએ. પાપનાં વખાણ તે પાપની અનુમોદના જ છે. જાણી-બૂજીને અનુમોદના કરે તેને પાપ બંધાય, પણ આ પાપ કહેવાય તેની જેને ખબર ન હોય, તેથી અજ્ઞાનતાથી અનુમોદના કરે તો તેવા જીવોને હળવો કર્મબંધ થાય.

મોક્ષમાર્ગની પ્રાથમિક ભૂમિકામાં આવેલો જીવ જાણી જોઈને પાપની અનુમોદના કરે નહિ. કદાચ અજ્ઞાનતાથી પાપની અનુમોદના થઈ જાય; કારણ કે જ્યાં સુધી મિથ્યાત્વ છૂટતું નથી ત્યાં સુધી સંપૂર્ણ વિવેક જીવમાં પ્રગટતો નથી, મંદ મિથ્યાત્વીમાં ઝીણો પણ અવિવેક રહેલો છે. જેટલાં વૈરાગ્ય ને વિવેક ઓછાં, તેટલા પાપના અનુબંધ વધારે. જ્યારે વૈરાગ્ય ને વિવેક સંપૂર્ણ આવી જાય, ત્યારે ૧૦૦% પુણ્યનો અનુબંધ પડે છે; કારણ કે સમકિતીમાં પૂર્ણ જાગૃતિ છે, ઊંઘમાં પણ તે પાપની અનુમોદના ન કરે. સમકિતીને રાગ થાય પણ તેને રાગ તો ન જ ગમે. સમકિતીને આસક્તિ હોઈ શકે, પણ તેની રુચિ તો ન જ હોય.

**સભા** : પછી અજ્ઞાનતાથી જ પાપ કરવું સારું ?

**સાહેબજી** :- એક સમકિતી જાણી-બૂજીને પાપ કરે છે, જ્યારે એક મિથ્યાદૃષ્ટિ અજાણતાં પાપ કરે તો આ બેમાં સમકિતીને પાપ ઓછું બંધાય; કારણ કે સમકિતી જાણી-બૂજીને પણ અનુમોદના વગર પાપ કરે છે. પાપની અનુમોદના કરો તો તીવ્ર પાપ બંધાય, પણ સમકિતી પાપની અનુમોદના ઊંઘમાં પણ નથી કરતો માટે તેને પુણ્યનો જ અનુબંધ પડે છે. જ્યારે જે મિથ્યાદૃષ્ટિ અજાણતાં પાપ કરે છે તેનામાં

પાપની અનુમોદના તો પડેલી જ છે, ને તેથી જ તેને સમકિતી કરતાં તીવ્ર પાપ બંધાય છે.

અનુબંધને જ્ઞાન-અજ્ઞાન સાથે સંબંધ નથી, પણ રુચિ-અરુચિ સાથે સંબંધ છે. જેને પુણ્યનો અનુબંધ પાડવો હોય તેણે રુચિ પલટવી પડે. રુચિ પલટવી એટલે વૈરાગ્ય અને વિવેક દ્વારા રુચિ બદલવી. સામાયિક કરતાં જેને તમામ પાપોની ગર્હા અને તમામ સુકૃતોની અનુમોદના છે, તેને ચોક્કસ પુણ્યનો અનુબંધ પડે છે. તેવું જ પૂજા વગેરે અનુષ્ઠાનોમાં પણ સમજવાનું.

અંદરમાં માનસિક વિરોધાભાસ છે તે સમજવા જેવો છે. ઘણા લોકો દુષ્કૃતગર્હા કરે છે પરંતુ સંસારમાં રાગ-દ્વેષ-અહંકારને સારા જ માનીને આચરતા હોય, અરે ! આસક્તિ-ક્રોધ વગેરેમાં પણ કર્તવ્યતાનો ભાવ હોય છે. આમ, પાપની રુચિ હોવાથી તેઓને પાપનો અનુબંધ પડે છે. રુચિ પલટવા સમ્યક્ શ્રદ્ધા જરૂરી છે. જે આત્મા પાપનો અનુબંધ કરે છે, તેવા આત્માના ગુણો પણ અંતે દોષના પોષક બને છે, તેઓના કષાયનો ઉપશમ ભવિષ્યમાં પાપની પરંપરા સાર્જશે. ગાઢ મિથ્યાત્વીની ક્ષમા ભવિષ્યમાં ક્રોધનું કારણ બનશે, જ્યારે સમકિતીનો ક્રોધ ભવિષ્યમાં ક્ષમાનું કારણ બનશે. સમકિતીનો દોષ પણ અંતે ગુણકારી હોય છે, જ્યારે મિથ્યાદૃષ્ટિનો ગુણ પણ ભવિષ્યમાં નુકસાનકારી હોય છે. તેથી જ જીવનમાં અનુબંધ સુધાર્યા વગર કોઈ પણ જીવ સાચી ઉન્નતિ કરી શકતો નથી.

# ૨૫

તા. ૨૧-૮-૯૪, રવિવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા મિથ્યાત્વરૂપી મહાપાપમાંથી બહાર કાઢવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## મિથ્યાત્વ - પાપના અનુબંધોનું મૂળ :

અનંતાનંત કાળથી આત્મા પર અજ્ઞાનરૂપી ઘોર અંધકાર છે અને આ અંધકારને પોષણ આપનારું જો કોઈ મૂળ તત્ત્વ હોય તો તે મિથ્યાત્વ છે. એકલું અજ્ઞાન બહુ નુકસાન નથી કરતું, પણ તેની અંદર જે ગેરસમજરૂપી વિકૃતિ આવે છે તે જ જીવને ગેરમાર્ગે દોરે છે. આ કામ મિથ્યાત્વનું છે. મિથ્યાત્વ સાથે પાપના અનુબંધો સંકળાયેલા છે. મિથ્યાદષ્ટિને જ પાપનો અનુબંધ પડે છે. મિથ્યાત્વમાંથી નીકળીને સમકિત પામે તેને પાપનો અનુબંધ પડતો નથી.

**સભા** :- મિથ્યાત્વીની વ્યાખ્યા શું ?

**સાહેબજી** :- સેંકડો રીતે કરી શકાય છે. જેમ કે "જેને જે કરવા લાયક છે તે કરવા લાયક ન લાગે, જે છોડવા લાયક છે તે છોડવા લાયક ન લાગે, જે પ્રશંસા કરવા લાયક છે તે પ્રશંસા કરવા લાયક ન લાગે, જે આચરવા લાયક છે તે આચરવા લાયક ન લાગે," તેવી વ્યક્તિને મિથ્યાત્વી કહેવાય; ટૂંકમાં તેને હેય-ઉપાદેયનો સમ્યગ્ વિવેક ન હોય.

દા.ત. જે આત્મકલ્યાણની દૃષ્ટિએ યોગ્ય નથી, અહિતકારી છે, છતાં પણ તેવી વાતો સાંભળવા જેવી લાગે; જેની ભક્તિ કરવા લાયક નથી તેની ભક્તિ કરવાનો ઉલ્લાસ થાય; જ્યાં ગુણ નથી ત્યાં ગુણનું ભાન થાય, જેમાં દોષ નથી તેમાં દોષનું ભાન થાય, આમ, એક રીતે મિથ્યાત્વ નથી હોતું પણ અનેક રીતે મિથ્યાત્વ આત્માને ભ્રમિત કરીને નચાવે છે.

ટૂંકમાં મિથ્યાત્વનું કામ અધ્યાત્મના ક્ષેત્રમાં ભ્રાંતિ પેદા કરવાનું છે. તે તમારા આત્મામાં ભ્રમની જાળ પેદા કરે છે. જેમ કે એક વ્યક્તિ બધી રીતે ગુણસંપન્ન છે, પણ જો તમને કામ લાગે તેવી ન હોય, તો તેના ગુણની તમે પ્રશંસા કરો ખરા ? જયારે બીજી એક વ્યક્તિ, તમને બધી રીતે અનુકૂળ હોય, તેની સાથે તમને ફાવટ આવતી હોય, તમારું બધું જ કામ કરી આપતી હોય, તો તે વ્યક્તિ તમને સોના જેવી લાગે; ભલે પછી તેનામાં એકપણ ગુણ ન હોય છતાં તમે તેની પ્રશંસા કર્યા કરો. તમારી સાથે મેળવાળા માણસમાં હજાર દોષો હોય તો પણ તે તમને ગુણિયલ લાગે.

ગાઢ મિથ્યાત્વીનો રાગ એવો હોય કે તેને જેના પર રાગ થાય તેના દોષ પણ ન દેખાય, અને જેના પર દ્વેષ આવે તેના ગુણમાં પણ તેને દોષનું ભાન થાય. તમને તમારા દીકરાઓની કોઈ સાચી ભૂલ બતાવે તો પણ માનવા તૈયાર થાઓ ખરા ? આસક્તિના કારણે પત્નીની પણ બધી જ ખામી ગમે. વળી જેની સાથે અણબનાવ હોય તેની બધી સારી વાત પણ ખરાબ લાગે. આ બધાં ગાઢ મિથ્યાત્વનાં લક્ષણો છે.

**જેનામાં દુશ્મનના ગુણોની પણ કદર કરવાની લાયકાત હોય તેનામાં સમકિત આવે અને દુશ્મન પણ આરાધક હોય તો તેના ગુણની સમકિતી હૃદયપૂર્વક પ્રશંસા કરી શકે છે. તેની સામે જિગરજાન મિત્ર પણ જો ભારે દોષયુક્ત હોય તો તેના ગુણની પ્રશંસા સમકિતી ન કરે. સમકિતીને તમામ ગુણો પ્રત્યે રાગ અને તમામ દોષો પ્રત્યે દ્વેષ હોય. એકપણ દોષ પ્રત્યે રુચિ હોય તો મિથ્યાત્વી કહેવાય ને પોતાના કે બીજાના એકપણ ગુણ પ્રત્યે અરુચિ હોય તો સમકિત આવતું નથી. તેવી જ રીતે પોતાના કે બીજાના એકપણ દોષ પ્રત્યે રુચિ હોય તો સમકિત આવતું નથી. માટે સર્વ ગુણ પ્રત્યે પરાકાષ્ઠાની રુચિ અને સર્વ દોષ પ્રત્યે પરાકાષ્ઠાની અરુચિ જોઈએ. આ બે વસ્તુઓ કાયમ ખાતે સમકિત સાથે જોડાયેલી છે. જેને સમકિત પામવું હોય તેણે આ દરેક ભાવ લાવવા પડે.**

**જેને દોષની રુચિ છે તેને પાપની રુચિ છે, માટે તેને પાપનો અનુબંધ પડશે જ; પછી તે ગમે તેટલી સદ્પ્રવૃત્તિ કરતો હોય. દયા, પરોપકાર, કરુણા, મૈત્રી, નમ્રતા, ગંભીરતા બધા જ ઉત્તમ ગુણો તેનામાં હોય, પણ પાપ કે દોષની રુચિ પડેલી હોય તેને અનુબંધ તો પાપનો અવશ્ય પડે છે. તેથી જ, જે આત્મા મિથ્યાત્વમાંથી બહાર નથી નીકળ્યો તે આત્મા સર્વથા પાપનો અનુબંધ તોડી શકતો નથી.** મિથ્યાત્વ કાઢવું હોય તો ક્રમસર સાધના દ્વારા કાઢી શકાય.

તમારે પુણ્યાનુબંધીપુણ્ય અને પાપાનુબંધીપુણ્યનો ભેદ સમજવા માટે તમારા માનસિક ભાવોનું સ્પષ્ટ વિશ્લેષણ કરવું જોઈએ. તમે આખો દિવસ એકલું પાપ જ કરો છો તેવું નથી, ધર્મ આરાધના કે શુભભાવ પણ કરો છો ત્યારે પુણ્ય પણ બાંધો છો, છતાં ધર્મની તાત્ત્વિક શ્રદ્ધા કે ભક્તિભાવ ન હોય તો પુણ્યાનુબંધીપુણ્ય પલ્લે નહીં પડે.

## પુણ્યાનુબંધીપુણણ્યયની અવંધ્ય મુક્તિપ્રાપકતા :

સરસવના દાણા જેટલું પણ પુણ્યાનુબંધીપુણ્ય હશે તો તમારો બેડો પાર થઈ જશે. શરૂઆતથી કાંઈ બધો ધર્મ એકસાથે પ્રગટતો નથી. ભગવાન ૠષભદેવનો જીવે ધનાસાર્થવાહના ભવમાં દીક્ષા નથી લીધી, ભાવશ્રાવકપણું પણ પામ્યા નથી, વ્રતો ગ્રહણ કર્યાં નથી કે વિશેષ આરાધના પણ નથી કરી. અરે ! સમકિત પણ નથી પામ્યા. મહાત્માને દાન આપીને ફક્ત બોધિબીજ પામ્યા છે. તે ભવમાં ધનની દૃષ્ટિએ અબજોપતિ માણસ છે, અને પ્રકૃતિથી ઉદાર, સજ્જન, સહિષ્ણુ પરોપકારી છે. તેમનામાં ઉત્તમ પુરુષના અનેક ગુણો છે, પણ જીવનમાં અધ્યાત્મની દૃષ્ટિએ કોઈ મોટો ધર્મ નથી કર્યો. જે કર્યો છે તે ઘણો અલ્પ છે. પરંતુ તેનાથી તેમનામાં સાચાં ધર્મનું બી વવાયું છે. જે બીજ પણ આગળ જતાં એવું ફળ્યું કે ૧૩ ભવમાં તો તેમને ક્યાંયના ક્યાંય પહોંચાડી દીધા. ધના સાર્થવાહના ભવમાં તો સાવ સામાન્ય પુણ્યનો અનુબંધ પાડ્યો છે, પરંતુ તે પુણ્યના અનુબંધ દ્વારા પુણ્યનો ક્રમિક ગુણાકાર થયો છે. અનુબંધમાં સરવાળા, બાદબાકી કે ભાગાકાર નથી હોતા પણ ગુણાકાર હોય છે. પાપ હશે તો પાપનો ગુણાકાર થશે અને પુણ્ય હશે તો પુણ્યનો ગુણાકાર થશે. તેથી જ પાપનો અનુબંધ પાડનારને નુકસાન જ નુકસાન છે, જ્યારે પુણ્યનો અનુબંધ પાડનારને લાભ જ લાભ છે.

## કર્મવાદમાં શુભાશુભ પરિણામોનું અદ્‌ભુત ફળ :

આમ તો કર્મમાં સરવાળા-બાદબાકી પણ થાય છે. દા.ત. પહેલાં તમે પુણ્ય કર્મ બાંધ્યું, પછી જો અશુભ પરિણામ કરો તો પુણ્યની બાદબાકી થવા માંડે છે. અરે! કર્મના જેમ સરવાળા-બાદબાકી થાય છે, તેમ તેનું આખેઆખું conversion-રૂપાંતર-સંક્રમણ પણ થાય છે. વળી બાંધેલ કર્મની પુરુષાર્થ દ્વારા હાનિ-

અપવર્તના કે વૃદ્ધિ-ઉદ્વર્તના પણ કરી શકાય છે. તમે ધારો તો પુણ્યને પાપમાં પણ પલટાવી શકાય છે અને પાપકર્મને પુણ્યકર્મમાં પણ ફેરવી શકાય છે. માત્ર આ બધા માટે આવડત જોઈએ. દુનિયામાં કોઈપણ ધર્મના કર્મવાદમાં આવી સૂક્ષ્મ પ્રક્રિયા બતાવી નથી. વળી જો તે બાંધેલ કર્મ નિકાચિત હશે તો તેમાં કંઈ ફેરફાર નહિ કરી શકાય. નિકાચિતકર્મ તો પુરુષાર્થ કરીને ક્ષપકશ્રેણિમાં આવો તો જ તે કર્મને ખપાવી શકાય.કેવળજ્ઞાન પામતાં પહેલાં જીવને સાધના દ્વારા ક્ષપકશ્રેણિમાં આવવું પડે છે. ત્યાં આત્માના કર્મજન્ય વિકારો-કષાયો બધા જ મૂળમાંથી નાશ પામે છે. સ્થૂલથી તો વિકારો ને કષાયો શાંત થાય ત્યારે જ ક્ષપકશ્રેણિ આવે. પણ જેમ ઝાડનાં નજીવાં મૂળિયાં બાકી હોય અને તે સિવાય સમગ્ર ઝાડ કાપી નાંખો છતાં પણ તે સૂક્ષ્મ મૂળિયાંમાંથી પાછું ઊગે છે, તેમ ક્ષપકશ્રેણિ માંડનાર જીવ પર વિકારો અને કષાયોનાં સૂક્ષ્મ મૂળિયાં અખંડિત હોય છે, જેને ધ્યાનની તીક્ષ્ણ ધારા દ્વારા ફરી વાર ન ઊગે તે રીતે ઉચ્છેદ કરે છે. તે વખતે આત્માની પ્રચંડ નિર્મૂલન તાકાતના કારણે નિકાચિતકર્મના પણ ભૂક્કાં બોલાય છે અને કષાયો પણ મૂળમાંથી નાશ પામે છે. અહીં આત્માના પુરુષાર્થની પરાકાષ્ઠા છે, આખી દુનિયાનાં નિકાચિતકર્મ એકત્રિત થાય તો પણ અહીં નાશ પામે તેવી આત્માની તાકાત છે.

## ક્ષપકશ્રેણિનું સામર્થ્ય :

**સભા** :- સાહેબજી, કોઈ દૃષ્ટાંત આપો.

**સાહેબજી** :- જેમ કે દૃઢપ્રહારીએ કેટલાંયે નિકાચિતકર્મ બાંધ્યાં છે. તેણે ઘોર પાપ રસપૂર્વક કરેલાં છે. ચોરી, લૂંટફાટ, ખૂન, દુરાચાર બધું જ કર્યું છે. દૃઢપ્રહારી નામ પણ તેના વર્તન પરથી પડ્યું છે. આમ તો તેનું મૂળ નામ બીજું હતું, પરંતુ તેનો એક જ પ્રહાર સામેનાના પ્રાણ હરવા માટે પૂરતો હતો. આમ, તેનો પ્રહાર દૃઢ હોવાથી તેનું નામ દૃઢપ્રહારી પડ્યું. નગરમાં એક પણ ઘર તેના ત્રાસથી બચ્યું નથી. તે અત્યંત પાપી છે. આવું હોવા છતાં પણ તેના જીવનમાં એક ટર્નિંગ પોઇન્ટ આવી ગયો, અને ત્યારબાદ તેણે એવી સાધના કરી કે છ મહિનામાં કેવળજ્ઞાન પામી ગયો. તેના આત્મા પર નિકાચિત કર્મો એવાં હતાં કે કેટલીય વાર દુર્ગતિમાં જવું પડે. અરે ! તીવ્ર પાપના અનુબંધો અને ઘોર નિકાચિતકર્મ પડેલાં છે, છતાં પણ ક્ષપકશ્રેણિ દ્વારા તે બધું ખપાવીને અલ્પ કાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

## પ્રાતિભજ્ઞાનના વિલંબથી કેવલજ્ઞાનમાં વિલંબ :

મહાવીર પરમાત્મા વહેલી ક્ષપકશ્રેણિ પામી ન શક્યા, માટે સાડા બાર વર્ષ સુધી આત્મસાક્ષાત્કાર વગર રહેવું પડ્યું; કારણ કે ક્ષપકશ્રેણિમાં જે નિકાચિત કર્મોનો ભોગવ્યા વગર નાશ થાય તે કર્મો પ્રભુને ક્ષપકશ્રેણિ નહિ પામવાથી સાડા બાર વર્ષ સુધી ભોગવવાં પડ્યાં.

દીક્ષા લીધા પછી દરેક તીર્થંકરોને ચાર જ્ઞાન હોય છે. વળી ઋષભદેવ ભગવાનને તો શ્રુતજ્ઞાનમાં ચૌદ પૂર્વ સુધીનું જ્ઞાન હતું. અર્થાત્ શાસ્ત્રજ્ઞાનમાં શ્રુતકેવલીની કક્ષા સુધી પહોંચેલા છે, છતાં પણ તેમને તે વખતે આત્મસાક્ષાત્કાર થયો નથી; કારણ કે અરૂપી એવા આત્માનાં દર્શન કરાવવાની શક્તિ કેવળજ્ઞાનમાં જ છે, બાકી કોઈ જ્ઞાન આત્મસાક્ષાત્કાર કરાવી શકતું નથી. ઘણા અત્યારે પણ ઠેકો લઈને ફરે છે કે અમને આત્મસાક્ષાત્કાર થયો છે, પણ આ બધી ખોટી વાતો છે. જે વ્યક્તિ સર્વ શાસ્ત્રોનો સાર પામી જાય છે, અને જેનામાં સાથે બીજી પણ ઘણી આત્મિક શક્તિઓ છે, તેને પણ જ્યાં સુધી ક્ષપકશ્રેણિ માંડી કેવળજ્ઞાન પ્રાપ્ત ન કરે ત્યાં સુધી આત્મદર્શન થતું નથી.

**સભા** :- મહાવીર પ્રભુ વહેલી ક્ષપકશ્રેણિ કેમ માંડી શક્યા નહિ ? કયું તત્ત્વ ખૂટતું હતું ? પુરુષાર્થમાં ખામી હતી ?

**સાહેબજી** :- તીર્થંકર જેવા મહાસાધકને ઓળખવામાં ભૂલ કરશો નહિ. પ્રભુએ દીક્ષા લીધી ત્યારથી તેમનો પુરુષાર્થ જ્વલંત છે. તેમનાં પુરુષાર્થમાં અંશ પણ ખામી બતાવી શકાય તેમ નથી. તેઓ ચાર ચાર મહિના સુધી કાયાથી અડીખમ ઊભા રહીને ધ્યાનમાં એકતાન મગ્ન રહેતા હતા. ચોમાસુ બેસે ત્યારથી જ કાઉસ્સગ્ગમાં રહે. હાલે નહિ ચાલે નહિ, બસ, ધ્યાનમાં જ મગ્ન રહેતા.

**સભા** :- ધ્યાનમાં નવકાર ગણવાના ?

**સાહેબજી** :- નવકાર ગણવાનું એ તો તમારે માટે છે. તમે જો ભણ્યા હો તો અમે કહીએ કે તત્ત્વનું ચિંતન કરો. પણ અત્યારે જો તમને તત્ત્વનું ચિંતન કરવાનું કહીએ તો ઝોકાં જ ખાવ. તમે ઊંડા ચિંતન-મનનમાં જઈ શકતા નથી. પ્રભુ તો આખા વિશ્વના પદાર્થોના તાત્ત્વિક ચિંતન-મનનમાં ઊતરી જાય. અરે ! તેમાં મહિનાઓ પણ ક્ષણની જેમ વીતી જાય. કલ્પસૂત્રમાં આવે છે કે પ્રભુએ સર્વતોભદ્રપ્રતિમા લઈને એક પરમાણુ પર આખી રાત ચિંતન કર્યું હતું.

**સભા** :- અમને તો પરમાણુ શું છે તે પણ ખબર નથી.

**સાહેબજી** :- ધ્યાન કરવા માટે પહેલાં શાસ્ત્રાભ્યાસથી material (ચિંતન-સામગ્રી) ભેગું કરવું પડે. ચિંતન માટે ખોરાક તરીકે અઢળક સામગ્રી જોઈએ. **ધ્યાન એટલે કોઈપણ વસ્તુ પર એકાગ્રતાથી કલાકો સુધી ધારાબદ્ધ તત્ત્વનો સૂક્ષ્મ વિચાર કરવો તે.** તીર્થંકરો જ્ઞાનના દરિયા હોય છે, તેમની પાસે અગાધ જ્ઞાન હોય છે.

**સભા** :- પણ કાઉસ્સગ્ગમાં તો નવકાર જ ગણવો પડે ને ?

**સાહેબજી** :- એવો નિયમ નથી. તમારે પણ સવારે પ્રતિક્રમણમાં તપચિંતવણી કાઉસ્સગ્ગ આવે છે કે નહિ ? શાસ્ત્રદૃષ્ટિએ એ વખતે તપનું ચિંતન કરવાનું છે. આ તો તમારી પાસે કોઈ ખજાનો નથી તેના ફાંફાં છે. કાઉસ્સગ્ગ એટલે કાયાનો ઉત્સર્ગ, દેહને વોસિરાવી દેવો. પછી આત્મા ચેતનમાં જ રમે છે, આત્માના ગુણોમાં જ રમે છે, તે કાઉસ્સગ્ગ છે. કાંઈ નવકાર ગણો તો જ કાઉસ્સગ્ગ થાય એવું નથી.

પ્રભુ એક વખત ચોમાસા દરમિયાન ચાર-ચાર મહિના લગાતાર કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા છે, અને તેના પારણાના દિવસે જીરણશેઠે ભાવથી સુપાત્રદાન કર્યું છે. જીરણશેઠ પોતે ઉત્તમ ધર્માત્મા હતા. તેમને ઉત્કૃષ્ટ સામગ્રીથી ત્રિકાળ જિનપૂજા કરવાનો નિયમ હોવાથી નગર બહાર જિનમંદિર છે ત્યાં દરરોજ પૂજા કરવા ઠાઠમાઠથી જાય છે. ત્યાં રસ્તામાં જતાં પ્રભુ મહાવીરને કાઉસ્સગ્ગધ્યાને ઊભેલા જુએ છે. પોતે વિવેકી શ્રાવક છે, તેથી જાણે છે કે સાક્ષાત્ પ્રભુને પગે લાગ્યા પછી જ પ્રતિમાને પગે લગાય. માટે ત્રણ પ્રદક્ષિણા આપી પ્રભુને વંદન-સ્તુતિ કરે છે, અને પછી રોજ વિનંતી કરે છે કે, પ્રભુ મારા ઘરે પારણા માટે પધારો. વિનંતી કરવામાં પણ તમારા ને એમના ભાવમાં ફરક છે. આમ, ચાર ચાર મહિના નીકળી ગયા છે. પ્રભુ ગોચરીએ ગયા કે નહિ તેનું પૂરતું ધ્યાન રાખે છે, ને તેથી જ જાણે છે કે હજુ પ્રભુના ઉપવાસ ચાલુ છે. ચાર મહિના પૂરા થયા એટલે તેમને થાય છે કે હવે પ્રભુ પારણું અવશ્ય કરશે. પ્રભુની આવી કઠોર સાધનામાં ક્યાંય પુરુષાર્થની ખામી ન બતાવી શકાય, અને છતાં પણ કેવળજ્ઞાન હજુ તેમને પ્રગટ્યું નથી; કારણ કે નિકાચિતકર્મો ક્ષપકશ્રેણી પામવા અવરોધ કરે છે.

આમ તો પ્રભુ જ્ઞાન-ધ્યાનમાં જ રમે છે, અત્યારે આ જગતમાં એવો કોઈ દેવ-દાનવ કે માનવ નથી જે તેમને ધ્યાનમાંથી ચલિત કરી શકે. વિચારો, પોતાના મન

પર પ્રભુત્વ કેટલું હશે ! છતાં કેવળજ્ઞાન પામવા માટે, ક્ષપકશ્રેણિ માંડતાં પહેલાં આંતરિક સૂઝરૂપે જે જ્ઞાન જોઈએ, તે જ્ઞાન ખૂટે છે. શાસ્ત્રો તે જ્ઞાનને પ્રાતિભજ્ઞાન કહે છે. આ પ્રાતિભજ્ઞાન વગર ક્ષપકશ્રેણિ માંડી શકાતી નથી. જેમ કે જે રસ્તે જવું હોય તે રસ્તે આગળ વધવા માટે માર્ગનું અવલોકન તો થવું જ જોઈએ. રસ્તો જ ન દેખાય તો પગલાં ક્યાં માંડો ? તેમ મોક્ષમાર્ગમાં આગળ વધવું હોય તો શરૂઆતનું જ્ઞાન તો શાસ્ત્રો આપે છે. શાસ્ત્રોની સહાયથી મોક્ષમાર્ગનું અવલોકન કરતાં કરતાં જ્યાં સુધી પહોંચવાનું છે, ત્યાં સુધી તો ભગવાન પહોંચી ગયા છે. હવે આગળ વધવા માટે અર્થાત્ સામર્થ્યયોગમાં જવા શાસ્ત્ર સ્પષ્ટ માર્ગદર્શન આપી શકતા નથી. ક્ષપકશ્રેણિમાં જવા માટેના પુરુષાર્થની સૂઝ પ્રાતિભજ્ઞાનથી આવે છે. આ પ્રાતિભજ્ઞાન સ્વયંપ્રતિભાથી પેદા થાય છે. તે આંતરિક સૂઝરૂપ છે, કોઈના ભણાવવાથી કે કંઈ ભણવાથી આ જ્ઞાન પ્રગટતું નથી.

**સભા :-** "સવિ જીવ કરું શાસનરસી" એ ભાવના જોઈએ ?

**સાહેબજી :-** "સવિ જીવ કરું શાસનરસી" એ ભાવના તો પુણ્યાનુબંધીપુણ્યના કારણરૂપ શુભભાવ છે, જેને આગળ જતાં છોડવી પડે. આ ભાવના હોય ત્યાં સુધી તો સમતામાં પણ ન જઈ શકાય, જ્યારે પ્રભુ તો સમતા પામી ગયા છે. ઉપરની ભૂમિકામાં જવા માટેનાં ધોરણો જુદાં છે. સમતામાં આવેલા જીવોને આગળ વધવા માટે પ્રાતિભજ્ઞાન જોઈએ. તે ખૂટ્યું હોવાથી પ્રભુ ક્ષપકશ્રેણિ ન માંડી શક્યા. તેથી નિકાચિત કર્મોનો ક્ષય પણ ત્યાં સુધી ન કરી શક્યા અને જે ઉદયમાં આવ્યાં તે ભોગવવા પડ્યાં. કેવળજ્ઞાન પામવામાં પણ વિલંબ થયો.

**સભા :-** ક્ષપકશ્રેણિનો વખત કેટલો ?

**સાહેબજી :-** મિનિટોનો ટાઈમ હોય છે. ઈલાચીકુમારને નાચતાં નાચતાં કેવળજ્ઞાન થયું છે. કેવળજ્ઞાન પામતાં પહેલાં અવશ્ય ધ્યાનમાં જવું પડે. પણ આમને તો નાચવાની ક્રિયા ચાલુ જ છે. જો લાંબો ટાઈમ ધ્યાન ચાલે તો ઉપયોગશૂન્ય નાચવાની ક્રિયા અટકી જાય. એક વખત અંદરનો ઉઘાડ થયો પછી તો કર્મનો ક્ષય ક્ષણોમાં જ થઈ જાય છે. કેવળજ્ઞાન પામવા પ્રચંડ પુરુષાર્થ અને સ્પષ્ટ દિશા બન્ને જોઈએ.

તમને મોક્ષ ગમે છે ખરો ? તમારી સામે એક બાજુ તમારી મનગમતી ટોપ લેવલની ભૌતિક વસ્તુ મૂકીએ અને બીજી બાજુ મોક્ષ મૂકીએ તો મોક્ષ લો ખરા ?

**સભા** :- જેનો અનુભવ થયો હોય તે જ લેવાનું મન થાય ને ?

**સાહેબજી** :- એનો મતલબ એ જ કે તમને આ સંસાર પર અધિક રાગ છે, તેથી અત્યારે તમને મોક્ષ પણ નથી જોઈતો. સમ્યગ્દષ્ટિને હજારો ભૌતિક વસ્તુ પર રાગ છે, આસક્તિ ને કામના છે, પણ સંસારના રાગ કરતાં ધર્મરાગ ને મોક્ષ પ્રત્યેનો રાગ અતિશય પ્રબળ છે. તમારા મનમાં કયો રાગ પ્રબળ છે ? સંસારનો રાગ જ. કારણ હજુ તમને મોક્ષ પ્રત્યે જોઈએ તેવી તાલાવેલી નથી થઈ.

**સભા** :- તાત્કાલિક નફો આમાં દેખાય છે.

**સાહેબજી** :- તમારા ધંધામાં તમને તત્કાલ નફો મળી જાય છે ? ઘણી વખત તો ૧૨ મહિને પણ નફો મળતો હોય છે, અને એ વખતે પણ પૈસા હાથમાં આવે પરંતુ સીધું સુખ હાથમાં આવતું નથી. તમે કડવાં કારેલાં પણ ખાઓ છો, કારણ તમે જાણો છો કે સ્વાદમાં કડવાં પણ લાંબા ગાળે તબિયતમાં ફાયદો કરશે. સંસારમાં તો બધે તત્કાળ પરિશ્રમરૂપ દુઃખ અને પરોક્ષ લાભ છે, છતાં મનગમતી વસ્તુની આશાથી તત્કાલ લાભ જેવો આનંદ માનો છો, જ્યારે ધર્મમાં તત્કાળ લાભ હોવા છતાં તમે તે જોઈ શકતા નથી. જો જીવ સાચો ધર્મ કરે તો એને તત્કાલ તેનું ફળ ન મળે એવું ક્યારેય બનતું નથી.

## ધર્માનુષ્ઠાનનું માનસિક ફળ અને આત્મિક ફળ :

પૂજા ભાવથી કરો તો તત્કાળ ચિત્ત પ્રસન્ન થાય. આ પણ પૂજાનું આનુષંગિક ફળ છે; કારણ કે શુભભાવજન્ય માનસિક પ્રસન્નતા તે ગૌણ છે. વાસ્તવમાં વિધિપૂર્વક, આજ્ઞામુજબ, ગુણસ્થાનકની ભૂમિકા અનુસારી ધર્મ હોય તો તત્કાલ આત્મિક આનંદનો અનુભવ કરાવે જ. શુદ્ધ ધર્મ આત્માનું સુખ ન આપે તેવું ત્રણ કાળમાં પણ બને નહિ. ચિત્તપ્રસન્નતા અને આત્મિક આનંદ બે જુદી વસ્તુ છે.

તમને ભાવતી વાનગી ખાતાં ટેસ્ટ આવે છે તેમ પૂજા, પ્રતિક્રમણ, સામાયિક કરતાં ટેસ્ટ આવે છે ? તમે અહીં આવીને આટલો પણ ધર્મ એટલા માટે કરો છો કે તમને ખબર છે કે મહારાજ સાહેબો આખો દિવસ પાપ પાપ કહે છે તેમાં કદાચ ભૂલે ચૂકે પણ આપણે પાપમાં સલવાઈને દુર્ગતિમાં જતા રહીશું તો શું થશે? માટે થોડો ધર્મ કરી પુણ્ય બાંધીને પરલોકમાં થાળે પડીએ. બસ, આ જ તમારી મનોવૃત્તિ છે.

**સભા** :- ના સાહેબ, સાવ એવું નથી. અમારે તરવું છે.

**સાહેબજી** :- તરવું છે કે થાળે પડવું છે ? સંસારમાં થાળે પડવું છે કે સંસારથી તરવું છે ? સંસારથી છૂટકારો જોઈએ છે કે સંસારમાં અનસેટલ છો તે સેટલ થવું છે ? તરવું હોય તો આ બધું વિચારવું પડશે.

**સભા** :- વગર પેટ્રોલે ગાડી ચાલે છે.

**સાહેબજી** :- આખી જિંદગી ગદ્ધામજૂરી કરીને દમ નીકળી ગયો, છતાં કહો છો કે ગાડી વગર પેટ્રોલે ચાલે છે. ધર્મનાં ફળ સચોટ દર્શાવ્યાં છે. તે પણ મર્યા પછી નહિ, પણ તત્કાલ હાજરાહજૂર ફળ છે, જેનો તમને ખ્યાલ નથી. જે વિધિપૂર્વક તપ કરે તેને આત્માના સુખનો અનુભવ તત્કાળ થાય જ છે. તમારે મન તપ એ મજા છે કે દુઃખ છે ? તમે તો પરાણે મન મનાવીને તપ કરો છો, હજુ તમે ધર્મનું મૂળભૂત આંતરિક સ્વરૂપ સમજ્યા નથી, બાહ્ય ધર્મ જ સમજ્યા છો. વેપારમાં શરીરને ઘણું દુઃખ હોય પણ મન તો નફો જોઈ કૂદકા મારે છે. તમને ઇષ્ટ હોય એવું ભૌતિક સુખ મળતું હોય તો તમે શારીરિક શ્રમ કિંમત તરીકે ચૂકવવા હોંશે હોંશે તૈયાર છો. શરીરને સજા એટલે મનને સજા એવું એકાંતે નથી. જે બાહ્યધર્મ તમારા દેહ-ઇન્દ્રિયને કષ્ટરૂપ લાગે છે તે જ ધર્મના આંતરિક સ્વરૂપને મન દ્વારા માણવું જોઈએ, જે તમે માણી શક્યા નથી, તેથી તમને કષ્ટરૂપ લાગે છે, પરંતુ ભોગસુખ જેમ માણવા લાયક છે, તેમ આત્માનું સુખ પણ માણવા લાયક છે. પ્રતિક્રમણ, પૂજા, સામાયિક આદિ અનુષ્ઠાનોમાં આંતરિક વિશુદ્ધ પરિણામના અનુભવનો સ્વાદ છે, તમને તો ફક્ત ખાવાપીવામાં જ સ્વાદ લાગે છે. સમકિતી આત્માને સામાયિકની વાત આવે ત્યારે મોમાં પાણી છૂટે. તેને અવિરતિમાં દુઃખ લાગે છે; કારણ કે તેને વિરતિના સુખનું જ્ઞાન છે.

**સભા** :- સાહેબ ! ધર્મ કરતાં પાણી જ નથી છૂટતું, તો પછી સ્વાદ કેવી રીતે આવે ?

**સભા** :- પણ સાહેબ, જે વધારે ધર્મ કરે છે તે જ વધારે પાપ કરે છે એવી માન્યતા છે.

(બે શ્રોતાએ સાથે પ્રશ્ન પૂછ્યો સાહેબજીએ એકનો જ જવાબ આપ્યો.)

**સાહેબજી** :- આજનો સમાજ કેવો છે, તેની એક શબ્દમાં ઓળખાણ આપું ? 'Anti religious mind.' (ધર્મવિરોધી માનસવાળો). અમે જ્યારે સ્કૂલમાં હતા

ત્યારે સવારની સ્કૂલમાં જો નવકારશી ન આવી હોય તો બપોરે અમે ઘરે આવી પુરિમઢ્ઢનું પચ્ચક્ખાણ કરતા, અને બપોરની સ્કૂલમાં શિયાળામાં જો કદાચ રાતના ચોવિહારનો ટાઈમ થઈ જાય તો ભૂખ્યા સૂઈ જતા. પિકનિકમાં જઈએ ત્યારે બીજા બધા કાંદા અભક્ષ્ય ખાતા હોય એટલે મને તો એમની કોઈ વસ્તુ ખપે નહિ; આવા વખતે બધા એમ કહે કે જો આ ભગતડો આવ્યો. ત્યારે અમે સામે કહીએ કે શું ધર્મ કરવો એ ખરાબ કામ છે ? આજે કોલેજિયન છોકરાઓને ધોતિયું પહેરીને પૂજા કરતાં શરમ આવે અને કોઈ કરે તો બીજાં કહે "આ ભગતડો આવ્યો." રાતના બાર વાગ્યે સિનેમા કે કલબમાં જવામાં કાંઈ વાંધો નહિ, કંદમૂળ ખાઓ, રાતના રખડો, હોટેલોમાં જાઓ ને ન બોલવા જેવું બોલો તો તમે મોડર્ન કહેવાઓ. ઊલટું સદાચાર કે સત્પ્રવૃત્તિ કરો તો વેદિયા ને ભગતડા કહેવાઓ. આવા સમાજ પાસે તમે શું અપેક્ષા રાખો ? આવા સમાજની માન્યતા અને પ્રમાણપત્રની મારે મન ફૂટી કોડીની પણ કિંમત નથી.

વર્તમાનમાં પણ સારો ધર્મ કરનાર મોટા ભાગના જીવો એવા છે કે જેઓ પાપથી ડરે છે. વળી ધર્મ ન કરનારા બધા પ્રામાણિક અને ધર્મ કરનારા બધા અપ્રામાણિક છે એવું કોઈ કહી શકે ? હા, ધર્મ કરનારામાંથી બે પાંચ ટકા ખોટાં કામ કરનારા નીકળે પણ ખરા, પરંતુ તેને મોટું સ્વરૂપ આપીને આવી વાતો સોસાયટીમાં ફેલાવાય છે. આ તો એક ગલત પ્રચાર છે. સાધુસંસ્થામાં પણ જો એક બે ટકા શિથિલ હશે તો તેના નામથી આખી સાધુસંસ્થાને બદનામ કરાય છે. અત્યારે પણ સંયમી, સદાચારી જીવન જીવનારા મોટા ભાગના સાધુઓ સાધુસંસ્થામાં છે, અનેક પવિત્રતમ રત્નો છે, પણ તેમની જાહેરાત કોઈ દિવસ છાપાએ આપી નથી. પરંતુ જો ખરાબ મહાત્મા એક પણ હોય તો છાપામાં તરત જ આવે. આ બધાનું કારણ એ છે કે લોકોમાં સાધુ-સંતો પ્રત્યે જે બહુમાન અને ધર્મ પ્રત્યે જે આસ્થા છે, તેને તોડવા માટે જ આવું બધું થાય છે. અત્યારે કોઈ સંસ્થા સમાજમાં એવી ખરી કે જેમાં સોએ સો ટકા પ્રામાણિક માણસો હોય ? એક બે ટકાના દૂષણથી આખી સંસ્થાને ક્યાંય degrade(બદનામ) ન કરાય. ધર્મ કરનાર બધો વર્ગ ખરાબ છે તેવું નથી. એક બે ટકા ખરાબી હોય તો તે ધર્મની ખામી નથી, તે વ્યક્તિની ખામી છે. અત્યારના જમાનામાં પણ ઘણા કરોડોપતિ શ્રાવકો એવા છે કે તપ, ત્યાગ, સંયમ, સદાચાર, પ્રામાણિકતા તેમના જીવનમાં છે. ધર્મ ન કરનાર કરતાં ધર્મ કરનારમાં બદમાશી વધારે હોય તેવું જો તમે દાખલા-દલીલથી પુરવાર કરી આપો તો હું તમારો જીવનભર

શિષ્ય થઈ જાઉં. પરંતુ તે અશક્ય છે. આથી ફક્ત આવા પ્રચારથી તમે ભરમાઓ નહિ, નહિ તો ધર્મનું મૂળ તત્ત્વ નહિ પામી શકો. ધર્મ કરનાર કોઈ વ્યક્તિને પ્રકૃતિદોષથી ગુસ્સો આવ્યો, તો તમે એમ કહેશો કે આટલો ધર્મ કરે ને તેનાથી ગુસ્સો કરાય ? અર્થાત્ તેણે ધર્મ કર્યો તે ભૂલ કરી છે ? ધર્મ ન કરનારને ગુસ્સો કરવાનું licence(પરવાનો) અને ધર્મ કરનારે ફરજિયાત સહન જ કરવાનું એવું ધોરણ ધર્મ પ્રત્યેનો પૂર્વગ્રહ સૂચવે છે. ગુસ્સો સારી વસ્તુ છે એમ અમે નથી કહેતા, પરંતુ ધર્મ કરનાર ગુસ્સો ન જ કરી શકે એવો એકાંતે નિયમ પ્રાથમિક ધર્મ કરનાર માટે શક્ય નથી.

## ધર્મીના અવગુણ પ્રત્યે વિવેકીનો અભિગમ :

**સભા** :- અમે તો એમ માનીએ છીએ કે ધર્મીને ધર્મ મનમાં ઊતર્યો નથી, તેથી ગુસ્સો કરે છે.

**સાહેબજી** :- આવું બોલવું પણ યોગ્ય નથી. સમકિતની સડસઠ બોલની સજ્ઝાયમાં ત્રીજી ઢાળમાં લખ્યું છે કે

**ભગતિ બાહ્ય પ્રતિપત્તિથીજી, હૃદયપ્રેમ બહુમાન;**
**ગુણથુતિ અવગુણ ઢાંકવાજી, આશાતનની હાણ.**

વિવેક પામેલો આત્મા, બીજા આરાધક આત્માના લાખ દોષ ગળી જાય; જેમ કે ગુસ્સો, અપ્રામાણિકતા, વક્રતા, સ્વાર્થવૃત્તિ વગેરે ઘણા દોષો હોય, તો પણ તે દોષોને મહત્ત્વ ન આપે, પરંતુ તેના ધર્મ આરાધનાના ગુણની પ્રશંસા કરે. કોઈ ધર્મ કે ધર્મીની નિંદા કરે ત્યારે તમારામાં ધર્મની વકીલાત કરવાની તૈયારી અને ત્રેવડ જોઈએ. સમકિતી આત્મા ધર્મી જીવોના દોષોને ઢાંકે છે, પોતે તો બોલે નહિ પણ બીજા નિંદારૂપે બોલે તો પણ સામે બચાવ કરે. તમારો ધર્મ ધર્માત્માઓના અવગુણોનો બચાવ કરવાનો છે. તેમના ધજાગરા ન કરાય. કોઈ ધર્મ પર કટાક્ષ કરે ને તમે તે વખતે અટકાવવાની શક્તિ હોવા છતાં મૌનપણે એમ ને એમ ઊભા રહો તો પણ તમને અવશ્ય પાપ લાગે. દેવ-ગુરુ-ધર્મની નિંદા સાંભળી તમે કોઈ પ્રતિકાર ન કરો તો તે પણ એક આશાતના છે. તે વખતે તમારું સમકિત મલીન થાય અને ન હોય તો આવે નહિ. સાચા આરાધક જીવના ગમે તેટલા દોષ હોય તો પણ તેની નિંદા ન કરાય, ને બીજા કરનારાને અટકાવી ન શકો તો પણ સમર્થન તો નહિ જ આપવાનું; સમકિતીને ગુણોનો દૃઢ રાગ હોય છે અને દોષ પ્રત્યે દ્વેષ હોય છે.

# ૨૬

વ્યાખ્યાન - ૨૬ તા. ૨૨-૮-૯૪, સોમવાર, ચોપાટી.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ નિર્મળ સમ્યગ્દર્શન ગુણને પ્રાપ્ત કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

સ્વયં સાધનાથી પરિપૂર્ણ બની ઉપદેશ આપનારા તીર્થંકર ભગવંતોનો એક જ ઉદ્દેશ છે કે જગતના જીવમાત્ર આત્મકલ્યાણ કરે. સ્વકલ્યાણ માટે પુરુષાર્થ તો દરેક જીવે પોતે જ પોતાની જાતે કરવાનો છે, પરંતુ પ્રભુ તો ઉપદેશ દ્વારા જગતને સાચી દૃષ્ટિ આપે છે, અને તે જ સાચું દર્શન છે જેનું બીજું નામ સમ્યગ્દર્શન છે. તે પ્રાપ્ત કરાવવા જ ધર્મતીર્થની સ્થાપના છે. જીવ સમ્યગ્દર્શન પામે એટલે તેની બુદ્ધિ નિર્મળ બને છે. પછી તેનો બધો જ પુરુષાર્થ વિકાસના સાચા માર્ગે જ થાય છે.

સમકિત અને મિથ્યાત્વ એ સામસામાં પાસાં છે. સમકિતની હાજરીમાં જીવ જે પણ પ્રયત્ન કરે તે તેનાં લાભમાં છે, પુણ્યનો અનુબંધ સમકિતને આભારી છે. જેમ જેમ મિથ્યાત્વ નાશ પામતું જાય તેમ તેમ પાપના અનુબંધને બદલે પુણ્યના અનુબંધ પડવાના ચાલુ થઈ જાય છે, અને જ્યારે મિથ્યાત્વ સંપૂર્ણ અટકે એટલે તેને નવા પાપનો અનુબંધ સંપૂર્ણપણે અટકે છે. તેથી જ પાપના અનુબંધમાંથી છૂટવું હોય તો મિથ્યાત્વમાંથી છૂટવું પડે.

## રુચિ, સંસ્કાર અને અનુબંધ બંનેની આધારશિલા છે :

કર્મના અનુબંધને સમકિત અને મિથ્યાત્વ સાથે જોડાણ છે, કારણ કે તમે જે પ્રવૃત્તિ કરતા હો ત્યારે તમારી રુચિ, તમારું વલણ જે તરફ હોય તે પ્રમાણે તમારા આત્મા પર સંસ્કાર પડે છે. તમારા સંસારમાં પણ આ જ નિયમ છે કે તમે રસ વગર જે પ્રવૃત્તિ કરો છો, તેના આત્મા પર ગાઢ સંસ્કાર પડતા નથી. દા.ત. તમે જેટલું વાંચો છો, વિચારો છો એ બધું જ તમને કાંઈ યાદ રહેતું નથી, પણ જે વિષયમાં તમારો તીવ્ર રસ જોડાયો હોય તે જ યાદ રહે છે. જેમ તમને કોઈ

વાનગીમાં સ્વાદનો તીવ્ર રસ લાગવાથી તેનો સ્વાદ યાદ રહી જાય છે. આમ તો તમે રોજ ખાઓ છો, છતાં પણ એના સંસ્કાર તમારા મન પર અંકિત થતા નથી. જોકે રોજ ખાતાં પણ રસ તો હોય જ છે, છતાં જેમાં તીવ્ર રસ હોય તેના જ સંસ્કાર-સ્મૃતિ આત્મા પર અંકિત થાય છે. તેમ સંગીત-હરવું-ફરવું વગેરે બાબતોમાં પણ બનશે. જ્યાં તીવ્ર રસ છે એ વસ્તુ જ તમારા મન પર ગાઢ સંસ્કાર પાડીને જાય છે, ને જ્યાં મંદ રસ છે તેના સંસ્કાર આત્મા પર આધાન થતા નથી, આ અનુભવસિદ્ધ વાત છે. જીવનમાં પણ સેંકડો પ્રસંગોમાંથી જે મહત્ત્વના લાગે તે જ યાદ રહે છે, જ્યારે બીજા ભુલાઈ જાય છે. આ તો તમારા વ્યવહારની વાત થઈ. તેમ ધર્મની આરાધના કરતાં પણ જો તમારી રુચિ અધર્મ તરફ હશે તો તમારા આત્મા પર સંસ્કાર અધર્મના પડશે. જે પ્રવૃત્તિ કરો કે જે ભાવ કરો તે બધાના સંસ્કાર આત્મા પર પડે છે તેવું નથી, પણ જે બાજુ તમારી રુચિ છે તે તરફના સંસ્કાર આત્મા પર આધાન થાય છે.

તદ્દન વૈરાગ્ય વગરના જીવો ભલે ધર્મ કરે, પણ સંસ્કાર તો આત્મા પર અધર્મના જ પાડે છે, જ્યારે પ્રબળ વૈરાગ્ય યુક્ત જીવ સંસારની પ્રવૃત્તિ કરે છતાં પણ સંસ્કાર તો આત્મા પર ધર્મના જ પાડે છે. તેથી જ સમકિતી આત્મા દોષ સેવતો હોય તો પણ અનુબંધ તો પુણ્યનો જ પાડે છે, જ્યારે ગાઢ મિથ્યાદષ્ટિ જીવ આરાધના કરતો હોય છતાં અનુબંધ તો પાપનો જ પાડે છે.

અનુબંધની આધારશિલા રુચિ છે. જેમ કોઈ વખત તમને અણગમતાં સગાંસંબંધી તમારા ઘરે આવી જાય, તમને તેમનામાં રસ ન હોવા છતાં પણ વ્યવહારથી બેસવું પડે એવું હોય અને તે પણ પાછા ચીકણા હોય કે જલદી ઊઠે પણ નહિ, ત્યારે તમે તેની સાથે જે વાર્તાલાપ કરો તે વાર્તાલાપ બે ચાર દિવસ પછી યાદ ન રહે, કારણ તે વખતે જ તમને તેમાં રસ નહોતો. જે વસ્તુમાં રસ નથી તે વસ્તુ થોડા વખતમાં ભુલાઈ જાય છે. તેમ આત્મા પર જેમાં રસ ન હોય તેવા લાંબા અનુભવ પણ અંકિત થતા નથી, ને જેમાં રસ હોય તે વસ્તુનો ક્ષણિક અનુભવ હોય તો પણ અંકિત થાય છે. તેથી જ તમે જે ધર્મ-સદાચાર પાળો છો, તેનો જો તીવ્ર રસ હશે તો આત્મામાં ગાઢ સંસ્કાર પડશે; નહીંતર તે ગુણો ફક્ત આ ભવ પૂરતા જ રહેશે, ભવોભવ સાથે નહિ આવે.

શુભ અનુબંધથી જ ધર્મ તમારો જનમોજનમનો સાથીદાર થઈ જાય છે. જે ધર્મ ભવિષ્યમાં તમારો પડછાયો પણ ન લે તે ધર્મ અનુબંધ વગરનો કહેવાય. તેથી જ

ધર્મ એવો કરવાનો કે જેના ફળ સ્વરૂપે પુણ્યનો અનુબંધ પડે ને પોતે જન્મોજન્મ સાથે આવે.

શુભ અનુબંધ ભાવિમાં ગુણનો ગુણાકાર કરે છે, શુભ અનુબંધ પુણ્યનો ગુણાકાર કરે છે, શુભ અનુબંધ ધર્મસામગ્રીનો ગુણાકાર કરે છે, શુભ અનુબંધ વિકાસનો ગુણાકાર કરે છે. શુભ અનુબંધથી વિકાસની અભિવૃદ્ધિ થયા જ કરે છે, જ્યારે અશુભ અનુબંધથી આ બધું ઊલટું જ થાય છે. પાપનો ગુણાકાર કરશે, દોષનો ગુણાકાર કરશે, અધર્મનો ગુણાકાર કરશે.

અનુબંધ છેવટે ગુણાકાર જ કરે છે, જેનાથી તે અનુસાર ગુણ-દોષની ઉત્તરોત્તર પરંપરાની વૃદ્ધિ થાય છે. દરેક વ્યક્તિએ પુણ્ય ને પાપના અનુબંધ વિચારી, તેના ફળને સમજી, જીવનમાં પ્રસંગે પુણ્યના અનુબંધ કેમ પાડવા તે સમજવું જોઈએ. તમે એક વખત સાચા રસ્તે ચઢો એટલે આગલા ભવોનું જે ઉધાર પાસું હતું તે ધીમેધીમે જમા થવાનું ચાલુ થઈ જાય છે. અરે ! બંધમાં પણ પુણ્ય બાંધ્યા પછી જો બુદ્ધિ ઠેકાણે ન રાખો તો પુણ્ય ઘટવા માંડશે. તેવી જ રીતે પાપ બાંધ્યા પછી જો પાપની સાચી રીતે ગર્હા થશે તો તે ઘટી જશે. બાંધેલા અને બંધાતા પુણ્ય-પાપમાં પણ પરસ્પર સંબંધ છે.

## બંધ-અનુબંધના ફળ અંગે કુમારપાળ મહારાજાના પૂર્વભવનું દૃષ્ટાંત :

બંધથી તો કામચલાઉ લાભ-હાનિ થાય છે, જ્યારે અનુબંધ તો તમારી ઉત્તરોત્તર હાનિ કે વૃદ્ધિનું દીર્ઘ કારણ બને છે. ઉદાહરણ તરીકે કુમારપાળરાજાનું દૃષ્ટાંત લઈએ. કુમારપાળરાજાનો આગલો ભવ વિચારીએ તો શરૂઆતમાં તેમના કોઈ એવા દેદાર નથી કે તેઓ ઉન્નતિના માર્ગે ચડી જાય. પણ પછી તેમને થોડી ધર્મસામગ્રી મળી તેનાથી બીજરૂપ પુણ્યાનુબંધીપુણ્યનો વિકાસ થયો. તેઓ આગલા ભવમાં પણ રાજકુમાર હતા. જયતાક નામ હતું. લાડકોડમાં ઊછર્યા છે, પણ સોબત ખરાબ હોવાના કારણે અનેક વ્યસનો લાગી ગયાં. તેમના પિતાને તેમના પર ઘણી લાગણી છે, પણ તેમને ચોરીનું વ્યસન હોવાના કારણે ઘરમાં રાખી શકાય તેમ નથી, તેથી જ સગા બાપને પ્રેમ હોવા છતાં "તું સુધરીશ નહિ તો તને ઘરમાંથી કાઢી મૂકીશ," એમ જયતાકને કહેવું પડ્યું. તે પણ પોતાની જાતને જાણે છે તેથી ઘરમાંથી નીકળી જાય છે. જયતાક પોતે ક્ષત્રિય છે, રાજબીજ છે, શસ્ત્રકળા સારી જાણે છે. યુવાન

અને શૂરવીર યોદ્ધા તરીકે કાર્ય કરી શકે તેમ છે, પરંતુ વ્યસનવાળો હોવાથી તે ચોર-ધાડપાડુ સાથે રહે છે. શૂરાતન હોવાના કારણે પલ્લીનો નાયક બન્યો છે. દુરાચાર સેવવા એ જ એનું જીવન છે. અત્યારે તો તેને પુણ્યનો જરા પણ અનુબંધ નથી, પાપના જ અનુબંધ પાડે છે.

વિચારો કે ભૂતકાળમાં આટલી ખામી હોવા છતાં પણ, જીવ જો એક વખત સાચા માર્ગ પર ચડી જાય, તો પુણ્યનો અનુબંધ પડવાથી તેનો કેવો વિકાસ થાય છે, તે આ દૃષ્ટાંતથી સમજાશે.

અત્યારે વિચારો તો આ માણસને ધર્મના ક્ષેત્રથી દૂર રાખવા જેવો છે તેવું લાગે. હવે આગળ એવું બન્યું કે એક વખત અબજોનો વેપાર કરનારો એક વેપારી માલ-મિલકત સાથે જંગલમાંથી પસાર થઈ રહ્યો છે. સાથે કરોડોની મિલકત છે. જયતાકને આ ખબર મળવાથી તેને લૂંટી લીધો. આમ તો આ વેપારી પાસે લૂંટાયા સિવાયની પણ નગરમાં રહેલી બીજી ઘણી સંપત્તિ છે. છતાં પણ પોતે માનભેર જીવનાર ને મોભાદાર માણસ હોવાથી તેનાથી આ અપમાન સહન ન થયું, તેથી તેણે રાજા પાસે ફરિયાદ કરી કે "જયતાકે મને ખરાબ રીતે લૂંટીને આબરૂ વગરનો કરી નાખ્યો. તમારા રાજ્યમાં આવું કેમ બની શકે ? તમે મને તમારું લશ્કર આપો તો હું તેનો અને તેની પલ્લીનો નાશ કરું અને મારું વેર લઉં." આમ, રાજાનું લશ્કર લઈને પોતે જ લડવા જાય છે અને આ પલ્લીપતિના અડ્ડા પર ઘેરો ઘાલી તેની પલ્લીને બરાબર સકંજામાં લઈ ફસાવે છે. આમ તો આવા સંકટમાં જયતાકના બચવાની કોઈ શક્યતા નહોતી, પણ પુણ્ય તપતું હોવાથી આ રાજપુત્ર બહાર ગયો હતો, તેથી તે બચી ગયો. જયતાક તો હાથમાં ન આવ્યો પણ તેની સગર્ભા પત્ની આ શેઠના હાથમાં આવી ગઈ. તેથી શેઠે જયતાક પરનો બધો ગુસ્સો તે સગર્ભા રાણી પર ઉતાર્યો. પોતાની તલવાર સીધી તે રાણીના પેટ ઉપર ચલાવી. તેથી તે રાણીનો ગર્ભ પેટમાંથી બહાર પડી ગયો, જે બિચારો તરફડિયાં મારતો હતો, તો તેને પણ પકડીને શેઠે શિલા પર પછાડીને ભયંકર ક્રૂરતાથી મારી નાખ્યો. તે શેઠે દ્વેષબુદ્ધિથી એવું ક્રૂર કર્મ કર્યું કે લૂંટારાઓને પણ આ જોતાં અરેરાટી થઈ. પછી જ્યારે જયતાક પાછો આવ્યો ત્યારે બધી પરિસ્થિતિ જાણીને તેને ખૂબ જ આઘાત લાગ્યો. તે સૂનમૂન થઈ ગયો,પછી તેને વિચાર આવ્યો કે, "આજે જ્યારે મારા પર આવી તકલીફ આવી ત્યારે મને કેવો અહેસાસ થાય છે ? જ્યારે મેં તો આવાં અનેક ક્રૂર કામો કર્યાં છે, તો તે બધા ઉપર શું વીતી હશે ? સાચે જ હું આવી સજા માટે યોગ્ય જ છું."

આમ તેને પોતાનાં દુષ્કૃત્યોનો પશ્ચાત્તાપ થાય છે અને પછી હતાશ થઈને રખડતાં રખડતાં આગળ જંગલમાં જાય છે, ત્યારે પૂજ્ય હેમચંદ્રસૂરિજી જે આ ભવમાં પૂજ્ય યશોભદ્રસૂરિ નામના મહાત્મા હતા, તે પોતાના પરિવાર સાથે જંગલમાંથી જઈ રહ્યા છે તેઓશ્રીને જુએ છે. જયતાક લૂંટારાના વેશમાં છે, છતાં પૂ. યશોભદ્રસૂરિ મહારાજને એનામાં રાજકુમારની પ્રતિભા દેખાઇ આવે છે, અને દુઃખને કારણે તેના મોઢા પર દીનતા પણ દેખાય છે. સંત તરફના સદ્ભાવને કારણે આણે મહાત્માને હાથ જોડ્યા. મહાત્મા પણ તેને આશીર્વાદ આપે છે ને ચાલતાં ચાલતાં તેનો પૂર્વઇતિહાસ જાણી લે છે. સાથે જયતાક કહે છે કે "મારે તો મરી જવું છે, તો જ હું મારા દુષ્કૃતોનું સાચું પ્રાયશ્ચિત્ત કરી શકીશ." આ સાંભળી મહાત્મા તેને સમજાવે છે કે "આ મનુષ્યભવ કમોતે મરી જવા માટે નથી મળ્યો. આ માનવભવ તો અતિ દુર્લભ છે. પ્રાયશ્ચિત્ત એટલે મરી જવું તેવો અર્થ નથી" આમ તેને ઉપદેશ દ્વારા નવતત્ત્વ આદિ જૈનધર્મના પાયાના તત્ત્વોની શ્રદ્ધા કરાવે છે, પુણ્ય-પાપ-આત્મા-પરલોક બધું જ તેને સમજાવે છે. તેથી તેના આત્મામાં વૈરાગ્ય ને વિવેકના અંકુર પ્રગટે છે ને બોધિબીજ વવાય છે. હજુ તેનામાં મિથ્યાત્વ છે, પણ તે મંદ થયું છે, સમકિત માટેની ભૂમિકા તૈયાર થઈ છે.

કોઇપણ પ્રવૃત્તિ એવી કરો કે વૈરાગ્ય ને વિવેકના કારણે આત્મા પર પુણ્યનો અનુબંધ પડે. લૂંટારાના જીવનમાં તેણે થોકબંધ હિંસાદિ પાપ કર્યાં છે, અનુબંધ પણ પાપના જ પાડ્યા છે, પણ હવે ધર્મ સાંભળીને અસર થવાથી તે ચોરી-લૂંટફાટનું કામ છોડી દેવા સંકલ્પ કરે છે. શ્રાવક યોગ્ય ૧૨ વ્રતો લેવા પણ તે તૈયાર થયો છે. પણ જીવનનિર્વાહનો વિચાર આવતાં તેને થાય છે કે હવે વ્યવસાય શું કરવો ? તે બાપ પાસે જઈ શકે તેમ નથી ને દીક્ષા લેવા જેટલો ઉલ્લાસ હજુ તેને પ્રગટ્યો નથી. વેપારધંધાની પણ આવડત તેનામાં નથી. ફક્ત શસ્ત્રકળામાં તે હોશિયાર છે તેથી સૈનિક તરીકે નોકરી કરી શકે તેમ છે. પણ તેને હિંસા કરવી નથી, મનમાં થાય છે કે અત્યાર સુધી હિંસાથી કુકર્મો તો ઘણાં કર્યાં, હવે વધારે પૈસા મળે તો પણ મારે હિંસાથી મળતી લક્ષ્મી ન જ જોઈએ. વળી નિર્વાહ માટે બીજો કોઈ વિકલ્પ ન સૂઝતાં તે મહાત્મા પાસે જાય છે. ત્યારે મહાત્મા તેને સાંત્વન આપીને ત્યાંના કોઈ શ્રાવકને આની ભલામણ કરે છે કે આ યોગ્ય વ્યક્તિ છે ને સાધર્મિક છે. આથી તે શ્રાવક આને પોતાના ઘરે લઈ જઈ નોકર તરીકે સારી રીતે રાખે છે. આમ તો આ રાજસેવક તરીકે મોભાથી જીવી શકે તેમ છે, છતાં પણ ધર્મ સમજાયો હોવાથી

હિંસાનું કામ કરવા તૈયાર નથી, તેથી સ્વેચ્છાએ હલકી નોકરી સ્વીકારી છે. તે વિચારે છે કે સંપત્તિ, વૈભવ ઓછાં મળશે તો ઇંદ્રિયોને ઓછું પોષણ મળશે, તો તેમાં શું ખોટું છે? વૈરાગ્ય-વિવેક આવે ત્યારે આવા સંકલ્પો આવી જ જાય. ઘરકામ કરનારને ખાવાપીવા ને કપડાં તો મળી જ રહે, પણ રોકડ રકમ તો ખાસ ન મળે. કોઈકવાર બક્ષિસ વગેરે મળવાને લીધે તેની પાસે પાંચેક કોડી ભેગી થઈ છે.

શેઠ ધર્માત્મા હોવાથી ત્રિકાળપૂજા કરનારા છે. આ પણ શેઠ સાથે રોજ દેરાસર જઈને પ્રભુનાં ભક્તિથી દર્શન કરે છે. પણ હજુ તેણે પૂજા નથી કરી, કારણ તેની પાસે પૂજા કરવાની સામગ્રી નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે **"શક્તિ ન હોય તો પૂજા કરવાનો આગ્રહ રખાય નહિ, પરંતુ પૂજા કરવી તો સ્વદ્રવ્યથી કરવી."**

એક દિવસ એવું બન્યું કે શેઠે તેની પાસે પૂજા માટે કેસર ઘસાવ્યું, આથી આને પણ ખૂબ જ આનંદ થયો છે. બધી સામગ્રી તૈયાર થઈ ગયા પછી શેઠે તેને પણ પૂજા કરવાનો આગ્રહ કર્યો. શેઠે બધી જ પૂજા કરવાની સામગ્રી તેને આપી, પણ તેને થાય છે કે "પૂજાની સામગ્રી તો શેઠની જ છે, તો મને એમાં શું લાભ ?" આવી પરિસ્થિતિમાં પણ વિવેક કેટલો છે ! જીવની અમુક રીતની લાયકાત હોય તો વિવેક આપમેળે આવે છે. તમે વિચાર કરો કે આને કાંઈ પ્રભુભક્તિ કરવાનો કંટાળો નથી, સામે ચાલીને શેઠ સામગ્રી આપે છે, છતાં તે કહે છે કે "મારું તો આમાં કશું જ નથી, મને આમાં શું લાભ ?" વિચારો, તેની વૃત્તિ કેવી હશે !

**સભા** :- ક્ષત્રિય છે ને ?

**સાહેબજી** :- ના, માત્ર તે કારણ નથી, પણ તેમાં તેના શુભપરિણામ કારણરૂપ છે. શેઠે તેને જ્યારે પૂજા કરવા ઘણું કહ્યું ત્યારે તે વિચારે છે કે "આવો અવસર મને ફરી ક્યારે મળશે ?" ને તેથી જ તેને થાય છે કે "મારી પાસે જે પાંચ કોડી બચત છે તેનાં ફૂલ લઈ પ્રભુની પૂજા કરું." તમે હો તો વિચારો ને કે પાંચે પાંચ થોડી વાપરી નંખાય ? આગળ પાછળનો પણ વિચાર તો કરવો જ જોઈએ ને ? જ્યારે આનામાં ઉદારતા-વિવેક-બહુમાન પ્રબળ છે. તેથી જ ફૂલ ચઢાવતી વખતે ભાવોલ્લાસ બહુ જ આવે છે. વીતરાગ પ્રત્યે તેને અત્યંત બહુમાન થયું છે, નવતત્ત્વ આદિ ભણેલો છે, સમકિતની હજુ સ્પષ્ટ સમજણ નથી, પણ અમુક અંશે પ્રભુના ગુણો પ્રત્યે અભિરુચિ પ્રગટી છે. આમ તો તેણે વિષય-કષાયમાં જ અડધી જિંદગી વિતાવી છે, પણ અહીં બોધિબીજ પામી જવાથી તે થોડા પુરુષાર્થથી પણ પુણ્યાનુબંધીપુણ્ય બાંધે

છે. પાંચ કોડીનાં ફૂલમાં તે ૧૮ દેશનો રાજા બીજા જ ભવમાં બન્યો છે. આ ફળ પણ ઘણું ઓછું છે. ભગવાનની ભક્તિ યથાર્થ કરનારને દેવલોકનું સુખ મળે તો પણ તે અલ્પ કહેવાય. પરંતુ હજુ તેનામાં મિથ્યાત્વ છે, તેથી સમકિતી જેવા વૈરાગ્ય ને વિવેક નથી, ભાવોલ્લાસ પણ સમકિતી જેવો નથી. શ્રીમંત સમ્યગ્દષ્ટિ આત્મા પણ જો એક ફૂલ પણ પરમાત્માને ચઢાવે તો તેને ઘણાં ફૂલ ચઢાવનાર મિથ્યાદષ્ટિના ફળ કરતાં પણ અસંખ્ય ગણું ફળ અવશ્ય મળે. જ્યારે આણે તો તેની બધી જ સંપત્તિ ચઢાવી દીધી છે, છતાં પણ સમકિતી કરતાં ઘણું ઓછું ફળ મળ્યું છે. સમકિતનો મહિમા બરાબર સમજતા થાઓ તો મોઢામાં પાણી છૂટે.

**સભા** :- પચાવવાની તાકાત અમારામાં નથી.

**સાહેબજી** :- પચાવવાની તાકાત તો ઘણી જ છે, પણ પામવાની ધગશ જ નથી. આ તો ખાધા વગર પચાવવાની વાત કરે છે. જેને ભૂખ લાગી હોય તે પહેલાં ખાવાનો વિચાર કરે કે પંચાવવાનો વિચાર કરે ? સમકિત પામવા માટેની સામગ્રી તમને મળી છે. કોઈ દિવસ સદ્‌ગુરુના પગ પકડીને કહ્યું કે "સાહેબ, હવે મિથ્યાત્વમાં રહેવાતું નથી ?" ગરીબને પૈસો જોઈતો હોય અને કોઇની પાસે મળે એમ લાગે તો તે માણસના પગ કેવા પકડે ? તેની તાલાવેલી કેવી હોય ? તમે કોઈ દિવસ ભગવાન પાસે રડ્યા છો ? કે "પ્રભુ, આ મિથ્યાત્વે તો મારો આજ દિવસ સુધી દમ કાઢી નાંખ્યો છે. હવે હું આમાંથી ક્યારે છૂટું ને ક્યારે સમકિત પામીશ ?" ગૃહસ્થજીવનમાં પણ સમકિત પામી શકાય છે. પણ હજી તમને તેનો રસ નથી જાગ્યો. સમકિત મળી જાય તો બેડો પાર થઈ જાય.

કુમારપાળરાજાના જીવને જયતાકના ભવમાં સમકિતની પૂર્વભૂમિકા મળી છે, તેથી જયતાક આ પૂજાના ફળથી ભવિષ્યમાં સમ્રાટ બનશે. જોકે વ્યવહારથી તો "રાજેશ્વરી તે નરકેશ્વરી" કહેવાય, પણ આ જીવને તો કુમારપાળના ભવમાં સત્તા-સંપત્તિ પણ આત્મકલ્યાણનું સાધન બની શાસનપ્રભાવનાનું કારણ બનશે. પુણ્યાનુબંધીપુણ્ય ઉદયમાં આવશે ત્યારે મળેલ સામગ્રીથી ધર્મ પૂરબહારમાં ખીલશે, અને કલ્યાણની પરંપરાનું સર્જન થશે. પરંતુ પાપાનુબંધીપુણ્ય હોય તો તે જીવને ભોગસામગ્રી મળવાથી તેમાં લેપાઈને ધર્મ છૂટી જાય, ને મળેલી થોડી ભોગસામગ્રી ભોગવી, પાપ બાંધી, દુર્ગતિની પરંપરા સર્જાય. તેથી નાનો ધર્મ પણ એવી રીતે કરો કે પુણ્યાનુબંધીપુણ્ય જ બંધાય. અત્યારે હું તમને કાંઈ સર્વસ્વ ધરી દેવાનું નથી કહેતો, તેવો તમારો ભાવોલ્લાસ પણ નથી, છતાં સામાયિક, પ્રતિક્રમણ, પૂજા,

દાન વગેરે કોઈપણ પ્રવૃત્તિ કરો ત્યારે એવી રીતે કરો કે જેનાથી પુણ્યનો અનુબંધ પડે. **સાંસારિક કામ કે લૌકિક દયા પણ એવાં કરો કે જેમાં ફક્ત પુણ્યનો બંધ ન થતાં સાથે પુણ્યનો અનુબંધ પણ પડે. પુણ્યનો અનુબંધ પાડવા દરેક પ્રવૃત્તિમાં સતત વૈરાગ્ય ને વિવેક જાગૃત જોઈએ. ભગવાનને જોતાં એમ થવું જોઈએ કે "વીતરાગતા સિવાય જગતમાં ક્યાંય સાચું સુખ નથી ને સાચું સુખ નિર્વિકાર દશામાં જ છે. આ નિર્વિકાર ભાવ જ્યારે પામીશું ત્યારે જ સાચું સુખ મેળવી શકીશું, બાકી તો સંસારમાં સર્વત્ર વિકારો જ ખદબદે છે." કદી તમે રાગ-દ્વેષથી વ્યથિત થઈને પ્રભુ પાસે ગયા છો ? ત્યાં તેમની પાસે વિકારોની પીડાથી રડવું આવે છે ? પ્રભુ પાસે પણ તમે આંતરદુઃખને રડો છો કે બાહ્યદુઃખને રડો છો ? તમને તો આંતરદુઃખ સાલતું જ નથી. સંસારમાં મોહરાજા તમને ડફણાં મારે તો મજા આવે છે. આવા માણસમાં વીતરાગતા પ્રત્યે સાચું બહુમાન કેવી રીતે પ્રગટ થાય ? જે આત્માને રાગદશાની રુચિ છે તે વીતરાગની ભક્તિ કરે તો પણ તેના આત્મા પર સંસ્કાર તો રાગના જ પડે છે. માટે જ ધર્મ કરનારા ગુણિયલ જીવો પણ બહુધા પુણ્યનો અનુબંધ નથી પાડી શકતા. વિચારજો, કઈ કડી ખૂટે છે ?**

કુમારપાળરાજાના જીવે જયતાકના ભવમાં બધાં કર્મો તત્કાલ ખપીને મોક્ષ થઈ જાય તેવી સાધના નથી કરી. ઉત્કૃષ્ટ વિવેક પણ નથી, પરંતુ વિવેકનું બીજ ચોક્કસ છે. હજી સમકિત આવ્યું નથી. મિથ્યાત્વની હાજરીમાં આયુષ્ય બાંધ્યું છે માટે જ સમ્રાટ થયા છે. જો સમકિતની હાજરીમાં આયુષ્ય બાંધ્યું હોત તો ચોક્કસ વૈમાનિકદેવ થાત. સમકિતી મનુષ્ય કદાચ "મારું કે મરું" તેવા રૌદ્રધ્યાનરૂપ અશુભભાવ સાથે કૃષ્ણલેશ્યામાં આયુષ્યનો બંધ કરે તો પણ દેવલોકનું જ આયુષ્ય બાંધે, એ પણ પાછું જ્યોતિષ કે ભવનપતિ નહિ પણ વૈમાનિક દેવલોકનું જ બાંધે. વૈમાનિક દેવનાં બળ, પુણ્ય, શક્તિ પાસે અઢાર દેશના રાજાનાં બળ, પુણ્ય, શક્તિ કોઈ જ વિસાતમાં નથી. પાંચ કોડીનાં ફૂલની ભક્તિથી પણ જો સમકિતની હાજરીમાં પુણ્ય બાંધ્યું હોત તો તેઓ ક્યાંયના ક્યાંય પહોંચી ગયા હોત. પરંતુ સમકિત વિનાની તેમની નાની ક્રિયા પણ બીજપૂર્વકની હોવાથી પુણ્યના કણિયાનો ગુણાકાર તો થયો જ છે, આ જ અનુબંધની શક્તિ છે. પ્રથમ ભવમાં જયતાક, દ્વિતીય ભવમાં કુમારપાળરાજા, તૃતીય ભવમાં વ્યંતરદેવ અને ચોથા ભવમાં આવતી ચોવીસીના પ્રથમ તીર્થપતિ શ્રી પદ્મનાભસ્વામીના પ્રથમ ગણધર થઈ મોક્ષે જશે. બીજ પડ્યા પછી તેમનો વિકાસ ઝડપથી થઈ ગયો. વિચારો, શુભ અનુબંધની શક્તિ છે કે

જયતાકે ભૂતકાળમાં અનેક કુકર્મો કર્યાં હોવા છતાં, સાચી આરાધનાથી સમાધિપૂર્વક મૃત્યુ પામ્યો.

હવે આ આત્મા પર પુણ્યના અનુબંધો પડવાના ચાલુ થવાથી તે આત્મકલ્યાણના માર્ગ પર છે, પરંતુ ભૂતકાળનાં કુકર્મોથી જે બધા પાપના અનુબંધો આત્મા પર પડ્યા હતા, તે તો વીખેરવા પડે, અને નિકાચિતકર્મ હોય તો ઉદયકાળ આવતાં અવશ્ય ભોગવવાં પડે. જયતાક મૃત્યુ બાદ ચાવડાવંશમાં સિદ્ધરાજના કાકાના દીકરા ભાઈ ત્રિભુવનપાળના દીકરા કુમારપાળ તરીકે જન્મ્યો છે. તે સર્વ કલા-વિજ્ઞાનમાં નિષ્ણાત થયો છે. રાજા સિદ્ધરાજને કોઈ પુત્ર ન હોવાથી એક વખત સિદ્ધરાજ જ્યોતિષીને પૂછે છે કે "મારા મૃત્યુ પછી મારો વારસદાર કોણ થશે ?" ત્યારે જ્યોતિષીએ અવલોકન કરીને કહ્યું કે "તમારા ભાઈ ત્રિભુવનપાળના દીકરા કુમારપાળ જ રાજા થશે." આમ તો ભાઈનો દીકરો કાંઈ દુશ્મન ન કહેવાય, પણ આગલા ભવના કર્મના કારણે સિદ્ધરાજને અત્યંત વેર છે. અહીં કુમારપાળને આગલા ભવનાં નિકાચિત કર્મો ઉદયમાં આવે છે, તેથી જ સિદ્ધરાજને કુમારપાળ પોતાની ગાદીએ આવે તેની સામે સખ્ત વિરોધ છે. જયતાકના ભવમાં જે શેઠિયો તેમનાથી લૂંટાયેલો તે જ જીવ આ સિદ્ધરાજ થયો છે. શેઠિયાના ભવમાં રાજાનું લશ્કર લઈ જવા છતાં તે શેઠિયો જયતાકને મારી શક્યો ન હતો. ત્યારના રહેલા ગાઢ વેરના સંસ્કારો હજુ આ ભવમાં પણ જાગૃત છે, તેથી સિદ્ધરાજે કુમારપાળને પકડવાનો હુકમ કર્યો. માથે મોત દેખાતાં કુમારપાળ ભાગીને ગુપ્તવેશે છુપાઈ જાય છે, ક્યારેક ક્યારેક જંગલમાં તેને ત્રણ ત્રણ દિવસના ઉપવાસ થાય છે. બીજાં પણ ઘણાં ઘણાં દુઃખો આ રઝળપાટમાં કુમારપાળ ભોગવે છે. અરે ! ઘણી વખત તો મોતના મુખમાંથી માંડ માંડ બચ્યા છે. આમ, પૂર્વભવમાં કરેલાં નિકાચિત પાપકર્મો ઉદયમાં આવ્યાં કે જેનાથી આવા રાજવંશી નબીરાને પણ ૫૦ વર્ષની ઉંમર સુધી કોઈ જ ઠેકાણા વગર ગમે ત્યાં ગમે તે વેશમાં ભય સાથે ભટકવું પડે છે. આટલું ભોગવ્યા છતાં પણ તેમનાં કરેલાં પાપકર્મો પ્રમાણે તો તેમને ઘણું ભોગવવાનું આવત, પણ બીજાં અનેક પાપો તો નિકાચિત ન હોવાથી ભોગવ્યા વિના ધર્મ પસાયે ઓસરી ગયાં છે, તેમાં પણ પુણ્યાનુબંધીપુણ્ય કારણ બન્યું છે.

પુણ્યાનુબંધીપુણ્યના કારણે કલિકાલસર્વજ્ઞ પ. પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિજી જેવા પ્રભાવક પુરુષનો તેમને મેળાપ થયો. તેમના ઉપદેશથી કુમારપાળરાજાએ પોતાનું આત્મકલ્યાણ આગળ ધપાવવા સાથે જબરદસ્ત શાસનપ્રભાવના પણ

કરી છે. પુણ્યાનુબંધીપુણ્ય જ્યારે ઉદયમાં આવે ત્યારે સત્તા-સંપત્તિ મેળવી આપે પણ તેમાં આસક્તિ કે મોહ ન જગાડે, પરંતુ વૈરાગ્ય ને વિવેક જગાડે. પૂર્વભવમાં ફૂલ ચઢાવ્યાં તે વખતે તેમના આત્માના શુભભાવમાં પુણ્યના અનુબંધની સર્જનશક્તિ હતી. જો તે ભાવોમાં પાપની સર્જનશક્તિ હોત તો તેમનો આત્મા પાયમાલ થઈ જાત.

વૈરાગ્ય-વિવેકપૂર્વકના કાર્યોથી થતા પુણ્યાનુબંધીપુણ્યની શક્તિ આપણે જોઈ. તેથી ભિખારીને પાંચ રૂપિયા પણ એવી રીતે આપો કે જેનાથી પુણ્યનો અનુબંધ પડે. દયા-પરોપકાર આદિ ગુણો વૈરાગ્ય ને વિવેકપૂર્વકના જ કેળવો તેવી તીર્થંકરની આજ્ઞા છે. તેથી જ ૧૬ ભાવનાના ક્રમમાં પહેલાં વૈરાગ્ય પોષક એવી અનિત્યાદિ બાર ભાવના મૂકી, અને પછી જ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એમ ચાર ભાવના મૂકી. સાચી દયા કરવા માટે વૈરાગ્ય તો જોઈશે જ. વૈરાગ્ય કેળવવા માટે સંસારનું સાચું સ્વરૂપ સમજવું પડશે. આપણો આત્મા અનંત સુખનો-શક્તિનો ધણી હોવા છતાં પણ અત્યારે આ સંસારમાં કેવી દયનીય પરિસ્થિતિમાં રખડે છે ? આ બધું વિચારવું જોઈએ. અરે ! કીડીને જોતાં પણ સંસારનું દુઃખમય સ્વરૂપ જ દેખાવું જોઈએ કે આપણે પણ આવી રીતે ભૂતકાળમાં ઘણી વખત રખડ્યા હોઈશું, કચરાયા હોઈશું, રિબાઈ રીબાઈને મર્યા પણ હોઈશું. કરેલા પાપના ઉદયથી અત્યારે આ બધા જીવો કેવા દુઃખી છે ! આપણે પણ આ ભવમાં ધર્મપ્રવૃત્તિ નહિ કરીએ અને પાપપ્રવૃત્તિ કરીશું તો હજુ ભવિષ્યમાં આવા જ દુઃખી થઇશું. સંસારનું સ્વરૂપ આવું જ છે. બધા દૃષ્ટિકોણથી સંસાર સમજાય તેને વૈરાગ્ય આવ્યા વિના રહેતો નથી. સર્વત્ર વૈરાગ્ય-વિવેકના દૃષ્ટિકોણનું application જોઈએ. સાચી મૈત્રી કરવા માટે પહેલાં સ્વપરના આત્માની હિતચિંતા કરવાની છે, નહીંતર તે મૈત્રી આધ્યાત્મિક દૃષ્ટિએ નકામી થઈ જશે. બધે જ સારરૂપે વૈરાગ્ય ને વિવેક જોઈશે.

એક જીવને અનુકંપાબુદ્ધિથી છોડાવવા કતલખાને જાઓ ત્યારે પણ લાગવું જોઈએ કે આપણે પણ સંસારરૂપી કતલખાનામાં જ છીએ. આપણો આત્મા પણ આ કતલખાનામાં કર્મને પરવશ જન્મ-મરણની વેદના ભોગવવા દ્વારા ફસાયો છે. કતલખાનામાંથી છૂટેલા જીવને જોઈને તમને પણ સંસારરૂપ કતલખાનામાંથી બહાર નીકળવાનો વિચાર સ્ફુરે નહિ, તો તમારી આંતરદૃષ્ટિમાં અંધાપો છે. જેની દૃષ્ટિમાં અંધાપો છે તેની દયાની કિંમત કેટલી ?

૮૪ લાખ જીવાયોનિનું ભયાનક સ્વરૂપ વિચારતાં એમ થવું જ જોઈએ કે આમાંથી હું ક્યારે છૂટું અને બીજાને પણ ક્યારે છોડાવું ? મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ ભાવનાના તાત્ત્વિક સારરૂપ "સવિ જીવ કરું શાસનરસી"ની ભાવના છે. ભગવાને આ ભાવના ભાવી તેનું કારણ કે આમાં બધી જ શુભ ભાવનાઓ આવી જાય છે. આ ભાવનામાં જગતના સર્વ જીવોનું ખરું હિત સમાયેલું છે.

જ્યાં સુધી આત્મા પાપથી મુક્ત નથી થતો, ત્યાં સુધી તે સાચું સુખ નથી પામી શકતો. માટે જીવોને જો સાચું સુખ આપવું હોય તો પહેલાં પાપમાંથી મુક્ત કરવા પડે. અનુકંપા એવી લોકોત્તર રીતે કરો કે તેનાથી ભવોભવ તમે ધર્મસામગ્રી દ્વારા આત્મકલ્યાણ સાધી શકો. તમને અનુકંપાદાન ન કરવાનો અમારો ઉપદેશ નથી, પણ તેમાં જૈનશાસનનો વિવેક ભેળવો.

# ૨૭

તા. ૨૩-૮-૯૪, મંગળવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા પુણ્ય-પાપના ફળોનો સમ્યગ્ પ્રબોધ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## પુણ્યાનુબંધીપુણ્ય સદ્ધર્મનો હેતુ છે :

મોક્ષ મેળવવા માટે જેમ પાપતત્ત્વ સમજવાની જરૂર છે તેમ પાપના વિપાક સમજવાની પણ જરૂર છે. કર્મના ક્ષયથી જ મોક્ષ થાય છે, કર્મમાત્ર આત્માને બંધન છે. આત્મા તમામ પાપ-પુણ્યમાંથી મુક્ત થાય ત્યારે જ મોક્ષે જાય છે. મોક્ષમાં જતાં પહેલાં બધાએ પુણ્ય પણ છોડવું જ પડે છે. જે જીવ સદંતર પાપ-પુણ્યકર્મનો ક્ષય કરે છે, તે જ આત્મા મોક્ષનો અધિકારી છે. પરંતુ બધાં જ પુણ્ય કાંઈ સાધનાકાળમાં મુમુક્ષુને આડખીલી કે બંધનરૂપ નથી. મોક્ષમાં શુભ કે અશુભ કર્મનો પડછાયો પણ નથી, પરંતુ મોક્ષની સાધના તો સાધકે સંસારમાં જ કરવાની છે. સંસારમાં સર્વત્ર ભૌતિક પુદ્ગલનું વર્ચસ્વ છે, જડનું જ આધિપત્ય છે, તેથી સંસારમાં રહેલા સાધકને પણ આરાધના માટે અનુકૂળ સામગ્રી ને સંજોગો તો જોઈશે જ, જે પુણ્ય જ પૂરાં પાડશે. માટે જ પુણ્ય એકાંતે હેય નથી. સાધકદશામાં પુણ્ય સર્વથા હેય માનશો તો એક જ તરફી વિચાર કહેવાશે. જે પુણ્ય સાધનાકાળમાં ઉપયોગી હોય તેને ત્યાજ્ય ગણવાનું નથી. ઘણાં પુણ્ય એવાં પણ છે જે ધર્મની સાધનામાં ઉપયોગી બને છે. પુણ્યથી ભોગ જ મળે અને તેનાથી પાપ જ બંધાય તેવું એકાંતે નથી. હા, પાપાનુબંધીપુણ્ય માટે આ વાત સાચી છે, પરંતુ પુણ્યાનુબંધીપુણ્ય માટે યોગ્ય નથી. પુણ્યાનુબંધીપુણ્યથી સંસારની ભોગસામગ્રી સાથે ધર્મની સામગ્રી પણ અવશ્ય મળશે, વળી તે મળેલી ભોગસામગ્રી કર્મક્ષય કે આરાધનામાં બાધક નહિ હોય. ઊલટું જે પુણ્ય કર્મક્ષય કે આરાધનાનું સાધન બને તે પુણ્ય જોખમી ગણાય નહિ. તમને અત્યારે જે બુદ્ધિ, શક્તિ, જ્ઞાન, ઇંદ્રિયો, આયુષ્ય, મનુષ્યભવ, સત્તા-સંપત્તિ વગેરે મળ્યું છે

તે બધું પુણ્યના વિપાકનું જ ફળ છે. આ બધાને તમે ધર્મમાં જોડી શકતા હો અને તેનાથી આત્મકલ્યાણ કરી શકતા હો તો તે પુણ્ય ધર્મનું સાધન બનશે.

તીર્થંકરને ઉત્કૃષ્ટ પુણ્યનો વિપાક હોય છે. જે પણ ઉત્તમ પુરુષો થાય છે તે બધા મહાપુણ્યશાળી જ હોય છે. તીર્થંકરોનું રૂપ, બળ, સૌભાગ્ય વગેરે બધું જ અદ્વિતીય હોય છે. શ્રેષ્ઠ જ્ઞાનદાન પણ તેમના પુણ્યનો જ વિપાક છે, અરે ! તીર્થંકરોમાં જગતના જીવો પર સાચો ઉપકાર કરવાની ક્ષમતા પણ પુણ્યફળ જ છે. આ જ પુણ્ય જગતના જીવોને ધર્મ પમાડવા માટે શ્રેષ્ઠ સાધન બને છે. તેમના શરીરબળનો પણ ઉપયોગ અનર્થમાં નથી થતો. સાધના દ્વારા ચાર ચાર મહિના કાઉસ્સગ્ગધ્યાન શરીરબળ હોવાથી જ કરી શક્યા. જ્યારે તમને એક રાત પણ ઊભા રાખીએ તો શું થાય ? તેઓશ્રી છ છ મહિનાના ઉપવાસ પણ આ શરીરબળને લીધે જ કરી શક્યા છે. અરે, ૪૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરતાં તમે તો હલ્યા કરશો. અત્યારે તમારી તેટલી શરીરની શક્તિ પણ નથી ને મનોબળ પણ નથી. પુણ્યથી જે શ્રેષ્ઠ શરીરબળ મળ્યું છે, તે પ્રબળ કર્મક્ષય અને નિર્જરાનું સાધન તીર્થંકરોને બન્યું છે. ચારિત્રધર મહાત્માઓ પણ પોતાને જે આંખ, કાન, જીભ મળ્યાં છે તે બધાનો ઉપયોગ આરાધનામાં કરશે. આંખનો ઉપયોગ શાસ્ત્રવાંચનમાં, કાનનો ઉપયોગ તત્ત્વશ્રવણમાં અને જીભનો ઉપયોગ પ્રભુભક્તિ-ઉપદેશ વગેરેમાં કરશે. આ બધી ઇન્દ્રિયો પણ પુણ્યથી જ મળી છે. સશક્ત ઇંદ્રિયો મળવી તેમાં પણ પુણ્ય જ કારણ છે, નહીંતર ઘણા ખોડખાંપણવાળા જન્મે છે. જે જીવ પુણ્યાનુબંધીપુણ્યના ઉદયવાળો હોય તે જીવ મળેલી ઇન્દ્રિય આદિ સામગ્રીનો ઉપયોગ મોક્ષસાધક ધર્મસાધનામાં અવશ્ય કરશે. એટલે પુણ્યાનુબંધીપુણ્ય સદ્ધર્મનો હેતુ છે. તેથી આ પુણ્ય વખોડવા જેવું નથી. માટે "કર્મ તો બંધન જ છે" એમ એકાંતે ન કહેવાય.

## પુણ્યાનુબંધીપુણ્ય પાપાનુબંધનો નાશ કરી અંતે સ્વતઃ ચાલતી પકડે છે :

જેમ અગ્નિ અનેક પ્રકારના ઉપયોગ ધરાવે છે, જેમ કે કચરો બાળવા, રસોઈ કરવા વગેરેમાં તેનો લાભ મેળવી શકાય છે, અને દુરુપયોગ દ્વારા દાઝીને અનેકના મૃત્યુનું કે સંપત્તિના ઘોર વિનાશનું કારણ પણ બની શકે છે. એની જેમ જ પુણ્ય પણ સદુપયોગ-દુરુપયોગ દ્વારા અનેક ફળો નિપજાવે છે. વળી આગ ઇંધન હોય તો જ પેદા થાય છે, પછી ભલે તમે ઇંધન તરીકે કેરોસીન લો, પેટ્રોલ લો કે લાકડું લો; આગને પેદા થયા પછી ટકવાનું કે વૃદ્ધિનું સાધન પણ ઇંધન જ છે, તેથી જ

જ્યાં સુધી ઇંધન હોય ત્યાં સુધી જ આગ રહે છે, ઇંધન પૂરું થાય પછી આગને બુઝાવવા કોઈ નવી વસ્તુની જરૂર પડતી નથી. તેથી જેમ કચરો સાફ કરનારી આગ કચરારૂપી ઇંધનથી જ ટકીને કચરાને જ અંતે નાબૂદ કરનારી છે, તેમ પુણ્યાનુબંધીપુણ્ય પણ આત્મા પર પાપરૂપી કચરાને બાળવાનું કામ કરે છે. જ્યાં સુધી પાપરૂપ ઇંધન કે જેને ટકાવનાર અને વધારનાર પાપનો અનુબંધ છે, જે આત્મામાં સતત દોષો પેદા કરે છે, તેના નાબૂદીકરણ સુધી પુણ્યાનુબંધીપુણ્ય ધર્મ દ્વારા પોતાનું ચક્ર ચલાવે છે. પણ ખૂબી કે આશ્ચર્યની વાત એ છે કે દોષરૂપી ઇંધન બળી જતાં પુણ્યાનુબંધીપુણ્યરૂપ અગ્નિને શમાવવા માટે કોઈ નવા પુરુષાર્થની જરૂર પડતી નથી. જે પુણ્ય તમારા આત્મામાંથી પાપના અનુબંધરૂપ કચરાનું સફાઇકામ કરીને અંતે ચાલતી પકડે તેને જ પુણ્યાનુબંધીપુણ્ય કહેવાય છે. તેથી આ પુણ્યથી ગભરાવા જેવું નથી. હા, કચરો બાળનાર આગ પણ માલસામાન તરફ વળે તો વિનાશ વેરી શકે, તેથી આગ હરહંમેશ સાવધાનીની અપેક્ષા રાખે છે. તેથી જ સમ્યગ્દૃષ્ટિ આત્મા પુણ્યાનુબંધીપુણ્યના વિપાકરૂપ ભોગોને તત્ત્વદૃષ્ટિએ અસાર અને દુઃખમય જ જુએ છે.

**સભા** :- અમને તે ખબર કેવી રીતે પડે કે અમારું પુણ્ય પુણ્યાનુબંધીપુણ્ય છે ?

**સાહેબજી** :- સીધી વાત છે, જો પુણ્યાનુબંધીપુણ્યનો ઉદય હોય તો તે તમારા દોષોને બાળી નાંખવાનું કામ જીવનમાં કરે, અને જો તે દોષોને ન બાળે તો તે પુણ્યાનુબંધીપુણ્ય નથી. તમારું પુણ્ય અત્યારે તમારા મનમાં રહેલા પાપને ખતમ કરવાનું સાધન બને છે કે ઊલટું પોષક બને છે ? મનુષ્યભવ ક્યાંઈ તમને મફતમાં નથી મળ્યો. મૂલ્યરૂપે ઘણું પુણ્ય ચૂકવ્યું છે, તેથી જ આ ભવ મળ્યો છે. એ સિવાય પણ દીર્ઘ આયુષ્ય, સત્તા, સામગ્રી મળી છે, તે બધામાં કારણભૂત તો પુણ્ય જ છે. આ બધા પુણ્યના ઉદય, પાપને સાચવવા કે વધારવાનું સાધન બનતા હોય તો તે પાપાનુબંધીપુણ્યના ઉદય જ કહેવાય. માટે જ જીવનમાં મળેલી ભૌતિક કે ધર્મસામગ્રી પાપને વધારવા કે પાપના પરિણામોને વધારે પ્રદીપ્ત કરવા માટે વપરાતી નથી ને ? તે ગંભીરતાથી વિચારવા જેવું છે.

**સભા** :- અમારે તો બન્નેમાં ઉપયોગ થાય છે.

**સાહેબજી** :- અરે ! કદાચ તમારા પુણ્યનો થોડો ધર્મમાં ઉપયોગ થતો હશે, પરંતુ તમારું પુણ્ય તમને અંતઃપ્રેરણા ગુણોની કરે છે કે ગુણો તો મન મારી મચડીને

મહેનતથી કેળવવા પડે છે ? પુણ્યાનુબંધીપુણ્યનો વિપાક તો સહજતાથી ગુણ અનુગામી અને દોષ પ્રતિરોધક હોય છે. અત્યારે તમને પાપાનુબંધીપુણ્ય જ ઉદયમાં છે.

**સભા** :- તે કોણ કહી શકે ?

**સાહેબજી** :- અમે શાસ્ત્રની દૃષ્ટિએ કહીએ છીએ, કાંઈ એમ ને એમ ગપ્પા નથી મારતા; કેમ કે ભૂતકાળમાં અધ્યાત્મરહિત મિથ્યાત્વની અવસ્થામાં બાંધેલું પુણ્ય પુણ્યાનુબંધીપુણ્ય ન હોય. જોકે ભલે તમારા જૂના અનુબંધ પુણ્યના ન હોય, છતાં તે પુણ્યથી અત્યારે ઉત્તમ ધર્મસામગ્રી તો મળી જ છે, જેનાથી હવે પુણ્યાનુબંધીપુણ્યનો પ્રારંભ કરી શકો છો. તે માટે પાપની રુચિ જ તોડવાની છે. અત્યારે પુણ્ય તમને સહજતાથી ધર્મમાં ચડાવે કે સહાય કરે તેવી પરિસ્થિતિ દેખાતી નથી, પણ તેમાં પલટો જરૂર લાવી શકાય છે.

**સભા** :- પુણ્યાનુબંધીપુણ્ય ઉદયમાં આવે તેની નિશાની શું ?

**સાહેબજી** :- **જે પુણ્ય સત્તા-સંપત્તિ અને ભોગકાળમાં પણ વૈરાગ્ય-વિવેક અને અનાસક્તિ સહજતાથી જગાડે તે પુણ્યાનુબંધીપુણ્ય;** કારણ કે આત્મા પરનો દોષરૂપી કચરો કાઢવાનું જ પુણ્યાનુબંધીપુણ્યનું કામ છે. પુણ્યાનુબંધીપુણ્યનું ચક્ર જેમ જેમ તમે મોક્ષમાર્ગમાં આગળ વધતા જાઓ તેમ તેમ આત્મા પરનો કચરો સાફ કરતું જાય છે. જે દિવસે આત્મા પર જરાય કચરો નહિ હોય અર્થાત્ આત્મા સર્વગુણસંપન્ન થશે, ત્યારે પુણ્યાનુબંધીપુણ્યનું ચક્ર ચાલતી પકડશે. પછી તે તમને સંસારમાં નહિ પકડી રાખે.

ઘણાની ખોટી ભ્રમણા છે કે પુણ્યાનુબંધીપુણ્ય ફસાવે છે. જો તેમ જ હોય તો તીર્થંકરનામકર્મ પણ પુણ્યાનુબંધીપુણ્યનો જ શ્રેષ્ઠ પ્રકાર છે, આ પુણ્યની ફલશ્રુતિથી જ જગતના સર્વ જીવોને સાચું આત્મહિત કરવાનો માર્ગ મળે છે, આવા ઉત્કૃષ્ટ વિશ્વહિતકારક પુણ્યને પણ ત્યાજ્ય જ કહેવું પડે, પણ તેવું એકાંતે નથી. અત્યારે અમે તો તીર્થંકરનામકર્મ જેવાં હિતકારક પુણ્ય બાંધવાનો ઉપદેશ આપીએ છીએ.

પુણ્ય એ કર્મ છે, કર્મ એ બંધન છે ને બંધનમાત્ર ખરાબ છે; એવી માન્યતાથી જો તમામ પુણ્ય absolutely ખરાબ જ હોય તો કોઈએ તીર્થંકરનામકર્મ બાંધવું જ ન જોઈએ; કારણ કે એ પણ એક પ્રકારનું પુણ્યકર્મ જ છે, માટે તે બંધનરૂપ કહેવાશે. જ્યારે આપણે તો વાસ્તવમાં તીર્થંકરનામકર્મના બંધની ઝંખના કરવાની છે. આવું

ઉત્તમ પુણ્ય બાંધીશું તો બેડો પાર થઈ જશે. તીર્થંકરનામકર્મ આત્માને આગળ વધવામાં સાધનરૂપ છે. જે જીવ તીર્થંકરનામકર્મ બાંધે તેને મોક્ષે જવામાં તે કર્મ આડખીલીરૂપ નથી થતું કે આત્મસાધના કરવામાં પણ તે નડતરરૂપ નથી, ઊલટું, ઉપયોગી જ થાય છે. જે પુણ્ય સહાયક થાય છે કે સહાયક થવાનું છે, તેવા પુણ્યની ચિંતા કરવાની નથી. એકાંતે નિશ્ચયવાદી બનવું તે પણ મિથ્યાત્વ છે. કાનજીસ્વામી વગેરે પોતાના ઉપદેશમાં પુણ્ય વિભાવ છે, પુણ્ય હેય છે, શુભભાવથી પુણ્ય બાંધવું જોઈએ નહિ, તેમ કહે છે, પરંતુ તે વાતોમાં કાંઈ સર્વાંગી તથ્ય નથી; કારણ કે તેઓની એકાંગી દૃષ્ટિ છે.

બધાં પુણ્ય અહિતકારી નથી એમ નક્કી થયા પછી પણ એક પ્રશ્ન રહે છે કે પુણ્ય જેમ ધર્મનું સાધન છે તેમ ભોગો અપાવીને પાપપ્રવૃત્તિ દ્વારા સંસાર પરિભ્રમણ કરાવી ધર્મનું નાશક પણ છે જ. તો પછી પુણ્ય જાતિથી સારું કઈ રીતે ? તેનો ઉત્તર એ છે કે પુણ્યાનુબંધીપુણ્યથી ભોગો મળશે પરંતુ તે પ્રાયઃ ધર્મના સાધન બનશે. વળી બધાં જ પુણ્ય ભોગો આપે તેવો પણ નિયમ નથી. ઘણાં પુણ્ય ધર્મસામગ્રી આપે, ધર્મમાં સહાયક થાય, પૂરક થાય તેવા વિપાકવાળાં પણ હોય છે, તેમને ભોગ સાથે સીધી લેવાદેવા નથી.

## જે પુણ્ય બાંધતાં ભોગરસ નથી તે પુણ્ય ભોગોમાં ફસાવતું નથી :

તીર્થંકરોને જ્યારે કેવળજ્ઞાન થાય છે ત્યારે તેમને ઉત્કૃષ્ટ પુણ્યનો વિપાક હોય છે. આમ તો તેઓ જન્મથી પુણ્ય ભોગવે છે, પણ તેમના પુણ્યનો પીક પિરિયડ, જ્યારે કેવળજ્ઞાન પામી તીર્થંકરનામકર્મ ઉદયમાં આવે છે ત્યારે ૩૪ અતિશયરૂપે પરાકાષ્ઠાનાં ભૌતિક ઐશ્વર્ય ભોગવતી વખતે હોય છે. તે સમયે તેઓ ભૌતિક દૃષ્ટિએ ઉત્કૃષ્ટ ભોગો ભોગવે છે છતાં તેમને જરા પણ પાપ બંધાતું નથી. આમ પુણ્યથી પાપબંધકારી ભોગોની જ પ્રાપ્તિ થાય તેવો એકાંતે નિયમ નથી. અરે ! ઉત્તમ પુણ્ય તો વિપાકકાળે પાપપ્રવૃત્તિ કરાવે તેવો પણ નિયમ નથી. તેથી જ શાસ્ત્રમાં તેને નિરવદ્ય પુણ્યાનુબંધીપુણ્ય કહ્યું છે. વળી સાવદ્ય પુણ્યાનુબંધીપુણ્ય પણ બાંધતી વખતે જીવ અનાસક્તિ-વૈરાગ્ય-વિવેકના એવા તીવ્ર ભાવો ધરાવે છે, કે તે વખતે તેમને સંસારના ભોગોમાં જરાપણ રસ હોતો નથી.

પુણ્ય બાંધતી વખતે જ જેના મનમાં ભોગનો રસ નથી, તેને બંધાતું પુણ્ય એવું

ન હોય કે જે તેને પોતાના ઉદયકાળમાં ભોગમાં ફસાવે; કારણ કે શુભ સંસ્કાર યુક્ત છે. પુણ્યાનુબંધીપુણ્ય આ પ્રકારનું છે. તે જ રીતે જે આત્માને પુણ્ય બાંધતી વખતે જે સંસારના ભોગોમાં જ રસ હશે, તેને તે પુણ્ય પોતાના ઉદયકાળમાં, જેમ માખી બળખામાં પોતાની જાતે જ એવી રીતે ફસાઈ જાય કે પછી ગમે તેટલી મહેનત કરવા છતાં તે તેનાથી બહાર ન નીકળી શકે, તેમ તે પાપમાં ફસાવશે. પાપાનુબંધીપુણ્ય આ પ્રકારનું છે. આમ પુણ્ય બાંધતી વખતે આત્મામાં રહેલા તીવ્ર ભાવોની અસર સંસ્કાર દ્વારા તે પુણ્યના ઉદયકાળ વખતે પણ રહે છે. તેથી સમજીને બધાં જ પુણ્ય ભોગોનો રસ તૂટે તે રીતે બાંધો. જ્યાં સુધી વૈરાગ્ય ને વિવેક નહિ હોય ત્યાં સુધી સંસારના ભોગોનો રસ તૂટવાનો નથી. તેથી જ સૌ પ્રથમ વૈરાગ્ય ને વિવેક જેવા પાયાના ગુણો કેળવો.

**સભા** :- ત્યાગ કરીએ તો ભોગરસ ઓછો થાય ?

**સાહેબજી** :- એવો એકાંત નથી, ત્યાગ પણ શુભભાવથી કરો તો પુણ્ય બંધાય ને અશુભભાવથી કરો તો પાપ બંધાય. દા.ત. તમે લોકો જ્યારે ધંધાની ફુલ સીઝન ચાલતી હોય ત્યારે ધંધામાંથી નવરા જ ન પડો, ને તેથી ત્રણ ટાઈમના બદલે એક ટાઈમ જ ખાઓ, ઘરે પણ ન જાઓ. તે વખતે તમે કેટલો ત્યાગ કર્યો કહેવાશે ? પરંતુ શાસ્ત્રીય દૃષ્ટિએ તે ત્યાગ નથી. ધંધામાં મોટો સોદો થતો હોય અને ગરમીમાં બહાર જવું પડે ત્યારે, તમે પંખા ને એરકન્ડીશનનો ત્યાગ કર્યો તો પણ તમને તેનાથી પુણ્ય ન જ બંધાય; કારણ કે આવી રીતે કરેલા ત્યાગમાં પ્રેરક બળ તરીકે અશુભભાવ છે. જો એકલા ત્યાગથી જ પુણ્ય બંધાતું હોય તો જનાવરો, ભિખારીઓ આદિ વધારે પુણ્ય બાંધશે. સ્વેચ્છાએ કરેલા ત્યાગથી પુણ્ય બંધાય તો સીઝનના વેપાર વખતે ભોજનત્યાગ સ્વેચ્છાએ જ કરો છો. અરે ! અત્યારે તો આરોગ્ય સુધારવા નેચરોપેથીમાં લોકો હોંશે હોંશે ઉપવાસ કરે છે. પણ તેમાં અશુભભાવ હશે તો પાપ જ બંધાશે; કારણ કે કોઈપણ પુણ્યબંધ માટે ત્યાગ સાથે શુભભાવ અનિવાર્ય છે; સાથે આ અગત્યના મુદ્દાને પણ ભૂલી ન જતા કે ગમે તેટલો શુભભાવ કર્યો, પુણ્યબંધના ઢગલાં કર્યા, પણ ભોગરસ હોય તો અનુબંધ પાપનો જ પડશે. આ અનુબંધનું ગણિત તમારા મનમાં બરાબર બેસી જવું જોઈએ, તો જ તમે તમારું બરાબર પૃથક્કરણ કરી શકો.

## વૈરાગ્ય ભોગરસનો ઉચ્છેદ કરી અભોગનો પરિણામ પેદા કરે છે :

અનુબંધ બગાડનાર ભોગરસને તોડવા વૈરાગ્યની જ જરૂર છે. વૈરાગ્ય ભોગરસ પર દૃઢ પ્રહાર કરવાની તાકાત ધરાવે છે. તમે ગમે તેટલો ઊંચો ધર્મ કરો, દા.ત. હજાર દેરાસરો બંધાવો, કરોડોનાં દાન કરો, માસક્ષમણના પારણે માસક્ષમણ કરો, પણ મનમાં જો ભોગનો તીવ્ર રસ હશે તો પાપાનુબંધીપુણ્ય બાંધશો; પણ પુણ્યાનુબંધીપુણ્ય તો નહિ જ બાંધી શકો. અમે પણ ચારિત્ર લઈ પાંચ મહાવ્રત અણીશુદ્ધ પાળીએ, છઠ્ઠ-અઠ્ઠમ-માસક્ષમણ કરીએ, શાસ્ત્રો ભણી વિદ્વાન બનીએ ને વિનય-વૈયાવચ્ચ બધું જ કરીએ; પરંતુ જો અમારો પણ ભોગનો રસ અખંડિત હશે તો અનુબંધ તો અમને પાપનો જ પડશે, કે જેનાથી ભવિષ્યમાં ભોગસામગ્રી દ્વારા ફસાઈને સંસારમાં રખડવાનું જ થશે, જ્યારે પુણ્યના અનુબંધવાળું પુણ્ય ભોગસામગ્રી દ્વારા ફસામણીનું કારણ બનતું નથી; કારણ કે તે પુણ્ય જ્યારે જે આત્માએ બાંધ્યું છે ત્યારે તે આત્મામાં અભોગનો પરિણામ છે. શુદ્ધ પરિણામથી બાંધેલું હોવાના કારણે તે પુણ્ય ભોગસામગ્રી આપવા દ્વારા ફસાવે નહિ. અનંતકાળથી પુણ્ય સંસારનું કારણ એટલામાટે બન્યું છે કે આપણી સંસારની રુચિ તૂટી જ નથી, ને તેથી જ રખડતા રહ્યા છીએ. હવે પુણ્ય બાંધતાં આપણા અંદરના અનુબંધ શું છે ? તેનું અવલોકન કરવાનું.

## વૈરાગ્ય-વિવેકપૂર્વકના નાના અનુષ્ઠાનથી પણ ઊંચાં આધ્યાત્મિક ફળોનાં દૃષ્ટાંતો :

કુમારપાળરાજાએ જયતાકના ભવમાં પૂજા કરતાં જે વીતરાગતાનો રાગ કેળવ્યો છે, તે વીતરાગતાનો રાગ વૈરાગ્ય વગર આવતો નથી. વૈરાગ્ય વગર પાંચ લાખનાં ફૂલ ચઢાવો તો પણ ખાલી પુણ્ય બંધાશે, પરંતુ અનુબંધ તો પાપનો જ પડશે; જ્યારે કુમારપાળરાજાના જીવે વીતરાગતાના રાગરૂપ શુદ્ધ પરિણામપૂર્વક પાંચ કોડીનાં ફૂલથી પણ પુણ્યનો અનુબંધ પાડી દીધો. સર્વત્ર અનુબંધનું ધોરણ તો એક જ રહેશે. આટલા નાના ધર્મથી પણ પરંપરાએ ફળ કેટલું ઊંચું આવ્યું ! તમારા ઉલ્લાસ-ભાવ-ઉમળકો બધું જ ઉત્તમ હોવા છતાં પણ અંદરની રુચિ જો વિપરીત હોય તો અનુબંધ વિપરીત જ પડે.

શાલિભદ્રે જે મહાત્માને દાન કર્યું તે વખતે, કોઈ બીજા જીવે સંયમના સાચા

રાગ વગર જો આનાથી બમણી ખીર વહોરાવી હોત, વળી કદાચ શાલિભદ્ર કરતાં વધારે ઉલ્લાસપૂર્વક વહોરાવી હોત તો પણ, તે જીવ ફક્ત પુણ્ય જ બાંધત; પરંતુ શાલિભદ્રની જેમ પુણ્યનો અનુબંધ ન પાડી શકત. શાલિભદ્રનું અનુષ્ઠાન વિરાગ-વિવેકપૂર્વકનું છે, તેથી જ પુણ્યાનુબંધીપુણ્ય બાંધ્યું છે. જો તમે એક નવકારશી જેટલું નાનું તપ પણ વૈરાગ્ય ને વિવેકપૂર્વક કરો, તો અવશ્ય પુણ્યાનુબંધીપુણ્ય બાંધી શકો છો. અત્યારે ભલે આ ધર્મ નાનો દેખાય પણ ભવિષ્યમાં ગુણાકાર રૂપે તે ખીલતો જશે.

તમને કદાચ વેપારમાં એવી લાઇન હાથમાં આવી ગઈ કે જેમાં નફાનો ગુણાકાર જ થતો હોય તો પછી ભલે શરૂઆતમાં આંકડો નાનો લાગતો હોય, પણ પછી જેમ નફો વધતો જશે તેમ તેમ ગુણાકાર થતાં નાની રકમની પાછળ કેટલાંય મીંડાં ચડ્યા કરશે. પ્રભુ આદિનાથનો જીવ ૧૧મા ભવમાં વજનાભ ચક્રવર્તી છે, તીર્થંકરના પુત્ર છે. છ ખંડ જીત્યા પછી પણ મર્ત્યલોકના ઉત્કટ ભોગોમાં લેપાયા વિના પ્રબળ વૈરાગ્યપૂર્વક દીક્ષા લઈ લાખ વરસ અતિ વિશુદ્ધ સંયમ પાળ્યું છે. ૧૪ પૂર્વનો અભ્યાસ કરી તપોબળથી વિશિષ્ટ લબ્ધિઓ પામ્યા છે. વિચારો, અત્યારે તેમના આત્માનું ગુણમય વ્યક્તિત્વ કેટલું ઊંચું છે ! પરંતુ આ જ ગુણોની શરૂઆત જે ધના સાર્થવાહરૂપ પ્રથમ ભવમાં થઈ હતી ત્યારે તેમની પાસે નાના કણિયા જેટલા આધ્યાત્મિક ગુણો હતા, પરંતુ તે અલ્પ ગુણો શુભ અનુબંધવાળા હોવાથી દસ ભવમાં તો ગુણોના સાગર થઈ ગયા છે. સુપાત્રદાનરૂપ નાના ધર્મથી પણ ચઢતી કેવી થઈ છે ! પુણ્યાનુબંધીપુણ્ય બાંધતી વખતે એક કણિયા જેટલા દયા-કરુણાના પરિણામ પરંપરાએ ગુણાકારથી દયાના સાગરરૂપે આત્મા પર છવાઈ જશે. તેથી જે ગુણ અનુબંધવાળા છે તે જ ખરા ગુણ છે. ગુણ અનુબંધવાળા જ્યારે તેમાં વૈરાગ્ય ને વિવેક ભળે ત્યારે જ બને. તમારે quality (ગુણવત્તા) પર જવું છે કે ? quantity (જથ્થા) પર ? ક્વોલીટીમાં જે ફળ છે તેનાથી આત્મા ક્યાંયનો ક્યાંય પહોંચી જાય છે ! શાલિભદ્રે આગલા ભવમાં થોડી ખીર વહોરાવી પણ આ નાનું દાન તેને પરંપરાએ મોક્ષ સુધી લઈ ગયું. આવા શુભ અનુબંધવાળા નાના ધર્મથી, વિકાસનો પ્રારંભ થયા પછી આગળના વિકાસનું આયોજન પણ તેના દ્વારા જ થાય છે.

**સભા :-** તીર્થંકરોને પણ પુણ્યકર્મ સંસારમાં જકડી રાખે છે, ચારિત્ર લેતાં અટકાવે છે. તેનું શું ?

**સાહેબજી :-** તીર્થંકર ભગવાન સંસારમાં રહ્યા તેમાં પુણ્યકર્મ તેમને નથી

અટકાવતું, પણ નિકાચિત ચારિત્રમોહનીયકર્મના કારણે તેઓ સંસારમાં રહ્યા છે. આ ચારિત્રમોહનીયકર્મ એ પુણ્યકર્મ નથી.

**સભા** :- પુણ્યકર્મ પણ નિકાચિત હોય ?

**સાહેબજી** :- હા, હોય. માટે જ તેમને યશ, કીર્તિ, નામ, મોભો બધું જ મળે છે. પુણ્ય અને પાપ બન્ને નિકાચિત હોય છે. નિકાચનાયોગ્ય શુભ કે અશુભ ભાવ મનમાં હોય તો નિકાચિત પુણ્ય કે પાપ બંધાય છે. જેમ અનુબંધ-બંધ બન્ને જુદા છે, તેમ બંધ કરતાં નિકાચિતકર્મનું ફેકટર જુદું છે.

**સભા** :- અમને બધાને સંયમ ન લેવામાં કયું કર્મ નડે છે ?

**સાહેબજી** :- નિકાચિતકર્મ કે બાહ્ય નિમિત્તો બન્ને તમને નડતાં નથી, પણ તમે જાતે જ તમને નડો છો. તમે છાતી પર હાથ મૂકીને કહી શકશો ખરા કે "અમે યથાશક્તિ તમામ પુરુષાર્થ આ સંસારથી છૂટવા માટે કરી છૂટ્યા છીએ ? અને છતાં અમે નથી છૂટી શક્યા ?" જેણે પૂરેપૂરો યોગ્ય પુરુષાર્થ કર્યો હોય અને જો ફળ ન મળે તેને નિકાચિતકર્મ નડ્યું એમ કહેવાય. તમે તો સંસાર તમને બહુ ગમે છે તેથી જ સંસારમાં બેઠા છો.

**સભા** :- પુણ્યનો અભાવ છે ?

**સાહેબજી** :- પુણ્યનો અભાવ નથી, પણ તમને જે પુણ્ય ભોગવવામાં રસ હોય છે તેને તમે કાન પકડીને ખેંચી લાવો છો, અને જે પુણ્ય નથી જોઈતું તેને તમે ધક્કો મારી બહાર કાઢો છો. પુણ્યે આરાધના માટે વિપુલ સામગ્રી આપી છે, પણ તમને આરાધનાનો રસ ન હોવાથી તેને નિરર્થક જવા દો છો.

## માતા પ્રત્યે પ્રભુ મહાવીર અને ભગવાન ઋષભદેવમાં ભક્તિની એકરૂપતા:

**સભા** :- પ્રભુ મહાવીરને ચારિત્રમોહનીયકર્મ પ્રબળ નહોતું ?

**સાહેબજી** :- ના. પ્રભુ મહાવીરને ચારિત્રમોહનીયકર્મ ૨૮ વર્ષ પહેલાં તૂટી જાય તેવું નબળું હતું, ધારે તો દીક્ષા લઈ શકે તેવું હતું. પણ તેમણે ઉપયોગ મૂકીને જોયું કે, જે માએ હજુ મારું મોં પણ નથી જોયું છતાં આટલો પ્રબળ મોહ છે, તો જન્મ પછી સમય જતાં રાગનો ઊભરો કેટલો વધશે ? ઉપયોગ મૂકીને પ્રભુએ જોયું ત્યારે દેખાયું કે, જો હું તેમના જીવતાં દીક્ષા લઈશ તો તેઓ મારા વિરહમાં નહિ

જીવી શકે અને આર્તધ્યાનપૂર્વક અસમાધિથી મરીને દુર્ગતિમાં જશે. અહીં ચારિત્રમોહનીયકર્મ તૂટે એવું નબળું છે, માટે તેને ટકાવી રાખવા પ્રભુ અભિગ્રહ ધારણ કરે છે. પ્રભુએ લાભાલાભ જોઈને આ ઉચિત પ્રવૃત્તિ કરી છે. તેમનો અભિગ્રહ બહુ જ ગંભીર છે. પચ્ચક્ખાણ હંમેશાં પાપના ત્યાગનું હોય. તેથી જ કહીએ છીએ કે તમે દીક્ષા ન લઈ શકો ત્યાં સુધી આનો આનો ત્યાગ કરજો, તેવું પચ્ચક્ખાણ આપીએ છીએ. ભગવાને તો આનાથી ઊંધું પચ્ચક્ખાણ કર્યું છે. સામાન્ય સંજોગોમાં આવું પચ્ચક્ખાણ ન કરાય. અપવાદમાર્ગે જ યોગ્ય છે. અરે ! પ્રભુ મહાવીરના ઘરમાં પરિસ્થિતિ એ છે કે, માતા-પિતા તથા પરિવારના સૌને આમના માટે એટલો સ્નેહ છે કે, એમના વિયોગથી કેટલાયે પાત્ર આત્મા અસમાધિથી મરીને દુર્ગતિમાં જાય. માતા-પિતાનું જો આત્મિક અહિત થતું હોય તો તેવું પ્રભુ પોતાના નિમિત્તથી ન જ થવા દે. બાકી માતા-પિતાના રડવાની ચિંતા નથી, પણ તેમનું અહિત ન થાય તે માટે પચ્ચક્ખાણ લીધાં છે.

આ જ દૃષ્ટાંતની સામે ઋષભદેવ પ્રભુએ મરુદેવામાતા અત્યંત રડતાં હોવાં છતાં દીક્ષા લીધી જ છે. મરુદેવામાતાનો હજાર વરસમાં એકે દિવસ એવો નથી કે તેઓ ઋષભના વિરહમાં રડ્યાં ન હોય. પ્રભુ જાણે છે કે માતા રડી રડીને આંધળાં થયાં છે, છતાં ભવિષ્યમાં આ અંધાપો તેમના હિતનું જ કારણ બનશે. જો આત્માનું અહિત થતું હોય તો ચિંતા કરવાની છે, લાગણીથી રડે તેની ચિંતા કરવાની નથી.

અહીં માતા-પિતાની સેવા છોડી દીક્ષા ન લેવાનો અભિપ્રાય ધરાવનારાઓએ વિચારવા જેવું છે કે શું મહાવીર પ્રભુને જ 'મા' પ્રત્યે લાગણી હતી ? ઋષભદેવ ભગવાનને 'મા' પ્રત્યે લાગણી નહોતી ? પ્રભુ મહાવીરને 'મા' પ્રત્યે વિનય હતો અને ઋષભદેવને તેમની 'મા' પ્રત્યે વિનય નહોતો ? આ બન્ને શાસ્ત્રનાં જ દૃષ્ટાંત છે.

મરુદેવામાતા ગમે તેટલું રડ્યા છતાં પરમાત્મા ઋષભદેવનો વિરહ તેમના આત્માના હિતનું સાધન બન્યો, જ્યારે તેનાથી ઊલટું, ભગવાન મહાવીરે માતા-પિતાના આત્માની ચિંતા કરી દીક્ષા તેમની હયાતિમાં નથી લીધી. ટૂંકમાં, બંને દૃષ્ટાંતમાં પ્રાધાન્ય લાગણી કે વિનયને ન આપતાં હિતને આપવામાં આવ્યું છે. તમને જો મહાવીર પ્રભુ જેવું દીક્ષા ન લેવાનું પચ્ચક્ખાણ આપવાનું કહીએ તો આખી સભા પચ્ચક્ખાણ લેવા ઊભી થઈ જાય.

તમે બધા અત્યારે સંસારમાં બેઠા છો, પણ સંસારમાં જકડી જ રાખે તેવું કોઈ કર્મ તમને છે કે નહિ તેની મને શંકા છે. તમે ધારો તો દીક્ષા લઈ શકો તેમ છો, પણ તમને દીક્ષા ગમતી નથી ને દીક્ષા જોઈતી પણ નથી.

**સભા** :- અંતરાયકર્મ કહેવાય ?

**સાહેબજી** :- ચારિત્ર ન મળે તો ચારિત્રમોહનીયનો ઉદય અને ચારીત્ર મળે તો તેમાં ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ એ જ સીધો હિસાબ છે. અંતરાય તો સાઇડમાં છે, મુખ્ય આ જ કર્મ છે.

જેમ તમે બધા માંદા પડ્યા પછી તરત જ દોડાદોડી કરી મૂકો છો, કારણ તમને દુઃખ આપનાર કર્મ પ્રત્યે દ્વેષ છે ને સૂગ છે. તેથી જ તેને કાઢવા ધોકો લઈને નીકળો છો. તેની સાથે સંઘર્ષ ચાલુ જ રાખો છો તે વખતે એમ થાય છે કે ભલે કર્મ વિપાક બતાવે ? બધા કેમ માંદા પડતા નથી ને આપણે જ કેમ માંદા પડ્યા ? આપણું કર્મ જ બળવાન હશે માટે કોઈ દવા કરાવ્યા વગર "આપણે તો આ પગવાળીને બેઠા." આવા વિચારો તમને આવતા નથી, પરંતુ ત્યાં તો સીધો રોગ સામે સંઘર્ષ ચાલુ થઈ જાય છે. જ્યારે અહીંયાં તો દીક્ષાની વાત આવતાં જ થઈ જાય છે કે અમારું ચારિત્રમોહનીયકર્મ મજબૂત છે, માટે જ અમને દીક્ષા નથી મળતી. જે કર્મના નાશ માટે બધું જ કરી છૂટો, છતાં જો કર્મ મચક ન આપે, તો તે નિકાચિતકર્મ કહેવાય. ઘણી વાર લોકો કહેતા હોય છે કે સાહેબ, દસ વર્ષમાં કેટલીય દવાઓ કરી, વૈદ, ડૉક્ટર કે હોમીયોપેથી બધું જ કરી ચૂક્યો, પણ એકેય દવા લાગુ પડતી નથી ને રોગ કેડો મૂકતો નથી અર્થાત્ કર્મને ખસેડવા ઘણો જ પ્રયત્ન કર્યો છે. વળી ઘણીવાર એવું પણ બને છે કે આ જ દવા પહેલાં લીધી હોય ત્યારે કામ ન કરે, પણ પછી એ જ દવાથી સારું થાય; કારણ કે જે દિવસે નિકાચિતકર્મ શાંત થઈ જાય ત્યારે સામાન્ય દવા પણ કામ કરી જાય અને રોગ મટી જાય. આવા કિસ્સામાં કહી શકાય કે પહેલાં નિકાચિતકર્મ ઉદયમાં હતું. તમને ધર્મના ક્ષેત્રમાં મોટા ભાગે નિકાચિતકર્મ નથી નડતું પણ તમે પોતે જ પોતાને નડો છો, કારણ સાંસારિક ક્ષેત્રે અવરોધક કર્મને નિવારવા જેટલો પુરુષાર્થ કરો છો તેટલો સંઘર્ષમય પુરુષાર્થ ધાર્મિક ક્ષેત્રે અવરોધક કર્મને નિવારવા નથી કરતા.

જે તીર્થંકરોને સંસારમાં દીર્ઘકાળ રહેવું પડ્યું છે, તેનું કારણ પુણ્યાનુબંધીપુણ્યે તેમને જકડી રાખ્યા હતા તેવું નથી; પરંતુ તેમણે સમકિતની ગેરહાજરીમાં

ચારિત્રમોહનીયકર્મ નિકાચિત બાંધ્યું હતું તેના લીધે રહેવું પડ્યું છે. ઊલટું પુણ્યાનુબંધીપુણ્ય તો તેમનું એવું હતું કે વહેલું ચારિત્ર લઈ શકે. આજન્મ વિરાગી તીર્થંકરોને તો એકે ભોગ ભોગવવા ન હતા, છતાં સાવદ્ય ભોગ ભોગવવાના એટલા માટે આવ્યા કે પાપપ્રવૃત્તિ કરાવનાર ચારિત્રમોહનીયકર્મ નિકાચિત હતું.

જૈન કર્મવાદમાં પાપ કરાવનાર કર્મ જુદું અને પાપરૂપ કર્મ જુદું છે. જે સ્વયં પાપકર્મ છે, તે દુઃખ આપનાર કર્મ છે. દા.ત. અશાતાવેદનીયકર્મ જે સ્વયં પાપકર્મરૂપ છે ને ઉદય વખતે દુઃખ આપે છે. જ્યારે જે પાપ કરાવનારાં કર્મ છે, તે પાપપ્રેરક છે, તે દુષ્ટબુદ્ધિ-અશુભભાવ વગેરે પ્રગટાવે છે.

ભગવાનને પાપ કરાવનાર કર્મ હોય માટે જ યુદ્ધો ખેલવાં પડે, પણ તે વખતે તેમનામાં એવી જાગૃતિ પડેલી હોય છે કે તેઓને પાપપ્રેરક કર્મના વિપાકથી પાપ કરવા છતાં પણ નવું પાપકર્મ બંધાતું નથી અને અશુભ અનુબંધ પણ નથી પડતા. આમ, પુણ્યાનુબંધીપુણ્ય ક્યાંય બંધનરૂપ નથી બનતું.

**સભા** :- છેલ્લી વાર સમજાવો.

**સાહેબજી** :- પાપકર્મ=બાહ્ય દુઃખ આપનાર કર્મ. પાપપ્રેરક કર્મ=બાહ્ય દુઃખ ન આપવા છતાં દુષ્ટબુદ્ધિ, અશુભભાવ, હિંસા આદિ કરાવનાર કર્મ.

પુણ્યથી ભોગ, ભોગથી પાપ ને પાપથી દુર્ગતિ, દુર્ગતિથી ૮૪ લાખ જીવાયોનિની પરંપરા, આ પાપાનુબંધીપુણ્યનું વિષચક્ર તે અમૃતતુલ્ય પુણ્યાનુબંધીપુણ્યથી અટકી જાય છે. સાધુ આજ્ઞાનુસારી અપવાદમાર્ગે અનુકંપા કરે કે શ્રાવક જિનાજ્ઞાપૂર્વક અનુકંપા કરે તો પુણ્યાનુબંધીપુણ્ય બંધાય.

(૧) અનાર્યદેશની અનુકંપા તુચ્છ પુણ્ય અને પાપ ઘણું બંધાવશે. (૨) આર્યદેશની નાસ્તિક તુલ્ય અનુકંપા, જેમાં ધર્મદષ્ટિ નથી; તેવાં દયા, પરોપકાર, કરુણા, મૈત્રીરૂપ શુભભાવો દ્વારા પણ તુચ્છ હલકું પુણ્ય અને પાપ ઘણું બંધાવશે, (૩) આર્યદેશના આસ્તિક તુલ્ય ધર્મદષ્ટિવાળા સદાચારી આત્મા સત્પ્રવૃત્તિરૂપ લૌકિક અનુકંપાદાનથી બંધ પુણ્યનો જ પાડશે, પણ અનુબંધ તો ત્રણેય કિસ્સામાં પાપનો જ પડશે. (૪) જિનાજ્ઞામુજબ શાસનના, શાસનપ્રભાવનાના તથા આત્મકલ્યાણના આશય આદિથી વૈરાગ્ય અને વિવેકપૂર્વક જે અનુકંપા કરશે, તે આત્માને ઉત્તમ પુણ્યાનુબંધીપુણ્ય બંધાશે.

અહીં વિચારવા જેવી ખૂબી એ છે કે પ્રવૃત્તિ સર્વત્ર દાનની જ લીધી છે. નાસ્તિક-

આસ્તિક-આર્ય-અનાર્ય કે વિવેકી જૈન આ બધાની આંતરિક માન્યતાના તફાવતથી ફળમાં ઘણો તફાવત આવશે ! તમારે કયું દાન કરી કેવું ફળ મેળવવું છે તે તમારી જાતે નક્કી કરવાનું છે. કાર્ય એકનું એક જ છે, પણ જો કરતાં આવડે તો બેડો પાર થઈ જાય અને જો કરતાં ન આવડે તો આત્માની પાયમાલી ઊભી થાય, આમ તત્ત્વ વિચારીને લોકોત્તર અનુકંપા કરવાની છે.

**જિનાજ્ઞાવિરુદ્ધ કે પૂજ્યશ્રીના આશયવિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો તેનું મિચ્છા મિ દુક્કડં.**

**સમાપ્ત**

# મુખપૃષ્ઠચિત્રમાં વ્યક્ત થતી ખૂબીઓ

| | |
|---|---|
| ત્રણ પગથિયા સુધી ઘૂઘવતો સાગર | ત્રણ ગુણસ્થાનક પર્યંત દુર્ગતિની સંભાવનાવાળો ભયાનક સંસાર |
| સમુદ્રમાં અથડાતા-કુટાતા જીવો | મોક્ષમાર્ગની બહાર રહેલા જીવો |
| ચૌદ પગથિયાં | મોક્ષમાર્ગ સ્વરૂપ અધ્યાત્મની ભૂમિકાને દર્શાવતાં ચૌદ ગુણસ્થાનક |
| એક તરફ ઢાળવાળું બીજું પગથિયું | અધોગમન કરાવતું, લપસણું, ફંટાયેલા માર્ગસ્વરૂપ બીજું ગુણસ્થાનક |
| પ્રથમ અને ચોથા પગથિયાને જોડતું ત્રીજું પગથિયું | ઊર્ધ્વગમન અને અધોગમન રૂપે બંને તરફ જોડાણ કરતું ફંટાયેલા માર્ગસ્વરૂપ ત્રીજું ગુણસ્થાન |
| બીજા, ત્રીજા પગથિયાની અલ્પ ઉંચાઈ | અલ્પ આત્મશુદ્ધિવાળી ફંટાયેલા માર્ગસ્વરૂપ આધ્યાત્મિક ભૂમિકાઓ |
| પડછાયારૂપ આઠ પગથિયાં | ઉપશમશ્રેણિનો માર્ગ - ફંટાયેલા માર્ગસ્વરૂપ આધ્યાત્મિક ભૂમિકાઓ |
| બીજા, ત્રીજા અને ૧૧મે પગથિયે નિસરણીમાં ફાંકો | મૂળમાર્ગથી સીધી ગતિ કરનાર સાધકને ફંટાયેલા માર્ગસ્વરૂપ આધ્યાત્મિક ભૂમિકાઓનો અસ્પર્શ |
| ચોથા પગથિયાથી સમુદ્રની શાંતતા | ચોથા ગુણસ્થાનકથી દુર્ગતિના અકારણ વિષય-કષાય સ્વરૂપ સલામત સંસાર |
| ચોથા અને પાંચમાં પગથિયાં પર ઉભેલો, ભિન્ન વસ્તુઓને આપતો વ્યક્તિ | સમ્યક્ત્વ અને દેશવિરતિને ધારણ કરનાર ચતુર્થ, પંચમ ગુણસ્થાનકવર્તી ગૃહસ્થ દાનધર્મનો અધિકારી અને જિનાજ્ઞા અનુસારી અનુકંપાનો કરનાર |
| ભિન્ન ભિન્ન વસ્તુઓને ગ્રહણ કરતાં નીચે બેઠેલા વ્યક્તિઓ | ભવસાગરમાં રહેલા અનુકંપાદાનને ગ્રહણ કરતાં દીન, દુઃખી આદિ લાયક ગેરલાયક અનુકંપ્ય જીવો |
| વસ્તુઓની આપ-લેની ક્રિયાને જોઈ રહેલા જમણી બાજુમાં ઉભેલા વ્યક્તિઓ | ભાવથી જૈનદર્શન નહી પામેલા સંસારસાગરમાં રહેલા લોકોત્તર અનુકંપાદાનની પ્રવૃત્તિને જોનારા લાયક કે ગેરલાયક દૃષ્ટા |
| લેનાર વ્યક્તિઓમાંથી કોઈકની ઊર્ધ્વગામી પ્રતિકૃતિ | લોકોત્તર અનુકંપાદાન ગ્રહણ કરનાર કોઈક લાયક જીવનો બોધિબીજ પ્રાપ્તિ દ્વારા પ્રથમ ગુણસ્થાનકમાં પ્રવેશ |
| જોનાર વ્યક્તિઓમાંથી અમુકની ઊર્ધ્વગામી પ્રતિકૃતિ | લોકોત્તર અનુકંપાદાનના દૃષ્ટાઓમાં ગ્રાહક કરતાં અધિક સંખ્યામાં બોધિબીજ દ્વારા પ્રથમ ગુણસ્થાનકની પ્રાપ્તિ |

પ્રકાશક
ગીતાર્થ ગંગા
૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
✆ : ૬૬૦ ૪૯ ૧૧